મેઘધારાના મોતી

ગુજરાતના વણકર સંતો

સંપાદક
નરેશ કે. રાઠોડ 'ધૂની'
ડો. કુમારપાળ પરમાર
બાબુભાઈ મકવાણા 'ઉમતાકર'



પ્રકાશક: ચિમનલાલ સુતરીયા, અમદાવાદ

મેઘધારાના મોતી

ગુજરાતના વણકર સંતો

સંપાદક
નરેશ કે. રાઠોડ 'ધૂની'
ડો. કુમારપાળ પરમાર
બાબુભાઈ મકવાણા 'ઉમતાકર'

પ્રસ્તુતકર્તા
કાન્તિલાલ ભગાભાઈ પરમાર
ખરવડા

પ્રકાશક
શ્રી ચિમનલાલ આર. સુતરીયા
અમદાવાદ

આ અમૂલ્ય પુસ્તક 'મેઘધારાના મોતી' શીર્ષક હેઠળ તૈયાર કરવામાં આવ્યુ છે. જેમાં ગુજરાતની પ્રાચીનતાથી પ્રસિદ્ધ કાપડકલાના જનકો એવા વણકર સમાજમાં થઈ ગયેલા સંતો અને ભક્તોનું સંપાદન કરવામાં આવ્યું છે. આ પુસ્તકમાં ખાસ કરીને ગુજરાત રાજ્યમાં થઈ ગયેલ સંતોનો પરિચય ગુજરાતી કક્કાવારી મુજબ પ્રસ્તુત કરવામાં આવ્યો છે.

અગાઉ થઈ ગયેલા સંશોધનો પરથી જાણવા મળ્યુ કે, આ પૂર્વે અનુસૂચિત જાતિના સંતો વિષય પર પ્રકાશિત થયેલ અન્ય પુસ્તકોમાં કાલાનુક્રમ અનુસાર સંતોની યાદી અને માહિતી મુકવામાં આવી હતી. જેના દ્વારા પ્રેરણા મળી, તે પરથી ભાવિ જ્ઞાન-પિપાશુઓને સરળતાથી માહિતી મળી રહે તે હેતુથી પ્રસ્તુત પુસ્તકમાં કક્કાવારી પ્રમાણે માહિતી પ્રદાન કરવા વિચાર્યું અને પ્રસ્તુત કરવાનો પ્રયાસ કરેલ છે.

પુસ્તકને અતૂટ પ્રેમ મળી રહે તેવા વિશ્વાસ સહ.

ડો. પી.એ.પરમાર
(કુવાસણા), ગુજરાત સરકાર દ્વારા સંતકબીર સાહિત્ય એવોડેથી સન્માનિત, ૨૦૧૨/૧૩; રાજકીય વિશ્લેષક, સાહિત્યકાર, ઈતિહાસકાર, ચિત્રકાર

ISBN: 978-93-5701-440-3
પ્રથમ આવૃત્તિ વર્ષ-૨૦૨૩

મેઘધારાના મોતી
ગુજરાતના વણકર સંતો

સંપાદક
નરેશ કે. રાઠોડ 'ધૂની'
ડો. કુમારપાળ પરમાર
બાબુભાઈ મકવાણા 'ઉમતાકર'

કિંમત: રૂા. ૧૫૦

પ્રસ્તુતકર્તા
સ્વ. કાન્તિલાલ ભગાભાઈ પરમાર

પ્રકાશક
શ્રી ચિમનલાલ આર. સુતરીયા
૧૬/૩૮૯, ગાયત્રીનગર,
જનતાનગર, અમરાઈવાડી,
અમદાવાદ-૩૮૦૦૨૬

પ્રિન્ટીંગ
કે.કે. ગ્રાફિક્સ
મેટ્રો પિલ્લર નં. ૨૬, અમરાઈવાડી-રોડ,
અમદાવાદ-૩૮૦૦૨૬
મો. ૭૩૮૩૩૬૦૯૬૦

સંપાદકોની કલમેં...

સમગ્ર સમાજમાં નવા ઉત્સાહ હેઠળ સામાજિક ચેતનામાં નવો પ્રાણ પૂરવો એ આ પુસ્તકનું લક્ષ્ય છે. સમાજમાં સુયોગ્યતા, સુપાત્રતા, શુદ્ધ ચારિત્ર્ય, સમ્યકજ્ઞાન, સમ્યક દૃષ્ટ્રિ વિકસે તે માટે આ પુસ્તકને સમાજના કરકમળમાં મૂકતાં ગૌરવ અને આનંદની લાગણી અનુભવીએ છીએ.

પુસ્તકને વાંચતા આપને જાણવા મળશે કે સમાજમાં રહેલ પ્રદેશવાદ, ગોળવાદ, પરગણાંવાદથી પર રહી સંતો દ્વારા સમાજને એક તાંતણે બાંધવા અથાક પ્રયાસ કરવામાં આવ્યો છે. આ સંતોમાં રહેલ જ્ઞાન અને આધ્યાત્મિકતાથી તેઓએ સમાજની સેવા કરી છે તથા હંમેશા સમાજને સત્યને માર્ગે દોર્યો છે.

પ્રવર્તમાન પરિસ્થિતિ પ્રમાણે જો ભવિષ્યમાં પણ સમાજ ધીમી ગતિએ ચાલશે અને એકતાની ભાવના નહી રહે તો ભાવિ પેઢી સાથે અન્યાય જરૂરથી થશે, તે માટે સમાજને એક તાંતણે બાંધી પ્રગતિ કરવામાં આ પુસ્તક માર્ગદર્શક રૂપ બની રહેશે.

આ પુસ્તકનું સંપાદન સમાજના મુર્ધન્ય સાહિત્યકારશ્રીઓના ગ્રંથો-પુસ્તકોમાંથી કરવામાં આવ્યુ છે, તેથી તે સન્માનીય સાહિત્યકારો, અજોડ લેખકો, જ્ઞાની સંપાદકો, પ્રકાશકો, વગેરે શ્રીઓના અમો હૃદયપૂર્વક ઋણી છીએ.

પુસ્તક સંપાદનમાં અમો દ્વારા અતૂટ પ્રાણ પુરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે, છતાં ઘણી બધી ક્ષતીઓ રહી જવા પામી હશે. અમોને પોતાના માની ક્ષમા-યાચના કરશો તથા પુસ્તકને સહર્ષ વધાવશો તેવી અપેક્ષા સહ.

નરેશ કે. રાઠોડ 'ધૂની'
ડો. કુમારપાળ પરમાર
બાબુભાઈ મકવાણા 'ઉમતાકર'

શુભેચ્છા સંદેશ

કોઈપણ પ્રજાનો આધ્યાત્મિક, શૈક્ષણિક અને સામાજિક ઉત્કર્ષ તે સમાજ અને તે પ્રજામાં થયેલા મહામાનવોના ઉત્તમ જીવન કવનથી જ થાય છે. 'મેઘધારાના મોતી' શીર્ષક હેઠળના પ્રસ્તુત પુસ્તકમાં વણકર સમાજમાં થઈ ગયેલા મહાન આધ્યાત્મિક સંતો, મહંતોના વ્યક્તિત્વનું આલેખન કરવામાં આવ્યું છે. જેઓ સમાજમાં ભક્તિ અને ધર્મની અમીટ છાપ છોડી ગયા છે. તેઓએ મૂલ્યનિષ્ઠ જીવનનું આચરણ કરેલ છે. તેઓના જીવનના પુષ્પની સુગંધ આજે પણ સમાજમાં પ્રસરી રહી છે. આ પુસ્તકમાં સમાજના ૮૪ સંતો, મહંતો અને આધ્યાત્મિક વ્યક્તિનો સમાવેશ કરેલ છે. જેમની ચેનતા આજે પણ સમાજમાં દાન, ધર્મ, વિવેક એવી માનવીય ઉત્કર્ષની ભાવનાને ઉજાગર કરી રહેલ છે. પુસ્તકમાં અત્યાર સુધી સમાજના ધ્યાન પર ન આવેલ હોય તેવા ઘણા મહાન સંતો અને મહંતોનો સમાવેશ કરી ઉત્તમ કાર્ય કરેલ છે. આ કથાઓ આપણો લેખીત દસ્તાવેજ છે. આપણા સમાજનુ ગૌરવ, ગરિમા અને અસ્મિતા છે. ભક્તિ-ત્યાગના ઉત્તમ ચરિત્રો છે. જે સાબિત કરે છે કે અનુસૂચિત જાતિ સમાજ આધ્યાત્મિક, ધર્મ, સંસ્કૃતિ, પરંપરા અને આદર્શોને સાચવવામાં આધારરૂપ લાગે છે. પરંતુ તેમ છતાં જે બતાવે છે કે સત્ય, ધર્મ અને ત્યાગને સમાજ વરેલો છે. કેટલીક વાતો ચમત્કારિક લાગે છે. પરંતુ તેમ છતાં તેની ગરિમા ઝંખવાતી નથી. ગૌરવ ઓછું થતું નથી. કંઈક તો હશે જ કે આજે વર્ષો પછી પણ જેની વાતો અમર છે. એક-એક સંતોની વાતો દિલમાં ભક્તિ અને આધ્યાત્મિકતાનો સંચાર કરે છે. ભક્તિ, ત્યાગથી આ પાત્રો અમર બન્યા છે.

આ પુસ્તક થકી સમાજમાં થયેલા પરંતુ સમાજને જેનો પરિચય નથી થયો તેવા સંતો-મહંતોના જીવન કવન વિશે સમાજની આજની નવી પેઢીને સુંદર પરિચય થશે. આ પુસ્તક દ્વારા સમાજમાં સંતો વિશેની જાણકારી વધશે. મેઘધારાના મોતી પુસ્તક વિશે બે શબ્દો લખવાનો આ જે અવસર પ્રાપ્ત થયો તેનો આનંદ છે. મેઘધારાના મોતી પુસ્તકના સંપાદન માટે મહેનત કરનારા 'ધૂની' તરીકે ઓળખતા શ્રી નરેશ કે. રાઠોડ, ઈતિહાસકાર ડો. કુમારપાળ પરમાર અને ઉમતાકર બાબુભાઈ મકવાણા એ સામાજિક ભાવના અને સમાજ પ્રત્યેનું ઋણ આ અમૂલ્ય પુસ્તક દ્વારા અદા કર્યું છે. આ ઉમદા કાર્યમાં સતત અને અથાક મહેનત કરનારા સંપાદકશ્રીઓને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.



મહેન્દ્ર મકવાણા
અમદાવાદ

આવકાર

'હે જી કુંભારણા !, આપણા સાહેબે જે દિ' સૃષ્ટિ રચાવી રેજી..
અષ્ટકુળ પર્વત નવકુળ નાથ્યા નાગ સતની દોરી
મેઘધારાએ ઝીલી ત્યારે નિર્વાણ પામ્યા નિજારી,
સત વિશ્વાસી સદાયે નર સિધાવ્યા રે'

મેયાવતરાજાની ચોથી પેઢીએ

મેઘસિંહ થયા તે મેઘઋષી, મેઘઋષી અને મા ગોમતીના પુત્રને મેઘધારૂ. મેઘધારૂએ એકલશૃંગી ઋષીની શીંગડીમાંથી સાત મેઘ છુટા કરાવ્યા તેથી 'મેઘવાળ' કહેવાયા.

'મેહ મેલે પણ મેઘવાળ ન મેલે,
ખારા દિવસોના ખૂટે,
સતીયો તમારા સત કારણે,
રાજા બળીના બંધ ઘૂટે'
'કુંભારણા !, સઘરા જેસંગે જે દિ' સરોવર ગળાવ્યા રેજી, માંય પાણી રેયન ટાંક લગાર
કુંભારણા મેઘમાયાની ઈમાં કાયા હોમાણી રે જી'

સંતો એટલે સમાજસુધારકો, અલખના સાચા આરાધકો. જેમણે માત્ર સમાજ નહીં સમસ્ત માટે જીવનને ન્યોછાવર કરેલ છે. તેવા મહાન સંતોને સતત યાદ કરવા, ભૂલી ન જવા અને તેમના બતાવેલા માર્ગે ચાલવાની આપણી પવિત્ર ફરજ છે.

સમાજના સંતોનું સંપાદન કાર્ય કરી સંપાદકોએ ઉત્કૃષ્ઠ કાર્ય કાર્યું છે. ભવિષ્યમાં આ વિષય પર પીએચ.ડી. કરનાર સમાજના સંતાનોને આવા પુસ્તકો સહાયરૂપ નિવડશે. સમાજનો ઈતિહાસ અને સમાજની અસ્મિતાને ઉજાગર કરવાનું કાર્ય થતું રહે તે અનિવાર્ય છે.

'મેઘધારાના મોતી' પુસ્તકને હું હૈયાના હેતથી વધાવું છું અને તેને આવકારતા અનહદ આનંદની લાગણી અનુભવું છું. સમાજના સૌ મુમુક્ષજનો પણ આવકારશે તેવી અભિલાષા સહ.

જય વીર મેઘમાયા દેવ



મહેશકુમાર પુરુષોત્તમભાઈ રાઠોડ
તંત્રીશ્રી, સમાજ વિચાર (સાપ્તાહિક)

શુભેચ્છા સંદેશ

"મેઘધારાના મોતી" પુસ્તકનું નામ જ કેટલું બધું યથાર્થ છે!! પ્રિયકર અને મહામુલુ છે.એક એક પાના પર જાણે સંતો આપણને આશીષ આપતા નજરે નીરખાય છે.સંતો માટે જેટલું લખાય વંચાય અને જીવનમાં ઉતારાય એટલું ઓછુ છે.

સંતોએ સમાજ માટે ક્યાંક ઢાલ કે છત બન્યા છે, તો ક્યાંક "વીરમેઘમાયા" બનીને બલિદાન આપ્યા છે. તો જરૂર પડે " હવસી દહેગામા "બનીને દાતારીના એવા દાખલા બેસાડયા છે કે જેના જોટા જડે નહીં. તો શુરવીર બનીને રણસંગ્રામે પણ ચડયા છે.

સમાજ કે દેશની સંસ્કૃતિને કાયમ રાખવા અને ઉન્નતિ માટે કાયાઓને હોમી છે.આવા પ.પુ. અને મહાન સંતોએ આપણી મૂડી અને પ્રેરણાસ્ત્રોત્ર છે. સાચા ગુરૂ અને સમાજસુધારકો છે. ને " મેઘધારાના મોતી " પુસ્તક માં યથાયોગ્ય સંતોને સમાવી સંપાદકોએ હારમાળા બનાવી અર્પણ કરેલ છે. પુસ્તકને શુભેચ્છા પાઠવતાં આનંદ અને ગૌરવની લાગણી અનુભવુ છું. વિશાળ સમાજ પણ વિશાળ દિલથી આવકારશે તેવી આશા સહ



જમનાબેન ટીડાભાઈ મકવાણા **ટીડાભાઈ દાનજીભાઈ મકવાણા**

રંડોળા (પાલીતાણા)

આશીર્વચન

સંત મિલન કું જાઈએ તજી માન –અભિમાન જયા જયા પાવ આગે ધરે, કોટિક યજ્ઞ સમાન, સંતોએ સમાજ ઘડતરમાં પાયાની ઈંટ સમાન છે. અનેક યાતનાઓ ભોગવીને સમષ્ટિના જીવોનુ હિત કરે છે અને એવા પુણ્યકારી, વંદનીય સંતો, ભકતોના નામ અને કાર્યો અમર થઈ જાય છે. હજારો વર્ષો પછી પણ તેમની ગાથાઓ લખાય છે ,ગવાય છે.અને સમાજને પ્રેરણા આપે છે.

"મેઘધારાના મોતી" પુસ્તકના સંપાદકોએ સંતોને એક માળામાં પરોવવાનુ જે ભગીરથ કાર્ય કર્યુ છે. તેને બિરદાવા માટે આશીર્વચન આપોઆપ હૃદયમાંથી સરી પડે છે.



હજુ આપ આગળ વધો, કાર્યશીલ રહીને સમાજને બીજા પુસ્તકો પણ ભેટ આપો તેવી આશા સહ

મહેસાણા જિલ્લાના વડનગર તાલુકામાં સિપોર મુકામે નાગરવાડી નવનાથની જગ્યાના પાટણ પદ્મનાથની વાડીના સંતશ્રી મોહનદાસ બાપુ વૈષ્ણવ મઢીના સંતશ્રી મહેન્દ્રદાસ બાપુ સંત ગુરૂશ્રી ત્રિકમસાહેબના પદ્મનાથ બાપુના આશિર્વાદથી સિપોર ગુરૂગાદીના આશિર્વાદ છે.

મહેન્દ્ર ગુરૂશ્રી મુખ હંસ બાપુ
ગુરૂ ગાદી સિપોર

પ્રસ્તાવના
સંત મળે તો, મહાસુખ પામે..

વંચિત, પીડિત અને શોષિત સમાજ માટે સતત સંઘર્ષરત રહેલા ડો. બાબાસાહેબ આંબેડકર માત્ર ગરીબોના જ નહીં, પણ પ્રત્યેક માનવીના બંધારણિય હક્ક માટે લડનારા મહારથી હતા. તેમણે કહ્યુ હતું કે, 'જે લોકો પોતાનો ઈતિહાસ જાણતા નથી, એ ક્યારેય પોતાનો ઈતિહાસ રચી શકતા નથી.'

અહીં આપણે 'મેઘધારાના મોતી' ગુજરાતના વણકર સંતો, પુસ્તકનો પરિચય મેળવીએ છીએ, ત્યારે તેના શીર્ષકની સમાલોચના જોઈએ. આ પુસ્તકમાં ગુજરાતના વણકર સમાજના સંતોનો પરિચય પામવાનો છે. ગુજરાતના વણકરોનો સમાવેશ, ભારતીય બંધારણના અનુસૂચિત જાતિના હુકમ (સુધારો) ૧૯૭૬ અને ૨૦૦૨નો કાયદો (૩૧થી ૩૬) મુજબ, ગુજરાત રાજ્યની અનુસૂચિત જાતિઓની યાદી ક્રમાંક ૧૮માં (સમાવેશ) કરવામાં આવ્યો છે. ગુજરાતમાં અનુસૂચિત જાતિઓ ૩૬ છે. ગુજરાતની કુલ વસ્તીના ૭.૦૯% લોકો અનુસૂચિત જાતિના છે. જે પૈકી ગુજરાતના વણકરો અનુસૂચિત જાતિની વસ્તીના ૫૦%થી વધુ છે. ગુજરાત રાજ્યના ૩૩ જિલ્લાઓમાં વણકરો ઓછા વત્તા પ્રમાણમાં જોવા મળે છે. ઉત્તર, મધ્ય અને સૌરાષ્ટ્રમાં વણકરોનુ પ્રભુત્વ વધુ છે.

વણકરોના આદ્યઋષિ ગુત્સમદ, એમના વંશજો વણકર.

વણકર એટલે તાણા અને વાણાનો માનવી એને જોડતાં આવડે, એને રચના કરતા આવડે, એને મર્યાદા ઢાંકતાં આવડે, વણકર કદી તોડે નહીં, વણકર જોડે. વણકર મર્યાદા તોડે નહીં, મર્યાદા ઢાંકે, વણાટકામ કરતો સમુદાય જેને વણકર જાતિ અથવા જ્ઞાતિ તરીકે, ભારતીય સમાજમાં ઓળખાવામાં આવે છે.

એક વણકર, નેક વણકર, શ્રેષ્ઠ વણકર

વણકરો એટલે નાનું મહાજન, વણકરો મૂળ ક્ષત્રિય હતા, ત્યાગ અને બલિદાનો આપનાર સમાજ
વણકરો વિષે સાહિત્યકારોનું અવલોકન છે કે,

'વણકર મહાજનવીર
ધીર બુદ્ધિ બહુ ધારે
હ્રરે એક ગણો ગુણ
તો દસગણો બદલો વાળે'
'વણકરનો ઘાટ ઈશ્વર તણો,
ત્યાં પહોંચે વીરલા કોઈ
બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વર
તિલક લલાટે હોઈ'
'પાંડવ હાલ્યા હિમાળે
વણકરને સોંપી સત
બોલે તો ફેરવે નહીં
એવી ઈશ્વરે આપી મત'

'વણકર થોડું બોલે
વાત કરે વિચારી
મધ્યમાં, જાતમાં એ મોટા
તમને માને પાંચ હજારી'
ધરતી ઢાંકણ વણકરે
હાથે લુગડાં વણી આપ્યા
ઢાંકી માનવ તણી મરજાદ
ઉદાર મન એમણે રાખ્યાં'
'મોટું મહાજન વાણિયો
નાનુ મહાજન વણકર
મૂડીમાં વધે વાણિયો
વિચારમાં વધે વણકર'

'આંગણે તુલસી, લલાટે તિલક, ઘરમાં વણાટશાળ,
કંઠે માળા, આપે આવકાર તે વણકરનું કૃષ્ણધામ'

દરેક સમાજની એક આગવી અને વિશિષ્ટ ઓળખ હોય છે, તેવી જ રીતે વણકર સમાજનો આગવો ઈતિહાસ છે. વણકર સમાજની એક આગવી ઓળખ છે, સંસ્કૃતિ છે, એક જીવનરીતિ છે. સમાજના વડીલો, પૂર્વજો એ ભેગા મળી સમાજને એક તાંતણે બાંધવાનો ભગીરથ પ્રયત્ન કર્યો છે. દિશાસૂચન કર્યું છે. સહકારી પ્રવૃત્તિઓનો પાયો નાખનાર વણકર છે. સમયાંતરે અનેકવિધ વિભૂતિઓએ પોતાની સમજ આવડત મુજબ પ્રશંસનીય પ્રવૃત્તિઓ કરી છે, તેથી જ તો દુનિયા ૧લી ઓક્ટોમ્બરના દિવસે 'વણકર દિવસ' તરીકે ઉજવણી કરે છે.

વણકરોમાં મિતભાષીપણું, શરીર સૌષ્ઠવ, રહેણીકરણી, અપરિગ્રહવૃત્તિ, સંયમયશીલ સંસારીજીવન, કાર્યક્ષમતા, જીવદયા, પ્રેમ, નમ્ર, સજ્ય, વિવેકી, શિક્ષણ પ્રત્યે સૂચિ, હિતચિંતક, વણાટથી વિદ્યા સુધીની ગૌરવગાથા વણકરોની વિદ્ધતા, ક્રૂર કે હિંસક નહીં. એક ઉદ્યમી છતાં વહેવારિયો લોક સમૂહ છે. નવી દ્રષ્ટ્રિ, નવો વિચાર પ્રેરણા પ્રેરક વિશેષતાઓ છે.

દરેક જ્ઞાતિનો પોતાનો સમાજ હોય છે, આ સમાજ જ જ્ઞાતિના વિકાસનો વિચાર કરે, અમલમાં મૂકે, સમાજ જ સામાજિક રિવાજો ઘડે, બદલાતા જમાના અને લોકોના બૌદ્ધિક વિકાસ સાથે સામાજિક રીતરિવાજોમાં પણ જરૂર વિકાસ થાય છે. વણકર સમાજ પરસ્પર સમાન અન્યોથી વિશિષ્ટ સંસ્કૃતિ ધરાવતા એક જૂથના લોકો છે. કોઈપણ એકલી વ્યક્તિ જીવન જીવી શકતી નથી. જીવન જીવવા પરિવાર અને સમાજની જરૂર પડે છે. સમાજની વ્યક્તિ એકબીજાના સાથે સંપર્કમાં રહી શકે છે. વિચારોની આપ-લે કરે છે. વ્યવહારિક સંબંધો કેળવાય છે. કૌટુંબિક આદાન-પ્રદાન શક્ય બને છે. આવો વણકર સમાજ શ્રેષ્ઠ રાષ્ટ્રના નિર્માણ માટે આધારસ્તંભ હોય છે.

ડો. બાબાસાહેબ આંબેડકરે સાહિત્યકારોને ઉદ્દેશીને કહ્યું હતું, 'સાહિત્યકારોનું કર્તવ્ય છે કે તમે તમારા સાહિત્ય નિર્માણથી ઉદાર જીવન મૂલ્યો તથા સાંસ્કૃતિક મૂલ્યોનો વિકાસ કરો. તમારા વિચારો સંકુચિત અને સિમિત ન રાખો, તેને વિશાળ બનવા દો. તમારી વાણીને ચાર દિવાલોની બહાર નીકળવા દો, તમારા લેખનનો પ્રકાશ તમારા આંગણા સુધી જ ન રોકો, તેના પ્રકાશને ગામડે-ગામડે ઘનઘોર અંધકારને દૂર કરવા ફેલાવા દો'.

જે અનુસાર વણકર સમાજને સ્પર્શતા સાહિત્યનું નિર્માણ થયું છે ૧. ભારતના વણકરોઃ ઈતિહાસ, ધર્મ અને સંસ્કૃતિ- ડો. પી.એ.પરમાર, ૨. ગુજરાતના વણકરોનો ગૌરવવંતો ઈતિહાસ- ડો. પી.એ.પરમાર, ૩. ગુજરાતના વણકરોઃ એક અધ્યયન- ડો. મનુભાઈ મકવાણા, ૪. વણકરોનો ઐતિહાસિક વારસો- માવજીભાઈ સુતરિયા, ૫. વસ્ત્રકલા- ડો. પી.એ.વણકર, ૬. તંતુવાય કોરી (વણકર) સમાજ અનુવાદક- ડો. પી.એ.પરમાર વગેરે.

જે સમાજમાં આપણો જન્મ થયો છે તે સમાજ પ્રત્યે આપણું કર્તવ્ય છે તેવું જેમની સમજમાં આવ્યું છે, તેને ધન્ય છે. તમો તમારા પેટના પૂજારી ન બનો. તમારી આવકનો ૨૦મો ભાગ સમાજના વિકાસ માટે આપતા રહો. જે સમાજ થકી આપણે ઉજળા છીએ, જે સમાજ થકી આપણી ઓળખણ થાય છે અને જે સમાજ થકી આપણું અસ્તિત્વ છે. એ માટે ગૌરવ હોવુ જોઈએ. સફળતા હાંસલ કરવા અને તેને જાળવી રાખવા કોઈપણ સમાજે સતત જાગૃત, સામર્થ્યવાન, સુશિક્ષિત અને સ્વાભિમાની બનવું અગત્યનું છે. વણકરો અલગ-અલગ નામથી

ઓળખાય છે. તંતુવાયક, અંબરકાર, વિશ્વસર ભારતના જુદા જુદા ભાગોમાં જુલાહા, કબીરપંથી, સાળવી, સાલવી, વણકર, માયાવંશી, મેઘવાળ વગેરે.

પ્રાચીન ધર્મગ્રંથોમાં મહર્ષિ ગુત્સમદ ઋષિએ સૌ પ્રથમ કપાસનો છોડ વાવેલો અને તેમાંથી પોતાના આશ્રમમાં સુતર વણવાથી, વણાટકામની શરૂઆત કરેલી. વણકર સમાજના આદ્યપુરુષ એટલે ગુત્સમદ ઋષિ. આ મહર્ષિ વણાટકામ, વિજ્ઞાન અને ગણિતના વિદ્વાન હોવા સાથે કૃષિવિદ્યાના સંશોધક હતા. દક્ષિણ ભારતમાં તિરૂવલ્લર, કબીર અને ગુજરાતમાં વીરમાયો ઉત્કૃષ્ઠ ઉદાહરણો છે.

મેઘવાળ મેઘઋષિના વંશજો હોવાનું મનાય છે. બીજું કારણ મેઘધારુની કથામાં મળે છે. બલિરાજાના સમયમાં ભગવાને બલિરાજાને વચને બાંધેલા કે કોઈ રોટી, બેટી અને લંગોટી આપે તો રાજા બલિનાં બંધનો છૂટે અને એ કાર્ય મેઘધારુએ કર્યું. મેઘઋષિ પોતે વણકર હતા તેથી લંગોટીનું કાપડ આપ્યું. રોટી આપીને મેઘડી નામની કન્યા આપી. આથી બલિરાજના બંધના છૂટ્યા. એકલશૃંગી ઋષિની શીંગડીમાં બાર મેઘ બાંધેલા હતા, એટલે કે તેની ઈચ્છાએ વરસાદ વરસતો. આ મેઘધારુએ રોટી, બેટી અને લંગોટી આપનાર પુરુષની ચરણરજ શૃંગીઋષિની શીંગડીએ લગાડતાં બાર મેઘ છૂટા થયા. ભારતીય સાહિત્યની મૂર્ધન્ય ઓળખ સંત સાહિત્ય છે. અહીં આપણે 'સંત' શબ્દનો વિશેષ પરિચય મેળવીએ.

સંત= સંસ્કૃત- સત્ શબ્દની સાથે અસ્ ધાતુથી બન્યો છે. જેને 'સંત'ની અનુભૂતિ થઈ છે.
સંત શબદનો અર્થ થાય છે, સજ્જન, મહાત્મ, પરમ, ધાર્મિક અને સાધુ વ્યક્તિ (સાધુ સન્યાસી, ત્યાગીપુરુષ) નિર્મળ અને પવિત્ર.

સંત જે સત્યનું આચરણ કરે છે તે..
સંત અંગ્રેજી શબ્દ લેટિન છે. તેનો અર્થ થાય છેઃ પવિત્ર.

વ્યાખ્યાઃ

૧. જો વ્યક્તિ પારકી મિલકત અને પારકી સ્ત્રીથી દૂર રહે છે. જે જૂઠું બોલતા નથી. જે બીજાની ભલુ કરવાનો પોતાનો ધર્મ સમજે છે. જે બીજાને કડવું વચન બોલતા નથી. જે બીજાનું અહિત કરતા નથી, જે ક્ષમાવાન છે.

૨. બધાને એક સમાન ગણે, લડાઈ ઝઘડાથી દૂર રહી ઈશ્વરની ભક્તિમાં ધ્યાન લગાવે, જીવન શ્રદ્ધા અને વિશ્વાસથી ભરેલું, જેના પર શ્રદ્ધા હોય, વિશ્વાસ હોય, તે ભલો માણસ, સત્પુરુષ, સાધુ પુરુષ, પવિત્ર માણસ, જે શાંતિ પમાડે તે સંત.

સંત એક પદવી છે, જે સંત સાધનાએ મળે છે.
'પારસ ઓર સંત મેં બડો અંતર જાન,
પારસ તો કંચન કરે, સંત કરે આપ સમાન'

સંત સંજ્ઞા એવી વ્યક્તિને લાગુ પાડી શકાય કે જેણે અસ્તિત્વને, પરમતત્ત્વને, આધ્યાત્મિક શક્તિને પરંપરિત વૈશ્વિક સત્યને આત્મસાત્ કરેલ હોય. સંત એક એવી વ્યક્તિ છે કે જે જગત સાથે અનેક પ્રકારના સંબંધોથી જોડાયેલ છે અને તેમ છતાં તેનાથી મુક્ત છે. સંસારી હોવા છતાં સંસારની કોઈપણ માયા સાથે તેનો લગાવ નથી. એમની પાસે એક આંતરિક દર્શન હોય છે, જે સમયનાં ત્રણેય પરિમાણોને પારખી શકે છે. જીવન દરમિયાન અને તેમના અંત પછી પણ અસ્તિત્વ બોધ આપે છે.

'મુખ સે જપે સો માનવી, મન સે જપે સો દેવ
સુરત સે જપે સો સંત હૈ, તાકી કરિયે સેવ'

મધ્યકાલીન ભક્તિ આંદોલન આધ્યાત્મિક ઈતિહાસનો સુવર્ણયુગ રહ્યો છે. ભારતમાં નવમી સદીમાં ભક્તિ આંદોલન થયું.

'ભક્તિ દ્રવિડ ઉપજી, લાયે રામાનંદ
પ્રગટ કિયા કબીરને, સપ્તસિંધુ નવખંડ'

સંતો એ નામ, વચન, શબદની સહજસાધનાએ અખંડ પરમાત્માના દર્શન કર્યા છે.

'વેદ થકે બ્રહ્મા થકે થકે વિષ્ણુ મહેશ
ગીતા કુંહી ગમ નહીં, તહં સંત કિયા પ્રવેશ'

ભક્તિ દક્ષિણામાંથી શરૂ થઈ જેનો શ્રેય રામાનંદને જાય છે. ધર્મ ક્ષેત્રે સામાજિક ક્રાંતિ સર્જવાનું કામ રામાનંદે કર્યું છે. રામાનંદના બાર શિષ્યો જે મોટાભાગના પછાત જ્ઞાતિના હતા, જેમ કે-

'અન્તાનંદ, કબીર, સુખા; સુરસરા, પદ્માવતિ, નરહરિ,
પિપા, ભવાનંદ, રૈદાસુ, ધના સેના સુરસારિકી ધર હરિ'

આજે તો સંતોનો પાર નથી. સંત વિશેષણ આજે ચલણી બની ગયો છે. સામાન્ય ભગવાધારીને પોતાની વિચારધારાને પોતાનું જ નામ આપી અલગપંથનો વાડો સ્થાપનારને અથવા ગુરૂ થઈ બેઠેલા, પોતાનો અલગ ગાડરિયો સેવક સમાજ ઊભો કરનારને સંત વિશેષણ અપાય છે.

'તરુવર સરોવર સંતજન, ચૌથે બરસે મેહ
પરમાર્થી કે કારણે, ચારોં ધરો દેહ'

સંતો પરમાર્થે તરુવર જેવા, પરાકા દુઃખ પોતાના ગણે, શીત, ઉષ્ણ પોતે સહન કરે ને શીતળ છાયા, સત્યાસન સૌને આપે, સરોવર, પશુ-પંખીની જીવમાત્રની તરસ છિપાવે છે. વરસાદ કોઈપણ જાતના ભેદભાવ વિના સૌને માટે વરસે છે. 'વર્ષો ખરે જીવનદાત્રી વિશ્વની' તેમ સંતજન બીજાના ભલા માટે જીવન જીવે છે. જેણે પોતાની સાધના પચાવી જાણી છે. આત્મસાત્ કરી જાણી છે, તે સંત છે. સંત એટલે જે સત્‌ને પામી ગયો છે તે, જે આંતર દર્શન કરી પરમાત્માની અનુભૂતિને પામ્યો છે તે,

'સંત પરમ હિતકારી, જગતમાંહી સંત પરમ હિતકારી
પ્રભુપદ પ્રગટ કરાવત પ્રીતિ, ભર મિટાવત ભારી'

સંતો ભારી પરમાર્થી હોય છે, એ તો વાદળની જેમ આવીને વરસી જાય, પોતાની દિવ્ય શક્તિઓ વડે અન્યનાં દુઃખદર્દ હણે છે. જેમની હાજરી માત્રથી પરમશાંતિનો અનુભવ થાય. સંત પાસે કોઈ ભાવપૂર્વક આવે કે ભાવ વિના આવે છતાં તેમના તરફ સમદ્રષ્ટ્રિ રાખે છે. સત્તા સંપતિરૂપી માયા આવે છતાં તેના તરફ લેશ માત્ર ચલિત થતા નથી.

સંત અને વસંતની અનોખી સમાનતા છે, જ્યારે વસંત આવે છે ત્યારે પ્રકૃતિ સુધરી જાય છે અને જ્યારે સંત આવે છે ત્યારે સંસ્કૃત્તિ સુધરી જાય છે.

'મેઘધારાના મોતીઃ ગુજરાતના વણકર સંતો' ગ્રંથને લઈને આવે છે, નરેશ કે. રાઠોડ 'ધૂની'; ડો. કુમારપાળ પરમાર અને બાબુભાઈ મકવાણા 'ઉમતાકર' અને પ્રકાશક શ્રી ચીમનલાલ સુતરીયા, ગુજરાતના વણકર સમાજનું, સંતો ઉપરનું આ સૌ પ્રથમ પુસ્તક છે. (અગાઉ નરેશ કે. રાઠોડએ 'દિલ દરિયાના મોતી', ડો. કુમારપાળ પરમારએ 'ડો. આંબેડકરઃ લેખકોની કલમેં' પુસ્તકનું સંપાદન કરેલ છે) આ કામ કરનારા સંપાદકો પણ સંત જ છે.

'સંત બડા પરમાર્થી શીતલ જાકા અંગ
તાપ બુઝાવે તનકા દે દે અપનો રંગ'

કોઈપણ જાતની લાલસા વગર, સંસારી જીવન તેમ છતાં સમગ્ર ગુજરાતના વણકર સંતોના ગ્રંથને લોકાર્પણ કરવું તે નાની સૂની વાત નથી. ખરેખર તેઓ ધન્યવાદને પાત્ર છે. આજના મોંઘવારીના સમયમાં આ કામ કરવુ ખૂબ જ અઘરું છે. એનો હર્ષાનંદ સાથે માણીએ, આવા સંતો ને..

સંત ન હોત સંસાર મેં, જલ જાત બ્રહ્માંડ
જ્ઞાન કેરી લહર સે, વો કારત ઠમોઠામ

ગુજરાત રાજ્યના ૩૩ જિલ્લાઓ, ૮ મહાનગરો, અસંખ્ય ગામડાઓની પ્રત્યક્ષ કે પરોક્ષ મુલાકાત દ્વારા સંપાદકોએ 'ગુજરાતના વણકર સંતો' ની ભેટ આપી છે. (અગાઉ અનુસૂચિત જાતિના 'ગુરૂબ્રાહ્મણ લોકસંતો' નો ગ્રંથ પ્રવીણ શ્રીમાળીએ વર્ષ ૨૦૨૧માં પ્રકાશિત કર્યો છે, જેમાં ૨૭ જેટલા ગુરૂબ્રાહ્મણ સંતોનો પરિચય આપ્યો છે). ગુજરાતના વણકર સંતો એ વણકર સમાજના સંતોનું પ્રથમ પુસ્તક છે. જેમાં ૮૬ સંતોનો સમાવેશ થયો છે. તેમ છતાં કેટલાંક સંતોનો સમાવેશ જાણબહાર રહી ગયો હોય તેવું બને.

આ ગ્રંથની વિશેષતા એ છે કે કક્કાવારી પ્રમાણે સંતોની યાદી મુકવામાં આવી છે. મેઘધારાના મોતી ગ્રંથમાં લગભગ ૮૦ પુરુષ સંતો અને ૪ સ્ત્રી સંતોમાં ડાલીબાઈ, સંત ભોળીઆઈ, આદ્ય ક્વયિત્રી રતનીબાઈ અને અમરસતિનો સમાવેશ થાય છે. આમ, કુલ ૮૪ સંતોનો સમાવેશ આ ગ્રંથમાં કરવામાં આવ્યો છે.

ગુજરાતની અનુસૂચિત જાતિઓ પૈકી ગુરૂ બ્રાહ્મણના સંતો અને વણકર સમાજના સંતો પર સંશોધન કાર્ય થયું છે. આતો અનુસૂચિત જાતિની ૩૬ પૈકી બે જાતિઓના સંતોની યાદી બે ગ્રંથો છે. હજુ બાકીની જાતિઓના સંતોની પ્રતીક્ષા કરવી રહી.

'ભક્ત બીજ પલટે નહીં, જુગ વહી જાય અનંત
ઊંચ-નીંચ ઘેર જન્મ ધરે, આખર સંતના સંત'

વણકર સંતોમાં એવા ઘણા સ્થાનકો છે જે વંશપરંપરાગત સંતો જન્મ લે છે. પરિચિત-અપરિચિત સંતોની યાદી અચરજ ઉપજાવે દા.ત. ઝાંઝરકા, કેશરડી વગેરે

સંતોએ માનવ ઘડતર અને ચણતરની મોટી ભૂમિકા ભજવી છે. હરિનામ સ્મરણનો મહિમા-જીવદયા, ભોજન-ભજન આ સંતોની આગવી વિશેષતા છે, ઓળખ છે. કોઈપણ સંપ્રદાયના સંત હોય પણ જ્યારે એમની વાણીમાંથી માનવીય એકતાની, માનવીય સંવેદનાની વિગતો પ્રગટે છે, ત્યાર પછી એ સંત કોઈ પંથનો, સંપ્રદાયનો રહેતો નથી. ન ભાષાનો, ન કોઈ પ્રદેશનો એને તો વિશ્વનું નાગરિકત્વ પ્રાપ્ત થાય છે. અવતારધારી પરમાત્માથી માંડીને સંતો ભક્તોએ જે રીતે સમાજને બેઠો કર્યો એ એક બહુ મોટી ઘટના બની. સમગ્ર સમાજમાં સેવાવૃત્તિ, રાષ્ટ્રપ્રેમભાવ અને સહકાર સમરસતાનો ભાવ પ્રગટાવવામાં આ સંતોનો ફાળો બહુ મોટો છે. સંત સંસ્કૃતિ એ હિન્દુ સંસ્કૃતિનો પ્રાણધાર છે.

માનવ સમાજનું ચાલક બળ સંતો અને તેમની વાણી છે. સમાજમાં જ્યારે આસુરીવૃત્તિઓ બળવાન બની, માનવમૂલ્યોનો નાશ થવા લાગ્યો ત્યારે માનવસમાજને બચાવી લેવા માનવધર્મ સ્થાપવાનું કાર્ય સંતોએ કર્યું છે. ધર્મના નામે ક્રિયાકાંડ, અંધશ્રદ્ધા, અજ્ઞાન, ધર્મકાનૂન, અત્યાચાર, સ્વાર્થ અને વાસનાના વિરોધમાં દયા, દાન, શીલ, સદાચાર, સત્ય, સત્સંગ અને હરિભજનની ધૂન જગાડી સમસ્ત માનવસમાજને ઉપદેશ આપનાર સંતો છે.

માનવીને સંસારની મોહમાયા અને ક્ષણભંગુર દેહ (પંચતત્વ) માયાજાળમાં ફસાવાને બદલે પરમાત્મા સાથે પ્રીત કરી બાંધવા ઉપદેશ આપ્યો છે. સંતોની વાણીથી ઈશ્વરના અનંત ઐશ્વર્યને શાશ્વત સુખને પ્રાપ્ત કરવાનો ભક્તિ માર્ગ બતાવ્યો છે.

મેઘધારાના મોતી આયખાને અળિયાત કરનારાં છે. લોકજીવનમાંથી તત્ત્વ અને સત્વની શોધ કરી માનવતાના મૂલ્યો મહેંકી ઉઠે એવી રસાળ અને તળપદી શૈલીમાં આલેખન કરી ભાવકોને ભાતીગળ ભાવાનુભૂતિના ગર્ભમાં ખેંચી જવાનો પ્રયાસ કર્યો છે. સંતોના જીવનનો એકાદ અંશનિહિત મૂલ્યા સંસ્કાર વાચકના જીવનને રળિયાત કરવામાં ખપ લાગશે.

સંતનું હૃદય જ્ઞાન-જ્યોતથી પ્રકાશમાન અને સુશોભિત હોય છેઃ જ્ઞાન જ સંતનુ સાચું આચરણ છે. ભક્તિ આંદોલનની ક્રાંતિકારી લહેરીથી સમાજના મુખ્ય પ્રવાહો દૂર અગળા રહેવા પામેલા, બૃહદ સમાજના સામાન્ય અને વંચિત ગણાતા વણકર સમાજમાથી ઝળહળ સંત ચેતનાઓ પ્રગટી આવી. આપણા આધ્યત્મ આકાશમાં આ ચેતનાઓ નક્ષત્ર મંડળની માફક પ્રકાશી ઉઠી છે. આ સંતો એ પોતાની સાધનાની અને દર્શનના અનુભવની વાણી આપીને આ જગતને કાયમ માટે કૃતાર્થ કર્યું છે.

ગુજરાતના વણકર સંતો, સંત સેવાના ધામો, તેમની વિસરાતી વાણી, જે કંઠસ્થ પરંપરાએ જીવતી હતી તેમના વિશે અભ્યાસુઓ, સંશોધકોએ જે કાર્ય કર્યું છે, જે ખરેખર ધન્યવાદને પાત્ર છે.

જ્યાં સુધી પૃથ્વી છે, એના પર જીવ છે, જીવની ઈચ્છાઓ છે, ઈચ્છાઓની પૂર્તિ તેનો પાપ કે પુણ્ય કર્મયોગ છે, ત્યાં સુધી સંતો રહેવાના જ. દરેક જમાનાને એના સંશયો, હતાશા, નિરાશા, નાસ્તિકતા હોય છે. આ દેહ પંચતત્વોનો બનેલો છે જે એક દિવસ પંચતત્વમાં ભળી જશે. આત્મા જે અમર છે પરમાત્મામાં ભળી જશે, ફક્ત રહી જશે કરેલા કાર્યોની સુવાસ સંતો તેના પ્રતિક છે.

'જીવલડો ઉડી ગયો આકાશ કે પગલાં પડી રહ્યા રે લોલ'

સંતોનું જીવન એક ઝંઝાવાતી સફર જેવુ અને પ્રત્યેકને પ્રેરણા આપે તેવું ઉજળું અને આભાયુક્ત રહ્યુ છે.

વણકર સંતોનો નામોલ્લેખ જોઈએ વીર માયાદેવ (રનોડા) પાટણ, સંત સવૈયાનાથ- ઝાંઝરકા, સંત જોધલપીર- કેશરડી, હવસી દેહગામો- દેહગામ, સેવાનાથ- મોરબી, રતનીબાઈ- જૂનાગઢ, ગુરૂ ઉગમશી- ધંધુસર (જુનાગઢ), ઉગારામ- બાંદરા, કેશવ મૂળપ્રકાશ- ચોબારી (કચ્છ), કેશવબાપુ- મલેકપુર (વડનગર), ખીમડિયો કોટવાળ- દૂધુ (જયપુર), ગુરૂ ભગવાન- લાખવડ (મહેસાણા), દાદુ દયાળ- અમદાવાદ, દેવાયત પંડિત- લીંમડી, પાલણપીર- હડમતીયા, પીઠોભગત- વંથલી (જુનાગઢ), પુનમનાથ- કુકરવાડા, ભવાનીદાસ- ધોળકા, મતિયાપીર- પોરબંદર, મતૈદેવ- કચ્છ, મામૈદેવ- ગુરૂપટ્ટાર (ભુજ), જીવાપીર- ભાણવડ, રામજીભગત- કલોલ, લાખાભગત- દૂધાળા (ગીર સોમનાથ), લુણંગદેવ- સમૈનગર (પાકિસ્તાન), શાંતિનાથ- સાયલા, સેવાનાથ- રવાપર (મોરબી), હાજી હોમજીપીર- બાદરપુર (મહેસાણા), હિરસાગર- રાજકોટ, જીવાપીર- ભાણવડ, લાલણપીર- કચ્છ, વશરામ વહરો- સૂત્રાપાડા (જુનાગઢ) વગેરે સંતો ગણાવી શકાય.

સંતોનું જ્ઞાન ચોરે ને ચૌટે કહી શકાય નહીં, સંતો ગમે તેની પાસે ભજનભેદ ખોલતા નથી. અધિકાર વિના વસ્તુ આપીએ તો તે મળે નહીં. રેતીમાં બીજ વાવીએ તો ઉગે નહીં. દળી-દળીને ઢાંકણીમાં ભરવા જેવું થાય ત્યારે અનાધિકારી પાસે સમજીને ચૂપ રહેવુ તે સંતનુ લક્ષણ છે. સંતો ભૂમિ ઉપર સતત વિહરતા રહ્યા છે. તેમની આ ભ્રમણયાત્રાએ લોકશિક્ષણ આપવાનું કાર્ય કર્યું છે.

મહાપંથ, નાથપંથ, કબીરપંથ, રવિભાણ સંપ્રદાય, નિરાંત સંપ્રદાય, પ્રાણનાથ, નવધા ભક્તિ, સતગુરુ, માનવ અવતારવાદ દ્વારા સંતો પરમ હિતકારી રહ્યા છે. તેઓ સાધારણ ગૃહસ્થ જીવન જીવ્યા છે. તેમાંથી જ તેમને આત્મજ્ઞાન લાદ્યુ છે, પરમ દર્શન થયું છે. ભજનવાણીમાં ગણપતિ, ગુરુ મહિમા ઉપદેશાત્મક જ્ઞાન, વૈરાગ્ય, પ્રેમ ભક્તિયોગ, શબદ, જીવમુખી વાણી, સાખી, આરતી, રવેણી, આગળ, અવળવાણી, સાવળ, સેહર, હેલો, ઘોળ, ચાબખા, આરાધ દ્વારા દિવ્ય ચેતના પ્રગટાવી છે.

ગુજરાતના વણકર સંતો પર ડો. નાથાલાલ ગોહિલ, ડો. સુનીલ જાદવ, ડો. ચંદ્રિકા ચુડાસમા, મહેન્દ્રભાઈ વાળા, ડો. રાજેશ મકવાણા, ડો. નરસિંહદાસ વણકર, ડો. પી.એ. પરમાર, ડો. મનુભાઈ મકવાણા, ડો. દિનુ ભદ્રેસરિયા, બાલકૃષ્ણ આનંદ, ડો. રમણ માધવ, માવજીભાઈ સુતરિયા, નરેશભાઈ રાઠોડ 'ધૂની', ડો. કુમારપાળ પરમાર, બાબુભાઈ ઉમતાકર, તેમજ સંત સવૈયાનાથ અને જોધલપીર સંકુલ પરિવાર તરફથી પ્રયત્નો થયા છે. પ્રાંતિજ તાલુકાના વણકરો દ્વારા 'બાવનશ્રી' માસિક પ્રકાશિત થાય છે, જેની નોંધ લેવી ઘટે. દલપત ચૌહાણ, ભી.ન. વણકર અને નટુભાઈ પરમારને આ તબક્કે યાદ કરવા જ રહ્યા. અન્ય સંદર્ભોમાં મેઘ મહાત્મય, સંતોની અમરવેલી, ગુજરાતની પીર પરંપરા, મોતી મારા મલકના, દલિત સંતધારા, દિલ દરિયાના મોતી જેવા ગ્રંથોની નોંધ જરૂરથી લેવી ઘટે.

મને સંપાદકોએ 'મેઘધારાના મોતી' વિશે માનનીય નોંધ લખવા પ્રેરિત કર્યો તે બદલ ધન્યતા અનુભવુ છુ. પાટ-પુજા અને પીર પરંપરા, ગુજરાતના સંતો, ગુજરાતના વણકર સમાજની ગુરૂગાદીઓના વંચિત સાહિત્ય પર પ્રભાવ જેવા સેમિનારોએ મને બળ પુરુ પાડ્યુ છે. હું આ પ્રસંગને મારા જીવનની અમૂલ્ય ઘડી સમજુ છું, ભાગ્યશાળી છું તેનો પરિતોષ છે, અનહદ રાજીપો છે.

ગુજરાતના વણકરોને આ પુસ્તક ગમશે તેવી મને શ્રદ્ધા છે, અંતમાં..

ખાખમાં ખપી જના બંદા માટી મેં મિલ જાના
મત કરો અભિમાન, એક'દિ પવન સે ઉડ જાના'
સંતો ભૂમિમ્ તપસા ધરયન્તિ'
(સંતોના તપને કારણે માનવ સમાજ ટકી રહ્યો છે.



ડો. નરસિંહદાસ વણકર
પીએચ.ડી. (સામાજિક કાર્યકર)

અનુક્રમણિકા

અનુક્રમણિકા

ભીમ ભલાઈ

ભીમ ભલાઈથી,
માણસ થયો હું છું..
જીવતો હતો ગુલામ થઈ
આઝાદ થયો હું છું..
સુખ ક્યાં હતું જીવનમાં ?
મદોન્મત થયો હું છું..
ખાતો હતો રૂખી સુકી રોટલી
પકવાન જમતો થયો હું છું..
બોલવા પર હતો પ્રતિબંધ
રાષ્ટ્રપતિ થયો હું છું..
ચાલીને ના જઈ શકતો,
વિમાનમાં ફરતો થયો હું છું..
ભીમતણી ભલાઈથી
માનવ થયો હું છું..
ના ભુલાય ભલાઈ બાબા ભીમની 'ધૂની'
કદરદાન થયો હું છું.

નરેશ કે. રાઠોડ 'ધુની'
પામોલવાળા

સંત તણો રે મહિમા રે મોટો

વણકર સંત તણો રે મહિમા રે મોટો
જેની ગાથા ગાવી રે ન જાય..
જેનો કહેતા ન આવે પાર..
સંતો સમાજ સુધારકના સારથી..
દિધા ઉપદેશ ને આપ્યું છે રે જ્ઞાન..(૨)
વણકર સંત તણો..
સંત તો ત્યાગી ને મનના વૈરાગી હવે,
જેના દર્શનથી દુઃખ ટળી જાય..
જેના સેવનથી શાંતિ રે થાય..(૨)
વણકર સંત તણો..
દયા, પ્રેમ, અહિંસા ને વ્યસનમુક્તિ
સત્ય આચરણથી ઉદ્ધાર થાય..
વણકર સંત તણો...
વણકર સંત તણો રે ગ્રંથ આ રચ્યો,
જેના વાંચનથી મન શાંત થાય..
જેના વાંચનથી દુઃખ ટળી જાય..(૨)
વણકર સંત તણો..
એવી દાસ પ્રવીણની છે વિનંતી.
મેઘધારાના મોતી રે વર્ષાય..(૨)
વણકર સંત તણો..

પ્રવીણભાઈ પરમાર
જાસ્કાવાળા

વણકરો અતીતમાં

ઘણા વિદ્વાનો ભારતના વણકરો પર તેમજ ઘણા વિદ્વાનોએ ગુજરાતના વિદ્વતાપૂર્વક અભ્યાસ કર્યો છે અને વણકરો પ્રાચીન સમયથી શું કરતાં હતા ? કાળક્રમે તેઓ શુદ્ર અને પછાત કઈ રીતે થયા ? તેનું વિસ્તૃત વર્ણન કરેલું છે. તે પૈકી ડો. મનુભાઈ એચ. મકવાણાએ તેમના પુસ્તક “ગુજરાતના વણકરો” માં જણાવે છે કે, “આપણને એક અગત્યનો પ્રશ્ન થાય છે કે વણાટ જેવુ સ્વચ્છ કાર્ય કરતી આ વણકર જ્ઞાતિનો સમાવેશ શુદ્રમાં, અછૂતમાં શા માટે કરાયો હશે ?” આનો જવાબ મનુસ્મૃતિના એક શ્લોકમાં જોવા મળે છે, જેમાં કહેવાયું છે કે,

પોડ્કા શ્રાડ્દ્રવિડાઃ કંબોજા યવનાઃ શકાઃ ।
પારદા, પાહવાશ્ચીનાઃ કિરાતાઃ દરદાઃ ખશાઃ ।

મૂળ ક્ષત્રિય એવી આ જાતિઓ જેવી કે પૌડ્રંક, દ્રવિડ, કંબોજ, પવન, શાક, પહળવ, પાદરા, ખાસ વગેરેએ પોતાના ક્ષત્રિય વર્ણ-ધર્મનું પાલન કર્યું નહીં. આથી તેઓ શુદ્રત્વને પામ્યા, અહીંયા ડો. બી. આર. આંબેડકરે આપેલો “શૂદ્રો ક્ષત્રિય હતા” એ સિદ્ધાંત યાદ આવે છે. તેઓએ આ સિદ્ધાંત આપતાં કહ્યું હતું કે, બ્રાહ્મણોની શ્રેષ્ઠતાનો અસ્વીકાર કરવાને કારણે કેટલાક ક્ષત્રિય રાજાઓને બ્રાહ્મણ અને ધર્મનું અપમાન કરવાના દંડના ભાગરૂપે બ્રાહ્મણોએ તેમને ત્યાં પોતાની સેવાઓ, ધર્મકાર્ય, પૂજા-અર્ચના કરવા આવવા બંધ કર્યા.

આમ, બ્રાહ્મણોથી તરછોડાયેલા આ ક્ષત્રિયો ધીમે-ધીમે વર્ણ બહાર થતા ગયા, તેમના વર્ણનો બહિષ્કાર થતો ગયો, આખરે તેઓ શુદ્ર ધર્મમાં ભળી ગયા. શુદ્ર ધર્મમાં તેમનો સ્વીકાર થયો અને આજે પણ વણકરો દલિત સમાજમાં તેમની અટક જોઈએ છે તે ક્ષત્રિય અટકોને મળતી આવે છે એટલે કે, વાઘેલા, સોલંકી, પરમાર, ચાવડા, મકવાણા, વગેરે.

આજે પણ તેમની કુળદેવી, પૂજા, અર્ચના, સામાજિક-ધાર્મિક વિધિઓ ઉજવણીમાં ક્ષત્રિય વર્ણનાં જ ધોરણો-મૂલ્યો વ્યવહારોવાળી સાંસ્કૃતિક પરંપરા જોવા મળે છે. એના પરથી ફલિત થાય છે કે વણકારો મૂળ ક્ષત્રિયો હતા.

વણકારો ક્ષત્રિયો હતા, તે બાબતે ડો. પી. જી. સોલંકી, જ્યારે તેઓ બોમ્બે લેજિસલેટિવ્ કાઉન્સિલના સભ્ય હતા ત્યારે ત્યાં થયેલી ચર્ચામાં કહ્યું હતું કે, “વણકરો સમાજનું ખરાબ અંગ નથી. તેમનું પલાયણન ક્ષત્રિય-રાજપૂત જાતિમાંથી થયું છે, એક સમયે તેઓ ગુજરાતમાં શાસકો હતા.”

ડો. પી. જી. સોલંકીના કથનની પુષ્ટિ પ્રખ્યાત ઈતિહાસવિદ્ અને ધારાશાસ્ત્રી એવા કનૈયાલાલ મુનશીના કથનોમાં જોવા મળે છે. તેઓએ કહેલું કે : “માયાવંશી (વણકર) જાતી એ અર્જુનના વંશજો છે.”

આજે આપણે જેને વણકર તરીકે ઓળખીએ છીએ તેમણે ભગવાન પરશુરામે નિંદનીય કામો કરવા પ્રેર્યા હતા.

શ્રી કે. કા. શાસ્ત્રી પણ જણાવે છે કે, "આજે અંત્યજ જ્ઞાતિઓમાં 'વણકર' જે અસ્પૃશ્યો હતા નહીં, પરંતુ તેમાંના મોટા ભાગના રાજપૂત જાતિના હતા. પછી તેઓએ સ્વીકારેલ કામો, ધંધાને લઈને આચારની કૃત્રિમ જડ માન્યતાઓએ અંત્યજ-અસ્પૃશ્ય તરીકે જુદા પાડી દેવાયા."

ભારત દેશની આ ભૂમિ જગત માટે અન્નપૂર્ણા અને વસ્તપુર્ણા સાબિત થયેલી છે. ભારતમાં વસ્ત્રવિદ્યાનો જેટલો વિકાસ હતો, તેટલો અન્યત્ર ક્યાંય હતો નહીં. આજથી લગભગ ૧૧૦૦ વર્ષ પહેલા ઢાકાના મલમલની દુનિયામાં માંગ હતી. ૨૦ વાર લાંબો અને એકવાર પહોળો એવો મલમલનો તાકો એક નાની વીંટીમાંથી પસાર થઈ જતો હતો.

ઈ.સ. ૧૮૫૧માં ડો. ટેલરે લખ્યું હતું કે, એના દેખતા એક વણકરે એક કોકડામાં ભરેલું સૂતર માપ્યું, તે ૨૫૦ માઈલ લાંબુ થયું હતું, પ્રવાસી ટેવર્નિયર કહે છે કે "ઈરાનનો એક એલચી સ્વદેશ પાછો ગયો ત્યારે તેના રાજાને ભેટ આપવા માટે શાહમૃગના ઈંડા જેટલું રત્નજડિત નારિયેળ લઈને ગયો હતો. રાજદરબારમાં બધાની હાજરી વચ્ચે જ્યારે એને ખોલવામાં આવ્યું તો તેમાંથી ૬૦ વાર જેટલી લાંબી પાઘડી કાઢવામાં આવી, ત્યારે સૌ કોઈ આશ્ચર્યમાં મુકાયા હતા.

પાઘડી મૂકી રાખી હોય તો પણ તે જણાય નહીં, આટલી હદ સુધી વણકરોની વણાટકલાનો વિકાસ થયો હતો, તેથી ભરતવર્ષમાં વાણિયાઓનું મોટું મહાજન અને વણકારોનું નાનું મહાજન કહેવાનો રિવાજ પ્રચલિત છે.

આપણે જોયું કે વણકારોનો ભૂતકાળ ભવ્ય છે, પરંતુ આ ભૂતકાળ એટલે છેલ્લાં બે હજાર વર્ષમાં બનેલી ઘટનાઓ છે. પણ છેલ્લાં ૫૦૦ વર્ષમાં આ જ સમાજ હાંસિયામાં ધકેલાઈ ગયો છે. તેની પ્રગતિ અટકી ગઈ છે.

રાજ્ય રજવાડા વખતમાં અને અંગ્રેજોના સમયમાં વણકરોની હાલત વધુ ખરાબ હતી, જેના કારણે આજે સમગ્ર વણકર સમાજ આર્થિક અને સામાજિક વગેરે ક્ષેત્રે પાછળ ધકેલાઇ ગયો છે, તેમ છતાં સમાજની કેટલીક વિભૂતિઓએ સમાજના વિવિધ ક્ષેત્રને ઉજાળ્યું છે. જે પરાજય આટલો ભવ્ય ભૂતકાળ ધરાવે છે તે પરાજય ધારે તો વર્તમાનને સક્રિય કરી શકે છે.

એટલુ જ નહી, પણ છેલ્લાં ૫૦૦ વર્ષની બાહ્ય અસર આધીન નિષ્ક્રિયતાને કારણે સમાજ દ્વારા વિશિષ્ટ વ્યક્તિઓએ વિશિષ્ટ કામગીરી કરી નથી.

આઝાદી પહેલાંના સમયની વણકરોની ખરાબ પરિસ્થિતિ હતી તે વાત ખરી છે, પરંતુ ભવ્ય ભૂતકાળની એક ઝલક મેળવી લીધા બાદ વર્તમાનને ભવ્ય રીતે ઉજાગર કરવો પડશે.

અમારા મત મુજબ આ સમાજ માટે છેલ્લાં ૫૦૦ વર્ષ અંધકારમય ગયાં છે, રાજાશાહીમાં વીરમાયા જેવા મહાપુરુષોના બલિદાન અને ૧૯૪૭ની આઝાદી પછીના ડો. બાબાસાહેબ આંબેડકર જેવાં મહામાનવને જ કારણે આ સમાજમાં સુધારણા અને પરિવર્તનનો દોર શરૂ થયો. ભલે ઘણાં માણસો રાડો પાડતા હોય છે કે આઝાદી નથી મળી. એ રાડો પાડવાવાળાનાં રૂઢિગત વર્ષોથી ચાલ્યા આવતા આધિપત્યોનો અંત આવ્યો છે. તેથી તેઓ દુઃખી છે. વણકરો તો આઝાદી પહેલાં સાવ શૂન્ય જેવાં થઈ ગયેલા હતા. તેમાં કાંઈક આજે સંચાર થયેલો જણાય છે. આઝાદી પહેલાં આપણી પર અનેક અત્યાચારો થયા. તેમને માનવસહજ ગરિમા ન મળી. તેમના માનવીય હક્કોને નુકશાન થયું. એ બધી જ વાતસાચી છે. પરંતુ આવા દુઃખદ ભૂતકાળને વાગોળીને દુઃખી ન થવું હોય તો જાગૃતિ લાવવી પડે તેમ છે. તેના માટે એક ફિલ્મનું ગીત ટાંકવાનું મન થાય છે.

છોડો કલ કી બાતેં કલ કી બાત પુરાની
નયે દૌરસે લિખેંગે મિલકર નયી કહાની

જ્યારે સમગ્ર ભારતનો આમ નાગરિક ગઈ કાલની દુઃખદ વાતોને ભૂલીને વર્તમાન અને ભવિષ્ય ઉજ્જવળ કરવા તરફ જઈ રહ્યો છે ત્યારે આપણે શા માટે પાછા પડવું? વણકરોને તો બંધારણ દ્વારા અનેક લાભો અને સહકાર મળેલા છે. જાગૃતિ તો નથી, પરંતુ કેટલીક બાબતોમાં હજુ પણ તેઓ નિષ્ક્રિય હોય તેમ જોવા મળે છે.

આના માટે હવે એટલે કે આઝાદી પછીના સમયમાં અત્યારે જે યુગ ચાલી રહ્યો છે તેમ લખાઈ રહ્યું છે ત્યારે ૨૦૦૮માં વર્તમાન પરિસ્થિતિમાં આપણે જે કાંઈ ઇચ્છિત પ્રગતિ હાંસલ નથી કરી શક્યા તેના માટે કોઈ બાહ્ય પરિબળોને દોષ ન દેતાં એનાં માટે આપણે આપણી અંદર જ ઝાંખવું પડે. વણકર સમાજ અને અન્ય કેટલાક વિદ્વાનો વણકરોના ભવ્ય ભૂતકાળને ઉજ્જવળ કરી રહ્યા છે, તે સાચી વાત છે. પરંતુ વર્તમાનને પણ સતત ઢંઢોળવો પડશે, તે પણ સત્ય છે.

અગાઉ ચર્ચા કરી તેમ કેટલાક વિદ્વાનોએ વણકરો ઉચ્ચ વર્ણમાં હતા તેવું પ્રતિપાદિત કરવાનો પ્રયાસ કરેલો છે, પરંતુ વણકરો પહેલાં ક્ષત્રિય-રાજપૂત હતા તેનું હવે તેમને કોઈ ગૌરવ નથી. પરંતુ આપણને વણકર તરીકેનું માન-સન્માન મળેલ છે તેનું ગૌરવ વધારે જોવા મળે છે.

રાષ્ટ્રીયકક્ષાના મહાનુભાવો રાષ્ટ્રીયકક્ષાએ સમગ્ર સમાજ માટે વિચાર કરી રહ્યા છે તેવી જ રીતે રાજ્યસ્તરના મહાનુભાવો પોતાની રીતે કાર્ય કરી રહ્યા છે, પરંતુ નાના સ્તરે જે સમાજિક પૃથક્કરણ થવું જોઈએ તે નથી થઈ રહ્યુ. સમાજમાં રહેલી બદીઓ, દૂષણોને સમાજના પાયામાંથી દૂર કરવા પડશે. પરંતુ આ દૂષણો, બદીઓ, અનિષ્ટો શું છે ? તેને પ્રથમ જાણવાનો પ્રયત્ન અવશ્ય કરવો જરૂરી છે.

આ કલ્યાણકારી દિશામાં આરંભેલું આ નાના સ્તરનું આ મારું કાર્ય છે. ગુજરાતના વણકર સંતોનો સમગ્ર રાજ્યના બૃહદ્ વણકર સમાજનો એક ભાગ, એક ઈતિહાસ છે, તેથી સમગ્ર આ અભ્યાસની દરેક બાબતો સમગ્ર સમાજને પણ લાગુ પડે છે અને તેની ભાવનાને ભપકાદાર કરે છે.

સૂક્ષ્મ સ્તરે અભ્યાસ કરવાથી એક નાનકડા સમૂહને પણ વિશાળતા મળે છે અને અને તે એક નાનો સમૂહ ભારત વર્ષના વણકર સમાજનો એક ભાગ છે તેવું આ પુસ્તક તરફથી પ્રતિત થાય છે.

સંદર્ભસૂચિ

• ડો. પી.એ. પરમાર, ભારતના વણકરોનો ઈતિહાસ
• ડો. મનુભાઈ એચ. મકવાણા, ગુજરાતના વણકરો
• મકવાણા, મહેન્દ્ર (૨૦૧૯), સુરેન્દ્રનગર જિલ્લાના વણકરોની અસ્મિતા, અમદાવાદઃ કેવલ ઓફસેટ
• સુતરીયા, એમ. જે. (૨૦૨૦), વણકરોનો ઐતિહાસિક વારસો, તલોદઃ માવજીભાઈ જે. સુતરીયા

અમર સતીમા
લખતર શહેર (વિ. સં. ૧૮મી સદી)

આજથી લગભગ ૨૫૦ વર્ષ પૂર્વેની આ વાત છે, એ સમયે લખતરમાં ઉગમણી દિશામાં વણકરોના ૧૫-૧૬ ખોરડામાં ફક્ત ૧૬ જ કુટુંબો રહેતાં હતાં. અહી સાધુ જેવું સાદું જીવન ધરાવતા દેવો ગોહિલ નામે સજ્જન રહેતા હતા. તેઓ જ્યારે સમય મળે પ્રભુભક્તિમાં જ સમય વ્યતીત કરતા. તેમનાં પત્ની પૂરીબેન પણ ખૂબ જ ધાર્મિક અને આસ્થાળું. આ દંપતિ પ્રભુમાં જીવ પરોવી જીવન પસાર કરતાં હતાં.

૧૧-૧૧ વર્ષના વાણા લગ્નજીવનને વહી ગયા છે. સંતાનમાં પ્રભુએ સામે જોયું ન હતું. દેવો વિચાર કરે છે મારા પછી મારા નામનું શું ? હું નિર્વંશ જાઉં, મારી પાછળ કોઈ ન હોય તો મારા જીવતરને ઉજાળે કોણ ? આમ વિચારી દેવો મનોમન કચવાયા કરે છે, પરંતુ પ્રભુ પર હજુ એણે આશા છોડી નથી.

એક દિવસ પૂરીબેનના મોઢા પર સોળે કળાએ ખીલેલો ચંદ્ર ઝળહળી ઊઠ્યો. પૂરીબેન અને દેવાભાઈની ભક્તિના પ્રતાપે પૂરીબેનને સારા દિવસો રહ્યા. બરોબર નવ માસ અને પાંચ દિવસે રૂપ રૂપના અંબાર જેવી દીકરીનો અવતાર થયો. બંને પતિ-પત્નીના જીવનમાં આનંદ અને ઉલ્લાસની છોળ ઊછળી રહી છે. ઘણાં વર્ષે ભગવાને ઇચ્છા પૂરી કરી છે. ગામના મહારાજને બોલાવી અમર નામ રાખ્યું. દીકરી અમર દિવસે દિવસે મોટી થતી જાય છે. ઘરમાં દેવો ગોહિલ અને તેમની પત્નીની પ્રભુભક્તિથી ઘર ગૂંજી રહ્યું હોય છે. આવા ઘરના દિવ્ય વાતાવરણની અસર તળે દીકરી અમર મોટી થઈ રહી છે.

ગામની દીકરી સાથે ઢીંગલા-ઢીંગલી અને પાંચીકા રમવાને બદલે અમર તેની માતા સાથે માતાજીનાં ગુણગાન ગાવામાં મસ્ત રહે છે. એમ કરતાં કરતાં બેન અમર ૧૧-૧૨ વર્ષની થઈ.

અમરબેનના જીવનમાં ૧૩મું વર્ષ બેઠું અને જેમ દરેક મા-બાપને દીકરીની ચિંતા થવા માંડે તેમ દેવા ગોહિલને પણ દીકરીની ચિંતા થવા માંડી અને એક દિવસ દેવાભાઈ અને તેમનાં પત્ની પૂરીબેન બપોરના રોંઢા કરવા બેઠા છે. દીકરી અમર ચૂલા આગળ બેસી દેવતાને વધુ ઉબાડું (સળગાવવું) કરી રહી છે અને દેવાએ વાત છેડી : “અમરની મા ! એક વાત કહું, ઓણની સાલ સારી વાત મળી જાય તો દીકરી અમરનું વેવિશાળ કરી દઈએ !’’

ચૂલા આગળ ફૂંકણીથી ઉબાડાને વધુ પેટાવતી અમર આ સાંભળી હળવે રહીને ઊભી થઈ અને બારણાની ઓથે ઊભી રહી. બોલી : “બાપુ મારું વેવિશાળ ના કરતા !’

દેવો અને પૂરી વાત સાંભળી મનમાં મલકાયા અને મૂછમાં હસી દેવાએ કહ્યું : “દીકરી શરમાળ છે, જો જરાક વિવાહની વાત નીકળી તો કેવી શરમાઈ ગઈ.’

પૂરીબેન કહે : '' એ તો શરમની મારી દીકરી એમ જ બોલે.''

આ વાત વીતી ગયાને બે-ચાર મહિના થયા હશે અને દેવો અને પૂરી તેમનાં નિત્યક્રમ મુજબ દીકરી અમરને લઈને દાડીએ કાલા વીણવા ગયા છે. ત્રણેય મા-દીકરી અને બાપ પાસ-પાસેના ચારાના કાલા વીંણી રહ્યાં છે અને દેવાએ વાત કરી : "આજે સાંજે હરી ભડવાણાથી આવવાનો છે. દીકરી અમરની વાત લઈને આવે છે તેમ કહેતો હતો.'

પાસેના ચાસમાં કાલા વીણતી અમરે આ શબ્દો સાંભળ્યા અને કહ્યું : "મા-બાપુ, મારા લગ્ન નોં કરશો... મારું વેવિશાળ ન હોય... લગ્ન નોં હોય...!''

દાડિયું પૂરું થયું, સાંજ થઈ, હરી તે દિવસ આવ્યો નહીં. તે વાતને દિવસો વીતી ગયા. ચૈત્ર-વૈશાખ અને જેઠ ઊતર્યો. બળબળતો દિ' કાંઈક ટાઢો થયો. આભમાં વાદળોનો સંચાર થયો. કાળાં ભમ્મર વાદળો આકાશમાં આમ તેમ જઈ જાણે ક્યાંક પાણી ભરવા જઈ રહ્યાં હોય તેવો માહોલ સર્જાયો હોય છે અને અષાઢી બીજ આવી.

ગામમાં સામૂહિક રજા છે અને દેવો-પૂરી અને દીકરી સવારનું શિરામણ કરી રહ્યાં છે.

હીરાએ ઘરના આંગણમાં પગ મૂક્યો. અમરને મન ખ્યાલ આવી ગયો : બાપુ વાત કરતા હતા ઈં હીરોભાઈ આ જ લાગે છે.

ગામની આથમણી બાજુ મોટું સરોવર જેવું સુંદર સોહામણું તળાવ છે. તળાવની કાંઠે કાંઠે લીમડા, પીંપળા જેવા વૃક્ષો શોભી રહ્યા છે. વૃક્ષો પર પક્ષીઓએ અષાઢી વાતાવરણને આવકારવા માટે તૈયારી કરી લીધી હોય તેમ માંહે માંહે ચીં.. ચીં... કરતાં પક્ષીઓ ગુંજન કરી રહ્યાં છે. તળાવની પાળ પર આવેલ કૂવા પર ગામની બેન, દીકરી, વહુ બધાં પાણી ભરવા આવ-જા કરી રહ્યાં છે. કાઠીવાડી સ્ત્રીઓનાં જોમ અને જુસ્સા માથે રાખેલ બે-ત્રણ પાણી ભરેલા બેડાથી માપી શકાય છે.

બેન અમર પાણી ભરવા તળાવના કાંઠે આવેલ કૂવાએ જાય છે. સૌ તેની હેડીની દીકરિયું સાથે કાલીઘેલી વાતું કરતી કરતી અમર તાંબાના બેડાને રાસથી ખેંચી રહી છે. થોડીવારમાં હાંડો અને બેડું ભરી લ્યે છે.

અમરબેન હાંડાને માથા પર મૂકે છે અને પાસે પાણી સીંચી રહેલી બેનને બેડું માથે મૂકવાનું કહે છે. માથે બેડું મૂકી અમરબેને ઘર તરફની ઉગમણી દિશામાં વાટ પકડી. નિત્યક્રમ મુજબ ગામના એક છેડાથી બીજા છેડા સુધી જવા માટે ગામની વચ્ચેથી ગામને વીંધીને ચાલવું પડે છે તે પ્રમાણે અમરબેન ગામની મધ્યમાં થઈ થોડે આગળ લોક (સવર્ણો) ના ઘરો આગળથી પસાર થઈ રહી છે ત્યાં સામેથી તેની હેડીની એક સખીએ સમાચાર આપ્યા : "અમર, તારું સગપણ નક્કી થઈ ગયું.''

આ વાત બેન અમર કાને પડતાં જ ઊભી રહી જાય છે. માથેથી હાંડો અને બેડું છૂટી જાય છે. ચારે બાજુ પાણી ઢળી જાય છે. અમરબેનના ઉદ્‌ગાર નીકળ્યા : "બાપુ... તમે આ શું કર્યું ?"

અમરબેન એક ડગલું પણ આગળ વધ્યા વગર ધરતી માતાને સાદ દે છે : હે મા જેમ સીતા માતાને તારી ગોદમાં સમાવી લીધા હતા તેમ મને તારામાં સમાવી લે.''

એવું કહેવાય છે કે ધરતી માતાએ અમરબેનને માર્ગ દીધો. અમરબેન ધરતીમાના ખોળામાં સમાઇ ગયાં. લોકોએ સતીમાનો જય જયકાર બોલાવ્યો.

આજે પણ લખતર ગામમાં લોક (સવર્ણો)ના મકાનો વચ્ચે પસાર થતાં જાહેર માર્ગ પર રસ્તામાં સતીમાની દેરી છે. આસપાસ રહેતા સવર્ણ લોકો રોજ સતીમાનો દીવો અને અગરબત્તી કરે છે.

બહેનોએ આ સતીમા વણકરની દીકરી હતી અને સતીમાને સમગ્ર લખતર ગામ જાણે છે. તેઓના જણાવ્યા અનુસાર કેટલાક મોચી સમાજના લોકોના છેડાછેડી પણ અહીં છોડવામાં આવે છે.

આ સતીમાના કાયમી સ્થાપન તરીકે વણકરો દ્વારા વણકર વાસમાં એક ઓટલો બનાવવામાં આવ્યો, જે સતીમાના ઓટલા તરીકે ઓળખાય છે. આજે આ ઓટલા પર ભવાની માતાનું સ્થાનક જોવા મળે છે. એ સતીમા ભવાની તરીકે આજે પૂજાય છે.

આસો મહિનાની હવનઅષ્ટમીએ સતીમાને નૈવેદ્ય ચડાવવામાં આવે છે ત્યારે આ સતીમા કોઈ એક કુળનાં નહીં, પરંતુ સમગ્ર વણકરોના હોઈ વાસના બધા વણકરોનાં ઘરદીઠ એક એક રૂપિયો નૈવેદ્યનો લેવામાં આવે છે. "સતીમાના નૈવેદ્યનો રૂપિયો" એ પરંપરા આજે પણ જોવા મળે છે.

સંદર્ભસૂચિ

• મકવાણા, મહેન્દ્ર (૨૦૧૯), સુરેન્દ્રનગર જિલ્લાના વણકરોની અસ્મિતા, અમદાવાદ: કેવલ ઓફ્સેટ

અરજણદાસ

અરજણદાસના જીવન અને કુટુંબની માહિતી ઘણી ઓછી જાણવા મળે છે. માત્ર તેમનાં ત્રણ પદો કર્ણોપકર્ણ સંચિત રહ્યાં છે. તેઓ જાતે વણકર હતા તેમ સૌ સ્વીકારે છે. છાયા (પોરબંદર)ના વયોવૃદ્ધ મર્મી માંડણ પાસેથી જાણવા મળે છે કે 'અરજણદાસ ચિત્રોડ ત્રિકમસાહેબના આશ્રમમાં રહ્યાં હતા અને ગુરુ ખાનસાહેબના શિષ્ય હતા અને આશરે સવા સો વર્ષ પહેલાં થઈ ગયા છે,' ત્રિકમસાહેબની જગ્યામાં ખાનસાહેબ, પછી પ્રેમહંસ અને મૂળહંસ એમ બે ગાદી વારસો થઈ ગયા તે દ્રષ્ટિએ આ સમયગાળો બરાબર જણાય છે.

અરજણદાસની વાણીમાં સૌથી વિશેષ 'પ્યાલો' પદ નોંધપાત્ર છે. તેમાં સોળ પ્યાલાનાં પ્રમાણ આપ્યાં છે. ગુરુકૃપાએ ''આ પ્યાલો પીધો ને ઉદયકમળનાં તાળાં ખૂલી ગયા'' નું જણાવે છે. જીવશિવની એકતા નજરે થઈ ગઈ. સમગ્ર દેહની રચના નજરે ભાળી અને ઝળહળ જ્યોતનાં દર્શન થયાં. અન્ય સંતો જે વાણી દ્વારા રહસ્યને પ્રગટ કરે છે તે આ સોળ પ્યાલામાં કવિએ પ્રગટ કર્યું છે. બીજા પદમાં યોગક્રિયા સમજાવી છે અને તેના નામચરણમાં :

'રોચિ પરમારથ રાખના, મહાધર્મ સદાય વર્તના.'

ભજનદાન અને મહાધર્મ પાળવાનું જણાવ્યું છે. ત્રીજું પદ એ આરતી છે. તેમાં ભક્તકવિઓ પ્રભુ મળ્યા ને તેઓનાં અનેક કાર્યો કર્યાનું જણાવે છે.

સંદર્ભ સૂચિ

• ગોહિલ, ડો. નાથાભાઈ (૨૦૧૭), ગુજરાતની આંતરચેતના ભાગ-૨, અમદાવાદ: નવભારત સાહિત્ય મંદિર

અવિચળ દાદા

મહેસાણા જિલ્લાના ઉંઝા પાસેનું પાટણવાડા પંથકના બાલીસણા ગામમાં પ્રવેશતાં જ અવિચળ દાદા અને તેમના દિકરા ત્રિકમ સાહેબની સમાધિઓ આવેલી છે, જે વણકર સમાજના હતા.

બાલીસણાની પડખે નોરતા ગામ છે. જેમાં સંત નરભેરામ થઈ ગયા. એવું જાણવા મળે છે કે, અવિચળદાદા અવાર-નવાર નરભેરામ બાપુના આશ્રમમાં સત્સંગ સાંભળવા જતા હતા.

સમય જતાં તેમણે નરભેરામ પાસેથી બોધ લીધો અને બાર વર્ષ સુધી એક નિષ્ઠાથી ગુરૂની સેવા કરી. ગુરૂ નરભેરામે તેમની સુપાત્રતા નિરખી અને તેમને અનેક સિદ્ધિઓનો ખજાનો આપેલો. જે સિદ્ધિઓ વડે અવિચળદાદા દુઃખીયારાઓના આંસુ લૂછતા હતા.

છ મહિના પહેલા તેમણે મૃત્યું ભાખ્યું હતું. તેમના દિકરા ત્રિકમ સાહેબને ગાદીએ બેસાડી વિ.સં. ૧૯૭૪ના વૈશાખ સુદ-૯ને ગુરૂવારે અવિચળદાદાએ ભક્તો, શિષ્યો, કુટુંબિજનોની હાજરીમાં સમાધિ લઈ બ્રહ્મલીન થયા હતા.

સંદર્ભસૂચિ

- ચાવડા, કિશોર, હરિભાઈ પરમાર અને બાબુલાલ વાઘેલા (સંપા.) (૨૦૧૩), મોતી મારા મલકના, અમદાવાદઃ ડિવાઈન પબ્લિકેશન્સ
- રાઠોડ, નરેશભાઈ ખેમાભાઈ અને દામોદરનાથજી ગુરૂ મંગલનાથજી (સંપા) (૨૦૧૫), દિલ દરિયાના મોતી, મહેસાણાઃ સ્વ. મોહનલાલ જેઠાલાલ મકવાણા ભગત પરિવાર

સંન્યાસી આલા ભગત (વઢવાણ પંથક)

આજથી ૩૫ થી ૪૦ વર્ષ પહેલા વઢવાણ પંથકના મેમ્કો ગામમાં આલા ભગત થઈ ગયા. જેમનું પુરુ નામઃ આલાભાઈ સોંડાભાઈ મકવાણા હતું. આલાભાઈ રામાપીરની ભક્તિ કરતાં અને રોજ ગાય કૂતરાં ને રોટલા ખવડાવતા. ગામના ચબુતરામાં દાણા નાંખતા. આજીવન સાધુનું જીવન સન્યાસી અને ધર્મપરાયણ જીવન જીવ્યા. એવુ કહેવાય છે કે જીવનપર્યંત આલા ભગત અગિયારસનો ઉપવાસ કર્યો હતો ત્યારે આલા ભગતને રામદેવપીરના દર્શન થયા હતા.

તેમના અંતિમ સમયે દેહ અવસાન થતાં તેમને સાધુ-મહારાજની જેમ માન-સન્માન સાથે ધામધૂમથી પાલખી કાઢી ગામમાં ફેરવવામાં આવી હતી.

આલા ભગતે તેમની હયાતીમાં તેમના હાથે એક ચકલાં-પારેવાને ચણ નાંખવાનો ચબુતરો બનાવડવ્યો હતો. આ ચબુતરો આજે પણ મેમ્કો ગામમાં હયાત છે. જે “આલા ભગતની ડુંગરી” તરીકે જાણીતો છે.

સંદર્ભ સૂચિ

- મકવાણા, મહેન્દ્ર (૨૦૧૯), સુરેન્દ્રનગર જિલ્લાના વણકરોની અસ્મિતા, અમદાવાદઃ કેવલ ઓફસેટ

ગુરુ ઉગમશી

વિ. સવંત ૧૩૪૫ (ઈ.સ. ૧૨૮૯) માં ગીરનાર જૂનાગઢની પશ્ચિમે ૧૫ કિલો મીટર ધંધુસર ગામે મેઘવાળ-વણકર હરિભાઈ ખોડાભાઇ કટારીયા અને માતા મઘુબાઈને ત્યાં ગુરુ ઉગમશી પાગિયા જે બાળપણમાં ઉગલો તરીકે ઓળખાતા. તેમના ગુરુ ગીરનારી નાથયોગી, બીજા શ્રીસંપ્રદાયના રાઘવાનંદ થયા અને પત્ની સોનાબાઈ સાથે તેમનો ઘરસંસાર બે વર્ષ ચાલ્યો, ત્યારબાદ તેઓ સંન્યાસી થઈ ગયા.

સમાધિ : વિ. સંવત ૧૪૪૦ - ઈ. સ. ૧૩૮૪

સંતવાણીમાં ગુરુ ઉગમશીનું સ્થાન આદરણીય રહ્યું છે. આ ગુરુ ઉગમશીનો સમય, સ્થાન નિશ્ચિત કરવા માટેનો આ પ્રયાસ છે. ગુરુ ઉગમશી વિશે જે આધારો મળ્યા છે તેના પરથી ગુરુ ઉગમશીની પ્રથમ ઓળખ સતી રૂપાંદેનાં ભજન નામાચરણમાંથી મળે છે. રૂપાંદેનાં દરેક ભજનમાં ગુરુ ઉગમશીનો પ્રતાપ દર્શાવ્યો હોય તેવું જણાય છે.

આમ રૂપાંદેના ગુરુ ઉગામશી છે એટલું તો સ્પષ્ટ થાય છે. સતી રૂપાંદેનો સમય વિ. સંવત ૧૪૫૬ વચ્ચેનો ઇતિહાસના પ્રમાણ સાથે 'ભારતીય સંતદર્શન, સાધના ને વાણી'માં અપાયો છે. રૂપાંદે રાજસ્થાનમાં દૂધવા ગામે રાજપૂત પરિવારમાં પઢિયાર શાખાના ગામધણી વાલસંગને ઘેર થયો હતો. આ દૂધવા ગામે મેઘવાળના સંત મેઘધારુ પણ જન્મ્યા હતા. ગામ નાનકડું એટલે મેઘવાળ સંત મેઘધારુની નામના આખા પંથકમાં પથરાયેલી હતી. મીઠા ભજન અને સત્સંગ સાંભળવા ગામના મુખીની દીકરી રૂપાંદે પણ આવતી. પૂર્વના કોઈ સંસ્કાર બળે રૂપાંદેને ભજન-ભક્તિનો માર્ગ ગમતો હતો.

રાજસ્થાન મેહવાના રાજા માલદેવ સમય વિ. સંવત ૧૩૮૮ થી વિ. સંવત ૧૪૫૬. માલદેવ જેવો રાજ મુખીની દીકરી સાથે લગ્ન કરવાનો પ્રસ્તાવ મૂકે એ મુખી વાલસંગને તો ગમે જ પરંતુ રૂપાંદે માલદેવ સમક્ષ પોતાની શરત મૂકે છે કે મારી સાથે મહાપંથી સંત મેઘધારુ આવશે ને મેહવામાં તેમને રહેવા માટે અલગ આશ્રમ બાંધી આપવો પડશે. મારી અનુકૂળતાએ હું તેમના ભજન, સત્સંગ સાંભળવા જઈશ. જો એ મંજૂર હોય તો હું મેહવાની રાજરાણી બનવા તૈયાર છું. મેઘધારુ મેહવા આવે છે. તેમનો અલગ આશ્રમ, વણકરીનો ધંધો પણ કરે છે. નિત્ય ભજન થતાં રહે છે. અજવાળી બીજનો જ્યોતપ્રકાશ થાય છે. આવા મેઘધારુ પાસેથી રૂપાંદે ગુરુબોધ લેવાની ઈચ્છા પ્રગટ કરે છે. ત્યારે મેઘધારુએ કહ્યું કે મારા સમર્થ ગુરુ ઉગમશી આપણને ગુરુબોધ આપશે. આમ રૂપાંદેના ગુરુ ઉગમશી થયા હતા.

મેઘધારુ અને રૂપાંદેના ગુરુ ઉગમશી સ્વીકારીએ તો ઉગમશીનો સમય મેઘધારુને રૂપાંદેથી આગળનો હોય એટલે કે વિ. ૧૩૫૪ની આસપાસ નો સમય સામે દર્શાવી શકાય. એક મત એવો છે કે ગુરુ ઉગમશી પૂર્વકાળના જેસલમેરના ભટ્ટી વંશના રાજપૂત રાજવી હતા. તેમણે રાજ્ય વહીવટ છોડી અલખ આરાધક થયા હતા જે મારવાડ પંથકમાં પૂજાતા હતા.

'બાબા રામદેવ ઇતિહાસ એવં સાહિત્ય' અને 'બાબા રામદેવકી પ્રમાણિક જીવની'ના લેખક ડો. સોનારામ બિષ્નોઇ એ જણાવે છે કે,

રામદેવ મહારાજના અનન્ય ભક્ત કવિ હરજી ભાટી જોધપુર જિલ્લાના ચાડો ગામે રાજપૂત જ્ઞાતિમાં થઈ ગયા. તેમના પિતાનું નામ ઉગમશી હતું ને દાદાનું નામ માનસિંહ હતું :

હરજી ભાટીનો સમય રામદેવજી મહારાજ પછી ૨૦૦ વર્ષનો છે. 'મારવાડ કા મૂલ ઇતિહાસ' — પં. આસોપા હરજી ભાટીનો સમય વિ. સંવત ૧૭૮૬થી ૧૮૬૦નો દર્શાવે છે. એટલે આ ઉગમસિંહ રૂપાંદે ને મેઘધારુના ગુરુ હોય શકે નહીં.

'શ્રી મેઘ માહાત્મ્ય' -જીવણનાથજી સદા આનંદીનાથી ગ્રંથમાં ગુરુ ઉગમશી માહ્યાવંશી મેઘવાળ સમાજમાં જુનાગઢ પાસેના ધંધુસર ગામે થઈ ગયા જે તેનો સમય વિ. સંવત ૧૨૪૫ની આસપાસનો જણાવે છે જે રૂપાંદેના ગુરુ હતા. તેમનું આ તારણ ચિત્રોડ ત્રિકમસાહેબની જગ્યા, આમરણ ભીમસાહેબની જગ્યાની હસ્તપ્રતો અને મલેકપુરના વૈષ્ણવ શ્રી ૧૦૮ કેશવદાસજી મહારાજની પાસે હસ્તપ્રતના આધારે કરે છે.

બીજું ધંધુસર ગામમાં મેઘવાળ મહેશ્વરીઓના આરાધ્યદેવ, મામૈદેવ અહીં સાધના કરી હતી તેનું સ્થાનક અહીં છે. દર વરસે કચ્છમાંથી મહેશ્વરીઓ અહીં આવી પૂજા-વિધિ, બારમતી કરે છે. માંમૈદેવના સ્થાનકમાં જ અજેપાળની જગ્યાએ ને સ્થાપન છે જે મેઘવાળના આરાધ્ય દેવ છે. મેઘવાળ વાસમાં જ્યાં પીંપળો હોય ત્યાં રામપીરનાં પગલાં હોય ને બાજુમાં અજેપાળનું સ્થાપન હોય છે.

ત્રીજું સ્થાનક 'હાનીઆઈ'નું છે જે પગથિયાંવાળી વાવ કંડારવામાં આવેલ છે. આપણા પ્રાચીન કૂવાઓ જે વટેમાર્ગુ કૂવામાં પગથિયેથી ઉતરી પાણી પી શકે તે માટે બનાવ્યા હતા. પગથિયાની બંને બાજુની દીવાલો પર શિલ્પો કંડારવામાં આવતાં. અહીં દિવાલોમાં જુદી જુદી માતૃકાઓ-શિલ્પો જોવા મળ્યાં. નીચે 'હાનીઆઈ'નું સ્થાપનને માથે ચુંદડી ઓઢાડેલી હતી. આ સ્થાન પુરાતત્ત્વ ખાતા તરફથી રક્ષિત કરવામાં આવ્યું છે.

હાનીઆઈએ જીવતાં આ કૂવામાં પડીને સ્થૂળદેહ છોડી દીધો હતો. તેનું કારણ એ હતું કે હાનીઆઈનો પતિ સતાજી પરમાર રાજનો વફાદાર સેવક હતો. તેને ગુપ્તચરનું કામ સોંપવામાં આવ્યું હતું. તેમાં કેટલાક ન કરવાના કામ સતાજી પાસેથી રાજ કરાવતું હતું. દા. ત. પૈસા પડાવવા માટે, રાજનું ધાર્યું કરાવવા માટે સામેની વ્યક્તિનું બાળક બાનમાં પકડી લાવવું ને તેમ ન થાય તો સતાજી પાસે એ બાળકને મારી નાખવાનું. આવી નિર્દોષ બાળહત્યાઓથી હાનીઆઈ દુઃખી દુઃખી રહેતા. તે દિવસોમાં તેઓ કૂવામાં રહેલ માતૃકાઓની સેવા, પૂજા, સાધના કરવા લાગ્યાં.

ગામમાં હાનીઆઈને સૌ કોઈ 'આઈમા' કહી બોલાવે. એમ પણ કહેવાય છે કે હાનીઆઈની પ્રાર્થનાએ કૂવામાં ગંગાજી પ્રગટ થયાં હતાં. બીજી તરફ પતિ સતાજી બાળહત્યા કરી રહ્યા હતા. હાનીઆઈ ઘણું સમજાવે છે પણ પથ્થર ઉપર પાણી રેડવા જેવું થતું. અંતે એક દિવસ વહેલી સવારે સ્નાન, પૂજા-પાટ, માતૃકાઓને વંદન કરી હાનીઆઈએ સ્વેચ્છાએ કૂવામાં જલસમાધિ લઈ લીધી. આજે ગામલોકો હાનીઆઈની સતિસ્વરૂપે પૂજા, નાળિયેર ચડાવે છે.

આટલું જાણ્યા પછી પાદરમાં બેઠેલા વયોવૃદ્ધો પાસે જઇ બેઠા. વાતમાંથી વાત કરતાં ગુરુ ઉગમશી વિશેની પૃચ્છા કરી તો તેમણે કહ્યું કે 'હ, એ અમારા ગામના મેઘવાળ સંત થઈ ગયા ને આ સામે દેખાય તે તળાવની પાળ તૂટીને એ બધુ વહી ગયું. અમે પૂછ્યું કે આ ગુરુ ઉગમશી વિશેની વધારે જાણકારી કોઈ આપી શકશે ? તો તેમણે કહ્યું કે જો આમે પૂર્વ દિશાએ વણકરવાસ છે ત્યાં હાલ્યા જાવ. તેમને પૂછો.

ગુરુ ઉગમશી અંદાજે આજથી સાતસો વર્ષ પહેલાં થઈ ગયા. ખાસ તો બારોટના ચોપડે નામ લખવા આવતા ત્યારે કહેતા 'કટારિયો કૂલ દિપક ઉગલો સંત થઈ પૂજાયો' એવી બિરદાવલિ પણ બોલતા.

ઉગલાની યુવાન વયે માતા-પિતા મરી ગયા. લગ્ન પછીના બે વર્ષ પછી પત્ની મરી ગઈ ને મહાણેથી

ગિરનારમાં ભાગી ગયા. ત્યાં અવધૂતનાથ જોગી મળી ગયા. બાર વર્ષ ત્યાં સાધના કરી. ત્યાંથી મારવાડમાં ગયા. વૃદ્ધ થયા ત્યારે ફરતા ફરતા આવ્યો. ગિરનારમાં રહ્યા, સોમનાથ પ્રભાસમાં રહ્યો ને છેલ્લે થોડા દિવસ વાસમાં રહ્યો ને તળાવે સમાધિ લીધી.

'શ્રી મેઘમાહાત્મ્ય' ને 'હરિજન સંતો અને લોકસાહિત્ય'ના આધરે નીચેનું તારણ ગુરુ ઉગમશી વિશે આપી શકાય.

'ધંધુસર' ગામ મેઘવાળવાસમાં વણકરી કરતા હરિભાઇ ખોડાભાઈ કટારિયા રહે. તેમની પત્નીનું નામ મધુબાઈ. આ દંપતીને ઘેર સાધુ, સંતો ને મેઘવાળના ભક્તો આવી રહેતા તેમણે ટાણે કટાણે અહીંથી રોટલો મળતો.

જે કામ પરમાત્માથી ન થાય તે સંતના આશીર્વાદથી થાય છે. સંતવચન ક્યારેય ફરે નહીં. ભલે આ દંપતીને સાત પેઢીએય સંતાન ન હોય પણ સાધુ, સંતના આશિષથી તેમને ઘેર દિવ્ય ચેતનાએ અવતરવું પડે છે.

સાધુ સ્વરૂપે ગુરુ દત્ત કમંડળમાંથી જળની અંજલિ લઈ સતી મધુમાના જમણા હાથની હથેળીમાં આપે છે. સંકલ્પ કરી આશિષ આપે છે ને કહે છે :

'માઈ એ જલકા આચમન કરલો, આપકી કૂંખ સે દિવ્ય પુત્ર કા જન્મ હોગા જો સંસારમે સંત સતગુરુ નામસે પૂજા જાયેગા.' આ પુત્રનું નામ ઉગમશી રાખજો. તેના ડાબા હાથે થોડી ખોટ હશે જે દર્શાવિશે કે આ સંતપ્રસાદીનું અવતરણ છે. બીજો જમણો હાથ આજાનબાહુ હશે.' આટલું કહી સાધુ ચાલ્યા જાય છે.

હરીરામબાપાને ઘેર, મધુમાની કૂખે વિ. સંવત ૧૩૪૫માં પુત્રનો જન્મ થયો એમ કહેવાય છે. આ બાળકનો જન્મ થયો ત્યારે કપાળમાં ઊભું તિલક, બત્રીસ દુધિયા દાંત હતા. જન્મનું નામ ઉગમશી રખાયું પણ વાસમાં લોકો તેને 'ઉગલા' નામથી ઓળખતા હતા.

ઉગમશી પાંચ વર્ષનો થયો ને હરીરામબાપા ને મધુમા તેને લઈ ગુરુદત્તની ટૂંકે પગે લગાડવા લઈ ગયાં. દત્તધૂણેથી ઉગમશીને ચાંદલો કર્યો. સાત વર્ષની ઉંમરે ઉગમશીને સહજ ધ્યાન લાગી જતું. માતા-પિતાએ જોયું. નાનપણથી ભક્તિભાવ, ભજન, સાધુ-સંતોની સેવા જોઈને માતા-પિતાને થયું કે એકનો એક દીકરો છે ને સંન્યાસી થઈ જશે તો ! એટલે પંદર વરસના ઉગાના લગ્ન નજીકના મજેવડી ગામે મેઘવાળ વણકર ભવાનભાઈ ને પાલુબાઈની દીકરી સોનાબાઈ સાથે કર્યા. ઉગમશી સંસાર વચ્ચે રહેવા છતાં ધ્યાન, ધારણા, ભજનમાં ચિત્ત પરોવાયેલું રાખતા.

લગ્ન પછી એકાદ વર્ષમાં હરિરામબાપા અને મધુમા સ્થૂળદેહ છોડી સ્વર્ગવાસી થયાં. માતા-પિતાના જવાથી ઉગમશી સંસારની માયાથી છૂટવા લાગ્યા. એ દિવસોમાં લગ્નને બે વર્ષ થયાં ને ઉગમશીને સત્તર વર્ષ પુરાં થયાં ત્યાં પત્ની સોનબાઈનું દુઃખદ અવસાન થયું. સોનબાઈના સ્થૂળદેહને મેઘવાળોના સ્મશાનમાં ભૂમીદાહ દીધો ને ત્યાંથી જ નાતગતને પ્રણામ કરી ઉગમશીએ ગિરનારની વાટ પકડી.

ગિરનારમાં ક્યાં, કેટલું, કયાં જોગીઓ પાસે જઈ સેવા કરીએ એ તો ઉગમશી જાણે. ગિરનારમાં ફરતા ફરતા નાથજોગી મળી જાય છે. આ યુવાન સાધુને જોઈ તેની સાથે લઈ જાય છે. એમ કહેવાય છે કે જાલંધરનાથને તેમને નાથપંથીથી દીક્ષિત કર્યા ને બાર વર્ષનું ગિરનારમાં તપ કરી ઉગમશી સિદ્ધ થયા. ત્યાંથી આબુમાં રહી કેટલીક સાધનાઓ કરી છે. ત્યાંથી હિમાલયમાં જઈને સિદ્ધોની વચ્ચે રહી સાધન કરી. તેઓએ ભારત તીર્થયાત્રા કરી અનેક ઘાટનાં પાણી પીધાં એમ નહીં પણ જે તે ક્ષેત્રની સાધના કરી.

ઉગમશી અયોધ્યા સરયૂ નદી તીરે કુટીર બાંધીને રહ્યા. ત્યાં તેમના ઉપર હનુમંત કિરપા ઉતરી. ડો. દલપત શ્રીમાળી નોંધે છે કે ઉગમશીને સાક્ષાત પવનપુત્ર હનુમાનજી મહારાજે મંત્ર આપ્યો :

ઉગમશીના ભજનમાં નામચારણ બોલાય છે: 'કહે ઉગમશી જતી પ્રતાપે' આ જતી એટલે હનુમાનજતિ. હનુમાનજી પવનપુત્ર કહેવાય છે કે તેમની પ્રાણસાધન છે.

જીવણનાથજી સદા આનંદીનાથજીના માટે ઉગમશી વૈષ્ણવ સંપ્રદાયના ગુરુ રાઘવાનંદથી દીક્ષિત થયા હતા. અહીં પ્રશ્ન એ થાય છે કે ઉગમશી જન્મે અછૂત તેને વૈષ્ણવપંથી દીક્ષા મળે ખરી? તે સમયે આભડછેટ હતી તેના પ્રસંગો પણ નોંધાયેલા છે.

જોધપુરમાં રાજમહેલની સામેના ચોકમાં ઉગમશી એકતારાને મંજીરાના તાલે ભજન ગાતા હતા ત્યારે માનવમહેરામણ એકઠા થઈ ડોલવા લાગ્યા, ત્યારે જોરાવરસિંહ કાળઝાળ થયેલો આવી કહે છે : આ ચંડાળ છે, તેણે સૌને અભડાવ્યા છે. તેની સજા થવી જોઈએ. ઉઘાડી તલવારે ઉગમશીને મારવા દોડે છે, લોકોનું ટોળું પણ વટલાયાથી તેમને મારવા દોડે છે, પણ કોઇથી ઉગમશી સુધી પહોંચાયું નહીં. ઉગમશી તો ધ્યાનમગ્ન બની ભજનપંક્તિઓ સંભળાવે છે :

સાધુ તો ભમતા ભલા, ઉગમશી તીર્થાટન કરતા કરતા ગિરનાર આવ્યા. ત્યાંથી બિલખામાં સગાળશા ને ચંગાવતી રાણીના સ્થાનકે આવ્યા. ત્યાંથી પ્રાચીન શિવમંદિરે ગયા ને ગામલોકોને જાણ થઈ કે આ મેઘવાળનો સાધુ છે ને મંદિરમાં ઘૂસી ગયો. ચારે તરફ મારો મારો થયું, પણ ઉગમશી કોઈને દેખાય નહીં.

ગુરુ ઉગમશીના આ જીવનયાત્રામાંથી એ ફલિત થાય છે કે ઉગમશી અનેક સિધ્ધસાધનાઓ, પંથપરંપરાઓથી શિક્ષિત, દીક્ષિત થયા હતા. પરંતુ ઠેરાય હતા 'અલખ' નિર્ગુણ નિરાકારમાં, જ્યોત આરાધનામાં, ઉગમશી જિંદગીનો મોટો ભાગ રાજસ્થાન મારવાડમાં ગાળ્યો છે. જય મહાપંથી સંતસમજ વચ્ચે રહીને તેમણે જેસલ-તોરલ, રૂપાંદે-માલદેવ, મેઘધારુ, દાલળદે-ખીમરાય સાથે ભજનાઆરાધ કર્યો હતો. મેઘધારુ અને રૂપાંદે જેવા સમર્થ શિષ્યો સમાજને આપ્યા છે. વિ. સંવત ૧૩૪૫થી ૧૪૪૦ પૂરા ૯૫ વર્ષ એટલે કે એક શતક આ ધરતી ઉપર રહી ભજન, ભક્તિનો સંદેશો સમાજને આપ્યો છે. રામદેવજી મહારાજનો સમય વિ. સંવત ૧૪૦૫થી ૧૫૧૫નો છે. એટલે ગુરુ ઉગમશી સ્થૂળદેહ છોડ્યો ત્યારે રામદેવજી મહારાજનાં ભજનોમાં નામચારણ 'ગુરુ બાલનાથ ચરણે બોલ્યા રામદે' વિશેષ આવે છે. બાલનાથ જોગી તેમના કુલગુરુ હતા. મહાપંથી દીક્ષાના પડદાગુરુ મેઘવંશી દેવુબાઈ હતાં. કોઈ ભજનિક રામદેવના ગુરુ ઉગમશી હતા તેવું નામચરણ ગાતા હોય છે પરંતુ તેના કોઈ આધાર મળતા નથી.

ગુરુ ઉગમશી ગિરનાર, આબુગઢ, હિમાલય, સરયૂઘાટ, મારવાડ એમ અનેક સ્થાનોએ સિદ્ધસાધના, અનુભૂતિદર્શન માટે ફરતા રહ્યા અને સંતસમાજમાં અલખજયોત, ભજન સત્સંગ કરાવતા રહ્યા, ને અંતે ફરીને સિદ્ધક્ષેત્ર ગિરનારની છાયામાં આવ્યા. માદરે વતન જન્મભૂમિ ધંધુસરમાં આવ્યા ને થોડો સમય રહ્યા. જુવાનીની ઢળતી સંધ્યાએ સ્થૂળદેહ વિ. સંવત ૧૪૪૦માં સંતસમાજ, ગતગંગા, મેઘવાળ સમાજને બોલાવી પોતાના જીવનનો અંતિમ સંદેશ આપી ઉગતા સુર્યના કિરણની સાક્ષીએ ગામના પાદરમાં આવેલ તળાવને કાંઠે જીવંત સમાધિ લીધી.

ગુરુ ઉગમશી વિશેનાં આ તારણો આપી શક્ય તેટલું સત્ય નજીક જવાનો આ પ્રયાસ છે. અહીં રાજસ્થાની સંત ઇતિહાસનો, સંતલોક પરંપરાનો આધાર પણ લેવામાં આવ્યો.

સંદર્ભસૂચિ

- ગોહિલ, ડો. નાથાભાઈ (૨૦૧૭), ગુજરાતની આંતરચેતના ભાગ-૨, અમદાવાદ: નવભારત સાહિત્ય મંદિર

શ્રી ઉગારામ (ઉગમેશ્વર દાદા)

જન્મ	: વિ. સંવત ૧૯૩૨ - ઈ.સ. ૧૮૭૬
જન્મસ્થળ	: ગામ બાંદરા, તાલુકો - ગોંડલ (સૌરાષ્ટ્ર)
મૂળનામ	: ઉગો
જન્મજ્ઞાતિ	: વણકર
માતાપિતા	: પિતા ડાહ્યાભાઈ, માતા ઝાલુમા
પરિવાર :	ધર્મપત્ની સોનલબાઈ, બે પુત્રો મેઘાભાઈ, ભલાભાઈ
ગુરુનું નામ	: હીરસાગર
દેહત્યાગ	: સમાધિ : વિ. સંવત ૨૦૨૪ શ્રાવણવદ દશમ, રવિવાર ઈ.સ. ૧૯૬૮, અઢારમી ઓગષ્ટ

'અખંડ ઝાલર વાગે, ઘટમાં અખંડ ઝાલર વાગે;
કોઈ ગુરુગમ જ્ઞાની જાગે, ઘટમાં અખંડ ઝાલર વાગે.'

ભારતમાં આર્ય સમાજવ્યવસ્થાને નામે વર્ણવ્યવસ્થા સ્થાપી. આ વર્ણવ્યવસ્થાએ ઊંચ-નીચની સીડી બનાવી તેમાં જે ઉચ્ચસ્થાને બેઠો તે ગમે તેવાં કુકર્મ કરે છતાં તે પૂજનીય ને દેવ માનવામાં આવે અને જે નીચા વર્ણનો હોય તે વિદ્યાવાન, ગુણવાનને ઉપાસક હોય તો પણ તે નીચ ગણાય. આ બ્રાહ્મણવાદી સમાજરચનાને બદલવા અનેક પ્રયત્નો થયા છતાં અસ્પૃશ્યતાનું ભૂત જતું નથી, માત્ર રૂપ બદલે છે. સમાજમાં એકતા સ્થાપવા અનેક સંતોએ ઉપદેશો આપ્યા, વાણીથી પ્રહાર કર્યા, દર્શન દ્વારા સમજાવ્યું કે જીવમાત્ર એક છે, ને આપણે એક જ પરમપિતાના સંતાન છીએ છતાં આજે પણ આ ઊંચ-નીચના ખ્યાલો બદલાયા નથી.

ધર્મક્ષેત્રે રામદેવજી મહારાજે અઢારે આલમ-દરેક જ્ઞાતિને સમાન ગણી એક સાથે ભોજન કરાવ્યું. તેમણે ગુરુબોધ માટે, અંતિમ સત્યનો અછૂત સાથે એક જ થાળીમાં જમવાની પરંપરા સ્થાપી છતાં અંદરની અસ્પૃશ્યતા ક્ષણે ક્ષણે ડંખે છે. આ અસ્પૃશ્યતા તોડાવી, સમાજિક જાગૃતિ લાવી આધ્યાત્મિક બોધ આપી ક્રાંતિના સર્જનહારા શ્રી ઉગારામબાપા થઈ ગયા.

ગોંડલ પાસેના બાંદરા ગામે ઉગારામબાપાની જગ્યા- આશ્રમ છે ત્યાં પૂ. ભલારામ ગુરુગાદીના મહંત હતા.

સામાજિક અને આધ્યાત્મિક ક્રાંતિ કરનારા ઉગારામનો જન્મ ગોંડલ પાસેના બાંદરા ગામે વિ. સંવત ૧૯૩૨ - ઈ.સ. ૧૮૭૬માં મેઘવાળ વણકર પરિવારમાં પિતા ડાહ્યાભાઈ અને માતા ઝાલુમાની કૂખે થયો હતો. બાળપણનું નામ ઉગો હતું. તેમની હસ્તલિખિત સત્સંગની વાતો જોવા મળે છે, જે 'વીણેલાં મોતી' પુસ્તિકાના અંતિમ પૃષ્ઠમાં મૂકેલ છે. તેમનું જીવનઘડતર ભજનમાંથી થયું હતું.

તેમનાં લગ્ન સોનલબાઈ સાથે થયાં. ઉગારામ સંસાર વચ્ચે રહ્યા હતા. આ સુખી દંપતિને બે દીકરા મેઘાભાઈ અને ભલાભાઈ હતા. ઘરમાં વણવાની સાળ તો હતી જ. વણતાં-વણતાં બીરની જેમ હરિભજનનાં તાણા-વાણા ગૂંથતા જતા. રાત્રીના સમયે મેઘવાળવાસનાં ભાઈઓ-બહેનો બેસવા આવે તે સમયે બહારથી પધારેલા કોઈ સાધુ, ભક્ત, સંત, યોગી, બારોટ હોવાના કારણે ઉગારામનું ઘર ઉતારાનું સ્થાન. આ

રાત્રીબેઠકમાં ભજનની વાતો નીકળે, સંતોના જીવનપ્રસંગોનીવાતો થાય તેમાં સૌ કોઈ પોતપોતાની રીતે અર્થઘટનો આપે. આ રાત્રીસભા વિસ્તરતી ચાલી. ગામના સવર્ણસમાજના લોકો આવવા લાગ્યા. વાત જેમ જેમ ફેલાતી ગઈ તેમ તેમ બહારગામના લોકો પણ આવવા લાગ્યા. રાત્રે આ ભજન ને સત્સંગ ચાલે ને વહેલી સવારે સૌ પોતપોતાને ગામે કે કામે જતા રહે.

ઉગારામના ગામ બાંદરા પાસે વોરાકોટડા ગામ જે હીરસાગરનું સાસરું હતું. હીરસાગર ત્યાં આવતા-જતા. ત્યાં તેમણે ઉગારામનું નામ સાંભળ્યું ને તેમને ઘેર સત્સંગ ચાલે છે તે જાણ્યું એટલે હીરસાગર બાંદરા ગયા છે. બાંદરામાં લીંબાભાઈ અને ઉગારામને મળવાનું થયું ને એ જ્ઞાનચર્ચાનો ભારે રંગ લાગ્યો. હીરસાગર જે સંતધારાની વાત કરતા હતા ને જે પ્રમાણ સાથે ભજનપંક્તિ સમજાવતા હતા તેમાં લીંબાભાઈ ને ઉગારામને સમજાયું કે આ પહોંચેલો પુરુષ છે. તેમના મનની દુવિધાઓનું સમાધાન તેમને મળે છે. આ બન્ને હીરસાગરને વિનંતી કરી ગુરુબોધ માંગે છે. તે સમયે ઉગારામ ૫૮ વર્ષના અને હીરસાગર ત્રીસ, એકત્રીસ વર્ષના છતાં તેમને ચરણે પડી ગયા, આ અહમને ગાળવો એ પણ મોટી વાત ગણાય. વિ. સંવત ૧૯૮૨, (ઈ.સ. ૧૯૨૬)માં લીંબારામ અને ઉગારામને ગુરુદીક્ષા મળી. તેમની આ સત્સંગ સંતધારા કબીર, રવિભાણ સંપ્રદાયના સંતો, પાટ ઉપાસનાનું નિર્ગુણદર્શન સાથે જોડાયેલ છે.

ઉગારામે પોતાના શિષ્યોની ઉગમફોજ ઊભી કરીને સમાજમાં આધ્યાત્મિક, સામાજિક ઉપદેશ આપવાનું કાર્ય શરૂ કર્યું.

ભલારામ - ઉગારામબાપાના દીકરા ભલારામ તેમણે બુંદ પરંપરાએ પિતા પાસેથી ગુરુબોધ મેળવી ઉગારામબાપા સમાધિસ્થ થયા પછી બાંદરાની ગુરુગાદીએ મહંત થયા. પિતાજીના સત્સંગ વારસાને વહેતો રાખે છે અને બાંદરાની જગ્યાનો વિકાસ કરે છે.

બાંદરા જગ્યામાં લીધેલ રૂબરૂ મુલાકાત ને માહિતીદાતાઓ પાસેથી મળેલ આધારભૂત માહિતી પ્રમાણે વિજાપુરના જયદેવભાઈ સોંદરવાએ ઉગારામબાપા સાથે રહીને સમજણ મેળવી હતી. તેમનો કંઠ સારો એટલે સત્સંગ સમારંભમાં એ ભજન ગાતા ને ઉગારામબાપા તેની વૈખરી કરી આપતા સત્સંગ ચર્ચા જે સાંભળવા મળે છે તે મોટે ભાગે સમાન જ છે. આજે તો જયદેવભાઈએ પોતાની આગવી ગુરુગાદીની પરંપરા સ્થાપી બહોળો સેવક સમાજ ઊભો કર્યો છે.

ઉગારામના ગુરુ હીરસાગર બાપા ને તેમના બે દીકરા ભોજાભાઈ અને કિશનભાઈએ ઉગારામ પાસેથી બોધ મેળવ્યો હતો. ઉગારામની ઉગમફોજ મોટા વટવૃક્ષની જેમ છવાઈ ગઈ છે. તેમના શિષ્યોનાય શિષ્યોની મોટી વાડી ઊભી થઈ છે. એક શાખા ભેડાપીપળીની ઊભી થઈ, બીજી શાખા જામજોધપુરના હરિભાઈ ને તેમના શિષ્ય છગનબાપા પટેલ થયા. જામનગરના હરિરામબાપા થયા આજે હરિરામબાપાના જયંતિરામબાપા સત્સંગ મંડળ ને સેવા અભિયાન ચલાવી રહ્યા છે. ઉગારામદાદાએ માનવસમાજને કરેલા પ્રદાનમાં મહત્ત્વનું ગણાવી શકાય. અસ્પૃશ્યતા નિવારણ, અઢારે આલમને ગુરુબોધ આપી તેમને એકસાથે અછૂતસમાજને ઘેર ભોજન-પ્રસાદ લેતા કર્યા. ગિરાસદાર, કાઠી દરબાર, બ્રાહ્મણ, પટેલ, મુસ્લિમ ખોજા, પ્રજાપતિ ને અન્ય જ્ઞાતિજનો મેઘવાળ સમાજ સાથે ભળી એક થયા એ તેમનું મોટું પ્રદાન છે. બીજું સમાજમાં ધર્મના નામે ઢગલાબંધ ક્રિયાકાંડો, અંધ માન્યતાઓ ફેલાયેલી હતી. ધર્મના નામે ભયથી સમાજ જીવતો હતો.

તેમને આ બધી જ આળપંપાળ છોડાવી સત્સંગમાં જોડી દીધા. ત્રીજી વાત તેમણે મનના મેલ ધોવાની કરી. વ્યસનમુક્ત થવું, માનવની અંદર પડેલા કામ, ક્રોધ, લોભ, માયાને મારવાની વાત કરી. ચોથું દુર્લભ માનવજન્મ મળ્યો છે તો પોતાની જાતનું કલ્યાણ કરતો જા. પરમેશ્વરને બહાર શોધશો નહીં. તમારામાં પરમેશ્વર છે. તમે જ પરમેશ્વર છો તેવી સમજ આપી ને સૌથી મોટી વાત ગુરુ સર્વસ્વ છે તેવી સમજણ આપી. ગુરુ ઈશ્વરનું રૂપ છે.

ઉગારામદાદાનું સત્સંગ દર્શન એક નિશ્ચિત માળખું ધરાવે છે. તેમની જ્ઞાનચર્ચા કબીર, રવિભાણ, મહાપંથી સંતો, નિરાંત મહારાજ, નાથપંથી ભજનવાણીના આધારે થાય છે. ભજનપંક્તિ આ સંતોની પડખે છે ને તેના અર્થઘટન વિશેની ચર્ચા ચાલે છે.

ઉગારામદાદાએ સંસાર-વ્યવહાર ચલાવ્યો. સોનલમાને સાથે રાખી ભજન, ભોજન, અભ્યાગતોની સેવા, સમાજજાગૃતિનું કાર્ય કર્યું. તેઓએ ભજન સત્સંગ ધારાને વિસ્તારીને વહેતી રાખી. ૯૮ વર્ષનું સુદીર્ઘ આયુષ્ય જીવીને પોતાની પાછળ દીકરા ભલારામને તૈયાર કરી જરૂરી ભલામણ કરી. તેઓને દેહ છોડવાનો સમય આવ્યો એટલે સોનલમાને સંકેત ભાષામાં કહ્યું : 'મારી સાથે આવવું હોય તો તૈયાર થઈ જજો.' સોનલમા ભોળાભાવનાં એટલે આ ઇશારો સમજી શક્યાં નહીં. પુત્ર ભલારામને જરૂરી સૂચનાઓ આપી રાત્રીના સમયે ભજન પછી રામદેવપીરની સમાધિનો પ્રસંગ ઘણી જ વિગતે કહ્યો. બીજા દિવસે સવારે વિક્રમ સંવત ૨૦૨૪, શ્રાવણ વદ દશમ ને રવિવાર તારીખ અઢાર ઓગષ્ટ ઈ.સ. ૧૯૬૮ ના દિવસે બપોરના બાર ને ચાલીસ મિનિટે આસન વાળી સમાધિમાં બેસી ગયા. વાયુવેગે આ સમાચાર ફેલાયા ને સેવકસમાજ ઉગારામદાદાનાં અંતિમ દર્શને આવી પહોંચ્યાં. ગામમાં પાલખીયાત્રા ફેરવવામાં આવી ને જે જગ્યામાં સમાધિ આપવામાં આવી હતી. તેના ઉપર સમાધિ મંદિર બાંધવામાં આવેલ જોઈ શકાય.

ઉગારામદાદા પછી ભલારામબાપા ગુરુગાદીએ આવ્યા ને પિતાનો વારસો નિભાવ્યો. સરળ સ્વભાવના, સાદું જીવન જીવતા ને લોકભોગ્ય ગામઠી વાણીમાં વાતો કરતા હતા. ભલારામના મોટા દીકરા ગોકળરામ માત્ર ૨૪ વર્ષની વયે તા. ૧૩-૧-૧૯૭૮માં દેહ છોડયા. જે તેમને માટે આઘાતજનક હતું. પૂ. સોનલમાએ વિક્રમ સંવત ૨૦૩૪, શ્રાવણ વદ ચોથ ને શુક્રવારે તારીખ ૨૯-૮-૧૯૮૦ની રાત્રે બાર ને દશ મિનિટે સ્થૂળદેહ છોડી વિદાય લીધી. આજે ભલારામબાપાનો દેહ પણ છૂટી ગયો છે.

ભલારામબાપાની બુંદ પરંપરાના શિષ્ય અને પુત્ર ગોરધનરામ ગુરુગાદીએ બિરાજમાન થયા. તેઓએ દાદાની ભજન-સત્સંગધારાને વિસ્તારી છે. મોટા સેવકસમાજ વચ્ચે સતત ભ્રમણ કરતા રહે છે. તેઓએ જગ્યાને સમૃદ્ધ બનાવી છે. જમીન ખરીદીને તેમાં સેવકસમાજને ઊતરવા માટેના ભવ્ય ઉતારાખંડો બાંધ્યા છે, ભજનસત્સંગ માટે હજારો લોકો બેસી શકે તેવો સભામંડપ બાંધ્યો છે. લાખો માણસોને એક સાથે જમાડી શકાય તેવી ભોજનશાળા જોવા મળે છે. ગમે ત્યારે જગ્યામાં અભ્યાગતો માટે ભોજન-પ્રસાદ ને ઉતારાની વ્યવસ્થા કરી છે. આજે આ એક જીવતી જગ્યા હોવાનો સંતોષ થાય છે. પૂ. ગોરધનરામ સાથે નજીકથી રહેવાયું છે, તેઓની ઉદારતા અને મહેમાનગતિ માણવા જેવી છે.

સંદર્ભસૂચિ

- ગોહિલ, ડો. નાથાભાઈ (૨૦૧૭), ગુજરાતની આંતરચેતના ભાગ-૨, અમદાવાદઃ નવભારત સાહિત્ય મંદિર

એભાભગત અને સીદીભગત

સૌરાષ્ટ્રનું ભગવાન સોમનાથની છાયામાં આવેલું (વેરાવળ પાસે આદ્રીગામને તેની પાસે દરિયાકિનારા પાસે) નવાપરા ગામ. જ્યાં નાળિયેરીનાં વન, ફળઝાડ, કેળાંના બગીચાઓ અને લીલાછમ પાકથી લહેરાતાં ખેતરો કે જેને લીલી નાઘેર કહેવામાં આવે છે તેમાં આવેલું આ ગામ કે જેની ઓળખ "એભાભગતનું નવાપરા'' ગામથી થાય છે.

મેઘવાળ સમાજના એભા ભગતના ઘેર, ઘેડ, સોરઠ ને કાઠિયાવાડમાં ભગતની મોટી નામના ધરાવતા હતા. તેમનું મોટું કામ સાધુ, સંતોને મેઘવાળ સમાજના માંગણને, ભક્તોને આવકાર આપવો ને જમાડવા, માનો નાનકડું અન્નક્ષેત્ર ચાલતું હોય. એભાભગત અલખધણીના આરાધક. અજવાળી બીજનો જ્યોત પાટ તેમના ઘેર ભરાયો હોય ત્યારે રાત્રે ગતગંગાને ભોજન ને ભજનની છોળો ઊછળતી હોય. વરસની અજવાળી બીજનો પાટ ખંડિત થાય નહીં ને રામાપીરનું ભજન ચાલતું રહે ને દિવસ-રાત હરિભજનનો સત્સંગ ચાલ્યા કરે.

પાટ-પ્રસાદી એ સાદી વાત, આર્થિક રીતે નાનો માણસ પણ તે કરી શકે પરંતુ "સવરોમંડપ'' — રામદેવપીરનો મંડપ કરવો એ ભારે કઠિન, કારણ કે તેમાં લાખો માણસો આ ધર્મલોકોત્સવમાં આવતા હોય તેમના માટે ભોજન, ચા-પાણીની વ્યવસ્થા પૂરી પાડવી સહેલ નથી. આ ધર્મ ઉત્સવમાં અઢારે વરણ ને ગામ આખું જોડાયને શ્રદ્ધાથી આ સેવાકાર્ય કરે તો જ મંડપનું કાર્ય સફળ થાય.

"સવરામંડપ'ની ધાર્મિક વિધિ-વિધાનમાં મેઘવાળ સમાજને અગ્રણી રાખવો પડે છે. "ધર્મની દોરી' 'ધજા' મેઘવાળ વાસમાં મેઘવાળને ઘેર સ્થાપના કરી રાખવી પડે છે, એટલું જ નહીં પણ સવરા મંડપનો સ્તંભ ઊભો કરવામાં આવે છે, અને ત્યાં ડાલીબાઈના પ્રતીક તરીકે મેઘવાળ કન્યાને બેસાડવાં પડે છે. અન્ય સમાજના કે સમસ્ત ગામ આ મંડપ કરે ત્યારે આ અમાન્ય જાળવવી પડે છે. જો તેમાં કોઈ જ્ઞાતિવાદી દ્વારા મેઘવાળને અછૂત માની અવગણના કરવામાં આવે તો મંડપમાં અસાધારણ વિઘ્ન આવ્યાના દાખલા છે. ફરીને મેઘવાળને ધર્મદોરી સોંપાય તો જ આ ધર્મકાર્ય સંપન્ન થાય છે.

એભાભગતના પિતા સવદાસભગત ને દાદા જાદવભગત ચાંડપા શાખાના મેઘવાળ ભક્તો જીવંત સમાધિ લઈ ગયા, જેમની સમાધિઓ હાલમાં સાક્ષી પૂરતી નવાપરા ગામમાં આવેલી છે. એભાભગતનો જન્મ સમય આશરે વિક્રમ સંવત ૧૯૨૭નો દર્શાવી શકાય. કંઠસ્થ પરંપરાએ જાણવા મળ્યું છે કે એભાભગત છપ્પનિયા દુષ્કાળમાં એટલે કે વિ. સંવત ૧૯૫૬માં યુવાન હતા. તેમણે સાજણબાઈ સાથે લગ્ન કરી સંસાર માંડ્યો હતો. તે સમયે વણકરીનો ધંધો ને છૂટક ખેતમજૂરી કરી ગુજરાન ચલાવતા હતા. આ સમયે એભાભાઈ ચાંડપાને ભગતની ઉપમા મળી ન હતી. દુષ્કાળના કપરા દિવસો માંડ માંડ પસાર કર્યા હતા આ દિવસોમાં તેમના એકના એક દીકરાનું અવસાન થાય છે. એટલે તેમનો સંસારી માયાજીવ ભક્તિના માર્ગે વળે છે.

મેઘવાળ સમાજને તેમના પરંપરાગત સાધુગરુઓ હોય છે જે તે સમયે મહાપંથી જ્યોત પાટ ઉપાસના સાથે જોડાયેલા હતા. આ સાધુગુરુ વરસમાં એક વખત જરૂર યજમાનને ઘેર પધરામણી કરતા તેમજ ભજન સત્સંગ ચાલતો અથવા બીજપાટ પ્રસાદીમાં અવશ્ય આવતા. તે સમયે ગુરુબોધ અપાતો ને ગુરુ

ધારણ કરવાની વિધિ કે જેને કંઠીગુરુ કહેવામાં આવે, તે કરવામાં આવતી. માતા-પિતાના જે ગુરુ હોય તેનો દીકરો યજમાનના સંતાનોનો ગુરુ થતો હતો. આ પરંપરા આજે પણ જોવા મળે છે. એભા ભગતને સાધુ ભીમદાસે ગુરુબોધ આપ્યો હતો. તેમની સમાધિ એભાભગત પાસે નવાપરા ગામે આવેલી છે. એભાભગતનાં ધર્મપત્ની સાજણબહેનની પણ ત્યાં સમાધિ આપવામાં આવી છે.

એભાભગત ને સાજણબાઈના એકના એક દીકરાનું અવસાન થતાં અલખધણી રામદેવપીર સામે ધા નાખી સંકલ્પ કર્યો હતો કે મારે ઘેર દીકરીના જન્મ થશે તો હું નવાપરા ગામે "સવરામંડપ' ભરીશ એટલે કે હે રામાપીર ! તારો મંડપ કરીશ. આ સંકલ્પ પછી તેમણે સાધુ-સંતોને આવકાર ને જમાડવાનું વ્રત લીધું. આ દિવસોમાં અજાણ્યા સાધુઓ પણ આવી જતા ને ભોજન લઈને તૃપ્ત થઈ આશિષ આપતા. તેમાં એક સાધુ બોલી ગયા, "ભગત! તારે ઘેર પારણું બંધાશે. ને તેમને ઘેર દીકરાનો જન્મ થયો તેમનું નામ "સીદી' રાખવામાં આવ્યું જે સીદીભગત નામે ખ્યાતનામ થયા.

દીકરાના જન્મ પછી એભાભગત અને સાજણબાઈ ભક્તાણીએ દર અજવાળી બીજના ઉપવાસ રાખી રામદેવપીરની ભક્તિ કરવા લાગ્યા. થોડા સમય પછી બીજની રાત્રીએ બટુકભોજન ને ભજનનો આંરભ કર્યો. "સવરોમંડપ' કરવો હોય ત્યારે પૂર્વે બારબીજ (વરસની અજવાળી બાર બીજનો જ્યોત પાટ ભરી અલખ આરાધના કરવામાં આવે છે.) ભરવાની હોય છે. આ વ્રત તેમને કાયમી થઈ ગયું ને જણાવતા આનંદ થાય છે કે એભાભગતની વંશ પરંપરામાં આજે પણ કોઈ ને કોઈ બીજનો ઉપવાસ કરીને આ શ્રદ્ધાને જીવતી રાખેલ છે.

એભાભગતે નવાપરા ગામે એકવીસ મંડપ કર્યા હોવાનું જાણવા મળ્યું છે. મારા પિતાજી ઉકાભગતે મને કહ્યું હતું કે હું નવાપરે એભાભગતના મંડપમાં ગયો હતો. આ સવરામંડપ કરવો એ નાનીમાનો ખેલ ન હતો. મંડપની સ્થાપના પંદર કે એક દિવસ પહેલાં થાય ને ત્યારે હજારો માણસો સાંજે આવે, ભોજનપ્રસાદ જમે, રાત્રીભજન થાય આ નિભાવવું સહેલું નથી. તે સમયે સવરામંડપનો સ્તંભ સાડાત્રણ દિવસ ઊભો રહેતો, તે સમયે લાખો લોકો, અઢારે વરણ ધર્મોત્સવમાં આવતા, તેમને જમાડવામાં આવતા હતા. આ ભોજનમાં સુખડી, ગરચોપડી — ઘઉંનો લોટ, ગોળ ને તેલમાં બનેલું મિષ્ટાન અપાતું. એભાભગતે ખાજલી, ઘી- ખાંડ, ચોખા, બુંદી ગાંઠિયાનું જમણ પણ આપેલું. આવા એકવીસ મંડપ ને તે પણ માંગી ભીખીને નહીં. જો કોઈ શ્રદ્ધાથી નવાપરા આવીને આપી જાય તો સ્વીકારી લેવું પણ માંગવું નહીં. આ નિયમ ભગતે જાળવી રાખ્યો, તેના વિશે કહેવાય છે કે-

ભગતની રામદેવપીરની ભક્તિ ને શ્રદ્ધા, બીજું એમ મનાય છે કે તેમની પાસે એવો કોઈ બોલ-મંત્ર સિદ્ધ હતો, ત્રીજું આંગણે આવેલા કોઈ અભ્યાગત સાધુએ એવી કોઈ સિદ્ધ વસ્તુ આપી એક અંચળો આપ્યો હતો ને તે ભોજન-પ્રસાદ ઉપર ઢાંકી દેવાનો ને એક ખૂણેથી જમવાનું લેતા રહેવાનું, જમવાનું ખૂટશે નહીં. પછી અંચળો લઈ લેવાનો. ચોથી બાબત એ પણ જાણવા મળી છે કે તે સમયે સિદ્ધ માનદાસ બાપુ કે જે મુંજાભગત નામે મેઘવાળ સમાજમાં પ્રખ્યાત હતા. આ ભગત પૂર્વ સંસારી હતા. પત્નીના અવસાન પછી રૂડા નામના દીકરાને સાથે રાખી કોઈ જગ્યાએ અનુષ્ઠાન, સાધના કરતા ને મેઘવાળ સમાજમાં ફરતા રહેતા.

મુંજાભગત એભાભગતને ઘેર આવી દિવસો સુધી રોકાતા હતા. તેમાં એક મંડપ થયો ત્યારે એક

માસ સુધી ભાવથી રહ્યા હતા. આ સિદ્ધ ભગતના આશિષ પણ મંડપમાં ભોજનભંડારને અખંડ રાખવામાં સહાયક બન્યાનું સ્વીકારી શકાય.

ભગતની નામના વધી તેમ તેમ આંગણે આવનારા અભ્યાગતો પણ વધવા લાગ્યા. સમાજમાં મોટી નામનાને કારણે દિકરા-દિકરીના સંબંધ બાંધવામાં. સમાજની સમસ્યાઓના ઉકેલમાં એભાભગત પાંચમાં પુછાતા આગેવાન થયા. સમાજમાં ભગતના નામે ચમત્કારો પણ કહેવાતા થયા. તેમને ઘેર અન્ય જ્ઞાતિના લોકો પણ શ્રદ્ધાથી આવતા થયા.

એક માન્યતા ભગતના આશિષથી ઘેર દીકરાનો જન્મ થયાનું મનાય છે, જેમ કે મુંબઈના એક વણિક કુટુંબને ઘેર એભાભગતની રાખેલી માનતાથી દીકરાનો જન્મ થયો તેથી રામદેવપીરનો ચાંદીનો ઘોડો બનાવી આપી ગયા. આ ચાંદીનો ઘોડો ચોરવા તસ્કર આવ્યા તો તે રાત્રે આંધળા ફરતા થયા ને એભાભગતે જ કહ્યું, “ભાઈ ! એ રામાપીરનો ઘોડો છે. તમારાથી ચોરી જવાશે નહીં.’ આ ઘોડો આજે એભાભગતના વંશજ ખીમાભાઈ ચાંડપાને ઘેર જળવાયેલ છે.

એભાભગતને ઘેર પાટપ્રસાદીમાં કોળી સમાજના ભક્તો, સેવકો આવતા હતા. તેમને ઘેર પાટ હોય ત્યારે એભાભગતને આદર માન સાથે પધરામણી કરાવતા હતા. કોળી સમાજ રામદેવપીરનો ભજનપ્રેમી રહ્યો છે.

નાઘેર પંથકના ડાભોર ગામે બાવાજી ગંગારામ એભાભગતના ચાહક હતા. નવાપરા ભજન-પાટમાં નિયમિત આવતા હતા. આ શ્રદ્ધાએ તેમને ઘેર સંતાન નહોતા તે ચાર દીકરાઓનો જન્મ થયો હતો. આ ડાભોર ગામે કોળી સમાજ મંડપ કર્યો ને તેમાં એભાભગત સમગ્ર ઉત્સવમાં હાજર રહ્યા ને ધામધૂમે મંડપ પૂર્ણ થયો હતો. થાણાપીપળી ગામે સાધુ નાનકરામ વિધિ-વિધાન કોરે મૂકી અભિમાન આણી મંડપ કરવા ગયા ને સવરામંડપ ખડો થયો નહીં. પ્રસાદ લેવામાં પણ ભંગાણ પડ્યું હતું. વેરાવળ પાસે પ્રભાસ પાટણના મસાણીબાપુએ મેઘવાળોની અવગણના કરી મંડપ કરવા ગયા ને સવરામંડપનો અમુક ભાગ અડધેથી પાછો પડ્યો, દોરા તૂટી ગયાં ત્યારે એભાભગતને બોલાવ્યા ને એભાભગતે અલખ આરાધ્યા ને મંડપ કર્યો હતો. આમ એભાભગત રામદેવપીર સવરામંડપના ઉપાસક રહ્યા હતા.

એભા ભગતે વિ. સંવત ૨૦૦૭, કારતક વદ અગિયારસને દિવસે નવાપરા ગામે સંતસમાજ, પરિવારજનોની હાજરીમાં સમાધિ લઈ દેહ છોડી દીધો. આ સમાધિના દિવસે કોળી સેવકો ગિરનારની પરિક્રમાએ ગયા હતા. પ્રભાસ પાટણના કોળી કાનોભગત, રાજાભગત ને અન્ય લોકોને ત્યાં એભાભગતે દર્શન દીધાં હતાં. આ લોકોને જાણ થઈ કે ભગત તો સમાધિ લઈ ગયા છે. તો સેવકો જ્યાં હતા ત્યાં એભાભગતે દર્શન આપ્યાનું તે લોકો સ્વીકારે છે. જ્યાં એભાભગતની સમાધિએ ભંડારો થાય છે અને શેખાઢોરનો પાટ ભરાય છે આ ભકિતનું પ્રમાણ છે.

એભાભગતના દીકરા સીદીભગત થયા. તેમણે કરમણબાઈ સાથે લગ્ન કરી સંસાર વ્યવહાર ચલાવ્યો ને તેમને ઘેર પાંચ પુત્રો થયાઃ ઉગાભાઈ, પીઠાભાઈ, મીઠાભાઈ, અમરાભાઈ અને ખીમાભાઈ. આ પાંચ ભાઈઓનો પરિવાર આજે વિસ્તર્યો છે. સીદીભગતે પિતા એભાભગતની પરંપરા જાળવીને તેમણે ત્રણ મંડપ કર્યા હતા. તેમના પછી તેમના દીકરા ઉગાભગતે એક મંડપ કર્યો હતો. ત્યારથી ઉગાભગત કહેવાયા.

કરમણ ભગત

જન્મ	: વિક્રમ સંવત ૧૮૨૦, ઈ.સ. ૧૭૭૪. આ અંદાજિત સમય છે.
જન્મસ્થળ	: વાવડી. તાલુકો ધ્રાંગધ્રા, જિલ્લો સુરેન્દ્રનગર. બીજો મત છે વાવડી, ગારિયાધાર પાસે, જિલ્લો ભાવનગર.
મૂળનામ	: કરમણ
જન્મ જ્ઞાતિ	: વણકર અનુસૂચિત જાતિ
માતા-પિતા	: નામ જાણી શકાયાં નથી.
પરિવાર	: સંસારી હતા પરંતુ પરિવારની નામાવલિ મળતી નથી.
ગુરુનું નામ	: મોરારસાહેબ
દેહત્યાગ	: વિક્રમ સંવત ૧૯૦૦, ઈ.સ. ૧૮૪૪. આ અંદાજિત સમય છે.

સંતો અને ભક્તોના જીવન વિશેની શ્રદ્ધેય માહિતી મેળવવી કઠિન છે. કારણ કે મોટાભાગના સંત-ભક્તકવિઓ અક્ષરજ્ઞાનથી વંચિત હતા અથવા તો રાખવામાં આવ્યા હતા, કારણ કે તે પછાત અને અનુસૂચિત જાતિના હતા. આ લોકો પાસે કલમ હતી નહીં એટલે તેમના લિખિત આધારો ન હતા. જે માહિતી હતી તે કંઠસ્થ પરંપરાએ સચવાયેલી હતી તેથી તેમાં સમયાન્તરે માહિતીદોષ થવાનો જ.

કરમણભગત વિશે એટલું તો બિનવિવાદાસ્પદ છે કે જાતે વણકર હતા ને વણકરીનો ધંધો કરતા હતા. બીજું તેમના ગુરુ રવિ-ભાણ સંપ્રદાયના સંત મોરારસાહેબ (જામનગર પાસે ખંભાલીડા ગામમાં જગ્યા છે) હતા અને ત્રીજું તે લખીરામના ગુરુ હતા.

જન્મસ્થળ વાવડી ગામ, આ વાવડી ગામ કયું ? કારણ કે વાવડી નામના સૌરાષ્ટ્રમાં ત્રણથી ચાર ગામ છે. એક વાવડી ગામ જૂનાગઢ પાસેના વિસાવદર ગામ પાસે આવેલ છે. બીજું જેતપુર પાસે વાવડી છે. ત્રીજું સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા ગામ નજીક છે ને ચોથું ભાવનગર જિલ્લાના ઇંગોરાળા ગામ પાસે આવેલ છે. આ ચાર વાવડીમાંથી કરમણભગતનું વાવડી ગામ સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા પાસેના વાવડી ગામને સ્વીકારવામાં આવેલ છે. ફરીને આ માહિતી આજે તપાસતાં જાણવા મળ્યું છે કે આ વાવડી ગામ લખીરામની ધર્મની માનેલી બહેન સાસરે હતી ને ત્યાં લખીરામે અંતિમ ભવાઈવેશ ભજવ્યો તે વેશ જોવા કરમણભગત આવેલા તે વાવડી ગામ ગારિયાધારથી ભાવનગર જતાં રસ્તામાં આવે છે તે વાવડી કરમણભગતનું ગામ હોવાનું લોકો માહિતીદાતા જણાવે છે. મુશ્કેલી એ છે કે અન્ય કોઈ પ્રમાણ નથી.

મોરારસાહેબનો સમય વિક્રમ સંવત ૧૮૧૪ થી ૧૯૦૫નો છે. તે સમય ને લખીરામનો સમય વિક્રમ સંવત ૧૮૨૯ થી ૧૮૯૪ છે. આ ગુરુને શિષ્યની વચ્ચેના સમયને ભજન-સંત માર્ગના અભ્યાસીઓ સાથે ચર્ચા કરતાં કરમણભગતનો સમય વિક્રમ સંવત ૧૮૨૦ થી ૧૯૦૦નો દર્શાવી શકાય.

કરમણભગત સંસારી હતા. પત્નીને તેમનાં સંતાનો હતાં પણ તેમની નામાવલિ જાણવા મળતી નથી. વણકરીનો ધંધો કરતા, ભજનભાવિ ને સાધુ-સંતોને ભજન, ભોજન કરાવી ખુશ રહેતા હતા. મોરારસાહેબથી દીક્ષિત થઈ નામસાધનાએ રવિ-ભાણ સંપ્રદાયનું દર્શન પામ્યા હતા.

કરમણભગતના જીવનનો મહત્ત્વનો પ્રસંગ લખીરામને ગુરુગમ પિયાલો પીવડાવ્યાનો છે. મૂળ ઘટના વિગતે લખીરામમાં નોંધી છે. કરમણભગત લખીરામના ગુરુથી વિશેષ ઓળખ પામ્યા તેનો અર્થ એમ પણ નથી કે ગુરુ કરમણભગતનું સામર્થ્ય ઓછું હતું.

લખીરામને વાવડી ગામમાં ધર્મની બહેનને કાપડું દેવા (બહેનના લાભાર્થે) ચોથા દિવસનો વેશ ભજવવાનો હતો ત્યારે રાત્રે પ્રકાશ કરવા મોટા દીવડાની વાટનું સૂતર-આંટી લેવા કરમણભગત પાસે આવે છે. ભગત તો ભજન ભક્તિની મોજમાં કબીરસાહેબની જેમ 'ઝીની ઝીની બીની ચદરિયા' કાપડ વણતા હતા. તિરૂવલ્લુવરમનો આ વારસદાર કાપડ તો વણતો પણ તેનો માયલો, સુરતા અલખથી જોડાયેલી રહેતી. કરમણભગતે લખીરામને આવકાર આપ્યો ને પછી કહ્યું : 'લખીયા, ક્યાં સુધી આ બનાવટી વેશ ભજવતો રહીશ ?!' લખીરામે કહ્યું : 'બાપા ! જો કોઈ માયલા પડળ ખોલી આપે તો આજની રાત્રીનો આ છેલ્લો ખેલ.' કરમણભગતે લખીયાની આંખ વાંચી, પાત્રતા તપાસીને બોલ્યા : 'ભાઈ ! આજે હું ખેલ જોવા આવીશ પછી તો જેવી હરિની ઇચ્છા.' આ વાણીનો સંકેત લખીરામને સમજાયો કે કેમ તે તો લખીરામ જાણે.

રાત્રે જુદા જુદા વેશ ભજવાય છે. ગીત, નૃત્ય, સંવાદ, તાલ, વેશથી લોકોનો આનંદ સમાતો નથી, માઝમરાત બીજા પ્રહરને વીતાવી, ત્રીજા પહોરમાં પ્રવેશે છે ત્યાં પડમાં (ભવાઈ વેશ ભજવાતો હોય તે સ્થાન) રાજા ભરથરી નાથજોગી બનીઅલખ નિરંજનનો નાદ જગાડતો રાણી પિંગળા પાસે ભિક્ષા માંગવા આવે છે. લખીરામ નાથજોગીના વેશમાં પોતાની જાતને ભૂલી ગયો. પોતે જ જાણે જોગ લીધો હોય ને આ સંસાર-માયા છોડીને અહલેક જગાડ્યો હોય તેમ થઈ ગયું. આ ક્ષણ પકડવાની હતી કે પાકવાની હતી તે રામ જાણે. કરમણભગતે પોતાની સિદ્ધશક્તિનું લખીરામમાં આરોપણ કર્યું જે રામકૃષ્ણદેવે વિવેકાનંદ માટે કર્યું હતું. કરમણભગતે બેઠા બેઠા હાકલ મારી :

'લખીરામ ! જે ભાવમાં રમી રહ્યો છે તેમાંથી નીચે આવીશ નહીં. આ વેશ ઉતારવાનો નથી, આહલેક જગાડવાનો છે.'

લખીરામ જોગી વેશમાં જ કરમણભગતના ચરણમાં પડી ગુરુબોધની ભિક્ષા માંગે છે. કરમણભગતના હાથનો સ્પર્શ લખીરામને મસ્તકે થયો.

ગુરુબોધ, શબદજ્ઞાન, મંત્રદીક્ષા આપી અંતે કરમણભગત લખીરામને અભિમંત્રિત પિયાલો પીવડાવે છે. પિયાલો પીધા પછી અગમ ખીડકી ખૂલી ગઈ.

કરમણભગતના નામાચરણવાળી બે ભજનરચનાઓ મળે છે જેમાં 'બેની ! મુને ભીતર સતગુરુ મળિયા' અને 'નાઈ ધોઈને કરે અસ્નાના' છે. આમાં પ્રથમ રચના લખીરામના નામાચરણથી વિશેષ ગવાય છે જેમ કે --

જે પ્રસંગ – ઘટના છે તે પ્રમાણે ગુરુ કરમણભગતે લખીરામને પિયાલો પાર્યા છે. લખીરામની બીજી પણ પિયાલા પ્રકારની રચનાઓ છે. તેથી આ ભજન લખીરામનું છે જ્યારે કરમણભગતનું નામાચરણ છે

'સતનામનો સતાર લીધો, અને ગુણ તખત પર ગાયો,
મોરાર ચરણે કરમણ બોલ્યા, ગુરુજીએ ગુપ્ત પિયાલો પાયો,
મારી બાયું રે... બેની ! મુને ભીતર સતગુરુ મળિયા રે.

પ.પુજય સંતશ્રી કલાણબાપા

સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના કુરશદ ગામમાં સંતશ્રી કલાણબાપા થઈ ગયા છે.તેમના ગુરુ હરિદાસ બારોટ ઉત્તર ગુજરાતના હતા. એટલે આશરે બસ્સો વર્ષે ખરા. તેઓ મેઘજીવાપીરના સમકાલીન હતા. તેઓ ગામના ઢોર ચરાવવા જતા અને ગોવાળ નું કામ કરી જીવન ગુજારો કરતાહતા.

સંતશ્રી હરિદાસ બારોટ પાસેથી નામદાન લીધા પછી તેમનું મન કામમાં લાગતું નહીં. અને લોકસેવા અને ભજનદયાનમાં તલ્લીન રહેતા. આસપાસના અને દુર દુરના ગામોમાંથી પાટ અને ભજનોના વાયક આવતા તે કલાણબાપા ચાલીને રાત્રે જતા. ઉજાગરા ખૂબ થતા. આથીતેમના ઘેરથી માતાજી તેમના બદલે ઢોર ચરાવવા જતાં. અને બાપાને તેમના ભકિતસેવાના રસ્તે ચાલવામાં સહકાર આપતાં.

એકવાર નમેદા કિનારે હવસીદહેગામાના આરે સંતશ્રી હરિદાસબાપા આવેલા.અને એકવીસ દિવસ અનુષ્ઠાન કરેલું. તે ટાણે કલાણબાપા ગુરુની સેવામાં ખડેપગે રહેલા. આથી ગુરુએ ખુશ થઈ તેમને નરસિંહપાટના ભજનો સંભળાવેલા.એ વખતે લખાણ માટે નોટપેન ન હતી.તેથી મેઘાવી કલાણબાપાએ ભજનો કંઠસ્થ કરેલા.

કુરશદ ગામના કેટલાક લોકોએ ટીખળ કરી કે " વણકર નો દિકરો સંત થઈ ગયો છે. પણ તેની પરીક્ષા લેવી જોઈએ."

ગામના ઈર્ષાખોરોએ લાકડા સળગાવી અંગારા પાડી કલાણબાપાને બોલાવીને કહ્યું " તમે સાચા સંત કે ભગત હોવતો આ અંગારાઓ પર ચાલીને બતાવો !!".

કલાણબાપા અવાક્ બની ગયા. જો પરીક્ષા ના આપેતો ગુરુની ભકિત લાજે.આથી ગુરુદેવને વંદન કરી અંગારા પર ઊભા પણ રહ્યાઅને પસાર પણ થઈ ગયા.ત્યારે ટીખળ કરનારાઓ તેમના પગે પડી ગયા.

"આગ પર ચાલી ગયા કલાણ નામે સંત, ઈર્ષાખોરો પગે પડયા અમને માફ કરો ભગવંત"

એક વખત કલાણબાપા તેમના માસીયાઈ ભાઈ બિજલભગતને મળવા અસારણ ગામે ગયા હતા.તે વખતે તેમના બારોટે નોંધ લઈને સાખી કહેલીતે ઉપલબ્ધ છે.

કુરશદ ગામનો કલાણીયો જાય અસારણ ગામ ,વચમાં બિજલ ભેટીયા તો કીધા રામરામ

આમ કલાણબાપા એ આયખું સમાજસેવા ને હરિનામમાં વિતાવી એક વહેલી સવારે બ્રહમમુહુતેમાં રામનામ લેતાં લેતાં દેહ ત્યાગ કરેલો. કલાણબાપા ને બે દિકરા હતા (૧)લાલાભાઈ અને (૨) બાવજીભાઈ આ બંને દિકરા પણ સુસંસ્કારી અને ભકિતવાન હતા.તેઓની પેઢી સમય જતાં કુવારદા ગામે આવીને વસેલી.જેમના વારસદારો આજે કુવારદા અને કોસંબામાં વસે છે.

જેમની પાસે કલાણબાપા પાટ માં ઉપયોગમાં લેતા હતા તે વસ્તુઓ આજે પણ મોજૂદછે.જેવાકે પાટના કળશ.ત્રણ કરતાલ,દીવાધરી શ્રી નટવરભાઈ ગોમાનભાઈ પરમાર કુવારદાવાળા પાસે છે. જેઓ કુવારદા સનસીટી ખાતે રહે છે.

કલાણબાપાના વારસદારો સુખી ,સમાજસેવી અને ભકિતવાન છે.

સંદર્ભ સૂચિ

- પ.પુજય સંતશ્રી કલાણબાપાના વર્તમાન વારસદાર ભકત શ્રી નટવરભાઈ ગોમાનભાઈ પરમાર પાસેથી

સંતશ્રી કાનપીર

ઉત્તર ગુજરાતના મહેસાણા જિલ્લાના સુવિખ્યાત મોઢેરા રોડ પર આવેલું પારેવાના માળા જેવું 'ગાંભુ' નામનું સ્વર્ગસમુ ગામ આવેલું છે. આજે આ ગામ જેના પ્રાગટ્યથી યાત્રાધામ બની ગયું છે. તેવા કાનપીરનો જન્મ ગાંભુના વણકરવાસમાં થયો હતો. તેમના પિતાનું નામ અમરદાસ અને માતા હેમાબાઈ હતા. બાળવયે જ કાનપીરે શક્તિ માતાજીને સિદ્ધ કર્યા હતા અને સાત વર્ષની ઉંમરે જ તેમને બ્રહ્મજ્ઞાન થયેલું. તેમનું મુળનામ 'કાનજી' હતું, તેમની પત્ની જેઠીબાઈથી તેમને બે પુત્રો અને એક પુત્રી હતા.

એકવાર કાનજીના માતા-પિતા ખેતીના કામે ગયા હતા. ત્યારે ચોરામાં પાંચ ફકીરો આવ્યા. તે દિવસે અમરદાસના ઘરનો વેઠનો વારો હતો. આથી કાનજી ફકીરો માટે લાકડા લઈને ગયા. કાનજીએ આ ફકીરોને કહ્યુ, 'મને પ્રસાદી આપશો?', ત્યારે ફકીરોએ કહ્યુ, 'બરાબર બાર વાગ્યે પ્રસાદ લેવા આવજે.'

બાર વાગ્યે કાનજી ચોરે પ્રસાદી લેવા ગયા ત્યારે ફકીરોએ જમવાનું શરૂ કરી દીધું હતું. ફકીરોએ કાનજીને જોયા તો દ્વિધામાં મૂકાઈ ગયા. કારણ કે પ્રસાદ કે કોળી જમવાનું શરૂ કરતા પહેલા અપાય. જમ્યા પછી આપવાથી તેઓનું પુણ્ય પ્રસાદ આરોગનારને મળે છે. પરંતુ આપેલા કોલને કારણે ફકીરોએ એક કોળીયો પ્રસાદી રૂપે કાનજીને આપ્યો.

ફકીરોએ આપેલી પ્રસાદી આરોગતાં જ કાનજીને અલૌકિક અનુભૂતિ થઈ અને જ્ઞાનનો પ્રકાશ થયો. કાનજી ફકીરોને વંદન કરી ઘરે આવ્યા, ભજનમાં મસ્ત રહેવા લાગ્યા. એ વખતે 'બોઘરા' નામનો ગાયકવાડી મુસ્લિમ સુબો રાજ્યના કામ અર્થે ગાંભુમાં આવેલો. આ સુબાને કોઈએ કહ્યુ કે કાનજી ભગત સિદ્ધિવાન પુરુષ છે. એટલે તેમની પરીક્ષા કરવા સુબાએ બોલાવીને કહ્યુ, 'તુ ભગત છો?. કાનજીએ કહ્યુ, 'પ્રભુના દાસનો પણ દાસ છું'. બોઘરાએ કહ્યુ, 'તારી ગામમાં ચર્ચા થાય છે કે તું ખૂબ સિદ્ધિવાન છે?' કાનજીએ કહ્યુ, 'રામ જાણે.'

બોઘરાના હુકમથી સવાશેર ગરમ સીસું લઈને સિપાઈ આવ્યો. તેને બતાવીને બોઘરાએ કાનજીને કહ્યુ, 'સાચો ભગત હોય તો આ ગરમ સીસું ગટગટાવીજા' કાનજી ભગત ગરમ સીસું પાણીની જેમ ગટગટાવી ગયા અને કાનવાટે બહાર કાઢ્યુ. તોયે બોઘરા સુબાનું મન ના વળ્યું. ત્યાં જ એક મરેલી ગાય પડી હતી તેને બતાવીને સુબાએ કહ્યુ, 'આને જીવતી કરતો માનું કે તું સાચો ભગત છે.' ત્યારે કાનજીએ મૃતગાય પર હરિસ્મરણ કરતા-કરતા પ્રેમથી હાથ ફેરવ્યો તો મૃતગાય સજીવન થઈને ચાલવા લાગી.

આ પ્રમાણ નજરો-નજર નિરખીને બોઘરા કાનજી ભગતને નમી પડ્યો અને કાનજીનું શિષ્યત્વ સ્વીકાર્યું અને તે દિવસથી કાનજી- 'કાનપીર' થી ઓળખાવા લાગ્યા.

આમ, વિ.સં. ૧૪૧૬ આસો સુદ દશમે કાનપીરે જીવતા સમાધિ લઈ લીધી.

બોઘરાએ કાનપીરના સમાધિ સ્થળ પર ભવ્ય મંદિર બંધાવ્યું. તે સમયે મુસ્લિમ મકબરા મુજબ ચારે બાજુ ચાર દરવાજા વચ્ચે કાનપીરની સમાધિ બનાવી હતી.

તેમની પાછળ તેમની પત્ની જેઠીબાઈની સમાધિ બાજુમાં તેમના પટ્ટ શિષ્ય હિરદાસની સમાધિ છે. ગામ ગાંભુના વસ્તીપંચે સો વર્ષ પહેલાં મંદિરના ચારે દરવાજા બંધ કરી પૂર્વાભિમુખ દરવાજો યથાવત રાખી સુધારો કર્યો હતો.

ગુજરાતમાં કાનપીર દાદાના અનેક સેવકો છે. અહી હિન્દુ-મુસ્લિમ બિરાદરો સમાન ભાવે દાદાના દર્શન કરવા અને માનતાઓ લઈને આવે છે. અહી દર બેસતા વર્ષના દિવસે પીરનો મેળો ભરાય છે. કાનપીરની આ જગ્યા ગુરૂગાદી કહેવાય છે, જે ગાદી પર સંત મુળ સ્વામી અને સંત બહેચરદાસ સ્વામી જેવા મહાન સંતો થયા છે મહંતશ્રી ચીમનદાસ બાપુ સમાધિષ્ઠ થતા તેમના દિકરા ગૌતમબાપુ ગાદી ધર્મ નિભાવે છે.

સંદર્ભ સૂચિ

- ચાવડા, કિશોર, હરિભાઈ પરમાર અને બાબુલાલ વાઘેલા (સંપા.) (૨૦૧૩), મોતી મારા મલકના, અમદાવાદ: ડિવાઈન પબ્લિકેશન્સ
- રાઠોડ, નરેશભાઈ ખેમાભાઈ અને દામોદરનાથજી ગુરૂ મંગલનાથજી (સંપા) (૨૦૧૫), દિલ દરિયાના મોતી, મહેસાણા: સ્વ. મોહનલાલ જેઠાલાલ મકવાણા ભગત પરિવાર

સંતશ્રી કાળાભગત

સંતસાહિત્ય સંશોધનમાં માંગરોળ (જિ. જૂનાગઢ) નિવાસી સાજણભગત કાથડ ઘણા સહાયક થયેલા. સાચા અર્થમાં તે ભગત હતા. તેમની પાસેથી કાળાભગતની માહિતી મળી છે. કાળાભગત વણકર જ્ઞાતિમાં ગામ થોરખાણ (તા. બાબરા, જિ. અમરેલી)માં થઈ ગયા. તેમનો જન્મ વિક્રમ સંવત ૧૯૦૧, ઈ.સ.૧૮૪૫માં થયો હતો. અવસાન વિક્રમ સંવત ૧૯૬૬, ઈ.સ. ૧૯૧૦માં થયું હોવાનું જાણવા મળે છે. કાળાભગતને તેમનો સંસાર પરિવાર હતો. વણકરનું કામ કરતા હતા ને દાડી મજૂરી મળે ત્યારે ખેતીનું કામ કરવા જતા હતા.

સંસારની જવાબદારીઓ નિભાવતા જાય ને આંગણે આવેલા સાધુ, સંતોને આવકાર ને જમાડતા જાય. કાળાભગત તેમનો વંશ પરંપરાગત મહાપંથ પાળતા હતા. ભજન અને જ્યોતપાટ ઘરમાં ભરાતો રહે. ભજનની સમજ કાળાભગતમાં ઊંડી તેમજ સ્વરચિત ભજનો ગાતા રહે છતાં ગુરુ તો ધારણ કરવા જ પડે. ગુરુ વિના મુક્તિ ન મળે, નુગરાને આધ્યાત્મિક ધર્મક્ષેત્રે કોઈ સ્થાન નથી. આ દલિત સમાજને તેમના સાધુઓ હોય છે. એ સાધુ ગામડે ગામડે ફરીને ભજન,

જ્યોતપાટના માધ્યમે ગુરુબોધ આપતા હોય છે. આ પરંપરિત ગુરુ ધારણ કરવાના હોય છે, જેને પરિવારના કંઠીગુરુ કહેવામાં આવે છે. આ ગુરુપરંપરા પણ વંશ વારસાગત હોય છે, એટલે કે મારા પિતાના જે ગુરુ હોય તેનો દીકરો મારો ગુરુ, થતો હોય છે. આ યજમાનોનો સાધુનો ગરાસ ગણાય. આવા સંજોગોમાં જિજ્ઞાસુઓ અન્ય પાસેથી, કોઈ ભગત પાસેથી પણ ગુરુબોધ લઈ શકે છે. તે ત્યારે કાળાભગતને દેહાભગત મળ્યા આમ ગુરુબોધ દેહાભગત પાસેથી લીધો હતો.

કાળાભગતના જીવન વિશે વિશેષ માહિતી જાણવા મળતી નથી. તેઓની બે ભજનરચનાઓ મળે છે જે અન્ય સંતોની વાણી સાથે તાલ મિલાવે છે. કાળાભગત પોતાની જાતને દાસી કહે છે જે પ્રેમલક્ષણા ભક્તિનું લક્ષણ દાસીજીવણનું જણાય છે. ગુરુમહિમા, યોગ અને સંતદર્શન આ બે રચનામાં પ્રગટ કરી સમાજ ને ઉપદેશ આપી જાય છે.

કેશવ મુળપ્રકાશ

રવિભાણ સંપ્રદાયનામેઘવાળ સંત કેશવ મૂળપ્રકાશના સમાધિ સ્થાનક ચોબારી (કચ્છ) ગામે જવાનો યોગ મારે હેમંતભાઈ ચૌહાણ ભજનગાયક સાથે થયો હતો. સંત કબીરસાહેબની ૬૦૦મી જન્મજયંતીની ઉજવણી સરકારે કબીરના ભજનગાનને ભજનવિવરણ લાઈવ પ્રોગ્રામ ચાર સ્થાનેથી રજૂ કરવાનું આયોજન કરેલું. તેમાં એક સ્થાન ચોબારીગામ રખાયેલ. હેમંતભાઈ ભજન સંભળાવે તેનું અર્થઘટન મારે કરવાનું હતું. ચોબારી ગામે રામજીભાઇ ડી. મેરિયાની મુલાકાત થઈ. ચોબારીમાં આવેલ સમાધિ સ્થાનકનાં દર્શને ગયા. ત્યાં કેશવ મૂળપ્રકાશસાહેબની સમાધિનાં દર્શન કર્યા અને રામજીભાઈએ 'કેશવ મૂળપ્રકાશ' (ઇ.સ. ૧૯૫૮માં પ્રકાશિત થયેલ) પુસ્તક ભેટ આપેલ, જે વર્ષો પછી આ નોંધ કરવામાં સહાયક થયેલ છે તેનો સાભાર સ્વીકાર કરું છું.

રવિભાણ સંપ્રદાયના મેઘવાળ સંતોની પરંપરા ત્રિકમસાહેબ ગુરૂગાદી ચિત્રોડ (કચ્છ)થી આરંભાય છે. ચિત્રોડની ગુરૂગાદી મહંત પરંપરા આ પ્રમાણે ચાલી. ત્રિકમસાહેબ -લક્ષ્મીસાહેબ -ખમિયાસહેબ -વસનસાહેબ -ખાનસાહેબ -પ્રેમહંસસાહેબ -મૂલહંસસાહેબ. આ પરંપરાના ખાનસાહેબના સત્સંગે કેશવ મૂળપ્રકાશ થયા.

કેશવ મૂળપ્રકાશનો જન્મ કચ્છ-ભચાઉ તાલુકાના ચોબારી ગામે વિક્રમ સંવત ૧૯૭૦માં વસંત પંચમીને દિવસે પિતા ગોવાભાગત મેરિયા ને માતા માખદેવીની કૂખે મેઘવાળ જ્ઞાતિમાં થયો હતો. બાળપણનું નામ કેશવ હતું. નાનપણથી કેશવ હરિભક્તિ તરફ વળેલો. ભજન, સત્સંગમાં અચૂક જાય. એથી મોટી વાત કેશવ મૂળપ્રકાશ હીરસાગરબાપાના પરિવાર સાથે જોડાયેલા છે. હીરસાગરના રામજીબાપા તેમના મુળજીબાપા અને આ મુળજીબાપા ના કેશવ થયા, એટલે જ તેમનું નામ કેશવ મૂળપ્રકાશ રખાયું. આ સંસ્કારબીજનો વિસ્તાર થયો.

કેશવ ભક્તિભાવમાં આગળ વધતો હતો ત્યારે માતા-પિતાએ સંસાર વ્યવહારની જવાબદારીના એક ભાગરૂપે કેશવનાં લગ્ન વિક્રમ સંવત ૧૯૮૮માં ચાંદરાણી ગામના મેઘવાળ બીજલભાઈ રાઠોડની પુત્રી રામેશ્વરી સાથે કરી નાખ્યાં. રામેશ્વરીદેવી કેશવની ભક્તિમાં સહાયક બની જીવન જીવે છે. સંસાર વચ્ચે રહીને કેશવ ભજનભક્તિમાં તરબોળ રહે છે.

તે સમયે ભારતના હિન્દુસ્તાન, પાકિસ્તાન નામના બે ભાગ થયા ન હતા. આજના પાકિસ્તાનના સિંઘ પ્રદેશમાં આવાગમન સહજ હતું. વેપાર, રોજગારીમાં ત્યાંના લોકો અહીં આવતા ને અહીંના લોકો ત્યાં જતા હતા. આજે કચ્છમાં મહેશ્વરી મેઘવાળ સમાજની બારમતિ જ્યોત પાટ ઉપાસનાના મૂળ સ્થાપકો સિંઘ પાકિસ્તાનમાં આવેલા છે. એટલે મેઘવાળ મહેશ્વરીઓ એ યાત્રાધામમાં જતાં હતા. કેશવ મૂળપ્રકાશ પરિવાર સાથે સિંઘમાં વરસો સુધી રહે છે. સિંધી ભાષાની તેમની પકડને કારણે તેમનાં ભજનોમાં સિંધી ભાષાના શબ્દોની છીંટ જોવા મળે છે. ઇ.સ. ૧૯૪૭માં ભારતના બે ભાગ થતાં પાકિસ્તાનમાંથી હિન્દુ પરિવારો ભારતમાં આવ્યા. તેમાં કેશવ મૂળપ્રકાશ અમદાવાદ સાબરમતીમાં નિર્વાસિતોને આપેલ વસવાટમાં રહે છે, જે ઠક્કરબાપા નગર નામે ઓળખાય છે.

કેશવ મૂળપ્રકાશની શોધ પરમતત્વની રહી હતી. આ ખોજ કરતાં કરતાં ખોજી મળી જાય છે. કેશવને ત્રિકામસાહેબની જગ્યાએ ચિત્રોડના મહંત ખાનસાહેબનો ભેટો થાય છે. ખાનસાહેબને કેશવને પ્રમાણી જોયો ને કહ્યું કે તમે રાજકોટ પહોંચો. ત્યાં સદગુરુ મૂળસાહેબને મળો, એ જ્યોતનાં દર્શન કરો, સત્સંગ કરો જે તમને પરમાત્માની અનુભૂતિ કરાવશે. કેશવ રાજકોટ ગયા, ભજન સત્સંગ કર્યો અને ઇ.સ. ૧૯૪૯માં સાબરમતીના નિવાસે મૂળસાહેબ પાસેથી ઉપદેશ, ગુરુબોધ લીધો ને પોતાનું નામ કેશવ મૂળપ્રકાશ રાખ્યું.

ગુરુજ્ઞાન મળ્યા પછી 'કેશવ મૂળપ્રકાશ' નામ ધારણ કરી સમાજમાં જ્ઞાન પીરસતા રહ્યા. તેની સાથે ભજન, ચોપાઈ, દોહરા, છંદ, કાફી, ભેદમાં કાવ્યરચનાઓ લખવા લાગ્યા. જે 'કેશવ મૂળપ્રકાશ' નામે પ્રકાશિત ઇ.સ. ૧૯૫૮માં કરવામાં આવેલ છે.

સમાજમાં અંધશ્રધ્ધા, અજ્ઞાનતા દૂર કરી ગુરુમહિમા ગાયો. કેશવ મૂળપ્રકાશે ચોબારી ગામમાં જગ્યા સ્થાપી. તેમના ચાર અધિકારી શિષ્યો તૈયાર કર્યા ને તેમને ઉપદેશ આપવાનો અધિકાર આપ્યો તેમાં-

૧. ભક્ત શ્રી વસ્તારામ, ૨. ભક્ત શ્રી કાળારામ, ૩. ભક્ત શ્રી દુદારામ, ૪. ભક્ત શ્રી પાલારામ

આ ભક્તોએ સત્સંગના માધ્યમે સંતોની વાણીના પ્રમાણ આપીને જ્ઞાનમાર્ગે સમાજને ચેતવણીનું કાર્ય કર્યું હતું.

વિક્રમ સંવત ૨૦૨૫ના કારતક સુધી સાતમને સોમવારે કેશવ મૂળપ્રકાશ ચોબારી મુકામે સેવક સમાજની હાજરીમાં સ્થૂળદેહ છોડી ગયા. તેમના સમાધિદેહની પાલખીયાત્રા ગામમાં ફેરવવામાં આવી અને તુલસીદાસ -રવિભાણ સંપ્રદાયના સંતના સમાધિ સ્થાનક પાસે કેશવ મૂળપ્રકાશને સમાધિ આપવામાં આવી.

સમાધિ તિથિના દિવસે ચોબારીમાં કેશવ મૂળપ્રકાશનો સેવકસમાજ એકત્ર થાય છે. ભજન, ભોજન ને સત્સંગ ચાલે છે. મેકરણદાદાના સ્થાનક ધ્રાંગ (કચ્છ) મુકામે, થયાં જિ. સુરેન્દ્રનગર મુકામે સેવકોએ કેશવ મૂળપ્રકાશનાં મંદિર સ્થાપેલ છે.

કચ્છ પંથકમાં કેશવ મૂળપ્રકાશની જ્ઞાન પંરપંરા વિશેષ ખ્યાત છે.

સંદર્ભ સૂચિ

- ગોહિલ, ડો. નાથાભાઈ (૨૦૧૭), ગુજરાતની આંતરચેતના ભાગ-૨, અમદાવાદઃ નવભારત સાહિત્ય મંદિર

શ્રી કેશવદાસ બાપુ

જન્મ	: સંવત ૧૯૫૮ આસો સુદ પૂનમ, ઈ.સ. ૧૯૦૨
જન્મસ્થળ	: મલેકપુર ગામ, વડનગરની બાજુમાં આવેલ છે.
મૂળનામ	: કેશવ
જ્ઞાતિ	: મેઘવાળ વણકર, સાખે (અટક) પરમાર.
માતા-પિતા	: માતા રતનબાઈ, પિતા ભાણદાસભાઈ.
પરિવાર	: સાલડી ગામે અંબાબાઈ સાથે લગ્ન કર્યાં. સંતાન ૩ પુત્રો ને ૧ પુત્રી.
ગુરુ	: જદુરામજી
દેહત્યાગ	: વિક્રમ સંવત ૨૦૨૯, ઈ.સ. ૧૯૭૩

આજે ગોરાધુમા ગામ અમદાવાદ સાથે જોડાઈ ગયું હોય તેમ અમદાવાદનો વિસ્તાર થયો છે. ગોરાધુમા સાણંદ તાલુકો, જિલ્લો અમદાવાદનું ગામ છે. આ ગામમાં વણકર સાધુ શામદાસ મીઠુંરામ પરમાર સાધુ થઈ ગયા હતા. સાધુ થયેલા શામદાસ પોતાના પુત્ર ભાણદાસને લઈને ભારતનાં તીર્થધામોની યાત્રા કરે છે. ફરતાં ફરતાં ગુજરાતમાં આવ્યા ને યુવાન થયેલા દીકરા ભાણદાસનાં ગામ દેવગાણાના વણકર વીરાભાઈ દેવજીભાઈની બહેન રતનબાઈ સાથે લગ્ન કરે છે. લગ્ન કર્યાં એટલે સ્થિર વસવાટ કરવો પડે. તે સમયમાં ભાણદાસના પિતા શામદાસે પાટણ પાસેના ગામ વારેડામાં દેહ છોડી દીધો. સાધુ થઈ ગયેલા એટલે તેમને ત્યાં સમાધિ આપવામાં આવી હતી.

ભાણદાસ અને રતનબાઈ વિસનગર અને વડનગર વચ્ચે આવેલા મલેકપુર ગામે (જિ. મહેસાણા) કાયમી વસવાટ કરે છે. આ વણકર સમાજમાં સાધુ થઈ ગયેલા પરિવારો પણ આર્થિક ઉપાર્જન માટે કોઈ ને કોઈ મજૂરી કરી લેતા હોય છે. ત્યાં રતનબાઈની કૂખે વિક્રમ

સંવત ૧૯૫૯ આસો સુદ પૂનમને દિવસે દીકરાનો જન્મ થયો ને તેનું નામ કેશવ રાખવામાં આવ્યું. કેશવ સાત માસનો થયો ને કમનસીબે માતા રતનબાઈનું અવસાન થયું. પિતા ભાણદાસે દીકરાનો ઉછેર કરવા બીજાં લગ્ન કર્યાં નહીં. કેશવને લઈનેસૌરાષ્ટ્રનાં ધાર્મિક સ્થાનકોમાં ફરતા રહ્યા. આમ કરતાં કરતાં કેશવ મોટો થયો ને તેનાં લગ્ન વિક્રમ સંવત ૧૯૬૮માં સાલડી ગામના વણકર જેઠીદાસની દીકરી અંબાબાઈ સાથે કર્યાં. આ જેઠીદાસ અગ્રાવતના સાધુ બનીને વડનગરમાં રહેતા હતા. સમયની દૃષ્ટિએ જોઈએ તો તે સમયે કેશવની ઉંમર દશ વર્ષની હતી એટલે કે આ સગીરવયનાં લગ્ન ગણાય. કેશવ અગિયાર વર્ષનો થયો ત્યારે પિતા ભાણદાસે તેમને ઝાંઝરકા (સવગુણદાદાની જગ્યા) પાસેના ગામ રંગપુરમાં રામગર સાહેબની ગુરુગાદી ને જગ્યા આવેલી છે ત્યાંના મહંત જદુરામ પાસેથી કેશવને ગુરુદીક્ષા અપાવી.

કેશવ જદુરામ પાસે ગુરુમંત્ર, ધ્યાન અને સાધના માટે રોકાયા. આ સાધનાઓ સિદ્ધ કરીને કેશવ ફરીને પોતાને ગામ મલેકપુર આવે છે. ત્યાં તેઓ ભજનમંડળ સ્થાપી નિમંત્રણ મળે ત્યાં ભજન ગાવા જતા અને સત્સંગ કરતા. આમ આધ્યાત્મિક, ધાર્મિક ઉપદેશ આપતા રહે છે. કેશવ મૂળે સાધનાનો જીવ એટલે ઇડરની પર્વતગુફાઓમાં રહીને સાધના કરે છે. આ ગુફાઓમાં અનેક સિદ્ધોએ સાધના કરી હોવાનું કહેવાય છે. તે પછી બીજું સિદ્ધક્ષેત્ર આબુ પર્વતમાળામાં પૂર્ણાનંદ મહારાજની ગુફામાં રહી સાધના કરે છે. ત્યાંથી

પાટણમાં પદ્મનાથ સ્વામીની જગ્યાના મહંત કિશોર સ્વામીના હસ્તે વૈષ્ણવપંથી કંઠી બાંધેલી. કેશવના સતને પામવા માટેની આ દોડ હતી તેમ કહી શકાય.

કેશવદાસના સમયમાં મેઘવાળ સમાજમાં રવિ-ભાણ સંપ્રદાયના સંતોની મોટી બોલબાલા હતી. ત્રિકમસાહેબ, ભીમસાહેબ, દાસી જીવણ, બાલકસાહેબ, પ્રેમહંસસાહેબ વગેરે. આ સંતોનો પ્રભાવ અને રવિ-ભાણ સંપ્રદાયનું દર્શન કેશવે ગ્રાહ્ય રાખ્યું હતું ને તેની સાથે સાધનાત્મક માર્ગ પણ જાળવી રાખ્યો હતો.

કેશવદાસનો સંસાર-વ્યવહાર પણ ચાલતો રહ્યો હતો. તેમને ત્રણ દીકરા ને બે દીકરીઓ હતી. 'મોતી મારા મલકનાં' સંપાદક કિશોર ચાવડા, હરિભાઈ પરમાર અને બાબુલાલ વાઘેલાએ કેશવની વંશપરંપરા નીચે પ્રમાણે દર્શાવી છે.

શામદાસ મીઠુરામ પરમાર

ભાણદાસ

કેશવદાસ

નરોત્તમદાસ મણીબહેન કાળીદાસ દલીબહેન

મુકેશભાઈમધુબહેન

રવિભાઈ જીજ્ઞેશભાઈ

કેશવદાસજીએ સ્વરચિત ભજનો, ગરબી, ધૂન, આરતી, સાખી લખેલ છે. જે 'કેશવ કાવ્ય' નામે પ્રકાશિત થયેલ છે. કેશવદાસે વિક્રમ સંવત ૨૦૧૩માં મલેકપુર ગામે સાધુસમાજ ને ભજનપ્રેમીઓને બોલાવીને 'ભેખ ભંડારો' કર્યો. વિક્રમ સંવત ૨૦૨૯માં મલેકપુર ગામે મંદિર બંધાવી જગ્યા સ્થાપી જે તેમના વંશવારસ કાળીદાસ મહારાજના દેવલોક પછી વારસદારો ચલાવી રહ્યા છે.

વિક્રમ સંવત ૨૦૨૯ એટલે કે ઈ.સ. ૧૯૭૩માં સ્થૂળદેહ છોડી સમાધિ લઈ ગયા. કેશવદાસનો સેવકસમાજ હતો જે આજે પણ મલેકપુર આવી સમાધિસ્થાને ભાવવંદના કરે છે.

સંદર્ભ સૂચિ

- ગોહિલ, ડો. નાથાભાઈ (૨૦૧૭), ગુજરાતની આંતરચેતના ભાગ-૧, અમદાવાદઃ નવભારત સાહિત્ય મંદિર
- ચાવડા, કિશોર, હરિભાઈ પરમાર અને બાબુલાલ વાઘેલા (સંપા.) (૨૦૧૩), મોતી મારા મલકના, અમદાવાદઃ ડિવાઈન પબ્લિકેશન્સ
- રાઠોડ, નરેશભાઈ ખેમાભાઈ અને દામોદરનાથજી ગુરૂ મંગલનાથજી (સંપા) (૨૦૧૫), દિલ દરિયાના મોતી, મહેસાણાઃ સ્વ. મોહનલાલ જેઠાલાલ મકવાણા ભગત પરિવાર

કેશવબાપા

ભક્તરાજ કેશવદાસનો જન્મ ભરૂચ જિલ્લના ઝઘડિયા તાલુકાના ગોવાલી ગામે વણકર બાણદાસને ત્યા થયો થો. તેમની માતાનું નામ ગંગાબાઈ હતું. તેમના માતા-પિતા ગરીબીમાં ગુજરાન ચલાવતા હતા. કેશવદાસનો જન્મ ગરીબ કુટુંબમાં થવાથી શાળામાં અભ્યાસ કરી શક્યા નહી, માતા-પિતા ભક્તિભાવવાળા હોવાથી તેમનામાં બાળપણથી જ ભક્તિ કરવાના સંસ્કારો ઊતરેલા. નાની ઉંમરમાં તેમણે બે ગુરૂ કરેલા પણ જ્યારે સ્વામી દયારામ બાપુનો ભેટો થયો ત્યારે અંતરના તાળા ઉઘડી ગયા. સ્વામીજીએ તેમને બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ આપી ચૌદ બ્રહ્માંડ રમી રહેલું ગુરૂઘરનું અસલ નામ આપી, એમના જીવનનો ઉદ્ધાર કર્યો. તેમનું સ્વામી દયારામે ઉર્ફે નામ અનવર સાહેબ રાખ્યું છે. કેશવદાસ સ્વામીના પાટવી શિષ્ય થયા. તેઓ રાત-દિવસ ગુરૂભક્તિમાં તલ્લીન રહે છે. સદભાગ્યે તેમના ધર્મપત્ની સ્વ. પાનીબાઈ શ્રદ્ધાળુ અને ભક્તિભાવવાળા હતા. તદ્ઉપરાંત કેશવદાસે પવિત્ર તીર્થસ્થાનો ફરી ઘણા સાધુ સંતોનો સત્સંગ કરી અનુભવ કરેલો છે.

કેશવદાસનો સૌ પ્રથમ ભેટો કોસંબામાં અર્જુનભાઈને ત્યાં પાટમાં થયો. કેશવદાસની અમૃતવાણી બાપાનો સાદો, સરળ નિરાભિમાની અને સહજ સ્વાભાવ જોઈને પુજ્ય સોમજીબાપા સાથે સત્સંગ થયેલ અને બાપા એમની અમૃતવાણીનો લાભ બધા જ મંડળના સભ્યોને આપવા માંગતા હતા. તેથી કેશવદાસને મોર મુકામે બોલાવ્યા અને બાપાની અમૃતવાણીથી બધા જ ભક્તો ભાવવિભોર થઈ પાવન થયા. પછી તો બાપાને વારંવાર મોર ગામે આગમન થતું બાપાની અમૃતવાણી સાંભળવા માટે દુર દુરથી ભક્તો આવતા અને દર્શન કરતા. સોમજીબાપાને પણ કેશવદાસબાપાને પ્રત્યે ખુબ જ માન હતું, એક સંત મહાપુરૂષ તરીકે કેશવદાસને તેમણે નવાજ્યા હતા. સોમજીબાપા અને કેશવદાસને એકબીજા પ્રત્યે ખુબ જ પ્રેમ આદર અને સ્નેહ હતો. બંને મહાન વિભૂતિઓ બધા સુઈ જાય પછી રાત્રે એકબીજા સાથે આત્મા-પરમાત્માની તથા અગમ-નિગમની વાતો કરતા, ગુપ્ત રહસ્યની વાતો કરતાં અને ગુરૂ જ્ઞાનની આપ-લે કરતાં અને આત્મતત્વની અનુભૂતિ કરી પોતાના સ્વરૂપને નક્કી કરતાં, આવો એકબીજા પ્રત્યેનો પ્રેમ હતો.

કેશવદાસબાપા પ્રખર જ્ઞાની પુરૂષ હતા, દરેક સવાલોના જવાબ તેમના મુખ પર રહેતા. બાપા મોર ગામ તથા જહાંગીરપુરા વિસ્તારમાં ઘણા ભક્તોને ત્યાં આવતાં અને અઠવાડીયું ત્યાં રહી જતાં, બધા ભક્તજનોને ભજનો તથા સત્સંગનો લહાવો આપતા. આવા મહાપુરૂષ મનુષ્યના ભાગ્યથી જ ઉપજ્યા છે, એવું કહેવામાં અતિશયોક્તિ નથી.

સંદર્ભ સૂચિ

- ગોહિલ, ડો. નાથાભાઈ (૨૦૧૭), ગુજરાતની આંતરચેતના ભાગ-૨, અમદાવાદઃ નવભારત સાહિત્ય મંદિર

ખીમડીયો કોટવાળ

જન્મ	: વિ. સંવત ૧૩૧૫ - ઇ.સ. ૧૨૫૯
જન્મસ્થળ	: ગામ 'દૂધૂ' જયપુર પાસે. સાખૂન પહાડી નજીક, રાજસ્થાન.
મૂળનામ	: ખીવણ
જન્મજ્ઞાતિ	: મેઘવંશી, મેઘવાળ વણકર
માતા-પિતા	: પિતા રણધીર, માતાનું નામ જાણવા મળ્યુ નથી.
પરિવાર	: પત્ની સતી ડાળલદે, પુત્ર હદમાલજી.
ગુરુ	: સમસઋષિ
દેહત્યાગ	: વિ. સંવત ૧૪૦૦ - ઇ.સ. ૧૩૪૪

ખીવણજી અને તેની પત્ની સતી ડાલળદે અને પુત્ર હરમાલજી સાથે દૂધૂ ગામમાં સાળમાં વણાટનું કામ કરતાં હરિભજન કરતાં હતા મેઘવંશી પરંપરાની જ્યોતપાટ ઉપાસના અજવાળી બીજની રાત્રીએ કરવામાં આવતી :

આ દિવસોમાં સાધુ, સંતો આંગણે આવે તેમને ભોજન જમાડી રાત્રે ભજનગાન કરે, સંતો સાથે બેસી ને સત્સંગ કરે ને આખા પંથકમાં જ્યાં અલખ જ્યોતપાટ ભરાતો હોય ત્યાંથી ખામડિયાને 'વાયક' આવે ને ત્યાં જ્યોત-પાટના રક્ષક, કોટવાળ તરીકેની સેવા નિભાવે. દરેક જગ્યાએ કોટવાળી કરતાં ગતગંગા તેમને ખીમડીયા કોટવાળ તરીકે ઓળખવા લાગ્યા. મારવાડ પંથકમાં મહાપંથીઓમાં ખીમડીયાનું આદરણીય સ્થાન હતું.

દૂધૂ ગામથી આગળ જતાં સાખૂનનો પહાડી પ્રદેશ આવતો હતો ત્યાં સમસઋષિએ આસન લગાવ્યું હતું. ખીવણજી આ ઋષિની સેવા કરવા જતાં હતા. સમસઋષિ પાસે અલખજ્યોત ઉપાસના તેના મેઘવંશી ગુરુ કૂંવારા પાસેથી મળેલ અને મક્કા-મદીનાથી પીર પરંપરા લઈ આવેલા એ બંને ધારાપ્રસાદી રૂપે સમસઋષિએ ખીવણજીને આપી. આમ ખીવાણજીના ગુરુ સમસઋષિ થયા.

ખીવણનજી-ખીમાડીયા કોટવાળને રણસીનો ભેટો થાય છે :

કૃષ્ટરોગથી પીડાતો રણસી ભટકતો ભટકતો ખીવણના ગામ દૂધૂ આવે છે. ગામના પાદરમાં એક તળાવ હતું તેને કિનારે આવીને બેસે છે. કોઈને ઘેર તો જઇ શકાય નહીં, દયાથી કોઈ ખાવાનું આપે ને જીવનના દિવસો પૂરા કરે.

પનઘટ ઉપર ખીવણની સતીનારી ડાળલદે પાણી ભરવા આવે છે. પાણીનું બેડું ભરી માથે મૂકવા જાય છે. ત્યારે તેના બેડામાંથી પાણીના છાંટા ઉડીને રણસીની માથે પડે છે. આ પાણીના છીંટ રક્તપિત્તનાં ચાઠાંમાં પડતાં જે દાહ, પીડા થતી હતી તે શાંત થઈ ગઈ. રણસીના મનમાં ધીરજ આવી અને આ પનિહારીમાં કોઈ દૈવત છે તેવી શ્રદ્ધા બંધાણી એટલે રણસી કહે છે :

હે પનિહારી ! તમે કઇ જાતિના છો ? કોના ઘરની નારી છો ? ડાળળદે તેનો જવાબ આપતી નથી. સતીનારીની ઓળખ જ્ઞાતિથી કેમ આપી શકાય ? તે કરુણા ને પ્રેમ વરસાવે છે. એટલે પાણીના ઘડાથી રણસીને પાણી પીવડાવી તેના ઘર તરફ વળે છે. તેની પાછળ પાછળ રાવ જાય છે. પનિહારી ખીવાણની નારી છે. તેના ઘેર જાય છે.

ખીવણ રણસીને આવકારે છે ને આ દુઃખ (રક્તપિત્ત)નું કારણ પૂછે છે. રણસીએ પોતાની કર્મકથની કહી ને ઋષિના શ્રાપથી મારી આ દશા થયાનું જણાવે છે.

ઋષિનો શ્રાપ ઋષિ અથવા કોઈ સમર્થ સંત જ નિવારી શકે. ખીવણ તે સમે સમસઋષિને ત્યાં સેવ કરવા જતાં હતા. એટલે રણસીને લઈ ગુરુ સમસ પાસે જાય છે. રણસીને દૂર ઊભા રાખી ખીવણ ગુરુની પૂર્વમંજુરી લેવા જાય છે. સમસઋષિ ત્યારે ઘણા પ્રસન્ન હતા. તેમણે ગાયનું દૂધ મંગાવી પ્યાલો ભરી સમસે પીધું ને એ જ પ્યાલો ખીમણને પીવા આપ્યો. (ગુરુ અભિમંત્રિત પ્યાલો પીવડાવી શિષ્યને દીક્ષા ને સિદ્ધિઓ આપે છે.) ખીવણે કહ્યું કે આપ આજ્ઞા આપો તો એક પ્રેમી સંગાથી મારી સાથે છે. ગુરુએ કહ્યું કે ગુરુદ્રોહી સિવાય ગમે તે હોય તેને પ્યાલો પીવડાવી શકાય. તમે બંને પ્યાલો પી શકો છો.

ખીવણજી પ્યાલો પીવે છે, અડધો રણસીને પીવડાવે છે ને રણસીની કાયા પ્રથમ જેવી જ સુંદર, કંચનવર્ણી બની જાય છે. બંને આવી સમસઋષિને પાય પડે છે. ત્યાં સમસ રણસીને ઓળખી જાય છે ને બંનેને શ્રાપ આપે છે :

સિદ્ધનો શ્રાપ સાંભળી ખીવણજી ગુરુને શરણે પડે છે. ભૂલની માફી માંગે છે. સિદ્ધે કહ્યું મારું વચન તો ખાલી જશે નહીં. તમારા બંને ઉપર કરવત મુકાશે ને દેહમાંથી લોહીને સ્થાને દૂધ ને ફૂલ ઝરશે. સમસઋષિ ફરતા ફરતા મૂલતાન જાય છે. ત્યાં પીરોને તેમની પીરાઇ બતાવે છે ને મૂલતાનામાં સમાધિ લઈ સ્થૂળદેહ છોડે છે. તેમની સાથે શિષ્ય શંકરદાસ હતો તે આ સમાચાર આપવા દૂધૂ ગામે ખીવણજી પાસે આવે છે. તે સમયે ખીવણજી ગુરુ સમસની બે જગ્યા-સ્થાનકો 'બૂચણ' અને 'સાખૂણ' સંભાળી રહ્યા હતા. શંકરદાસ પાસેથી જાણ્યું કે સમસઋષિએ મૂલતાનમાં સમાધિ લઈ દેહ છોડી દીધો છે. ખીવણજીએ 'બચૂણ'ની જગ્યા શંકરદાસને સોંપી ને 'સાખૂણ'ની જગ્યા પોતે સંભાળી. ખીવણજી પછી આ જગ્યા તેનો પુત્ર હદમાલજી સંભાળે છે.

ખીવણ-ખીમડીયો કોટવાળ ને રાવત રણસી સાથે રહે છે ને સાદગીથી જીવન જીવે છે. લોકસમાજમાં ફરીને સતધર્મ-મહાપંથ ચલાવે છે : અલખ જ્યોતપાટ ભરવો, કળશ સ્થાપી અલખધણીની પૂજા કરવી. સાધુસંત, જતી-સતી મળીને ભજન અને હરી ગુણગાન કરે છે.

દિવસે દિવસે ખીવણને રાવત રણસીની નામના, સિદ્ધાઇ-પીરાઈ વધવા લાગે છે. મુસ્લિમોને, તેમના પીર, ફકીરોને આ ના ગમે તે સ્વાભાવિક છે. એટલે દિલ્હીના બાદશાહને ફરિયાદ કરે છે :

દિલ્હીના બાદશાહ પાસે ખીવણ રણસીને લઈ જવામાં આવે છે. બાદશાહ તેને પીરનું પ્રમાણ આપતો પરચો માંગે છે. તેનો અનાદર કરે છે. બાદશાહને સલામ પણ ભરતા નથી ત્યારે શાહે હુકમ કર્યો :

લોઢાની કરવતથી બંનેના શરીરને ઊભા વહેરવામાં આવે છે. ત્યારે આ બંનેને ગુરુ સમસનો શ્રાપ યાદ આવે છે. ખીવણ, રણસી ઉપર કરવત ચાલીપણ દેહમાંથી લોહીને બદલે દૂધની ધારા ને ફૂલ ઝરવા લાગ્યા.

બાદશાહ હિન્દુ સાધુ, સંતોને બોલાવી તેની પાસેથી પરચો માંગતો. જો પરચો ન આપે તો તેને કેદમાં પૂરતો, ધર્માન્તર કરાવતો. આવા તેમણે ૧૪૦૪ સાધુઓને કેદ કર્યા હતા જેને રણસી, ખીવણની ઘટનાથી છોડી મૂકે છે.

ઉપર્યુક્ત ઘટના કેટલાક ઇતિહાસકારો જણાવે છે કે, રણસી ને ખીવણને અજમેરમાં કતીબશાહે બોલાવી અજમેરમાં કરવત મુકાવ્યાં હતાં. અનૂપ સંસ્કૃત લાઈબ્રેરી રાજસ્થાનીમાં ઇતિહાસ વાર્તા નં. ૨૧૩૧૯માં લખ્યું છે કે રણસી, ખીવણને કાશીમાં બોલાવી તેની માથે કરવત ચલાવવામાં આવેલ. ડો. સોનારાં વિશ્નોઈએ ૧૮મી સદીમાં કેટલીક લોકવાર્તાઓના સંપાદનને આધારે 'બાબા રામદેવકી પ્રામાણિક જીવન'માં રણસી, ખીવણને કાશીમાં માથે કરવત ચલાવવામાં આવી હતી. આ ઘટના પછીથી રણસીનો પુત્ર અજમલજી પોકરણમાં આવી વસવાટ કરે છે.

રામદેવજી મહારાજના દાદા રાવત રણસીની કથા ડો. સોનારામ બિશ્નોઈએ 'બાબા રામદેવ ઇતિહાસ એવં સાહિત્ય'માં અને સ્વામી ગોકળદાસજી 'મેઘવંશ ઇતિહાસ'માં નોંધી છે. રામદેવજી મહારાજના પિતા અજમલ પોકારણ આવી વસવાટ કરે છે ને રામદેવજી મહારાજ રણુંજા-રામદેવરાનગર વસાવે છે.

કાશીમાં કે દિલ્હીમાં ખીવણજી ને રણસીના શરીરને ઊભા કરવતથી વેરી બે ભાગ થયા તેના અડધા અડધા ભાગ ત્યાં જ પડી રહ્યા ને અડધા અડધા ભાગ ઉડીને ચાલ્યા ગયા. ખીવણજીનું અડધું અંગ દૂધઉ ગામે પડે છે ને ત્યાં તેનું સમાધિ મંદિર બંધાય છે. રણસીનું અડધું અંગ નગર નરાણે પડે છે ત્યાં તેનું સમાધિ મંદિર બંધાય છે.

અહીં એક મોટી શક્યતા ઊભી થાય છે. ખીવણજી ને રણસી ઉપર કરવત ચલાવ્યા ત્યાં દૂધ, ફૂલ, ઝરવા લાગ્યાં અથવા બાદશાહ ને પ્રત્યક્ષ જોનારને આ દ્રશ્ય દેખાયું, શક્ય છે કે આ બંનેમાં આ સિદ્ધિ હોય ને તે પછી બાદશાહે કેદી સાધુસંતોને મુક્ત કર્યા ને દિલ્હી, અજમેર, મારવાડ છોડીને ખીવણ ને રણસી ગુજરાત તરફ આવ્યા ને ગઢઢેલડી-મોરબીમાં તેમનો વસવાટ કર્યો. ગુજરાતમાં આવી ખીમણ ખીમડીયા કોટવાળ ને તેની ધર્મપત્ની ડાલળદે મહાપંથી જતી-સતી નામે ખ્યાત થયા. ને રાવત રણસીની કથા મોરબીના રાજ સાથે જોડી દેવામાં આવી.

ખીમડીયો કોટવાળ અને તેની પત્ની સતી ડાળલદે વિષે પીએચ. ડી. નિમિત્તે 'સૌરાષ્ટ્રના હરિજન ભક્ત કવિઓ' વિશેનું સંશોધન ઇ.સ. ૧૯૮૪માં મારે કરવાનું થયું હતું જે ગ્રંથસ્થ થઈ, બીજી આવૃતિ થયેલ છે. તે સમયે ગુજરાતમાં કંઠસ્થ પરંપરાએ ભજનિકો પાસેથી અને ગુજરાતી ભજન-સંત સાહિત્યના આધારે કામ કર્યું હતું. તે સમયનું જે તારણ આપ્યું તેમ નીચેની બાબતો દર્શાવી છે.

ખીમડીયો કોટવાળ જાતે વણકર હતા. તેનું મૂળ વતન રાજસ્થાન હતું. રાજસ્થાનમાં અવાર-નવાર દુષ્કાળ પડતો એટલે પેટિયું રળવા ગઢઢેલડી (સૌરાસ્ટ્ર) આજનું મોરબી ગામે આવી વસવાટ કરે છે.

ખીમડીયો કોટવાળ અને તેની ધર્મપત્ની સતી ડાળલદે મહાપંથને વરેલા હતા. વણકરોનો ધંધો કરતાં કરતાં સાધુ-સંતોની સેવા, સત્સંગ અને ભજનભાવમાં મગ્ન રહેતા હતા. આખા પંથકમાં અલખ જ્યોતપાટ હોય ત્યાં તેમણે વાચક હોય જ ને ત્યાં કોટવાળ તરીકે જતાં હતા.

ખીમડીયા કોટવાળના સામે વિશે ,પરિવાર વિશે, ગુરુ વિશેની કોઈ ચર્ચા કરવામાં આવી ન હતી. સમય વિશેના બે મત મૂક્યા છે :

કાલીદાસ મહારાજે ખીમડીયા કોટવાળને ચૌદમાં શતકમાં મૂકી ઢેલડી (મોરબી)માં જેઠવાઓનું રાજ હતું ને તેમનો રાજવહિવટ રાવત રણસી ચલાવતો હતો તેમ જણાવી કોઈ આધાર આપેલ નથી, બીજો

મત મોહનપુરી ગોસ્વામીનો છે તેમાં રાવત રણસી ને ખીમરો કોટવાળ રામદેવપીરના શિષ્યો હતા ને તે રામદેવપીરના સમયમાં પંદરમાં શતકમાં થઈ ગયા તેમ જણાવે છે. પરંતુ આ અંગેના કોઈ આધાર નથી ને તે સ્વીકારી શકાય નહીં તે ચર્ચા અહીં આરંભે થઈ ચૂકી છે.

ગુજરાતનાં મોટાભાગના સંશોધકોએ ગઢઢેલડી-મોરબીમાં રાવત રણસી અને ખીમડાની સતીનારી ડાળલદેની ઘટનાને સ્વીકારે છે. ખાસ તો એ ઘટના દર્શાવતું ભજન લોકકંઠે ગવાય છે તેનું અર્થઘટન છે. આ રાવત રણસી અને ડાળલદેની ઘટના રાજસ્થાનમાં કઇ રીતે બની તેનું કથાનક આગળ જોઈ ગયા છીએ. એટલે એ મૂળ ઘટના પરિવર્તન પામતી ગુજરાતમાં આવી હોય તેમ સ્વીકારી શકાય. રાવત રણસી મોરબીના રાજસત્તાધીશ જેટલું વર્ચસ્વ સ્થાપી શક્યા હોય તેમ બની શકે છે. ગુજરાતમાં જે કથાવસ્તુ મળે છે તેનું ભજન મૂકી તેની વિવારણાત્મક વાત અહી કરી નથી.

બીજું મહત્વનું સંશોધન ડો. દલપત શ્રીમાળીએ 'હરિજન સંત અને લોકસાહિત્ય' નામના ગ્રંથમાં ઇ.સ.૧૯૮૯માં મુકેલ છે. તેમના માટે-

ખીમરો કોટવાળ વિક્રમની ૧૩થી ૧૫મી સદી વચ્ચે થયા હોવાનું કહે છે. મોરબી મોરજેઠવા નામના રાજપૂત રાજવીએ મચ્છુ કાંઠે 'મોરધ્વજપુરી' નામે નગર વસાવેલું. કોઈ રસિયાએ આ નગરીને મોર સામે ઝૂમતી ઢેલ જેવી કહી 'ગઢઢેલડી' કહી જે લોકોએ સ્વીકારી લીધું. આ નગરીનો રંગીલો ઠાકોર જીવાજી આવે છે. આ જીવાજી સુંદર વાણિયણને મેળવવા અછો અછો વાનાં કરે છે છતાં શીલવંત, ચતુર વાણિયણ તેનું ગુમાન ઉતારી નાખે છે. આ કથાનક લોકગીતમાં આજે પણ ગવાય છે જે તેની લોકપ્રિયતા દર્શાવે છે.

આ લોકકથાના કથાનક જેવુ જ બીજું કથાનક સંતવાણીનું મળે છે તેનો રાજસત્તાધીશ રાવત રણસી છે. અને સામે ગરવું નારીપાત્ર મેઘવાળ વણકર નારી સતી ડાળલદે છે. મહાપંથી શીલવંતનારી શીલને જાળવવા મોતને વહાલું કરે તેની કથા છે. અહીં બે બાતો નોંધપાત્ર બને છે.

૧. મહાપંથી સતીનારી 'નિજારી' છે. નિજારી એટકે જેનામાં કોઈ પણ પ્રકારની વાસના, ઈચ્છા નથી તે. જે મન, વચન ને કર્મથી પવિત્ર છે તે. જે નારીને વાસના દ્રષ્ટિથી જોનારો પુરુષ કોઢિયો થાય એ પવિત્રતા. ડાળલદે કૂવે પાણી ભરવા જતાં હોય ત્યાં તેના રૂપ સૌંદર્યને જોઈ રણસી લોભાય ને માત્ર તેના લૂગડાનો છેડો ડાળલદેને અડી જાય ને આ નારી પોતાનો શીલભંગ થયો તેમ માને એ પવિત્રતા આ મહાપંથ સાથે જોડાયેલી છે.

૨. એક અછૂત સમાજની નારીને ભગવાને અથાગ રૂપસૌંદર્ય આપ્યું. આ ગરીબ સમાજ, પારકે ખેતમજૂરી કે શેઠ-શાહુકારની મજૂરી કરી જીવનારો સમાજ ને તેમાં ગામના ઉચ્ચવર્ણના લોકો, માથાભારે લોકો આ અછૂત સમાજની હજુ તો કુમળી કન્યાઓ હોય તેને ચૂંથતો વર્ગ તેમાં આ મજૂરનારીને પોતાની જાત બચાવવાની. તેમાં એ પોતાની જાતને બચાવવા જીવસટોસટનો ખેલ ખેલે છતાં એ જાતને ન બચાવી શકે ત્યારે તે વાવ-કૂવો કરે, સળગી મરે, આજે ગળા ફાંસો ખાય કે દવા પીએ તેનો કોણ રક્ષણહાર ? !એવા એ સમાજની ડાલળદે માત્ર કામીનો પડછાયો પડે કે તેના લૂગડાનો છેડે અડે ત્યારે કોઈ સામે દયાની ભીખ માંગતી નથી. આ નારી સતીત્વના તેજે, ગુરુએ દર્શાવેલી ક્રિયાના બળે સ્વેચ્છામૃત્યુને જાણે છે. એટલે જ એ તેના પતિ ખીમરાને કહેતી હોય ક નૂગરા માણસનો પાલવ અડયો. હવે તો સમાધિ એ જ માર્ગ.

ડાળલદે જીવતા સમાધિ લેવાની જાણ સાધુ, સંતો, ગતગંગાને તો થાય જ પણ નગરમાં, રાજમાં આ વાત પહોંચી. રણસીને થયું કે નગરમાં નુગરો કોણ ? જેના પાપે આ સ્ત્રી જીવતાં મરી જવા તૈયાર થઈ ? રણસીને જાણ થઈ કે આ પાપ તેના પોતાનાથી થયું છે. ભૂલ સમજાણી ને રાજા ચાલીને મેઘવાળ વાસમાં આવ્યો. સમાધિ ગળાતી હતી ત્યાં ઊભો. માલદેને ચરણે પડી માફી માંગી, ખીમરાને વિનંતી કરી ને કહ્યું : 'મને નુગરો મટાડો, ગુરુદીક્ષા આપો.' ખીમરા મને પરમોદ, નહીં તો હું તારે આંગણે જ કાયને પાડું. ભક્તિ શૂરવીરોની છે. ગેરમાર્ગે વળેલાને જ્યારે સત્ય સમજાયું ત્યારે સ્ત્રીને ચરણે પડ્યા છે. લાખો લોયણને નમે, જેસલ તોરલને નમે, માલદેવ રૂપાંદેને નમે તેમ અહીં રણસી ડાળલદેને ચરણે આવ્યો છે. પરમોદ-દીક્ષા આપવા માટે મહાપંથી સાધુ, સંતો, ગતગંગાને બોલાવી તેની સાક્ષીએ સતવચન અપાય છે તેની વાણી છે :

મહાપંથમાં અઢારે વરણ એક સાથે મળે, ભલે ને ભીતરના ભેદભાવ સમૂળગા ટાળી નાખે એ સૌથી મોટી સામાજિક ક્રાંતિ હતી. મહાપદને પામવું હોય તો ઊંચ-નીચના ભેદ, રાય-રંકના ભેદ, છૂત- અછૂતના ભેદ ઓગળી જાય નરે જ્યોતને અજવાળે, અલખના દરબારમાં અછૂત ભક્ત સાથે એક જ થાળીમાં જમવાનું ત્યારે આતમજ્યોત જાગી ઊઠે ને પાટની નકળંક જ્યોત ઝળાઝળાં થઈ જાય. અહીં રાજા રંકને ઘેર, અછૂતને ચરણે, સ્ત્રીને નમે એટલું જ નહીં પણ ખીમરાને ગુરુ ધારણ કરે આ છે બીજધરમનું માહાત્મય.

ખીમરાનું પદ સામાન્ય ન હતું. ચારેચાર જુગના જ્યોતપાટે કોણ કોણ બેઠા હતા તેના આધારે ખીમરાનું કોટવાળું કેટલું મોટું હતું તે જણાશે. પ્રથમ સતજુગમાં સોનાના પાટે ગણેશજી કોટવાળ હતા. દ્વાપરયુગમાં ચાંદીના પાટે હનુમાનજી કોટવાળ હતા. ત્રેતા યુગમાં તાંબાના પાટે ગરૂડજી કોટવાળ હતા. ચોથા કળીયુગમાં માટી કે કાષ્ટના પાટે ભેરવ હતા કોટવાળ. એ સ્થાને મેઘવંશી ખીમરો બેઠો છે એ આ ધરમની મોટી શોભા છે.

ખીમરા કોટવાલના સમયમાં અજમેરમાં કતીબશા પીર-ફકીર થઈ ગયો. તેની આણ કાશીનગરમાં પ્રવર્તતી હતી. કાશીનગરમાં અનેક હિન્દુ સાધુ-સંતો જાત્રાએ આવતા હતા. તેમાં બાદશાહે ફરમાન કર્યું હતું કે જએ કોઈ સાધુ-બાવા કાશીની જાત્રાએ આવે તે પહેલાં બાદશાહને કોઈ પરચો બતાવે ને જો એ પરચો ન બતાવે તો તેને જેલમાં પૂરી દેવાનો ને ત્યાં ઘંટીએ બેસી દળવાની સજા ભોગવે. આ ફરમાનથી કાશીમાં હિંદુના બાવા-સાધુ ચૌદહજાર બાવન પૂરવામાં આવ્યા. તે સમયે મુસ્લિમ સત્તાધીશોએ હિન્દુઓને ત્રાસ આપી ધર્માન્તર કરાવવાનું કામ કર્યું હતું.

કતીબશાને એમ કે પરચા અમે પીર, મુસ્લિમ ફકીરો જ આપી શકીએ. હિંદુનું એ કામ નહીં. વળી આ કતીબશાનું દિલ્હીના બાદશાહ શાહબુદ્દીન ઘોરી પાસે અનેરું માન એટલે કતીબશા મનમાની ચલાવતો. હિન્દુ સાધુ, સંતો, ભક્તો ઉપર ત્રાસ વધવા લાગ્યો ને હિંદુને સત્તાના જોરે મુસ્લિમ બનાવવામાં આવ્યા ત્યારે ઘણી ઉચ્ચવર્ણની જ્ઞાતિઓ પોતાની જાતને બચાવવા અછૂત જાતિઓમાં આવી ભળી ગયા. તેના ઐતિહાસિક પ્રમાણો અનેક મળે છે. આજે પછાત જ્ઞાતિઓમાં રાજપૂતોની શાખ-અટક મળે છે તે તેનું કારણ છે. મુસ્લિમ થવું તેના કરતાં અછૂત હિન્દુ રહેવું યોગ્ય જણાયું હતું.

આ સમયે ગઢઢેલડીના રાવત રણસી અને ખીમરા કોટવાળને થયું કે દિલ્હીના બાદશાહને પરચો બતાવી સાધુસંતોને બંદીખાનેથી છોડાવવા પડશે. આ માટે મહાધરમી નિજીયાપંથીઓને 'વાયક' (એવું નિમંત્રણ કે જ્યાં તે ધર્મના લોકોને જવું ફરજિયાત-વચનબદ્ધ થયેલા છે.

ખીમરો અને રાવત રણસી સંતો-ભક્તોને બંદીખાનેથી છોડાવવા દિલ્હી ગયા છે ને દિલ્હીમાં કતીબશાને પણ બોલાવવામાં આવ્યો હતો.

દિલ્હીના બાદશાહ મહમૂદ ઘોરીએ ખીમરો, રણસી અને કતીબશાહની માથે લાકડા વેરવાની કરવત ચલાવી ઊભા ચિરવાનો હુકમ કરે છે. ત્યારે રગત રણસીને વેરતાં લોહીને બદલે નિર્મળ નીર વહે છે, ફૂલ ઝરે છે ને 'કતીબશાને ચાલી રગતની રેલ રે હાં..' આ દ્રશ્ય જોઈ ઘોરી શાહ-બાદશાહ પણ ધ્રૂજવા લાગ્યો.

કેદમાં પૂરેલા સાધુસંતોને દળવા આપેલી ઘંટીઓ અવળી-સવળી તેની મેળે ફરવા લાગી. ઘોર નાદ થયો, ઘંટીના ખીલડા, માંકડી તૂટી ગઈ. ગભરાયેલો ઘોરી ખીમરા ને રણસીની માફી માંગે છે કતીબશા ખીમરાને ચરણે પડી તેનું શિષ્યત્વ સ્વીકારે છે. કતીબશાની નિજારી ભજનરચનાઓ મળે છે. જુઓ 'ભજનસાગરનાં મોતી'.

દિલ્હીના બાદશાહ ઘોરીકશાહે ખીમરાને રાજસમ્માન સાથે હાથીની અંબાડીએ બેસાડી ખીમરાના મૂળવતન દૂધૂમાં ૮૭ વીઘાં જમીન, ચામર, છાંડી, નગારાં, નિશાન આપે છે. તેના લખાણના પટ્ટાની નકલ સ્વા.,બ્રહ્મી ગોકુળદાસજીએ મેઘવંશી ઇતિહાસમાં પૃ.૧૬૭ ઉપર આપેલ છે આ પટ્ટામાં લખેલો સમય :
વિ. સંવત ૧૨૮૭ વૈશાખ સુદી બારસ ને ગુરુવાર હવે આ સમયને સ્વીકારીએ તો ખીમરાનો સમય અહીં દર્શાવ્યો છે તેની આગળ જાય, હજુ અહીં સંશોધનને અવકાશ છે.

ખીમરા કોટવાળનું સૌથી મોટું નામ ને કામ કોટવાળનું છે. મહાપંથનો એ રક્ષક છે, સંખાબોલ, કોળીપાહોળ, આરાધીબોલ, નમણની સાનનો એ જાણતલ છે ને તે પ્રમાંણે વિધિ-વિધાન ચાલે તેનો એ કન્ટ્રોલપાવર છે. બીંજુ મહાપંથી વાયક (કંકૂચોખા આપી નિમંત્રણ અપાય છે) લઈને જનારો આ ખીમરો છે. તે પછી એમ બન્યું કે ખીમરાની હયાતી ન હોય અને રામદેવપીરના સમયમાં આ મહાપંથી જ્યોતપાટ ઉપસાના અઢારે અલમમાં થવા લાગી ત્યારે વાયક ખીમરા કોટવાળના નામે ફરતો હતો તે ઉપર્યુક્ત્ ભજનમાં જોઈ શકાય છે.

આ ભજનમાંથી એ પણ સ્પષ્ટ થાય છે કે મહાપંથીઓ કોણ કોણ હતા ને તેનાં સ્થાનકો ક્યાં હતાં જેમ કે- આબુગઢમાં રાણોકુંભો ને લીળબાઈ, પાટણમાં ગુરુ ઉગમશી ને જેલમરાય, મજેવડીમાં દેવતણખી ને નિલમબાઈ, કોળંભાગામા-પાલીતાણા પાસે ત્યાં હાલોહુરો, ઢાંગો વનવીર, વંથલીમાં દેવાયત ને દેવલદે નાર, અંજારમાં જેસલ ને તોરલ, મેવાસમાં રાયની રૂપાંદે ને માલદેવ – આ મુખ્ય મુખ્ય જતી-સતીને ખીમરો વાયક આપે છે. ખીમરોનું સ્થાન ને માં જ્યોતપાટ સંતસમાજમાં આદરણીય હતું. એટલું જ માં તેમની ધર્મપત્ની ડાળલદેનું હતું. જેનામાં જીવતાં સમાધિ લેવાની સતીત્વની શક્તિ હતી.

મોરબી મુકામે સંશોધનના એક ભાગ રૂપે ખીમડીયાની જગ્યા જોવા મુ. કનુભાઈ પરમાર ને ત્યાંના વયોવૃદ્ધ મેઘવાળ આગેવાનો સાથે ગયેલો. તેમણે એક વાત ઘણા વિશ્વાસ સાથે કરી કે આપણા પૂર્વજો પાસેથી સાંભળેલી વાત પ્રમાણે ખીમરો ને ડાળલડે અહીંના વણકરવાસમાં રહેતા હતા. પરંતુ અહીં અતિ વરસાદ થાય ત્યારે મચ્છુનદીનું વહેણ આપોઆપ બદલાય છે. એટલે જ્યાં રહેતા હોઈએ એ સ્થાન છોડી દેવું પડે છે. છેલ્લે અહીં નદીકિનારે વણકરવાસ અને ભંગીવાસ જએ જેલરોડ પર આવેલ હતો, તેની દીવાલમાં નાનકડી ડેરી

હતી તે ખીમરાનું સમાધિસ્થાન હતું. ૧૯૭૯માં મચ્છુડેમ-૨ તૂટતાં આ સ્થાન, દીવાલ તણાઇ ગયેલ છે. એટલે આજે તો અનુમાનથી એ સ્થાન દર્શાવી શકાય. તે સ્થાન નિશ્ચિત કરી પુનઃસમાધિ મંદિર બાંધનાર કોઈ નથી. આજે ખીમરો થયાના ૭૦૦ વર્ષનાં વહાણાં વાયાં. તેનો ઇતિહાસ અશિક્ષિત મેઘવાળ સમાજ પાસેથી કેમ શોધવો ? જએ સંશોધકોએ સખત મહેનત કરી ઇતિહાસના આધારે લિખિત ગ્રંથો આપ્યા છે તે પ્રમાણોને સ્વીકારવાં પડે.

સંતસમાજમાં, ભજનસાગરમાં અનેક મોતી છે તેમાં ખીમરો-ડાળલદે ઝગમગતાં મોતી છે તેની સાક્ષી ભજનવાણી પૂરે છે.

સંદર્ભ સૂચિ

- ગોહિલ, ડો. નાથાભાઈ (૨૦૧૭), ગુજરાતની આંતરચેતના ભાગ-૧, અમદાવાદઃ નવભારત સાહિત્ય મંદિર

ખીમદાસ બાપુ

રતનદાસજી બાપુના પટ શિષ્ય મહંત ખીમદાસ રઘુરામજીનો જન્મ તા. ૧૧-૦૭-૧૯૨૪ના દિને કેસરડી મુકામે માતા મલુબહેન તથા પિતા રાઘુરામજી રતનદાસના ઘરે થયો હતો. રઘુરામજી તથા મલુબહેનને ખીમદાસજી તથા ગુલાબદાસજી નામે બે સંતાનોને ખૂબ પ્રેમ અને લાગણીથી સીંચ્યા. કારણ કે ખીમદાસ બાપુએ પિતાનું છત્ર જ્યારે માત્ર દસ વર્ષની વયના હતા, ત્યારે ગુમાવ્યું હતું. આર્થિક સ્થિતિ પણ કંઈક સારી કહેવાય એવી નહી.

કેસરડી મુકામે રતનદાસ અને ખીમદાસની મુલાકાત અવારનવાર થતી. વડીલ હોવાની નાતે ખીમદાસજી રતનદાસજીને ગુરૂભાવે નમન કરતા. આધ્યાત્મિકતા માટે ઘણીવાર એમની વચ્ચે ચર્ચાઓ થતી, ત્યારે ખીમદાસને માલુમ પડ્યુ કે રતનદાસ હરિદાસને મારો ગુરૂ છત્ર તરીકે સ્વીકરવા છે ત્યારે તેમની ઉંમર ૩૦ વર્ષની વટાવી ચુકી હતી.

અન્ય વડીલોને સેવામાં સાત વર્ષ ગુમાવ્યા છતાં જ્યારે એમને જ્ઞાન થયું કે મારે શીરે રતનદાસજીનો હાથ હોવો જોઈએ ત્યારે એમને ગુરૂ સ્વીકારી દીક્ષા લીધી. ખીમદાસજીને પણ અક્ષરજ્ઞાન ઓછું હતું. છતાંયે રતનદાસજી પાસેથી મેળવેલુ જ્ઞાન એમને તબલાવાદક અને સિતારવાદક ઉપરાંત ભજનિક પણ બનાવી ચુક્યું હતું.

આશરે ૭૫ વર્ષની ઉંમર વટાવ્યા બાદ ગુરૂએ આપેલ જ્ઞાનનો ફેલાવો કરવાની ઈચ્છા થઈ અને આજે પણ એ ધૂણી ધખાવેલી છે.

ખીમદાસજી પોતાના ગુરૂ રતનદાસ વિશે જ્યારે સંસ્મરણો તાજ કરે છે, ત્યારે તેમની આંખોમાંથી અશ્રુ-ધારા વહે છે અને પોતાના ગુરૂ સાથેનો એ વાર્તાલાપ યાદ કરીને જણાવે છે કે જ્યારે રતનદાસ શિષ્યને કહ્યુ કે આ દેહ થોડ સમય પછી આ સૃષ્ટ્રિ પર નહીં હોય, ત્યારે ખીમદાસએ વિનંતી કરી કે, હે બાપુ, ભીષ્મ અને મોરાર જેવુ કંઈક કરો ને? ત્યારે રતનદાસનો પ્રત્યુત્તર હું ક્યાં કશે જવાનો છું- દેહરૂપે ભલે દૂર થાઉં પણ હું તો અહીં જ છું, આધ્યાત્મિકતા રીતે બધુ અંદર અને બહાર એક જ.

ગુરૂપ્રતમાં કેસરડી ગુરૂગાદીમાં કોઈ મહંત તરીકેના સ્થાનો ઉમેરો ખીમદાસજીને પ્રથમ અંકિત કરી શરૂ થયો અને તે પણ પાંચ ગુરૂગાદીનાં સંતોએ ખીમદાસજીને કેસરડી ગુરૂગાદી માટે મહંતની પદવી એનાયત કરી, જેમાં સને ૧૯૯૬માં બોટાદ ના ગુરૂગાદીના દાના બાપુ, ઝાંઝરકા ગુરૂગાદીના બળદેવદાસજી, સરખેજ ગુરૂગાદીના ભારતી બાપુ, હાથીજણ ગુરૂગાદીના લાલદાસ બાપુ તથા રંગપુર ગુરૂગાદીના સંતનો સમાવેશ થાય છે.

એક વાતની ખાસ નોંધ લેવી ઘટે કે ખીમદાસજીના મહંત તરીકેનું સ્થાન ગ્રહણ કર્યા બાદ કેસરડી ગુરૂગાદીએ પ્રગતિના અને ચમત્કારના શિખરો સર કરવા માંડ્યા છે.

ખુશાલનાથ

જન્મ	: ઈ.સ.૧૯૩૧
જન્મસ્થળ	: વેળજ ગામ, જિલ્લો, ભરૂચ જંબુસર તાલુકો
મુળનામ	: ખુશાલ
જન્મજ્ઞાતિ	: વણકર-અનુસૂચિત જાતિ
માતા-પિતા	: માતા વીરણબેન, પિતા પુંજાભાઈ માવજીભાઈ પરમાર
પરિવાર	: લગ્ન થયાં ને થોડા સમયમાં પત્નીનું અવસાન થયું પછી સંસાર માંડ્યો નથી.
ગુરુનું નામ	: સેવાનાથ
સમાધિ	: તારીખ ૧૮-૬-૧૯૯૧ ધોરાજી મુકામે તેમણે સ્થાપિત જગ્યામાં, (નાગનાથ આશ્રમ, વણકરવાસ પાસે, ધોરાજી.)

'સપ્તભોમ પાર વસત હૈ, પાંચ કોશકી પારા;
મન વાણી ત્યાં નહીં પહોંચે, બુદ્ધિથી રહે વો બારા.'

ગરવા ગિરનારની છાયામાં ફરતા ફરતા આવી અનેક સાધુ-સંતો ઠેરાયા છે. તેમાં ઉપલા સવરામંડપનું સ્થાન સાધનાક્ષેત્રની દૃષ્ટિએ મહત્ત્વનું રહ્યું છે. સવરામંડપની ગુરુગાદીના મહંત શ્રી સેવાનાથ ગુરુ ગોપાલનાથની છત્રછાયામાં રહી નાથસાધના કરવી આગ સાથે બાથ ભીડવા જેવું કઠિન હતું. છતાં તેમની છાયામાં યોગી વૈજનાથ મહારાજ સિદ્ધ થયા હતા. સેવાનાથ મહારાજના ક્રોધની સાથે તેમને મેં તો પ્રેમ વરસાવતા જોયા છે ને માણ્યા છે.

સવરામંડપની સેવાનાથબાપુની જગ્યામાં ફરતો ફરતો ખુશાલ આવી ચડે છે. પ્રથમ તો જગ્યાનાં નાનાંમોટાં કામોમાં જોડાય છે. આવતા યાત્રાળુઓને જમાડવા, વાસણ સાફ કરવાં, ગાયોનું છાણવાસીદું કરવું, જગ્યામાં વાળવું, ચોળવું, સેવાનાથ બાપુના આદેશ પ્રમાણે રહેવું વગેરે.

થોડા દિવસ થયા એટલે સેવાનાથ બાપુએ હાકલ મારી ખુશાલને કહ્યું : 'ભાઈ ! શું કામ અહીં પડ્યો છે ? તારે ઘેર જા, ને પરિવારની સેવા કર.' ત્યારે ખુશાલે તેમની જીવનકથણી બાપુને સંભળાવી.

પૂ. બાપુ ! મારું મૂળવતન ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકાનું વેળજ ગામછે. જાતનો મેઘવાળ-વણકર છું. મારા પિતા પુંજાભાઈ માવજીભાઈ પરમાર સ્વર્ગવાસી થયા છે. મારી માતા વીરમબહેન મોટાભાઈ બાલુભાઈ સાથે સુખેથી રહે છે. મારા પિતાજીએ વેળજ ગામ છોડી આજીવિકા માટે વડોદરાના બકરાવાડીમાં આવીને વસવાટ કર્યો હતો. બકરાવાડીમાં રામાપીરનું મંદિર આવેલું છે તેની સામે મારા પિતાજી પરિવાર સાથે રહેતા હતા.

મોટા ભાઈ બાલુભાઈ અને મારા પિતાજી તથા માતા વીરમબેન કમાણીમાં મજૂરી કરીને સારું જીવન જીવતાં હતાં. હું ઘરમાં નાનો છ વર્ષનો થયો એટલે મારા પિતાએ મને ઈ.સ. ૧૯૩૭માં મદનઝાપા પ્રાથમિક શાળામાં ભણવા બેસાડ્યો. ત્યાં હું પાંચ ધોરણ સુધી ભણ્યો. લખતાં-વાંચતાં આવડી ગયું એટલે ઘણું કહેવાય તેમ માની મને કામે લગાડવાની ચિંતા કરવા લાગ્યાં. નાનું-મોટું કામ કરતાં કરતાં મને યમુના મિલમાં દોરાની સાંધણી કરવાનું કામ મળી ગયું. મિલમાં કામ મળે એટલે આપણા સમાજમાં માન મળતું. તે સમયે

મને કવિતા લખવાનો શોખ ને ગઝલ લખવી ગમે પણ ત્યાં કોઈ વાતાવરણ નહીં, પ્રોત્સાહન નહીં એટલે છોડ વિકસે તે પહેલાં મુરઝાઈ ગયો. તે સમયે ડો. આંબેડકર સાહેબ વિશેની વાતો ક્યાંક ક્યાંક થતી. સમાજસુધારણા વિશેનાં ક્રાંતિકાવ્યો લખેલાં પણ બાપુ ! માયલો ક્યાંય સ્થિર થયો નહીં.

મિલ કામદાર મિત્રોમાં ગોરધનભાઈ પરમાર, રામજીભાઈ વાઘેલા, ચનાભાઈ મકવાણા, મણિલાલ, હરિભાઈ અને શિક્ષણ આપનારા ડાયાભાઈ માસ્તર સાથે બેસવાનું રહે, તેમાં ભજનની વાતો થાય તે ગમે. કબીર રોડ ઉપર કબીર આશ્રમ આવેલો છે ત્યાં અવાર-નવાર ભજનમંડળીઓ આવે તેનાં ભજન સાંભળવા અચૂક જઈએ. ભજન વચ્ચે સત્સંગ ચાલે તેની ચર્ચામાં વાદ-વિવાદ જાગે પણ મહંતો સાથે વાદ-વિવાદ કેમ થાય ?

મારો ભજનનો માર્ગ જોઈ માતા-પિતાને થયું ખુશાલને ખીલે બાંધી દેવો જોઈએ, નહીંતર સંસાર છોડી ચાલ્યો જશે. એટલે માતાપિતાએ વડોદરાના લીંબડીવાળમાં મારાં લગ્ન કરી નાખ્યાં. સંસારી માયામાં પડે ત્યાં લગ્નના થોડા માસમાં મારા પિતા પુંજાભાઈનું અવસાન થયું. પરિવારને મોટો આઘાત લાગ્યો. આ દુઃખની કળ વળી ન હતી ત્યાં મારી પત્ની સ્વર્ગે સિધાવી. માતાની જવાબદારી મોટાભાઈ ને તેમના પરિવારને સોંપી ભગવંત શોધની યાત્રામાં ફરતો ફરતો અહીં આવ્યો છું.

બાપુ ! આપની કૃપા થાય તો સવરામંડપની જગ્યામાં સેવા કરી સાધના કરવાની આશાએ અહીં આવ્યો છું ને મારો માયલો અહીં કોળાયો છે.ખુશાલની કર્મકથણી સેવાનાથ બાપુ સાથે તેમના પટ્ટશિષ્ય વૈજનાથ મહારાજ સાંભળતા હતા. તેમની વિશેષતા એ હતી કે ગુરુ મહારાજની અંદરની ઇચ્છાને ઓળખી શકતા હતા. એટલે વિનયથી થોડું હસતાં હસતાં કહે છે : 'ગુરુ મહારાજ, આપની ઇચ્છા હોય તો ખુશાલ ભલે અહીં રહેતો !' સેવાનાથ બાપુએ થોડા દિવસ ખુશાલને રાખી તેની પાત્રતા તપાસી ગુરુબોધ, મંત્રદીક્ષા આપી 'ખુશાલનાથ' નામનું તિલક કરે છે.

સવરામંડપની જગ્યા સાથે બાળપણથી મારો નાતો જોડાયેલો હતો. સમજો થયો ત્યારથી ખુશાલનાથ બાપુને ઓળખું. જગ્યાનાં સેવાના કાર્યો કરી, ગુરુ મહારાજના આદેશ પ્રમાણે કામ કરતા રહે. પૂજા-આરતીમાં પ્રસાદ કરે નહીં બાકીના સમયમાં નોટ, પેન્સિલ કે પેન રાખી કંઈક લખતા હતા તેનું મને સ્મરણ છે. સાંજના પાંચની આસપાસ ચા પીવાય ત્યારે સેવાનાથ બાપુ મોજમાં હોય તો ખુશાલનાથ તેમની નોટમાં લખેલાં ભજનો સંભળાવતા. મારા પિતાજી ઉકાભગત (પ્રજ્ઞાચક્ષુ) ભજનગાયક એટલે સેવાનાથ બાપુ આદેશ કરતા, ભગત, રામસાગર લે ને ભજન સંભળાવ. આમ આ પરંપરા ને આ માર્ગની મને સમજણ ન હતી ત્યારે જીવતી જોઈ હતી.

વર્ષોની સાધના પછી ખુશાલનાથ મહારાજ વડોદરા ગયા હતા. ત્યાં ખંડેરાવ નવાપરા વણકરવાસમાં સત્સંગ કરી ત્યાંના લોકો માટે વડોદરા મ્યુનિસિપલના સહયોગે રામદેવપીરનું મંદિર, શિવમંદિર તથા બગીચો બનાવડાવી લોકહિતાર્થે અર્પણ કરી જ્ઞાતિસમાજની સેવા કરી હતી.

ગુરુ સેવાનાથ મહારાજ સવરામંડપની જગ્યાના અન્નક્ષેત્ર માટે સમાજમાંફાળો લેવા માટે તથા સમાજને સદ્‌બોધ આપી સમાજજાગૃતિ માટે જતા હતા. ધોરાજી ગામે જવાનું થતું ત્યારે ત્યાંનો મોટો સમાજ મળીને બાપુને વિનંતી કરતો કે અમારા ગામમાં જગ્યા બાંધવામાં આવે ને કોઈ સિદ્ધનાથયોગી આવી તે

સ્થાને રહે તો સમાજમાં વ્યસનના, અંધશ્રદ્ધાના અજ્ઞાનને દૂર કરી સમાજમાં એકતા અને જાગૃતિ લાવે. સેવાનાથ મહારાજે તેમને કહ્યું કે ધોરાજીમાં પ્રથમ શિવમંદિર બંધાવી આપો એટલે એક સાધુને અહીં સેવા-પૂજા માટે મોકલી આપીશ.

ધોરાજીના મેઘવાળ સમાજે સેવાનાથ મહારાજના આદેશ પ્રમાણે સોફરા નદીના કાંઠે, ધોરાજી નગરની પ્રાચીન રાંગ (દીવાલ) પાસે શિવમંદિર બંધાવ્યું. તે પછી ધોરાજી મેઘવાળ સમાજના આગેવાનો જૂનાગઢ સવરામંડપની જગ્યામાં ગયા ને પૂ. સેવાનાથ બાપુને વિનંતી કરી કે મંદિરની સેવા માટે અહીંથી એક સાધુને મોકલો.સેવાનાથ બાપુએ ખુશાલનાથને આદેશ કર્યો કે ધોરાજીમાં શિવપૂજા કરો ને ત્યાં જગ્યા સ્થાપો. ખુશાલનાથજીએ ધોરાજીમાં આવી નાથધૂણો પ્રગટાવી અલખ આરાધના આરંભી. જેને નાગનાથ આશ્રમ જેવું નામ આપી ત્યાં જ કાલભૈરવ, હનુમાનજી, મહાકાળીની સાધના સિદ્ધ કરી. આસપાસનો મેઘવાળ સમાજ વ્યસનથી ઘેરાયેલો હતો, સામાજિક કુરિવાજોથી પીડાતો હતો તેમાં સુધારો લાવવા ઘણા પ્રયત્નો કર્યા.

સમય અવિરત વહેતો રહ્યો છે. કાળ તેનું કામ કરતો રહ્યો છે. ખુશાલનાથ મહારાજે મહાકાળી ને હનુમાનજી મહારાજનાં નાનકડાં મંદિરો બંધાવ્યાં. આશ્રમમાં વૃક્ષારોપણ કરાવી હરિયાળી ઊભી કરી. રાત્રે ભજન ને આવ્યા જનોને ભોજન પ્રસાદની વ્યવસ્થા સ્થાપી ત્યાં કાળનું તેડું આવી ગયું.

તારીખ ૧૮-૦૬-૧૯૯૧ના દિવસે ખુશાલનાથ મહારાજે સંતસમાજ, જ્ઞાતિસમાજને બોલાવી સમાધિ લઈ સ્થૂળદેહ છોડી દીધો. ગુરુ સેવાનાથ મહારાજે શિષ્ય ખુશાલનાથની સમાધિ વિધિ કરી. આજે આ સમાધિ આશ્રમમાં આવેલી છે.

મારે અંત્યજ સમાજના નાથયોગીઓ વિશે લખવાનું થયું ત્યારે રૂબરૂ ધોરાજી ગયો. નાગનાથ આશ્રમની મુલાકાત લીધી, ત્યાં સેવા કરનાર માતાજીને મળ્યો. આ આશ્રમ અને ખુશાલના અંતેવાસી ગોવિંદભાઈ રાઠોડને મળ્યો તેમની પાસેથી અપ્રાપ્ય 'રજ ખુશાલ ભજનાવલી' મળી જે ખુશાલનાથ બાપુની ભજનરચનાઓ છે જેનો આ તકે ગોવિંદભાઈ ને તેમના પરિવારનો આભાર પ્રગટ કરું છું. ખૂટતી માહિતી મેળવવા પીએચ.ડી.ના વિદ્યાર્થી નરેન્દ્ર પરમારને કામ સોંપ્યું. તેમણે વડોદરા નિવાસી પુષ્પાબહેન વાઘેલા (યુનિયન બેંકના કર્મચારી) કે જે ખુશાલનાથ બાપુના પરિવાર સાથે જોડાયેલાં છે, તેમણે ઘણી માહિતી ખુશાલનાથના પૂર્વજીવન વિશેની આપી તેમનો અહીં આભાર પ્રગટ કરું છું.

ખુશાલનાથ મહારાજ ભજનના સર્જક રહ્યા છે તે સાહિત્યની દૃષ્ટિએ મૂલ્યવાન છે. 'રજ ખુશાલ ભજનાવલીમાં ૧૭ સાખીઓ, ૧૪૫ ભજનરચનાઓ, રેખતા ૧૭ આપેલા છે. ખુશાલનાથની ભજનવાણીમાં ગુરુ મહિમા તો હોય જ પરંતુ તેની સાથે જન્મગત સંસ્કારની અલખઆરાધના, રામદેવપીર મહિમા, જ્યોતપાટ ઉપાસના જોવા મળી છે. પ્રેમલક્ષણા ભક્તિનું અદ્ભૂત સાયુજ્ય થયું છે એથી વિશેષ તેઓ સાધક નાથયોગી હોવાથી યોગસાધના દર્શાવતાં તેમનાં ભજનો નોંધપાત્ર છે.

સંદર્ભ સૂચિ

- ગોહિલ, ડો. નાથાભાઈ (૨૦૧૭), ગુજરાતની આંતરચેતના ભાગ-૧, અમદાવાદ: નવભારત સાહિત્ય મંદિર

ભગત શ્રી ખેતાબાપા

ખેતાબાપાના સમય આજથી ૧૨૦ વર્ષ પહેલાંનો, તેમણે જીવતાં સમાધિ આજથી ૩૯ વર્ષ પહેલાં લીધી હતી એટલે તેના સાક્ષીઓ મારી સામે બેઠા હતા. તેમની વાતો કોઈ પણ ઢાંકપિછોડા વિનાની હતી.

ખેતાબાપા સીધા, સાદા, મજૂરી કરી ગુજરાન ચલાવતા, તેમની કડવી-મીઠી સંસારલીલા ચાલતી હતી. ખેતાબાપાના પિતાનું નામ કરશનભાઈ મગરા અને માતાનું નામ દેશીમાં હતું. ખેતાબાપાના એક ભાઈ રાજાભાઈ અને એક બહેન મકુબેન હતી. ખેતાબાપાનાં પ્રથમ લગ્નથી ગેલાભાઈ નામનો દીકરો જન્મ્યો હતો જે પરિવારે કોયલાણાની નજીક નાદરખા ગામે કાયમી વસવાટ કરેલ છે. ખેતાબાપાએ બીજાં લગ્ન જીવીબાઈ સાથે કરેલાં. તેમનાથી ચાર દીકરીઓ રાણીબેન, ડાયબેન, શાંતિબેન અને કેસરબેન તથા એક દીકરો અરસીભાઈનો જન્મ થયો હતો.

દીકરો અરસી માનસિક રીતે વિકલાંગ થતાં, લગ્ન કર્યા પછી થોડા સમયમાં ઘર છોડી ચાલ્યો ગયો છે. તેના કોઈ વાવડ નથી. ખેતાભગતે પરિવારની જવાબદારી સખત મજૂરી કરીને નિભાવી. ચાર દીકરીઓનો તહેવાર કરવામાં ઘણી મુશ્કેલીઓ પડી હતી. અંતે તો ખેતાભગત ને તેમનાં પત્ની જીવીબાઈ મજૂરી કરીને ગુજરાન ચલાવતાં હતાં.

મેઘવાળ સમાજ પાસે તેમની વંશવારસાગત મહાપંથની આરાધના છે જે આજે વિસ્તરીને રામાપીરનો પાટ, મંડપ આરાધના સુધી પહોંચી છે. આ મેઘવાળ સમાજને તેમનો સાધુસમાજ છે. આ સાધુઓ પાસેથી પરંપરાગત ગુરુની કંઠી ધારણ કરવાની હોય છે. જ્યારે ઘરમાં જ્યોત પાટ મંડાયો હોય ને તેમના પરિવારના સાધુ પાટની ગુરુગાદીએ બેઠા હોય ત્યારે રાત્રીના બારના સમયે પરિવારમાંથી જેમણે ગુરુ ધારણ ન કર્યા હોય તેમને વિધિવત ગુરુબોધ અપાય છે. નાનકડા દીકરા-દીકરી ઉપર ગુરુસાધુ માથે હાથ મૂકી તેને શિષ્ય બનાવે છે. આવી પરંપરાના ભાગરૂપે ખેતાભગતના ગુરુ નાનડિયા નિવાસી સાધુ મલકદાસ બાપુ થયા હતા.

સાધુ સમાજમાં મલુકદાસબાપુ અગ્રણી ગણાતા હતા. ગામડે ગામડે વરસમાં એક વખત તેમની પધરામણી થાય. રાત્રે ભજન ગવાય ને ભજન વિશે સત્સંગ પણ થાય, તેમાં ભાવિક ને પાત્રતા ધરાવનારને સાધુ ગુરુ નામસ્મરણ આપતા હોય છે, આ નામસ્મરણથી અંતરનાં દ્વાર ખૂલી જતાં હોય છે. મૃત્યુના ભયમાંથી મુક્ત થઈ જતા હોય છે એટલું જ નહીં પણ મૃત્યુના સમયને પારખી સમાધિ લઈ શકતા હોય છે. બીજી એક શક્યતા એ પણ દર્શાવી શકાય કે તે સમયે માંગરોળમાં સિદ્ધ માનદાસબાપુ – મુંજાભગત થઈ ગયા તેમનું ભ્રમણ ગામડે ગામડે થતું. તેમની કૃપા અનેક ઉપર ઊતરી હતી. તેવા સિદ્ધનો સ્પર્શ પણ ભોળાભક્તોને હરિના ધામ સુધી પહોંચાડે છે,

ખેતાબાપાની ગામમાં છાપ ભગતની, મજૂરી કરતા રહે ને પેટિયું ભરે. તેમાં રાત્રે વાળુ કરીને કોયલાણાનું મેઘવાળ પંચ ભેગું થાય છે, ચા-પાણી પીવાયા ને પંચની પરસાદી – રામદેવપીરનો પાટ રાખવાનું આયોજન થયું. પંચના સગાવહાલાંને નિમંત્રણ આપવાનું થયું ત્યારે ખેતાબાપા બોલ્યા:

'ભાઈ, આ આવે વૈશાખી અજવાળી બીજની પરસાદી કરવાનું કહો છો ?' બધા બોલ્યા, "હા બાપા, તમારે કાંઈ વાંધો છે ?' ભગત : "ના બાપા ! વાંધો લેનારો કોણ ? ને ભગવાનના કામનો વિરોધ મારાથી થાય નહીં." આ સમયે પંચના આગેવાને ભગત બાપાને કહ્યું : "બાપા ! મનમાં જે હોય તે વાત કરો તો સમજણ પડે."

ખેતાભગત સમાજ સામે હાથ જોડી બોલ્યા : "નાત ભગવાન ! આ વૈશાખી બીજના દિવસે મારે અલખધણીનાં તેડાં આવે છે ને તે દિવસે મારે સમાધિ લેવાની છે." આ પાટ-પરસાદીને દિવસે સવારે હું દેહ છોડી દઉં એટલે રાત્રે મારો ભંડારો પણ થઈ જાય.' ભગતની વાત સાંભળી સભામાં મઝાક થવા લાગી ને હાસ્યનું મોજું ફરી વળ્યું. જુવાનિયાઓ માંથી અવાજ આવ્યો કે માંડ માંડ પરસાદીનો જોગ કરી આનંદ ઉત્સવ કરીએ છીએ તેમાં તમે મરવાની વાત કરી અમારો પ્રસંગ બગાડી નાખો છો. મરવું હોય તો પછી મરોને

ખેતાભગતને યુવાનોની વાત સાચી લાગી. થોડો સમય તેઓ મૌન થઈ ગયા. મનોમન અલખધણીને પ્રાર્થના કરીને તે પછી બોલ્યા : "સારું ભાઈઓ, તમે બીજની પરસાદી ને રામાપીરનો પાટ ભરી લ્યો ને તે પછી આવતી અગિયારસ એટલે કે આ આવતી અજવાળી અગિયારસને દિવસે સમાધિ લઈ હું દેહ છોડી જઇશ. આ વાતને કોઈએ ગંભીરતાથી લીધી નહીં. ખેતાબાપાને હવે એંશી ઉપર વરસો થયાં એટલે માથે મોત દેખાય છે.

કોયલાણા ગામે વૈશાખી બીજની પાટ-પ્રસાદી થઈ ગઈ. લોકો સૌના કામે લાગી ગયા ને ખેતાભગતની સમાધીની વાત મઝાકમાં નીકળી ગઈ. ગામ અને મેઘવાળ વાસમાં દશમની સાંજે કેટલાક લોકોને વાત કરી પણ કોઈએ આ વાતમાં ધ્યાન દીધું નહીં. છેવટે ખેતાભગતે તેમની પત્ની જીવીબાઈને વાત કરી કે સવારે મારે સમાધિ લેવાની છે તો તું ઘેર રોકાજે, કામે જતી નહીં. જીવીબાઈ આ સત્યને માણી શકે તેટલી સમજ ધરાવતાં ન હતાં. તેમણે કહ્યું : "તમારે જે કરવું હોય તે કરજો, હું મૂલ (મજૂરી) પાડવાની નથી.'

વિ. સંવત ૨૦૩૨ વૈશાખ સુદી અગિયારસ ને સોમવારની સવાર થઈ. ખેતાભગતે જાતે સ્નાન કરી લીધું. નિત્યની માળા-નામસ્મરણ કરી લીધું. ઘીનો દીવો ને અગરબત્તી કરી પ્રભુ સામે થોડા કાલાવાલા કરી લીધા ને ગામમાં ગયા. ગામમાંથી દુકાને જઈ નાળિયેર, સાકર, અબીલ, ગુલાલ લાવ્યા ને વેપારીને કહ્યું, ભાઈ ! મારે આજે સમાધિ લેવાની છે. ગામમાં જે મળ્યા તેને મારા આ છેલ્લા સીતારામ છે એમ કહ્યું. વાસમાં જે મજૂરીએ ન ગયા હોય તેવા વૃદ્ધો ઘેર હતા તેમને પણ મળી લીધું તે પછી લોકોને થયું કે જે હોય તે આપણે તેને ઘેર જઈને બેસીએ.

વાસના લોકો આવ્યા, ગામના સમજણ આવ્યા. સીમમાં વહેતી વાત પહોંચીને મજૂરીએ ગયેલા સૌ ઘેર આવી ગયા. જીવીબાઈ પણ આવી ગયાં ને ભગતને કહ્યું: તમારા માટે ખીચડી બનાવી દઉં? ત્યારે ભગત બોલ્યા, "જીવી ! પલ ચૂકાઈ ગઈ. હવે તો આ કાકાવાળી ખીચડી કહેવાય.'

સંદેશો ગુરુ મલુકદાસને નાનડિયા પહોંચાડ્યો હતો એટલે ગુરુ આવી ગયા હતા. આસપાસના ગામોને ભક્તો પણ આવી ગયા. હવે ભગતનું રૂપ બદલાઈ ગયું, વાણીમાં મીઠાશ આવી ગઈ. સાંજના પાંચ થવા આવ્યા ને ભગતની આંખ બદલાણી. ઘરમાં દીવાલ હતી ત્યાં આસન પાથરી પૂર્વાભિમુખ પલાંઠી વાળી બેસી ગયા. તે પછી બોલ્યા : "ગતગંગા! તમારા સૌની માફી માંગું છું. મારી કોઈ ભૂલ થઈ હોય તો માફ કરજોને સમાજને લાગે તો મારા સ્થુળદેહને સમાધિ આપજો અથવા આપણા મસાણમાં દાટી દેજો. પણ એક વાત. ત્યાં નિશાની રૂપે ધજા રાખજોને ત્યાં શ્રદ્ધાથી જે આવશે તેનાં દુઃખ મારો લીલા નેજાવાળો પૂરાં કરશે."

ભગતે હાથમાં નાળિયેર લીધું. બન્ને આંખો બંધ કરી. જય સિયારામનો નાદ કર્યો ને પ્રાણને સંકેલી સમાધિસ્થ થઈ ગયા. સૌ કોઈએ ખેતાભગતની જય બોલાવી. ધૂન ને ઢોળ ગવાવા લાગ્યાં.

ગામમાં સુથાર પાસે જઈ સમાધિ પાલખી ઘડાવી, દરજી પાસે ભગવો બલકો તૈયાર કર્યો, સૌ કોઈ નાળિયેર ને ગુલાલ લાવ્યા. મેઘવાળ વાસ પાસે ખુલ્લી જગ્યામાં સમાધિનો ખાડો તૈયાર કરવામાં આવ્યો. ગામ અને વાસમાં સમાધિની પાલખી ફેરવવામાં આવી, સમાધિમંત્રો સાથે ખેતાબાપાને સંવત ૨૦૩૨, વૈશાખ વી અગિયારસ ને સોમવારે રાત્રે સમાધિ આપવામાં આવી. આ સ્થાને આજે સમાધિ મંદિર બાંધવામાં આવ્યું છે.

ગુણીજનો જીવતાં બહુ ઓછા ઓળખાયા છે. તેમાં ભક્તો તો સંસારમાં રહી સામાન્ય માણસની જેમ જીવન જીવતા હતા. ઘણી વખત તો તે સામાન્યજનથી પણ સામાન્ય બની જતા જોવા મળ્યા છે. તેમની ઓળખ જીવતાં સમાધિ લીધા પછી થતી જોવા મળી છે. આવાં સમાધિસ્થાનો લોકોની શ્રદ્ધાનું સ્થાન બની ગયેલ છે. આસપાસના પંથકમાં રહેતા લોકોને કોઈ દુઃખ આવી પડે ત્યારે ખેતાબાપાની સમાધિએ આવી સંકલ્પ કરી જાય છે ને સારું થવાનું લોકો માને છે. - આજે કોયલાણાનો મેઘવાળ સમાજ દર વરસે ખેતાબાપાની પૂણ્ય તિથિ ઊજવે છે. આખું પંચ સાથે જમે છે અને રાત્રે નામાંક્તિ ભજનિકોને બોલાવે છે. તેમનાં ભજન સાંભળીને સાથોસાથ સામાજિક જાગૃતિ, શિક્ષણ ને એકતાની વાતો થાય છે જે સમાજને માટે જરૂરી છે.

ખેતાબાપાનું મૂળ મકાન પડી ગયું. તેમનાં પત્નીનું અવસાન થયું ને દીકરીઓ સૌ સૌને સાસરે હતી ત્યારે આ ઘરને કોણ સાચવે ? કોયલાણાના વાસના ભાઈઓએ પતરાવાળો મોટો ઓરડો કરી તેમાં ખેતાબાપાનો પલંગ ઢાળી રાખ્યો છે. તેમની દીકરીઓ વારે-તહેવારે આવે તો આશરાનું સ્થાન બંધાઈ ગયું છે. ખેતાભગતની એક સ્મૃતિ આમ જળવાઈ રહી છે. કેશોદમાં મારી સામે રહેતા સોમાભાઈ મગરા આ માહિતી મેળવવા સહાયક થયા તેનો આભાર પ્રગટ કરું છું.

સંદર્ભ સૂચિ

- ગોહિલ, ડો. નાથાભાઈ (૨૦૧૭), ગુજરાતની આંતરચેતના ભાગ-૨, અમદાવાદઃ નવભારત સાહિત્ય મંદિર

ખેમદાસજી

આદરણિય સંત ખેમદાસનો જન્મ વિક્રમ સંવત ૧૯૧૮ આસો સુદ દશમના દિવસે મહેસાણા જિલ્લના ખેરાલુ તાલુકાના વલાસણા ગામે થયો હતો. તેમના પિતાનું નામ અંબારામ અને માતા મોંઘીમાં હતા. પિતા અંબારામજી આધ્યાત્મિક અને ધર્મપારારણ જીવન જીવતા હતા અને જયપુર પાસેની ગુલતા ગાદીમાં અવાર-નવાર જતા હતા.

સાધુઓનો જમેલો રોજ મળી ભજનાનંદમાં રહેતા હતા. તે જ સંસ્કાર બાળપણથી ખેમચંદદાસજીમાં ઉતરી આવ્યા હતા. બાળપણથી જ માં સરસ્વતિ ખેમદાસજીની જીભે વસી ગયા હતા. પિતાની આજ્ઞાથી ખેમદાસજીએ ઈડરીયાગઢની ગુફામાં બે વર્ષ તપ કરી એકાંતવાસમાં રહ્યા. ઈડરથી પાછા ફર્યા પછી લોકો તેમને પૂજ્ય ભાવથી જોવા લાગ્યા. ગામડાઓ અને અમદાવાદ શહેરમાં ઠેર=ઠેર તેમના સામૈયા થવા લાગ્યા. પરંતુ ખેમદાસજીને મન માન અને અપમાન બંને સરખા હતા. તેમને તો હજું આગળ વધી ઘણુ બધું પામવું હતું. આથી ખેમદાસજીએ સંત ત્રિકમ સાહેબની જગ્યાના ખાન સાહેબ પાસેથી વિધીવત ભેખ લઈ લીધો.

ખાન સાહેબને, ખેમદાસજી પ્રિય હતા, તેમણે મોજમાં આવીને ખેમદાસજીને ઝોળી ભેટ આપી હતી, જે ઝોળી હાલ પણ મોજૂદ છે. છઠીયારડાવાળા બાલક સાહેબ અને ખેમદાસજી ગુરૂભાઈ થતા હતા, તેથી ઘણીવાર બંને વચ્ચે સત્સંગ થતો હતો.

વિસનગરવાળા સૂફી સંત કાજી અનવર, સિંધવાળા મોજીરામ બાપુ, વડાવલીના સંત ઘેલદાસજી, પાટણ મોહન છબીલાની જગ્યાના સીયોલા સાધુ ત્રિકમ દાસજી જોડે સત્સંગ કરતા.

પખવાજ ઉપર ગાવું તે તેમની વિશિષ્ટતા હતી. અમદાવાદ જગદીશ મંદિરના મહંત નરસિંહદાસજીને જાણવા મળ્યું કે ખેમદાસજી પૂજનીય છે. છતાં પણ પરિક્ષા કરવા બે મુડીયાને મુખીની ચાલી ખેમદાસજીની પથારી હતી, ત્યાં મોકલ્યા. ખેમદાસજીને મંદિરમાં લઈ જઈ જરૂરિયાત કરતાં વધારે ગાંજો મસળાવી ખેમદાસજીને ચલમ આપી. ખેમદાસજી એક જ સટાકે ચલમ ખાલી કરી બાપુ નરસિંહદાસજીને ઠપકો આપ્યો, પછી તે જ દિવસથી તેમણે ગાંજો પીવાનું બંધ કરી દીધો.

સંત નરસિંહદાસ અને ખેમદાસજીએ ખૂબ સત્સંગ કર્યા પછી છૂટા પડ્યા. હાલ પણ જગદીશ મંદિરમાં ખેમદાસજીના વંશજોને ત્રણ પેઢી વીત્યા છતાં પણ માઈકા કુટુંબ કહીને જગદીશ મંદિરના મહંત બોલાવે છે. સમૌના રાવત શિષ્ય, જહાભાઈને તેમના જ ઘરે સિંહ સ્વરૂપે દર્શન આપ્યા, આમ તેઓ યોગ વિદ્યાના જાણકાર સિદ્ધ પુરૂષ હતા.

ગુરૂદેવની આજ્ઞાથી તેમના લગ્ન ગામ કુવાસણાના જમનાબાઈ સાથે થયા હતા. તેમને બે સંતાન ૧. કાળીદાસ અને ૨. ત્રિકમદાસ અને વિક્રમ સંવત ૨૦૧૪ ભાદરવા વદ બારસ તા. ૧૦-૧૦-૧૯૫૮ શુક્રવારના દિવસે ખેમદાસજી સમાધિષ્ઠ થયા.

સમાધિષ્ઠ થયા બાદ વિસનગર તાલુકાના ભાલક ખાતે વણકર શિષ્ય બહેચરદાસ, રહેવાસી અમદાવાદ ફૂલચંદની ચાલીમાં મળીને આશીર્વાદ આપ્યા.

તેમની વૈકુંઠી વાજતે-ગાજતે સાધુ સંતો ગત ગંગાની અપાર હાજરી કાઢવામાં આવી હતી. વૈકુંઠી જગદીશ મંદિર આવતાં જ મહંત નરસિંહદાસ પોતે બહાર આવી વૈકુંઠીને હાર ચઢાવી પુજા કરી હતી.

ગિરનારી અમરગીરી

લીંબડી તાબેનું શિયાણી ગામ. સાવ નાનું અને બહુ મોટું પણ ન કહી શકાય તેવું ગામ. ગિરનારીશ્રી અમરગીરીના પ્રાગટ્યથી આ ગામની એક આગવી ઓળખ ગિરનારી સાધુઓમાં થઈ ગઈ.

આજથી ૬૦ વર્ષ પહેલાં આશરે સંવત ૨૦૦૪માં શિયાણીના એક વણકર શ્રી લઘરભાઈ કાળાભાઈ સોલંકીને ત્યાં એક દિવ્ય આત્માએ જન્મ લીધો હતો. લઘરભાઇને પાંચ દીકરા અને પાંચ દીકરીઓ હતી. લઘરભાઈ અને મોતીબેન વણાટકામ કરી વેજા બનાવે છે. ક્યારેક નાની-મોટી મજૂરીએ જાય છે અને દિવસો પસાર થાય છે. રોજ સવાર-સાંજ રામદેવપીરની દેરીએ આરતી પૂજા કરવી એ લઘરભાઈનો નિત્યક્રમ હતો. સાત્ત્વિક જીવન અને સેવાપૂજાના લઘરભાઈના સંસ્કારનું સિંચન બાળક અમરા પર વધુ પડશે તેની કોઈને કલ્પના ન હતી.

દરેક ગામમાં સામાન્ય રીતે જુવાનિયા ભેગા થઈ ટોળટપ્પાં કરતા હોય છે. મજાક મશ્કરી કરતા હોય છે, તેવી જ રીતે અમરો પણ તેમની પંગતમાં બેસી ગયો છે. ભગત કહી શકાય કે નિર્મોહી કહી શકાય તેવું કોઈ ચિહ્ન અમરામાં દેખાતું નથી. ચૌદ-પંદર વરસનો અમરો તેની યુવાનીના દિવસોમાં પ્રવેશ કરી રહ્યો છે. સારાં કપડાં પહેરવાં, સરસ મજાના સ્ટાઇલિશ વાળ ઓળવવા અને શરીરને સુદૃઢ અને આકર્ષક બનાવવું, તેવું મનોમન નક્કી કરી અમરો બેઠો હોય તેવું લાગતું હતું.

અમરાના પિતા લઘરભાઈએ અમરાથી મોટા ત્રણ દીકરા અને બે દીકરી પરણાવી દીધી હતી અને હવે માયાના બંધનમાં બાંધવાનો વારો અમરાનો હતો. લઘરભાઈએ અમરાના વિવાહની તૈયારી કરવા માંડી હતી. ક્યાંક સારી કન્યા -.મળી જાય તો આ વરસે અમરાનો વિવાહ કરી નાખું તેમ લઘરભાઈએ નક્કી કરી નાખ્યું હતું. અમરાને પણ આ વાતની જાણ થઈ ગઈ હતી, પરંતુ તેમનામાં શું વાત રમી રહી છે તે જાણવા દીધું નહીં.

અને અચાનક એક દિવસ અમરો તેના બાપુ પાસે આવી કહે છે : "બાપુ મારે વિવાહ કરવા નથી.'' પિતાએ કારણ પૂછ્યું તો તેનો જવાબ અમરો ન આપી શક્યો. કારણ કે તેના વિધિના

લેખ શું લખ્યા હતા તેં એ પણ ક્યાં જાણતો હતો ? એને તો જે મનમાં આવ્યું તે કહી દીધું હતું. ઘરમાં બધાંને ખબર પડી ગઈ હતી કે અમરો લગ્ન કરવાની ના પાડે છે.

એક દિવસ અમરાએ તેના બાપુને આવી કહ્યું : "બાપુ, મારા નાના ભાઈ ખોડાના લગ્ન કરી નાખજો. હું આ ઘર અને સંસાર છોડી જાઉં છું ! આ જગત જ્યાં મને લઈ જશે ત્યાં હું જઈશ." એમ કહી અમરાએ કોઈ દિશા નક્કી કર્યા વગર વાટ પકડી. ચાલતા ચાલતા તે વડોદરા પાસેના સુમનપુરા ગામે જઈને રોકાયા અને વગડામાં એક સ્થળે રામાપીરના નામનો ધૂણો ધખાવ્યો. આસપાસના ગામના લોકોને ખબર પડી. અમરાએ મૌનવ્રત ધારણ કર્યું છે. દિવસ દરમ્યાન એક ટાણા ફક્ત દૂધ આરોગે છે. અનાજ કે ફળ ખાતો નથી. એની ઉંમરનું હજી ૧૯-૨૦મું વર્ષ પસાર થઈ રહ્યું છે. ભરયુવાનીમાં જોગી બન્યો અમરો. લોકો તેની પાસે રોજ આવે છે અને આવા યુવાન વયના સંસારત્યાગી જોગી પર વારી જાય છે. રોજ સાંજે અને રાત્રે આ ધૂણા પાસે ભજનની રમઝટ બોલાય છે. એમ કરતા કરતા છ મહિના પૂરા થાય છે. છ મહિનાનું મૌનવ્રત છોડવાનો સમય આવ્યો. એટલે તે દિવસે ત્યાં રામાપીરના ચરણની સ્થાપના કરી આખાય સુમનપુરા ગામના

સર્વ વર્ણના લોકોએ ભેગા થઈ એ સ્થળે ઉત્સવ ઊજવ્યો. ઉત્સવની પૂર્ણાહુતિ થતા અમરાએ ગામ લોકોને આ સ્થળ છોડવાની જાણ કરી. લોકોનો આગ્રહ ઘણો હોવા છતાં અમરાએ સાધુ તો ચલતા ભલાનો નિયમ અને ન્યાય પાળ્યો.

ગુજરાતમાં અનેક સ્થળે પગે ચાલીને ફરતા ફરતા સત્સંગ કરતા કરતા જૂનાગઢ ભવનાથની તળેટીમાં આવ્યા. સમગ્ર ગુજરાતમાં પરિભ્રમણ કર્યું, પરંતુ હજી સુધી અમરાને તેના દિલમાં વસી જાય અને તેના આત્માને ઢંઢોળે તેવા ગુરુદેવ મળ્યા ન હતા અને તેવી સ્થિતિમાં ફરતા ફરતા જૂનાગઢ-ભવનાથના મંદિરે આવ્યો. આ મંદિરમાં તેને સોમગીરી નામના મહાન તપસ્વી સાધુ મહાત્મા મળ્યા. અમરાને જે જોઈતું હતું તે હવે મળ્યું તેવું લાગ્યું. સાચા સદ્‌ગુરુની શોધ પૂરી થઈ અને એક દિવસ ગુરુ સોમગીરી પાસે તેમણે વિધિવત્ દીક્ષા લીધી અને અમરગીરી કહેવાયા.

ગુરુદીક્ષા લઈને અમરગીરી મહાત્મા બની ગયા હતા. હવે તેમના દિવ્ય શક્તિનો સંચાર થયો હતો. જીવનના મર્મને જાણવા માટેની તાલાવેલી વધી હતી. અમરગીરીએ ભ્રમણ ચાલુ કર્યું. ગુજરાતમાં અનેક સ્થળે ફરતા ફરતા તેઓ ડાકોર પાસે લસુંદરામાં આવ્યા. અહીં તેમણે ધૂણો ધખાવ્યો અને ભજનકીર્તન કીધું. ત્યારપછી તેઓ રાંધેજા ગામમાં આવ્યા. અહીં તેમણે તપકરી અને આશાપુરા માતાની સ્થાપના કરી. ત્યાંથી ફરી સાધુ તો ચલતા ભલા એ ન્યાયે તેઓ સૌરાષ્ટ્રમાં આવ્યા અને સૌરાષ્ટ્રની પવિત્ર ભૂમિમાં જ્યાં પાંડવો વનવાસ દરમ્યાન રોકાયેલા અને હેડંબા સાથે ભીમસેને સંસાર માંડ્યો હતો એ જ હેડંબા વનમાં અમરગીરીએ ધૂણો ધખાવ્યો. આ સ્થળે તેમણે આકરી તપશ્ચર્યા કરી અને તપશ્ચર્યાને અંતે એવું કહેવાય છે કે તેમને આ સ્થળે એક ગેબી પુરુષ મળ્યા અને તેમને આગમસિદ્ધિ પ્રાપ્ત થઈ.

સિદ્ધિ પ્રાપ્ત થતાં અમરગીરી વિચરણ કરતા કરતા તેમના મૂળ ગામ શિયાણીમાં આવ્યા અને શિયાણીના સીમાડે વગડામાં ધૂણો ધખાવ્યો. ગામમાં આ વાતની જાણ થઈ. લોકોનાં ટોળેટોળા આવવા લાગ્યાં અને અમરગીરીના સિદ્ધ સ્વરૂપને નીરખવા લાગ્યાં. બધી નાતના લોકોએ અમરગીરીનાં દર્શન કર્યાં. તેમના સિદ્ધ સ્વરૂપની ઓળખાણ થઈ એટલે ગામલોકોએ અમરગીરીને ગામમાં આવી ધૂણો ધખાવવા અને અલખ જગાવવા કહ્યું. લોકોના આગ્રહને વશ થઈ અમરગીરી ગામમાં આવ્યા.

અમરગીરીની પ્રેરણાથી અને ભક્તોના સહકારથી સંવત ૨૦૩૬ના ચૈત્ર સુદ રામનોમના દિવસે રામાપીરની પ્રાણપ્રતિષ્ઠા શિયાણી ગામના કોળી પટેલ શ્રી ભીખાભાઈ ભગવાનભાઈના વરદ હસ્તે કરવામાં આવી અને આ સ્થળે સદાવ્રતમાં આવેલા સાધુ-બ્રાહ્મણોને ભોજન, ભજન અને વિશ્રાંતિનો પ્રબંધ કરવામાં આવ્યો છે. ત્યારે શિયાણીના જીવરામ આચાર્યએ અમરગીરીના ગુણ ગાતાં કહ્યું :

દોહો

આગળ કો આતમો, કરમ બંધ કરાર
અમરગીરી થયો ઓલિયો, આવી ધર્યો અવતાર

ગામના લોકો અમરગીરીને એક પ્રતાપી સંત પુરુષ તરીકે ઓળખી ગયા હતા. પરંતુ સમાજના અન્ય લોકોને હજી આજ સુધી આવા ફક્કડ ઓલિયા મહાત્માની ખબર નથી. તેમના પર અનેક ભજનો અને સાખીઓ પણ રચાયેલી છે. શ્રી જીવરામ આચાર્યકૃત શ્રી અમરપ્રકાશ અને પ્રેમવાણીમાં તેમના વિશેવિગતવાર વર્ણન આપેલ છે.

ગુરૂ ભગવાન (મેઘવાળ સમાજની મહાન ગુરુગાદી)

(રામાનુજન વૈષ્ણવ સંપ્રદાય)

ઉત્તર ગુજરાતના મહેસાણા શહેરથી ત્રણ કિલોમીટરના અંતરે આવેલા લાખવડ ગામમાં અત્યંજ સમાજની વર્ષો જુની કુબાવત ગુરૂગાદી આવેલી છે. જે ઉત્તર ગુજરાતના અત્યંજ સમાજના સાધુઓની વડી ગુરૂગાદી કહેવાય છે.

આજથી સેંકડો વર્ષ પૂર્વે રાજસ્થાનના જયપુરમાં આવેલી 'ગુલતા' ગાદી નાગાબાવા અખાડાના બ્રહ્મચારી સંત ગુરૂ ભગવાન ધર્મપ્રચાર માટે પગપાળા યાત્રા કરતા-કરતા ગુજરાતમાં અમદાવાદ આવ્યા હતા. તે સમયે અમદાવાદમાં અહમદશાહ બાદશાહનું રાજ હતું. ગુરૂ ભગવાન સાબરમતી નદીના કિનારે બાવા લોલંગીરના આરે એક પગે ઊભા રહી તપસ્યા કરતા હતા. કહેવાય છે કે, સિપાહીઓને આ વાતની જાણ બાદશાહને કરી એટલે બાદશાહ ગુરૂ ભગવાન પાસે આવ્યા.

ગુરૂ ભગવાને તેમની જોળીમાંથે સેરલો કાઢી વરસાવીને પ્રમાણ આપ્યું. અમદાવાદનો બાદશાહ ગુરૂ ભગવાનના ચરણોમાં નમી પડ્યો. તે વખતે સાબરમતી નદી ચારેય કાંઠે બહેતી હતી. ગુરૂ ભગવાને અંચળો કાઢી નદીના પાણી પર પાથરી અને ચાખડીઓ પહેરી નદીના જળમાં ચાલીને વાડજ પાસે જઈ સમાધિ લીધી. આજે પણ વાડજ સ્મશાન પાસે ગુરૂ ભગવાનની સમાધિની ડેરી આવેલી છે અને આજ ગુરૂ ભગવાને સ્થાપેલી વૈષ્ણવ સંપ્રદાયની કુબાવત ગુરૂગાદી લાખવડમાં આવેલી છે.

આજ સંપ્રદાયના બ્રહ્મચારી સંત શ્રી સેવાદાસ બાપુએ લાખવડ ગામેથી ધર્મપ્રચાર માટે પગપાળા યાત્રા શરૂ કરી જૂનાગઢ પહોંચ્યા હતા. ત્યાં સેવાદાસ બાર્પુ મૃગીકુંડમાં સ્નાન કર્યું અને પછી તપ કર્યું. ત્યાર બાદ સવામણનો ઘંટ હાથની ટચલી આંગળીએ ભરાવીને ગિરનાર પર્વતના નવહજાર નવસો નવ્વાણું પગથિયા ચડીને ગુરૂ દત્તાત્રેયના ધુણા પાસે સ્થાપ્યો હતો. જે 'ઘંટ' આજે પણ ત્યાં મોજુદ જોવા મળે છે તથા તેના પર સેવાદાસ બાપુનું નામ લાખવડ ગુરૂગાદી એવું કોતરેલું સ્પષ્ટપણે જોવા મળે છે.

આ ગુરૂગાદીમાં ખલેલી સાહેબ, ધરમદાસ, વલમદાસ છગનીરામ, લાલદાસ, નરભેરામ, રામદાસ, માધવદાસ, મંછારામ, પુરણદાસ, જાનકીદાસ, સેવાદાસ, રણછોડદાસ, વીરદાસ, તુલસીદાસ, ખુશાલદાસ, નાનકદાસ, ધુળદાસ, સુધી (નાદના) બ્રહ્મચારી સંતો રહ્યા છે. ત્યાર બાદના રૂપદાસ બાપુથી સંસારી થયા તેમના પછી મોહનદાસ, મોતીરામ, મૂળદાસ, નાનકદાસ બાપુ વર્તમાનમાં ગાદી શોભાવી રહ્યા છે.

સંદર્ભ સૂચિ

- રાઠોડ, નરેશભાઈ ખેમાભાઈ અને દામોદરનાથજી ગુરૂ મંગલનાથજી (સંપા) (૨૦૧૫), દિલ દરિયાના મોતી, મહેસાણાઃ સ્વ. મોહનલાલ જેઠાલાલ મકવાણા ભગત પરિવાર

શ્રી ગોપાલનાથ

જન્મ : ઈ.સ. ૧૮૬૫

જન્મસ્થળ : રોહતક પાસેનું ’ધતીર’ ગામ-પંજાબ

મૂળનામ : ગોપાલસિંહ

જન્મજ્ઞાતિ : રાજપૂત ચૌધરી, મેઘવાળ સમાજમાં લગ્ન કરી મેઘવાળ થયા ને જાદવ અટક ધારણ કરી.

માતા પિતા : નામ જાણી શકાયું નથી.

પરિવાર : પૂર્વકાલ નાથયોગીનો, તે પછી સાધ્વી રાજીબાઈ સાથે સંસાર વ્યવહાર બાંધ્યો.

ગુરુનું નામ : ભોળાનાથ ગુરુ જીવણનાથ-બોહર (હરિયાણા) સમાધિ ઈ.સ. ૧૯૩૧ જૂનાગઢ, તેમની જગ્યામાં.

ગિરનારના સિદ્ધયોગીઓમાં ગોપાલનાથ મહારાજનું નામ ઘણા આદર સાથે લેવામાં આવે છે. મેઘવાળ સમાજ મહાધરમને વરેલો છે. આ ધરમ શિવ-શક્તિએ મળી સ્થાપેલો છે. જે સ્ત્રી-પુરુષની સંયુક્ત સાધના છે. તેમાં નિર્ગુણ પરમાત્માને જ્યોતસ્વરૂપે માની તેની ’અલખજ્યોત’ જ્યોતપાટ ઉપાસના કરવામાં આવે છે. આ ધરમની માન્યતા પ્રમાણે ચાર જુગથી ચાલી આવતી આ જ્યોતપાટ ઉપાસના તેના ગુરુ ગાદીપતિ, કોટવાળ, જતિ-સતી, કોળીપાહોળ (પ્રસાદ), ક્રિયા, ઉપાસના અને એ વિગતો આપતાં ભજનો આજે સાક્ષી પૂરતાં ગવાય છે. આ ચાર જુગના ચાર પાટનું સ્થાપન ને તેના ઉપર રામદેવપીરનું મંદિર આવેલું છે જેને ઉપલા સવરામંડપની જગ્યા કહેવામાં આવે છે.

ઉપલા સવરાપંથની જગ્યા ગિરનાર તળેટી તરફ જતાં વાઘેશ્વરી દરવાજા પાસેથી ગિરનારના ભેંસલા ડુગર નામે ઓળખાતી ટેકરી ઉપર આવેલી છે. જ્યાં આજે રામદેવપીરનું મંદિર ને તેના ગર્ભગૃહમાં ચાર જુગના ચાર પાટનું સ્થાપન છે. આ મંદિર પાસે કાલભેરવની ગુફા છે જે કાલભેરવની સાધના માટેનું સ્થાનક ભોંયરું છે. આ ભોંયરામાં સિદ્ધયોગી ગોપાલનાથ મહારાજે કાલભૈરવની સાધના કરી હતી. ઉપલા સવરામંડપમાં નાથયોગીએ ધૂણો ચેતાવ્યો હતો. ત્યાંથી ગોપાલનાથ મહારાજ નીચે આવ્યા જ્યાં આજે ગિરનારનું પ્રવેશદ્વાર છે ને તે ચોકમાં નરસિંહ મહેતાની પ્રતિમા છે, તેની પશ્ચિમ દિશાએ ગોપાલનાથ મહારાજની જગ્યા આવેલી છે.ગોપાલનાથ મહારાજની જગ્યામાં અવાર-નવાર જવાનું થયું છે, પરંતુ સંશોધનના હેતુથી ચોવીસ એપ્રિલ, મંગળવાર-૨૦૧૨ના દિવસે પ્રો. જીવરાજ પારઘીને સંગાથે લઈને જવાનું થયું. આ જગ્યાના પ્રવર્તમાન ગુરુગાદીના મહંત પૂ. જગન્નાથબાપુ અને તેઓનાં માતુ શ્રી જવર મા (ઉંમર વર્ષ ૮૫)ને મળવાનું થયું. તેઓના મુખે સાંભળેલી વાતો અને લોકસમાજમાં વહેતી વાતોના આધારે નીચેની બાબતો નોંધી છે.

શ્રી ગોપાલનાથ મહારાજ મૂળે તે સમયના પંજાબ પ્રદેશના રોહતક જિલ્લાના ’ધતીરા’ ગામના રાજપૂત ગિરાસદાર, ચૌધરી પરિવારના હતા. તે સમયે આ પરિવાર પાસે ૧૭૦૦ એકર જમીન ને સુખસાયબી હતી. તેમાં એક વખત ગોપાલસિંહને તેમના મોટાભાઈ અને ભાભી સાથે બોલવાનું થયું. આ અણબનાવની ખાઈ દિવસે દિવસે વધવા લાગી. સંસારના સંબંધો બનાવટી ને સ્વાર્થથી જોડાયેલા લાગ્યા.

જીવનની ક્ષણભંગુરતા દેખાણી ને સંસારની સુખસાયબી ભ્રામક જણાઈ આથી કોઈને પણ જાણ કર્યા વિના ગોપાલસિંહ ઘર-પરિવાર છોડી પંજાબમાં આવેલ 'બોહર'ની નાથપંથી જગ્યા નાથ અખાડામાં આવે છે.

બોહરની આ નાથપંથી જગ્યા આ પંથકમાં લોકોની આસ્થાનું કેન્દ્ર હતું. તે સમયે આ નાથપંથી જગ્યાના ગુરુ મહંત જીતાનાથ મહારાજ હતા. જીતાનાથ મહારાજ પ્રજ્ઞાચક્ષુ નાથયોગી હતા. એક સિદ્ધ નાથયોગી તરીકેની તેમની નામના ગિરનાર ક્ષેત્ર સુધી પહોંચી હતી. આ બોહરની જગ્યાએ નાથજોગીઓની જમાત આવે છે. આ જમાતની સેવામાં યુવાન સાધુ ગોપાલને રાખવામાં આવે છે. જીતાનાથના આદેશથી ગોપાલને આ જમાત સાથે ભ્રમણયાત્રા એ મોકલે છે. આ તાલીમનો, સાધનાનો એક ભાગ છે. જમાત સાથે ગોપાલ ગિરનાર ક્ષેત્રમાં થોડા દિવસ રહી ફરી બોહરની જગ્યામાં આવી જાય છે.

ગોપાલ સદ્‌ગુરુ જીતાનાથને ચરણે પડી નાથજોગીની દીક્ષા આપવા વિનંતી કરે છે. જીતાનાથની કૃપા વરસી ને તેમણે તેમના શિષ્ય ભોળાનાથને આદેશ આપ્યો કે ગોપાલને નાથપંથી દીક્ષા, જ્ઞાન, મંત્રસાધના આપો. આમ, ગોપાલ ભોળાનાથના શિષ્ય ગોપાલનાથ થયા.

આરંભે દાદાગુરુ જીતાનાથે ગોપાલનાથને પોતાની પાસે રાખી નાથપંથી કેટલીક સાધનાઓ કરાવી. સાધનામાં આગળ વધવા માટે હિમાલયમાં જવાલા માતાજીની જગ્યાએ મોકલવામાં આવે છે. ત્યાંથી થોડો સમય આબુમાં ગુરુટેકરા નામે ઓળખાતી જગ્યામાં સાધના માટે રોકાયા. ફરીને તેઓ બોહરની જગ્યામાંઆવ્યા. જીતાનાથ મહારાજને ગોપાલનાથે પોતાની સાધનાના અનુભવો જણાવ્યા ને સાધના વિશેનો પોતાનો અસંતોષ પણ પ્રગટ કર્યો. દાદાગુરુ જીતાનાથને કહે છે : 'મહારાજ ! મને સિદ્ધદર્શન કરાવો.' જીતાનાથ મહારાજ ગોપાલનાથને ગિરનાર ક્ષેત્રમાં આવેલ 'સવરામંડપ'ની જગ્યા પાસેની ભેરવગુફામાં ભેરવસાધના માટે મોકલે છે.

ગુરુના આદેશથી, આપેલ મંત્રસાધના, ભૈરવગુફામાં અખંડ બાર વર્ષ કરીને ગોપાલનાથ ભેરવદર્શન પામે છે. સાધનાથી તેઓને અનેક પ્રકારની સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે. ભૈરવસાધનાએ ગોપાલનાથ શિવદર્શન પામ્યા ને વરદાન માંગવાનું કહ્યું ત્યારે કોઈ પણ પ્રકારની ભૌતિક સિદ્ધિઓ માંગી નહીં. શિવસ્વરૂપ કાલભેરવે તેમને એક મંત્ર આપ્યો જે મંત્રનો જાપ કરવાથી તારું જે કોઈ કામ હશે તે સિદ્ધ થશે.

ગોપાલનાથ મહારાજનો અખંડ ધૂણો ઉપલા સવરામંડપની જગ્યામાં પ્રગટી રહ્યો હતો. તેનો ધુમાડો ઘણાને દેખાયો, રાજના સિપાઈઓને જાણ થતાં તે સમયના જૂનાગઢના નવાબને ફરિયાદ કરી કે ગિરનારના ભેંસલા ડુંગર પર કોઈ સાધુ ધૂણો ધખાવી બેઠો છે તેમાંથી જંગલમાં આગ લાગવાની ભીતિ છે. નવાબે સિપાઈઓને હુકમ કર્યો કે એ સાધુને કચેરીમાં આવવાનું ફરમાન કરો. સિપાઈઓએ ગોપાલનાથ મહારાજને નવાબનો હુકમ સંભળાવ્યો. ગોપાલનાથે કહ્યું, મારાથી આ સ્થાન છોડાય નહીં, તેમ જ વસ્તી વચ્ચે આવી શકાય નહીં. સિપાઈઓને હુકમ તો ઉપાડીને લાવવા ત્યાં સુધીનો હતો. અંતે ગોપાલનાથ મહારાજે કાલભૈરવનું સ્મરણ કર્યું ને અહીં સ્થાપિત કાલભૈરવની પથ્થરમૂર્તિનો એક ભાગ સીપાઈઓ સાથે ચાલવા લાગ્યો. સીપાઈઓને ભારે ડર લાગ્યો ને ઊભા રહ્યા ને સાધુની માફી માંગી. તે સ્થાન એટલે આજનો ગિરનાર પ્રવેશદ્વારનો પશ્ચિમભાગ, ઉપરકોટના કિલ્લાનો પૂર્વભાગ ત્યાં પીપળાનું વૃક્ષ હતું ત્યાં ઉત્તરાભિમુખ કાલભૈરવની પથ્થરમૂર્તિ સ્થિર થઈ સ્થપાઈ જાય છે. ત્યાં ગોપાલનાથ મહારાજે કહ્યું :

'નવાબને કહેજો હવે અહીંથી હું આગળ આવી શકીશ નહીં.' સમગ્ર ઘટના સિપાઈઓએ નવાબ મહોબતખાનજીને જણાવી,

જૂનાગઢના નવાબ મહોબતખાનજી નાથયોગી ગોપાલનાથ પાસે આવે છે, ક્ષમા યાચે છે ને આ જગ્યાની જમીનનો લેખ તૈયાર કરી, રાજની મહોર મારી આપે છે, જેથી આ સ્થાને સાધુને કોઈ પરેશાન કરે નહીં. આ સ્થાન તે ગોપાલનાથ મહારાજની જગ્યા નામે પ્રસિદ્ધ થયું. ત્યાં કાલભેરવની વિશાળ પથ્થરમૂર્તિ ને ઉપર મંદિર છે, શિવમંદિર, ધૂણો, આશ્રમના સાદા ને આજે પાકા ઓરડાઓ બંધાયેલા છે. ગૌશાળા છે ને ગોપાલનાથ મહારાજનું સમાધિમંદિર ને બાજુમાં તેઓસાધનામાં બેસતા તેની ગુફા આવેલી છે.

ગોપાલનાથ મહારાજે જે જગ્યા ઊભી કરી તેના એક ભાગમાં વર્ષોથી મેઘવાળ સાધ્વી રાજીમાતા પોતાની કુટિર બાંધીને હરિભજન, સાધના કરતાં હતી. પરિક્રમાના દિવસોમાં અને શિવરાત્રીના મેળાના દિવસોમાં મેઘવાળ સમાજના લોકો અહીં આવી ઉતારો નાખતા. આ સ્થાને નાથયોગી ગોપાલનાથ મહારાજે જગ્યા સ્થાપી. તે સમયે યુવાન સાધ્વી રાજીમાતાનો મોટો પ્રભાવ, નવાબની સવારી નીકળે ત્યારે માતાજીને નમન કરવા આવે. આવી તેજસ્વી સાધ્વી ને બાજુમાં નાથયોગી રહેતો હોય એટલે મેળામાં, પરિક્રમામાં જતા-આવતા લોકો આ નાથ ને સાધ્વીની ટીકા કરે. આ સ્થિતિમાં મેઘવાળ સમાજના અગ્રણીઓ આવી ગોપાલનાથ ને રાજીમાતાને સમજાવી ગૃહસ્થાશ્રમ સ્વીકારવાની વિનંતી કરે છે. બંનેના જોડાવાથી મેઘવાળ સમાજને ઉત્તરોત્તર જગ્યાનો વારસ મળે ને જૂનાગઢને મેઘવાળ સમાજની જગ્યા મળે. નાતસમાજની વિનંતીએ ગોપાલનાથને રાજીમાતા ગૃહસ્થી-સંસારી બને છે. ગોપાલનાથ અને રાજીમાતાનું પ્રથમ સંતાન પુત્ર સોમનાથ જન્મે છે. તેમના પછી દીકરી જવલનો જન્મ થયો. પ્રવર્તમાન ગુરુગાદી મહંત જગનનાથ અને તેમનાં માતુશ્રી જવરમા પાસેથી સાંભળવા મળ્યું તે પ્રમાણે ઉજ્જૈનમાં મહાકુંભનો મેળો ભરાયો તેમાં ગોપાલનાથ મહારાજ તેમની સાથે દીકરા સોમનાથને અને દીકરી જવલને લઈ જાય છે. આ કુંભના મેળામાં મહાકાળીનું 'ખપ્પર' નીકળે છે ત્યારે ગોપાલનાથે પોતાના દીકરા સોમનાથની આહુતિ આપી મહાકાલીને બલી ચડાવ્યો. આ લોકોએ એમ પણ જણાવ્યું કે ઉજ્જૈનમાં સફરા નદીને કિનારે જ્યાં સોમનાથનો બલી અપાયો તે સ્થાને સોમનાથની સમાધિ બાંધવામાં આવી છે.

દીકરી જવલ સમજણી થતાં પિતા ગોપાલનાથને જણાવે છે કે મને નાથપંથી દીક્ષા આપો, બાપુ ! મારે સંસાર વ્યવહાર માંડવો નથી. ગોપાલનાથે જવલને નાથપંથી દીક્ષા આપી ને જવલ હવે 'જવલનાથ' કહેવાયાં. જવલનાથે બાર વર્ષ સુધી મંત્રસાધના કરી, સિદ્ધ થયાં છે. ગોપાલનાથને થયું કે મારી સાધના પરંપરા જીવંત રહેશે ને જો દીકરીને પરણાવી સંસારી થઈ હોત તો આવનાર જમાઈ સાથે જે વ્યવહાર કરવો જોઈએ તે યોગીસાધક તરીકે મારાથી નિભાવી શકાત નહીં.

ગોપાલનાથ મહારાજે ગિરનાર ક્ષેત્રમાં મેઘવાળ સમાજની જગ્યાનું અન્નક્ષેત્ર ચલાવવા માટે મેઘવાળ સમાજમાં જવું પડતું. તેમનો એક ચાહક સેવકવર્ગ ઊભો થયો હતો. આ નિમિત્તે ગૌપાલનાથ મહારાજ અમદાવાદ ગયા હતા ત્યાં મેઘવાળ સમાજના અગ્રણીઓ અને લીલાબહેને વિનંતી કરી કે આપણા સમાજની જગ્યાનાદપરંપરાએ નહીં પણ બુંદપરંપરાએ જીવતી રહેશે માટે ફરીને રાજીમાતા સાથે તમારો સંસારવ્યવહાર બાંધો ને સમાજને પુત્રરત્ન આપો. તે પછીથી ગોપાલનાથ ને રાજીમાતાને ઘેર અમરનાથનો જન્મ થયો. અમરનાથ બાપુથી આ નાથજગ્યા બુંદપરંપરાએ ચાલી રહી છે.

અમરનાથ બાપુએ જવરબાઈ સોલંકી મેઘવાળ કન્યા સાથે લગ્ન કર્યા. તેમનો પરિવાર નીચે પ્રમાણે છે. જવરમા હયાત ને માહિતીવ્રતા છે. પ્રથમ કેશવનાથ બાપુ, તેમનાં લગ્ન નીતાબહેન સાથે થયાં, તેઓ બેંકમાંકેશિયર છે ને તેમના સંતાનો મનીષ, અંજના, નૈમિષ, પલ્લવી અને હિતેશ છે. બીજા જગન્નાથબાપુ જે સંસાર વ્યવહારની માયામાં બંધાઈ શક્યા નહીં ને આજે ગોપાલનાથ મહારાજની ગુરુગાદીએ બેસી જગ્યાનું સંચાલન કરી રહ્યા છે. અન્નક્ષેત્ર, ગૌશાળા, સેવક્સમાજને જાળવી રહ્યા છે. ત્રીજા અશ્વિનભાઈ સેન્ટ્રલ બેંકમાં ઝોનલ આંફિસર છે. મધુબહેન સાથે લગ્ન થયાં ને તેમના બે સંતાનો હર્ષવર્ધન ને નિશાંત, ચોથા દીપેન્દ્રકુમાર છે. દક્ષશીલાબહેન સાથે લગ્નગ્રંથિથી જોડાયા છે, તેમને ઘેર સુહાની અને ધૈવત બે સંતાનો છે.

ગોપાલનાથ મહારાજની નાથયોગી નાદપરંપરાના સમર્થ શિષ્ય સિદ્ધનાથ સેવાનાથ મહારાજ થયા, જેમણે ગિરનાર દરવાજા પછી વાઘેશ્વરી મંદિરના રસ્તાના નાકે જગ્યા સ્થાપીને ઉપલા સવરામંડપની જગ્યાની જાળવણી રાખી સિદ્ધ નાથયોગીઓની પરંપરા આપી જેની વિગતો આગળ દર્શાવી છે.

ગોપાલનાથ મહારાજ સિદ્ધ નાથયોગી તરીકે મેઘવાળ સમાજમાં પ્રખ્યાત ને ભ્રમણ કરતા હતા. તે સમયના લોકો હતા તેમની પાસેથી જે વાતો સાંભળવા મળી તેના આધારે કહી શકાય કે ગોપાલનાથ મહારાજ કાલભૈરવના સાધક હતા તેની સાથે યોગવિદ્યાના નિષ્ણાત હતા. યોગમાર્ગમાં ધૌતિ, બસ્તિ, નૈતિ, ત્રાટક, નૌતિક, કપાલભાંતિ જેવી છ ક્રિયાઓ કરતા હતા. એક વાત એ પણ સાંભળવા મળી છે કે ગોપાલનાથ મહારાજ મુખેથી આંતરડાંઓ કાઢી સાફ કરી ફરી તેના સ્થાને ગોઠવી શકતા હતા. આસન, પ્રાણાયામ અને જુદા જુદા યોગ તથા તંત્રસાધનાના જાણતલયોગી હતા છતાં કોઈ ઋણાનુબંધ સંસારવ્યવહારથી જોડાયા હતા.

ગોપાલનાથ મહારાજે દેહ છોડી સમાધિ લેવાનો નિર્ણય કર્યો. સાધુસમાજ, સેવક્સમાજ તો આવે જ પણ જૂનાગઢના નવાબ મહોબતખાનજી આવ્યા હોવાનું કહેવાય છે. સૌ કોઈની ઉપસ્થિતિમાં ઈ.સ. ૧૯૩૧ વિક્રમ સંવત ૧૯૮૭ને ચૈત્ર સુદી છઠ્ઠના દિવસે સમાધિ લીધી. જૂનાગઢની તેમની આ જગ્યામાં સમાધિ મંદિર બંધાયેલું છે. આજે ત્યાં પરિક્રમા, મેળામાં આવનારને ઉતારો-ભોજન અપાય છે ને નાનકડી ગૌશાળા દ્વારા ગાયોની સેવા પણ થાય છે.

સંદર્ભ સૂચિ

- ગોહિલ, ડો. નાથાભાઈ (૨૦૧૭), ગુજરાતની આંતરચેતના ભાગ-૧, અમદાવાદઃ નવભારત સાહિત્ય મંદિર

સંત ગોરાબાપા અને ભોજાબાપા

શુરા ,જતી ,સતી અને બહારવટીયાઓની ધરા એટલે સોરઠધરા...ગામે ગામ પાળિયા અને સંતોના ધામ મળે ,દેવ મંદિરો મળે... ટુકડોને હરિ ઢુકડો મળે અને એટલેજ કવિએ ગાયું છે.

કાઠિયાવાડમાં કોક દિ,અને ભૂલો પડ ભગવાન તને સ્વર્ગ ભૂલાવુ શામળા

સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી તાલુકાનું ખંભલાવ ગામ અને ખંભલાવ વણકર મહાજનમાં બે મહાન સંતો થઈ ગયા છે. એક છે ગોરાબાપા અને બીજા છે તેમના દિકરા ભોજાબાપા.

ખંભલાવમાં તેમની જીવંત સમાધિઓ આજે પણ અડીખમ ઊભી છે.અનેક ભક્તો માથા ટેકવી આ બંને સંતોને યાદ કરી સતના મારગે ચાલવાની નેમ લે છે.

ભોજાબાપા અને ગોરાબાપા એ હરિનો મારગ ઝાલી જીવતર ને ઉજાળી અનેક જીવોનો ઉદધાર કરી જીવના છેલ્લા દિવસનું એલાન આપી. મોતને ભાખી હાથમાં નારીયેર લઈને જીવંત સમાધિ લીધેલ છે. આજે તેમની સમાધિસ્થાન નવનિર્માણનું કાયે ચાલી રહેલ છે.

ગોરાબાપાના ત્રણ દિકરા (૧) શ્રી અરજણભાઈ (૨) શ્રી નારાયણભાઈ (૩) શ્રી આલાભાઈનો પરિવાર ખંભલાવ માં વસે છે.

ગોરાબાપા અને ભોજાબાપાની ભક્તિ અમર છે આજ ખંભલાવમાં સમાધિઓ શોભે, ધોળી ધજાના નિશાન." ધૂની" કહે નમન કરી બાપા તમારી ભક્તિના પ્રમાણ.

સંદર્ભ સૂચિ

- રૂબરૂ મુલાકાત: શ્રી મનુભાઈ પિતામ્બરભાઈ સોલંકી- ખંભલાવ (વાર્તાલાપ)

જયદેવ બાપુ

જગતમાં ચાલતા પાખંડને જોઈ જયદેવબાપુનો આત્મા કકળી ઊઠયો અને બાપુએ પાખંડ સામે બળવો પોકાર્યો. ક્રાંતિની મશાલ સળગાવી. જેથી તેમના જીવ માથે જોખમ પણ આવ્યું. તેમ છતાં નિર્ભય બનીને તેઓ ઝઝુમતા રહ્યા.

લોકો તેમને સમજતા થયા અને તેમના પ્રવચનોમાં આવવા લાગ્યા. તેમના શિષ્ય થવા લાગ્યા. આમ, ક્રાંતિકારી સંત જયદેવ બાપુએ પાખંડને તોડી સત્યનો પ્રકાશ પાથરી રહ્યા છે.

આવા જ્ઞાનનો પ્રકાશ પાથરનાર, પાખંડ-અંધશ્રદ્ધા, વહેમો અને અને પ્રકારના ડીંડવાણા સામે લડી સમાજને સચો રાહ ચીંધનાર ક્રાંતિકારી સંતશ્રી જયદેવબાપુ વર્તમાનના ઊંચી કોટીના સંત થયા.

સંદર્ભ સૂચિ

- રાઠોડ, નરેશભાઈ ખેમાભાઈ અને દામોદરનાથજી ગુરૂ મંગલનાથજી (સંપા) (૨૦૧૫), દિલ દરિયાના મોતી, મહેસાણા: સ્વ. મોહનલાલ જેઠાલાલ મકવાણા ભગત પરિવાર

જીણાનાથ

જન્મ : તારીખ ૨૩-૧૨-૧૯૫૩
જન્મસ્થળ : ગામ-આંબરડી (ગજાભી) તાલુકો-ભાવડ
જન્મજ્ઞાતિ : વણકર, અનુસૂચિત જાતિ
બાળપણનું નામ : જીવો
માતા-પિતા : માતા-ઉજીબાઈ, પિતા-દાનાભગત
તેમના પાંચ દીકરા : ઉંગો, કાળો, રૂડો, જીવો અને દેપાલ.
ગુરુનું નામ : પ્રભાતનાથ
સમાધિ : તારીખ ૨૩-૦૧-૧૯૯૭, પોષી પૂનમ ને ગુરુવાર સ્થળ 'અમર ખડો'ની જગ્યા. સ્થૂળ સમાધિ ચાંદોદ કર્નાડી યોગાશ્રમ, નર્મદાતટે, શ્રી જીવણનાથ સદા આનંદીનાથની જગ્યા.

જામજોધપુર ગામે મનોજ રાવલ અમારું બેઠક-ઉઠક-પૂછવા માટેનું સ્થાન, તેમનું એક મિત્રમંડળ જે મંડળ ગિરનારના પડધારાઓમાં રખડી જાણે, ભજન માટે રાત ઉજાગરા કરે ને ટાણે-કટાણે હોંકારો આપે તેવું. તેમાં જામજોધપુરના મનસુખભાઈ કણસાગરા સાહેબ, એન્જિનિયર, સંસારી, પરિવાર ને મિત્રોને જાળવી રાખે છતાં સતુને માટે કોઈ બાંધછોડ કરે નહીં. તેઓ મારે માટે તો નાથયોગી જ છે. મનસુખભાઈ જીણાનાથ પાસેથી નાથપરંપરાના દીક્ષિત ને સાધક. તેમની સ્થિરતા, ધીરજ સંત જેવી. હઠયોગીઓમાં જે કડકાઈ કે કરડાકી જોવા મળે તેનું નામનિશાન મળે નહીં.

જામજોધપુર નિરંજનભાઈ રાજ્યગુરુ ને મારે જવાનું થયું. મનોજભાઈ સાથે અગમ-નિગમની વાતો ચાલે ત્યાં કણસાગરા સાહેબ આવ્યા ને જીણાનાથજીની વાત થઈ ને નક્કી કર્યું કે આપણે સૌ જીણાનાથનાં દર્શન કરવા 'અમર ખડો' સ્થાને જઈએ.

બીજા દિવસે 'અમર ખડો' જવા નીકળ્યા. ભાણવડ પહોંચ્યા ત્યાંથી પોરબંદર જવાના રસ્તે ચાર કિલોમિટર ગયા, ત્યાં જામખંભાળિયા તરફ જવાનોરસ્તો વળે છે તે રસ્તે જવાને બદલે એક કિલોમીટર દૂર વૃક્ષોની વનરાઈ ને નદીકિનારો દેખાય તે તરફ ચાલતા ચાલતા ગયા ત્યાં વર્તુ, વેરાળી અને સોનમતી નદીઓનો ત્રિવેણી સંગમ આવેલો છે. ત્રણ નદીઓનો પ્રવાહ ભેગો થતો હોય એટલે તેનો વિશાળ પટ ને ઊંડાણ પણ ખરું. કિનારે મોટાં મોટાં માટીનાં કોતરો, જમીન ફળદ્રુપ. ગમે તે ઝાડ વાવો તે બે વર્ષમાં તો ઘેઘૂર થઈ જાય ત્યાં 'અમર ખડો' નામની જગ્યા. આસપાસ મોટાં વટવૃક્ષો, થોડાં ફળાઉ ઝાડવાં આંબા, સીતાફળ, ચીકુ, લીંબુ, જામફળી, બોર વગેરે. થોડાં ફૂલોનો બગીચો પણ ખરો.

સિદ્ધ નાથયોગીઓ સાધનાક્ષેત્ર ગમે ત્યાં પસંદ કરતા નથી. આ માટે જાણીતાં ક્ષેત્રોમાં ગિરનાર, આબુ, નર્મદાતટ, હિમાલય મુખ્ય છે. સામાન્ય રીતે આક્રાંત, વનરાઈ છવાયેલી હોય, નદીકિનારો હોય, પૂર્વે કોઈ સાધકે એ ક્ષેત્રને સિદ્ધ કર્યું હોય ને ગુરુની પ્રત્યક્ષ છાયા મળતી હોય તેવું ક્ષેત્ર સાધના માટે ઉત્તમ ગણાય છે. 'અમર ખડો' ત્રણ નદીઓનો સંગમ ઘાટ, પ્રકૃતિની રમણીયતા સાથે એકાંત ને શીતળતા, પંખીઓનો મીઠો કલરવ પણ માનવીઓની માયાવી, સ્વાર્થઘેલી વાતો ક્યાંયથી સાંભળવા મળે નહીં. એથી વિશેષ આ સ્થાને જીણાનાથના ગુરુ પ્રભાતનાથ મહારાજે અહીં હનુમાનજી મહારાજની સ્થાપના કરી છે જે નાનકડું મંદિર આજે

પણ ઊભું છે. આ સ્થાને ગુરુમહારાજ પ્રભાતનાથનો શિષ્ય જીણાનાથને આદેશ મળ્યો કે અહીં બેસી તપ ને સાધના કરો. એ સિદ્ધક્ષેત્રમાં અમે પહોંચ્યા.

પ્રથમ દૃષ્ટિએ લીલી વનરાઈ, પ્રકૃતિનું અરણ્ય રૂપ, નદીનો કુદરતી કિનારો ગમી ગયો. તે ભીતરથી શાંતિનો અનુભવ કરાવે છે. મારા મનમાં નાથ અખાડાની મોટી કલ્પના ને વિશાળ જગ્યામાં નાથયોગીઓનો પડાવ હશે તેમ માનેલું પણ અહીં તો નાનકડી નળિયાની ઓરડી કે જે ચોમાસામાં કે શિયાળામાં રક્ષણ આપી શકે તેવી નહીં. તેની અંદર અખંડ ધૂણો, બાજુમાં પથ્થરો રાખી માથે પાટિયાં મૂકી જીણાનાથ બેસી શકે, સૂઈ શકે તેવડું આસન. ધૂણા પાસે ત્રિશૂલ ને તેના ઉપર રુદ્રાક્ષની અનેક માળાઓ લટકે. ધૂપ, ધ્યાન માટેની જરૂરી સામગ્રી સિવાય કાંઈ નહીં. બાજુમાં બે-પાંચની રસોઈ થઈ શકે તેટલી સામગ્રી. લોટ, દાળ, ડુંગળી, બટાટા, મસાલા, ચા-ખાંડ, એક સેવક જેવો છોકરો જે કામ કરે પણ તે પુરો મનમોજી, રહે પણ ખરો ને ગમે ત્યારે ભાગી જાય.

આ સ્થાને જીણાનાથે ૧૭ વર્ષથી સાધના કરી અનેક સિદ્ધિઓ પ્રાપ્ત કરી હતી છતાં કોઈને ખ્યાલ ન આવે તેમ જણાનાથ જીવતા હતા. મનસુખભાઈ કણસાગરા સાહેબ પાસેથી જીણાનાથની અપૂર્વ સિદ્ધિઓની અનેક વાતો સાંભળેલી તેથી તેમના તરફના અપાર આદર સાથે માત્ર ને માત્ર સાધુનાં દર્શને આવ્યાનો અમારો ભાવ હતો. કુટિર સામે અમે આવીને ઊભા. જીણાનાથજીનો આવકાર કાઠિયાવાડી હતો.

જીણાનાથ સાથે સત્સંગ ચાલ્યો, સાધના વિષયક વાતો ચાલી. આ સાધનાક્ષેત્રની વિશેષતાઓ જાણી ને તે પછી અમારી એક વિનંતી હતી કે 'બાપુ ! આ જીર્ણ કુટિરને ફરી ચણીને ઉપર સ્લેબ અથવા સારું છાપરું નાખી દઈએ. ત્યારે જીણાનાથ 'બગડાલમ' ઋષિની જેમ બોલ્યા : 'જીવવું થોડું ને માયા શું કામ બાંધવી ?!' તેમની ઇચ્છા આ જગ્યામાં ભૌતિક સુવિધાઓ ઊભી કરવાની ન હતી. આ સાધકો માટે સાધનાભૂમિ બની રહે તે તેની જરૂરિયાત માટેનાં ફળ-ફળાદિ મળી રહે એટલું જ બસ હતું.

એ વખતે મારે અને નિરંજનભાઈને ભાણવડથી નજીક પ્રાચીન ગઢ ઘુમલી, ભાણ જેઠવાનાં ઐતિહાસિક સ્થાનો, સોનકંસારીનાં પુરાતત્ત્વીય સ્થાનોમાં જવાનું થયું પણ બંનેને ભૂખ્યા રહેવાનું બન્યું. ભાણવડથી કેળાં, ખારી સીંગ મળી જશે પણ તે લેવા અંદર જવું પડે એટલે થાકેલાપાકેલા જીણાનાથ બાપુ પાસે પહોંચ્યા. બપોરના ત્રણ-સાડાત્રણ થવા આવ્યા હતા. અમને આવતા જોઈ બોલ્યાઃ 'એલા ભાઈ ! મને કકડીને ભૂખ લાગી છે, આજે તો ખારી સીંગ કે કેળાં પણ ન મળ્યાં.' જગ્યામાં એક કામ કરવા આવેલો છોકરો હતો તેને બાપુએઆદેશ આપ્યો છોકરા ! અડદની દાળ ગરમ કરી નાખ ને બે રોટલા ઘીબી નાખ.' અમારી ભુખ જાણે તેમણે ઓળખી લીધી હતી. આ તેમની સિદ્ધિ હતી.

જીણાનાથનું પૂર્વજીવન – જીણાનાથનો જન્મ ભાાવડ તાલુકાના આંબરડી (ગજાભી) ગામ વણકર પરિવારમાં પિતા દાનાભગત અને માતા ઉજીબાઈની કૂખે તારીખ ૨૩-૧૨-૧૯૫૩ના દિવસે થયો હતો. તેમનું મૂળનામ 'જીવો' રખાયું હતું. જીવાના બીજા ચાર ભાઈ હતા. ઉગાભાઈ, કાળાભાઈ, રૂડાભાઈ અને નાનો ભાઈ દેપાલ. પિતા અને તેમના ભાઈઓ આંબરડી ગામે ખેત-મજૂરી કરી જીવનનિર્વાહ કરતા હતા.

નાનપણથી જીવો જાણે અનોખી દુનિયાનો જીવ હોય તેવું તેનું વર્તન હતું. ખેતીનું કામ જે સોંપે તે કરે ખરો પણ તેમાં તેનું ચિત્ત ચોંટતું ન હતું. રાતવાસો કરવા-ખેતરનું રખોપું રાખવા ખેતરે જતો ત્યારે ખેતરમાં

દીવો કે ફાનસ રાખવાની ના પાડતો. તેને અંધકાર ગમતો, ખુલ્લા આકાશના તારલિયા જોયા કરતો, જાણે એમ થાય કે જીવો તેની સાથે વાતો કરે છે. ગામમાં કોઈ સાધુ-સંત આવે, ભજનિક આવે તો તેમાં તેને મજા પડી જતી. ભજન સાંભળતો રહે ને સાધુને અવનવા પ્રશ્નો પૂછતો રહે છતાં તેના મનનું સમાધાન થતું નહીં તેનો અજંપો તેને રહેતો.

માતા-પિતાને તો પોતાના સંતાનો મોટા થાય એટલે તેને પરણાવી દેવા ને જવાબદારી પૂરી થઈ તેવો સંતોષ માનવો, પણ જીવો લગ્ન કરવા તૈયાર થયો જ નહીં. એવામાં એક પ્રસંગ બન્યો. ઉપલેટા તાલુકાના ઢાંક ગામે રામદેવપીરનો સવરોમંડપ ભરાયો ને તેમાં જીવો જાય છે. આ ઢાંક ગામ ઘણું પ્રાચીન છે. લોકવાયકા અને ત્યાં મળતા પુરાવશેષો પ્રમાણે આ સમૃદ્ધ ગામ હતું પરંતુ કોઈ સિદ્ધ મહાત્માના શાપથી ઢાંકનું દટણ-પટણ થાય છે. આ ગામમાં પ્રાચીન ધુંધળીમલ-ધુંધળીનાથની જગ્યા, ગુફા આવેલી છે. અહીં આ સિદ્ધક્ષેત્ર હતું. સિદ્ધક્ષેત્રમાં અર્વાચીન સમયની એક કહેવત મેં સાંભળેલી છે :

જીવો સવરામંડપમાં ઢાંકમાં રોકાયો. અલખધણીનો મંડપ ખડો (ઊભો) થતાં જોયો ને જે એક પલ આવે છે એ પલ તેને જગાડી જાય છે ને જીવાએ ઘરની વાટ છોડીને અલખધણીની વાટ પકડી. પ્રથમ પાટણવાવ ગામે ગયો જે ઉપલેટાથી આશરે તેર કિલોમીટર થાય છે. પાટણવાવના પાદરમાં ઓસમ પર્વતમાળા આવેલી છે. આ પર્વતમાળામાં જૈન સાધકોએ સાધના કરેલી છે તેનાં સ્થાનકો છે. પાંડવો વનવાસમાં નીકળ્યા ત્યારે અહીં રોકાયાની કથા મળે છે. હેડમ્બા અહીં રહેતી હોવાની પણ વાત લોકોમાં થાય છે. જીવો આ પર્વતમાળામાં રખડીને જાણે પોતાની જાતને ચાર્જ કરતો હોય તેમ જણાય છે.

ઓસમ પર્વતની તળેટીમાં પાટણવાવ ગામના પાદરમાં સિદ્ધેશ્વર મહાદેવની જગ્યા આવેલી છે જ્યાં પ્રભાતનાથ મહારાજે સાધના કરી આ જગ્યા સ્થાપી હતી. ને ત્યાં પ્રભાતનાથના શિષ્ય મણિનાથ સિદ્ધસાધના કરી જગ્યા ચલાવતા તે સ્થાનમાં મણિનાથના સાંનિધ્યમાં સેવા કરવા રોકાઈ જાય છે. આ વાત વહેતી વહેતી જીવાનાં માતા-પિતા પાસે આંબરડી ગામે પહોંચે છે. એટલે પરિવારજનો આવીને જીવાને સમજાવી-પટાવી પોતાને ઘેર લાવે છે.

જીવો આવ્યો તો ખરો પણ કોઈ કામમાં તેનો જીવ લાગતો નથી. આ આંબરડી ગામમાં મેઘવાળ જેઠાભગતનું ઘર હતું ત્યાં પ્રભાતનાથ ભ્રમણ કરવા નીકળે ત્યારે અચૂક આવતા. પછી તો રોજ જીવો જેઠાભગતને ઘેર આવી બેસતો, પ્રભાતનાથ બાપુની વાતો સાંભળતો ને ક્યારે આવશે તેની રાહ શબરીભાવે જોયા કરતો હતો.

જીવાની ભક્તિ ફળી ને પ્રભાતનાથ બાપુ આંબરડી ગામે જેઠાભગતને ઘેર પધાર્યા. જીવો દોડતો ધોડતો પ્રભાતનાથના ચરણમાં પડી ગયો ને બોલ્યો : 'બાપજી ! મને ઉગારો, સતનો મારગ બતાવો.' રાત્રે મેઘવાળવાસનાં ભાઈ-બહેનો બાપુ પાસે આવી બેસતાં. બાપુ! સત્સંગ, સમાજજાગૃતિની વાતો કરતા ત્યારે જીવાનાં માતા-પિતા ભાઈઓ પણ આવ્યા હતા. તેમને પ્રભાતનાથજી બાપુએ કહ્યું જીવો સિદ્ધયોગી થવા જન્મ્યો છે, તે સંસારની માયાનો જીવ નથી. તેને માયામાં રોકો નહીં.

માતા-પિતાએ નિર્ણય લઈ લીધો ને જીવાને પ્રભાતનાથના ચરણે સોંપી દીધો. મેઘવાળ વાસમાં જયજયકાર થઈ ગયો. પ્રભાતનાથે તારીખ ૩-૫-૧૯૮૦ના દિવસે જીવાને નાથપંથની દીક્ષા આપી, ગુરુમંત્ર આપી જીવાનું નામકરણ જીણાનાથ રાખવામાં આવ્યું.

જીણાનાથ તેમના ગુરુમહારાજ સાથે ભ્રમણમાં જોડાઈ ગયા. રાત્રી-દિવસ ગુરુની સેવા કરે છે. દ્વાગુરુ જીવણનાથ સદા આનંદીનાથની જગ્યા કર્નાડી યોગ આશ્રમ ચાંદોદ નર્મદાતટે આવે છે. અહીં કેટલીક પ્રત્યક્ષ માર્ગદર્શન આપવી પડે તેવી સાધનાર્થીઓ શીખે છે. ફરીને ફરતા ફરતા પ્રભાતનાથ તેમણે સિદ્ધ કરેલા સાધનાક્ષેત્ર 'અમર ખડો'માં સ્થાપેલ અખંડ ધૂણાને ચેતાવી જીણાનાથને સોંપી ત્યાં સાધના કરવાનો આદેશ આપે છે. આ સ્થાન જીણાનાથે ૧૭ વર્ષ સાધના કરી સ્થૂળ દેહછોડી ગયા.

જીણાનાથ મહારાજની સિદ્ધિઓના અનેક ચમત્કારિક પ્રસંગો તેમના પરિચયમાં આવેલા લોકો પાસેથી સાંભળવા મળ્યા છે, પરંતુ મારે તો તેમને પ્રત્યક્ષ મળ્યાનું પ્રમાણ છે તેથી બીજી વાર્તાનો અર્થ નથી. એક વાત તેમના હોઠેથી નીકળી હતી કે હવે અહીં ઝાઝું રોકાવું નથી. જીણાનાથે તેમના મોટાભાઈ ઉગાભગતનેકહેલું કે ધૂણામાં મૂકેલું આ લાંબુ લાકડું સળગી જશે પછી હું મારો પ્રાણ છોડી દઈશ. ઉગાભગતે જીણાનાથને સમજાવી એ સમય પાછો ઠેલાવ્યો. જીણાનાથના અંત્યવાસી મનસુખભાઈ કણસાગરાને કહેલું મારે નદીમાં જળસમાધિ લેવી છે પણ મનસુખભાઈના પ્રેમે એ અવધિ પણ પાછી ઠેલાણી. તેમ છતાં જીણાનાથે પોતાની સાધના કુટિરમાં તારીખ ૨૩-૧-૧૯૯૭ના રોજ હાથમાં નાળિયેર ને ફૂલ લઈ સમાધિમાં બેસી આ સ્થૂળદેહ છોડી માત્ર ૪૪ વર્ષની વયે ચાલ્યા ગયા.

જીણાનાથના સ્થૂળદેહને ગુરુ પ્રભાતનાથ, દાદાગુરુ જીવણનાથના સમાધિસ્થાન કર્નાડી યોગાશ્રમ ચાંદોદમાં સમાધિ આપવામાં આવે છે. 'અમર ખડોમાં ભંડારો થાય છે ત્યારે અમે સૌ મિત્રો તે પ્રસંગમાં હતા. ભજન, ભોજન અને જીણાનાથના ઉત્તરાધિકારી તરીકે જોગીન્દરનાથને બેસાડી તેમની ચાદરવિધિ કરવામાં આવી. આજે જોગીન્દરનાથ અમર ખડોમાં સેવા, સાધના કરી જગ્યા સંભાળી રહ્યા છે.

જીણાનાથ સાથે પ્રત્યક્ષ ઓળખાણ હોવા છતાં જીવનવિષયક માહિતી મેળવવામાં ઉગાભગત, દેપાલભાઈ, જોગીન્દરનાથ, મનુભગત-સનાતન આશ્રમ (બગુડિયા ડુંગર) અરણીનો સહયોગ લીધો છે તે સૌનો આભાર પ્રગટ કરું છું.

સંદર્ભ સૂચિ

- ગોહિલ, ડો. નાથાભાઈ (૨૦૧૭), ગુજરાતની આંતરચેતના ભાગ-૨, અમદાવાદ: નવભારત સાહિત્ય મંદિર

શ્રી જીવણનાથજી

જન્મ સ્થળ : વિક્રમ સંવત ૧૯૭૨ ને ચૈત્ર માસની અગિયારસને શનિવારે,
સોરઠના ગોહિલવાડના ભાવનગર જિલ્લાના સોનગઢ તાલુકાના 'ટોડા' ગામે

પિતા : માવજીભાઈ વાઘેલા

માતા : મીણાબાઈ

ગુરૂ : સદા આનંદીનાથજી

યોગી જીવણનાથના પિતા માલજીદાદા અને માતા મીણાબાઈ ખેત મજૂરી કરીને જીવન નિર્વાહ કરતા હતા. માતા-પિતાના ભક્તિમય સંસ્કારો બચપણથી તેમના લોહીમાં ઉતર્યા હતા. તેઓ નાના હતા ત્યારે ગોવાળિયાનું કામ કરતા હતા.

જીવણનાથજીએ ભાભીના મહેણાના કારણે ગૃહત્યાગ કર્યો હતો. જીવણનાથજી યુવાનીમાં રૂષ્ટ પુષ્ટ હતા. ત્યાગી જીવનમાં તેમણે અનેક મુશ્કેલીઓનો સામનો કરેલો.

જીવણનાથે નેપાળમાં જઈ ગોરખનાથજીની મૂર્તિ બનાવી ગુરૂપદે સ્થાપી આઘોર તપચર્યા કરી. તેમના તપથી પ્રસન્ન થઈ ગોરખનાથને પ્રગટ થવું પડ્યું અને તેમને દિક્ષા આપવી પડી.
નેપાળથી તેઓ ગઢ ગિરનાર આવ્યા ને ગિરનારની ગુફામાં બેસીને અઘોર તપસ્યા કરી અનેક સિદ્ધિઓ મેળવી અને પાછા નેપાળ આવ્યા. ત્યાં આનંદીનાથ જનોઇ ગુરૂ મળ્યા. સાડા ચાર વર્ષ સુધી તેઓ નેપાળની ગાદીએ બિરાજ્યા અને નાથપંથના કુંડળ ધારણ કર્યાં.

નેપાળથી પરત આવીને કબીરવડ નીચે ૧૪ વર્ષ ધૂણો ધખાવી તનતોડ તપ કર્યું. અહીં યોગી જીવણનાથજીને ખૂબ જ પ્રસિદ્ધિ મળી. તેમના દર્શન કરવા ભાવિકોની કતાર થવા લાગી. અહી જીવણનાથજીની જટાને સમાધિ આપવામાં આવી હતી.

કબીરવડથી યોગી જીવણનાથજી રેવાજી કાંઠે ચાણોદ આવ્યા. મેઘવાળોની પારસીઓએ પચાવી પાડેલી જમીન પાછી મેળવી. મેઘવાળ આરાનું સમારકામ કરી સમાજને અર્પણ કર્યો.

જોગી જીવણનાથે ચાણોદમાં તપ કર્યા બાદ ભારત ભ્રમણ કર્યું. પોતે અભણ હોવા છતાં ૧. મેઘમહાત્મય, ૨. ગુરૂપ્રસાદી, ૩. ગોરખ ચાલીસા અને ૪. નર્મદા મહિમા જેવા મહાન ગ્રંથોની રચના કરી છે.
વિક્રમ સંવત ૨૦૪૨ મહા વદ બીજ, ગુરૂવારે તા. ૨૭-૦૨-૧૯૮૬ના રોજ પવિત્ર નર્મદા મૈયાના આરે ચાણોદમાં સમાવિષ્ટ થયા હતા.

સંદર્ભ સૂચિ

- જાવદ, સુનિલ (૨૦૧૦), દલિત સંતધારા, મુંબઈ: પ્રવિણ પ્રકાશન પ્રા. લિ.

સંત શિરોમણી મહાત્મા ગુરુ શ્રી જોધલપીર

સંત શ્રી જોધલપીરનો જન્મ બાવળા તાલુકાના નળસરોવર કાંઠાના ગોકુળસમા "કેસરડી" ગામમાં વિ.સં.૧૩૧૬ ચૈત્ર સુદ પૂનમને ગુરૂવારે થયો હતો.

તેમના ભાગ્યશાળી પિતાનું નામ દેવાયત ભગત અને પુણ્યશાળી માતાનું નામ કુંવરબા હતું. તેમના વડવાઓનું મૂળવતન માથાસુળ ગામ હતું.

"જોધા" ની સાત વર્ષની ઉંમર હતી ને તેમના મા-બાપુ અને મોટાભાઈ જીવાભાઈ ને ખેતરમાં ઘઉંની કાપણી કરવા જવાનું હતું. ત્યારે "જોધા" ને ખેતરમાં લઈ જવા મા-બાપુએ આગ્રહ કર્યો પણ તેઓ ન ગયા અને ઘેર રહ્યા.

(૧) જીવાભાઈ માતાજીના ભક્ત હતા. આખા ઘરમાં માતાના ગોખલા હતા. જોધાએ સરખા-સરખા મિત્રોને બોલાવ્યા અને કહ્યું "ચાલો આપણે હોળી રમીએ' અને માતાજીની મૂર્તિઓ, ચૂંદડી, દીવા, ધૂપીયા, નારિયેળ, તોરણ બધું ચાર રસ્તે લઈ જઈને સળગાવી દીધું.

સાંજે ઘરના ઘેર આવ્યાને જીવાભાઈ દિવાબત્તી કરવા ગયા તો કાંઈ જોવ ન મળે ? જોધાને પૂછ્યું 'ભાઈ આ બધું ક્યા ગયું ?' જોધાએ કહ્યું 'ભાઈ માતાઓ બધી અંદર-અંદર લડી અને ચાર રસ્તે જઈને સળગી ગઈ ! મેં બહું સમજાવી પણ ન માની'

આમ જોધલે ૭ વર્ષની ઉંમરે પોતાના પરિવારજનોને અંધશ્રધ્ધામાંથી ઉગાર્યા. અગિયાર વર્ષની ઉંમરે તેમના દેવ જેવા માતપિતાએ અકાળે કારમી વિદાય લીધી. જોધાને રામજી મંદિરના પુજારીએ ઉછેરેલા.

(૨) ધોળકાના બારગામના ધણી મીરખાન બાદશાહને પીઠમાં એક પાઠું પડ્યું હતું અને તે પાઠું કોહીને તેમાં જીવાત પડી ગઈ હતી. વૈદ્ય હકીમો ઘણાં આવ્યા પણ તે પાઠાને મટાડી શક્યા નહીં. બાદશાહ સૂકાઈને સોટી જેવો થઈ ગયો અને આજ મરે કાલ મરે તેવી દશા થઈ ગઈ હતી. ત્યારે કોઈ હકીમે આવીને ઈલાજ બતાવ્યો કે રોજ પાઠાની અંદર તાજું બકરીનું કલેજું બાંધવામાં આવે તો પાઠાની અંદરની જીવાત કલેજાનું લોહી પીવા લાગશે અને બાદશાહના શરીરને કોતરશે નહીં અને બાદશાહની શાંતિ-સુખના કાજે રોજ એક નિર્દોષ બકરીનો ભોગ લેવાતો ભરવાડ, રબારીને બકરી આપવાની અને અંત્યજોને બાદશાહને બકરી પહોંચાડવાની આ નિત્યક્રમ બની ગયેલો.

(૧) કાણોતર (૨) દેવધોલેરા (૩) રણિયાપુરા (૪) નાનોદરા- વાસણા (૫) સાંકોડ (૬) કવલા (૭) દુર્ગા (૮) મેણી (૯) કવલા (૧૦) દેવડથલ ગામના બકરી આપવાના વારા પુરા થયા અને કેસરડી ગામમાં 'જોધલ' નો વારો આવ્યો.

ગામના ખીમા ભરવાડે આપેલી લૂલી બકરી લઈને જોધલ ધોળકા ભણી જઈ રહ્યા હતા. સાથે રાજનો સિપાઈ હતો. પરગજુ જોધલને લુલી બકરી પર દયા આવીને બકરીના લુલા પગ પર પ્રેમથી હાથ ફેરવ્યો. બકરીનો પગ સાજો થઈ ગયો અને ચાર પગે દોડવા લાગી. સિપાઈ તો આ દ્રશ્ય જોઈને જ આભો બની ગયો. ત્યાં તો જોધલના માથે વેઠનું જે પોટકું હતું તેની વચ્ચેથી તડકો પસાર થઈ રહ્યો હતો ને પોટલું માથેથી સવાગજ અધ્ધર ચાલતું હતું.

બકરીને કાપવા માટે કસાઈએ તીક્ષ્ણમાં તીક્ષ્ણ હથિયાર વાપર્યાં પણ બકરી કાપી શક્યા નહીં. ત્યારે જોધલની સાથે આવેલા સિપાહીએ બાદશાહને જાણ કરી કે બકરી લઈને આવનારો કોઈ મહાન પુરૂષ લાગે છે. તેણે રસ્તામાં બનેલી ઘટના બાદશાહને સંભળાવી.

જોધલને દરબારમાં બોલાવવામાં આવ્યા. જોધલને બાદશાહે સવાલ કર્યો 'બકરી કેમ કપાતી નથી ?' જોધાએ સામે સવાલ કર્યા "નિર્દય રીતે અબોલા જીવોની કતલ કેમ કરવામાં આવે છે ?'' બાદશાહે વિગતે દુઃખની વાત કરી. જોધાએ બાદશાહને જીવદયાનો પાઠ ભણાવતાં પાઠા ઉપર હાથ ફેરવ્યો તો બાદશાહનું "પાઠું" ગાયબ.

બાદશાહના "પાઠા" નું "ચાઠું" પણ ના રહ્યું. પછી તો ધોળકાનો ધણી આ ચમત્કાર જોઈને જોધાના પગમાં પડી ગયો. નાચવાને કૂદવા લાગ્યો. બાદશાહો ઢોલ-નગારા વગડાવ્યા અને જોધાનું સામૈયું કરીને મહેલમાં લઈ ગયો. રેશમી કાપડ પર તેમના પગલા પડાવ્યા. ગુલાબને ડમરાનો હાર પહેરાવ્યો. લોબાનનો ધૂપ કરી, બંદગી ભરી. જોધાને કહ્યું "હે જાહિયાપીર (જીવતા પીર) તમે માંગો તે આપું... તમે કહો તો મારી બધી મિલ્કત ન્યૌછાવર કરી દઉં" ત્યારે જોધાએ કહ્યું "આ બધું મારા કામનું નથી, મારું માંગવું છે તે સવારે માંગીશ."

બાદશાહે જોધાને રાજ્યમાં રાતવાસો રોક્યા અને તેમના શિષ્ય બન્યા. ત્યારે જોધલ "જોધલપીર" કહેવાયા.

બાદશાહનું દર્દ મટતાં ઘણાં સમય પછી બાદશાહે ઘેરી નીંદ લીધી સૂર્યના આછેરા કિરણો ધરતી માથે જોધલપીરનો જાણે સ્પર્શ કરી વંદના કરતા હોય છે એજ પળે મીરખાન બાદશાહની બેગમ જોધલપીરના દર્શન કરી વંદન કરી કહે છે.

"નેજા સવાયા બડા પીર, ઓલીયા
જોધાજી તેરા નેજા સવાયા પીર જીવનદાન હમેં દીયા, મિલ્કત લ્યો તમારી
હાથી-ઘોડા માલખજાના, જો ચાહે વો લ્યો
દાસી-ચાકર ગુલામ તુમ્હારા, સુખપાલ હમારી લ્યો''

બાદશાહ મીરખાન અને બેગમની પાસે જોધલપીરે એટલું જ માંગેલું કે "જ્યારે હું સમાધિ લઉં ત્યારે મારા સમાધિ સ્થળે મંદિર બનાવો અને મંદિરના પાયામાં નોબત (નગારૂ) મૂકાવજો. બાદશાહે તેનું કારણ પૂછતાં પીરે જણાવ્યું કે "દર વર્ષે આસો સુદ નોમની રાત્રે સાડા બાર વાગે સાડા ત્રણ દાંડીનો આપમેળે અવાજ થશે એ મારૂ પ્રમાણ છે'

ધોળકાથી જોધલપીરને હાથી પર અંબાડી સજાવી બાદશાહે બેસાડ્યા અને વાજતે-ગાજતે, કેસરડી ભણી વળ્યા ત્યારે રસ્તામાં ભાયલા ગામ આવ્યું. જોધલપીરના જન્મ સમયે જેમણે જન્મ કુંડળી બનાવી હતી તે સુંદરદાસ ગોરનું ગામ હતું. જોધલપીરને સુંદરદાસે રોકી જમવા માટે આમંત્રણ આપ્યું. ત્યારે જોધલપીરે કહ્યું "સુંદર બાપા મારી સાથે ખુદ ધોળકાના બાદશાહને એક હજાર સૈનિકો છે તમે...'' પણ સુંદર મહારાજ માન્યા નહીં.

(3) સુંદર મહારાજની પરિસ્થિતિ આટલા બધા મનેખોને જમાડવાની ન હતી એટલે જોધલપીરે સવાશેર ઘી,

ગોળ, ખાંડ, ચોખા, મંગાવી અંચળો પાથરી દીધો. પછી રસોઈયાને રાંધવાની રજા આપી. સૌને જમાડી છેલ્લે મીરખાન બાદશાહ અને જોધલપીર જમવા બેઠા ત્યારે પીરે સુંદરદાસને ભાણામાં ઘી પીરસવાનું કહ્યું. જ્યાં સુંદર મહારાજ ઘીની વાળી લઈને આવ્યા અને થી પીરસ્યું ત્યાંજ તેમનો અંધાપો દૂર થઈ ગયો.

સામાન્ય બાબત એ છે કે જે પંથકનો બાદશાહ જોધલપીરને સલામ કરતો હોય, બંદગી ભરતો હોય તે પંથકની પ્રજાના લોકમાનસમાં જોધલપીર પરમપૂજ્ય બની ગયા.

જોધલપીરના લગ્ન સાજેદરા ગામમાં કાશીબાઈ સાથે થયા હતા. તેમને બે પુત્રો થયા હતા. (૧) હરખો (૨) હીરો જેમાં નાનો પુત્ર હીરો હીર સાહેબના નામે ખ્યાતિ પામ્યા. ખાસ વાત એ છે કે જોધલપીર પોતે પુત્ર હીરાને સવાર-સાંજ પગે લાગતા હતા. કેમ કે જોધલપીરને સો ગાઉની વાટે શું બની રહ્યું છે તેની ખબર પડતી. તો હીર સાહેબને સવાસૌ ગાઉની વાટે શું બની રહ્યું છે તેની ખબર પડતી હતી. હીર સાહેબે જોધલપીરના પહેલાં સમાધિ લીધી હતી.

(૪) જોધલપીરની પીરાઈથી ખુશ થઈ રાજયનાં સૌ ગામ । મા ચેતનનાથે પીર પાસેથી ગુરૂ બોધ લીધો હતો.

(૫) કેસરડી ગામની આથમણી દિશાએ શેણ નદી આવેલી છે. આ કડીમાં કોળી પટેલો જાળ નાખી માછલા પકડતા હતા. પીરે તેમને અનેક વખ સમજાવ્યા કે નિર્દોષ માછલાઓને ન મારો પણ કોળી પટેલો માનતા હતા નહીં. એક દિવસ પીરથી બોલાઈ ગયું કે હવે તમે પાણીમાં જાળ નાંખેશો તો જાળ બળી જશે ''અને કોળી પટેલોની જાળો પાણીમાં બળી જવા લાગી અને તેઓ પીરના શિષ્ય બન્યા.

(૬) દેવથલ ગામના ગંગારામે પીર પાસેથી બોધ લીધેલો અને દેવથલ ગામમાં જે જીવતા સમાધિ લીધી હતી. તેઓ ગંગાબાવાથી ઓળખાયા. તેઓ પણ પૂજાય છે અને કેસરડી ધામને ગુરૂગાદી માને છે.

(૭) વિરમગામ પંથકના કુમરખાણ ગામનો કોળી નામે જોદવો તેને કોઈએ મારી નાંખ્યો હતો તેને પીરે જીવતો કર્યો હતો. તે પીરનો શિષ્ય બની ગયો હતો. અને ઘણાં ભજનોની રચના કરેલ છે.

(૮) કેસરડી ગામની પડખે કમાલી નામનું ગામ આવેલું છે. ત્યાંના રાજપુતો નવરાત્રિમાં પશુનો બલિ આપતા હતા. તે ગામમાં જઈ પીરે એક દાતણની ચીરી માંગીને વાવી તે બીજા દિવસે ખીજડાનો છોડ થતાં પીરને નમી પડયાને પશુ બલીની પ્રથા બંધ કરાવી.

(૯) ધરજી ગામનો કરમશી કોળી પીરનો શિષ્ય હતો. પણ તે દગાખોર હતો.

એક વખત ખંભાતથી નાવડા મારફતે જોધલપીર, હીર સાહેબ અને અન્ય શિષ્યો આવતા હતા ત્યાં કરમશીએ દગો કરી સઢનું દોરડું કાપી નાંખ્યું. પણ પીરે બધાને બચાવી લીધા.

જે બીજી વખતે તેણે જોધલપીર અને હીર સાહેબને તેના ઘરે જમવાનું આમંત્રણ આપીને જમવામાં ઝેર પીરસ્યું પણ હીર સાહેબે અને જોધલપીરે ઝેરને પચાવી દીધું. અને પીરે કરમશીને શ્રાપ આપ્યો કે "હવે તારૂ કોઈ નહીં થાય અને તું ગામના નહીં પણ ત્રણ તરભેટે રસ્તા મળતા હશે ત્યાં ઝુરી ઝુરીને મરીશ'

કરમશી કેશરડી, ગાંગડ અને ધરજી ગામના તરભેટે મૃત્યું પામ્યો હતો.આજે પણ તેનો પાળીયા ઊભો છે. આસપાસને ગામના લોકો ત્યાંથી નીકળે ત્યારે "ફ્ટ કર મશીયા'' એવું બોલીને તેના કરેલા કરમ ઉપર ફિટકાર વરસાવે છે.

(૧૦) સંવત ૧૩૩૬ ના આસો સુદ-૨ ને સોમવારે જોધલપીરે બાર ગામમાં બાર પાટમાં હાજરી આપી હતી.

(૧૧) સાણંદના દરબારને સંતાન ન હતું. તે જોધલપીર પાસે આવ્યા. જોધલપીરે તેમને ખેડાના કણભા ગામના શિષ્ય ભંગી 'વજાપીર' પાસે મોકલ્યા, વજાપીરે કહ્યું કે "દરબાર તમારે ઘેર જોધલપીરના પ્રતાપે પુત્ર થશે." અને દરબારનું વાંઝિયા મહેણું ટળ્યું.

(૧૨) કણભા ગામના વાલ્મિકી સમાજના માધાભાઈને ટીહલ નામનો દિકરો હતો પણ તે જન્મથી લકવાગ્રસ્ત હતો. તે જોધલપીરની માનતાથી સાજો થઈ ગયો અને પીરને ગુરૂ બનાવ્યા અને કણભામાં સમાધિ લઈને 'ટીહલપીર' ને નામે પૂજાય છે.

(૧૩) હીર સાહેબ પિતા કરતાં પણ સવાય હતા. આથી પીરનો આર્શીવાદ હતો કે એકના ૮૧ થશે. હાલ જે વંશજો છે તે હીર સાહેબના છે જેમના કુટુંબની સંખ્યા એક્યાસી રહે છે.

(૧૪) હીર સાહેબે સમાધી લીધા પછીના ત્રણ વર્ષે સંવત ૧૩૮૧ માં આસો સુદ દશમને શુક્રવારે બ્રહ્મમુહુર્તમાં જોધલપીરે દેહ છોડ્યો .

જોધલપીરની અંતિમ ક્રિયામાં ધોળકાના બાદશાહ મીરખાન આવ્યા હતા. જોધલપીરની અંતિમ ક્રિયા પીર પરંપરા પ્રમાણે કરવામાં આવી. બાદશાહે તેમની સમાધી ઉપર સંગેમરમરની કબર ચણાવી હતી. તેના પર સુંદર મકબરો બનાવ્યો હતો. અને મંદિરના પાયામાં ગુરૂની આજ્ઞા પ્રમાણે સાડા બાર મણની નોબત મૂકાવી હતી. તથા મકબરાના કાયમી નિભાવ માટે કેસરડી ગામમાંથી ૧૨ વીઘા જમીન અને અન્ય ગામોમાંથી બાર-બાર વીઘા લેખે ૧૪૪ વીઘા જમીન જોધલપીરના વારસદારોને લખી આપી હતી. મૂળ કેસરડી ગામની જમીન જોધલપીરના વંશજ પાસે રહી બાકીની જમીન ગણોતધારામાં અન્ય ખેડૂતોના ફાળે ગઈ.

આજે પણ કેસરડીમાં દશેરાના દિવસે મોટો મેળો ભરાય છે અને નોમના દિવસે સાડા ત્રણ નોબતના ડંકાનો અવાજ આપમેળે થાય છે. જોધલપીરને મુસલમાનો જાહીયા પીરથી માને છે અને દર વર્ષે તેમના સમાધિના દિવસે ઉર્સ ભરાય છે.

જોધલપીરના ધામમાં ગોવિંદબાપુ, કાળુપીર, હિરસાહેબ અને જાદવ કોળીની સમાધિઓ પૂજાય છે. જાદવ કોળીની સમાધિ જોધલપીરની સમાધિ તરફ ખેંચાય છે. તેવી માન્યતા છે.

આમ કેસરડી જોધલપીર દાદાનું પવિત્ર, પુણ્યકારી, સુખદાયી અને જન્મ જન્મના દુઃખ હરનારૂ પીરાણાનો પ્રાદુર્ભાવ કરનારૂ રમણીય, મનને હરનારૂ, આલોકનું ભવ્યાતિભવ્ય, અતિમહાન ધામ છે.

જય જોધલપીર, દાદા... જય જોધલપીર દાદા...જય જોધલપીર દાદા...

સંદર્ભસૂચિ

- જાવદ, સુનિલ (૨૦૧૦), દલિત સંતધારા, મુંબઈ: પ્રવિણ પ્રકાશન પ્રા. લિ.
- બાપુ, લાલદાસ (૨૦૨૦), સંત શ્રી જોધલપીરઃ જીવન ઝરમર, ધોળકા: જોધલ જ્યોત પ્રકાશ ધામ
- ગોહિલ, ડો. નાથાભાઈ (૨૦૧૭), ગુજરાતની આંતરચેતના ભાગ-૨, અમદાવાદઃ નવભારત સાહિત્ય મંદિર

જોધલપીર ગુરૂગાદી – અધેવાડા - ભાવનગર

અવતારી પુરૂષ પરચાધારી જોધલપીર બાપાને બે દિકરા હતા, ૧. હરખાદાસ બાપુ અને ૨. હીર સાહેબ હરખાદાસ બાપુના શુભલગ્ન ભાવનગરની સમીપ આવેલ અધેવાડા ખાતેના નાનજીભાઈ ઓલિયાની દિકરી સાથે થયા હતા.

એક વેળાના સમયે હરખાદાસબાપુના મનમાં અવળો વિચાર આવ્યો અને જોધલપીરબાપાની પટારામાંથી પૈસા ચોરી લઈને તેમનું વરખાસણ રાખવા માટે તેમની સાસરી અધેવાડા મૂકવા જવાના હતા.
જોધલપીર બાપાને વહેવારિક કામકાજ માટે પૌસાની જરૂ પડી અને તેમણે પટારો ખોલીને જાયું તો પૈસા મળ્યા નહી.

જોધલપીર બાપાએ હરખાદાસ બાપુ ને કહ્યુ, 'દિકરા!, મારા પટારામાથી પૈસા તે લીધા છે? ત્યારે હરખાદાસ બાપુ ખોટું બોલ્યા કે, ના બાપુ હું તો તમારી પટારાને અડ્યો પણ નથી.

જોધલપીર બાપાએ સમાધિલક્ષમાં જઈને જોયું તો હરખાદાસ બાપુએ ચોરી કરી છે, તે વાતની ખાત્રી થઈ ગઈ અને કહ્યુ, 'હરખા!, તું મારો દિકરો છે, અને મોટો દિકરો થઈને ખોટું કામ કરે અને ભૂલ પણ કબૂલ ન કરે એ વાત મારે માટે દુઃખ છે. તું માની જા તો હું તને માફ કરી દઈશ. માણસ માત્ર ભૂલને પાત્ર હોય છે.'

પણ હરખાદાસ બાપુ એકના બે ન થયા અને ભૂલ કબૂલ પણ ન કારી. એ ટાણે મહાપુરૂષ એવા જોધલપીર બાપાને ઘણું દુઃખ થયું અને તેમના મુખેથી કઠોર વચન સરી પડ્યું. હરખાદાસ આજથી તારે કેસરડીના ઝાડ જોવા નહીં અને કેસરડી છોડી તારી સાસરી અધેવાડા રહેવા ચાલ્યો જા'.

જોધલપીર બાપાનો શ્રાપ સાંભળી હરખાદાસની આંખોમાંથી ચોધાર આંસુ સરવા લાગ્યા. ભૂલ કરવા માટે પસ્તાવો થયો. પણ સંતનું વચન ક્યારેય નિષ્ફળ જતું નથી. હવે તો પિતાજીના શ્રાપને આજ્ઞા માની અનુસરવું પડે એ સિવાય અન્ય કોઈ ઉપાય જ ન્હોતો. તેથી બે હાથ જોડી હરખાદાસ બાપુએ જોધલપીરને વિનંતિ કરી કે, 'બાપુ, હું કેસરડી છોડી મારી સાસરી અધેવાડા જવા માટે તૈયાર છું, પરંતુ હું કોઈ દુઃખીયારા માણસને માનતા આપું અને તેને સારૂ થઈ જાય તો ભાવનગરથી કેસરડી ૨૦૦ ગાઉં થાય છે. તેથી ગરીબ માણસ કેસરડી આવી ન શેક માટે તમારે અધેવાડા પ્રગટ થવું પડશે.

ત્યારે જોધલપીર બાપુએ કહ્યુ, 'હરખાદાસ !, જ્યારે હું કેસરડીમાં સમાધિ લઉં ત્યારે તું આંખે પાટા બાંધીને આવજે તે દિવસે હું તને વાત કરીશ.'

આમ, હરખાદાસબાપુ કેસરડી છોડીને અધેવાડા આવીને સ્થાયી થયા, જ્યારે જોધલપીર બાપાને સમાધિ લેવાનો સમય આવ્યો. ત્યારે હરખાદાસ બાપુ આંખે પાટા બાંધીને કેસરડીમાં આવેલા.

જોધલપીરબાપા અને હરખાદાસબાપુ એકમેકને ભાવથી ભેટે છે અને સમાધિ ટાણે જોધલપીરબાપા એ હરખાદાસને કહ્યુ, 'દિકરા હરખા!, એક ગુલાબનું ફૂલ અને સવા રૂપિયો મારા જમણા પગના અંગુઠે અડાડીને તું અધેવાડા લઈ જઈને ફૂલ સમાધિ કરજે, અધેવાડા જોધલાપીરના નામે પ્રગટ પીરાણું ચાલશે'.

આમ, જોધલપીર બાપાના સમાધિષ્ઠ થયા પછી અધેવાડા જોધલપીર ગાદીની હરખાદાસ બાપુએ સ્થાપના કરી અને જોધલપીરબાપાએ આપેલા વચન મુજબ અધેવાડામાં પ્રગટ થઈ પુજાવા લાગ્યા.

કેસરડી ધામની માફક અધેવાડા જોધલપીર ધામ ભાવનગર પંથક જ નહી પણ આખાયે

ગુજરાતભરમાં જાણીતું થયું. અધેવાડાથી હરખાદાસ બાપુના છેલ્લા પરિવાર ગુરૂ લક્ષ્મીરામ બાપુએ કેસરડીમાં કલ્યાણદાસ બાપુને મળવા ગયેલા અને તેમણે આંખે પાટા બાધ્યાં નહી અને તેમનાથી કેસરડીમાં ઝાડવા જોવાઈ ગયા. જે જોધલપીર બાપાના શ્રાપ મુજબ ગુરૂશ્રી લક્ષ્મીરામ બાપુ નિર્માણપદ પામ્યા. જેથી અધેવાડા જોધલપીર ધામના મહંત તરીકે લક્ષ્મીરામ બાપુના દિકરા શ્રી શંકરદાસ બાપુને નિયુક્ત કરવામાં આવ્યાં.

અધેવાડા મહાન ગુરૂગાદી પર બિરાજ્યા પછી પરમ પૂજ્ય શ્રી શંકરદાસ બાપુએ ઘોઘાબારા વણકર સમાજના સાથ સહકારથી અધેવાડા ધામમાં ૩ સવરા મંડપનું સુપેરે આયોજન થયેલ છે.

૧. પ્રથમ મંડપ: ચૈત્ર સુદ પૂનમ તા. ૨૪-૦૪-૧૯૮૬, શુક્રવાર

૨. બીજો મંડપ: ચૈત્ર સુદ અગિયારસ તા. ૧૨-૦૪-૨૦૦૩, શુક્રવાર

૩. ત્રીજો મંડપ: ચૈત્ર સુદ અગિયારસ તા. ૩૦ અને ૩૧ ના રોજ થયેલ છે.

મહાન સંત શ્રી વિઠ્ઠલદાસ બાપુ

સંત વિઠ્ઠલદાસબાપુ સંત હરખાદાસબાપુની દૃઠ્ઠી પેઢીએ થયા. વિઠ્ઠલદાસબાપુ દેવગાણામાં સોલંકી અટકના શિષ્યના ઘરે પાટ માંડવા ગયા હતા, ત્યાં ચાલું પાટમાં જ તેમણે ભક્તોને કહ્યુ કે, 'કાલ સવારે સાત વાગ્યે હું દેહ છોડીને સતલોક સિધાવીસ. આથી મારો જનાજો બનાવજો અને જનાજો અધેવાડા સિવાય બીજે ક્યાંય ઉતારતા નહી.

સંત વિઠ્ઠલદાસબાપુએ દીધેલ વચન પ્રમાણે હાથમાં શ્રીફળ લઈને અનેક ભક્તોની વચ્ચે સમાધિષ્ઠ થયા અને તેમનો જનાજો લઈને ભક્તો અધેવાડા જઈ રહ્યા હતા.

દેવગણાથી એક કિલોમીટર દૂર ગુરૂશ્રી ના જનાજાને લઈને ભક્તો આવ્યા. જ્યાં એક ખાખીબાવાની જમાત પડેલી હતી. જમાતના મહંતે જનાજો જોઈ ભક્તોને કહ્યુ, 'આ જનાજો કોનો છે?, જનાજો તો મુસલમાન નો હોય' ભક્તોએ કહ્યુ, 'આ જનાજો અમારા ગુરૂ વિઠ્ઠલદાસબાપુનો છે. અમે વણકર છીએ અને અમારા ગુરૂની આજ્ઞા પ્રમાણે અમે તેમનો જનાજો બનાવીને અધેવાડા લઈ જઈએ છીએ.

ત્યારે ખાખી બાવાએ કહ્યુ કે, 'જનાજો નીચે ઉતારો અમારે પ્રમાણ લેવું છે' પણ ભક્તો માનતા નથી. ત્યાં તો જનાજામાંથી ગુરૂ વિઠ્ઠલદાસબાપુ જય જોધલપીર બાપા કહીને બેઠા થયા. એટલે ખાખીબાવા અને આખી જમાત વિઠ્ઠલદાસબાપુને નમી પડી અને સંપૂર્ણ વાતાવરણ જય જોધલપીર.. ના નાદોથી ગુંજી ઉઠ્યું.

ત્યારે વિઠ્ઠલદાસ બાપુએ સર્વ ભક્તોને કહ્યુ કે, 'આ દેવગાણાના સીમાડામાં કોઈ જગ્યાએ પાણી આવતું નથી, તેથી મારી સમાધિ અહીંયા જ કરજો. જાવ મારૂ વચન અને આશિર્વાદ છે કે અહીંયા તલાવડી બાંધજો અને તલાવડીનું નામ જોધલપીર તલાવડી રાખજો જેમાં ક્યારેય પાણી ખૂંટશે નહી'.

આમ દેવગાણાના સીમાડામાં સંત વિઠ્ઠલદાસબાપુને સમાધિ આપવામાં આવી. હાલમાં દેવગાણા ગામમાં જોધલપીર બાપુનું મંદિર છે અને સંત વિઠ્ઠલદાસબાપુની સમાધિ પણ આવેલી છે, જે હરખથી પુજાય છે.

ખાખી બાવા પણા જોધલપીર બાપાના સેવક બની ગયા હતા અને વિઠ્ઠલદાસ બાપુની બાજુમાં જ ખાખી બાવાએ જીવતા સમાધિ લીધી હતી. જોધલપીર તલાવડીમાં નીર આજે પણ છલોછલ છલકાય છે.

કેસરડીના મહંત શ્રી દયારામ વસ્તારામ બાપુએ દેવગાણા સવા મહિનો ભજન કર્યું હતું અને દેવગાણાના સર્વ ગ્રામ્યજનોના સહકારથી મંદિર બનાવેલ જોવા મળે છે.

જોધલપીર ધામ- અધેવાડા સંત શ્રી હરખાદાસબાપુ ગુરૂ જોધલપીરના પરિવારની નામાવલિ આ મુજબ જોવા મળે છે.

૧. જોધલપીરના દિકરા હરખાદાસ બાપુ (૮૧ પાઘડીમાંથી)

૨. હરખાદાસના દિકરા રામદાસ બાપુ

૩. રામદાસના દિકરા જેરાદાસ બાપુ

૪. જેરાદાસના દિકરા આત્મારામ બાપુ

૫. આત્મારામના દિકરા વિઠ્ઠલદાસ બાપુ

૬. વિઠ્ઠલદાસના દિકરા નારાયણદાસ બાપુ

૭. નારાયણદાસના દિકરા લક્ષ્મીરામ બાપુ

૮. લક્ષ્મીરામના દિકરા શંકરદાસ બાપુ

૯. શંકરદાસબાપુ સમાધિષ્ઠ થયા છે

સંદર્ભ સૂચિ

- રાઠોડ, નરેશભાઈ ખેમાભાઈ અને દામોદરનાથજી ગુરૂ મંગલનાથજી (સંપા) (૨૦૧૫), દિલ દરિયાના મોતી, મહેસાણાઃ સ્વ. મોહનલાલ જેઠાલાલ મકવાણા ભગત પરિવાર

ડાલીબાઈ

રામદેવજી મહારાજ સાથે પૂજાતું પાત્ર મેઘવાળ ડાલીબાઇ છે. લોકમત પ્રમાણે ભૃગી ઋષિ તપ કરી રહ્યા હતા. તેમના તપના બળે ઇન્દ્રનું ઇન્દ્રાસન ડોલવા લાગ્યું. ઇન્દ્ર કે જે દેવોના દેવ કહેવાયા છે તેને થયું કે મારું ઇન્દ્રાસન આ ભૃગીઋષિ તેના તપના બળે લઈ લેશે તો ? એટલે ઇન્દ્રએ પૂર્વ વિશ્વામિત્રના તપોભંગ માટે ઇન્દ્રલોકની અપ્સરા મેનકાને મોકલી વિશ્વામિત્રનો તપોભંગ કરાવ્યો હતો તેમ અહીં ભૃગુઋષિના તપોભંગ માટે અપ્સરા મોકલે છે. અહીં જરૂર પ્રશ્ન થાય કે જે દેવોના દેવ છે એ પોતાની સત્તા ટકાવી રાખવા આવી હલકી પ્રવૃત્તિ કરતા હશે ! ખેર ! પુરાણકથાઓ ને દેવકથાઓમાં આવા પ્રશ્નો શોભે નહીં.

અપ્સરા ભૃગીકંપની સેવા કરવા લાગી, સુંદર ગાન ને નૃત્ય કરવા લાગી, ભાતભાતનાં ભોજન કરાવવા લાગી, અંગભંગી ને નેત્રકટાક્ષોએ ભૃગીઋષિ ઘાયલ થયા ને તેના દેહમાં કામ વ્યાપી ગયો ને તેમનાથી વીર્યસ્ખલન થઈ ગયું. ઋષિ તે ક્ષણે જાગી તો ગયા પણ વીર્યસ્ખલન થઈ ચૂક્યું હતું. ખાખરાના પાનમાં આ વીર્ય ઝીલીને ઝાડની ડાળીમાં નાખી ઋષિ તે સ્થાન છોડી ચાલ્યા ગયા.

બાર માસે ફરતા ફરતા ઋષિ તે સ્થાને આવ્યા. કુતૂહલવશ ડાળીમાં જોવાગયા તો તેમાં બાળકી રમતી હતી. ઋષિ એ બાળકી પોતાની છે તે ખ્યાલ આવેને મમતા બંધાય તે પહેલાં તેને વાંસની ટોપલીમાં મૂકી નદીના પ્રવાહમાં વહેતીમૂકે છે.

પોકરણગઢના યુવાન રાજા રામદેવજી મહારાજ તેના સાથીઓ સાથે નદી કિનારે ફરતા હતા ત્યારે પાણીમાં વાંસની ટોપલી તરતી તરતી આવતી દેખાણી. રામદેવજી સાથે રાજની ગાયો સંભાળતો મેઘવંશી મેઘવાળ સાયો હતો. તો તે નદીના પ્રવાહમાંથી ટોપલી લાવીને ખોલી તો તેમાં આ બાળકી રમતી હતી. રામદેવજી મહારાજને જાણ હતી કે સાયરાને કોઈ સંતાન નથી એટલે આ દીકરીને તેની જ દીકરી માની સોંપી દીધી.

બીજી ઘટના લોકકંઠે એવી કહેવાય છે કે સાયરો બપોરના સમયે વિસામો લેવા એક ઝાડ નીચે બેઠો તો ઝાડની ડાળીમાંથી બાળકના રડવાનો અવાજ આવ્યો. સાયરાને ભારે કૌતુક થયું પણ ડર્યા સિવાય જોયું તોડળીની બખોલમાં બાળકી રડતી હતી. સાયરાને કોઈ સંતાન હતું નહીં એટલે પ્રભુએ તેને દીકરી આપી એમ માની તેને પોતાને ઘેર લઈ જાય છે. ડાળીમાંથી મળી એટલે તેનું નામ ડાલીબાઈ રાખવામાં આવ્યું.

સાયર મેઘવાળના પિતાનું નામ ભોજ હતું. તે ભોજને બે પુત્રો હતા. સમર ને અડસી. સાયરને કોઈ સંતાન હતું નહીં ને અડસીને એક દીકરો ને દીકરી હતાં. અડસી રાજની ગાયો ચરાવતો હતો. અલખનો ઉપાસક હતો. રાજા અજમલન પ્રિય હતો તેને ઘેર પણ સંતાન ન હતું ને અજમલરાયજી દ્વારકા ગયા ત્યાં વિનંતી કરેલી કે દ્વારકાધીશને મારી પુજા 'સોપારી' ધરજો ને મારે ઘેર સંતાન થાય ૫/૧૩ તેવી પ્રભુ પાસે ભીખ માંગજો. અજમલજીએ આ ભોળા ભક્તની પ્રથમ સોપારી મૂકી તેની મનોકામના પૂર્ણ થાય તેવી પ્રાર્થના કરેલી ને એ દિવ્ય સંતાનો દિકરા-દીકરી રૂપે જન્મ્યાં તેમાં આ ડાલીબાઈ દીકરી હતી. ગમે તે હોય આ પૂર્વના યોગે તેજસ્વી સંતાન હતું :

'ભક્ત બીજ પલટે નહીં, જો જુગ જાય અનંત;
ઊંચ નીચ ઘર જન્મ ધરે, તો પણ રહે સંતના સંત.'

અડસી પોતાના નાનકડા દિકરા-દીકરીને છોડી અવસાન પામ્યા ને એબાળકો પોતાનાં જ છે તેમ માની મોટાભાઈ સાયરાએ તેનો ઉછેર કર્યો.

ડાલીબાઈએ અઢાર વર્ષની ઉંમરે રામદેવપીર પૂર્વે બે દિવસ સમાધિ લઈ લીધી . આ વિધાનને સત્ય માની ચાલીએ તો ડાલીબાઈનો જન્મ વિ. સંવત ૧૪૯૭ શ્રાવણ વદી ચૌદશ -- ઈ.સ. ૧૪૪૦માં અડસી મેઘવાળને ઘેર થયો હતો. અડસી ભક્ત હતો. ઘરમાં ભજન, અલખજ્યોત ઉપાસના હતી. આ સંસ્કારે ડાલીબાઈ નાનપણથી જ ભક્તિના રંગે રંગાયેલી હતી

પિતાનું કામ રાજની ગાયો ચરાવવાનું હતું એટલે નાનપણથી ડાલી ગાયો લઈને સીમમાં જતી રહેતી. ગાયો ચરાવતાં ચરાવતાં નામસ્મરણ કરવું, મોજમાં હોય ત્યારે ભજન ગાતા રહેવું એ તેનું કામ.

સંતો પાસેથી સત્સંગમાં ને આજે રામદેવપીરની કથા કહેનારા કથકો પાસેથી સાંભળવા મળે છે કે રામદેવજી મહારાજ મહાપંથી દીક્ષિત થયા ત્યારે આ પંથ પરંપરામાં જોડાવા માટે રાણી નેતલદેએ રામદેવજીને સાથ ન આપ્યો. કારણો સમજી શકાય તેવાં છે. નેતલદે રાજપૂત નારી, રાજરાણી તે સાધુડાંની જમાતમાં આવી કેમ બેસે ? બીજું ત્યાં તો અછૂતો પણ બેઠા હોય તેને નમવું પણ પડે એટલે નેતલદે આ પંથમાં જોડાયાં નથી.

આ પંથ પરંપરાનો એક નિયમ છે કે પૂર્ણ દીક્ષિત થવા માટે જતિ-સતીએ પતિ-પત્નીએ સંગાથે જોડાવું પડે છે. જો પત્ની સાથ ન આપે તો આ પંથથી દીક્ષિત અન્ય કોઈ સ્ત્રીને સાથે રાખી આ ધર્મને વરી શકાય છે.

ડાલીબાઈને જાણ થઈ કે રામદેવજી મહારાજને નેતલદે સાથ આપવા તૈયાર નથી. એટલે જેના ઘરમાં સતુધર્મની દોરી હતી, જે નાનપણથી આ પરંપરા સાથે જોડાયેલી હતી તે પૂરા અધિકાર સાથે રામદેવજીને કહે છે 'હું આ ધર્મના માંડવે આપને સાથ આપીશ.' રામદેવજી મહારાજનો પ્રથમ પ્રવેશ અલખના દરબારમાં થયો ત્યારે ડાલીબાઈ રામદેવજી મહારાજનો હાથ પકડીને લઈ જાય છે ત્યારે કહે છે : 'મહારાજ ! આ અલખના દરબારમાં કોઈ રાય નથી કે કોઈ રંક નથી, કોઈ છૂત નથી કે કોઈ અછૂત નથી, મહારાજ ! આ દરબારમાં કોઈ નર નથી ને કોઈ નારી પણ નથી.'

રામદેવજી મહારાજ અલખનાં દર્શને રોમાંચિત થયા. તે ક્ષણે પોતે જ તેના અવતારી છે એ ભાવ હોય જ નહીં ને એટલી જાગૃતિ રાખે તો અવતારી લીલાકાર્ય થઈ શકે નહીં.

એક માન્યતા ડાલીબાઈ વિશે એવી પણ કહેવામાં આવે છે કે ડાલી 'મેઘડી'નો અવતાર હતી. 'મેઘડી પ્રમાણ' રામદેવજી મહારાજ રચિત, તેમાં 'મેઘડી'ની કથા વિસ્તારથી કહેવામાં આવી છે.

' ઉઠો મેઘડી વરને ઓળખો   સત્તાયણ ને જગમેં જાય,
મહર હુઈ સારે જગ ફિરિયા,   સતી નજર કોઈ નહીં આય.'

અવિનાશી કુષ્ઠરોગીનું વૃક્ષ રૂપ ધરી એક જ ઘેરથી રોટી, બેટી, લંગોટીની માંગણી કરે છે. પ્રથમ આ વૃદ્ધ રોગીને નવડાવે, પૂજે, જમાડે, વસ્ત્રદાન લંગોટી આપે ને કુંવારી કન્યા પરણાવે. આ ત્રણેય શરત મેઘવાળ મેઘઋષિ કે જે વણકર છે એટલે વસ્ત્રદાન આપ્યું, આદરથી જમાડ્યા ને પોતાની દીકરીને પરણાવે છે. અવિનાશી પરણીને ચાલ્યા ગયા. ચાર દિવસ પછી આવીને તેડી જઈશ એવો વાયદો પણ આપી ગયા. અહીં ચાર દિવસનો અર્થ ચોથા જુગમાં નકલંગ રૂપે જન્મ ધરીશ ને ફરી 'મેઘડી' મેઘવાળની કન્યા સાથે લગ્ન કરીશ, કળજુગ ઉથાપી સત્યુગ સ્થાપીશ તેવો વાયદો આપી ગયા છે.

આ કથાનકનો આધાર લઈ મેઘડી મેઘવાળને ઘેર ડાલીબાઈ રૂપે જન્મ ધરે છે ને અવિનાશી રામદેવરૂપે પ્રગટ રૂપ ધરે છે. ધર્મના માંડવે ડાલીને સંગાથી બનાવી અઢાર વર્ષની વયે ડાલી સમાધિ લઈ જાય છે ને લોકો એમ માને છે કે આ ડાલી ફરી મેઘવાળને ઘેર જન્મ ધરશે ને અવિનાશી નકલંક રૂપે અવતરશે ત્યારે લગ્ન કરી સતુધર્મને સ્થાપશે.

રામદેવજી મહારાજે પોતાનું જીવનકાર્ય પૂર્ણ કરી, સાધુસંતોને અને ગતગંગાને બોલાવી વિ. સંવત ૧૫૧૫ ભાદરવા સુદી અગિયારસને દિવસે સ્થૂળદેહ છોડી સમાધિ લેવાનો નિર્ણય લીધો. 'રણુંજામાં રામસરોવર તળાવને કિનારે સેવકોને બોલાવી પોતાની સમાધિ ખોદાવે છે. આ વાત ગાયો ચરાવવા સીમમાં ગયેલી ડાલીબાઈ સુધી પહોંચે છે. ડાલીબાઈને થયું કે હવે મારાથી જીવાય નહીં, મારા પ્રભુ અલખના ધામમાં જવાની તૈયારી કરે છે તે પૂર્વે મારે અહીંથી નીકળી જવું પડે.

ડાલીબાઈ ગાયોના ધણને રેઢું મૂકી કેમ આવે, ને સાંજ પડવાની રાહ જુએ તો મોડું થઈ જાય એટલે ગાયોને ઉદ્દેશી કહે છે

'બાછડિયા બીરા થાંને ગુરુ પીરાં રી આણ,
સાંઝ પડી રા ઘર આવજો,
' હે ગાયો, વાછડા વાછડીઓ, તમને ગુરુ ને પીર (રામદેવપીર)ની આશ છે
કે સાંજ સુધી સીમમાં ચરીને સાંજે તમારી મેળે ઘેર પહોંચી જજો .
ડાલીબાઈ દોડતી દોડતી રણુંજા પહોંચે છે. રામસરોવર તળાવને કિનારે

રામદેવજી મહારાજ સેવક, સંતસમાજ સાથે ઊભા છે.
' ઊભા હૈ રામદેજી રામા રે સરોવરિય રી પાળ,
ગુફા ખીણ જૈ રે રામી રંગ રમે.'

ડાલીબાઈ આવીને રામદેવજીને પાય પડી વિનંતી કરે છે કે પ્રભુ ! આપ જે જગ્યાએ આપના માટે સમાધિ ખોદાવો છો એ સમાધિસ્થાન મારું છે. રામદેવજીને નવાઈ લાગી ને પૂછ્યું કે જો તારું એ સમાધિસ્થાન હોય તો તેનું પ્રમાણ તારું આપવું પડે –

'મ્હારી ગુફા રા રામદેવજી ઘણા એધાણ,
કોઈ આટી દોરા કાંગસી.'

આ જે સમાધિ ખોદાય છે તેમાં હજુ નીચે ખોદશો તો તેમાં સ્ત્રી પ્રસાધન આટી, દોરા ને કાંગસી નીકળશે તો માનવું કે એ મારું સમાધિસ્થાન છે. સમાધિ ખોદતાં એ સાધનો નીકળ્યાં ને ડાલીબાઈએ વિ. સંવત ૧૫૧૫ ભાદરવા સુદી નોમ તારીખ ૧૮ ઓગષ્ટ ઈ.સ. ૧૪૫૮માં રામદેવજી મહારાજ, સંતસમાજ, ગતગંગાની હાજરીમાં જીવતાં સમાધિ લીધી.

તે પછી બે દિવસ રામદેવજી મહારાજ રોકાયા ને વિ. સંવત ૧૫૧૫ભાદરવા સુદી અગિયારસ તારીખ ૨૦ ઓગષ્ટ ઈ.સ. ૧૪૫૮માં સવારે ડાલીબાઈની સમાધિથી થોડાં ડગલાં દૂર જીવત સમાધિ લીધી.

'ડાલી આઈ મેઘાં ઘર, વે અજમલ ઘર અવતાર;
ભક્તિ પહલાં આબનરી, તીર ગઈ લારોલાર.'

આજે રણુંજા જે રામદેવરા નામે ઓળખાય છે. જ્યાં રામદેવજીનું ભવ્ય સમાધિ મંદિર છે તેમાં ડાલીબાઈની સમાધિ પણ આવેલી છે. ભૂતપૂર્વ બીકાનેરના દરબાર ગંગાસિંહ ઉદારતાપૂર્વક આ સમાધિ મંદિરનો જીર્ણોદ્ધાર કરેલ છે. આજે તો આ મંદિરની શોભા ઘણી વધી છે. ભાદરવી નોમથી અગિયારસનો ભવ્ય મેળો અહીં ભરાય છે. મારવાડ રાજસ્થાનના લોકો તો આ ધર્મમેળામાં આવે છે પણ એથી વિશેષ ગુજરાતના અનેક લોકો શ્રદ્ધાથી આવે છે.

રામદેવજી મહારાજે સમાધિ લીધી તે પૂર્વે તેમના વંશજો તુંવરોને કહ્યું હતું કે શંકા જગાડી મારી સમાધિ ખોલશો નહીં, નહીં તો તુવર વેશમાં દર પેઢીએ મારા જેવી હીર પ્રગટ થતો રહેશે. પરંતુ આ વચન તુવરા પાળી શક્યો નહીં.

રામદેવજીએ સમાધિ લીધા પછી હરભુજી (રામદેવજીના માસિયાઈ ભાઈ)ને પ્રત્યક્ષ મળે છે ને રતનકટોરો ને સોહન ચૂંટિયો આપતા જાય છે. હરભુજી આ વાત રણુંજા આવીને કરે છે તો તુંવરોએ કહ્યું, રામદેવજી સમાધિ લઈ ગયાને આજે ત્રણ દિવસ થયા. શંકા પડી. સમાધિ ખોદાવી, તેમાં સમાધિ દેહ હતો જ પણ પેલું આપેલુંવચન રહ્યું નહીં.

આજે રામદેવજીના વંશજો તુંવરો રામદેવ મંદિરમાંથી અને ડાલીબાઈના મેઘવાળોનાં વીસેક કુટુંબો ડાલીબાઈ સમાધિ મંદિરની આવકમાંથી જીવનનિભાવ ને મંદિરનો વહીવટ ચલાવે છે.

ડાલીબાઈની કોઈ ભજનરચનાઓ મળતી નથી. તેમજ તેમને ભજનવાણીમાં ગુંથી કોઈ સંત-ભક્તની રચના મળતી નથી. અર્વાચીન સમયમાં હાથીજણઅમરધામ (અમદાવાદ પાસે) ના સંત પૂ. લાલબાપા પાસે મારે જવાનું બનતું. તેમને ડાલીબાઈ સાથે, રામદેવપીર સાથે, જ્યોતપાટ સાથેનો લગાવ ઘણો. તેઓ સહજભાવે સરળ ભજનો લખતા રહેતા. તેમાં ડાલીબાઈ વિશેનું એક ભજન.

આજે ગુજરાત, સૌરાષ્ટ્ર ને કચ્છમાં મેઘવાળ સમાજના ઘેરઘેર ડાલીબાઈઆદરથી પૂજાય છે. અલખધણીનો જ્યોતપાટ, અજવાળી બીજ ભરવામાં આવે ,સવરોમંડપ કરવામાં આવે ત્યારે તેમાં ડાલીબાઈનું સ્થાપન કરવામાં આવે છે.સવરામંડપની ધર્મની દોરી મેઘવાળ ભગતના ઘેર રાખવામાં આવે છે :

'હે કુંભારાણા ધણીએ જે દિ સૃષ્ટિ રચાવી
આઠ કુળ નવમે મલતાણ, ધરમની દોરી મેઘધારુએ ઝીલી, તે'
દિ સાચા નૂરિજન ચડ્યા નિર્વાણ, હે સતવિશ્વાસી સદા સૂરા.'

મેઘવાળની આઠ-નવ વરસની દીકરીને ડાલીબાઈ બનાવી તેનું સામૈયું કરવામાં આવે છે, તેને સવરામંડપના સ્તંભે લઈ જવામાં આવે છે, ધરમની દોરી તેના હાથમાં અપાય છે, આ ધરમની દોરીમેઘવાળ ભક્ત, સાધુ અને મેઘવાળો હાથમાં લઈ અલખધણીની જય બોલાવે છે. ત્યારે સવરોમંડપ ખડો થાય છે. કેટલીક જગ્યાએ આભડછેટના નામે આ પરંપરા તોડવામાં આવી ને ધરમની દોરી મેઘવાળને બદલે અન્યએ હાથમાં લીધી ત્યારે સ્તંભ ખડો થતાં તૂટે ને ભંગાણ પડ્યાના દાખલાઓ મારી નજરે જોયાનું પ્રમાણ છે. આમ ડાલીબાઈ મહાપંથમાં, રામદેવપીર પરંપરામાં આદરણીય સ્થાન ધરાવે છે.

રામદેવરામાં રામદેવજી મહારાજનું સમાધિસ્થાન, સમાધિ ઉપરનું ભવ્યમંદિર લાખો લોકોની આસ્થાનું સ્થાન બની ગયું છે. આ સમાધિસ્થાનની પાસે ડાલીબાઈની સમાધિ અને તેનું સમાધિ મંદિર સાથે આવેલું છે.

રામદેવરામાં ભાદરવી નોમનો ત્રણ દિવસનો મોટો લોકમેળો ભરાય ત્યારે રાજસ્થાન મારવાડના લોકો તો ખરા જ પણ ગુજરાત, સૌરાષ્ટ્રમાંથી લાખો યાત્રાળુઓ આવે છે. ત્યારે પ્રથમ ધજા ડાલીબાઈના મંદિરે ચડાવવામાં આવે છે. મેઘવાળ લોકો આ મંદિરની પૂજા, આરતી, અખંડજ્યોત ભરીને અલખ આરાધે છે.

ડાલીબાઈને સતી, શક્તિ, મેઘડીના અવતાર તરીકે માનવામાં આવે છે. આ મહાશક્તિ માત્ર ઓગણીસ વર્ષની આયુમાં દેહ છોડી ગયાં. તેમના ભાઈ મુંજાનો પરિવાર સ્વામી ગોકુળદાસના જણાવ્યા પ્રમાણે નીચે પ્રમાણે ચાલ્યો ને તેનો પરિવાર આજે પણ રામદેવરામાં પૂજાપાટ સંભાળી રહેલ છે :

મુંજાનો મોડા, મોડાનો ડુંગર, ડુંગરનો બીજલ, બીજલનો માલો, માલાનો ખીમો, ખીમાનો ધન્નો, ધન્નાનો નંગો, નંગાનો માનો, માનાનો નાથો, નાથાનો કેસલ, કેસરનો ભૂરો, ભૂરાનો ભીખો, ભીખાનો હરજી, હરજીનો મુકના, મુકનાનો પૂરણરામ ને પુરણરામનો ઉત્તમચંદ આ પરંપરા ચાલી. મેઘવાળ સમાજની મહાપંથી સંતપરંપરામાં ડાલીબાઈ ન વીસરી શકાય તેવુંપાત્ર છે.

સંદર્ભ સૂચિ

- ગોહિલ, ડો. નાથાભાઈ (૨૦૧૭), ગુજરાતની આંતરચેતના ભાગ-૨, અમદાવાદ: નવભારત સાહિત્ય મંદિર

તળસી ભગત

વઢવાણ તાલુકાના વડોદ ગામમાં રાજાશાહી વખતમાં એક મોટું નામ થઈ ગયુ- તળશી લાખા રાઠોડ. છ ફૂટ ઉપરની ઊંચાઈ, સફેદ લાંબા વાળ, સફેદ દાઢી-મૂછ જાણે ઋષિમુનિ જોઈ લો. જેવો દેખાવ એવાં જ તેમનાં કાર્યો હતા. તે વખત તેઓ ઘોડી લઈને જતા અને પ્રભુમાં અતૂટ શ્રદ્ધા ધરાવતા હતા. તળશી ભગતની પેઢીમાં તળશી-લાખા, લાખા-ભીમા અને ભીમા પૂજા થઈ ગયા. આ ભીમા પૂજાને રામગર સ્વામી સાથે વડોદમાં સત્સંગ થયો હતો.

તે વખતે વડોદમાં રામગર સ્વામી સાથે ભજન સત્સંગ કરનાર આ ભીમા પૂજા, બીજલ દાના સોલંકી, માલા જીવા બારોટ અને વડોદવાસના માણસો હતા. આજે પણ તળશી ભગતના વડોદના જૂના ઘરમાં રામગર સ્વામીની જ્યાં બેઠક રાખી હતી તે જગ્યાએ દેરી અને ધૂણો છે.

તળશી લાખાએ સંવત ૨૦૦3માં વડોદ ગામથી જોરાવર નગરમાં મકાન લીધું. મકાનમાં એક રામદેવજી પીરનું મંદિર બનાવ્યું અને મંડપ કર્યો. સમગ્ર પરગણાનાં માણસોને આમંત્રણ આપ્યું હતું અને ત્યારે જોરાવરનગરમાં અંદાજે તે વખતે ૫૦૦ માણસોને તથા બ્રાહ્મણોને આમંત્રણ હતા. જેમાં રાજપરના પિતાંબરદાસ સાધુ ભલગામડાના રાઘુરામબાપુ, રામપરના હરિદાસજી અને જોરાવરનગરના નરસિંહજી, જેવા સંતો-મહંતોની હાજરીમાં મંડપનો પ્રસંગ ઊજવ્યો હતો. આ પહેલા જોરાવરનગરમાં અને સમગ્ર પંથકમાં આ પ્રમાણેનું કામ કરનાર તળશી ભગત પહેલા હતા.

સંદર્ભ સૂચિ

- મકવાણા, મહેન્દ્ર (૨૦૧૯), સુરેન્દ્રનગર જિલ્લાના વણકરોની અસ્મિતા, અમદાવાદઃ કેવલ ઓફસેટ

સંત દાદુ દયાળ

જન્મ	: ઈ.સ. ૧૫૪૫ વિ. સંવત ૧૬૦૦ ફાગણ સુદ આઠમ, ગુરુવાર
જન્મસ્થળ	: અમદાવાદ – દરિયાપુર (ગુજરાત)
મૂળનામ	: દાદુ
જન્મજ્ઞાતિ	: વણકર-અનુસૂચિત જાતિ :
માતા-પિતા	: માતા – રૂડીબાઈ, પિતા – દયાળ
પરિવાર	: બે ભાઈઓ – કિશન અને કૃષ્ણ, બહેન ઝવેર
ગુરુનું નામ	: બુઙ્ઢૈન નામના અજ્ઞાત સંત
દેહત્યાગ	: ઈ.સ. ૧૯૦૪ વિ.સંવત ૧૬૬૦ જેઠ વદ આઠમ, શનિવાર

સંતસાહિત્યના અભ્યાસી રઘુવીર ચૌધરી 'જ્ઞાનગંગોત્રી' સાહિત્યદર્શન-૧માં જણાવે છે કે 'દાદુ દયાળ (ઈ.સ. ૧૫૪૫ – ઈ.સ. ૧૯૦૪)ને અમદાવાદના વણકર કુટુંબમાં જન્મેલા. અઢાર વર્ષની વયે મધ્યપ્રાંતમાં ચાલ્યા ગયેલા, અઠ્યાવીસમા વર્ષે મારવાડના સાંભર જિલ્લામાં પહોંચ્યા અને તે પછી જયપુરની રાજધાની અજમેરમાં સ્થાયી થયા. અંતે નરાણેની પહાડી ગુફામાં દેહ છોડ્યો. આજે આ સ્થળે દાદુપંથીઓનું મંદિર છે.' જન્મ સમયની બાબતમાં વાસુદેવ જોષી 'મહાત્મા દાદુ દયાળ' ગ્રંથમાં સંતદાદુનો જન્મ વિક્રમ સંવત ૧૬૦૦ ફાગણ સુદ આઠમ ને ગુરુવાર - ઈ.સ. ૧૫૪૪ હોવાનું માને છે. કેટલાક વિ.સં. ૧૯૦૧ માને છે. આ મતોને આધારે દાદુ દયાળનો જન્મસમય ઈ.સ. ૧૫૪૫ અને અવસાન ઈ.સ. ૧૬૦૪નો સ્વીકારી શકાય.

હિન્દુસમાજની વર્ણવ્યવસ્થા અને જ્ઞાતિવાદ, ઊંચ-નીચના ભેદભાવે તેજસ્વી સંતોને ઉચ્ચજ્ઞાતિમાં સ્થાપિત કરવાનો પ્રયત્ન કરેલ છે વળી કલમ પણ તે કાળે તેમના હાથમાં હતી. દાદુના અનુયાયી દાદુને નિમ્ન જ્ઞાતિમાં મૂકવા તૈયાર નથી એટલે તેઓ દાદુને નાગરબ્રાહ્મણ કુટુંબના માને છે. તો વળી કિવદંતિમાં કબીરની જેમ દાદુને કુંવારી બ્રાહ્મણીનું અનોરસ સંતાન સાબરમતીના નદીના કિનારે મૂકી દીધાનું જણાવે છે.

દાદુ દયાળ પોતાના વિશે 'દાદુ દયાળ ગ્રંથાવલીમાં સ્પષ્ટ જણાવે છે કે –

'દાદુ કુલ હમારે કેસવા, સગાત સિરજનહારા,
જાતિ હમારી જગત ગુર, પરમેશ્વર પરિવાર.'

અમારું કુળ કેશવનું છે અને સર્જનહાર અમારો સગો છે. અમારી ન્યાત જગતગુરુની છે અને પરિવારમાં પરમેશ્વર છે. આટલું કહ્યા પછી પણ પોતે નીચ ગણાતી જ્ઞાતિમાં જન્મ્યા હોવાનું પદમાં કહે છે :

'તહાં મુઝ કમીન કી કૌનચલાવે
'સબર્તે નીચે મૈં નવ ન જાંનાં, કહે દાદુ ક્યોં મિલે સયાના...

ઈશ્વર પાસે મને નીચને કોણ ચલાવી લેશે ? હું તો બધા કરતાં તુચ્છ છ્ અને ઈશ્વરનું નામ પણ જાણતો નથી. અહીં દાદુ સામાજિક અન્યાયથી દુઃખી થયેલા જણાય છે. તે પીંજારાનો ધંધો કરતા હોવાનું જણાવે છે. દાદુને મુસલમાનહોવાનું માની શકાય તેમ નથી.

દાદુ રામને રોજી, સંપત્તિ અને પ્રસાદ માને છે. દાદુ રામ પદાર્થને સર્વધન માને છે. આ રામનામનું અમૃત રસાયણ પીને બીર અમર થયા, રૈદાસ રામનામ લેતાં-લેતાં રામસમાન થઈ ગયા. આવું કહેનારાનો નાતો હિન્દુ સાથેનો જ હોઈ શકે. જ્ઞાતિએ વણકર હોવાનો રઘુવીર ચૌધરીનો મત સ્વીકાર્ય બને છે.

ડો. દલપત શ્રીમાળી 'હરિજન સંત અને લોકસાહિત્ય' નામના સંશોધન ગ્રંથમાં શોધખોળને અંતે દાદુ દયાળને અમદાવાદના વણકર જ્ઞાતિના ને પિંજારાનો ધંધો કરતા જણાવે છે. તેમના આધારોમાં શ્રી હિંમતલાલ સોલંકી અમદાવાદની મોડલ હાઈસ્કૂલના આચાર્ય અને ઓનરરી મેજિસ્ટ્રેટ હતા. તેમની પાસે પડેલી હસ્તપ્રતોના એક કવિને લખેલું દર્શાવે છે :

અમદાવાદમાં આવેલા દરિયાપુરમાં દાદુનું ઘર હતું. પીપળાના ઝાડ પાસે મેડીબંધ મકાન હતું. તેના પાડોશમાં પૂરાં નામની કજિયાખોર ને હલકટ વૃત્તિનીબાઈ પૂરાં મારવાડણ રહેતી હતી. આ પૂરાંએ દાદુના પરિવારને ત્રાસ આપ્યો, તેનું ઘર બાળ્યું છતાં તે બીમાર પડી ત્યારે દાદુના પરિવારે તેને સાચવી ને અગ્નિદાહ દીધો.

દાદુની માતાનું નામ રૂડી, પિતાનું નામ દયાળ અને તેને બે ભાઈઓ કિશન અને કૃષ્ણ હતા. એ 'વેળવા વણકરનો વીર હતો' જ્ઞાતિએ દાદુ વણકર હતા. જે અમદાવાદનો વિસ્તાર દરિયાપુર દર્શાવવામાં આવ્યો છે ત્યાં વેળવા વણકરનો વાસ હોવાનું બુઝર્ગો પાસેથી જાણવા મળે છે. બીજો એક પુરાવો શ્રીમાળી સાહેબને ફકીર નૂરસાહેબનો મળે છે.

ફકીર નૂરસાહેબ પોતાની મૂળ ઓળખ ન થાય તે માટે ગાંડાની જેમ ફરતા રહેતા. ઉકરડા પર રહેવું, ગંદા રહેવું, ખડખડાટ હસવું વગેરે આ નૂરસાહેબ ઘણી જ મોટી ઉંમરના છતાં ઉંમર જણાય નહીં. તે દાદુ દયાળને સારી રીતે ઓળખતા હતા.

આ બધા આઘાતોથી દાદુને તેના મોટાભાઈ કિશન, કૃષ્ણદાસ પ્રથમ રાજસ્થાનમાં ગયા ત્યાંથી કિશન અને કૃષ્ણ કાઠિયાવાડમાં રહ્યા. તે પછી કચ્છમાં સ્થિર થયા. આ બંને ભાઈઓનાં કવિત મળે છે. દાદુ દયાળ ગુજરાત છોડીને રાજસ્થાનમાં ગયા. ત્યાં ધોતીને બદલે લૂંગી પહેરતા થયા ને આર્થિક આવક મેળવવા પીંજારા થયા. રૂ પીંજવા જાય ને હરિભજન ગાતા જાય. વાસુદેવ જોષી અને ચંદ્રિકાપ્રસાદ ત્રિપાઠીના મત પ્રમાણે સંવત ૧૯૩૮માં એટલે કે ત્રીસ વર્ષની વર્ષ દાદુ અમદાવાદ છોડી રાજસ્થાનમાં જયપુર પાસેના સાંભર ગામે સ્થિર થાય છે. ત્યાં આજે 'દાદુ દ્વારા' બનેલો છે.

દાદુએ ફતેહપુર સિક્રીમાં અકબર બાદશાહની મુલાકાત લીધી હતી અને ચાલીસ દિવસ સુધી એમની સાથે આધ્યાત્મિક ચર્ચા કરી હતી. અકબર હિંદુ સંતભક્તોને બોલાવી તેની સાથે વિચાર-વિમર્શ કરતા હોવાનું ઇતિહાસ નોંધે છે. તેમાં હૃદુ દયાળ મળ્યા હોવાનું સ્વીકારી શકાય.

દાદુ રાજસ્થાન ગયા પછી પીંજારા તરીકે ઓળખાયા ને ત્યારે તે પોતે અસલ વણકર છે તે ઓળખથી દૂર રહ્યા હોવાનું માની શકાય. દાદુ અનેક સાધુસંતો સાથે ભારતમાં ભ્રમણ કરતા રહ્યા છે. ઉત્તરભારત-કાશી, બિહાર, બંગાળ ને રાજસ્થાન. અંતે રાજસ્થાનમાં નારાણામાં રહેવા લાગ્યા. ત્યાં ભૈરાનાનીપહાડીમાં આવેલી ગુફામાં સ્વેચ્છાએ દેહલીલા છોડી સમાધિ લઈ જાય છે. આ ગુફામાં દાદુને સમાધિ આપવામાં આવી છે. સંવત ૧૬૬૦ જેઠ વદ આઠમ ને શિનવાર. આજે આ પહાડીને 'દાદુખોલ' કહેવામાં આવે છે. એમની સ્મૃતિમાં ત્યાં આ દિવસે દર વર્ષે મેળો ભરાય છે.

સંદર્ભ સૂચિ

- ગોહિલ, ડો. નાથાભાઈ (૨૦૧૭), ગુજરાતની આંતરચેતના ભાગ-૨, અમદાવાદઃ નવભારત સાહિત્ય મંદિર

સિદ્ધ દેવ ડુંગરપુરી

જન્મ	: વિક્રમ સંવત ૧૮૯૦ — ઈ.સ.૧૮૩૪
જન્મસ્થળ	: ગામ-દેત્રોજ, વિરમગામ તાલુકાના ચુંવાળપ્રદેશનું ગામ
મૂળનામ	: ડુંગર
જન્મજ્ઞાતિ	: વણકર
માતા-પિતા	: પિતા-માવજીભાઈ, માતા-રૂડીબાઈ
પરિવાર	: લગ્ન કર્યાં નથી. યુવાન થયા પૂર્વે જ ગિરનારની વાટ પકડી.
ગુરુનું નામ	: ભાવપુરી સાધુ પાસેથી દીક્ષા મળી
દેહત્યાગ સમાધિ	: વિ.સં૧૯૬૭-ઈ.સ.૧૯૧૧ ફાગણ વદ પાંચમને ગુરુવાર. સ્થળ અમીરગઢ, જિ. બનાસકાંઠા

'દલ દરિયામેં ડૂબકી દેના મોતી લેના ગોતી, ખારા સમંદરમાં છીપ બસત હૈ, ભાતભાતનાં મોતી.'

ભજનસાગરનાં મોતી દિલના દરિયામાં ડૂબકી મારી આત્મજ્ઞાન રૂપે અમૂલખ મોતી પ્રાપ્ત થાય છે. આ મોતીની ઓળખ દેવ ડુંગરપુરી તેમની સૌથી વિશેષ લોકપ્રિય થયેલી ભજનવાણીમાં આપે છે:

દલ દરિયામેં ડૂબકી દેણા

'દલ દરિયા મેં ડૂબકી દેણા, મોતી લેણા ગોતી એ જી... ખારા સમંદર મેં છીપ બસત હે,
ભાત ભાતાં મોતી એ જી... એ મોતી કોઈ મરજીવા માણે, નહીં પુસ્તક, નહીં પોથી રે...
મુખા કમળ પર મરઘા કમળ હૈ, તા પર ગંગા હોતી એ જી...
તન કર સાબુ, મન કર પાણી, ધોઈ લેણા હરદારી ધોતી રે...રણુંકાર મેં ઝણુંકાર હે, ઝણુંકાર મેં જ્યોતિ
એ જી... એ જ્યોતિ અભેપદ હોતી, વહાં હૈ એક મોતી રે...
નવ દુવારા, દસમી ખડકી, ખડકી મેં એક ખડકી એ જી...
એ ખડકી કોઈ ગુરુ ખોલે, કૂંચી ઉનરા ઘરકી રે...
ડાઈ ઇંગલા, જમણી પિંગલા, નૂરત સૂરત કર જોતી...
દેવ ડુંગરપુરી બોલિયા, હું હરખે હાર પરોતી
દલ દરિયા મેં ડૂબકી દેણા, મોતી રે લેણા ગોતી...'

આ મોતી કોઈ ભૌતિક પદાર્થ નથી. આ મોતી એવું છે કે તેમાં ચૌદ લોક સમાણાં, આ મોતીનું રટણ બ્રહ્મા, વિષ્ણુ ને મહેશ કરી રહ્યા છે. જે મરજીવા હશે તેને આ મોતી મળશે. આ મોતીનો અર્થ શબ્દકોષ પ્રમાણે કે શબ્દશક્તિથી પામી શકાશે નહીં. સંતવાણીના કેટલાક શબ્દો રહસ્યગર્ભ રહ્યા છે ને તેના અર્થ મરમી સંતસદ્‌ગુરુ પાસેથી મળે છે. 'મોતી'ની અનુભૂતિ થાય છે, તે માણી શકાય ભજનમાં. ભીનાભીના થવાય એ મોતી છે. સાદો અર્થ કરીએ તો જીવ હંસ છે અને શિવ-પરમેશ્વર મોતી છે. આ મોતીરૂપી ચારો ચરવા જીવ એકાગ્ર થઈ બેસે છે. તેની પણ એક ક્ષણ આવતી હોય છે. આ ક્ષણ પકડાઈ જાય એ સાધનાની સિદ્ધિ છે. આ ક્ષણે વીજળીના ચમકારા જેવો દિવ્ય પ્રકાશ થાય છે ત્યારે મોતી પરોવી લેવાનું છે. એ ક્ષણે જ જીવનું શિવમાં પરોવાઈ જવાનું છે આ અદ્વૈતરૂપ તે મોતીનું જન્મવું છે. વળી તે દલદરિયામાં ડૂબકી મારી ગોતી લેવાનું છે.

દેવ ડુંગરપુરી ભજનના માધ્યમે આત્મજ્ઞાન રૂપી મોતીની ઓળખ આપે છે. કહે છે કે આ સંસાર તો ખારા સમંદર જેવો છે. તેમાં માનવદેહ રૂપી છીપ છે. આ છીપમાં એક કીમતી મોતી પડ્યું છે જે સંતસાધનાએ મેળવી શકાય છે. આ મોતી પુસ્તક, શાસ્ત્રગ્રંથો કે પુરાણોમાં શોધવા જશો તો મળશે નહીં. ઘટભીતર દલદરિયામાં ડૂબકી મારવાથી મોતી મળશે.

દેવ ડુંગરપુરી કહે છે, મુખકમળ ઉપર મરઘાકમળ એટલે કે નેત્રોરૂપી કમળ છે. આ બે નેત્રોની વચ્ચે ભૂમધ્યમાં આજ્ઞાચક્ર છે તેમાં ગંગારૂપી જ્ઞાનનો પ્રવાહ વહી રહ્યો છે. તેમાં તન, મન ને હૃદયના મેલને ધોઈ નાખવાના છે. તે પછી નામજપની સાધના દ્વારા રોમેરોમમાંથી રણુંકાર ઊઠશે. તેમાંથી જ અનાહતનાદનો હુંકાર જાગશે. આ નાદમાં જ જ્યોતિનાં દર્શન થશે. આ જ્યોતિમાં આત્મારૂપી સ્વચ્છ મોતી પ્રકાશી રહ્યું છે.

આ નવહારનો પિંડ-દેહ છે. તેમાં દશમું દ્વાર મૂલધારામાં શૂષુમ્ચાનું છે. જ્યારે કુંડલિની શક્તિનો પ્રવાહ ઊંચે ચડવાનો થાય ત્યારે ખડકી ખોલવાની પ્રક્રિયા થાય છે. આ ખડકીમાં પણ એક નાની ખડકી છે, જે બ્રહ્મરન્ધનું સૂક્ષ્મ દ્વાર છે

તે ખુલે છે. ઇંગલા અને પિંગલા નાડીના પ્રવાહને તલ્લીનતાથી નીરખવાનો અને તે પ્રાણને શૂષુમ્હામાં પરોવવાનો હોય છે. આ બધી સૂક્ષ્મ ક્રિયાઓ છે જે માલમી સદ્ગુરુની સહાય વિના કરવી નહીં અથવા તો થતી પણ નથી. ખડકી ખોલવાની ગુરુગમ ચાવી ગુરુ પાસે હોય છે આ ક્રિયા પછી રણુંકાર, ઝણુંકાર ને જ્યોતિ દર્શાતી. આ જ્યોતિ એ અભેપદ, ત્યાં આ મોતી છે. દેવ ડુંગરપુરી તો એમ કહે છે કે 'હું હરખે હાર પરાતી' દલદરિયામાં ડૂબકીદેના, મોતી લેણા ગોતી.

આવી મરમી સંતવાણીના વાહક દેવ ડુંગરપુરી વિરમગામ પાસેના ચુંવાળ પ્રદેશના દેત્રોજ ગામે થઈ ગયા. આજથી ૧૭૦ વર્ષ પહેલાં વિક્રમ સંવત ૧૮૯૦માં મેઘવાળ વણકર સમાજના પિતા માવજીભાઈ અને માતા રૂડીબાઈની કૂખે ડુંગરનો જન્મ થયો હતો. ડુંગરનો જન્મ થયો ને પિતા માવજીભાઈ સ્વર્ગે સીધાવ્યા. રૂડીબાઈ માટે દીકરાનો જન્મ જાણે સ્વર્ગનું સુખ પણ પતિનું અવસાન, ઉંમર નાની, મેઘવાળ વણકર સમાજમાં આવી નાની વયમાં બીજાં લગ્ન કરવાં તે સામાન્ય બાબત ગણાય છતાં રૂડીબાઈએ નિરધાર કર્યો કે દીકરા ડુંગર માટે કપરો વૈધવ્યનો કાળ નિભાવી લેવો. રૂડીબાઈએ મજૂરી કરતાં કરતાં દીકરાને મોટો કર્યો.

ડુંગર માના પરિશ્રમને, તેની માયલી વેદનાને જાણે, ભીતરના વાગી રહેલા રામસાગરને પણ સાંભળે, સાધુ-સંતોનો સંગ પણ કરે પણ 'મા' સાથેનું મમત્વ તોડે નહીં. ડુંગરની ઉંમર સોળની આસપાસ થવા લાગી તે પણ વણકરી ને મજૂરીકામ કરવા લાગ્યો. તે સમયે કોગળિયા નામના રોગમાં મા સપડાઈ ગઈ. અનેક દવાઓ કરી છતાં કારગત ન નીવડી ને મા મૃત્યુ પામી, માના મૃત્યદેહને ભૂમિમાં ભંડારી, મસાણેથી જ ડુંગરે ગિરનારની વાટ પકડી.

ડુંગરે સદ્ગુરુની શોધમાં, સાધનાક્ષેત્ર પસંદ કરી સ્થિર બેસવાની જગ્યા શોધવામાં ઘણું ભ્રમણ કર્યું. ગિરનાર, આબુ, કાશી, મારવાડ ફરી વળ્યો. આ સમયમાં અનેક સાધુ-સંતોને મળવાનું થયું ને નાના-મોટા અનુષ્ઠાન પણ કર્યાં છતાં સ્થિરતા મળી નહીં. અંતે માદરે વતન દેત્રોજની પૂર્વમાં આવેલા 'ગેબી ટીંબા' ઉપર બેસી સાધના કરી અનેકવિધ સિદ્ધિઓ પ્રાપ્ત કરી. દૈવી શક્તિઓ ધરાવતા ડુંગરને હવે દેવ ડુંગરપુરી નામે લોકો ઓળખવા લાગ્યા.

દેવ ડુંગરને જે પુરી વિશેષણ લાગ્યું તે સાધુસમાજમાં ગિરી, પુરી વન જેવી દશ શાખાઓ છે તેને દશનામી સાધુ કહે છે. આવા કોઈ પુરી શાખાના ભાવપુરી નામના સાધુ પાસેથી દેવ ડુંગરને દીક્ષા મળી હતી ને તેમનું નામ દેવ ડુંગરપુરી રખાયું. ઘણી વખત એવું પણ બને છે કે કોઈ ગેબી સ્વરૂપે સાધુ કે સતગુરુ આવી દીક્ષિત કરી ચાલ્યા જાય ને તેની કોઈ ઓળખ ન પણ મળે. ગેબી આયા ગેબસે ને ગેબમાં સમાયા. ત્રીજી શક્યતા દેવ ડુંગરપુરીએ ભારતભ્રમણ કરતાં કરતાં અનેક સાધનાઓમાંથી પસાર થઈ આત્મજાગૃતિ કરી હોવાનું પણ બને. દાસ ડુંગરપુરી એક ભજનમાં ગુરુ વાઘનાથ જણાવે છે. સંતોના જીવનનાં આવાં રહસ્યો અગમ જ રહ્યાં છે. દેવ ડુંગરપુરીના ગુરુ સાધુ ભાવપુરી હતા.

દેવ ડુંગરપુરીએ પગપાળા ચાલીને ભારતનાં તીર્થધામોની યાત્રા કરી છે. તે સમયે કેટલાક સાધુઓ ગંગોત્રીમાંથી ગંગાજળ લઈ પગપાળા દક્ષિણના છેડે આવેલા રામેશ્વરના મંદિરમાં જઈ શિવજીને અભિષેક કરવા જતા હતા. દેવ ડુંગરપુરીએ ગંગોત્રીથી ગંગાજળ લઈ રામેશ્વરમાં જલાભિષેક બે વખત કર્યો હતો.

ભ્રમણ કરતા આ સિદ્ધ સાધકે દેત્રોજ પાસેના 'ગેબી ટીંબે' અવારનવાર આવવાનું રાખ્યું હતું. ત્યાં નાનકડી જગ્યા સ્થાપી, ધૂણો જગાવી રહેતા. આવતા જતા સાધુ-સંતો, લોકોને આવકાર ને સેવાનું કાર્ય કરતા હતા. ત્યારે વિક્રમ સંવત ૧૯૫૬માં છપ્પનિયો દુષ્કાળ પડ્યો. આ દુષ્કાળમાં ગાયો મકોડા ચરી ગઈ ને જનેતા તેના સંતાનને ભરખી ગઈ. પન્નાલાલ પટેલે 'માનવીની ભવાઈ' નવલકથામાં આ દુષ્કાળનું કારમું વર્ણન કર્યું છે. તેવા કપરા દિવસોમાં ગેબી ટીંબે દેવ ડુંગરપુરીએ અન્નક્ષેત્ર-સદાવ્રત ચલાવ્યું. દુષ્કાળગ્રસ્ત લોકો ગમે ત્યારે ખાઉંભરખું કરતાં આવી ચડે તેને ઘળ-રામરોટી ચોવીસે કલાક મળી રહે તેવી વ્યવસ્થા કરી હતી. દુષ્કાળનું સદાવ્રત પૂર્ણ કરી ફરી ભ્રમણયાત્રાએ ચાલ્યા ગયા.

દેવ ડુંગરપુરીની યાત્રા ૭૭ વર્ષની થવા આવી ને હરિદ્વારથી ગંગાજળની કાવડ ભરી પગપાળા દેત્રોજ ગેબી ટીંબે આવવા નીકળે છે. રાજસ્થાનની હદ છોડી ગુજરાતમાં પ્રવેશ્યા. રસ્તામાં તેમને તાવ ભરાયો. દેશી ઉપચારો કામ ન લાગ્યા એટલે બનાસકાંઠા જિલ્લાના અમીરગઢમાં થોડા દિવસો આરામ કરવા રોકાયા પણ સંતને અણસાર આવી ગયો કે મારો દેહ છોડવાનો સમય પાકી ગયો છે. હવે 'હાટડીયે કેમ રે'વાશે ભઈ ! મારા રામની રજા નઈ.' દાસીજીવણને જે સૂઝ્યું હતું તે દેવ ડુંગરપુરીને દર્શાયું. સંતો જ્યારે જવાનો સમય આવી ગયો તેની ખાત્રી થતાં મોતને આવકારે છે, તેનું સ્વાગત કરે છે.

ડુંગરપુરી મહારાજે અમીરગઢમાં પોતાનું સમાધિસ્થાન નિશ્ચિત કરી ખાડો તૈયાર કરાવ્યો. હરિદ્વારથી લાવેલ ગંગાજળની કાવડમાંથી સ્નાન કર્યું. અંગે ભભૂતિ લગાવી, સ્મરણ્ કર્યું તે પછી સમાધિના ખાડામાં મૃગચર્મ પાથરી ઉત્તરાભિમુખ બેસી, ઉપસ્થિત લોકોને જયજય સીતારામ બોલી, પ્રાણને સ્થિર કરી પંચમહાભૂતના પિંડમાંથી આતમરામને મુક્ત કરી દીધો. વિક્રમ સંવત ૧૯૬૭, ફાગણ વદ પાંચમ ને ગુરુવારે દેવ ડુંગરપુરી સમાધિસ્થ થયા.

સંદર્ભ સૂચિ

- ગોહિલ, ડો. નાથાભાઈ (૨૦૧૭), ગુજરાતની આંતરચેતના ભાગ-૨, અમદાવાદઃ નવભારત સાહિત્ય મંદિર

આર્ષદ્રષ્ટા દેવાયત પંડિત

જન્મ : અંદાજિત ચૌદમા શતકમાં

જન્મસ્થળ : કચ્છ

મુળનામ : દેવો, દેવાયતદેવ

જન્મજ્ઞાતિ : મેઘવાળ મહેશ્વરી

માતા-પિતા : માતૈદેવ અને વીણાદેવી

પરિવાર : દેવલદે નાર

ગુરુનું નામ : લુણંગદેવ

સમાધિ : અંદાજીત પંદરમા શતકમાં 'દેવાયત પંડિત દા'ડા દાખવે, સુણલે દેવલદે નાર, આપણા ગુરુએ અગમ ભાખિયા, જુઠડા નહિ રે લગાર, લખ્યા રે લખ્યા સોઇ દિન આવશે.'

સંતોના જીવન વિશે, પરિવાર વિશે શ્રદ્ધેય માહિતી મળતી નથી. તે સમયે લેખિત પરંપરા ન હતી. જે કંઠસ્થ રહ્યું ને પાઠાંતર પામતું રહ્યું તેના આધારે સંતોના જીવન-કવનની વાત થવા લાગી. જે તેમની પરંપરા લઈને બેઠા છે તેમણે પોતાનો મત પ્રસ્થાપિત કરવાનો પ્રયાસ કર્યો છે. અહીં જે દેવાયત પંડિત વિશેના મત જાણવા મળ્યા તે મુકવામાં આવ્યા છે.

ડો. દલપત શ્રીમાળી 'હરિજન સંત અને લોકસાહિત્ય' ગ્રંથમાં (પ્રકાશન વર્ષ ૧૯૮૯, પૃ. ૨૬૬) દેવાયત પંડિતનો સમય હયાતીકાળનો વિ. સંવત ૧૫૧૪ દર્શાવે છે. ડો. શ્રીમાળી દેવાયત પંડિતને મેઘવાળ મહેશ્વરી સમાજમાં થઈ ગયેલા માતંગદેવ, લુણંગદેવ, મામૈદેવમાં મૂકે છે. આ મહેશ્વરી આરાધકો જ્યોત ઉપાસનાના આરાધકો હતા, જે નિજીયા-મહાપંથ સાથે જોડાયેલ છે. બીજું આ સંત પરંપરાના સંતો આર્શદ્રષ્ટા હતા જે શક્તિ દેવાયત પંડિતમાં હતી. આવા આધારો લઈને શ્રીમાળી દેવાયત પંડિત, માતંગદેવ અને વીણાદેવીના સંતાન હતા. દેવાયત પંડિતની ભવિષ્યવાણી, ભજન, નિજીયાપંથ તો અન્ય મતોમાં જે કહેવાયું છે એ જ વાત કરે છે પરંતુ આ અંગેના પ્રમાણો આપ્યાં નથી. તેમનું શ્રેષ્ઠ પ્રમાણએ દેવાયત પંડિતનાં ભજનો જ છે.

દેવાયત પંડિત વિશે તાજેતરમાં એકગ્રંથ 'દેવાયત પંડિત દા'ડા દાખવે' લેખક ડી. પી. અસારી, પ્રકાશક : પૂ. ધનેશ્વરગીરી ગોસ્વામી (દેવરાજ ધામ સિદ્ધ દેવાયત પંડિત અને દેવલદેની ચેતન સમાધિ જગ્યાના મહંત) આ ગ્રંથમાં દેવાયત પંડિતનો સમય આજથી સાતસો વર્ષ પહેલાનો એટલે કે ચૌદમા શતકનો આરંભ કાળનો દર્શાવી શકાય. દેવાયત પંડિત સૌરાષ્ટ્રના જૂનાગઢ પાસેના વંથલી પ્રાચીન નગરી વામનસ્થલી – વનસ્થી - વંથલી ગામે થઈ ગયા.

વંથલીમાં વિપ્ર-બ્રાહ્મણ પરિવાર ઉદો અબોટી અને સોનબાઇ રહેતાં હતાં. આ નિઃસંતાન દંપતિ ભોળનાથ શિવજીની ભક્તિમાં સતત સેવા, પૂજા, અર્ચન કરતાં હતાં. ભક્તિથી ભોળાનાથ પ્રસન્ન થયા ત્યારે આ દંપતીએ ભોળાનાથને જ પુત્ર તરીકે અવતરવા વિનંતી કરી. શિવજી શિવાલયના ફુલના ઢગલામાં બાળક સ્વરૂપે પ્રગટ થયા. આ બાળકને પુત્ર ભાવે ઉછેરે છે. દેવે દીધેલ હોવાથી તેનું નામ દેવો રાખવામાં આવ્યું, જે દેવાયત પંડિત નામે પ્રખ્યાત થયા.

દેવો સાત વર્ષનો થયો ત્યારે તેનાં પાલક માતા-પિતા અવસાન પામે છે. ગામના લોકો ભેળા થઇ આ છોકરા ની સારસંભાળ રાખે છે. દેવો ગાયો ચારવનું કામ કરે છે. તેમ કરતાં કરતાં તે યુવાન થાય છે. એક સામાન્ય માણસ તરીકે તે જીવે છે. શિવજી ના પ્રાગટ્ય રૂપનો કોઇ અણસાર દેખાતો નથી.

કથાનક એવું ગોઠવવામાં આવ્યું છે કે- એક વખત સ્વર્ગની અપ્સરાઓ પૃથ્વી લોકે ફરવા આવી. તેમાંથી એક અપ્સરા ભુલી પડે છે જે ગિરનારના જંગલમાં આવેલા નરોહરગઢમાં સિદ્ધસાધના કરતા શોભાજીને મળે છે. લેખક શોભાજીને શિવજીનું રૂપ કહી ઓળખાવે છે. આ શોભાજી અપ્સરાને દેવાયતનું મિલન થશે તે જાણે છે. દેવાયતને પૂર્વ શિવજીનું પ્રાગટ્ય કહ્યું છે તે અહીં શોભાજી માટે પણ એ જવાત કરે છે. અપ્સરાની કલ્પનાને પ્રસંગ-ગૂંથણીમાં કલ્પનાતત્વ વિશેષ જણાય છે.

અપ્સરાનું નામ દેવલદે રાખવામાં આવે છે. દેવાયતને દેવલદે સહજીવન જીવે છે. પતિ-પત્ની ખરાં પણ સંસાર-વ્યવહાર બાંધ્યો ન હતો. આરંભે દેવાયત પાંચાળમાં આશ્રમ સ્થાપી રહેતા માંડવઋષિ પાસેથી અનેક યોગ-સિદ્ધિઓ મેળવે છે. તે પછીથી દેવાયત સંતગુરુ શોભાજી પાસેથી ગુરુબોધ મેળવે છે. તે પછી દેવાયત કાશીના પંડિતો સાથે જ્ઞાન-ચર્ચા કરી તેમાં જીત મેળવી પંડિતની પદવી મેળવે છે ને હવે દેવાયત પંડિત કહેવાય છે.

આવા દેવાયત પંડિત દેવલદે ચરિત્ર ઉપર શંકા કરે છે તેથી દેવલદે ગુરુ શોભાજી ના નરોહરગઢમાં રહેવા ચાલી જાય છે. દેવાયત પંડિત શિષ્યો સાથે નરોહરગઢની શોધ કરવા નીકળે છે. બળદગાડાનો ધરો ભાગ્યોને મજેવડીના લુહાર દેવતણખી પાસે ગયા. દેવાયત પંડિતને જ્ઞાન ગર્વ થયો, અભિમાન જાગ્યું તેનું નિવારણ દેવતણખીને તેની દીકરી લીરલબાઈ કરી આપે છે. મહાપંથી સાધના, દર્શન, ગુરુમહિમા સમજાવે છે. ત્યાંથી ગિરનારના ગુપ્ત ભોંયરાને માર્ગે ગુરુ શોભાજીને દેવલદે જયાં રહેતા હતા તે નરોહરગઢ પહોંચે છે. દેવાયત પંડિત પોતાની ભૂલ સ્વીકારી ગુરુ શોભાજીને ચરણે આવે છે. ગુરુકૃપાએ અનેક સિદ્રિઓ મેળવે છે.

આ કથાનકમાં દેવાયત સ્વતંત્ર પ્રગટ થયા એ શ્રદ્રાનો વિષય છે. સિદ્રિઓનો પ્રદેશ છે. પરંતુ તેજસ્વી ચેતનાને કથકો બ્રાહ્મણ પરિવાર સાથે જોડી તેને ઉચ્ચવર્ણમાં મૂકતા હોય છે. એવાં કથાનકો ઘણાં છે ત્યારે પ્રશ્ન એ પણ થાય કે નિમ્નસ્તરમાં શું આવું ન જન્મે ? અપ્સરાનું મોટિફ અનેક લોકકથાઓમાં મળે છે. અહીં દેવાયતની ભજનવાણી તપાસતાં તે અભિમાની ને શંકાશીલ હોય તે કેમ સ્વીકારવું ? દેવાયત પંડિતને નિજારી, મહાપંથી કહ્યા પછી તે સતી સ્ત્રી ઉપર શંકા ન જ કરે કારણ કે પુરુષ હોવાનો ગર્વ ગાળવાની આ સાધના છે. આ વાદ-વિવાદનો વિષય નથી. જે કથનાક મળ્યું તે મૂક્યું છે.

ગુરુ શોભાજીના આદેશથી દેવાયત પંડિત ને દેવલદે સાધના માટે કુંવારી ભોમકા શોધવા નીકળે છે. જે મોડાસા (જિ. સાબરકાંઠા) ની ઉત્તરે આવેલ બાજકોટ ગામે (આ ગામ આજે મોડાસાનો જ એક ભાગ બની ગયેલ છે.) પહોંચે છે. ત્યાંથી ઉત્તર દિશાએ આવેલ દેવરાજ ટેકરીએ પહોંચે છે. જે કુંવારી ભોમકા-સાધનાભૂમિ હતી. તે સ્થાને આ જતિ-સતીએ સાધના કરી. આ સ્થાને દેવાયત પંડિતને ત્રિકાળજ્ઞાન થયું તે પછીથી તેમની ભજનવાણી આગમણી બને છે. મહાપંથી જ્યોત ઉપસાના અને ભવિષ્યકથન કરતી ભજનવાણી દ્વારા સમાજજાગ્રતિ ધર્મપ્રચારનું, સદધર્મ સ્થાપવાનું કાર્ય કર્યુ. અંતે દેવાયત પંડિત ને દેવલદેએ દેવરાજ ટેકરી ઉપર જીવંત સમાધિ લીધી. જે આજે દેવરાજધામ નામે ઓળખાય છે. આ જગ્યામા અજવાળી બીજ ને પૂનમના દિવસે

રાત્રીના સમયે જ્યોતપાટ પ્રકાશ ભજન, સત્સંગ ચાલે છે. આ જગ્યામાં હનુમાનજીનું મંદિર, અખંડધૂણો, રામદેવજીનું મંદિર, પુન્યગીરા માતાજીનું મંદિર અને ચેતન સમાધિઓ આવેલી છે. આ જગ્યાના મહંત પૂ. ધનેશ્વગીરી સેવા આપી રહ્યા છે.

'દેવાયત પંડિતનું આખ્યાન 'દેવેન્દ્રકુમાર કાલીદાસ પંડિતે લખેલ છે. તેમાં દેવાયત પંડિતનો જન્મ વિપ્ર સમાજમાં પિતા ઉદાગરો ને માતા સોનાબાઇની કૂખે સિદ્ર શોભાજી મહારાજથી થયો હોવાનું કહે છે. દેવાયતના લગ્ન થાનમાં રહેતા બ્રાહ્મણની પુત્રી દેવલદે સાથે થયાં હતાં તેઓ મત દર્શાવે છે.

'ભારતીય સંતદર્શન, સાધના અને વાણી 'ગ્રંથમાં ડો. નાથાલાલ ગોહિલે સતી તોરલનો સમય ઇ.સ. ૧૩૨૮થી ઇ.સ. ૧૩૯૪નો દર્શાવ્યો છે. મહાપંથી વાયક લઇને ફરનાર ખીમડીયો કોટવાળ જે સંતો , જતિ-સતીની યાદો આપે છે તેમાં રૂપાંદે-માલદે , જેસલ-તોરલ , ખીમરો-દાળલદે , દેવાયત પંડિત-દેવલદે રામદેવજી મહરાજના પૂર્વ સમકાલીન છે. આ ગણતરીએ તપાસતા દેવાયત પંડિતે ચૌદમાં શતક્માં મૂકી શકાય છે.

સંતોનું કાર્ય આધ્યાત્મિક ઉન્નતિ સાધી આત્મદર્શન કરાવવાનું રહ્યું છે. બીજું મહત્વનું કાર્ય માનવસમાજમાં કોઇ ઊંચ નથી, કોઇ નીચ નથી. ચાર વર્ણની વ્યવસ્થાએ સમાજમાં વર્ગભેદ સ્થાપ્યા, જ્ઞાતિવાદ આપ્યો, અસ્પ્રુશ્યતા સ્થાપી તેની સામે આ સંતોએ અઢારે વરણને એક કરવાનો ઉપદેશ આપ્યો છે. મહાપંથની મોટાઇ તો ત્યાં છે કે સ્ત્રી-પુરુષના પણ ભેદ નથી. પુરુષ સ્ત્રીને ચરણે ગયો છે. વાસના મારી નિજારી થયા છે એવા પંથના વાહક દેવાયત પંડિતના નામે કાલ્પનિક કથાઓ ઊભી કરી ઉચ્ચવર્ણના એ બ્રાહ્મણ હતા તેમ કહેવું તે સંતે અન્યાય ને એ ધર્મ-પંથ પરંમપરાને પાયાથી તોડી પાડવાનો આ કલીમ કસબ છે. મારો હેતુ અહીં પંડિતને અછૂત સમાજમાં મૂકવાનો નથી પણ ડો. દલપત શ્રીમાળીના મતને ખોટો પાડી શકાય તેમ પણ નથી. ભાવિકને એટલી જ વિનંતી કે તમે તમારી જ્ઞાતીના અહમને ગાળી નાખશો તો જ ભજન-સાધનામાં, મહાપંથની મોટી વાડીમાં પ્રવેશ થશે . જ્યોતને અજવાળે મેઘવાળ ભગતની થાળીમાં પ્રસાદ લીધા સિવાય પૂર્ણપદ મળશે નહીં એવું મહાપંથોના સંતોનું કહેવું છે.

સંદર્ભ સૂચિ

- ગોહિલ, ડો. નાથાભાઇ (૨૦૧૭), ગુજરાતની આંતરચેતના ભાગ-૧, અમદાવાદઃ નવભારત સાહિત્ય મંદિર

સંત દેવીદાસ (દેવજી ભગત)

(ગામ : મોજીદડ તા. લીંબડી વિ.સં. ૨૦૧૫ થી ૨૦૬૨)

કચ્છ-કાઠિયાવાડની ભૂમિ પર સદીઓથી સંતો, મહંતો માનવ જીવનના ઉત્કર્ષ અર્થે પ્રગટ થતા રહ્યા છે. કેટલાક પાંચસો વર્ષ પહેલાં, કેટલાક બસો-ત્રણસો વર્ષ પહેલાં થયેલા સંતોના વિશે લોકોને સમયના લાંબા વહેણ પછી ખબર પડે છે ત્યારે તેવા સંત પ્રત્યે પૂજ્યભાવ જાગે છે. થઈ ગયેલા મહાન આત્માના ભેદ-ભરમ જાણવાની કોશિશ થાય છે. તેમાં ઘણીવાર વર્ષોનાં વર્ષ વીતી જાય છે.

એવું કહેવાય છે કે કબીર સાહેબના દેહોત્સર્ગ બાદ લગભગ ૧૦૦ થી ૧૫૦ વર્ષ બાદ તેમનું જ્ઞાન લોકો સુધી પહોંચ્યું. રોહીદાસને સામાન્ય માણસે ઓળખવામાં બસો ત્રણસો વર્ષ પસાર કરી દીધા. આવા સંતો જ્યારે જ્યારે તેમના સદેહે પૃથ્વી પર વિચરણ કરી રહ્યા હોય છે ત્યારે આ લોકના માણસોને તેના વિશે ખબર હોતી નથી. અને આ કાઠિયાવાડની ધીંગી ધરાએ યુવાન સ્ત્રી માતા જેવી છે કે જેના ઉદરમાં તેની ધરતીમાં અવિરત વર્ષોથી સંતો, શૂરવીરો, દાનેશ્વરી, કવિ પુત્રોને જન્મ આપતી રહી છે અને આ ભૂમિ અનંત સમયની નવયૌવના માતા છે. તેણે વર્ષો પહેલાં પણ એવા નરબંકાઓને જન્મ દીધો છે અને અત્યારે પણ દઈ રહી છે અને ભવિષ્યમાં પણ એવા વીરો, સંતોનો આ ભૂમિ પર પ્રાગટ્ય થશે. સામાન્ય લોકો તેમને ઓળખી શકતા નથી. તેમના પરમાત્મામાં વિલય પછી લોકોને જાણ થાય છે અને એવા માણસો એવા આત્માઓ પાછળનાં વર્ષોમાં એ માનવ-જીવનના આત્માથી પરમાત્મા સુધીનો માર્ગ દેખાડતા જાય છે.

એવા જ એક સંત ભક્ત લીંબડી તાલુકાના મોજીદડ ગામમાં થઈ ગયા. નામ તેમનું દેવજીભાઈ નારણભાઈ પરમાર. જેઓએ સમગ્ર કાઠિયાવાડ અને ગુજરાતમાં ભક્તિમાર્ગે ચાલી લોકોને ઉપદેશ આપ્યો. મોજીદડ ગામ, લીંબડીથી ચૂડા જતા માર્ગમાં આવે છે. આ વણકર સંતે નાનકડા મોજીદડને આધ્યાત્મિક દુનિયામાં મહાન બનાવી દીધું છે. અત્યારે અને ભવિષ્યનો ઇતિહાસ પણ તેની નોંધ કરશે.

શ્રી દેવજીભાઈનો જન્મ તા. ૧૫-૧૧-૧૯૧૪ના રોજ સંવત માગશર સુદ પૂનમે મોજીદડ ગામે થયો હતો. તેમની માતાનું નામ રતનબેન અને પિતાનું નામ નારણભાઈ હતું. દેવજીભાઈના પિતા નારણભાઈ પણ ભક્તિભાવવાળા હતા. તેમનું જીવન એક ભક્ત જેવું હતું. તેમની ભક્તિના સંસ્કાર દેવજીભાઈના જીવનમાં ઊતર્યા હતા. તેમની ભક્તિ વિશે આજે પણ લોકોમાં ચર્ચા થાય છે.

નારણ ભગત મોજીદડની સીમમાં કાલા વીણવા દાડીએ ગયા. એકવાર એવું બન્યું કે દાડીએ આવેલ માણસોમાંથી કોઈ એકે કપાસની ચોરી કરી. આઠ દસ દાડિયા (મજૂર) હતા. આ વાતની જાણ ખેતરના માલિક દરબારને થઈ એટલે દરબાર પરોણો લઈ બધા દાડીયાઓને એક પછી એક ફટકારવા લાગ્યા. જ્યારે નારણ ભગતનો વારો આવ્યો એટલે દરબારની નજર નારણ ભગતે પહેરેલી માળા પર ગઈ. ભગત કાયમ આ માળાથી રામ નામનું રટણ કરતા રહેતા હતા. માળાના મણકામાં પણ રામનો પ્રભાવ હતો. દરબારે નારણ ભગત સામું જોયું. માળા સામું જોયું. પરોણો મારવા માટે હાથ ઊપડતો નથી. હાથ થંભી ગયો. દરબારે કહ્યું: ''અલ્યા માળા કાઢી નાખ.''

નારણ ભગત તો પ્રભુ રામનું સ્મરણ કરતા આંખો બંધ કરી ઊભા રહીગયા હતા. દરબારને કોઈ રોકી રહ્યું હોય તેમ જણાયું. તે તુરત ત્યાંથી ચાલ્યો ગયો.

નારણ ભગતે આંખો ખોલી. ખબર પડી કે આ મારી માળા કે જેનું રામનામનું રટણ કરવાથી જો આટલો પ્રભાવ પડ્યો. આમાં કાંઈક છે ? અને એવું કહેવાય છે કે તેઓએ ઘરે આવી સુથારને બેસાડી માળાના મોટા મણકા બનાવ્યા અને દીવાલની બે ખીંટીએ માળા લટકાવી શકાય તેવી મોટી માળા બનાવી. પ્રભુ શ્રીરામ... શ્રીરામ... જપવા લાગ્યા અને આમ પ્રભુભક્તિમાં તેમનું જીવન પસાર થવા લાગ્યું.

આવા પિતાજીના સંસ્કાર દેવજી ભગતમાં નાનપણથી ઊતર્યા હતા. આજીવન ભક્તિપૂર્વકનું જીવન ગુજાર્યું. તેઓના ગુરુ લીંબડી તાલુકાના રંગપુર ગામે રામગર સ્વામીની જગ્યાના મહંત શ્રી જદુરામ ગુરુ મોહનદાસ હતા.

નાના વર્ણમાં ઘણા સંતો, સાધુ, ભક્તો થઈ ગયા, પરંતુ દેવીદાસ તેમાં નોખી ભાત પાડતા ગયા છે. તેમનું સંતસાહિત્ય લેખિત છે. તેમણે ઓમરૂમ આધ્યાત્મિક જ્ઞાનદર્શક પારસ ચિંતામણિ નામના ગ્રંથનું સર્જન કર્યું છે. જેમાં તેમણે માનવીને મનને શુદ્ધ કરી પરમાત્મા સાથે ભાવ જગાડવાનું લક્ષણ છે.

હૃદય તણા ક્રીડાંગણનો જો કોઈ પામે તાગ
શુદ્ધ હૃદય જ્ઞાને કરી દેવો કહે મન જાગ

દેવજી ભગત આગળ કહે છે કે આત્મા પોતે જીવ છે અને પોતે જ શિવ પણ છે. આદિ અને અનાદિ પણ પોતે છે. તે જાણવું તથા તેના રૂપને જાણવાનો પ્રયત્ન કરવો જોઈએ. આ સંસારરૂપી વૃક્ષમાં જે અટવાઈ જાય છે તે તેમાં વિલીન થઈ જાય છે. પરંતુ વિલીન થઈને પણ જો કોઈ પરમાત્માનો ભેદ પામે તો દુનિયાના ત્રણે દુઃખનો નાશ થાય. સંત દેવીદાસ તેમના કાવ્યમાં કહે છે.

પોતે આત્મા પોતે જીવ પોતાનાથી તે પોતે શિવ
આદિ અનાદિ પોતે છે એ જ જોવો તે રૂપ છે તે
સંસારવૃક્ષ સર્જે છે જે વિલીનીકરણ કરે છે તે
એવી કળા અકળ છે પાસ આવે કિરણ રવિ પ્રકાશ
એમ અકરતા થઈને રહે આ ભેદ કોઈ જ્ઞાની લહે
''દેવો'' છે એમ સમજે સુખ, ટળે ત્રિવિધ મનથી દુઃખ.

આ જીવ માયામાં પડી પરમાત્માથી વિમુખ થઈ જાય છે. તેના જીવનનું સાચું તાદૃશ્ય તેને સમજાતું નથી. તેથી તેનો આ ભવનો ફેરો વિફળ થાય છે. આ માયાને છોડી પ્રભુમાં લય થવાનું સંત કહે છે. જેમણે આ માયાનાં બંધનો છોડ્યાં છે તેઓ પરમ પદને પામ્યા છે. પરંતુ એવા લક્ષને પામવા માટે મનનું સ્થિર થવું આવશ્યક છે. જેની વૃતિ સ્થિર છે તેને મોહમાયા આપોઆપ છૂટી જાય છે, પરંતુ આનો મર્મ કોઈક જાણી શકે છે. એટલે આગળ દેવીદાસ કહે છે :

માયાનો છે લક્ષ જ ફોક, આવા મર્મને સમજે કોક
લક્ષ બદલવો મનનું કામ, દેવો બેસે નહીં એમાં દામ
ગુરુ જદુરામે કીધી જાહેર, લક્ષથી થાય લીલાલહેર

દેવીદાસ પ્રાથમિક શિક્ષણ જ પ્રાપ્ત કરેલું હોવા છતાં તેમની ઊંડી આધ્યાત્મિક ભક્તિ, ગુરુજ્ઞાન, પ્રતાપે તેઓ લોકો ઉપયોગી જ્ઞાનવાણી કહી ગયા છે. તેઓએ જુદા જુદા રૂપે સવૈયા, રેખતા, છપ્પા, કાવ્ય, ભજન,

સાખીઓ જેવી ભક્તિવાણીનો પ્રવાહ વહેવડાવ્યો છે. વણકર સમાજમાં તે સમય શિક્ષણનો વ્યાપ ઓછો હોવા છતાં સંત દેવીદાસે તેમના ઊંડા આત્મસિદ્ધ જ્ઞાનનો લોકોને સાક્ષાત્કાર કરાવ્યો છે. લોકોને સત્કર્મ તરફ રહેવા અને ખરાબ માણસોથી દૂર રહેવા માટેનો પણ નિર્દેશ તેમની સાખીમાં છે.

દેવો કહે દુરિજન લોકથી, અળગું રાખવું અંગ
જુઠ બોલે જાણતા, તેનો કદી ન કરવો સંગ

આગળ દેવીદાસ આ પ્રાણ અને પ્રાણીના જીવસંબંધી જ્ઞાન પીરસે છે કે, માનવી પોતાની જીવથી શિવ સુધીની ગતિ કઈ રીતે કરી શકે છે. તેના શરીરને યોમ અને યોગ દ્વારા ઊર્ધ્વગતિ કરી શકે આત્માના આ કવચને સમજાવતા કહે છે. મેરૂદંડની બંને બાજુએ એક એક એમ બે નાડી આવેલી છે. ડાબી બાજુની નાડી ઈંગલા અને જમણી બાજુની નાડીને પિંગલા કહે છે.

ઈંગલા નાકના ડાબા કાણામાંથી અને પીંગલા જમણા કાણામાંથી એક એક કલાકના વિરામે ડાબી અને જમણી સ્વર બદલાયા કરે છે.

જ્યારે ડાબી જમણી નાડી ચાલતી હોય ત્યારે શારીરિક માણસો કામમાં લાગી જાય છે તેને સુક્ષ્મણા નાડી બ્રહ્મનાડી કહે છે. સુક્ષ્મણાને ચલાવવાનો પ્રયત્ન કરે છે. ઈંગલા અને પિંગલાથી સમયનું જ્ઞાન થાય છે. સુક્ષ્મણાને કાળનું ઉદરસ્થાન કહે છે. માટે આ રસ્તે જનારે પ્રાણનો કાબૂ મેળવવો જરૂરી બને છે.

આગળ સંત જણાવે છે કે નાડી મંડળમાં સુક્ષ્મણા મહત્ત્વપૂર્ણ નાડી છે. આખું બ્રહ્માંડ એના પર સ્થિત છે. એ જ મોક્ષ માર્ગને સીધો અને સરળ બનાવી મોક્ષ અપાવે છે. આ સુક્ષ્મણા નાડી ગુદા ભાગની પાછળ આવેલી છે અને તે મેરૂદંડને જોડાયેલી છે. માટે ગુપ્તરૂપે રહીને શરીરના બ્રહ્મસ્થ સુધી ચાલી ગઈ છે. જ્યારે સુક્ષ્મણા જાગૃત થાય છે ત્યારે યોગીનું મુખ્ય કામ થવા માંડે છે અને તે સુક્ષ્મણા નાડી મેરૂદંડના મધ્યભાગમાં થઈને ઉપર ચાલી જાય છે અને તે ઉપસ્થ અને નાભિ ની વચમાં આકાર કેદ છે. એ કેદમાંથી શરીરની ૭૨,૦૦૦ નાડીઓ ઉત્પન્ન થઈને આખાયે શરીરમાં ફેલાયેલી છે.

એમાંથી ૭૨ નાડીઓ સાધારણ રીતે સૌ કોઈ જાણે છે. એમાંની ૧૦ નાડીઓ એવી છે કે આ આખા શરીરમાં પ્રાણનો સંચાર કરે છે. એ ૧૦ નાડીઓનાં નામ આ મુજબ છે : ૧ ઈંગલા, ૨ પિંગલા, ૩ સુક્ષ્મણા, ૪ ગંધા, ૫ હસ્તજીવા ૬ પુષા, ૭ યશસ્વીની, ૮ અબલુષા, ૯ કુડું, ૧૦ શંખ. આ નાડી ચક્રને જાણવું તે યોગીઓ માટે અત્યંત જરૂરી છે. ઈંગલા, પિંગલા અને સુક્ષ્મણા એ ત્રણે પ્રાણ વાહક નાડીઓ છે. જ્યારે સુક્ષ્મણા નાડી ચાલે ત્યારે ધ્યાન કરવા બેસી જવું જોઈએ. એ વખતે ધ્યાન કરવું તે ઉત્તમ મનાય છે. સુક્ષ્મણા નાડીમાં ધ્યાન કરતા કરતા કુંડલિની જાગૃતિ થઈ જાય છે. અન તે સુક્ષ્મણા નાડીમાં થઈને તે ચક્રને ભેદન કરતી કરતી ઉપર ચડવા માંડે છે એ વખતે યોગીને અનેક પ્રકારના અનુભવશક્તિ અને આનંદ પ્રાપ્ત થાય છે. કુંડલિની જાગૃત વગર સમાધિ સાધી શકાતી નથી.

આજ બાબત સંત દેવીદાસ તેમના રચિત ભજનમાં સાદી અને સરળ ઉચ્ચ આધ્યાત્મિક ભાષામાં કરતાં કહે છે.

આત્મા નજરૂમાં આયા જેણે ઘડી અમારી કાયા
એ કાયામાં દશ દરવાજા સમજ સમજ સુખ પાયા
આત્મા નજરૂમાં આયા...

શબ્દાતિત સાહ્યબો મારો એ નાભિકમળ ઠેરાયા
ઈંગલા પિંગલા દો કસબ બિચ સુક્ષ્મણા સેજ બિછાયા
આત્મા નજરૂમાં આયા....
પશ્ચિમ દિશાથી પસાર થઈને બંકનાળ મિલાયા પશ્ચિમ દિશાથી
ત્રવેણી મહેલ મે તેજ પ્રકાશ્યા જીલમીલ જ્યોત દર્શાયા
આત્મા નજરૂમાં આયા....
અગમ નિગમને કોઈ જન જાણે ઓછું
સોહં ઉલટાયા સાંધં હિંડોળે સોહિ જન હિંચે એ દેબન હારા પાયા
આત્મા નજરૂમાં આયા....
દેવીદાસને ગુરુ જદુરામ મળિયા એ અલખ કા લેખ લખાયા
ગુરુગમ વિના જ્ઞાન મળે નહિ નિરખ પરખ ગુણ ગાયા
આત્મા નજરૂમાં આયા....

આવા સંત દેવિદાસ આ દુનિયમાંથી ૬-૧૦-૨૦૦૬ ના રોજ ૯૫ વર્ષનું લાંબુ આયુષ્ય ભોગવી સમાધિષ્ઠ થયા હતા.

સંદર્ભ સૂચિ

- મકવાણા, મહેન્દ્ર (૨૦૧૯), સુરેન્દ્રનગર જિલ્લાના વણકરોની અસ્મિતા, અમદાવાદ: કેવલ ઓફસેટ

ભગત શ્રી નોઘણદાદા : નોઘણસાહેબ

જન્મ	: વિક્રમ સંવત ૧૮૦૮ ચૈત્ર સુદ નોમ ને સોમવાર, ઈ.સ.૧૭૫૨
જન્મસ્થળ	: દુધઈ (જામ), તાલુકો-જોડિયા, જિલ્લો-જામનગર
મૂળનામ	: નોઘણ
જન્મ જ્ઞાતિ	: વણકર-અનુસૂચિત જાતિ
માતા-પિતા	: માતા રાજીબાઈ ને પિતા ગાંગાભાઈ
પરિવાર	: પત્ની પુનાબાઈ
ગુરુનું નામ	: લક્ષ્મીસાહેબ
દેહત્યાગ-સમાધિ	: દુધઈ ગામે, તળાવની પાળે વિક્રમ સંવત ૧૮૮૩, ઈ.સ.૧૮૨૭.

'દુધઈ બનાવ્યું દ્વારકા, ચોડ્યું ત્રિકમસાહેબને ૮૯૧૪;
આશીર્વાદ સાહેબે આપ્યો, તમે બનશો જગતના બાપ.'

સિદ્ધસાધકો, નાથયોગીઓ, પીર અને સંતોનું સમાજમાં પૂજનીય સ્થાન છે તેવું આદરણીય સ્થાન ભક્તોનું પણ રહ્યું છે. ભક્ત સમાજમાં સામાન્ય વ્યક્તિની જેમ જીવે છે. તેનો સંસાર હોય છે, સામાજિક સંબંધોથી જોડાઈને રહે છે. ઘણી વખત તેને ભગત કહીને લોકો મજાક પણ કરતા હોય છે. ગામેગામમાં એક-બે ભગત તો હોવાના જ. આ ભગતોમાં જે કોઈને સંતચેતનાનો સ્પર્શ થયો, ગુરુમહારાજની કૃપા અવતરી કે તેમનું ભજન ફળ્યું હોય તો તે સંત જેટલા જ આદરથી પૂજાય છે; તેમાં નોઘણદાદાને મૂકી શકાય.

નોઘણને રવિ-ભાણ સંપ્રદાયની દલિત સંતચેતના ધારાનો સ્પર્શ થયો હતો. રવિ-ભાણ સંપ્રદાયના પ્રથમ સંતકવિ ત્રિકમસાહેબ પ્રથમ તો કાગનોરા ડુંગરમાં રહેતા નાથસિદ્ધયોગી રામગુરુ પ્રતાપે સિદ્ધસાધનાએ વળ્યા હતા. તેના પ્રતીક સ્વરૂપ અંચળો અને કમંડળ આજે પણ ત્રિકમસાહેબની જગ્યા ચિત્રોડ (રાપર-કચ્છ)માં પૂજાય છે. નાથ પરંપરાનો ધૂણો, ચીપિયો, શંખ પરંપરાગત આજે પણ છે. આ સિદ્ધ પરંપરા તેમના શિષ્ય લક્ષ્મીસાહેબમાં અને ભીમસાહેબમાં જોવા મળે છે. લક્ષ્મીસાહેબે કાલભેરવની સાધના કરી હતી ને ભીમસાહેબ એકલશિંગીના અવતાર મનાય છે. આ સિદ્ધસાધનાધારાના કેટલાક અંશો આ સંતોના સંપર્કમાં આવેલા ભક્તોને થયેલ છે જેનું પ્રમાણ નોઘણદાદા છે. નોઘણદાદાએ ગુરુ લક્ષ્મીસાહેબની સેવા કરી હતી ને એ સેવાના ફળરૂપે 'હડકવા' નામના રોગને મટાડી શકવાની તેમને શક્તિ મળી હતી. આ સિદ્ધસાધના સાથે રવિ-ભાણ સંપ્રદાયથી દીક્ષિત થઈને કબીરસાહેબનું સંતદર્શન અને ભજનવાણી આ ભક્તોએ સ્વીકારી હતી. નોઘણદાદા મેઘવાળ વણકર એટલે વંશવારસાગત જ્યોતપાટ ઉપાસના તો તેમના લોહીમાં હતી.

ભક્ત નોઘણદાદાનો જન્મ વિક્રમ સંવત ૧૮૦૮ ચૈત્ર સુદ નોમ ને સોમવાર ઈ.સ. ૧૭૫૨. મેઘવાળ સમાજના વણકર પરિવાર, પિતા ગાંગાભાઈ અને માતા રાજીબાઈની કૂખે નોઘણનો જન્મ દૂધઈ (જામ) (તા. જોડિયા, જિ. જામનગર) ગામે થયો હતો. તેઓની અટક-શાખ ગોહિલ હતી. સાક્ષી સ્વરૂપે દૂધઈ ગામના તળાવની પાળે નોઘણદાદાની સમાધિ મંદિર ઊભું છે.-

નોઘણદાદાના જીવન વિશેની નાની પુસ્તિકા સ્નેહી મિત્ર કનુભાઈ પરમારે (મોરબી, હાલ રાજકોટ) લખી છે. આ પુસ્તિકા લખવામાં નોઘણદાદાની જગ્યાના ગાદીપતિ મહંત શ્રી વાલદાસબાપુ અને આ વિસ્તારના

ગોહિલોના કવિભાટ ગોવાભાઈ વાલજીભાઈ સહાયક થયા હતા. આ પુસ્તિકા પ્રકાશનનો આર્થિક સહયોગ 'શ્રી રામદેવ મંડળ કાર્યવાહક સમિતિ મોરબી'એ આપ્યો હતો. ઈ.સ. ૧૯૮૨માં સોળ પૃષ્ઠની આ પુસ્તિકા માહિતી માટે અત્યંત ઉપયોગી ગણાવી શકાય.

દલિત સમાજનું સામાન્ય વણકર કુટુંબ વણકરી ને મજૂરીમાંથી પોતાના પરિવારને નિભાવે. દરેક વણકરવાસમાં એક કુટુંબ એવું હોય છે કે જે આંગણે આવેલા સાધુ-સંતો, બાવા-સાધુ, ગોર-ગામોટ, તૂરી-ભાટને આવકારો આપે ને રોટલો ખવડાવે. આવા ઘરમાં ભજન, ભોજન ને ભક્તિનું વાતાવરણ હોય છે. ત્યાં નખતર (નક્ષત્ર)નું, સાધુ-સંતોના આશીર્વાદનું સંતાન જન્મતું હોય છે એવું સંતાન આ નોઘણદાદા હતા.

નાનપણથી માતા-પિતાના સંસ્કાર મળ્યા ને બાપીકો ધંધો વણકરીનો મળ્યો. નોંઘણ ખંતથી વણાટકામ કરતો રહે ને સાથોસાથ સંતો-ભક્તો સાથે સત્સંગ પણ કરતો રહે. માતા રાજીબાઈને ચિંતા થવા લાગી કે દિકરો ક્યાંક ગિરનારની વાટ પકડશે તો ? એટલે પતિ ગાંગાભાઈને સમજાવી, નોઘણે હજુ તો સોળ વર્ષ પૂરાં કર્યાં હતાં ત્યાં લગ્નનો માંડવો રોપાવ્યો.

નજીકના ગામ જીરાગઢમાં વણકરે પરિવારના ચૌહાણ કુટુંબની કન્યા પુનાબાઈ સાથે નોઘણનાં લગ્ન થયાં. નોઘણ સંસાર-વ્યવહારથી જોડાયો, આર્થિક જવાબદારી ઉપાડી પણ સંસારની માયામાં ન લપેટાયો, કારણ કે ગુણિયલ પત્ની પુનાબાઈનો કંઠ સારો ને તે હળવા કંઠે ભજન ગાતી રહેતી. આમ નોઘણની અંદર સૂતેલો રામ ડોકિયાં કરવા લાગ્યો. મથામણ ગમે તેટલી કરો પણ ગુરુ વિના અજ્ઞાનનાં અંધારાં ટળતાં નથી.

ચિત્રોડ (કચ્છ-રાપર પાસે) માં રવી-ભાણ સંપ્રદાયની ગુરુગાદી સ્થાપી, સિદ્ધ ધૂણો ચેતવી સંતશ્રી ત્રિકમસાહેબ બેઠા હતા. ત્રિકમસાહેબ મેઘવાળ સમાજના ગુરુબ્રાહ્મણ જ્ઞાતિના હતા. દલિતસમાજમાં સામાજિક જાગૃતિ સાથે ભક્તિ, ગુરુબોધ અને આધ્યાત્મિક દર્શન આપતી ભજનવાણી ઘેરઘેર ગુંજતી કરવા લાગ્યા. તેમના સમર્થ શિષ્ય ભીમસાહેબ થયા. તેમણે આમરણ (મોરબી પાંસે) માં ગુરુગાદી સ્થાપી વસ્તી ચેતાવતા રહ્યા. બીજા સમર્થ શિષ્ય લક્ષ્મીસાહેબ થયા જે ત્રિકમસાહેબના ભત્રીજા પણ હતા ને ચિત્રોડની ગુરુગાદી સંભાળી સેવાકાર્ય સાથે સદ્‌બોધ આપતા હતા.

તે સમયે રવિ-ભાણ સંપ્રદાયનો ગુરુઆદેશ શિષ્યને વસ્તી ચેતાવવાનો રહેતો. આ આદેશ પ્રમાણે લક્ષ્મીસાહેબ ભ્રમણ કરતા કરતા દૂધઈ આવી પહોંચ્યા.

મેઘવાળ સમાજમાં ગુરુસંત-સાધુનું પધારવું એક આનંદનો ધાર્મિક ઉત્સવ બની જતો. સંત પધારવાના હોય તેના આગળના દિવસેથી બાજુના ગામથી સંદેશો પહોંચી જતો. મોટેભાગે સાંજના સમયે પધારતા ને રાત્રીરોકાણ કરતા. દૂધઈ ગામે લક્ષ્મીસાહેબ પધારવાના છે તેની જાણ વણકરવાસમાં થતાં સ્ત્રી-પુરુષો, બાળકો સામૈયું લઈને ગામને પાદર આવી જતા. ઢોલ-શહનાઈ વાગે, રૂડાં ગીતો ગવાય, ગુલાલનાં છાંટણાં થાય. આમ વાજતેગાજતે સંતને ફળિયા લાવવામાં આવે. ફળિયામાં ઢોલિયો ઢળાય, માથે ગાદલું ને નવું ગોદડું પથરાય. લક્ષ્મીસાહેબની પધરામણી થઈ. નોઘણને પુનાબાઈને આંગણે ઢોલિયે સંત બિરાજમાન થયા. સૌ સ્ત્રી-પુરુષો નીચે જમીન ઉપર બેસી ગયાં. થોડી ઘણી વાતો થાય ને રાત્રે સૌને સત્સંગનું નિમંત્રણ અપાય.

ભોજન અને ઘરનાં કામ આટોપીને સૌ લક્ષ્મીસાહેબ સામે આવી બેસી ગયા. આરંભે રામસાગર, તબલાં ને મંજીરાના તાલે ભજન ગવાય. ભજન વિશેની વાતો થાય. જ્યોતપાટ સનાતન ધરમ, કબીરસાહેબની

જ્ઞાનગોષ્ઠિ ને તે પછી ભાણ, રવી, ખીમ, ત્રિકમસાહેબની વાણી ચર્ચાય, ગવાય.. આમ રાત્રીના બાર માથે એક થાય એટલે સતગુરુ સાહેબ સૌને સુખરાત કરવાનું જણાવે ને સૌ પોતપોતાને ઘેર જાય.

રાત્રીનો દોઢ થવા આવ્યો છતાં નોઘણ ને પુનાબાઈને આંખમાં અજંપો છે. લક્ષ્મીસાહેબે પૂછ્યું : નોઘણા, કેમ ભાઈ આટલો અજંપો ? નોઘણે કહ્યું : 'બાપજી ! કાંઈ સુજકો પડતો નથી, અમારે તો ગમા વગર જ મરી જવાનું ને ? લક્ષ્મીસાહેબ બોલ્યા : નોઘણ, કોઈ ગમો ન પડે તો તેની ચિંતા કર મા. નીતિનું કમાવું, નીતિનું ખાવું, આવ્યા ને આવકાર આપવો ને લેવાય તો નામનું સ્મરણ કરવું.

ઘણા ધીમા ને મીઠા સ્વરે પુનાબાઈ બોલ્યાં : 'દાદા, 'નામ' આપો ને !' જાણે સમય પાકી ગયો, ગુરુકૃપા અવતરી ને આ દંપતીને લક્ષ્મીસાહેબે ગુરુબોધમાં નામસ્મરણ આપ્યું.

નોઘણ અને પુનાબાઈએ સતને મારગે પગ માંડ્યા, નામની દોરી પકડી, પ્રભુભક્તિનો પ્રભાવ ધીમે ધીમે પથરાવા લાગ્યો. ભાટકવિ ગંગસેને કવિતામાં ગાયું :

'નોંઘા ક્રિયા નામની, ખરી પકડી ખબરદાર;
આવ્યા ગમનને ઓળખ્યો, લક્ષ્મીસાહેબનો પ્રતાપ.'
'નોઘા ક્રિયા નામની ખરી પકડી ખબરદાર;
પશ્ચિમ ધરામાં પ્રગટ્યા, ઓલીયા તણો અવતાર.'

દિવસે દિવસે નોઘણદાદાની ભક્તિનો પ્રભાવ સમાજમાં વિસ્તરવા લાગ્યો. નામનાનો ભાર ન લાગે એટલે નોઘણદાદાએ પોતાની નમ્રતા, સેવા વધારી દીધી. તે જાણતા હતા કે આ પ્રતાપ ગુરુનો ને નામસ્મરણનો છે. ઘણી વખત એવું પણ સંતોના જીવનમાં બન્યું છે કે શિષ્યએ કોઈ સાધના, યોગ, જ્ઞાન મેળવ્યાં ન હોય ને માત્ર ગુરુકૃપાએ સિદ્ધિ મેળવી હોય.

સમયની દૃષ્ટિએ જોતાં નોઘણદાદા તેમના દાદાગુરુ ત્રિકમસાહેબના ઉત્તર સમકાલીન (ત્રિકમસાહેબ વિક્રમ સંવત ૧૭૮૨ થી ૧૮૦૧ ને નોઘણદાદા વિક્રમ સંવત ૧૮૦૮થી ૧૮૮૩) હતા. ગુરુ લક્ષ્મીસાહેબ જેટલો આદરભાવ નોઘણને ત્રિકમસાહેબ તરફનો ખરો. ગુરુને મળવા ચિત્રોડ જાય ત્યારે ત્રિકમસાહેબની સેવા કરવાનું ચૂકે નહીં.

નોઘણદાદા ફટકાસાળ ઉપર વણાટ કરી રહ્યા હતા ને પુનાબાઈ રેંટિયે બોબીનો ભરીને આપતાં હોય છે ત્યાં નોઘણદાને દેખાયું કે દાદાગુરુ ત્રિકમસાહેબ વસ્તી ચેતાવતા દૂધઈ ગામે આવી રહ્યા છે. સંત ત્રિકમસાહેબ દૂધઈ પધારે એટલે

આપણે ઘેર જ પધરામણી કરશે તેની તેમને શંકા નથી. એટલે દાદા બોલ્યા : 'પુનાબાઈ, દાદા ત્રિકમસાહેબ આપણે ઘેર પધારી રહ્યા છે તો તમે જમવાની તૈયારી કરો ને હું તેમના માટે ઢોલિયો ઢાળી, ગાદલું પાથરી તેના ઉપર આ વણાયેલું નવું પાણકોરું નાખું.'

પુનાબાઈ પૂરાં આજ્ઞાંકિત પણ આજે પહેલી વખત થયું કે ભગતને ભૂખ લાગી હશે એટલે ગુરુનું નામ લઈ મને રોટલા ઘડવા બેસાડી. ચિત્તમાં શંકાના વાદળો ઘેરાય એટલે મનની ચંચળતા વધી જાય છે. મનની સાથે તમે અનાયાસ જોડાતા જાઓ છે ને કામમાં બેધ્યાન થતાં કામ બગડે. પુનાબાઈના આ બેધ્યાને રોટલો દાઝી ગયો. રસ્તા ઉપર ત્રિકમસાહેબથી બોલાઈ ગયું : 'લે ભારે થઈ, આપણા માટે ઘડાતો રોટલો દાઝી ગયો.' સાથે

ચાલ્યા આવતા સેવકને થયું કે ગુરુમહારાજ એકલા એકલા મેળ વિનાનું કાં બોલે ?

થોડા સમયમાં જાણ થઈ કે ગામના પાદરમાં સેવકગણ સાથે ત્રિકમસાહેબ પધાર્યા છે. નોઘણદાદા ને વાસના મેતરિયા ત્રિકમસાહેબનું સ્વાગત કરી વાસમાં લાવ્યા. ભાવથી ભોજન કરાવ્યું ત્યારે રોટલાની વચ્ચે દાઝેલો રોટલો હતો ત્યારે પેલા સેવકને સત્ય સમજાયું ને પુનાબાઈને પોતાની શંકાનું નિવારણ થયું.

સંતોએ પોતાના નિશ્ચિત સ્થાનકો સ્થાપી જગ્યા બાંધી ને તેમાં સદાવ્રત, સેવા ને ગૌશાળાઓ ઊભી કરી પરંતુ તે ત્યાં સતત બેસી રહ્યા નથી. સમાજ વચ્ચે ફરતા તો રહ્યા છે :

'ચલતા પાની નિર્મલા, બંધ ગંધીલા હોય;
સાધુ તો ભમતા ભલા, ડાઘ ન લાગે કોય.'

લક્ષ્મીસાહેબ પરિભ્રમણ યાત્રા કરતા રહ્યા છે. તે સમયે સંતોએ માનવસમાજને અજ્ઞાનતા, અંધશ્રદ્ધા, બાહ્યાચારમાંથી છોડાવી માનવસેવાનો,પંચશીલના પાલનનો ઉપદેશ આપ્યો હતો. એથી વિશેષ સંતોએ કોમવાદ, જ્ઞાતિવાદ, અસ્પૃશ્યતા, નારીઉદ્ધારનું કામ કર્યું છે. આ અછૂત સમાજના સંત હોવા છતાં તેમની પધરામણી સવર્ણસમાજમાં થતી હતી. આમ અઢારે વરણને એક કરવાનું કામ આ સંતધારાએ કર્યું છે.

ભીમકટા ગામે ગુરુ લક્ષ્મીસાહેબ ગયા ત્યાં બીમાર થયા છે તેની જાણ નોઘણદને થતાં તે સેવા કરવા ગુરુ પાસે ભીમકટા પહોંચી જાય છે. નોઘણદની સેવાભક્તિથી ગુરુને સંતોષ થયો પણ પારકે ઘેર રહી નોઘણદને સેવામાં કચાશ રહેતી હતી એટલે ગુરુમહારાજને વિનંતી કરી કે આપ દૂધઈ મારે ઘેર પધારો. પેલા સેવકને પણ કહ્યું કે આપ રજા આપો. અમને પણ સેવા કરવાની તક આપો.

નોઘણદાદા ગુરુ લક્ષ્મીસાહેબને દૂધઈ ગામે પોતાને ઘેર લાવે છે. તાવ, શ્વાસ ને કફથી પીડાતા ગુરુમાં ઘણી અશક્તિ આવી ગઈ હતી. કફ થૂંકવા તેમની પાસે જ કાંસાની થાળી ઢાંકીને મૂકી રાખવી પડતી. આ કફથી થાળી ભરાઈ ગઈ એટલે નોઘણદ તેને ઉપાડીને ફેંકવા જતા હતા ત્યારે લક્ષ્મીસાહેબ બોલ્યા :

'નોંઘા ભાઈ ! કફને ગમે ત્યાં ફેંકતો નહીં. કોઈ સારી જગ્યાએ નાખજે.' નોંઘણદને થયું કે કફ બીજે તો ક્યાં નાખવો એટલે વાડામાં સુકાયેલું ઝાડ હતું તેની ડાળીમાં બખોલ જેવું હતું તેમાં એ કફ રોજ નાખી આવે છે. થોડા દિવસ થયા ત્યાં એ સુકાયેલા ઝાડની ડાળીમાં નવી કૂંપળો ફૂટેલી દેખાણી. નોંઘણદની હવે આંખ ઊઘડી. ગુરુએ કફ સારી જગ્યાએ નાખવાનો સંકેત પણ સમજાયો. તે દિવસની કફની થાળી વાડામાં લઈ જઈને નોઘણદ જીભેથી ચાટી ગયા. સાડાત્રણ દિવસ થયા ને નોઘણનાં આંતરદ્વાર ખૂલી ગયાં. નોઘણદને ગુરુની જ વાણી પડઘાવા લાગી :

'વિના દિવેટ વિના કોડિયે, ધ્રુથ વિના જાગે છે જ્યોતું;
વિના વાદળ વિના વીજળી, ધમકે મેઘાડમ્બર સોતું
ગુરુએ મુને મતવાલો પિયાલો પાયો.
ગગન મંડળમાં ભઠ્ઠી જલે, વર્ષે અમીરસ ધારા;
ચંદા સૂરજ દોનું સાખિયા, સદ્‌ગુરુ ઉતારે પારા.
ગુરુએ મુને મતવાલો પિયાલો પાયો.'

ગુરુ કેવી રીતે પિયાલો પીવડાવશે તે કેમ કહી શકાય ? કફ તો એક બહાનું હતું. શિષ્યની પાત્રતા

તપાસી તે પછી ગુરુ સિદ્ધશક્તિઓ આપતા હોય છે. લક્ષ્મીસાહેબ અતિ પ્રસન્ન થયા ને નોઘણદને આશીષ આપે છે 'હડકવા' નામનો રોગ મટશે. ભાટકવિનું કવિત છે. - તારા આશીર્વાદે

'અઘરો પ્યાલો આરોગી ગયા, પ્રસાદ ગુરુનો પીધો;
હવે ગોહિલ પૂજાશો ગામડે ગામડે જુગમાં જાજું જીવો.'

લક્ષ્મીસાહેબને નખમાંય રોગ ન હતો. ત્યાંથી ચિત્રોડની જગ્યામાં જવા પ્રસ્થાન કરે છે. સંતસ્થાનકોમાં ઘણાં માનતાઓ-બાધા આખડી છોડવા આવતા હોય છે. પોતાના સંકલ્પનું કામ પૂર્ણ થાય ત્યારે માનતા ઉતારી જાય છે. ખરું તો એમ પણ જાણી શકાયું છે કે આ સંતોને ગુરુ પાસેથી વનસ્પતિ રસાયણનું જ્ઞાન આપવામાં આવતું હતું. દેશી ઓસડિયાં ને જડીબૂટ્ટીના ગુણધર્મો કયા રોગમાં કારગત થશે તે વિદ્યા શીખવવામાં આવતી. પ્રથમ તો સાધુ, સંન્યાસી, સાધક તેનો ઉપયોગ પોતાને માટે કરતા ને તે પછી સમાજમાં વિહરતા હોય ત્યારે ઘણાં દુઃખિયા પોતાની પીડા કહેતા હોય ત્યારે આ સંતો પેલી ઔષધી બતાવે અથવા આપે ને સામેનાનું દુઃખ દૂર થતું ને ત્યારે સામાન્ય સમાજ સંતનો ચમત્કાર માની બેસતા.

આમરણમાં ભીમસાહેબ થઈ ગયા. તેમની હસ્તપ્રતોમાં આ ઔષધિ વિદ્યા નોંધાયેલી છે. લોકોની શ્રદ્ધા, ટેક ને ઉપચારે બીમારીઓ મટતી ને શ્રદ્ધા દઢ બનતી. આજે પણ નોઘણદાદાના સમાધિ મંદિરે લોકો આવીને રોગમુક્ત થયાની વાતો કરતા સાંભળવા મળે છે.

સંદર્ભ સૂચિ

- ગોહિલ, ડો. નાથાભાઈ (૨૦૧૭), ગુજરાતની આંતરચેતના ભાગ-૨, અમદાવાદઃ નવભારત સાહિત્ય મંદિર

પાલણદેવ : પાલણપીર

જન્મ	: વિ. સંવત ૧૩૧૫ - ઈ.સ. ૧૨૫૯
જન્મસ્થળ	: હડમતીયા (સૌરાષ્ટ્રના મોરબી પાસેનું નાનું ગામ)
મુળનામ	: પાલણ
જન્મજ્ઞાતિ	: મેઘવાળ વણકર
માતા-પિતા	: પિતા માલો સોંદરવો
પરિવાર	: બે પત્ની ને ૬ સંતાનો હોવાનું કહેવાય છે.
ગુરુનું નામ	: સ્વયમ મામૈદેવનું પ્રાગટ્યરૂપ મનાય છે.
સમાધિ	: હડમતીયા ગામે, મોરબી પાસેનું ટંકારા ગામની નજીકનું ગામ. વિ. સંવત ૧૪૦ ઈ.સ. ૧૩૪૯ ભાદરવા વદી અગિયારસ.

'સ્વર્ગથી પોચી ઊતરી, સાંભળો સત્યો આ ભેદ,
પંડ પાલણનો જીવ મામૈયાનો આદ બ્રહ્મ મુખે વેદ,'

માતંગદેવની પરંપરા, બારમતી જ્યોત ઉપાસના, લુલ્લોગ-ગુણપતિ આરાધના સૌરાષ્ટ્રમાં 'ગરદેવ' દ્વારા ચાલી રહેલ છે. જે 'પાલાદેવ'ની ઉપાસના છે. કચ્છમાં મામૈદેવના વેદ વિશેષ બોલાય છે. ને તેમના પંથ ગુરુઓ માતંગદેવ-માતંગદાદાના નામથી પૂજાય છે. તેમ સૌરાષ્ટ્રમાં આ પંથના ગુરુઓને 'ગરદેવ' નામે પૂજાય છે. તેઓ 'પાલણ ભણે ધરમિયા' નામે વેદ, ભવિષ્યન બોલે છે, એ પણ જાણવા મળ્યું કે માતંગદેવો પોતાને ગરદેવથી ઊંચા માને છે ને કહે છે કે આ ધર્મની કરપોથી ને કર્મવીંટી અમારી પાસે છે.

આ સંશોધનમાં મોટી મુશ્કેલી એ પડી કે તેમનું સાહિત્ય કંઠસ્થ પરંપરાએ વહેતું ચાલ્યું છે. આથી પાઠાંતર ભેદ અનેક થયા હોય જે મૂળ સુધી પહોંચવામાં મુશ્કેલી પડે છે. બીજું તેઓ કહે છે કે કર્મપોથી તેનાં હસ્તલિખિત ગ્રંથો અમારી પાસે છે પણ તે તેમને વાંચવા આપી શકાય નહીં વળી એ ગ્રંથો તેમને પણ વાંચતા આવડતા નથી પણ તે સત્ય તે સ્વીકારવા તૈયાર નથી. વર્તમાન સમયમાં માતંગ વેરસી રામજી લાલણ (જરૂવાલા) ગાંધીધામ આ સાહિત્યને વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી તપાસી ગ્રંથસ્થ કરી રહેલ છે. સૌરાષ્ટ્રમાં પાલણદેવ વિશે આ કામ થવું બાકી છે.

પાલણદેવને પાલણપીર પણ કહેવામાં આવે છે. આ દેવ અને પીર પરંપરાનું જોડાણ દર્શાવે છે. સમાધિને દરગાહ રૂપે, ધજા, મરવો જેવી અનેક નિશાનીઓ મુસ્લિમ પીરોનો પ્રભાવ દર્શાવે છે. આ ગ્રંથમાં 'પીર' વિશેની અલગ નોંધ મૂકેલ છે.

પાલણદેવને મામૈદેવના અવતાર માનવામાં આવે છે. 'બારમતી સંપ્રદાયના માતંગ ગર દેવો પાસેથી જાણવા મળે છે કે મામૈદેવ જૂનાગઢ પાસેના ધંધુસર ગામેથી ફરતા ફરતા વાસાવાડ ગામે આવે છે. વાસાવડથી થોડે દૂર જતાં રાજપરા ગામ આવે છે. ત્યાં માલો સોંદરવો રહેતો હતો, એ માલો સોંદરવો મામૈદેવનો અનુયાયી તથા બારમતીપંથી હતો. વાસાવડ ગામે આવ્યા ત્યાં મામૈદેવની પરીક્ષા લેવા માટે ભોજનમાં બિલાડો કાપી તેના માંસના ટુકડા શાકમાં ભેળવી દે છે. શાક ઉપર બાજરાનો મોટો રોટલો મૂકી મામૈદેવને ભોજન માટે બોલાવે છે. મામૈદેવ ભોજન કરવા પધાર્યા. પરંતુ આવતાની સાથે તેમને ભોજનમાં કંઈક ભેદ હોય તેમ જણાયું એટલે મામૈદેવે

પોતાની પાસે જે છડી" (ચાંદીના વરખથી મઢેલી હાથમાં ટેકા રૂપે રાખી શકાય તેવી લાકડી જેના ઉપર અંચળો બાંધેલ હોય તેને છડી કહે છે) હતી તે ભોજનની થાળીને સ્પર્શ કરાવે છે ત્યાં તો દેવને ભેદ સમજાઈ ગયો. ક્રોધથી બોલી ઊઠ્યા કે 'માંજર બિલાડા ભાગ' ને બિલાડો સજીવન થઈ દોડી જાય છે!

માતૈદેવનું એક વ્રત એ પણ હતું કે ભોજનમાં બેઠા પછી જમવું તો પડે જ એટલે બાકીની જે સામગ્રી હતી તેનું ભોજન કર્યું, પછી તેમને એ પણ જણાયું કે આ પ્રકારના કપટી લોકોનું અન્નપેટમાં રહે તે સારું નહીં એટલે જે ખાધેલું હતું તેની પર બહાર જઈને ઊલટી કરી નાખે છે. તે સમયે માલો સોંદરવો ત્યાં ઉપસ્થિત છે. તેણે આ ઊલટી હાથમાં ઝીલીને આરોગી ગયો !

માતૈદેવે આ વાસાવડ ગામનું પાણી 'ઓડક' (હરામ) કર્યું એટલે કે આ ગામનું પાણી પીશ નહીં અને જે કોઈ મહેશ્વરીઓ હતા તેમને જણાવ્યું કે આ ગામ છોડી બીજે ગામ ચાલ્યા જાઓ.

ભગતીજો પંથ ગામ વાસાવાળી ત્રીજો ઉડફેઓ પદ્ધર
જો પાણી માતૈ ભણે માયશ્રીયા હની મથે ન રખન ઉકઢાણી."

માતૈદેવનું ખાધું ખાવાથી માલા સોંદરવાને ભૂત, ભવિષ્ય ને વર્તમાનકાળનીથઈ, થાવી ને થાએની જાણ થઈ ગઈ. તે પછી માતૈદેવની ખૂબ જ સેવા કરે છે. માતૈદેવ સાથે ઘણા પ્રદેશમાં ફરે છે ને તે પછી માતૈદેવને કહે છે કે હે પ્રભુ ! હવે મને તમારું જેટલું જ્ઞાન મળી ગયું છે એટલે હું પણ આપના સરખો પૂજાઉં તેવા આશિષ આપો. માતૈદેને થયું કે માલાને આ દિવ્યજ્ઞાનનું અભિમાન થયું છે. આ જ્ઞાન તેને પચે નહીં તો ભારે ઉલ્કાપાત થશે. આ શાસ્ત્રજ્ઞાનનો દુરઉપયોગ થશે માટે તેની કંઈક વ્યવસ્થા કરવી પડે. એટલે માતૈદેવે માલા સોંદરવાને કે સારું તું પાણી લઈ આવ, એટલે મંત્રેલું પાણી પીવડાવી દઉં. માલો આસપાસ તપાસ કરે છે તો ક્યાંય પાણી નથી, દૂર એક ઘડામાં પાણી ભર્યું હતું, પણ એ ઘડો મસાણનો હતો જે મૃત પાછળ પાણી ઘડામાં ભરી લઈ જવાય તે હતો. માલો ભાન ભૂલી તે પાણી લાવ્યો. માતૈદેવ તે પાણીની અંજલિ તેને પીવડાવે છે ત્યાં તો માલાને ચારે તરફ અંધકાર થઈ જાય છે. બધું જ જ્ઞાન વીસરી જાય છે, એટલે એ રડવા લાગે છે. પ્રભુ ! આ શું થયું ? માતૈદેવ કહે છે કે ભાઈ ? હું શું કરું ? તું પાણી મસાણનું લાવ્યો એટલે આ મેલા પાણીથી તારી વિદ્યા ચાલી ગઈ ! માલાને પસ્તાવો થયો. માતૈદેવની પાસે પોતે અભિમાની થઈ ગયો તેની માફી માંગી અને પોતાને ગામ, ઘેર પધારવા વિનંતી કરી. માતૈદેવ માલા સોંદરવાને ઘેર ગયા.

માલામાં ભક્તિભાવ અને પ્રેમ હતો જ. પોતાની ભુલ પણ સ્વીકારીને પછી કહ્યું કે માતૈદેવ, મારી અંતરની એક ઇચ્છા છે તે આપ પૂરી કરો. માતૈદેવ પ્રસન્ન થયા ને વચન આપ્યું કે બોલ, તારે શું જોઈએ છે ?" તો માલો સોંદરવો માંગે છે કે પ્રભુ ! મારે ઘેર શેર માટીની ખોટ છે તો આપ દિકરો આપો. માતૈદેવ કહે છે કે તારા નસીબમાં સાત પેઢી સુધી સંતાન નથી. વળી મેં તને વચન આપ્યું છે, સાથે સાથે તારી સેવા, ચાકરીથી પ્રસન્ન થયો છું, તો જા તારે ઘેર તેજસ્વી પુત્રનો જન્મ થશે. તેનું નામ 'પાલા' રાખજે. એ 'પાલણપીર' તરીકે પૂજાશે. તેને ત્રણ કાળનું જ્ઞાન થશે. તે ભવિષ્યવાણી થશે. મહેશ્વરી પંથને બારમતી પાટ ઉપાસના દ્વારા ફેલાવશે. સૌરાષ્ટ્રમાં તે ધર્મગુરુ તરીકે ઘેર ઘેર પૂજાશે.

માલો સોંદરવો મોરબી પાસેના હડમતિયા ગામે આવી વસવાટ કરે છે. ત્યાં રહી બારમતી પંથ પ્રમાણેની સેવા આરાધના કરે છે. મહેશ્વરીઓ વચ્ચે માતૈદેવના વેદનું જ્ઞાન કર્યુ છે. પવિત્ર જીવન જીવે છે ત્યારે તેમને ઘેર 'પાલાનો જન્મ થાય છે.

જાગતી જમી, કુંવારી ભોમ, કપૂર ભર્યું ને
કોરિયો થયો, ત્યાં પાલણનો જન્મ થયો.

મામૈદેવના આશિષથી અને મામૈદેવ ફરી માનવ દેહધારી પાલણ થયા તેનો આધાર રાખીએ તો મામૈદેવનો જીવનકાળ વિક્રમ સંવત ૧૨૨૧થી વિ. સ. ૧૩૧૧ વચ્ચેનો ગણાય છે. ઐતિહાતિક દૃષ્ટિએ આ સમયના જે નિર્દેશો અપાયા છે, તેમાં દિલ્હીમાં અલ્લાઉદ્દીન ખિલજીનું રાજ, પોરબંદર-ગઢ ઘુમલીમાં જેઠવાઓનું રાજ, જૂનાગઢમાં રા'વંશ જોતાં પાલણદેવનો સમય વિક્રમ સંવત ૧૩૧૧ પછીનો ગણાવી શકાય.

પાલણદેવના ઉપાસકો ગરદેવોની સાથે મુલાકાત લેતાં તેઓ જણાવે છે કે પાલણદેવ સંવત ૭૦૭માં થયા. પરંતુ તેને ઐતિહાસિક ક્રમમાં ગોઠવી શકાય તેમ નથી, કારણ કે તેનો કોઈ આધાર જાણવા મળતો નથી. વળી આ ગરદેવો પાલણદેવને જ અલખ અવતારી કહે છે. 'માતંગદેવ' જમીનમાર્ગે એટલે કે જમીનની અંદર ગતિ કરી મૂળ જગ્યાએથી એટલે કે સિંધમાંથી હડમતિયા આવ્યા અને પ્રગટરૂપ ધર્યું તે પાલણદેવ જે તેઓનું શિવ સ્વરૂપ તે જડેશ્વર મહાદેવ. તેઓ કહે છે કે :

'અલખદેવ અવિનાશી, નિરંજન નિરાકાર, જ્યોતિ સ્વરૂપ;
તેજપુરુષ તે પાલણપીર પોતે તું જાણ.'

પોતાના આરાધ્યદેવને પરમાત્મા અલખદેવ કહે તે સ્વાભાવિક છે. આ પંથપરંપરા આજે પણ પાલણદેવને અવિનાશી નિરંજન દેવ તરીકે પૂજે છે.

પાલણદેવની સંસારવાડીનો પરિચય પણ જાણવા મળે છે. તેમાં પાલણને બે પત્નીઓ હતી. છ (૬) સંતાનો હતા. આ સંતાનો પણ અવતારી પુરુષો હતા. તેમ કહેવાય છે. તેની વંશવેલ ચાલી અને તે સૌરાષ્ટ્રમાં મહેશ્વરી બારમતી સંપ્રદાયને જીવંત રાખે છે. આ વંશવેલ જાણી શકાઈ નથી. હડમતિયા મુકામે પાલણદેવનો મેળો ભાદરવા વદી નોમથી અગિયારસનો ભરાય છે. જેની વિગતો અલગ આપી છે.

મામૈદેવ કથિત વેદ પ્રમાણે માતંગદેવનો જન્મ સમય વિક્રમ સંવત ૮૦૯નો એટલે કે ઈ.સ. ૭૫૩ દર્શાવ્યો છે. 'કચ્છના સંતો અને કવિઓ' શ્રી દુલેરાય કારાણી માતંગદેવનો સમય ઈ.સ. ૧૦૦૦ની આસપાસનો ગણાવે છે. માતંગદેવના જીવનપ્રસંગોમાં જામલાખા પુરાની વાતો આવે છે. જામલાખા ધૂરારા સાથેનો માતંગદેવનો પ્રસંગ છે. આ જામલાખો પૂરારો કચ્છના જાડેજા વંશના રાજવી હતાઅને તેનો ઇતિહાસમાં સમય ઈ.સ. ૧૧૪૭થી ૧૧૭૫નો દર્શાવ્યો છે. ભાતીગળ ભોમકા કચ્છ' ગ્રંથમાં નરેન્દ્રકુમાર જોશી જાડેજાનો રાજવંશ પૃષ્ઠ ૧૮૧માં દર્શાવેલ છે.

માતંગદેવનો મૃત્યુ સમય વિ.સં. ૧૦૯૩ એટલે કે ઈ.સ. ૧૦૩૭ દર્શાવે છે. આ સમય પ્રમાણે માતંગદેવનું આયુષ્ય ૨૮૭ વર્ષનું ગણાય જે શક્ય નથી. માની લઈએ કે માતંગદેવનું આયુષ્ય મોટું હતું ને લાખા ધૂરારાના સમકાલીન હતા તો પણ માતંગદેવનો જન્મ સમય ઈ.સ. પ્રમાણે ૯૦૦ પછીનો ગણાવી શકાય. બીજી એક ઘટના માતંગદેવના સાઢુભાઈ એટલે કે માતંગદેવના પત્ની શંખદેવી ગોહિલવાડના રાજવી પુનશી ગોહિલની પુત્રી હતી. તેની નાની બહેન આણલદેનાં લગ્ન ભીમદેવ ચાવડા સાથે થયાં હતાં. ભીમદેવ ચાવડાનો સમય ઈ.સ. ૧૦૨૪ની આસપાસનો ગણાવ્યો છે. આ ઘટનાને સ્વીકાર્ય રાખીએ તો પણ માતંગદેવને દશમી સદીમાં મૂકી શકાય.

માતંગદેવના પુત્ર લુણંગદેવનો જન્મસમય જાણવા મળતો નથી. પરંતુ ૧૩૦ વર્ષની આયુષ્ય ભોગવી વિક્રમ સંવત ૧૦૩૦માં એટલે કે ઈ.સ. ૯૭૪માં મૃત્યુ પામ્યા. આ આધારે તેમનો જન્મસમય વિ. સંવત ૯૦૦નો ગણાવી શકાય. તે પછી લુણંગદેવના પુત્ર માતૈદેવ આવે છે. તેમનું આયુષ્ય ૧૧૦ વર્ષનું જણાવે છે. મૃત્યુ સમય વિ. સંવત ૧૨૫૦ એટલે કે ઈ.સ. ૧૧૯૬ અને જન્મસમય વિ. સંવત ૧૧૪૦ આ સમયને સ્વિકાર્ય રાખવો પડે તેવું ઐતિહાસિક પાત્ર માતૈદેવના સમયનું 'રતારાયઘણ'નું દર્શાવ્યું છે. આ 'રતારાયઘણ'નો સમય ઇતિહાસમાં ઈ.સ. ૧૧૪૭નો દર્શાવ્યો છે, તે દૃષ્ટિએ આ અનુશ્રુતિઓને ઐતિહાસિક આધાર મળી રહે છે.

પાલણપીરના જીવન વિશે, તેમના વંશ વિશે બહુ ઓછી માહિતી પ્રાપ્ત થાય છે. ખાસ તો પાલણદેવ મેઘવાળ સમાજમાં ભ્રમણ કરતા રહ્યા, સમાજજાગૃતિ માટે ઉપદેશ આપતા રહ્યા તે પરંપરા આજે ગરમાતંગદેવો ચલાવી રહ્યા છે તે મહત્ત્વનું કાર્ય છે.

ગરમાતંગદેવો મેઘવાળ સમાજમાં જાય ત્યારે તેમનાં સામૈયાં થાય છે. પધરામણી કરાવવામાં આવે છે. રાત્રે ભોજન-વાળુ કરીને મેઘવાળ વાસનાં ભાઈ બહેનો આવી બેસે છે ત્યારે ગરદેવ પાલણદેવના વેદ બોલે છે. આ વેદ પદ્યમાં હોય છે જેની કહેણી અલગ પ્રકારની હોય છે. તેમાં શ્રોતાઓ હોંકારો ભણે છે તેમાં બોલે છે : 'જી ડાડા જી' આ વેદવાણીમાં સૃષ્ટિની ઉત્પત્તિ કથા, માનવજીવન મૂલ્યો, આવનારા દિવસોનું ભવિષ્ય કથન, પ્રકૃતિના ગુણધર્મો કઈ રીતે બદલાશે તેમજ વર્ષાઋતુનો વરતારો કહેતા હોય છે.

મેઘવાળ સમાજમાં ધર્મ અને સમાજ જીવન સાથે જોડાયેલ બારમતી વિધિ વિધાન જેમ કે જન્મસમયે બારમતિ, લગ્ન સમયે બારમતી, શુભપ્રસંગે આનંદ ઉત્સવની બારમતી, લગ્નવિધિની બારમતી, મૃત્યુ સમયે ભરાતી બારમતી આ ગરમાતંગદેવો ભરતા હોય છે.

આજે કંઠસ્થ પરંપરાએ ગરમાતંગદેવો પાલણદેવની વાણી બોલે છે તે સાહિત્યની દૃષ્ટિએ તો વિશિષ્ટ છે જ પરંતુ તેમનું દર્શન અને સમાજજાગૃતિ માટેનો સંદેશો પણ મહત્ત્વનો છે.

હડમતીયા ગામે દર વર્ષે ભાદરવા વદ નોમ રોજ સાડા ત્રણ દિવસનો મેળો ભરાય છે. આ ધાર્મિક મેળામાં મુંબઇ તેમજ રાજસ્થાન અને ગુજરાતના મેઘવાળ લોકો આવે છે.

સંદર્ભ સૂચિ

- ગોહિલ, ડો. નાથાભાઈ (૨૦૧૭), ગુજરાતની આંતરચેતના ભાગ-૧, અમદાવાદ: નવભારત સાહિત્ય મંદિર

સંત પીઠો ભગત

જન્મ : વિક્રમ સંવત ૧૮૮૬ .ઈ.સ.૧૮૩૦
જન્મસ્થળ : વંથલી, જિલ્લો જૂનાગઢ
મુળનામ : પીઠો
જન્મજ્ઞાતિ : વણકર અનુસૂચિત જાતિ
ગુરુનું નામ : બાળસાહેબ
દેહત્યાગ : વિક્રમ સંવત ૧૯૪૫-ઈ.સ.૧૮૮૯

જી રે સંતો ભાઈ એ વાતું છે જીણીયું, ગોતોત્યું એણે વીણીયું,
જડ્યું એણે જાણીયું, મેરે સાધુભાઈ એ વાતું છે જીણીયું.'

એ વાતું એટલે કઈ વાતું ? અહીં પીઠા ભગતે ભજનની વાતુંની વાત કરી છે. ભજન-સંતવાણી ને તેમાંથી પ્રગટ થતી સંતસાધના અને એ સાધનાનું અનુભૂતિ દર્શન, એ વાતું જીણીયું છે. પણ જેણે ગોત્યુ-મથામણ કરી ને કોઈ સદ્‌ગુરુ મળ્યા તેણે એ વાતું વીણીયું, જાણ્યું, પ્રમાણ્યું છે. આ ભજનવાનું જ્ઞાનના મોટા કુહાડા લઈને કાપવા જશો-જાણવા જશો તો કાંઈ મળવાનું નથી. લોઢું કાપવું હોય તો કુહાડો કામ ન લાગે, જીણી છીણીયુંથી લોઢું કપાય છે. આ છીણી રૂપી સદ્‌ગુરુ શબદની સાન જોઈએ.

પીઠો ભગત સામાન્ય મેઘવાળ વણકર પણ પરાભવની સાધનાએ તેઓ પ્રકૃતિના આધારે ધનાર ભવિષ્ય કહી શકતા હતા. આજે પણ એવી વ્યક્તિઓનો અનુભવ છે કે તેમને તર્ક મળતાં હોય છે. કેમ ? તે જાણતા નથી ને છતાં કહી શકે છે. આ શક્તિએ પીઠાને બહારવટિયાઓ તેમની સાથે લઈ ગયા પણ એ ખાતાનો જીવ ન હોવાથી ઠેરાય કેટલું ? સદ્‌ગુરુ બાલકસાહેબ મળ્યા ને મુળધારામાં પાછો વળ્યો દેખાતા બહારવટિયા, ઓળખાયા ભગતનામે, ભજનરચનાએ સંતકવિ ને છતાં એ હતો તો મોટા સાધક ગણપતિની સાધના કરી, નામસ્મરણ સાધના કરી.મુસ્લિમ પીરની સાધના કર્યાની વાતો પણ મળી છે.

મેઘવાળ સમાજ શિક્ષિત નહીં, પીઠા ભગતને અક્ષરજ્ઞાન નહીં હોય તેમ જ સ્વીકારવું પડે છતાં તેમની કંઠસ્થ પરંપરાએ ભજનવાણીઓ જીવતી રહી છે. આ રચનાઓ લોકકંઠ સાડાત્રણસો હોવાનું કહેવાય છે. મારી ઘણી મથામણે માત્ર પંદર રચનાઓ મળી છે જે અસ્ત ન પામે તે હેતુથી અહીં મૂકી આપી છે. કોઈ સંશોધક કહે કે તેની હસ્તપ્રત છે ? ભાઈ ! હસ્તપ્રતો અમારી પાસે ન હોય, જેને ભણવાનો અધિકાર નહોતો તેની હસ્તપ્રતો ન હોય. મધ્યકાલીન વાણી કંઠસ્થ પરંપરાએ જ જીવતી રહી છે.

'નામ અમર પીઠા ભગતનું, ગામ વંથલી ગોકુળપરી,
શોભા વખાણું, જૂનાગઢની, જાણે ઇન્દ્રની ઇન્દ્રાપરી,'

જૂનાગઢનું ધાર્મિક સ્થાન તરીકે ઘણું મહત્ત્વ છે. ગિરનારની આ પવિત્ર ભૂમિની ગોદમાં વંથલી આવ્યું છે. વંથલી સાથે અનેક પૌરાણિક ઘટનાઓ સંકળાયેલી છે. આગમવાણીના કર્તા દેવાયત પંડિત વંથલીના હતા. જનશ્રુતિ દ્વારા જાણવા મળે છે કે "

મેં મેલે તોય મેઘવાળ ન મેલે, ખારે દિયે ન ખૂટે,
સત્યા પારખો તમારા સંતને, રાજાબળનાં બંધન છૂટે.

જૂનાણે જાંગીના વાગશે, તોરણ બંધાશે ઠારોઠાર,
વંથલીએ વિવા મંડાશે, પરણશે મેઘલી નાર,
પરબે પાછા મીંટોળ છોડશું, ત્યાંથી વરતાશે એકાકાર,'

આ મેઘલી કુળમાં આશરે દોઢસો વર્ષ પહેલાં વિક્રમ સંવત ૧૮૮૬માં વંથલી ગામે મેઘવાળ - વણકર જ્ઞાતિમાં પીઠા ભગતનો જન્મ થયો. પીઠા ભગતની આજે ચોથી પેઢી ચાલે છે. વર્તમાનના ગુજરાત રાજ્યના રાજ્યકક્ષાના સમાજ કલ્યાણ ખાતાના પ્રધાન દેવજીભાઈ વાણવી પીઠા ભગતની ચોથી પેઢીના છે. પીઠા ભગતના વંશજો ડાહ્યાભાઈ તથા પીઠાભાઈ પાસેથી તેઓનું જીવનચરિત્ર જાણવા મળ્યું. તેઓનાં માતાપિતાનાં નામ જાણવા મળતાં નથી. પરંતુ પીઠાના જન્મ પછી બે વર્ષે પિતાનું અને અઢી વર્ષે માતાનું અવસાન થયું. પીઠાનો ઉછેર તેઓના મામાના ઘેર ખજુરા-ખાટણી ગામે થાય છે.

બાળવયે માતાપિતાનો પ્રેમ ન મળતાં પીઠાની નાનપણની જિંદગી રખડતી ભટક્તી બની ગઈ. પરંતુ આ સમયે કુદરતી રીતે, તે શુનાવળી-સ્વપ્નાવળી દ્વારા ભવિષ્યમાં શું બનશે તે સત્ય જણાવી શક્યા. આથી તે સમયના બહારવટિયા જમિયતશાને આ માણસ ગમે છે અને તે પોતાના બહારવટામાં સાથે રાખે છે. પીઠો બાર વર્ષ સુધી બહારવટું ખેડે છે, તેમાં એક વખત મેઘવાળ સાધુ બાલકસાહેબ મળી જાય છે. પીઠાને સમજાવે છે કે પેટને ખાતર આ પાપ નકામું છે. પેટ તો કાગડા-કૂતરા પણ ભરે છે. માનવદેહ મળ્યો છે તો સાચી શૂરવીરતા હરિને મેળવવામાં છે. જન્મ-મરણના ફેરામાંથી મુક્ત થવામાં સાચું બહારવટું છે. આ ગુરુબોધ પીઠાને લાગી જાય છે અને પીઠો બહારવટિયો મટી પીઠો ભગત બને છે.

પીઠો ભગતનાં લગ્ન તેના મામાને ગામ ખજૂરા-ખાટણીમાં થયાં હતાં. બહારવટું છોડી તે વણકરીનો ધંધો કરે છે. તેને ત્યાં પાંચ દીકરાઓ થાય છે, તેમા એક નિર્દેશ જાય છે અને ચાર ભાઈઓની પેઢી અત્યારે જોવા મળે છે. પીઠા ભગતે ગુરુમંત્રનું રટણ કરતાં-કરતાં સત્સંગ અને સાધુ-સંતોની સેવા શરૂ કરી ગિરનારની પ્રદક્ષિણા કરી તેના પગલે પગલેથી માટી લઈ તેની ગણેશની મૂર્તિ બનાવી તેની ઉપાસના કરી ઘનાર મંઝિલે કઈને ત્યાં ફાવા (ઉપાસના) કરી હતી. પીઠો ભગત મહાધર્મને વરેલા હતા અને આ ધર્મ સાથે સંકળાયેલા ખપ પર નવાર શ્રધા ધરાવતા હતા.

ભક્તિની સાથે સાળ ચલાવતા હતા. સાધુની આશિષથી અની કમી ક્યારેય જણાઈ ન હતી. વંથલીમાં આવેલ ખરિડરો કાઢો ઉર અને ર જપતા હતા. દરરોજ સુરજકુંડમાં સ્નાન કરી, આ કાઠાભગત ઉપર બી, નારણ કરવાનું વ્રત રાખ્યું હતું.

પીઠા ભગતના સમકાલીન અને તેના જ કુળમાં મેપા ભગત થઈ રહ્યા છે. તેમણે રામદેવપીરના ત્રણ મંડપ' કર્યાં હતા. નૃસિંહ અને એવું કામના કરી તાંત્રિક દેવોની સાધના કરી હતી. આ મંત્રસિદ્ધિના અભિયાનની પીઠ ત અનેક રીતે પરેશાન થયા.

'મોટો ઈને મંડપ કર્યો, ધ્યાન ધણીનું તું કર્યો નહીં,
કોટો આણી ધૂપ કરવા બેઠો, ધૂપ ધણીને ચડ્યો નહીં.

મંડપ કરવાથી કે તાંત્રિક વિદ્યાથી પ્રભુ મળશે નહીં. આત્મજ્ઞાન મેળવવામાટે નામસ્મરણ અને ભક્તિમાર્ગ જ શ્રેષ્ઠ છે. પીઠા ભગતે વિક્રમ સંવત ૧૯૪૫માં સમાધિ લીધી, આજે પણ વણકરવાસમાં સમાધિ

મોજૂદ છે. તેઓની સમાધિ સાથે સંકળાયેલ ઘટના સાંભળવા મળે છે કે તેમનાં પાંચ પુત્રોમાંથી એક નિર્વેશ જવાનું કારણ એ છે કે પીઠા ભગતે જે સમાધિની જગ્યા દર્શાવી હતી, ત્યાં વડનું ઝાડ હતું. તેનું મૂળ કાપશો નહિ, એ મૂળ કાપશે તે નિર્વશ જશે' એમ તેમણે જણાવ્યું હતું. છતાં દીકરાએ મૂળ કાપી નાખ્યું અને તે નિર્વેશ ગયો. બીજી એક બાબત એ પણ જાણવા મળી કે પીઠા ભગતે સમાધિ વખતે માથા ઉપર કુડું રાખવામાં આવે છે તે મૂકવાની ના કહી હતી, છતાં તે વખતના કાનદાસ સાધુએ માથા ઉપર કુડું મૂક્યું અને સમાધિના ત્રીજા દિવસે કાંકરી કાઢવામાં આવે છે. તે વખતે સિદ્ધ સાધુ સમાધિ પાસે સીતારામ બોલે છે, તો અંદરથી સીતારામનો પ્રત્યુત્તર સંભળાય છે. પીઠા ભગતની સમાધિમાંથી આ અવાજ સાંભળતાં દીકરાઓને કૌતુક થયું ન સમાધિ ખોલે છે તેનું પરિણામ એ આવ્યું કે તેની પેઢીમાં એક દીકરો મંદ બુદ્ધિનો થાય છે.

પીઠા ભગતની વાણીમાં તત્કાલીન સમાજજીવન અને ઉપદેશ વિશેષ જવા મળે છે. વોગાસ્યની ગહન ફિલસૂફીને બદલે સરળ ભાષા દ્વારા સમાજ સુધારકનું કાર્ય કર્યું છે.

૧. તત્કાલીન સમાજજીવન પીઠા ભગતના દાનને આધારે તે સમયનું સમાજજીવન જાણી શકાય છે. રીતરિવાજા, ધાર્મિક અંધશ્રદ્ધા અને ધાર્મિક વિધિઓનો ખ્યાલ આવે છે.
૨. મંડપ : ધાર્મિક વિધિની દૃષ્ટિએ મેઘવાળવાસમાં 'મંડપ'નું માહાત્મ્ય છે. પીઠા ભગતના સમકાલીન મેપા ભગતે ત્રણ મંડપ કર્યા હતા. પીઠા ભગત આ મંડપ વિશે જણાવે છે કે : મોટો થઈને મંડપ કર્યો, ધ્યાન ધણી નું તું ધર્યો નહીં,
૩. ધાર્મિક અંધશ્રદ્ધા : મેઘવાળ સમાજ પછાત છે, તેમાં કેટલીક અંધશ્રદ્ધાઓ પણ જવાબદાર છે. ભૂતપ્રેત અને ભૂવાઓના દોરાધાગા માં માને છે.

ભુવો તેડાવી જોશ જોવરાવો રે હાં,
ઓસડનો કાંઈ પાર નહિ, પાર નહિ.
પીઠો ભગત કહે સર્વે પાપરાં,
હરિ વિના આધાર નહીં.'

સમાજમાં ભૂવાઓનું વર્ચસ્વ હોય તો જ આ પદ રચાયું હોય તેમ કહી શકાય.

૪. રીતરિવાજા : મૃત્યુ પછીની ધાર્મિક ક્રિયાનો અણસાર પદમાં આપ્યો છે. ચાર જણા ઉપાડી ચાલશે, ખોખરી હાંડીમાં આગ લઈ જશે અને ૩

'એક વિસામો ઘરને આંગણે, બીજો ઝાંપા બાર,
ત્રીજો વિસામો ગામને ગોંદરે, ચોથો વિસામો સ્મશાન.'

મૃતદેહને ચાર વિસામા આપવામાં આવે છે. આ દર્શાવીને કવિનો ઉદ્દેશ ઉપદેશ આપવાનો રહ્યો છે. આ કાયાને એક દિવસ માટીમાં મળી જવાનું છે, માટે હરિભજન કરી લે તેમ જણાવે છે. મેઘવાળ-સમાજમાં મૃતદેહને બાળવામાં આવતો નથી. તેનું કારણ આર્થિક સ્થિતિ છે. એટલે જમીનમાં દાટવામાં આવે છે. આ બાબતનો સંકેત પણ પદ દ્વારા આપી જાય છે.

પીઠાભગતે અઢાર વખત ગરવા ગિરનારની પરિક્રમા કરી હતી. રૂને પરિક્રમા દરમિયાન માટી લાવતા તેમાંથી દુંદાળાદેવ મૂર્તિ બનાવી તેની ઉપાસના કરતાં હતા. પીઠાભગતના ભજન આજે પણ ગવાય છે તેમણે વિ. સં.૧૯૪૫માં વંથલીમાં સમાધિ લીધી હતી.

સંત શ્રી પુરણદાસજી સાહેબ

નામ : પૂંજાભાઈ બહેચરભાઈ વણકર
વતન : ફલુ, તા. વિજાપુર, જિ. મહેસાણા (ઉ. ગુ.)
પિતાનું નામ : બહેચરભાઈ લાલજીભાઇ ચૌહાણ
માતાનું નામ : મંછીબા
જન્મ : ઈ.સ.૧૯૪૯
ગુરુ : મોહનદાજી ગુરુ દેવિદાસજી
સમાધિ : ઈ.સ.૧૯૯૬ તા. ૨૭-૪-૧૯૯૬

"ઉત્તર ગુજરાતનાં 'ફલુ' ગામમાં અવતરીયા, પુરણ ધર્યું નામ સત્યધામ જાણી લીધું ઓળખ્યું પદ અવિનાશ પિતા બહેચર ભગતને, માતા મંછીબા ગુરુ મળ્યા મોહનદાસ 'ધનપુરા' ને કર્મ ભૂમિ બનાવી પાથરયો જગમાં પ્રકાશ 'નરેશ' કહે મને વિસરે નહીં મેં નજરે નિરખ્યા નાથ"

ઉત્તર ગુજરાતનો સિંહ, સંત અને મહંત શ્રી પૂરણદાસજીનું મૂળનામ 'પૂંજાભાઈ' હતું. તેઓ આઠ ભાઈ અને બે બહેનો હતી. અગિયારમાં ધોરણ સુધી તેમણે અભ્યાસ કર્યો હતો. બચપણથી તેઓ મેઘાવી હતા.

પિતાશ્રી બહેચરબાપા રામાપીરના ભક્ત હતા. એટલે ઘરમાં સદા ભક્તિમય વાતાવરણ રહેતું. દર વર્ષે રામાપીરનો પાટ થતો અને કુલેકું તેમના ઘરેથી નીકળતું. આથી ભજન ગાવામાં અને વાજિંત્રો વગાડવામાં પાવરધા હતા.

ધનપુરા ગામના મોહનદાસ સાહેબ કબીરપંથીની દીકરી શાન્તાબેનની સગાઈ ફલુ ગામના નરસિંહભાઈ સાથે થયેલ. તે નરસિંહભાઈની જાનમાં પૂંજાભાઈ ધનપુરા આવેલા ત્યાં સૌ પ્રથમ મોહનદાસ સાહેબ અને પૂંજાભાઈ વચ્ચે સત્સંગ ઓળખાણ થયેલી.

શ્રી મોહનદાસ સાહેબ અમદાવાદ મીલમાં નોકરી કરતા હતા. સમયાંતરે પૂંજાભાઈ પણ અમદાવાદ મીલમાં નોકરીએ લાગ્યા. પૂંજાભાઈ મેઘાણીનગર તેમના મોટાભાઇ રમણભાઈ અને કાન્તિભાઇ સાથે રહેતા હતા. અને ત્યાંજ મોહનદાસ સાહેબના નાનાભાઇ રામાભાઇ રહેતા હતા. આથી પૂંજાભાઈ અને મહાત્મા મોહનદાસ ને મળવાનું વધી ગયું.

પૂંજાભાઈને હવે સંસારમાં પ્રીતિ રહી ન હતી. તેમણે મોહનદાસ સાહેબ પાસેથી દીક્ષા ગ્રહણ કરી. પૂંજાભાઈ માંથી 'પુરણદાસ' થયા. ધનપુરાના સંત શિતળદાસ સાહેબે મોહનદાસને મુક્તિનો મારગ દેખાડી, જ્ઞાનની જ્યોત પ્રગટાવી હતી. તે જ મારગ સંત મોહનદાસ સાહેબે પુરણદાસજીને દેખાડી ભક્તિના પંથે પગરવ કરાવ્યો.

પુરણદાસજીના પરિવાર જનોને ખ્યાલ આવી ગયો કે પુરણ જરૂર ભવિષ્યમાં ત્યાગી બની જશે. આથી પિતાશ્રી બહેચરદાસે પુરણદાસજીની સગાઈ નક્કી કરી દીધી. પરંતુ પુરણદાસજીએ લગ્ન કરવાની ના પાડી દીધી. અને કહ્યું કે 'મેં તો મારા સાહેબ સાથે સગાઈ કરી દીધી છે'.

ત્યારે ધન્ય છે બહેચરદાસ ભગતને તેમણે જે પગલું ભર્યું છે તે ભારત વર્ષના પિતાને છાજે તેવું છે. પુરણદાસજીનો હાથ પકડી તેમણે ગુરુ મોહનદાસને સોંપીને કહ્યું "મારા દિકરાને સંત બનાવજો. જેથી મારૂ તથા

ગામનું નામ સમાજમાં ઉજળું થાય" મોહનદાસ સાહેબે સહર્ષ પુરણદાસજીનો સ્વીકાર કર્યો. ને પૂર્વ જન્મના કબીર અને ધની ધર્મદાસનો જાણે ભેટો થયો.

પુરણદાસજી ભાઈઓનું ઘર છોડી મોહનદાસ સાહેબ પાસે રહેવા આવી ગયા. સમય જતાં ગુરુ શિષ્ય અનેક તીર્થોટન કરી સ્વામીના ગઢડા જઈ દેવીદાસ સાહેબને ગુરુ બનાવ્યા. દેવીદાસ સાહેબે મોહનદાસ સાહેબને 'મહંત' અને પુરણદાસજીને 'દિવાન' ની પદવી આપી કહ્યું કે તમો વતનમાં જાઓ પુરણદાસજીના પિતા દેવલોક પામ્યા છે.

ગુરૂ- શિષ્ય ફ્લુમાં આવ્યો તો દેવીદાસ સાહેબની વાત સાચી હતી. પિતાજીની અંતિમ ક્રિયા કરી બંને સાહેબો અમદાવાદમાં આવી પાછા કામે લાગી ગયા. ભાઈઓ અને સ્નેહીઓએ પુરણદાસજીને પાસે રાખવા ઘણી કોશિશ કરી. પણ તે નાકામિયાબ નીવડી.

બંને સાહેબો તીર્થોટન કરી. પં. શ્રી હજુર ગ્રંથ મુનિનામ સાહેબના દરબારમાં દામાખેડા આવી કબીર સંપ્રદાયનો પરવાનો મેળવ્યો. ધનપુરામાં આવી કબીરપંથના ધારા-ધોરણ મુજબ ઉત્સવ કરી ધનપુરામાં કબીર મંદિરનો પાયો નાંખી મંદિરનો વિકાસ કરી ધર્મની ધજા લહેરાવી કબીર પંથનો પ્રચાર-પ્રસાર કરવા લાગ્યા.
સામાન્ય જનથી લઈ અધિકારી વર્ગ-૧ ના ભક્તો પુરણદાસજીના શિષ્ય થયા ટૂંકાગાળામાં ખૂબ લોકચાહના મેળવી પુરણદાસ સાહેબ લોકહૃદયમાં વસી ગયા.

પુરણદાસજી સાહેબને વિધવા, નિરાધાર બહેનો, ગરીબો માટે અપાર લાગણી હતી. સરકારશ્રી તરફથી મળતી સહાય યોજનાઓનો ગરીબોને લાભ અપાવી તેઓ સમાજની એકતા, અખંડિતતા માટે પણ ઝઝૂમતા રહ્યા.

તેમનો અવાજ સારો હોવાથી દૂરદર્શન કેન્દ્ર પરથી તેડા આવતા પણ ક્યારેય તેઓ ગયા નહીં. મોટા-મોટા મંદિરોના મહંત બનવા માટે પણ તેડા આવ્યા પણ ક્યારેય પદનો મોહ રાખ્યો નહીં. અને ગુરુની સેવા અને વચન ક્યારેય ચૂક્યા નહીં.

પુરણદાસજી જ્યારે ભજન ગાતા હોય ત્યારે તેમને લાઉડ સ્પીકરની જરૂર પડતી નહીં. તેમનો અવાજ બુલંદી અને પહાડી હતો. ઠંડી રાતમાં તેમનો અવાજ આસપાસના ચાર ગામોમાં સંભળાતો.તેઓ સંતોના જીવન ચરિત્રના આખ્યાન કરતાં. વાણી ગાઈને તેનો મર્મ પણ સમજાવતા. ખૂબ જ સરળ ભાષામાં તેઓ ધર્મપદેશ કરતા હતા.

અહીં મને એક ઘટના તાજી થાય છે. મારા ગામમાં પૂરણદાસજી સાહેબના એક શિષ્ય હતા. તેમનું નામ રામજીકાકા. પૂરણદાસજી સાહેબ અને મોહનદાસજી બન્ને સાહેબો અચાનક પામોલ આવી ગયા. શિષ્યનું ઘર બંધ હતું. સંતાડેલી ચાવી શોધી ઘર ખોલી પુરણદાસજી સાહેબે શિષ્યના ઘરમાં સફાઈ કરી.
વાસણ ધોઈ ઘરના તમામ સભ્યોનું જમવાનું બનાવી દીધું અને જ્યારે શિષ્યનો પરિવાર વગડેથી આવ્યો ત્યારે સૌની સાથે જમ્યા.

"ધ્યાનં મૂલં ગુરુ મૂર્તિ, પૂજા મૂલં ગુરૂ પદમ્
મંત્ર મૂલં ગુરુ વાક્યં, મોક્ષ મૂલં ગુરુ કૃપા"

એ મંત્રને સાર્થક કરી. તારીખ ૨૭-૪-૧૯૯૬ ના દિવસે પૂરણદાસજી સાહેબે ગુરૂશ્રી મોહનદાસજી

સાહેબને કહ્યું કે "મને બે શ્રીફળ મંગાવી આપો હવે મારો સમય પૂર્ણ થઈ ગયો છે." મોહનદાસ સાહેબે બે શ્રીફળ મંગાવી આપ્યા.

એક શ્રીફળ ગુરુના હાથમાં આપ્યું ને બીજું પોતાના હાથમાં રાખી સાહેબને બંદગી ભરી. ગુરુદેવે માથે હાથ મૂક્યો ને પૂરણદાસજી સાહેબ ગુરુજીની નિશ્રામાં સમાધિષ્ઠ થઇ ગયા. અનેક ભક્તો, શિષ્યોને ધર્મપ્રેમીજનોની હાજરીમાં એક મહાન 'સંતની અંતિમ ક્રિયા' કરવામાં આવી.

સંત પૂરણદાસજી સાહેબના સતલોક સિધાવ્યા પછી ગુરુવર્ય મોહનદાસજી સાહેબ પણ શિષ્ય વિના જાણે જીવી શક્યા નહીં અને તા. ૩૦-૧-૨૦૦૮ ના રોજ સતલોક સિધાવ્યા. સંત પૂરણદાસજી સાહેબ જ્ઞાની, નિઃસ્પૃહ, બ્રહ્મચારી કબીરધારાના પ્રખર સંત સંવર્ધક હતા.

સંદર્ભ સૂચિ

- ચૌહાણ, શામળદાસ ડાહ્યાલાલ, પુરણ જ્ઞાનપ્રકાશ
- ચાવડા, કિશોર, હરિભાઈ પરમાર અને બાબુલાલ વાઘેલા (સંપા.) (૨૦૧૩), મોતી મારા મલકના, અમદાવાદઃ ડિવાઈન પબ્લિકેશન્સ
- ચૌહાણ, શામળદાસ ડાહ્યાભાઈ, પુરણ જ્ઞાનપ્રકાશ
- રાઠોડ, નરેશભાઈ ખેમાભાઈ અને દામોદરનાથજી ગુરૂ મંગલનાથજી (સંપા) (૨૦૧૫), દિલ દરિયાના મોતી, મહેસાણાઃ સ્વ. મોહનલાલ જેઠાલાલ મકવાણા ભગત પરિવાર

પુંજા ભગત (પુંજાભાઈ સદાભાઈ જાદવ)

વડનગર તાલુકાનું સુંઢિયા ગામ, જેમાં વધારે ખ્યાતનામ નહીં છતાં એક પ્રભાવી ભક્તિભાવી છાપ ધરાવતું અને લોકજીભે ચડેલું નામ એટલે 'પુંજા ભગત'.

સુંઢિયા ગામમાં પ્રવેશતા નાકામાં જ આવેલા વણકર ફળીયામાં પુંજા ભગત રહેતા. પ્રેમાળ સ્વભાવ, દયાભાવથી નિતરતું મન અને ભક્તિ-કિર્તનની લગનીથી લોકો પ્રેમથી 'ભગત ભા' તરીકે સંબોધતા. વ્યવસાય તો એ જ, વારસામાં મળેલો વણાટનો ધંધો, ધંધા થકી પરિવારનો જીવન નિર્વાહ કરવાની સાથો સાથ પોતાના ભક્તિભાવી આત્માની પિપાસા તૃપ્ત કરવા માટે ગામમાં તો ખરૂ જ પરંતુ ઘણીવાર આજુબાજુ તથા દૂરના ગામડાઓમાં પણ પાટ, ભજન કિર્તન માટે દોડી જતા. તેઓ સંતશ્રી કેશવદાસજી (મલેકપુર)ના સમકાલીન હોવાથી મોટાભાગના પાટ, ભજનોમાં બંને સાથે રહેલા. નરસિંહ સાહેબના સવા સો (૧૨૫) લીંબુના પાટના તેઓ ખાસ જાણકાર. સાબરકાંઠાના પ્રાંતિજ વિસ્તાર તથા અમદાવાદ શહેરમાં પુંજા ભગતને લોકો ખૂબ જ આદર આપતા. આ વિસ્તારમાં પુંજા ભગતને ગુરૂ તરીકે સ્થાપિત કરનારો શિષ્યવર્ગ પણ બહોળા પ્રમાણમાં છે કેટલાયે શિષ્યો દ્વારા પુંજા ભગતના સામૈયા કર્યાના પણ પ્રસંગો છે. પુંજા ભગતના શિષ્યોમાં તેઓ પુરણદાસ તરીકે જાણીતા થયા હતા.

હિંદુઓના પવિત્ર એવા શ્રાવણ માસમાં પુંજા ભગત મહોલ્લામાં મહાભારતની રાગરાગણીમાં કથા કરતા. પુંજા ભગત એક પ્રખર આખ્યાનકાર પણ ખરા, તેઓ રાવણ હથ્થા સાથે આખ્યાન કરતા, એક નહી પણ ત્રણ આખ્યાન સાથે કરતા. શેઠ સગાળશા, ચંદન મલયાગિરી અને સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર આ ત્રણેય આખ્યાનોના જુદા જુદા પ્રસંગોને એવી રીતે વર્ણવતા કે શ્રોતાઓની ઘડીકમાં આંખો આંસુથી ભરાઈ જતી તો ઘડીકમાં મોં હાસ્યથી ભરાઈ જતું. ઘણીવાર કોઈવાર- તહેવારે મહોલ્લાની શેરીમાં બાળકો સમક્ષ જાદુના અવનવા કરતબો કરી બાળકોનું મનોરંજન પણ કરતા. લોકોમાં પુંજા ભગત એક અસાધારણ વિદ્યાના જાણકાર હોવાની માન્યતા પણ પ્રવર્તતી હતી.

પુંજા ભગતની ભક્તિ એ દાસી ભાવથી પ્રગટ થતી એક વૈરાગી ભક્તિ હતી. એમના દ્વારા ગવાતા પ્રત્યેક ભજનમાં કરૂણતા સમાયેલી હતી. ભજનમાં એમની સતાર સાથેની વાણી સાંભળવા માટે લોકો માંડે સુધી બેસતા. ઘણીવાર એમના વૈરાગી ભજનોમાં વાણી, કંઠ અને ભક્તિભાવનો એવો સમન્વય સધાતો કે સાંભળનારની આંખોમાંથીય આંસુ વહેતા.

પુંજા ભગત દાસી ભાવરૂપે પોતાની અથાગ ભક્તિભાવના પ્રતાપે આગવી શૈલીથી કરેલી રચનાઓથી શામળાને રીઝવ્યો છે.

વિ.સં. ૨૦૩૬ અને આસો માસના અંતિમ દિવસો હતા. નવા વરસનો પ્રકાશ પથરાવવા આડે માત્ર બે દિવસ હતા. પુંજા ભગત પથારીવશ હતા, પરંતુ મુખ પરની તેજીસ્વતાને લીધે તેઓના શરીરમાં બિમારીના કોઈ જ એંધાણ જણાતા ન્હોતા.

આ અંતિમ પળોમાં પુંજા ભગતને ગમ્મતમાં પૂછવામાં આવ્યું કે, ભગત ભા દિવાળી તો કરાવશો ને?

ભગત ભા એકદમ અસ્વસ્થતાથી બોલ્યા, ''ઓ વે.''

દિવાળી કરાવશો તો બેસતું વર્ષ તો થયેલું જ છે ને.. પણ આ વાતને પુંજા ભગત અધવચ્ચેથી જ કાપતાં

ખાટલામાં બેઠા થઈ દ્રઢતાથી બોલ્યા, ના..ના.. નવા વરસમાં તો હું નથી. બસ, એમના આ જવાબથી એક સંકેત મળી ગયો કે ભગત ભાએ એમના મહાપ્રયાણનો સમય નક્કી કરી લીધો છે.

વર્ષના અંતિમ દિવસ દિવાળીની સંધ્યા ઢળી ગઈ હતી. મોડી રાત સુધી કુટુંબીજનો ખબરઅંતર પૂછતા રહ્યા. છેવટે અંતિમ ઘડીનો સમય આવ્યો ત્યારે પુંજા ભગત સુક્ષ્મણા નાડી ચાલુ હોવાનું જણાવી બોલ્યા, હવે મને કોઈ પરેશાન કરશો નહી. એવું કહી તેમણે આંખો મીંચી દઈ પ્રભુભક્તિમાં લીન થઈ ગયા. સવારે નવા વર્ષના ઉગતા દહાડે પુંજા ભગતે માત્ર બે દિવસની સામાન્ય બિમારી સહી પોતાની જીવનલીલાને સંકેલી હરીના માર્ગે પ્રસ્થાન કર્યું.

પુંજા ભગતની નિ:સ્વાર્થી ભક્તિને લોકો આજે પણ યાદ કરે છે. આજે પણ ભક્તિજ્ઞાનની વાત હોય તો લોકજીભે પુંજા ભગતનું નામ ચોક્કસપણે ઉચ્ચારાય છે.

સંદર્ભ સૂચિ

- રાઠોડ, નરેશભાઈ ખેમાભાઈ અને દામોદરનાથજી ગુરૂ મંગલનાથજી (સંપા) (૨૦૧૫), દિલ દરિયાના મોતી, મહેસાણા: સ્વ. મોહનલાલ જેઠાલાલ મકવાણા ભગત પરિવાર
- રૂબરૂ મુલાકાત: લેખક મેહુલકુમાર પ્રવિણભાઈ જાદવ, સુંઢિયા
- રૂબરૂ મુલાકાત: પેઈન્ટર અરૂણભાઈ સોમાભાઈ જાદવ, સુંઢિયા

શ્રી પૂનમનાથજી મહારાજ

જન્મ	: ઈ.સ. ૧૯૩૩ વિ. સંવત ૧૯૮૯
જન્મસ્થળ	: ચમનપુરા અમદાવાદ
વતન	: મુ. કુકરવાડા, તા.વિજાપુર, જિ.મહેસાણા.
મૂળનામ	: પુંજારામ
જન્મજ્ઞાતિ	: અનુસૂચિત જાતિ વાકર
માતા-પિતા	: માતા ગુલાલબહેન (તેને ઉગરબાઈ પણ કહે છે), પિતા વસ્તારામ
પરિવાર	: નાથજોગી
ગુરુનું નામ	: સેવાનાથ
સમાધિ	: વિ. સંવત ૨૦૨૫ આસો સુદ નોમ ને રવિવાર તા. ૧૯-૧૦ ૧૯૬૯ બપોરના ૩-૧૦ કલાકે,
સ્થળ	: સિદ્ધપુર, સમાધિ તા. ૨૦-૧૦-૧૯૬૯ને સોમવારે (શ્રી સેવાનાથજીના હસ્તે)

'મરું પણ માંગું નહીં, અપને તનકે કાજ;
પરમાર્થ કે કારણે, માંગતા ના આવે લાજ.'

નાનપણથી જ સેવાનાથ બાપુની જગ્યા ઉપલા સવરામંડપ સાથેનો મારો નાતો. મારા પિતાજી સુરદાસ ઉકાભગતનું એ બેસણું, પૂર્વાશ્રમના મારા મામા વૈજનાથ મહારાજ થાય જે સેવાનાથ બાપુના પટ્ટશિષ્ય. જે મારા ગુરુ ને નાથપરંપરાથી હું દીક્ષિત પણ ખરો. વેકેશનમાં મારે આ જગ્યામાં રહેવાનું બને. મારી જ ઉંમરનો દશ-બાર વર્ષનો સેવાનાથ બાપુના આશ્રમે આવેલો અનાથ થઈ ગયેલો છોકરો જે બુદ્ધનાથ થયેલો તેમની સાથે રમવાનું ગમે. તે સમયે જગ્યામાં આવીને રહેતા પૂનમનાથ મહારાજને જોયેલાનું સ્મરણ આજે પણ છે.

યુવાન પૂનમનાથ રૂપાળા, નમણા, તેજસ્વી આંખો ને તેમનું તેજ મારતું ખુલ્લું શરીર, કાળી મોટી જટા, રુદ્રાક્ષની માળા ને આપણી સામે હસતા હોય તેગમે. તેમણે ગુરુ મહારાજ સેવાનાથજીનો આદેશ મેળવી સિદ્ધપુરમાં જગ્યા સ્થાપી.હું અમદાવાદ ગુજરાત વિદ્યાપીઠમાં એમ. એ. કરતો હતો ત્યારે દાદુગુરુ સેવાનાથમહારાજ પાસે ગયેલો ત્યારે યુવાનવયે જ પૂનમનાથ મહારાજે સમાધિ લઈ ગયાનું જાણ્યું ત્યારે ઘણું દુ:ખ થયેલું.

પદદલિત સમાજના નાથયોગીઓ વિશે સંશોધનના એક ભાગ તરીકે શ્રી પૂનમનાથની જગ્યા સિદ્ધપુરની મુલાકાત સાત માર્ચ-૨૦૧૪ના દિવસે મારા મિત્ર પ્રો. ભાઈલાલભાઈ પટેલ (અમદાવાદ) સાથે જવાનું થયું. તેમની જગ્યા પાસે જ સ્વામી બેચરદાસની જગ્યા આવેલી છે. બેચરસ્વામી પણ મારા અભ્યાસનો વિષય હતો. રૂબરૂ મુલાકાતે આ નાથજોગીની જગ્યાના પ્રવર્તમાન જોગી અમરનાથજી પૂનમનાથના શિષ્ય મંગલનાથના શિષ્ય થાય છે. અમરનાથજીએ તેમની સ્વરચના ગાયકી સાથે સંભળાવી :

'જનની જણ તો ત્રણ જણ, ભક્ત, દાતા કાં શૂરવીર;
નહિતર રહેજે વાંઝણી તારું મત ગુમાવીશ નૂર.'

'ઓગણીસો બેતાલીસમાં આવ્યા સેવાનાથ,
આવ્યા રે આવ્યા બહેરામપુરાની માંય,

અમરનાથ ગુરુ મંગલનાથ પ્રતાપે બોલ્યા,
ચરણોમાં લેજો અમને નાથ.

સંશોધકે પ્રથમ જે માહિતી મળે તે તેના રૂપમાં મૂકીને પછી સમીક્ષા કરી શકાય. સેવાનાથ મહારાજ જોગીની સાધના, સિદ્ધિનો મિજાજ અને નાથજોગીના કેટલાક નિયમો પ્રમાણે ઉપરની કવિત રચનામાં પ્રશ્નો જાગે છે નાથજોગી - વાસમાં (અહીં તો અમદાવાદનો ચમનપુરા વિસ્તાર) ૪૨ દિવસ ધૂણો ચેતાવીને રહે જ નહીં. નાથજોગી સાધના માટે વસ્તીથી દૂર ધૂણો ચેતાવી વર્ષો સુધી રહે પણ સંસારીઓ વચ્ચે આટલું રોકાણ કરે નહીં. બીજી વાત સેવાનાથ કે જગ્યાધારી સાધુઓ ઘેર ઘેર ભિક્ષા લેવા જાય જ નહીં. વાસમાં મોટેભાગે રામદેવપીરનો ઓટો હોય અથવા પરિવાર રહેતા હોય તેનાથી અલગ જગ્યા હોય ત્યાં નાથજોગી ધૂણો ચેતાવી રહે છે. સ્ત્રીઓથી એ દૂર રહે છે. આ ધૂણો ચેતાવે એટલે વાસના મેતરિયા, આગેવાનો આવે છે, તેમના તરફથી જોગીને પાકી રસોઈ અપાય છે. આ રસોઈ નાથજોગી તેમની જાતે જ કરે છે. તે પછી આ આગેવાનોને જ કહે છે કે આપણાં ઘર કેટલાં ? ઘર દીઠ તેમની શક્તિ પ્રમાણેનો ફાળો ભેગો કરી ચરણે ધરાય છે. સેવાનાથ કોઈને ઘેર ભિક્ષા લેવા જાય જ નહીં.

ત્રીજી વાત સામેથી કોઈના દીકરાની માંગણી કરે તેવું બને જ નહીં, જે કોઈ નાથજોગી થયા તે પ્રથમ તો સવરામંડપની જગ્યામાં આવે, સેવા-કામ કરે ને એકાદ વર્ષમાં તેમની પરીક્ષા લેવાય ને પાત્ર તપાસી નાથજોગીની દીક્ષા અપાય છે.

સેવાનાથ મહારાજ જગ્યાના અન્નક્ષેત્રને ચલાવવા માટે વસ્તીમાં જાય ત્યારે એક ગામ (કોડીનાર પંથકનું)માં કોઈ આધાર વિનાનો (માતા-પિતા મરી ગયેલાં) પાંચ-સાત વર્ષનો છોકરો હતો તેના પંચના અગ્રણીઓએ સેવાનાથ બાપુને સોંપ્યો. સેવાનાથબાપુએ તેને આશરો આપી જૂનાગઢની નિશાળમાં ભણવા બેસાડ્યો. બધી જ સગવડતા આપી પણ તેનું ચિત્ત ઠેરાયું નહીં. ત્યારે બાપુએ તેમને સંસારી વચ્ચે ચાલ્યા જવાનું કહ્યું. પણ ઉંમરલાયક થયેલા એ છોકરાએ નાથજોગીની દીક્ષા લીધી હતી. એટલે ભિક્ષામાં પુંજાને માંગી પૂનમનાથ બનાવ્યો તે શક્ય જણાતું નથી.

પૂનમનાથને તેમા પરિવારની સંમતિથી સેવાનાથ બાપુને સોંપ્યા હોય તેમ બની શકે, અન્ય કારણો પણ હોવાની સંભાવના છે. ગલાલમાએ સેવાનાથ બાપુને દીકરો પુંજો આપ્યાનું સ્વીકારી શકાય. સેવાનાથ મહારાજના શિષ્ય ખુશાલનાથે અમદાવાદ સિટી મિલમાં પધરામણી કરેલી તેમની સાથે પુંજારામે ઘણી જ્ઞાનચર્ચા કરેલી તેથી આકર્ષિત થઈ ખુશાલનાથજી સાથે જૂનાગઢમાં સવરામંડપની જગ્યામાં બે વર્ષ સેવાનાથબાપુની, સાધુ-સંતો ને આવનારા યાત્રાળુઓની સેવા કરે છે. આ સેવાથી અને પુંજારામની નાથજોગી થવાની ઇચ્છાથી સેવાનાથબાપુએ નાથપંથી દીક્ષા આપી પૂનમનાથ નામ આપ્યું. આ ઘટના અહીં સ્વીકાર્ય બને છે.

પૂનમનાથનું મૂળવતન મહેસાણાના માણસા પાસેનું ગામ કુકરવાડા હતું. પિતાનું નામ વસ્તારામ, માતાનું નામ ગુલાલબાઈ-ઉગરબાઈ હતું. તે સમયે અમદાવાદમાં કાપડની મિલોનું સામ્રાજ્ય હતું ત્યારે ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્રના વણકર પરિવારો મિલોમાં મજૂર તરીકે આવ્યા, તેમની ચાલીઓ રહેણાંક માટે ઊભી થઈ. કુકરવાડાથી પૂનમનાથના ભાઈઓ પરિવાર સાથે અમદાવાદ આવ્યા. પૂનમનાથના મોટાભાઈ મંગાભાઈ જે શક્તિશાળી, કોઈથી ડરે નહીં, કોઈ ઉપર ઘા કરવો તે તેમને રમત વાત. અન્યાય કોઈનો સહન કરે નહીં.

ગુરુ સેવાનાથના સાંનિધ્યમાં પૂનમનાથ જુદી જુદી મંત્રસાધનાઓ સિદ્ધ કરે છે. બાર વર્ષનો જોગ પૂર્ણ થયા પછી પૂનમનાથ દેશાટણમાં નીકળે છે. નાથજોગી ગુરુભાઈઓ સાથે ફરવાનું રહે છે.
નાથજોગીઓના જીવનમાં અનેક ચમત્કારિક ઘટનાઓ જોડાયેલી લોકો પાસેથી સાંભળવા મળે છે. સિદ્ધપુરમાં અમરનાથજી બાપુએ એક વાત કરેલી તે અહીં મૂકું છું.

અમદાવાદ ચમનપુરામાં પૂનમનાથ અને ગુરુ સેવાનાથની પધરામણી કરવા નિમંત્રણ અપાયું. બહેરામપુરામાં એકવીસ દિવસ ધૂણો રહ્યો ત્યારે મંગાભૂતને સેવાનાથબાપુની શક્તિ માપવાની ઇચ્છા થઈ. નાથજોગીઓ ગાંજો ચલમમાં પીએ છે. કેટલાક ઘરૂ પણ પીએ છે જે ગોરખનાથને સ્વીકાર્ય ન હતું. ચમનપુરાના મંગાભૂતે 'ભેરવપ્યાલો' બનાવ્યો. સહેજે એક ડબો દારૂ તેમાં નખાયો હોય. સેવાનાથબાપુને આ પ્યાલો ભેરવના નામ ઉપર પીવાનું કહ્યું, એ ભેરવપ્યાલો સેવાનાથજી પી ગયા ને મંગાની દાઢી પકડી કહ્યું, આ જલ ભેરવ પી ગયા. અને કાલીકો બોલતા હું તુઝે ઔર દારૂકો જલા દે. મંગોભૂત બાપુને ચરણે પડી માફી માંગે છે.

ગુરુ સેવાનાથબાપુનો આદેશ મેળવી પૂનમનાથ સિદ્ધપુરમાં જગ્યા સ્થાપે છે. સરસ્વતી નદીના કિનારે આશ્રમની જગ્યા પસંદ કરે છે. આ સ્થળે માયાનગર, ભીલવાસ ને પછી વણકરવાસમાં થઈને પહોંચાય છે. સિદ્ધપુરના કિલ્લાની રાંગે કેટલાક પરિવારો રહેતા હતા. તેમાંથી એક વેચાતો ટુકડો લીધો. ત્યાં ધૂણો ચેતાવ્યો. નદીકિનારાની પડતર જમીન ઉપયોગમાં લીધી. સૌ પ્રથમ ઈ.સ. ૧૯૬૪માં પૂનમનાથ ગુરુભાઈ છોટુનાથ સાથે અહીં આવ્યા ને ઈ.સ. ૧૯૬૫માં જગ્યા સ્થાપી.

પીપળાનું ઝાડ ફરતો ઓટલો, નાનું રામદેવપીરનું મંદિર, બાજુમાં અવાવરુ કૂવો હતો, જેમાં નાગ રહેતો ઘણાએ જોયો છે. ત્યાં ચીપિયો ખોડી, ધુણો ચેતાવી પુનમનાથે જગ્યા સ્થાપી. આજે ત્યાં એક પાકો ઓરડો છે તેમાં અમરનાથજી રહે છે. આવનારને રોટલો આપે છે.

ઈ.સ. ૧૯૬૮માં ગુરુ સેવાનાથબાપુ, જ્યેષ્ઠ ગુરુભાઈ વેજનાથ મહારાજ અને છોટુનાથબાપુ સિદ્ધપુરની પૂનમનાથની જગ્યામાં પધાર્યા હતા. પૂનમનાથના મંગળનાથ, ભવાનીનાથ, ચતુરનાથ મુખ્ય ત્રણ શિષ્યો હતા. સિદ્ધપુરમાં આ જગ્યા દર્શનીય બનત પરંતુ યુવાનવયે જ આ સિદ્ધયોગી માત્ર ૩૭ વર્ષની વયે તારીખ ૨૦-૧૦-૧૯૬૯ દશેરા ને રવિવારના દિવસે બપોરના ૩-૧૦ કલાકે સિદ્ધપુરની તેમની જગ્યામાં સમાધિ લઈ ગયા. આ સમાધિ ઉપર નાનું સમાધિમંદિર બંધાયેલું છે. વર્તમાનમાં સંતશ્રી દામોદરનાથજી ગુરૂ મંગળનાથજી આ જગ્યાના કોઠારી ભંડારી છે અને મહંત તરીકે મંગળનાથજી ગુરૂ નાથજી નાથધારાને આગળ ધપાવી રહ્યા છે.

સંદર્ભ સૂચિ

- ગોહિલ, ડો. નાથાભાઈ (૨૦૧૭), ગુજરાતની આંતરચેતના ભાગ-૧, અમદાવાદઃ નવભારત સાહિત્ય મંદિર
- ચાવડા, કિશોર, હરિભાઈ પરમાર અને બાબુલાલ વાઘેલા (સંપા.) (૨૦૧૩), મોતી મારા મલકના, અમદાવાદઃ ડિવાઈન પબ્લિકેશન્સ
- રાઠોડ, નરેશભાઈ ખેમાભાઈ અને દામોદરનાથજી ગુરૂ મંગલનાથજી (સંપા) (૨૦૧૫), દિલ દરિયાના મોતી, મહેસાણાઃ સ્વ. મોહનલાલ જેઠાલાલ મકવાણા ભગત પરિવાર

શ્રી પ્રભાતનાથજી

જન્મ : વિ. સંવત ૧૯૮૬ – ઈ.સ. ૧૯૩૧
જન્મસ્થળ : ગામ-સોઢાણા, તાલુકો-જિલ્લો પોરબંદર
જન્મજ્ઞાતિ : વાકર ખરા પરમાર શાખા-અનુસૂચિત જાતિ
બાળપણનું નામ : પુંજાભાઇ
માતા-પિતા : માતા-સોનીબહેન, પિતા-સવદાસભાઈ પરમાર
પાંચ ભાઈઓ : ગોવિંદ, ગોકુળ, સોમો, પીઠો, પરબત.
બે બહેનો : માકીબહેન, સાજણબહેન.
ગુરુનું નામ : જીવણનાથ, ચાણોદ
પરિવાર : લગ્ન કર્યા નથી.
સમાધિ : વિ. સંવત ૨૦૪૦ શ્રાવણમાસ, ચૌદસ ને ગુરુવાર તારીખ ૧૫-૦૮-૧૯૮૫

સોઢાણા ગામના સામાન્ય વણકર પરિવારમાં વણકરી ને તે પછી ખેતમજૂરી સાથે જોડાયેલા પરિવારમાં સવદાસ ભગતને ઘેર સોનીમાની કૂખે પ્રભાતનાથનો જન્મ વિ. સંવત ૧૯૮૬ – ઈ.સ. ૧૯૩૧માં થયો હતો. નાનપણનું નામ પુંજો. પુત્રનાં લક્ષણ પારણામાંથી તે ન્યાયે પૂંજો નાનપણથી ભક્તિમાર્ગે વળેલો હતો. સાધુ-સંતોનું સાંનિધ્ય ગમે, ગિરનારમાં ફરવાનું ગમે.

પુંજાને સતગુરુ જીવણનાથ મળી ગયા. જીવણનાથે પૂંજામાં ધીરતા અને સાધના કરવાની ક્ષમતા જોઈ ને તેમને ગુરુબોધ આપે છે. નાથપંથી દીક્ષિત થઈ પ્રભાતનાથ નામ ધારણ કરે છે. દરેક સાધકને ગુરુએ દર્શાવેલ મંત્ર ને સાધના પદ્ધતિ હોય છે. છતાં તે તેમની અંગત અનુભૂતિનો દેશછે. પ્રભાતનાથે યોગસાધનાએ સિદ્ધિઓ મેળવી હતી તે તેમની નાથપંથી યોગવાણી ભજનરચનાઓમાં જોવા મળે છે. જેમ કે

ખેંચ પવન પ્રાણ પુરુષકો, ઓહમ્ સોહમ્ જગાયા,
ઇંગલા પિંગલા ધ્યાન ત્રિવેણી, ઓહમ્ જાપ ઉઠાયા.
નાભિકમલસે શબ્દ ઉઠકે, ગગન મંડલમેં લાયા,
મૂળ કુવાર બંદ કર નૂરસ્તે, સૌમ દોર ઉલટાયા.'

પ્રભાતનાથ યોગની દરેક ક્રિયામાંથી પસાર થયા છે. પ્રાણને પલટાવવો, નૂરત સૂરત ધ્યાન નાસાગ્રે અણી પર સ્થિર થવું જાણે છે. એટલા જ તે યોગાસન, યોગની જુદી જુદી મુદ્રાઓ જાણે છે.

'આદિનાથકા ધ્યાન લગાયા, નિરંજન નજરે આયા રે
યમ નિયમ આસન લગા કે, જોગ જુગતિ મિલાયા રે.
નાભિકમલમેં નાગન વસે, સદ્‌ગુરુ સાન બતાયા રે
કુંભક કરકે નાગીન જગાઈ, સૂરતી ધ્યાન લગાયા.'

કુંડલિની શક્તિ જાગૃત કરવાની ક્રિયાનો નિર્દેશ આપે છે. તેમને જે અનુભૂતિનું દર્શન થયું છે તેનો પણ નિર્દેશ આપે છે : 'સંતો ભાઈ ! અવિનાશી નિરાધાર, અવિગત રામ હૈ હમારા.'

'ઓહંગ ઉઠત સોહંગ બેઠત, છસો એકવીસ હજારા,
ધીરજ ધૂણીથી ધ્યાન ધરો, નૈન નાશિકા એક તારા.
વિના જીભ બોલે સુકાર, વિના જ્યોતિ ઉજિયારા,
કહે પ્રભાતનાથ સબ ઘટ બોલે, નુરિજનનાથ હમારા.'

પ્રભાતનાથ અગમદેશની વાત કરે છે. ત્યાં ધૂપ કે છાયા નથી, આ પાંચતત્ત્વનું પિંડ છે. તેમાં છઠ્ઠો પ્રાણ ચેતન છે. સાતમું મન છે. તેની ઉપર ચેતનજીવ બિરાજે છે ને તેની ઉપર બ્રહ્મ ઠેરાયો છે. ગુરુગમથી આ માર્ગે જવાય છે. જ્યાં સુધી તમે મૂળશબ્દની ઓળખ-અનુભૂતિ પાળશો નહીં ત્યાં સુધી જન્મ મરણના ફેરામાંથી છૂટી શકશો નહીં.

ભક્તિરૂપી મારગે ચાલીને, નામનું નિરંતર સ્મરણ કરીને સૂરતા શૂન્યમાં સ્થિર કરવાની વાત છે. આ સિદ્ધિ મળ્યા પછી વાણી ઉચ્ચારે છે :

'હમ તો નિરંજન જોગી નાગા, મૈં નહીં જન્મે નહીં મરુંગા,
હમ તો અમર જોગી હૈ ન્યારા, મૈં નહીં બૂઢા નહીં બાળા.'
'પાંચ તત્ત્વ તીન ગુણમેં નાહિ, વેદ કિતાબ સે ન્યારા,
અગોચર શૂન્યસે હમ આયા, ઉનમનિ ઘરમેં રહેતા,
બિના સૂરતી વ્રતી હમારી, સહેજ શૂનમેં જઈ સોતા.'

આ ભેદ જે જાણતા નથી તે હરાયા ઢોરની જેમ જ્યાં ત્યાં ભટકાયા કરે છે. ઘડીકમાં મેલી વિદ્યામાં તો ઘડીકમાં હઠયોગે કાયા બાળે છે. એવો જ જતિ સતિનો ભેદ બહુ ઓછા જો છે. પ્રભાતનાથ મેઘવાળ સમાજના મહાપંથને જ્યોતપાટથી જાણકાર તે સ્વાભાવિક છે.

નિજિયાપંથી ભજનવાણી પ્રભાતનાથનું મહાપંથ સાથેનું જોડાણ દર્શાવે છે. મહાપંથી જ્યોતપાટ ઉપાસનામાં નાથજોગી ગુરુગાદીએ બેસે છે તેનું પ્રમાણ આપતાં ભજનો છે. પ્રભાતનાથ મહારાજના બે સમર્થ શિષ્યો મણિનાથ અને જીણાનાથ થઈ ગયા. અન્ય શિષ્યોમાં પ્રકાશનાથ, અમરનાથ, દેવનાથ થયા હતા.

પ્રભાતનાતના સદ્ગુરુ જીવણનાથ હોવાથી આ નાથયોગી પરંપરા મૃગસ્થળી અટલ અખાડા-કાઠમંડુ (નેપાળ) સાથે જોડાયેલ છે. તેમણે પાટણવાવના ઓસમ ડુંગર ઉપર સાત વર્ષ રહી સાધના કરી હતી. ત્યાં સિદ્ધેશ્વર મહાદેવની સ્થાપના કરી જગ્યા સ્થાપી ત્યાં શિષ્ય મણિનાથને બેસાડ્યા. બીજું સ્થાન 'અમર ખડો' ત્રિવેણી સંગમ-ભાણવડમાં સતત એકવીસ વર્ષ રહી સાધના કરી હતી તે સ્થાને તેમના બીજા શિષ્ય જીણાનાથ રહીને સિદ્ધસાધના કરી ગયા.

પ્રભાતનાથ વિ. સંવત ૨૦૪૦ શ્રાવણ માસની ચૌદશ ને ગુરુવાર તારીખ ૧૫-૦૮-૧૯૮૫ના દિવસે સમાધિ લીધી. તેમનું સમાધિમંદિર ચાંદોદ- નર્મદાતટે, કર્નાડી યોગ જીવણનાથ સદા આનંદીનાથની જગ્યામાં આવેલ છે. તેઓનો ભંડારો વિ. સંવત ૨૦૪૧ કારતક સુદી પૂનમ દેવદિવાળી ને બુધવાર તા. ૨૭-૧૧-૧૯૮૫ને દિવસે કરવામાં આવ્યો હતો.

સંદર્ભ સૂચિ

- ગોહિલ, ડો. નાથાભાઈ (૨૦૧૭), ગુજરાતની આંતરચેતના ભાગ-૨, અમદાવાદ: નવભારત સાહિત્ય મંદિર

સંતશ્રી બળદેવનાથજી

જન્મ	: તારીખ ૦૧-૦૩-૧૯૪૪, પહેલી માર્ચ ઓગણીસો ચુંવાલીસ.
જન્મસ્થળ	: ઝાંઝરકા ગામ, તાલુકો-ધંધુકા, જિલ્લો-અમદાવાદ.
મૂળનામ	: બળદેવ
જન્મજ્ઞાતિ	: વણકર, અનુસૂચિત જાતિ.
માતા-પિતા	: માતા કમળાબા, પિતા મૂળનાથજી
પરિવાર	: ધર્મપત્ની સવિતાબા
પુત્ર	: શંભુપ્રસાદજી (હાલ ગાદીપતિ), સતીષપ્રસાદ.
બે બહેનો	: મુક્તાબહેન અને નીતાબહેન.
ગુરુનું નામ	: ભાણનાથજી
સમાધિ	: પાંચમી મે, બે હજાર ૫-૫-૨૦૦૦ વૈશાખ સુદી એકમ ને શુક્રવાર.
સ્થળ	: શ્રી સવગુણ મંદિર, ઝાંઝરકા, તાલુકો ધંધુકા. :

સિદ્ધ સંતશ્રી સવૈયાનાથજી પૂર્વાશ્રમના એક સામાન્ય વણકર હતા. વણકરનો ધંધો કરતાં કરતાં પરિવારનું ગુજરાન ચલાવતા હતા. પરંતુ ત્યારે ઠાકોરજીની ભક્તિમાં પૂરી શ્રદ્ધા, સાધુસંતો સાથેનો લગાવ. ભક્તિ-ભજનના પ્રભાવે જમાતના નાથયોગી તુલસીનાથનો ભેટો થયો ને સવૈયો વણકર સવૈયાનાથ નામે ખ્યાત થયા. નાથપંથી સિદ્ધસાધના કરી અને ઝાંઝરકા ગામે જગ્યા સ્થાપી. માનવસેવા, સદાવ્રત અને ગૌસેવાની પરબ માંડી. આ સેવાથી જગ્યા સમગ્ર પંથકમાં શ્રદ્ધાનું ધામ બની જાય છે.

સંતશ્રી સવૈયાનાથનું આજીવન વ્રત રહ્યું કે જગ્યામાં આવેલ કોઈ પણ અતિથિ ભૂખ્યો ન જવો જોઈએ. આ અતિથિને દરિદ્રનારાયણને ભાવથી જમાડીને તે પછી જ જમવું. ગુરુ તુલસીનાથ મહારાજ પાસેથી સિદ્ધસાધનાઓ મેળવીને જગ્યામાં આવતા અનેક દુઃખિયાનાં દુઃખ દૂર કર્યાં. સવૈયાનાથ સંસારી રહ્યા છે. મેઘાબાઈ સાથે લગ્ન કરી કુટુંબ-પરિવાર ચલાવ્યો. તેઓનું મહત્ત્વનું કાર્ય દલિત સમાજને તેમના વિસ્તારની રાજસત્તા પાસેથી વેઠમાંથી મુક્તિ અપાવવાનું રહ્યું છે.લોકમુખેથી સવૈયાનાથે લોકોના દુઃખ દૂર કરવા જે સિદ્ધિ પ્રદાન કરી તેના અનેક ચમત્કારો સાંભળવા મળે છે.

કચ્છની જાડેજા લાલબાઈ અઢાર વર્ષની વયે અડવાળ ગામના મોટી ઉંમરના દરબારને પરણીને સાસરે આવ્યાં. દરબારે આ લગ્ન એટલા માટે કર્યાં કે તેમને સંતાન ન હતું, નિર્વંશ જતા હતા એટલે લાલબાઈથી સંતાન થશે તેવી આશાએ મોટી ઉંમરે લગ્ન કર્યાં હતાં ને સવગુણદાદાની દયાથી લાલબાઈની કૂખે દીકરાનો જન્મ થયો. આ દિકરો દશ વર્ષનો થયો ને એકાએક ચેતન વગરનો થઈ ગયો, મૃત્યુ પામ્યો. લાલબાઈ સંત સવગુણદાદા પાસે આવ્યાં ને પોતાના પુત્રની જિંદગીની ભીખ માંગી. દયાળુ સંતે લાલબાઈના દિકરાને જિંદગી આપવા પોતાના પુત્ર પાલાની જિંદગી આપી. પાલો મૃત્યુ પામ્યો ને લાલબાઈનો દીકરો જીવતો થયો.

પુત્ર પાલાનું અવસાન થતાં પાલાભગતનો એકનો એક દીકરો ઉગમશીનો ઉછેર દાદા સવગુણનાથે સ્વીકાર્યો. સમય સમયનું કામ કરે જ છે. તેની ગતિ ચાલતી રહે છે. સવગુણદાદાએ વિક્રમ સંવત ૧૮૯૮ના ફાગણ સુદ તેરસ ને ગુરુવારે સાધુ, સંત, સેવકસમાજને બોલાવી પૌત્ર ઉગમશીને ગુરુગાદીનું તિલક કરી હરિઓમ બોલતાં બોલતાં જીવંત સમાધિ લઈ સ્થૂળદેહ છોડી ગયા.

ઉગમશીનાથે સવગુણદાદાની જગ્યા સંભાળી, સેવકસમાજમાં પરિભ્રમણ કરતા રહ્યા. ઉગમશીનાથે પુનાબા સાથે લગ્ન કર્યાં અને તેમને ત્યાં નથુરામ તથા ભગવાનદાસ નામે બે પુત્રો થયા. એક પુત્રી થઈ જેનું નામ નાથીબાઈ હતું. આ બન્ને પુત્રો યુવાન વય આવે તે પૂર્વે અવસાન પામે છે. નાથીબાઈ સાસરે હતાં. સંત ઉગમશીનાથને થયું કે સંત સવૈયાનાથનો વંશ અહીં પૂર્ણ થાય છે. એટલે દીકરી નાથીબાઈના દીકરા ગોવિંદને સંત સવૈયાનાથની જગ્યાના ઉત્તરાધિકારી બનાવે છે.

નાથીબાઈએ જે પરિવારમાં લગ્ન કર્યાં હતાં તે પરિવાર મૂળે સિદ્ધપુર તાલુકાના ટુંડાવ ગામે રહેતો હતો. આ પરિવારના શાણાભગત મકવાણાએ ઝાંઝરકા ગામે રોજી-રોટી કમાવા આવીને વસવાટ કર્યો હતો. મૂળે આ પરિવાર મકવાણા શાખાના વણકર હતા. પરંતુ તે ટુંડાવ ગામેથી આવ્યા હતા તેથી તેમને સૌ કોઈ ટુંડિયા કહેતા ને આ પરિવારની શાખ ટુંડિયા બની ગઈ.

સંતશ્રી ઉગમશીનાથ વિક્રમ સંવત ૧૯૩૭ના કારતક સુદી આઠમ ને મંગળવારે સ્વર્ગવાસી થયા ને દીકરી નાથીબાઈના દીકરા ગોવિંદને ગુરુગાદીએ બેસાડ્યા, જે સંત ગોવિંદનાથ નામે ઓળખાયા.

સંત ગોવિંદનાથજી વિક્રમ સંવત ૧૯૯૩ના વૈશાખ સુદી એકમ ને મંગળવારે સ્વર્ગવાસી થયા ને તેમના પુત્ર ભાણદાસજી મહંત ગાદીએ બિરાજમાન થયા. સંત ભાણદાસજીએ પોતાના નાના ભાઈ કલ્યાણદાસના પુત્ર મુળદાસને પુત્ર તરીકે સ્વીકારી તેમની હયાતીમાં જ જગ્યાનું સુકાન મૂળદાસને સોંપી દીધું જે સંત મૂળદાસજી કહેવાયા. તેઓએ જગ્યાનો ઘણો વિકાસ કર્યો. આ સંત મૂળદાસજી ૩૮ વર્ષની યુવાન વયે વિક્રમ સંવત ૨૦૨૧ના શ્રાવણ સુદ તેરસ ને મંગળવારે સ્થૂળદેહ છોડી ગયા. સંત ભાણદાસજી ત્યારે હયાત હતા. મૂળદાસના અવસાનથી તેમને દુઃખ થયું પણ હોની અનહોની થઈ શકતી નથી. ભાણદાસજીએ પુત્ર મૂળદાસના જ્યેષ્ઠ પુત્ર બળદેવદાસને મહંતનું તિલક કરી જગ્યાનો વહિવટ ચલાવવામાં સહાયક રહ્યા. બળદેવદાસને ગુરુબોધ પણ દાદા ભાણદાસજીએ આપ્યો હતો. સેવા, ભક્તિના પદાર્થપાઠ પણ તેમની પાસેથી શીખ્યા.

સંત ભાણદાસજી બાપુ ૬૮ વર્ષની વયે વિક્રમ સંવત ૨૦૨૪ના પોષ વદી સાતમ ને સોમવારે સ્વર્ગવાસી થયા ત્યારથી સવગુણદાદાની જગ્યાનો સંપૂર્ણ વહિવટ, ગુરુગાદીની જવાબદારી સ્વીકારી લીધી.

પૂ. બળદેવબાપુને પ્રત્યક્ષ મળવાનું, દર્શન કરવાનો યોગ મારા પિતાજીની સમાધિની દશાબ્દી ઊજવવા નિમિત્તે થયો હતો. મારા પિતાજી ઉકાભગત પ્રજ્ઞાચક્ષુ હતા, ભજનગાયક, બાર બીજના બાર વર્ષના જ્યોતપાટ ઉપાસક, સવરો મંડપ કરેલો. તેમણે તારીખ ૧૨-૦૩-૧૯૮૦ના દિવસે જીવતાં સમાધિ લીધી હતી. આ સમાધિને દશ વર્ષ થયાં ત્યારે તેમનો દશાબ્દી મહોત્સવ ઊજવવાનું નક્કી કર્યું. સીલોદર (તાલુકો-કેશોદ) તા. ૧૨-૦૩-૧૯૯૦ના દિવસે સાધુ, સંતો, ભક્તો, ભાવિકોને પરગણાના સમાજને નિમંત્રણ આપી ભજન, ભોજન અને જ્યોતપાટ ઉપાસનાનો કાર્યક્રમ રાખ્યો. ભજનગાયક શ્રી હેમંતભાઈ ચૌહાણ આવ્યા હતા. આ પ્રસંગે સંતશ્રી બળદેવબાપુને પધારવા નિમંત્રણ આપવા જવાનું થયું, ત્યારે પૂ. બળદેવનેબાપુનાં પ્રથમ દર્શન થયાં.

શ્રી બળદેવદાસબાપુનું પ્રભાવશાળી વ્યક્તિત્વ હતું. ઊંચી પડછંદ કાયા ,સફેદ ખાદીનો ઝભ્ભો ને ધોતી, માથે પાઘડી, કાનમાં સોનાનાં કુંડળ, ગળામાંતુલસીની માળા, વિશાળ ભાલ, કપાળમાં તિલક, મોટી તેજસ્વી આંખો અનેઆજાનબાહુ, હાથમાં છડી. પ્રથમ દર્શને જ વંદન કરવાનું મન થાય તેવી મનોહરમૂર્તિ. ઝાંઝરકાની જગ્યા વિશાળ ને તપોભૂમિ લાગે. આવતા સાધુ, સંતો, સેવકોને અભ્યાગતોને માટે સદાવ્રત-અન્નક્ષેત્ર ચાલે છે.

પૂ. બાપુ જાતે આવીને આંગણેઆવેલા મોંઘેરા મહેમાનને જમાડતા હોય તેમ પ્રેમથી જમાડે જે મને મોટી વિશેષતા જણાઈ. જગ્યાના પરિસરમાં ઠાકોરજીનું મંદિર, શિવમંદિર અને સમાધિ મંદિર આવેલ છે. ગૌશાળા અને જગ્યાની માલિકી, મોટી ખેતીવાડી. સંધ્યા આરતીનો સમય હતો એટલે સંધ્યા આરતીનાં દર્શન કર્યાં. મારી સાથે જૂનાગઢના બી. ટી. મેવાડા હતા. જગ્યાધારીઓનો મીઠો આવકાર હૃદયસ્પર્શી હતો. પૂ. બાપુ નજીકના ગામે ભજનવાણીના કાર્યક્રમમાં પધરામણી કરવા ગયા હતા. આ જાણી નિરાશા આવી ગઈ પણ અમને કહેવામાં આવ્યું કે તમે ભોજન-પ્રસાદ લઈ લો પછી પૂ. બાપુ સુધી પહોંચવાની વ્યવસ્થા કરી આપશું.

ભીતરનો ભાવ પ્રબળ હોય તો માર્ગ મળી જતો હોય છે. રાત્રે બળદેવબાપુ સુધી પહોંચી ગયો. પૂ.બાપુને પાયલાગણ કર્યા ને મારા પિતાની કેટલીક વાતો જીવતા સમાધિ લીધાનો પ્રસંગ સંભળાવ્યો. આ સમાધિ લીધાનાં દશ વર્ષ થયાં છે ત્યારે તેમના સ્મરણાર્થે ભજન, જ્યોતપાટમાં પધારવાનું વાયક લઈને આવ્યો છું. બળદેવબાપુ તેમની સાથેના સેવકને બોલાવે છે. મારી પાસેથી કાર્યક્રમની તારીખ ને સમય જાણે છે ને ડાયરીમાં સેવકને જોવાનું કહે છે. અન્ય જગ્યાએથી વાયક તે તારીખનું લીધેલું ન હતું ને મારું વાયક તેઓએ સ્વીકાર્યું. ડાયરીમાં તેની નોંધ કરી.

સંતો 'વાયક' સ્વીકાર્યા પછી, નિમંત્રણ સ્વીકાર્યા પછી ગમે તેવી વિકટ સ્થિતિ આવે તો પણ ગયા સિવાય રહેતા નથી. મારું તો નાનકડું સીલોદર ગામ, દિવસમાં બે વખત સરકારી બસ કાચા રસ્તાએથી આવે. અન્ય કોઈ સુવિધા નહીં, છતાં બળદેવબાપુએ પધારવા 'હા' ભણી તે મારા માટે તો શબરીને ઘેર રામ પધાર્યા જેવી મોટી વાત હતી. ગામલોકો ને આવેલા મહેમાનોનો ઉત્સાહ ક્યાંય માય નહીં. હું જાણતો હતો કે સંતોના સામૈયા માટે બે ઘોડાની બગી જોઈએ અથવા ખુલ્લી કાર જોઈએ જે મારા માટે શક્ય ન હતું. ગામમાં એક છકડોરિક્ષા તેને શણગારી તેમાં ગાદલાથી બેસવાની ગાદી બનાવી ને સંકોચ સાથે બળદેવબાપુને તેમાં બેસવા વિનંતી કરી. મારા સંકોચને તેઓ પારખી ગયા ને બોલ્યા : 'વાહ નાથાભાઈ ! નાનકડા ગામમાં તમે તો મારું ભવ્ય સ્વાગત ગોઠવી આપ્યું.' ઢોલ, શહનાઈ વાગી, ઝાંઝપખાઝ વાગ્યાં, દીકરીઓ સામૈયા લઈને આગળ ચાલી. પુરુષો કીર્તન ગાતાંગાતાં ને સ્ત્રીઓ સામૈયાનાં ગીતો ગાતી ચાલી. ગુલાલની છોળો ઊછળી.

'શેરી વળાવી સજ્જ કરી, હરિ આવો ને...'

સંત બળદેવબાપુ અયાચક વ્રતધારી હતા. ક્યારેય કોઈ પાસે કશુ માંગતાનહીં. બીજું નિમંત્રણ વિના કોઈને ગામ કે ઘેર જતા નહીં અને નિમંત્રણ સ્વીકાર્યા પછી જવાનું ટાળતા નહીં. જ્યારે પધરામણી કરે ત્યારે કોઈ અપેક્ષા નહીં. ભાવથી જે આપે તે સ્વીકારી લેતા. દલિત સમાજ તો ગરીબ ને મજૂરી કરી ગુજરાન ચલાવે, તેની નાનકડી રકમ પણ મોટી માની સ્વીકારતા. સીલોદર ગામે મારા પિતાજીના સમાધિ મંદિરને પુષ્પ ધરી શ્રદ્ધાંજલિ આપી. ભોજનપ્રસાદ લીધો, રાત્રીભર હેમંતભાઈ ચૌહાણનાં ભજનો સાંભળ્યાં ને વહેલી સવારે વિદાય લીધી એ પ્રસંગ મારી જિંદગીનું સંભારણું બની ગયેલ છે.

સંતશ્રી બળદેવબાપુએ ઝાંઝરકા જગ્યાનું મહંતપદ સંભાળીને જગ્યાના વિકાસ માટે ખૂબ પરિશ્રમ કર્યો. પ્રથમ તો જગ્યાની ખેતીની જમીનની સુધારણા કરી, જાતે ટ્રેક્ટર ચલાવ્યું. જગ્યા માટેનું વાર્ષિક અનાજ ખેતીમાંથી મળી રહે તેવું આયોજન કર્યું. ગૌશાળામાં સુધારો કરી ગાયોના ઘાસચારાની, પાણીની સુવિધા કરી આપી. સંતશ્રી સવૈયાનાથની જગ્યાને સ્વાવલંબી બનાવવા માટે બળદેવબાપુએ ઘણી મહેનત કરી.

આ જગ્યાનું સૌથી મોટું કાર્ય કુદરતી કે કૃત્રિમ આફતોમાં સહાય કરવાનું રહ્યું છે. વિક્રમ સંવત ૨૦૨૮માં ઓછા વરસાદે દુષ્કાળ જાહેર થયો. સંત સવૈયાનાથની જગ્યાએ, બળદેવબાપુએ જગ્યા તરફથી ગરીબોને રાહદ દરે અનાજ આપવાની વ્યવસ્થા કરી. મૂંગાં ઢોર ને ગાયો બચાવવા ગામડે ગામડે કહેણ મોકલ્યું કે તમારાં ઢોર જગ્યામાં પહોંચાડી જાઓ. આવી સાતસો ગાયોને માટે જગ્યામાં પાણી ને ઘાસચારાની વ્યવસ્થા કરી આપી. ચોમાસું આવ્યા પછી જેમનાં ઢોર હતા તેમને લઈ જવાની છૂટ આપી.

સવંત ૨૦૩૫ શ્રાવણ માસ તારીખ ૧૧-૮-૧૯૭૯ના દિવસે અતિવૃષ્ટિ થઈ. મોરબીનો મચ્છુ ડેમ-બે તૂટી ગયો. પંદર-વીસ ફૂટની ઊંચાઈનો પાણીનો ધોધ મોરબી શહેર ને આસપાસનાં ગામોમાં ફરી વળ્યો. પશુ-પંખી-માનવમૃત્યુની ગણતરી ન રહી. આ હોનારતમાં પૂરપીડીતોને સહાય કરવા પૂ. બળદેવબાપુ જાતે ઘઉં, ચોખા, તેલ ને ખાદ્યસામગ્રી લઈને પહોંચી ગયા. પહેરવા કપડાં, ગોદડાં ને પ્રાથમિક સારવારની દવાઓ સાથે પચીસ કાર્યકરોને લઈ ગયા. મોરબીમાં રવાપર રોડ, ગણેશ ભુવનમાં અન્નક્ષેત્ર ચલાવ્યું. એટલું જ નહીં પણ આસપાસનાં ગામડાંઓમાં પગપાળા ચાલીને સહાય પહોંચાડી.

સંવત ૨૦૩૯માં તારીખ ૨-૭-૧૯૮૩માં જૂનાગઢ પાસેના શાપુર ને વંથલી ગામે અતિવૃષ્ટિથી નદીઓનાં પૂર એકબીજામાં ભળીને ત્રણ નદીનો પ્રવાહ એક થયો ને આ બન્ને ગામોમાં પાણી ફરી વળ્યાં ત્યારે બળદેવબાપુ ૫૦૦ મણ ઘઉં અને અન્ય ખાદ્યસામગ્રી, જીવન જરૂરિયાતની વસ્તુઓ લઈ સેવા કરવા પહોંચી ગયા હતા.

માનવસહજ ભૂલને કારણે પણ કેટલીક આફતો આવતી હોય છે. રેલવેના ફાટકમાંથી લીંબડી ગામની જાન વાહનમાં જતી હતી તેનો અકસ્માત થયો હતો. પોરબંદર પાસેના મહિરા ગામની દલિત સમાજની જાનનો અકસ્માત થયો. આવા અકસ્માતોમાં મૃતકોના પરિવારને, અકસ્માતમાં ઘવાયેલાને આશ્વાસન આપવા ને આર્થિક સહાય આપવા પૂ. બળદેવબાપુ પહોંચી ગયા હતા.

સંતો કુદરતી આફતો સામે તો બાથ ભીડે પણ જ્યારે આભડછેટના નામે અછૂત સમાજ ઉપર અત્યાચાર ગુજારવામાં આવે તેનું ભારે દુઃખ થાય છે. ૨૫ જાન્યુઆરી, ઈ.સ. ૧૯૮૬ના દિવસે ખંભાત તાલુકાના ગોલાણા ગામે નિર્દોષ પાંચ વણકર યુવાનોની નિર્મમ હત્યા કરવામાં આવી. મેઘવાળવાસને આગ લગાડવામાં આવી. તેમનો ગામલોકોએ બહિષ્કાર કર્યો. ગામ છોડી હિજરત કર્યા સિવાય છૂટકો ન હતો. એવા નિરાધાર હિજરતીઓને બળદેવબાપુ મદદ કરવા ગયા હતા. બીજો બનાવ બનાસકાંઠાના સાબરડા ગામે બન્યો હતો. મેઘવાળ લોકોને પકડી રાખવાની ઘટના બની. આ લોકો હિજરત કરી પાલનપુર કલેક્ટર કચેરીએ ગયા, પંદર દિવસના ઉપવાસ થયા પણ તૂતીનો અવાજ કોણ સાંભળે ? બળદેવબાપુ ત્યાં ગયા, હિજરતીઓની મુલાકાત લીધી, કલેક્ટર સાહેબને સત્ય ઘટના સમજાવી ને આ લોકોની સલામતી રહે, સહાય મળે તે માટે મહેનત કરી. બોરસદ તાલુકાના વાસણા ગામના રૂખી (ઋષિ) સમાજને હિન્દુ સવર્ણો તરફથી અન્યાય થયો ત્યારે તેમને સહાય કરવા પૂ. બાપુ ગયા હતા.

આવી સેવાકીય પ્રવૃત્તિઓ સાથે દલિત સમાજની જાગૃતિ માટે, એકતા માટે, શિક્ષણ ને સંસ્કાર સ્થાપવા માટે, સામાજિક કુરિવાજો ને વ્યસનમુક્તિ માટે ડો. ભીમરાવ આંબેડકર સાહેબનું આંદોલન સ્વીકારી તે માટેની અનેકવિધ પ્રવૃત્તિઓ ચલાવી. ઈ.સ. ૧૯૯૦-૯૧ના વર્ષને ભારત સરકારે ડો. ભીમરાવ આંબેડકર શતાબ્દી વર્ષ તરીકે ઊજવવાની જાહેરાત કરી. તે સમયે ૧૪ એપ્રિલ, ૧૯૯૦ના દિવસે પૂ. બળદેવબાપુએ ઝાંઝરકા

સવગુણદાદાના મંદિરે 'ગુજરાત દલિત એકતા મહાસંમેલન' બોલાવ્યું. મહારાષ્ટ્રમાંથી કેટલાક દલિત આગેવાનોને બોલાવ્યા હતા. તે સમયે શિક્ષણમંત્રી ડો. કરસનદાસ સોનેરી ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાતના દલિત ડોક્ટરો, એન્જિનિયરો, ન્યાયાધીશો, પ્રોફેસરો, અધિકારીઓ, વકીલ અને દલિત સમાજના અગ્રણીઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી દલિત સમાજને શિક્ષિત, સંગઠિત થવાની હાકલ કરી હતી.

દલિત સમાજ અંધશ્રદ્ધા, અજ્ઞાનતા, કુરિવાજોથી પીડાતો રહ્યો છે. તેમાં સુધારો લાવવા સંતો અને સંતધારી જગ્યાઓનો મોટો ફાળો રહ્યો છે. દલિત સમાજમાં કન્યાવિક્રય ન થાય તે માટે પરગણા પ્રમાણે બંધારણ ઘડવામાં સહાયક થવું. સમાજમાં થતા સામાજિક ઝઘડાઓ કોર્ટમાં ન જાય ને સમાજનું સમાધન પંચ નિવેડો લાવે ને તેને સમાજ સ્વીકારે તેવી વ્યવસ્થા સ્થાપવી. ગામડે ગામડે પ્રાથમિક શિક્ષણ મળી રહે, વાલીઓ શિક્ષણ માટે જાગૃત થાય તેવી પ્રવૃત્તિઓ ચલાવવા પૂ. બાપુ સહાયક થતા. સવગુણદાદાની જગ્યા તરફથી ૧ થી ૭ ધોરણનાં તમામ બાળકોને મફત પુસ્તકો ને નોટ મળી રહે તે માટે 'સવગુણ બુક બેંક' સ્થાપવામાં આવી છે. સમાજની જે છાત્રાલયો ચાલે છે તેમાં સુવિધા મળી રહે તે માટે આર્થિક સહાય આપવામાં આવે છે.

માનવસેવા, સમાજસેવા, શિક્ષણ સાથે બળદેવબાપુએ સંતશ્રી સવૈયાનાથની જગ્યાનો વિકાસ કર્યો છે. આવનારા અતિથિઓને રહેવા, જમવાની સુવિધા મળી રહે તે માટે જરૂરી બાંધકામમાં સુધારા-વધારા કર્યા છે. ગૌશાળાની સગવડતા વધારી અને સંત સવૈયાનાથનું શિખરબંધી મંદિર બંધાવ્યું, જેનું ખાત મુહૂર્ત તારીખ ૯-૩-૧૯૮૧ના દિવસે પૂ. બળદેવબાપુના જ્યેષ્ઠ પુત્ર શંભુપ્રસાદના વરદહસ્તે કરવામાં આવ્યું હતું. શ્રી શંભુપ્રસાદનાથજી આજે ગુરુગાદીના મહંત છે, રાજ્યસભાના સાંસદ રહી ચૂક્યા છે. તારીખ ૧-૧૨- ૧૯૮૨ના દિવસે મંદિરનું કામ પૂર્ણ થયું ને તેમાં મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠાનો મહોત્સવ ઊજવવામાં આવ્યો હતો.

પૂજ્ય મોરારીબાપુના વરદહસ્તે મારૂતિનંદનની મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા, જગન્નાથ મંદિરના પૂ. રામહર્ષદાસજીના હસ્તે ગણેશજીની મૂર્તિની પ્રતિષ્ઠા, ગીતામંદિરના પૂ. મહામંડલેશ્વર મંગળાનંદજીના હસ્તે રાધા-કૃષ્ણ મૂર્તિ પ્રતિષ્ઠાન, સરખેજના પૂ. વિશ્વભર ભારતીજીના હસ્તે કળશ વિધિ, હાથીજણ અમરધામના પૂ. લાલબાપુના હસ્તે ધ્વજ દંડ વિધિ, પૂ. રોટીરામબાપુના હસ્તે ચરણપાદુકા વિધિ કરવામાં આવી હતી. આ શુભ અવસરે ગુજરાતની મોટાભાગની જગ્યાના સંત, મહંત, સાધુ સહિત સેવકસમાજ ઉપસ્થિત રહ્યો હતો.

આવા સંતશ્રી બળદેવબાપુ વૈશાખ સુદ પૂનમ ને ગુરુવારે તારીખ ૦૫ મે, ૨૦૦૦ના દિવસે સમાધિ લઈ સ્થૂળદેહ છોડી ગયા. આજે ઝાંઝરકા સંતશ્રી સવૈયાનાથની જગ્યાના મહંત તરીકે પૂ. શંભુપ્રસાદ મહારાજ બિરાજમાન છે.

સંદર્ભ સૂચિ

- ગોહિલ, ડો. નાથાભાઈ (૨૦૧૭), ગુજરાતની આંતરચેતના ભાગ-૨, અમદાવાદઃ નવભારત સાહિત્ય મંદિર

સંત બાળકસાહેબ

જન્મ	: વિક્રમ સંવત ૧૮૫૭ ઇ.સ. ૧૮૦૧
જન્મસ્થળ	: મારવાડ, રાજસ્થાનમાં
મૂળનામ	: ટોકર
જન્મજ્ઞાતિ	: મેઘવાળ વણકર અનુસૂચિત જાતિ
માતા-પિતા	: પિતા : મૂલદાસ, માતા :માલૂમા
પરિવાર	: પત્ની હીરબાઇ, પુત્ર અરજણદાસ
ગુરુનું નામ	: નથુરામસાહેબ
દેહત્યાગ	: વિક્રમ સંવત ૧૯૬૨ પોષ વદ અગિયાર ઇ.સ. ૧૯૦૬

બાળકસાહેબના જીવન વિશે ’રાજયોગવાણી’અને ’યોગવાણી’માં જણાવ્યું છે કે : ’બાળકસાહેબ મૂળ મરવાડના પઢિયાર અટકના હતા અને તેમના ગુરુ નથુરામ હતા. તેમના શિષ્યોમાં પીઠો ભગત, માણંદ ભગત અને માવજી ભગત મુખ્ય હતા. બાળકસાહેબે વિક્રમ સંવત ૧૯૬૨ પોષ વદ અગિયારસને દિવસે રાજકોટમાં પોલિટિકલ એજન્ટ ટુ ધી ગવર્નર જનરલની હાજરીમાં સમાધિ લીધી.

બાળકસાહેબની જગ્યાઓ રાજકોટમાં કરણપરા શેરી નં. ૩, રામવાડી તથા નવા થોરાળા અને જૂનાગઢમાં ભવનાથમાં છે અને ત્યાંની રૂબરૂ મુલાકાત દ્વારા જાણવા મળ્યું કે બાળકસાહેબનું મૂલ વતન મારવાડ હતું. જાતે મેઘવાળ હતા અને વણાટનું કામ, કરતાં હતા. મારવાડમાંથી આર્થિક મુશ્કેલીને કારણે અને મારવાડમાં દુષ્કાળ પડવાથી ફરતા-ફરતા બોટાદ નજીક અડાઉ ગામે વસવાટ કરે છે. બાળકસાહેબનો જન્મ વિક્રમ સંવત ૧૮૫૭માં થાય છે. પિતાનું નામ મૂળદાસ હતું. માતાનું નામ માલુમા હતું. આ મત ’રાજયોગવાણી’ અને ’યોગવાણી’ સાથે એકતા ધરાવે છે.

બાળકસાહેબ નાનપણથી સાધુ સંતો તરફ આકર્ષણ ધરાવતા હતા અને નાથ સંપ્રદાયના એક સાધુનો ભેટો થતાં જૂનાગઢ ગિરનારમાં યોગસાધનામાં બેસે છે. તે સમયે દુષ્કાળ પડે છે અને જૂનાગઢના તે વખતના નવાબ રસૂલખાન વેલાવડને ખૂણે કૂવો બનાવવાનું વિચારે છે. બાળકસાહેબને વિનંતી કરી ભવનાથ મૃગીકુંડની બાજુમાં એક હજાર ગજ જમીન આપી, ત્યાં જગ્યા સ્થાપી સાધના કરવાનું જણાવે છે. આજે ત્યાં આ જગ્યા મોજૂદ છે. આ જગ્યાના સંચાલક વાલદાસબાપુ છે. વયોવૃધ્ધ માંડણ ભગત, છાયા (પોરબંદર) પાસેથી જાણવા મળે છે: ’ ગિરનારમાં યોગસાધના વખતે એક અઘોરી સાધુનો સત્સંગ થાય છે. આ અઘોરી પાસેથી તેની વિદ્યા શીખે છે. આ બંને સાધુ ફરતા ફરતા ધોરાજી આવે છે. ત્યાં વણકરવાસમાં વેજ ભગતને ઘેર ઉતારો રાખે છે. રાત્રે ઉર્સનો તહેવાર હતો. તેના તાજિયા નીકળે છે. તેમાં વીસ વર્ષનો યુવાન મુસલમાન છોકરો મૃત્યુ પામ્યો. તેના નિયમ પ્રમાણે તેને કબરમાં દાટે છે. બાળકસાહેબ સાથે રહેલા આ અઘોરી સાધુને એ યુવાનનું ખોળિયું ગમી જાય છે. રાત્રે બાળકસાહેબને લઈ કબ્રસ્તાનમાં જાય છે. ત્યાં કબર ખોદાવી પેલા મૃતદેહને બહાર કઢાવે છે અને એ વયોવૃધ્ધ અઘોરી સાધુ ’કાયાકલ્પ’કરે છે અને પછી જુનાગઢ ભવનાથના મેળામાં મળવાનું જણાવે છે. આ સાધુ બાળકસાહબને મેળામાં અનેક સાધુ સાથે સત્સંગ કરાવે છે અને તેની કૃપાથી બાળકસાહેબને ગુરુ દત્તાત્રેયનાં દર્શન થાય છે.

બાળકસાહેબ નાથપંથી સાધુ તરીકે સેવકોમાં જુદેજુદે ગામ જતા હતા. જુનાગઢ કડીયાવાસમાં મેઘવાળબાઈ સોનામેતરાણીને ત્યાં ઘણી વખત ઉતારો રાખતા હતાં. આ વિશે સમાજમાં નિંદા શરૂ થાય છે. એક વખત બાળકસાહેબ સાથે તેમના વિરોધીઓએ સ્વરૂપવાન સ્ત્રીને સુવડાવી દીધી. બાળકસાહેબ જાગી જાય છે. તે સ્ત્રીને પગ લાગી 'માં'નું સંબોધન કરી, લંગોટ કાઢીને ચાલી નીકળે છે. લોકોને પોતાની ભૂલ સમજાય છે. પરંતુ તે પછી બાળકસાહેબ નાથસંપ્રદાય છોડીને 'દાસી' પદવી સ્વીકારે છે. હિરબાઈ નામની સ્ત્રી સાથે લગ્નગ્રંથિથી જોડાય છે. તેને ત્યાં અરજણદાસ નામનો પુત્ર થાય છે. આ એક સંતાન પછી હિરબાઈમા સાથેનો સાંસારિક વ્યવહાર પૂરો કરી, ફરતરામ બનીનજાય છે. તેમાં ગુરુ નથુરામનો ભેટો થાય છે. સત્સંગ દ્વારા બાળકસાહેબનું અજ્ઞાન-અંધારું ટળી જાય છે. બાળકસાહેબ સાહેબ-સંપ્રદાયના અનુયાયી બને છે અને આત્મવાણી જાગે છે.
બાળકસાહેબના જીવનમાં કેટલાક ચમત્કાર પ્રસંગો સાંભળવા મળ્યા છે.

કામરોલ નજીક માલપરા ગામે બાળકસાહેબનો સત્સંગી મેઘો ચારણ રહેતો હતો ત્યાં બાળકસાહેબ જાય છે. મેઘાની સ્ત્રી સ્વરૂપવાન હતી. એટલે લોકોએ તેનો અર્થ ખોટો કરીને મેઘાના કાન ભંભેર્યા. બાળકસાહેબની પરીક્ષા લેવા માટે પૂછે છે કે જો તમે પવિત્ર સાધુ અને પ્રભુના સાચા ભક્ત હો તો જણાવો કે આંગણે બાંધેલ સગર્ભા ઘોડીને વછેરો જન્મશે કે વછેરી !ત્યારે બાળકસાહેબ સમજાવે છે કે:

'આભ, ગર્ભ, વર્ષાકાળ, સ્ત્રીચરીત્ર અને રોતા બાળકને પારખવું અશક્ય છે. છતાં સાધુની પવિત્રતા ઉપર પડકાર છે તો જણાવું કે તારી ઘોડીના પેટમાં સાતમે માસે વછેરો છે. ચાર પગ ધોળા ને કપાળમાં સફેદ પટ્ટો છે.' આ સાંભળી મેઘા ચારણને થયું કે ઘોડી અઢાર માસે થાય આપે ત્યાં સુધી કોણ રાહ જુએ, એટલે ઘોડીનું પેટ ચીરી નાખે છે ત્યાં નિશાની પ્રમાણે વછેરો દેખાય છે. ચારણ અને લોકો બાળકસાહેબનાં ચરણમાં પડી માફી માંગે છે. પરંતુ બાળકસાહેબ માલપરા ગામનું પાણી હરામ કરી ચાલી નીકળે છે.

રાજકોટમાં થોરાળામાં એક કણબી પટેલ બાળકસાહેબના સત્સંગી હતા. પટેલની ઈચ્છા હતી કે બાળકસાહેબ દેહવિલય થોરાળામાં કરે ત્યારે બાળકસાહેબે જણાવ્યું કે મેં માવજી મોચીને ત્યાં દેહવિલયનું વચન આપ્યું છે, માટે ત્યાં જવું પડશે પરંતુ તું અહીં ઓટલો બનાવી રાખ. જ્યારે હું સમાધિ લઇશ ત્યારે ઓટામાં તિરાડ પડી જશે, ત્યારે તારે સમજવું કે હું અહીં છું અને તે પ્રમાણે બાળકસાહેબની સમાધિ વખતે ઓટામાં તિરાડ પડે છે. આ ઓટલો આજે તળાવની વચ્ચે આવી ગયો છે.

રાજકોટ મહાત્મા ગાંધી મેઘવાળવાસમાં બાળકસાહેબના સેવક માણસુર ભગત રહેતા હતા. બાળકસાહેબે સમાધિ લીધી તે જ દિવસે માણસુર ભગતનો દીકરો માયો મરણ પામે છે. એટલે માણસુર ભગત બાળકસાહબની સમાધિના સમયે પહોંચી શકતા નથી. પુત્રના મૃતદેહને ખાટલા નીચે રાખી ગુરુની સમાધિમાં થોરાળા આવે છે. ત્યાં રસ્તામાં બાળકસાહેબ મળે છે. માણસુર ભગતને નવાઈ લાગે છે. ગુરુને પૂછે છે : 'આપ સમાધિમાં બેસવાના હતા ને ?' ત્યારે બાળકસાહેબે જણાવ્યું : 'એ તો અફવા છે. ચાલ, તારે ઘેર જઈએ.' ઘેર જઈને બાળકસાહેબ માયાને બોલાવે છે. માણસુર ભગત રડતાં રડતાં માયો મરણ પામ્યાની વાત જણાવે છે. બાળકસાહેબ માયાને જમણે અંગુઠે હાથ દઈને જગાડે છે અને કહે છે : 'ભાઈ જાગ, આટલું સુવાય ?'અને માયો ઊભો થાય છે. બાળકસાહેબ પછી ચાલી નીકળે છે. થોડા સમય પછી બાળકસાહેબની સમાધિમાં ગયેલો સંત સમાજ પાછો આવે છે. માણસુર ભગતને સમાધિની વાત કરે છે ત્યારે આ ભગત ગુરુની કૃપામાં ડોલે છે.

બાળકસાહેબે ૧૦૫ વર્ષનું લાંબુ આયુષ્ય ભોગવીને વિક્રમ સંવત ૧૯૬૨ માં પોષ વદ અગિયારસ ને શનિવારે થોરાળા (રાજકોટ)માં જીવતાં સમાધિ લીધી હતી.

બાળકસાહેબની સાત જગ્યાઓ છે :

૧. રાજકોટ – બાળકસાહેબની જગ્યા, કરણપરા શેરી નં.

૨. રામવાડી.(ભરવાડ જ્ઞાતિ પાસે છે.)

૩. રાજકોટ – બાળકસાહેબની જગ્યા, નવા થોરાળા.

૪. રાજકોટ – બાળકસાહેબની જગ્યા, ચૂનારાવાડ પાસે, રામઘાટ સામે.

૫. સમી – જિ. મહેસાણા બાળકસાહેબની જગ્યા.

૬. રાધનપુર – જિ. મહેસાણા બાળકસાહેબની જગ્યા.

૭. વારાહી – જિ. બનાસકાંઠા બાળકસાહેબની જગ્યા.

૮. જુનાગઢ – ભવનાથ પાસે, બાળકસાહેબની જગ્યા.

રૂબરૂ મુલાકાત લેતાં (તા. ૮-૫-૨૦૧૨) આજે ત્યાં લક્ષ્મી મા અને તેમના પરિવારના ગુલાબદાસ બાપુ જગ્યા ચલાવી રહ્યાં છે.

બાળકસાહેબનાં પદોમાં અન્ય ભક્તકવિઓની જેમ નિરાકાર પ્રભુની પ્રાપ્તિ માટેનો માર્ગ દર્શાવે છે. પરિબ્રહ્મના ઘર સુધી પહોંચવા મથીમથીને કોઈક નર સફળ થાય છે. ભક્તિના આ દુર્ગમ માર્ગે ચાલવું શૂરવીરનું કામ છે. ધ્રુવ, પ્રહલાદ, મીરાં, તોરલ, રૂપાંદે જેવા જતી-સતી પહોંચી શક્યાં છે. આ માર્ગે જવા માટે એકાગ્ર ચિત્તની ભક્તિ જરૂરી છે. હરિનામના સ્મરણથી ગણિકા શીલ સતી બની જાય છે. આ માર્ગ તો ઝીણી માળામાં ઝીણાં મોતી પરોવવાનાં છે. પ્રેમની દોરીમાં આ મોતી પરોવવાનું છે. અહીં કવિ પ્રેમલક્ષણા ભક્તિનો નિર્દેશ કરે છે. મોતી એ બ્રહ્મરહસ્યનું પ્રતીક બની જાય છે. બાળકસાહેબમાં દાસીભક્તિ છે.

સંદર્ભ સૂચિ

- ગોહિલ, ડો. નાથાભાઈ (૨૦૧૭), ગુજરાતની આંતરચેતના ભાગ-૨, અમદાવાદઃ નવભારત સાહિત્ય મંદિર

ભગા ભગત અથવા ભગા ભગવાન

ગામ : સૌરાષ્ટ્રનું ભોજપરા

પિતા : જીવાભાઈ ભગત

માતા : રતનબાઈ

શાખે : મકવાણા-મેઘવાળ

પત્ની : ડાહીબાઈ

બાળપણથી 'ભગા'ને ભગવાનની ભક્તિનો રંગ લાગ્યો હતો. જ્યાં યુવાની આવીને ગંગાજીને આરે દોટ મૂકેલી. બાર વર્ષ સુધી તપ કર્યું. ગંગા મૈયા પણ ઉછળી-ઉછળીને ભગાના ચરણ ધોવા લાગેલા.
આવા ભક્તિવાન ભગાના ગુરૂનું નામ કેસરડીના જોધલપીરના પ્રતાપી પુત્ર હિરસાહેબ.

એક વેળાએ ભગા ભગતે ગુરૂશ્રી હિરસાહેબને તેડાવી સવરા-મંડપની ઈચ્છા દર્શાવી. તે સમયે ત્રિકાળજ્ઞાની હિર સાહેબે ના પાડી તોયે ભગાએ સવરા મંડપનું આયોજન કરી દીધું.
ગામના ગોંદરે સંતો પધાર્યા હતા તેમને સન્માન સાથે સામૈયું કરીને મંડપમાં લાવવાના હતા ને ભગાને એકના એક દિકરો મરણ પામ્યો.

મરેલા દિકરાને સંતાડી ભગા ભગત અને તેમની પત્ની સંતોને લેવા જાય છે ત્યાં સંતોને તિલક કરતા ભગાની પત્ની ડાહીબાઈનું માતૃહૃદય પીગળી જાય છે અને તેમની આંખોમાંથી ચોધાર આંસુ વહે છે.
આ શુભ અવસરે ભગા ભગતનો લાડલો દિકરો મરણ પામ્યો છે એ વાતની સંતોને જાણ થાય છે. આથી સંતો મડદા પર પ્રસંગ કરી પ્રસાદ લેવાની ના પાડે છે. તે સમયે હિરસાહેબનું ગુરૂ હૃદયમાં દયાનો સાગર ઉમટે છે અને કહે છે, ભગા દિકરા!, બહેન ડાહી!, શોક ના કરો. તમારે બે માણસને એક દિકરો થયા પછી સાંસારિક સંબંધ નથી. એ વાત હું જાણું છું. પણ મારૂ વચન છે કે એક વર્ષ પછી મૃત્યુ પામેલો તમારો આ પુત્ર તમારા ઘરે ફરી જન્મ ધારણ કરશે અને હું નિશાની આપું છું કે ડાહીબેનની આંખોમાં આંસુ આવ્યાને આંખો રડીને લાલ થઈ એટલે તમારા પરિવારમાં આંખની પાંપણો લાલ રહેશે.

હિરસાહેબના વચન મુજબ એક વર્ષ બાદ ભગાભગતને ત્યાં પહેલાં જેવો જ પુત્ર જન્મ્યો. તેની આંખોની પાંપણો લાલ હતી. આગળ જતાં હિરસાહેબના હિર સમા ભગા ભગત મહાન સિદ્ધસંત બન્યા અને ભગા ભગવાનના નામે પ્રસિદ્ધ થયા.

સંદર્ભ સૂચિ

- જોગી જીવણનાથજી, ગુરુ સદા આનંદીનાથજી, મેઘમહાત્મય
- રાઠોડ, નરેશભાઈ ખેમાભાઈ અને દામોદરનાથજી ગુરૂ મંગલનાથજી (સંપા) (૨૦૧૫), દિલ દરિયાના મોતી, મહેસાણા: સ્વ. મોહનલાલ જેઠાલાલ મકવાણા ભગત પરિવાર

સંત ભવાનીદાસ

જન્મ : વિક્રમ સંવત ૧૩૩૫, ચૈત્ર સુદ અગિયાર, ઈ.સ. ૧૨૭૯

જન્મસ્થળ : બીજો મત – વિ. સંવત ૧૪૨૪ – ઈ.સ. ૧૩૬૮. ધોળકા (પ્રાચીન વિરાટનગર) જિ. અમદાવાદ

મૂળ નામ : ભવાન

જન્મજ્ઞાતિ : વણકર અનુસૂચિત જાતિ

માતા-પિતા : માતા લક્ષ્મીબહેન, પિતા નારાયણભાઈ

ગુરુનું નામ : જોઘલપીર

દેહત્યાગ-સમાધિ : અંદાજિત પંદરમી સદીનો આરંભકાળ

'સત્ બોલો સુજાણ સૂડલા, સત્ બોલો સુજાણજી;
તને ગોરા પીરની આણ, સૂડલા સત્ બોલો સુજાણ.'

પ્રાચીન નગરી વિરાટનગર જે હાલનું ધોળકાનગરમાં ભાવિક ભક્ત પરિવાર નારાયણભાઈ ને લક્ષ્મીબાઈ રહે. વણકરનો ધંધો કરી ગુજરાન ચલાવે. સાધુસંતોની સેવા ભજનભાવમાં આ દંપતી જીવન જીવી રહ્યાં હતાં. આવી ભક્તિ કે સતની પરીક્ષા આપવી પડે છે. તેનું પ્રથમ પ્રમાણ વનપ્રવેશ થયો ત્યારે તેમના ઘેર દીકરાનો જન્મ થયો.

વિક્રમ સંવત ૧૩૩૫, ચૈત્ર સુદ અગિયારસને દિવસે દીકરાનો જન્મ તો થયો પણ તે આંખો ખોલે જ નહીં, પાંચ વર્ષનો થયો તે પછી આંખો ખોલી પરંતુ તે બોલી શકતો ન હતો. મૂંગો ઇશારાથી તે પોતાની વાત કરતો. દીકરાનું નામ ભવાન પણ સૌ કોઈ તેને મૂંગો કહેતા. મૂંગો ભવાન પંદર વર્ષનો થયો, સમજણ બધી પણ બોલી શકે નહીં. માતા-પિતા તો પ્રભુપ્રાર્થના કરે ને બોલે જેવી હરિની મરજી. તેવામાં ધોળકા ગામે મેઘવાળ વણકરવાસમાં જોઘલપીર બાપાની પધરામણી થઈ. સૌ કોઈ પીરબાપાને પગે લાગવા જાય છે. નારાયણ ને લક્ષ્મીબાઈ મૂંગા ભવાનને લઈ જોઘલપીર બાપાને પગે લાગવા ગયાં. ભવાન મૂંગો છે બાપા ! દયા કરો. અમારા દિકરાને વાણી આપો.

જોઘલપીરે ભવાનનું મુખ ઉઘાડી તેની જીભને સહેજ ખેંચી, દર્ભની સળીથી કાંઈક નિશાની કરી. શક્ય છે કે કોઈ મંત્ર-નામનો સંકેત હોય ને તે પછી બોલ્યા : 'બેટા ! ભવાન, રામહરી બોલ' મૂંગા ભવાને પ્રથમ શબ્દ ઉચ્ચારણ કર્યું : 'રામહરી' જે તેમનો ગુરુમંત્ર બની ગયો.

આજના વિજ્ઞાનયુગમાં આ ઘટના ન સ્વીકારવાનું બને. આવી ઘટનાઓઆગળ નોંધાયેલી છે જેને સૌ કોઈએ શ્રદ્ધાથી સ્વીકારી છે. 'સંતસાગર' ગ્રંથમાં રમણ સોનીએ નોંધ્યું છે કે કુંભકોણમની પાસે શિકાલી ગામે સંત સંબંધરે થઈ ગયા. તેણે ત્રણ વર્ષની ઉંમરે શિવસ્તોત્ર રચ્યું હતું. આદિ શંકરાચાર્યજી નવ વર્ષના થયા ત્યારે 'ગીતા' મુખપાઠ હતી. કવિ કાલિદાસ મંદબુદ્ધિના હતા. તેમની જીભ ઉપર સાક્ષાત્ સરસ્વતીએ પ્રસન્ન થઈ દર્ભની સળીથી કાંઈક લખ્યું ને તે મહાકવિ થયા. સત્ય જે હોય તે પરંતુ આવી ઘટનાઓ બન્યાનું લોકમાનસ સ્વીકારે છે.

અહીં એક બીજી બાબત પણ ચર્ચાસ્પદ બને છે. સંતકવિ ભવાનીદાસનો સમય વિક્રમ સંવત ૧૩૩૫ એટલે કે ઈ.સ. ૧૨૭૯નો દર્શાવ્યો છે. તેમના ગુરુ જોધલપીરનો સમય ઈ.સ. ૧૨૬૦નો છે. આ સમયના સંત ભવાનીદાસનાં રચાયેલાં ભજનો છે. જ્યારે ગુજરાતના આદિકવિ નરસિંહ મહેતાનો સમય ઈ.સ. ૧૪૧૪થી ઈ.સ. ૧૪૭૯નો સ્વીકારવામાં આવ્યો છે. આ સમય પહેલા ૨૦૦ વર્ષ પૂર્વે ભવાનીદાસ થઈ ગયા ને તેમની ગુજરાતી ભજનરચનાઓ કેમ સ્વીકારવી ? ગોરક્ષનાથ નવમી સદીમાં થઈ ગયા ને તેમના નામાચરણવાળી ગુજરાતી ભજનરચનાઓ આજે પણ ગવાય છે તેમાં શું થયું હશે ? એક શક્યતા એ દર્શાવી શકાય કે તે સમયે જે ભાષા હતી તેમાં જ આ ભજનરચનઓ રચાણી ને ગવાણી જે કંઠસ્થ પરંપરાએ પરિવર્તન પામતી આજની ગુજરાતી ભાષાનું રૂપ ધારણ કરી ગઈ.

ભક્તકવિ નરસિંહ મહેતાને આદિકવિ તરીકે સ્વીકાર્યા છે. તેમની સમકાલીન કવયિત્રી રત્નીબાઈ થઈ ગયાં જે મેઘવાળ જ્ઞાતિનાં હતાં ને નરસિંહ મહેતા તેમને ત્યાં, મેઘવાળવાસમાં ભજન ગાવા જતા હતા જે પ્રસંગ અનેક સાહિત્યકારોએ નોંધેલો છે ને તે પ્રસંગની ભજનરચના પણ છે ને નરસિંહને નાતબહાર મૂક્યાનું પણ નોંધાયેલું છે. નરસિંહ મહેતાને જ્યારે રાજા માંડલિકે જેલમાં પૂર્યા ને દામોદરરાય હાર પહેરાવવા ન આવ્યા ત્યારે આ મેઘવાળ કવયિત્રીએ ભગવાનને પ્રાર્થના રૂપે પાંચ પદ-ભજન ગાયાં તે પણ મળે છે. આવા આધારો આપી માત્ર એટલું જ વિધાન કર્યું કે ગુજરાતની આદિ કવયિત્રી રતનીબાઈ છે. ત્યાં એક દલિતનારી આદિકવયિત્રી કઈ રીતે હોઈ શકે ? એવો પ્રશ્ન જગાડવામાં આવ્યો. આ માનસને કેમ બદલવું ? શાસ્ત્રવચન તો છે

:'જન્મના જાયતે શુદ્રાઃ સંસ્કારે દ્વિજ ઉચ્ચતે
વેદાભ્યાસે ભવેત્ વિષઃ બ્રમ્ જાનેતિ બ્રાહ્મણાઃ'

છતાં જન્મે જે ઉચ્ચ વર્ણના છે ને જે પોતાની જાતને ઉચ્ચ માને છે તેમને ઉપરના શ્લોકનું અર્થઘટન સ્વીકાર્ય ન બને તે સ્વાભાવિક છે. મારે તો ભવાનીદાસને તેમના ઉપરના સમયને પાછળ લાવી શકાય કે કેમ તેની શોધ કરવાની હતી. પરંતુ ભવાનીદાસનાં બધાં જ ભજનોનું નામાચરણમાં ગુરુ જોધાપ્રતાપે લખ્યું છે એ સત્યને કેમ ઉવેખવું ?

તપાસના ખોખા ખોળાખોળ કરતાં એક નવી શક્યતા જાણવા મળી છે તેમાંજોધલપીરની વંશપરંપરા નીચે પ્રમાણે ચાલે છે : '

પ્રેમજી પરમેશ્વરનો જન્મસમય વિ. સંવત ૧૪૨૮ જોધલપીરની વંશપરંપરાના મહંત રતનદાસ ગુરુ હરિદાસ થઈ ગયા. તેમણે તેમના પૂર્વજોના સમય વિશેની નોંધ હસ્તપ્રતમાંથી તે સમયની લિપિમાં શોધી કાઢી. તેના આધારે ઉપરનો સમય આ પરંપરાનો નિશ્ચિત દર્શાવ્યો છે. તેમના મતે ભવાનીદાસ પ્રેમજી પરમેશ્વરના સમયમાં થયાનું અનુમાન નોંધે છે.

જોધલપીરની પાંચમી પેઢીએ પ્રેમજી પરમેશ્વરા થઈ ગયા. તેમનો સમય સંવત ૧૪૨૮નો છે. તેમણે જોધલપીર પરંપરા નામે ભવાનીદાસને ગુરુબોધઆપ્યો. તેમની ઘટના નીચે પ્રમાણે છે :

શ્રી પ્રેમજી પરમેશ્વરા ભાવિક ભક્તોની વચ્ચે ફરતા ફરતા ધોળકા આવી પહોંચ્યા. ધોળકાનગરની બજારમાંથી પસાર થતા હતા ત્યાં મેઘવાળ સમાજના વણકરભાઈઓ તેમને જોઈ ગયા એટલે પગે લાગવા આવી પહોંચ્યા. વણકરવાસમાંથી અનેક નર-નારીઓનાં જૂથો આવવા લાગ્યાં ને નિમંત્રણ આપ્યું 'બાપા ! આપણા

ફળીયામાં પધારો ને ભોજનપ્રસાદ લ્યો.' ભાવભર્યું નિમંત્રણ તો સ્વીકાર્યું પણ એક શરત મૂકી કે 'હું તેમને ત્યાં જ પ્રસાદ-ભોજન લઈશ કે જે સત્ બોલે, જૂઠું બોલે નહીં.' એક સેવકે એ શરત પાળવાનું વચન આપ્યું ને તેમને ઘેર ગયા, ભોજન તૈયાર થઈ રહ્યું હતું ને રોજની ટેવ પ્રમાણે પેલા સેવકથી જૂઠું બોલાઈ ગયું. વચન પ્રમાણે ગુરુ ત્યાંથી ભોજન લીધા વિના નીકળી ગયા. બીજા સેવકે નિમંત્રણ આપ્યું ને ત્યાં પણ તેમણે અસતનું ઉચ્ચારણ કર્યું એટલે આ સાધુ ફળીયું છોડીને નીકળતા હતા ત્યાં વણકર ભવાનનું ઘર આવ્યું.

ભવાન તે સમયે કાપડ વણવા માટેનો તાણો તૈયાર કરતો હતો. વાંસની પાતળી પાંચેક હાથ લાંબી લાકડીમાં ઠુક નાખી તેમાંથી સુતરનો તાર પસાર કરી, હાથમાં ફાળકો ફેરવતાં ફેરવતાં સુતરના તારનો તાણો બનાવતો હતો. તેણે પ્રેમજી પરમેશ્વરાને જોયા. પગમાં પડી વિનંતી કરી ને કહ્યું, પ્રભુ ! આજ સુધીમાં મેં જાણી જોઈને અસત્ય બોલવાનું જાણમાં નથી. અમે માયાના જીવ આવી તો ભૂલ કરી બેસવાના. આપ અહીં અમારે આંગણે હશો ત્યાં સુધી આંશિક અસત્ય પણ નહીં ઉચ્ચારું. આપ અમારે ઘેર પધરામણી કરી ભોજન જમો એ જ અમારી પ્રાર્થના છે. ભવાનનો ભાવ જોઈ પ્રેમજી પરમેશ્વરાએ પધરામણી કરવાની હા પાડી.

સંત, પીર, પરમહંસ જ્યારે પધારે છે ત્યારે તેમનાં સામૈયા કરવામાં આવે છે. કેડે દોકડ-તબલાં બાંધીને વગાડતા, ઝાલર, ઢોલ, શહનાઈ વગાડતા, સ્ત્રીઓ ગીત ગાતી, પુરુષો કીર્તન બોલતા, લોકો આવનાર સંતની જય બોલાવતા, કુંવારી કન્યાઓ માથે મોતીની ઈંઢોણી, કળશો ને ઉપર નાળિયેર મૂકીને આ વૃંદ આવે છે. સંત ચાલીને આવતા હોય ત્યારે રસ્તા ઉપર કપડું પથરાતું જાય, માથે ફૂલ વેરાતાં જાય ને સંત પધારે છે. આ સમયે પીર પ્રેમજી પરમેશ્વરા ભવાનભાઈને કહે છે

'ભવાન કેડે દોકડ બાંધી ને વગાડો' ભવાનભાઈ બોલ્યા 'બાપા, અમારી સાત પેઢીએય કોઈને દોકડ વગાડ્યાનું જાણમાં નથી, મેં ક્યારેય થાપી પણ મારી નથી, મારાથી તાલમાં તબલું કેમ વગાડી શકાય ?' પ્રેમજી પરમેશ્વરા બોલ્યા : 'ભવાન, હવે તો તારે તબલુંય વગાડવું પડશે ને સાથે ભજન-કીર્તન પણ તારાં જ ગાવાં પડશે.' સંતનો આ આદેશ હતો જે પાળવો જ પડે.કહેવાય છે કે ભવાને કેડે દોકડ બાંધ્યા ને તાલ, લયમાં કોઈ સારો બજવૈયો હોય તેમ વગાડે છે ને ભીતરથી ભજન ગવાવા લાગ્યાં.

'આજ મારે પ્રેમ પ્રગટ્યા રે, સાધુ રવિ ઉગમ્યા સુર જી;
પ્રેમ તણા ગુણ એવા રે આવે, વખીયાના વખ જાય...'

આવી ઘટના રવિ-ભાણ સંપ્રદાયના મરમી સંતકવિ રવિસાહેબના નામે પણ નોંધાયેલી છે. રવિ – રવજી પૂર્વાશ્રમનો ભજન, જ્યોત-પાટ, સાધુ-સંતોની વાતોને સ્વીકારે નહીં. વિરોધ કરવાના હેતુથી જ ભાણસાહેબ જ્યોતીપાટ ભજન ગાતા હતા ત્યાં આવે છે પરંતુ રવજીએ જ્યોતપ્રકાશ જોયો, ભાણગુરુની આંખમાં આંખ મિલાવી ને ભીતરના દરવાજા ખૂલી ગયા. ભાણસાહેબ બોલ્યા : 'રવિ, રામસાગર ખોળામાં લ્યો ને બાપલા ! ભીતરની ભજનવાણી સંભળાવો' સદ્‌ગુરુની દિવ્ય દૃષ્ટિ ને પાકી ક્ષણે અસાધારણ દર્શન થતું હોય છે. રવજીમાંથી રવિ પ્રગટ્યો ને સમાજને સંતકવિ રવિસાહેબ મળ્યા.

ભવાનીદાસના જીવનની આ ઘટના વિક્રમ સંવત ૧૪૫૫માં બન્યાનું કહેવાય છે. સંતશ્રી પ્રેમજી પરમેશ્વરાની કૃપાએ ભવાનમાં છુપાયેલો સંતકવિ જાગી જાય છે. આ હસ્તપ્રતમાં ભવાનીદાસનો જન્મસમય વિક્રમ સંવત ૧૪૨૪માં દર્શાવવામાં આવ્યો છે. એટલે કે ભવાનીદાસનો જન્મ ઈ.સ. ૧૩૬૮માં થયો હતો. આ

સમયને સ્વીકારવામાં આવે તો પણ નરસિંહ મહેતા ઈ.સ.૧૪૧૪માં જન્મ્યા ને ભવાનીદાસ ઈ.સ.૧૩૬૮માં એટલે કે ૪૬ વર્ષ પહેલાં, જે સમય સ્વીકારવામાં કોઈ બાધ જણાતો નથી. મહંત રતનદાસ ગુરુ હરિદાસને પ્રાપ્ત થયેલી હસ્તપ્રત આજે જોધલપીરની જગ્યામાં નથી. જગ્યાનું આવું સાહિત્ય આડાઅવળું થયાની અનેક ઘટનાઓ છે. કેટલીક વખત જગ્યાધારી જ એ હસ્તપ્રતો આપવા રાજી નથી. એવી હસ્તપ્રતો નાશ પામી છે.

ભવાનીદાસે ૩૬૦ ભજનરચનાઓ રચી હોવાનું અનેક લોકો પાસેથી સાંભળ્યું છે. આ ભજનરચનાઓ લિખિત મળતી નથી. તેનું બચાવનામું એ આપે છે કે મેઘવાળ વણકર સમાજ અભણ કારણ કે તેને ભણવાનો અધિકાર જ ન હતો. શાસ્ત્રગ્રંથ સાંભળવા એ પણ ગુનો બનતો. એટલે તેની હસ્તપ્રતો હોય નહીં. આ સમાજ પાસે જે સાહિત્ય જળવાયું છે તે કંઠસ્થ પરંપરાએ થોડુંઘણું જીવતું રહ્યું છે. આ કંઠસ્થ સંતસાહિત્ય, લોકસાહિત્યને આજે સંશોધકો ગ્રંથસ્થ કરી રહ્યા છે.તેમાં જુદા જુદા ભજનસંગ્રહોમાં ભવાનીદાસની એક કે બે ભજનરચનાઓ મુકાયેલી મળે છે. આકાશવાણીમાં પ્રાચીન ભજનો ગવાયાં તેમાં થોડીક ભજનરચનાઓ મળે છે. જોધલપીરની જગ્યા કેસરડીમાં મહંત રતનદાસ ગુરુ હરિદાસે 'ભગવાન જોધલપીર' નામે ગ્રંથ લખ્યો છે જે આજે અપ્રાપ્ય છે તે જીર્ણશીર્ણ હાલતમાં મળ્યો.

સંદર્ભ સૂચિ

- ગોહિલ, ડો. નાથાભાઈ (૨૦૧૭), ગુજરાતની આંતરચેતના ભાગ-૨, અમદાવાદઃ નવભારત સાહિત્ય મંદિર

ભીમપીર

સંત હરિયાપીરના વંશજ ભીમપીર છે. તેમના પિતાનું નામ ટાભાભાઈ હતું. ભીમપીરને ચાર સંતાન હતા. ૧. કરશન, ૨. દેવીબાઈ, ૩. ખીમીબાઈ અને ૪. સોનીબાઈ

માણવદરના મેઘવાળ ભક્તો ભીમપીરને માણવદાર પધારવા માટે આમંત્રણ આપે છે, આ સમયે ભીમપીર ભાણવડમાં રહેતા હતા. ભીમપીર જ્યારે માણવદર જાય છે, એ જ દિવસે રાજ્યની એક ગાય પ્રસૂતિ ટાણે મરી જાય છે. રાજ્યનો સિપાહી મેઘવાળ વાસમાં આવી ગાયને તાણી જવા કહે છે. ત્યારે મેઘવાળો કહે છે, ' અમે આવતી કાલે ગાયને ઢસડી જઈશું, અમારા ભીમપીર બાપાની ગામમાં પધરામણી થાય પછી અમે તે કામ કરીશું. અત્યારે અમે પીરના સામૈયાની તૈયારીઓ કરી રહ્યા છીએ.

સિપાહી કરડાઈથી કહે છે, 'આજે જ ગાયને ઉપાડી જાઓ, પણ મેઘવાળો જતા નથી. આથી સિપાહી રાજ્યમાં જઈ મેઘવાળો વિરૂદ્ધ ચાડી કરે છે.

સવારે માણવદર તથા આસપાસના ગામના મેઘવાળો વાગતા ઢોલે ગામના પાદરે પીરનું સામૈયું કરવા આવે છે. ત્યાં સામેથી ભીમપીર પોતાના 'જોધલ' નામના ઘોડા પર બેસી આવતા દેખાય છે. તેમને આવતાં જોઈ બધા તેમની જય પર જય બોલાવે છે.

ભીમપીરનું સ્વાગત કરી ભક્તો પીર સાથે માણવદરના બજારમાં આવે છે. ભીમપીરના દર્શન માટે અહીં ભીડ જામે છે. ત્યાં રાજ્યનો સિપાહી આવી ઘોડો ઊભો રાખી રસ્તો રોકે છે, અહીં સામૈયું વિરામ લે છે.

સિપાહી કહે છે, 'કૌન હૈ તુમ્હારા પીર.. માલિક બુલા રહા હૈ..'

સિપાહીનો વાવડ સાંભળી આનંદની જગ્યાએ શોકના વાદળો છવાય છે. પીરને વાતનો ખ્યાલ આવી જતાં તેઓ સિપાહી સાથે જવા લાગે છે. ત્યાં રાજ્યમાં કામ કરતો મેઘવાળ આવી પીરને કહે છે, 'પીરબાપા!, સુબાએ અન્નના કોઠાર તરફ જવાનો રસ્તો ખોદાવી તેમાં ધગધખતા અંગારા મૂકાવી તેના ઉપર માટી વાળેલ છે. તમારે તેના ઉપરથી ચાલવાનું છે. સુબો તમારી કસોટી કરવા માંગે છે.

ભીમપીર બોલ્યા, 'જેવી ધણીની ઈચ્છા', ભીમપીર તેમના ઘોડા પરથી ઉતરી ઘોડો ભક્તને સોંપી હાથમાં છડી લઈને મહેલના પરિસરમાં પ્રવેશ કરે છે.

સિપાહી તેમને અન્નના કોઠાર ભણી લઈ જાય છે. પીર પાણીમાં ચાલતા હોય તેમ અંગારા પર ચાલે છે. પછી સિપાહી ભીમપીરને મરેલી ગાય પાસે લઈ જાય છે. સુબો આવી પીર સામે ઊભો રહી ગાયને સજીવન કરવા કહે છે. પીર કહે છે, 'સુબા જીવન મરણની દોરી તો પ્રભુના હાથમાં હોય છે. તેમાં ખલેલ પહોંચડવાની મારો ધર્મ ના પાડે છે.' પણ જ્યારે સુબો માનતો નથી ત્યારે ભીમપીર કહે છે, 'ગાય મારી માવડી!, તારા બચડાથી શા માટે રીસાઈ છે? ઊભી થા, માવડી, તારા બચડાને ધવડાવ.' ને ગાય ભીમપીરના સાદે જીવતી થઈ બચડાને ધવડાવવા માંડે છે.

ત્યારે મુસલમાન સુબો પાંદડાની માફક ધ્રુજવા લાગે છે. તે ભીમપીરના પગમાં પડીને માફી બક્ષે છે. ત્યારે પીર બોલ્યા, 'સુબા ડરીશ નહી, હું તને શ્રાપ નથી આપતો પણ આજથી તારા માણવદરનું પાણી નહીં પીવું એ મારી પ્રતિજ્ઞા છે.'

પીર ગત ગંગાને આશીર્વાદ આપી જોધલ ઘોડા પર સવાર થઈ ભાણવડ ભણી નીકળે છે. પીરને જતા

જોઈ સુબો મનમાં ઘણું પસ્તાય છે. પીરને પાછા વાળવા તેમની પાછળ પાંચ સિપાહીઓ મોકલે છે.

ભીમપીરને ભાણવાડ પહોંચતા રાત્રી થઈ જાય છે. ગામમાં પ્રવેશતા ગામનો મુખ્ય દરવાજો બંધ હોય છે. પીર તેમની છડી દરવાજાને અડકાવે છે. તેથી દરવાજો ખુલી જાય છે અને પીર ગામમાં પ્રવેશ કરે છે. ત્યાં તેમના કાને ભજનનો અવાજ સંભળાય છે. તેઓ ભજનની દિશામાં જાય છે. ત્યાં બારબીજના ધણીનો પાટ ચાલતો હોય છે. પીર પાટમાં બેસી રામસાગર લઈને ભજનો ગાય છે.

છેલ્લાં પ્રહરે પાટની જ્યોતમાં અલીલ નાંખી ઊભા થઈ પોતાના ઘરે જાય છે. ઘરે જઈ કપડા બદલી દિકરા કરશન તથા દિકરીઓના માથે હાથ ફેરવી પત્નીને કહે છે, 'હું દ્વારકા તરફ જાઉ છું, પાછો ન પણ આવુ મારા છેલ્લાં જુહાર છે'. જોધલપર સવાર થઈ પીર દ્વારકાના પંથે જાય છે.

ભાણવડ ગામમાં બહાર નીકળી તેઓ ત્રિવેણી સંગમાં સ્નાન કરે છે. ત્યાં પીરને દૂરથી પાંચ ઘોડે સવારો આવતા દેખાય છે. તેથી તેઓ જોધલપર સવાર થઈ આગળ વધે છે. ગુંદા ગામની બહાર નીકળી પાછળ જુએ છે તો ઘોડે સવારો તેમનો પીછો કરતા હોય છે. ભીમપીર ઘોડે સવારોને ઓળખી કાઢે છે. તેઓ ત્યાં જ જોધલ ઉપરથી વટેમાર્ગુઓને પુછે છે, 'ભાઈ આ કઈ જગ્યા છે?, વટેમાર્ગુઓ કહે છે 'આ અમારા ગામના મેઘવાળોનું સ્મશાન છે અને બાજુમાં મુસલમાનનોનું કબ્રસ્થાન છે.'

પીર જોધલની કેશવાળી ઉપર હાથ પ્રસારતા કહે છે, 'દિકરા !, હવે મારો સમય થઈ ગયો છે. મારે ધણીના દરબારમાં જવું છે'. ત્યારે જોધલની આંખો સામે આંખો પરોવી દડ-દડ આંસુડાની ધાર સાથે કહે છે, 'બાપુ!, મારે પણ તમારી સાથે આવવું છે, સાથે જીવ્યા ને સાથે અલખના દરબારમાં જઈએ. પીર કહે છે, ભલે ભાઈલા, તારી મરજી.

ભીમપીરે હાથમાંની છડીનો સ્પર્શ જોધલને કરતાં જોધલ ધરતી માતામાં સમાઈ જાય છે. ભીમપીર હાથમાંની છડી નીચે મુકી ધરતી માં ને વંદન કરીને કહે છે, હે માં મને તમારા ખોળામાં સમાવી લ્યો. ધરતી માતા જગ્યા આપે છે, તેમાં પીર સમાઈ જાય છે. ત્યાં ઘોડે સવારોએ આ દૃશ્ય સગી આંખે નિહાળ્યું હોય છે. તેઓ વિચાર કરે છે કે હવે આપણા સુબાને શું જવાબ આપીશું?

બધા ઘોડા ઉપરથી નીચે ઉતરી પીરની માફી માંગી સલામ કરે છે. ત્યાં જોધલની પુંછડીનો ભાગ બહાર દેખાતા તે કાપી લે છે અને તે બાદશાહ સમક્ષ રજૂ કરી સઘળી હકીકત જણાવે છે.

આ જગ્યા પર સુબો આવીને માફી માંગે છે અને ભીમપીરનો સંગેમરમરનો મકબરો બનાવે છે. ગુંદા ગામની ભાગોળે ભીમપીર અને જોધલની સમાધિઓ આજે હયાત છે અને ભીમપીરની છડી હાલમાં તેમના વંશજ 'વીરાભાઈ પીર' પાસે સોઢાણા ગામે હયાત છે. હાલમાં ચોડપા અટકના વણકર માણવદરનું પાણી પીતા નથી.

સંદર્ભ સૂચિ

- ગોહિલ, નાથાભાઈ (૨૦૧૭), ગુજરાતની આંતરચેતના ભાગ-૨, અમદાવાદ: નવભારત સાહિત્ય મંદિર
- નાગર, મુકુન્દચંદ્ર (૨૦૧૦), ગુજરાતની પીર પરંપરા, શાંતિનગર સોસા, વિસનગર રેલ્વે ફાટક પાસે, મહેસાણા
- રાઠોડ, નરેશભાઈ ખેમાભાઈ અને દામોદરનાથજી ગુરૂ મંગલનાથજી (સંપા) (૨૦૧૫), દિલ દરિયાના મોતી, મહેસાણા: સ્વ. મોહનલાલ જેઠાલાલ મકવાણા ભગત પરિવાર

સંત ભોળીઆઈ

સૌરાષ્ટ્ર અમરેલીના નાના-માચિયાળા ઠેબી નદીના હરિયાળા કાંઠે આવેલા ગામમાં આઈ ભોળીની જગ્યા આવેલી છે. મેઘવાળ દાના ભગતને ધૂનાબાઈની કૂખે અવતરેલ સંતશ્રી ભોળીઆઈનું મૂળ નામ 'સોનબાઈ' હતું.

માતા-પિતા ચલાળા આપા દાનબાપુની જગ્યામાં અવાર-નવાર પાયલાગણ કરવા જતાને પ્રભુમય જીવન જીવતા હતા. માતા-પિતાની આંગળી પકડીને સોનબાઈ પણ બાળપણથી દાનબાપુની જગ્યામાં જતા એટલે મા-બાપના સંસ્કાર સોનબાઈની રગેરગમાં ઉતરેલા.

આઈ સોનબાઈના ભોણપણને જોઈને આપા દાનબાપુએ સોનબાઈનું નામ 'આઈભોળી' રાખેલ. આઈ ભોળીમાંના બાળપણની એક ઘટના છે. મોટા માચિયાળા ગામની સીમમાં ઘઉં કાપીને પુળીયા બાંધ્યા પછી ખેડૂત ખેતર ખાલી કરી દે પછી ખેતરમાં પડી રહેલી ખેડૂત માટેની નકામી અને આપણા માટે કામની ઉંબીઓ આપણા સમાજના લોકો વિણવા જતા હતા. તે ઉંબીઓ ભેગી કરી કુટી તેમાંથી ઘઉં કાઢતા હતા.

આમ આઈ ભોળીને બીજી બહેનો આવી ઉંબીઓ વીણવા ગયા હતા. ગામના એક પટેલએ આઈ ભોળી અને બીજી બહેનોની વીણેલી ઉંબીઓ પડાવી લીધી અને બહેનો ખાલી હાથે ઘરે આવે છે. માત્ર ત્રણ જ દિવસ વિત્યા હશે ને ઘઉંની ગાડી ભરીને પટેલ જેમણે આઈ ભોળીની ઉંબીઓ પડાવી હતી તે આપા દાન બાપુની જગ્યામાં આપવા માટે જાય છે. ત્યારે દાન બોલ્યા, 'અલ્યા પટેલ! ઘઉંની ઉંબીઓ ના પડાવી હોત તો આ ગાડી ભરીને ઘઉં આપવા આવવું ના પડત, પણ ભાઈ આ ગાડી મારી જગ્યામાં નહી આઈ ભોળીના ઘરે ઉતારી આવ, તેના પર મારો હક નથી.

બાપુના વહેણ સાંભળી પટેલ ભોંઠા પડી જાય છે, પટેલ પસ્તાવો કરતા-કરતા મેઘવાળ વાસમાં આવ્યા અને આઈ ભોળીમાંના ઘરે જઈ ગાડી ખાલી કરવા કહ્યુ ત્યારે આઈ ભોળીમમાં એ કહ્યુ, 'મારા ઘરમાં અનાજની કોઠી છે તેમાં આ ગાડી ભરીને ઘઉં કેમ સમાશે?' પટેલએ આખી ગાડી ભરીને ઘઉં કોઠીમાં ઠાલવી દીધા તોયે કોઠી ભરાઈ નહી. આમ પટેલે બાળ ભોળીના પગમાં પડી માફી માંગી.

આઈ ભોળીએ આવેલું અનાજ સાથે ઉંબીઓ વીણવા આવેલી બાઈઓને આપ્યું બાકીનું બધું અનાજ અભ્યાગતોની સેવામાં વાપર્યું. પોતે તેમાંથી એક કણ પણ લીધો નહી. આઈ ભોળીને લગ્ન કરવાની ઈચ્છા હતી જ નહી. પણ માવતરને મનાવવા માટે ભલગામના મુળા ભગત બેડવા સાથે લગ્ન કર્યા હતા. તેમને એક દિકરી થઈ તેનું નામ રાજીબેન હતું.

મુળા ભગત પણ ઈશ્વરના દરબારના પથિક હતા. બંનેની મંજિલ એક હતી પણ રસ્તા માત્ર અલગ હતા. મુળા ભગતને વેલા બાવાની મઢીની માયા હતી અને આઈ ભોળી માંને દાનબાપુની જગ્યા વ્હાલી લાગી હતી. મુળા ભગતે વેલાબાવાની મઢીએ જઈ અલખ જગાવ્યો અને આઈ ભોળીમાં દાનબાપુની જગ્યામાં રહ્યા. આમ પતિ-પત્ની આત્માના કલ્યાણ અર્થે અલગ થઈ ગયા. મુળાભગતની કુલ સમાધિ પાસે જ આઈએ સમાધિ લીધી હતી.

ગુરૂ આપાદાદાના આદેશથી ભોળીએ માચિયાળા આવી જૂના મેઘવાળ ફળીયામાં ભાઈને આંગણે બાંધી આપેલા મકાનમાં રહી અન્નક્ષેત્ર ચલાવ્યું. જ્યારે-જ્યારે આઈ ભોળી માં આપાદાન બાપુની જગ્યામાં દર્શન કરવા જતા ત્યારે બાપુ તેમના માટે વેલડું મોકલી આપતા, આવો આદર કરતાં.

મસ્તરામબાપાની સમાધી- કુવાદરા (કોંસબા)

જોઘલપીર વંશીય પરિવારના સંતશ્રી મકનદાસ બાપાનો પરિવાર

૧. મકનદાસ બાપા

૨. વિરદાસ બાપા

૩. મસ્તરામ બાપા- બહેનઃ ધુળીબહેન (રૂપાલ-બાવળા), દિકરીઃ મિનાબેન, અંજુબેન, મનિષાબેન

૪. ધર્મેશબાપા- પુત્ર- હિતબાપુ, દિકરી વિધીબહેન

૫. અમિતબાપા- પુત્રઃ જયબાપુ, કેવિનબાપુ

મસ્તરામબાપાની સમાધી- કુવાદરા (કોંસબા)

મસ્તરામબાપાનો જન્મ કેશરડી ગામમાં થયો હતો. જન્મ તા. ૦૧-૦૬-૧૯૫૫ બ્રહ્મલીન ફાગણ સુદ પૂનમને ગુરૂવાર તારીખ ૦૫-૦૩-૨૦૧૫.

જોઘલપીરબાપાએ પુત્ર હિરસાહેબને એકને એકયાસી થશેનું વચન આપેલુ વળી કેશરડી ગામની હદ બહાર દેહ વિલય થાય તો તે પરચાધારી પીર બનશે. આ એકયાસીના વંશના શ્રી મસ્તરામબાપા સુરત જિલ્લાના માંગરોળ તાલુકામાં આવેલું કુંવારદા (કોસંબા) ગામના નાયલોન કોલોનીમાં પોતાની સમાધી લઈ પીરના પદને પામ્યા. હાલ તેમની જગ્યાએ અનેક દીન-દુઃખીયાઓ માનતા લઈ પોતાની મનોકામનાઓ પુરી કરી રહ્યા છે.

જોઘલપીર બાપાના વચન પ્રમાણે ઘણા લોકો પીરના પરચાની દિવ્ય અનુભૂતિ થાય છે, સંતશ્રી મસ્તરામબાપાની સમાધી જગ્યામાં સંતશ્રી ધર્મેશબાપુ (લાલબાપુ) સંતશ્રી અમિતાબાપુ (અમરનાથ બાપુ) જોઘલપીર બાપાની જય જયકાર જગાવી ભાવિક ભક્તોમાં શ્રદ્ધા ભક્તિ અને વિશ્વાસ પ્રગટાવી સંતશ્રી જોઘલપીર બાપાના નામનો પ્રચાર હાલમાં કરી રહ્યા છે.

સંદર્ભ સૂચિ

- રૂબરૂ મુલાકાતઃ પ.પુજ્ય. મસ્તરામબાપાના જમાઈ, શ્રી કપિલભાઈ એચ. વાઘેલા

મતિયાપીર

મહેશપંથીઓ ના પરમ પૂજ્ય અને પ્રાતઃસ્મરણીય પીર તે 'સંત મતિયા પીર' છે. મામૈદેવના તેઓ જયેષ્ઠ દિકરા છે. તેમની માતા નું નામ ભીંદેદેવી હતા. તેમનો જન્મ ભુજ પાસેના ગુરૂપાદર નામના ગામે થયો હતો.

મતિયાદેવ બાલ્યકાળથી વચન સિદ્ધ હતા. એક સમયે મામૈદેવ લીમડા ના વૃક્ષ નીચે ભર નિંદરમાં સુતા હતા ત્યારે કાગડાઓનું એક ટોળું આવી લીંમડા પર બેસીને કા..કા..કા.. કરી શોર મચાવવા માંડ્યું. આથી નાનકડા મતિયાને થયું કાગડાના શોરથી પિતાજીની ઉંઘ હરામ થશે. કાગડાઓને સહજતાથી ઉડાડતા મતિયાએ કહ્યુ, 'નીચે પડીને મરો'. બધા કાગડા એક-એક નીચે પડીને મરી ગયા. કાગડાઓના ધબ..ધબ..ધબ.. પડવાના અવાજ થી મામૈદેવની ઉંઘ ઉડી ગઈ અને મરેલા કાગડાઓના ઢગલાને જાઈ મતિયાને પૂછ્યુ, 'બેટા!, આટલા બધા કાગડા કેમના મરી ગયા?'. મતિયાએ જવાબ વાળ્યો, 'પિતાશ્રી આ કાગડાના બોલવાથી આપની નિંદર ઉડી ન જાય તે માટે હું બોલ્યો કે નીચે પડીને મરો. આથી તેઓ નીચે પડીને મરી ગયા. મામૈદેવે કહ્યુ, 'પણ દિકરા આટલા બધા નિર્દોષ પક્ષીઓની હત્યા તારે શિરે ચઢશે.

ત્યારે મતિયાએ કહ્યુ, 'જો મારા કહેવાથી આ બધા કાગડા નીચે પડીને મરી ગયા હોય તો મારા કહેવાથી હવે જીવતા થઈને ઉડી જાવો'. અને મતિયાના કહેવાથી મરેલા કાગડા જીવતા થઈને કા..કા..કા.. કરતા ઉડી ગયા.

મતિયાપીર યુવાન થતાં તેમના લગ્ન રાણંગદેવી સાથે થયા. તેમને ચાર પુત્રો થયાઃ ૧. મોક્સી, ૨. ધારડ, ૩. ધરણંગ અને ૪. વેજલ.

એક સમયે માંડવીથી કરાચી જતાં વહાણને તેમણે ડૂબતુ બચાવ્યું. તે વહાણમાં મુસ્લિમ બિરાદારો પણ હતા. તેઓ પણ મતિયાપીરને માનતા થયા. કચ્છના જે પરિવારો, સૌરાષ્ટ્રમાં આવ્યા ત્યાં મતિયાપીરના છિલ્લા સ્થાપીને તેમની બંદગી કરે છે. મેમણ પરિવારો 'મટિરા' અને 'મટારીપીર' થી મતિયાદેવને માને છે.
મતિયાપીરે ગુડથર ગામે સવંત ૧૪૦૦ ચૈત્ર વદ ચૌથના દિવસે સમાધિ લીધી હતી. તેમની પુણ્ય સ્મૃતિમાં ગુડથરે ગામે દર વર્ષે ચૈત્ર માસમાં ત્રીજ ચૌથનો મોટો મેળો ભરાય છે.

સંદર્ભ સૂચિ

- નાગર, મુકુન્દચંદ્ર (૨૦૧૦), ગુજરાતની પીર પરંપરા, શાંતિનગર સોસા, વિસનગર રેલ્વે ફાટક પાસે, મહેસાણા
- રાઠોડ, નરેશભાઈ ખેમાભાઈ અને દામોદરનાથજી ગુરૂ મંગલનાથજી (સંપા) (૨૦૧૫), દિલ દરિયાના મોતી, મહેસાણાઃ સ્વ. મોહનલાલ જેઠાલાલ મકવાણા ભગત પરિવાર

મહર્ષિ શૈલર્ષી

પવિત્ર પ્રદેશના અમરાપુર ગામમાં આજથી વર્ષો પૂર્વે એક નરસિંહભાઈ મંગજીભાઈ નામથી સાળવી વણકર પ્રભુનો ભક્ત હતો. તેમની પત્નીનું નામ કુલીબાઈ હતું. તેઓની જાતિ વણકર હોવા છતાં શ્રદ્ધાથી પ્રભુ ભક્તિમાં લીન રહેતા ચાલતા જતાં સંત સાધુઓને તેઓ અતિથિ ગણીને ભોજન આપતા. તેઓના જીવનમાં બનેલી આ ઘટના એ ખરેખર સત્યની પરિક્ષા હતી.

એક દિવસ એ સાળવી દંપતિ ભક્તના ઘરે ભગવા વસ્ત્રોધારી ચાર તીર્થવાસીઓ આવ્યા. નરનારીએ પૂરા પ્રેમથી કર જોડીને સીતારામ કરવા લાગ્યા કે ભક્તોને જમાડવા માટે અનાજ નથી. તેઓ શોકાતુર બન્યા અને પ્રભુને પ્રાર્થના કરવા લાગ્યા કે હે ભગવાન મારા ઘરમાં બંનેની લાજ તમારા હાથમાં જ છે. એમ વિચારી દંપતિ ખરા હૃદયથી ભગવાનનું સ્મરણ કરવા લાગ્યા.

જ્યારે આ નરનારી ભક્તો સ્મરણ કરતા હતા તે વખતે ભક્ત રાજ નરસિંહની આંખ ઉઘડી ત્યારે તેની જનર એક કાંસાના વાસણ પર પડી. આથી ભક્ત હર્ષઘેલો બની ગયો. તે વાસણ લઈને ગામમાં વેચવા ગયો. પણ વાસણની કિંમત એક વાણીયાએ ફક્ત બાર આના આપી તેના ઘઉં અને ચોખા તથા ગોળ લઈ તે જલ્દી જલ્દી ઘરે ગયો અને પત્નીને રસોઈ બનાવવા આપ્યા ત્યારે સતી બોલ્યા, 'સ્વામીનાથ! તમે કેટલું ઘી લાવ્યા છો ?' ઘીનું નામ સાંભળતા જ નરસિંહ ભગત વિચાર મગ્ન બની શોકમાં ડુબી ગયા. તેમણે ઉત્તર આપ્યો, 'હે સતી ! ઘી લવવાનું તો હું ભુલી જ ગયો, હવે શું થાય?' ત્યારે કુલીબાઈ હાથ જોડી નમ્ર ભાવે કહે, 'હે પ્રિયે પતિદેવ ! તમે શા માટે ગભરાવ છો?, મનને મજબૂત રાખી આપના ચરણોની દાસીનું કહેવું સાંભળો. એમ કહી કહેવા લાગ્યા, 'હે મારા પ્રાણપતિ, આપના ચરણની દાસી રસ્તો બતાવે છે. આપ દયા કરીને સ્વીકારો!'

હે સ્વામીનાથ! મારા માથાના વાળ ઘણા જ લાંબા છે તમે એ વાળ ઉતારો અને છુપી રીતે વાળનુ દોરડું વણીને ગામમાં વેચવા જાઓ તો આપણા ઘરની લાજ રહેશે. સાંભળી ભક્ત નરસિંહ ના આનંદનો પર ન રહ્યો. આનંદથી એ સતી કુલબાઈના માથાના વાળ ઉતાર્યા અને નરનારીએ ખાનગીમાં દોરડું વણ્યું. તે દોરડું લઈ નરસિંહ ભક્ત ગામમાં વેચવા ગયા.

ઈશ્વરની કળા અકળ છે, તેઓએ અમરાપુર ગામની અંદર આ ભક્તરાજના દોરડાંની કિંમત પ્રભુકૃપાથી સવા રૂપિયો મળ્યો, તેથી ભક્ત આનંદમાં આવીને ચાર આનાનું ઘી લીધું અને ઘરે ગયા તેઓએ પ્રેમથી રસોઈ બનાવીને મહાત્માઓને જમાડી બચેલો રૂપિયો અતિથિઓને ભેટમાં આપ્યો, ભેટ સ્વીકારીને મહાત્માઓએ આશીર્વાદ વરસાવતા શ્રી દ્વારકાધીશની યાત્રા કરવા રવાના થયા.

આ દંપતિએ પોતે ભુખ્યા રહીને આવેલા અતિથિને પ્રભુતુલ્ય સમજીને જમાડ્યા એટલે પરમાત્માએ દયા કરીને એ નરનારીને પાછલી અવસ્થામાં એક પુત્ર થયો. આ પુત્રનો જન્મ સંવત ૮૩૫ના મગશર સુદ બીજને શનિવારે થયો. આ બાળકનું નામ બ્રાહ્મણને બોલાવી શૈલર્ષી રાખ્યું, જ્યારે શૈલર્ષીની ઉંમર પાંચ વર્ષની હતી, ત્યારે માતા-પિતાનો અંતિમ સમય હતો. તે દિવસે ગીરનારના એક સંત અવિચલપુરી મહારાજ નરસિંહ ભગતને ત્યાં આવ્યા. પ્રભુના ભક્ત નરસિંહને ખબર પડી કે તેમનું મરણ સવારના છે. તે વાતની જાણ તેણે પત્નીને કરી તો કુલબાઈ એ કહ્યુ કે મારુ મરણ પણ સવારમાં છે. આથી એ દંપતિ પોતાના પાંચ વર્ષના બાળકને ગુરૂ અવિચલપુરીના ચરણમાં મુક્યો અને પ્રણામ કરીને બોલ્યા કે હે ગુરૂદેવ આ દિકરો તમારો છે. અમે તમને ભેટ

આપીએ છીએ. ત્યાર બાદ ભક્ત નરસિંહ અને કુલબાઇ એ હાથમાં શ્રીફળ અને સાકરનો પ્યાલો લઇને જય સીતારામ બોલતા બોલતા પ્રાણ છોડ્યા.

અમરાપુર ગામમાં વણકર જાતિમાં જન્મેલો આ મહાપુરૂષ શૈલર્ષી મહાત્મા અવિચલપુરીના સંગમાં રહ્યા, આથી તેના પાલકપિતા અવિચલપુરી થયા. મહાન ભક્ત નરસિંહ અને સતી કુલબાઇના દેહની અંતિમ ક્રિયા કરીને એ બાળક શૈલર્ષીને લઇને જુનાગઢના ગીરનાર પર્વતની તળેટીમાં આવ્યા. ત્યાં જમીયલશા પીરના પર્વત પર એકચોરાસી ખુણો હતો. તે જગ્યામાં બાળક શૈલર્ષી અને મહાત્મા ત્યાં રહેવા લાગ્યા. એ અજન્મા અવિચલપુરી શૈલર્ષીના સદગુરૂ થયા. બાળકને યોગક્રિયા શિખવીને સિદ્ધ કર્યાં. દરેક મંત્રતંત્રને યોગો બતાવીને આ બાળકને મહાન બ્રહ્મનિષ્ઠ આત્મજ્ઞાની અદ્વૈત પુરૂષ બનાવ્યો. બાર વર્ષ સુધી એ ગીરનારની ગુફામાં ભજન કરાવીને આ બાળક શૈલર્ષીને સદગુરૂ અવિચલપુરીએ કહ્યુ હૈ શૈલર્ષી, તમે આ પૃથ્વી પર ચાર ધામની યાત્રા કરી અને સંસ્કારી જીવોને સત્યજ્ઞાન બતાવો. શ્રી સદગુરૂની આજ્ઞા થતા જ આ સિદ્ધ પુરૂષ મહાત્મા શૈલર્ષી સદ્ગુરૂ શ્રી અવિચલપુરીના ચરણમાં શીશ નમાવી તીર્થયાત્રા કરવા નીકળી ગયા. તે યાત્રા કરતા-કરતા કાશીનગરીમા ગયા, ગંગામાતામાં સ્નાન કરીને શૈલર્ષી જગપ્રસિદ્ધ કાશીનાથ મહાદેવના દર્શન કરવા જાય છે. ભગવા વસ્ત્રોધારી શૈલર્ષી જેવો પગ મહાદેવના મંદિરના પગથિયાએ મૂકવા જાય છે ત્યારે ત્યાંના પુજારી સાધુ કહે, 'હે વેશધારી, તમો આજે અવનવા ક્યાંથી પધાર્યા?, નહી તો તમારા આડંબરી ભેખ ઉતારો. ત્યારે મહાત્મા શૈલર્ષી બોલ્યા કે અમે ગતવાડીના સાધુ છીએ.

આટલુ સાંભળતા પૂજારીઓ અને કોટવાલો લાઠી તેમજ ચીપીયા ઉગામી અત્યંત ક્રોધિત થઇને શૈલર્ષીને મારવા જાય છે. તેઓ હાથ ઉગામીને મારવા જાય ત્યારે, ઈશ્વરની દયાથી તે સર્વેના હાથ ઊંચા જ રહી ગયા.

જ્યારે પૂજારીઓ શૈલર્ષીને મારવા ધસ્યા ત્યારે કાશી વિશ્વનાથ મહાદેવની મૂર્થિમાંથી અજબ અવાજ થયો કે શબુર કરો!, આ સાંભળતા પૂજારીઓ ભયભીત થયા, તેઓ મનમાં-ને-મનમાં મહાદેવ અને શૈલર્ષીની સ્તુતિ કરવા લાગ્યા. પૂજારીઓ રડતા રડતા કહેવા લાગ્યા, ''હે ભગવાન, આપ અલૌકિક મહાત્મા છો, અમારા પર દયા કરો. અમારા અવગુણોને ક્ષમા કરો. અમને ઉગારો અને અમને બ્રાહ્મણો જાણી મુક્ત કરો.''

ત્યારે કાશી વિશ્વનાથના બીજા શબ્દો સંભળાયા, 'હે બ્રાહ્મણો તથા પૂજારીઓ, તમે સંત શૈલર્ષીને સદ્ગુરૂ સ્વરૂપે માનવા તૈયાર થયા તો જ તમારા હાથ નીચે ઉતરે. એટલે તરત જ બ્રાહ્મણોએ વાત કબૂલ રાખી અને તેઓના હાથ નીચા ઊતર્યાં. તેઓ સંત શૈલર્ષીની સ્તુતિ કરવા લાગ્યા. તદ્ઉપરાંત સોનાની પાલખીમાં શૈલર્ષીને બેસાડી ધામધૂમથી સામૈયુ અને વધામણું કરી પોતાના ઘરે લઇ ગયા. સ્વયં પ્રકાશ જ્યોતપાટ મંડાવીને તેઓ સર્વેએ સંત શૈલર્ષીને સદ્ગુરૂ કર્યાં.

કાશીનગરમાં એક લુહાર જાતિનો કલ્યાણ નામનો ભક્ત હતો, જે ખંભાળિયા ગામનો રહેવાસી. તે પોતાના ધંધા રોજગારીથી તેમના કુટુંબનું ભરણ કરતો. તેની પત્નીનુ નામ ચંદ્રકલા, કલ્યાણ અને ચંદ્રકલાના પેટથી ભગવાની કૃપા તથા એક દિકરી જન્મી. તે ખુબ જ સુંદર. ભક્ત દંપતિએ બ્રાહ્મણને બોલાવી તેમનું નામ લોચણ રાખ્યુ, બાદ આ દિકરી બાદ કલ્યાણને એક પુત્ર પ્રાપ્તિ થઈ.

એક દિવસ કલ્યાણ અને ચંદ્રકલા ધામધૂમથી મહાત્મા શૈલર્ષીને પોતાના ઘરે બોલાવી સ્વયં પ્રકાશ

જ્યોતિ પાટ રચાવીને સદ્‌ગુરૂ કર્યા. પોતાની દિકરી લોયણે પણ સદ્‌ગુરૂ બનાવ્યા. આ સમયે લોયણની ઉંમર દશ બાર વર્ષની હતી. તે ભક્ત કલ્યાણ, તેની પત્ની, દિકરી અને પુત્ર સાથે ખંભાળિયા ગામામાં રહીને અપૂર્વ શ્રદ્ધાથી ભગવાનની ભક્તિ કરવા લાગ્યા. તે વખતમાં મહાત્મા શૈલર્ષી પ્રદેશોમાં ફરતા-ફરતા વાલ્મિકી લોકો રહેતા હતા ત્યાં આવ્યા. તેઓને આત્મજ્ઞાન આપીને સંશયનું મૂળ કાપીને પ્રભુભક્તિમાં અનહદ વિશ્વાસુ બનાવીને મુક્તિના માર્ગે દોર્યો.

આ સમયમાં પશ્ચિમ વિભાગના શહેર આટકોટ અને કેશકોટનો રાજ રાય લાખો હતો. તે અખંડ શ્રદ્ધાથી સુર્ય નારાયણની ભક્તિ કરનાર અને દાનવીર હતો એ રાયલાખાની પત્ની પતિવ્રતા ધર્મ પાળનારી સતી સુરજા હતી. તેઓનો ગૃહાસ્થાશ્રમ સુખ શાંતિથી ચાલતો. ત્યારે એક દિવસ લાખો પોતાની રાજ કચેરીમાં બેઠો હતો. ત્યાં એક ગઢવી આવ્યા અને અપ્સરા જેવી સુંદર સ્ત્રી લોયણના વખાણ રાજા સાથે કરવા લાગ્યો, તેણે કહ્યુ કે, કાશીનગરીમાં એક લુહાર ભક્ત કલ્યાણની દિકરી ખૂબ જ સ્વરૂપવાન છે. લોયણ જેવી સ્ત્રી કોઈ પણ રાજ્યમાં નથી. આ વાત સાંભળીને રાયલાખાને સંગનો રંગ લાગ્યો, તે પોતાની સાથે પાંચ-પચ્ચીસ ઘોડે સવારોને લઈ કાશીનગરીમાં ગયો. ત્યાં રાજ મહેલમાં ઉતારો કર્યો અને કાશી વિશ્વનાથના દર્શન કરી લોયણની શોધ કરવા લાગ્યો. શોધતા-શોધતા જાણવા મળ્યું કે એ લોયણ કાઠીયાવાડના ગામ જામ ખંભાળીયામાં છે. આ વાત સાંભળી ઘોડેસવાર થઈ ઠાકોર સાહેબને ત્યાં ઉતારો કર્યો. તેણે લુહાણ ભક્ત કલ્યાણ ભક્તિમાં રંગાયેલો હોવાથી નિર્ભયપણે બોલ્યા કે આપ રાજા તો અમારા માતા-પિતા થઈને પ્રજાની પુત્રીઓની માંગણી કરો છો? તે વ્યાજબી ન કહેવાય. આ ગમે તે કરો પણ એ લોયણને વાત હું કબૂલ કરનાર નથી. એ સાંભળી રાયલાખો ગુસ્સા સાથે ભક્ત કલ્યાણને ખૂબ જ માર મરાવ્યો. પછી પત્ની ચંદ્રકલાના મુખે હા કહેવડાવી, તરત જ રાયલાખો લોયણનું હરણ કરવા તૈયાર થયો. લોયણ શૈલર્ષીના વચનથી પ્રભુ સ્મરણમાં મગ્ન હતા. પોતાના દેહનું ભાન નહોતું. ત્યારે રાયલાખો લોયણ પાસે ગયો. લાખો લોયણ પર જેવો હાથ મુકવા જાય છે, તેવામાં જ લોયણ સમાધિમાંથી જાગ્રત થાય છે. લાખો લોયણના તેજમાં અંજાઈને બોલ્યો, હે રૂપાળી તું મારી સાથે પ્રેમ લગ્ન કર. લોયણના મુખેથી 'ના' સાંબળતા. લાખો લોયણ પર બળાત્કાર કરવા તૈયાર થયો, લોયણને ઉપાડીને એક પથ્થર પટકતાં જ એ રાયલાખાનું શરીર ફૂંટી ગયું, રક્તપીતીયાની માફક લોહી-પરૂ તેના શરીરે વહેવા લાગ્યું. તેના આખા શરીરને બળતરા શરૂ થઈ. રાયલાખાને ગળતા કોઢ થવાથી રડતા-રડતા પૃથ્વી પર ઢળી પડ્યો. ત્યારે તેના માણસોએ રાયલાખાને એક કોરાકોટમાં લાવી અનેક વૈદ, હકીમોને બોલાવી દવા કરાવી, પણ કોઈ પણ દવા લાખાને લાગુ પડતી ન હતી. બાર વર્ષ સુધી લાખાના દુઃખમાં સુરજા રાણી સેવામાં હાજર રહેતી, પરંતુ એક દિવસ રાયલાખાના મહેલમાં કોઈ અલૌકિક સંત આવ્યા, તેમણે રાયલાખાને કહ્યુ કે તમને કોઈ સતીનો શાપ લાગ્યો છે. એ વાત સાંભળતા જ લાખાને ધ્યાનમાં આવ્યું કે મને મારા જીવનમાં એક લુહાર કન્યા લોયણનો શાપ લાગ્યો હશે.

રાયલાખો પોતાની રાણી સુરજા સાથે ઘણા સાથીદારો અને સિપાહીઓ સાથે પાલખીમાં બેસીને જામ ખંભાળીયા જાય છે. પાદરે રાયલાખાને શાપ આપનાર લોયણ પાણી ભરવા ત્યાં આવે છે, રાયલાખો લોયણને પ્રણામ કરીને પોતાની ભુલની માફી માંગે છે, ત્યારે લોયણ બોલ્યા કે હે લાખા તું મારા સદ્‌ગુરૂ શૈલર્ષીના શરણમાં જા. ત્યાં જવાથી તારા ગળતા કોઢનો રોગ મટી શકે તેમ છે.

આ વખતે સંત શૈલર્ષીની પધરામણી ખંભાળીયના કાળુ ભરવાડને ત્યાં હતી, જેથી રાયલાખો પત્ની સુરજા સાથે ત્યાં જઈને સંત શૈલર્ષીના ચરણમાં પડ્યો અને તેણે સંતની સ્તુતિ કરી. હે ગુરૂદેવ, મારા સ્વામી રાયલાખાનો ગળત કોઢનો રોગ મટાડો, બીજા કોઈથી મટે એમ નથી.

ત્યારે શૈલર્ષી સતગુરૂ અવિચલપુરીનુ નામ લઈને સંજીવન મંત્ર ભણ્યો અને રાયલાખાના મસ્તક પર પવિત્ર હાથ મૂક્યો. તરત જ રાયલાખાનો રોગ મટી ગયો. ત્યારબાદ રાયલાખો અને સુરજારાણી કહેવા લાગ્ય કે, હે ગુરૂદેવ તમે અમારા સદ્‌ગુરૂ થાઓ. અમને મુક્તિના માર્ગો બતાવો. ત્યારે શૈલર્ષી બોલ્યા, ’આજ રોજ ગામમાં વાલ્મિકી ભક્ત ભલીયાને ઘરે સ્વયં જ્યોતિ પ્રકાશનો પાટ છે. તો આપ લોકો વરણા-વરણીનો ભેદ મૂકીને રાત્રે ત્યાં આવજો. અમે સદ્‌ગુરૂની દયાથી અઢાર વરણામાં જઈએ છીએ. તમે તો રાજપુત્ર અને રાજકરનાર છો, આથી માન મુકીને આવવું હોય તો આવજો. ત્યારે રાયલાખો અને સુરજા બોલ્યા, ’અમે દુઃખી લોકોના ભેગા રહેવા-જમવા પણ તૈયાર છીએ. તે રાત્રે રાજદંપતિ ભલીયા વાલ્મિકીને ત્યા આવ્યા. સ્વયં જ્યોતિ પ્રકાશ પાટમાં જઈને શૈલર્ષીના ચરણમાં પડ્યા. એ જ ઘડીએ સંત શૈલર્ષી રાજદંપતિના સદ્‌ગુરૂ થયા અને કહ્યુ, ’હે રાજા-રાણી તમોને લોયણ ઉપદેશ આપશે. તે ઉપદેશ તમે ધ્યાનથી સાંભળજો. લોયણે એક તારો લઈ પંચ્યાસી ભજનો ગાઈને રાયદંપતિને સમજાવ્યા અને જનક વિદેહી જેવું રાયલાખાને આત્મજ્ઞાન આપ્યું. તેમને મોક્ષનો માર્ગ બતાવ્યો.

સંદર્ભ સૂચિ

- ગોહિલ, ડો. નાથાભાઈ (૨૦૧૭), ગુજરાતની આંતરચેતના ભાગ-૧, અમદાવાદ: નવભારત સાહિત્ય મંદિર

શ્રી માતૈ દેવ

જન્મ	: વિ. સંવત ૧૧૪૦ ફાગણ વદ એકમ – ઈ.સ. ૧૦૮૪
જન્મસ્થળ	: કચ્છ 'વરસામેડી' ગામના તળાવને કિનારે, જે સ્થળ આજે 'માતૃતરાઈ'થી ઓળખાય છે. :
મુળનામ	: માતૈદેવ
જન્મજ્ઞાતિ	: મેઘવાળ મહેશ્વરી
માતા-પિતા	: માતા પુનરખદેવી, પિતા લુણંગદેવ
પરિવાર	: પ્રથમ પત્ની : વીણાદેવી, બીજાં પત્ની : રીણાદેવી.
મોટો પુત્ર	: મોવન, નાનો પુત્ર મામૈદેવ
ગુરુનું નામ	: બુંદ પરંપરા, પિતા લુણંગદેવે ગુરુબોધ આપ્યો.
સમાધિ	: વિ. સંવત ૧૨૫૦ - ઈ.સ. ૧૧૯૪
સ્થળ	: ભાદ્રાઢંઢ મુકામે જે સ્થાન આજે સિંધ પાકિસ્તાનમાં છે.

લુણંગદેવ અને તેમનાં ધર્મપત્ની પુનરખદેવી સગર્ભા હતાં ત્યારે કચ્છમાંથી સિંધ તરફ જતાં હતાં ત્યારે કચ્છના 'વરસામેડી' ગામને તળાવે પહોંચ્યા ત્યાં વિ. સંવત ૧૧૪૦ ફાગણ વદ એકમ, ધુળેટીના દિવસે ઈ.સ. ૧૦૮૪માં પુનરખદેવીએ માતૈદેવને જન્મ આપ્યો. આ સ્થળ આજે 'માતૃતરાઈ' નામે ખ્યાત છે.

માતૈદેવના પૂર્વજન્મની કથા માતંગદેવો પાસેથી સાંભળવા મળે છે તે પ્રમાણે પાતાળલોકમાંથી વાસુકીદેવ 'આશપાર પંડ્યા' સ્વરૂપે જન્મ ધરી કર્મવીંટીને કર્મપોથીનાં પાતાળ લોકથી લઈ માતંગદેવને સોંપવા નીકળે છે. આશપાર પંડ્યા આ પરમાત્માના તેજ પ્રતીકને લઈ નીકળે છે તેની જાણ તાંત્રિક સાધક ચાંચખોજાને થાય છે. ચાંચખોજો આ સિદ્ધ વસ્તુ કર્મવીંટી ને કર્મપોથી મેળવવા આશપાર પંડ્યા પાછળ પડે છે. આશપાર પંડ્યાને પણ આ વાતનો ખ્યાલ આવી ગયો એટલે કર્મપોથીનાં પાનાં તોડી નીચે ફેંકે છે ને પોપટનું રૂપ લઈ માતંગદેવને ખોળે પડે છે. કર્મપોથીના પાનાં ચાંચખોજ ખાવા લાગ્યો. માતંગદેવ આવી તે ખાધેલાં પાનાં ઓકાવી નાખે છે છતાં તેનો અર્ક ચાંચખોજામાં રહી ગયો જેને કારણે તેનામાં કેટલીક સિદ્ધિઓ આવી ગઈ. એક માન્યતા એવી છે કે આ ખોજા પરિવારમાં નિજારી જ્ઞાન આવ્યું તે આ શક્તિનો પ્રભાવ છે.

માતંગદેવે આશપાર પંડ્યાને વચન આપ્યું કે તે કર્મવીંટી ને કર્મોથી બચાવી, તેના ફળરૂપે મારા વંશમાં તારો જન્મ થશે ને આ માતૈદેવનો અવતાર માનવામાંઆવે છે. માતંગદેવ મંત્રસિદ્ધ સાધકો હતા તેની સાથે વનસ્પતિ રસાયણના, આયુર્વેદના જાણકાર હતા. માતૈદેવ આ વિદ્યાના નિષ્ણાત હતા તેથી મેઘવાળ મહેશ્વરીઓ તેમને ધનવંતરી દેવના અવતાર માને છે. મહેશ પંથમાં આ અવતારો વિશેની એટલી બધી માન્યતાઓ છે જેનો માત્ર ઉલ્લેખ અહીં મૂક્યો છે.

માતૈદેવ પોતાના પૂર્વજોની સિદ્ધસાધનાઓ નાનપણમાં સિદ્ધ કરી લે છે. કર્મપોથીના રહસ્યને જાણી, તેની ગુપ્ત મંત્રક્રિયાઓ પણ કરી લે છે. નાનપણની આ સિદ્ધિઓનો પ્રથમ પ્રયોગ મુસ્લિમો હજની યાત્રાએ જતા હતા તેમને રોકી, ઝાડ ઉપર ચડાવીને કહે છે કે હું અહીં બેઠા બેઠા તમારી અંતઃ દ્રષ્ટિ જાગૃત કરી મક્કા-મદીનાનાં દર્શન કરાવી શકીશ. હજ યાત્રાળુ કહે કે તે શક્ય નથી, એટલે માતૈદેવે તેમની સિદ્ધિઓથી મક્કા-મદીનાનાં દર્શન કરાવ્યાં એટલું જ નહીં પણ ત્યાંના સ્થાનકો પ્રત્યક્ષ ચાલતાં ચાલતાં જોતા હોઈએ તેવો અનુભવ કરાવ્યો. સૌને ત્યાંની નમાજ પણ પઢાવી.

આ સિદ્ધિની જાણ લુણંગદેવને થઈ એટલે પોતાનો ઉત્તરાધિકારી માતૈદેવ છે તેનો ખ્યાલ આવી ગયો. છતાં કર્મવીંટી ને કર્મોથી સોંપતાં પહેલાં લુણંગદેવની પુનરખદેવીએ પરીક્ષા લેવાનું યોગ્ય માન્યું. તેને પ્રસંગ જાણવા મળે –

માતા પુનરખદેવી ગાયનું રૂપ ધરી, ભાંભરતા ભાંભરતા પોતાનો જીવબચાવતા દોડતાં નીકળે છે. તેની પાછળ પિતા લુણંગદેવ વાઘનું રૂપ ધરી ગાયને મારવા તેની પાછળ દોડે છે. તે સમયે માતૈદેવ ધ્યાનમાં બેસી સ્મરણ કરતા હતા. તેમનું અનુષ્ઠાન ચાલતું હતું એટલે તેમાંથી ઊભા થઈ શકાય નહીં ને જો ન ઊઠે તો ગાયને ન બચાવી શક્યાનું પાપ લાગે. માતૈદેવે અનુષ્ઠાન છોડયા વિના, ગૌહત્યા રોકવા એક ઘાસનું તણખલું ઉઠાવી ગાય ને વાઘ તરફ ફેંકે છે ત્યાં વિસ્ફોટ થયો ને ગાય તથા વાઘ અદૃશ્ય થઈ ગયાં ને પુનરખદેવી ને લુણંગદેવ રૂપે પુત્ર માતૈય પાસે આવી આશીર્વાદ આપી, કર્મવીંટી ને કર્મપોથી અર્પણ કરી ને ધર્મધુરા સોંપે છે.

માતૈદેવ મહેશપંથી ધર્મપ્રચાર કરતા, લોકોને ગુરુબોધ આપતા ફરતા ફરતા માળવાના 'ચાંદોઢાના રાજમાં પહોંચે છે. આ રાજા પોતાનો પૂર્વજન્મ જાણવા નગરમાં આવતા સાધુ, સંતો, ભક્તો, ભિક્ષુકોને પૂછતો ને લોકો જવાબ આપી શકતા નહીં એટલે તેમને જેલમાં પૂરી દેતો. માતૈદેવ આ નગરમાં આવ્યા, મેઘવાળોએ ધામધૂમે પોતાના ધર્મગુરુનું સ્વાગત કર્યું. આ વાતની જાણ ચાંદસોઢાને થઈ એટલે મેઘવાળ વાસમાં ધર્મચર્ચા કરતા માતૈદેવને રાજનું તેડુ મોકલ્યું. માતૈદેવ રાજા પાસે ગયા, રાજાએ તેનો પૂર્વજન્મ પૂછ્યો એટલે માતૈદેવે કહ્યું કે રાજા ! આ જવાબ રાજસભામાં, જાહેરમાં દેવા જેવો નથી. હું તમને મગના બે દાણા આપું છું તે તમારી પથારી નીચે રાખી દેજો. આ મગના દાણા તમારો પૂર્વજન્મ કર્યો હતો તે જણાવશે.

ચાંદસોઢાએ પથારીમાં મગના બે દાણા રાખી સવારે જોયું તો મગના દાણાની જગ્યાએ ચામડાનો ટુકડો ને ચામડું કાપવાની રાંપી હતી. રાજાને ખ્યાલ આવી ગયો કે મારો પૂર્વ અવતાર ચમારનો હતો. ચાંદસોઢો સવારમાં મેઘવાળવાસમાં આવી માતૈદેવને ચરણે પડે છે ને વાજતે-ગાજતે સામૈયું કરી રાજદરબારમાં લઈ જાય છે. સાધુ, સંતો, ભિક્ષુકોને જેલમાંથી મુક્ત કરે છે. પોતાની રાજકુમારી વીણાદેવીને માતૈદેવને પરણાવવાની જાહેરાત કરી. વીણાદેવીએ કહ્યું કે પિતાજી, આપની આજ્ઞા માથે ચડાવું છું પણ મારે માતૈદેવની નાનકડી પરીક્ષા લેવી છે તે પછી હું તેમની સાથે લગ્ન કરીશ.

રાજકુમારી વીણાદેવી પાણી ભરેલો કટોરો માતૈદેવને આપે છે. માતૈદેવ પાણીના કાટોરામાં દ્રષ્ટિ ફેંકે છે ત્યાં તો તે પાણીનું દૂધ થઈ જાય છે. આ દૂધનો કટોરો માતૈદેવ અડધો પીએ છે ને અડધો પાછો આપે છે. વીણાદેવી પણ સુજ્ઞ હતાં. તે દૂધનો અડધો કટોરો પી ગયાં ને માતૈદેવને ચરણે પડી લગ્ન કરવાની હા પાડે છે. આમ માતૈદેવ ને વીણાદેવીનાં લગ્ન થયાં.

માતૈદેવ ને વીણાદેવી માળવાથી મારવાડ, થરપારકર, સિંધ, ભાદ્રા ગામે થોડું રોકાયાં. લુણંગદેવનો સેવક મેઘવાળ સાંગારોલા 'ભાદ્રાઢંઢમાં રહેતો હતો. તેમની ગુણિયલ પુત્રી રીણાદે હતી. પિતા સાંગણ રોલાએ માતૈદેવને વિનંતી કરી પુત્રી રીણાદે સાથે લગ્ન કરાવ્યાં. આમ રીણાદે માતૈદેવનાં બીજાં પત્ની થયાં.

માતૈદેવ અને વીણાદેવીનો પુત્ર થયો તેનું નામ 'મોવન' રાખવામાં આવ્યું. મોવનનો ઉછેર રાજપૂત રાજઘરાનામાં મામાને ઘેર થાય છે. મોવન માતૈદેવનું ગરીબો સાથે રહેવું, ભળવું પસંદ ન હતું. મહેશપંથ તરફ પણ તેને આદર ન હતો. માતૈદેવનાં બીજાં પત્ની રીણાદેની કૂખે મહેશ્વરી સમાજનું સૌથી તેજસ્વી સંતાન

મામૈદેવનો જન્મ થયો. મોવન અને માતા વીણાદેવી ગુરપદ્ધારમાં રહે છે. મામૈદેવ તેમના ધર્મકાર્યમાં ફરતા રહે છે. મામૈદેવના દેવતાઈ ગુણોથી સમાજમાં તે પૂજાય છે ને મોવન તેજોદ્વેષથી પીડાય છે તેથી તે કચ્છ છોડી મારવાડમાં રહેવા ચાલ્યા જાય છે.

માતૈદેવ મહેશપંથના પ્રચારક, સિદ્ધ, મંત્રસાધક અને આયુર્વેદિક ઔષધિઓના જ્ઞાતા હતા. તે સમયે મેડિક્લ ડોક્ટરો, દવાઓની કોઈ સુવિધા ન હતી, ત્યારે અનેક રોગો ફાટી નીકળતા હતા. લોકોની અજ્ઞાનતા ને અંધશ્રદ્ધાએ રોગથી અનેક લોકો મૃત્યુ પામતા હતા. તે સમયે માતૈદેવ આયુર્વેદિક ઔષધિથી ઘણાંને જીવનદાન આપે છે.

માતૈદેવ ફરતા ફરતા સિંધ અને કચ્છની વચ્ચેના લખિયાર વીરડા પ્રદેશમાં આવે છે. ત્યાં ’રતા રાયઘણ’નું રાજ ચાલતું હતું. ઇતિહાસમાં તેનો સમય ઈ.સ. ૧૧૪૭નો દર્શાવ્યો છે. આ ’રતો રાયઘણ’ તેની પાઘડીમાં રાતો રૂમાલ બાંધતો હતો તેથી તે રતા તરીકે ઓળખાયો. તે બળવાન રાજા હતો પરંતુ સિંધ તરફથી સતત મુસ્લિમોનું આક્રમણ થતું રહેતું ને કચ્છ તરફના ’જત’ સાથે પણ સંઘર્ષ રહેતો હતો. આ બંને તરફના સંઘર્ષથી તે થાકી ગયો હતો. માતૈદેવ તેમને સલાહ આપે છે કે કચ્છમાં ભુજ પાસેના ’અંજાર’ સ્થળે આવી ત્યાં રાજસત્તા સ્થાપવી ને જામ રતો રાયઘણ અંજારમાં સ્થિર થાય છે.

જામરતા રાયઘણને ચાર પુત્રો હતા : દૅો, ગજણ, હોથી અને ઓઠો. આ ચાર દીકરાઓ વચ્ચે રાજસત્તાનો ઝઘડો ન થાય માટે તેના રાજ્યના ચાર ભાગ પાડી માતૈદેવની હાજરીમાં તે રાજભાગ દીકરાઓને સોંપે છે. માતૈદેવ તેમના ભાગ નીચે પ્રમાણે સોંપે છે :

’દે દે કંથાગઢ ડિને, હોથી બંધુ બાર;
ઓઠો લાખિયાર વિચરે, ગજણ બેહડ પાર.’

મોટા દીકરા દેદાને કંથરકોટ આપે છે. હોથીને બારબંથી આપી, ઓઠાના લખિયાર વિયોર અને ગજણને બેહડ એટલે બારાપ્રગણું આપે છે. આ પ્રદેશોની ઉદ પણ માતૈદેવ બાંધી આપે છે :

’વેઆર વાંઈયાં ગજણજી, હોથી બારો ગામ;
સીકરે પર્યા દેદો ધણી, બઈ ઓઠો જામ.’

વેહાર ડુંગરથી આથમણી તરફની ભૂમિ ગજણની, બંદર હેઠે બાર ગામ હોથીના, સીકરાની પાછળનો પ્રદેશ દેદાનો અને બાકીનો સઘળો ભાગ ઓઠા જામનો. આપણી લોકકથાનો નાયક ઓઢો જામ અને હોથલ પદણીની કથા આ રાજ સાથે જોડાયેલી છે.

કુળદેવીઓનાં ચાર સ્થાનકો નક્કી કરવામાં આવ્યાં. દેદાને રવેચીમાતા, હોથીને હલાયમાતા, ઓઠાને રુદ્રમાતા અને ગજણને આશાપુરા માતાનું પૂજન કરવાનું જણાવ્યું. સાથોસાથ આ ચારેય રાજ્યના ધર્મગુરુ માતૈદેવ સ્વીકારવામાંઆવ્યા ને તેમના હાથે રાજતિલક કરવાનું વંશ પરંપરાગત સ્વીકારવામાં આવ્યું. એક બાબત અહીં સ્પષ્ટ થાય છે કે માતંગદેવોને રાજમાં ગુરુનું સ્થાન મળે છે જે મેઘવાળો તરફની અસ્પૃશ્યતા દૂર કરાવે છે.

માતૈદેવ ભાદ્રાઢમાં સાંગણ રોલા મહેશ્વરીને ઘેર પધારે છે. તે સમયે મુસ્લિમ સત્તાધીશો ગરીબો પર ત્રાસ ગુજારી ધર્મપરિવર્તન કરાવી ઇસ્લામી બનાવતા હતા. માતૈદેવ સિંધમાં રહી મેઘવાળ મહેશ્વરીઓને ધર્મ બચાવવા

કચ્છ તરફ મોકલી આપે છે. અન્ય જ્ઞાતિઓ પણ સિંધમાંથી હિજરત કરી કચ્છ તરફ વળે છે. મુસ્લિમોને માતૈદેવના આ કાર્યની જાણ થઈ એટલે તેને મારી નાખવા માટે મુસ્લિમ સૈનિકોને મોકલે છે. માતૈદેવને થયું કે મારું અવતારકાર્ય પૂરું થાય છે. મુસ્લિમોના હાથે મરવું તેને બદલે ઇચ્છામૃત્યુને વરવું યોગ્ય છે.

મહેશ્વરી મેઘવાળ સમાજને બોલાવે છે, ગુરુબોધ આપે છે ને સાંગણરોલાને મહેશપંથની કર્મવીટી ને કર્મપોથી સોંપી પોતાના ઉત્તરાધિકારી મામૈદેવને સોંપવાનું જણાવે છે. 'કર્મવીંટી' એ અલખધણીએ જે નૂરતેજથી આ સૃષ્ટિનું સર્જન કર્યું તે શક્તિ. આ પરમતેજ કાયમી ધોરણે ધરતી ઉપર રહે ને માનવકલ્યાણ થતું રહે તે હેતુથી અલખધણીએ એ તેજને સોળકળામાં મૂકી તેનો આકાર-ઘાટ વીંટીનો કર્યો જે કર્મવીંટી નામે ઓળખાય છે. આ કર્મવીંટીનાં દર્શને પાપ-પાતકમાંથી મુક્તિ મળે છે ને આપણું કલ્યાણ થાય છે. વડાધર્મગુરુ માતંગદેવ પાસે આ કર્મવીંટી રહે છે જેનું સવાર, સાંજ પૂજન થાય છે ને ધર્મપ્રેમીઓને દર્શન કરાવે છે.

'પારા રૂપી પરવ સંજોગેઓ તેર પમણ પમણ મેહુવો,
બારો યુગ મડ જોડે સામ તડે બજ જે રૂપે સરડેયો સામ.'

'કર્મપોથી' એ મહેશપંથીઓના ધર્મગ્રંથ છે જેમાં આ પંથનાં રહસ્યો, મંત્ર, સાધનો ને અગમભેદ સમજાવવામાં આવેલ છે. માતંગદેવો તેના આધારે મંત્રસાધના કરે છે ને ગુરુબોધ આપે છે. આ કર્મોથી શીખધર્મમાં જે રીતે ગુરુગ્રંથ સાહેબની પૂજા થાય છે તેમ કર્મપોથી પૂજવામાં આવે છે જે માતંગદેવ પાસે કર્મવીંટી ને કર્મપોથી હોય તે વડાધર્મગુરુ તરીકે સમાજમાં પૂજાય છે.

માતૈદેવ ભાદ્રાઢુંઢ મુકામે ૧૧૦ વર્ષનું આયુષ્ય ભોગવી વિ. સંવત ૧૨૫૦ના ધુળેટીના દિવસે – ઈ.સ. ૧૧૯૪માં સેવકસમાજ સામે બેસી આપોઆપ ધરતીમાં સમાઈ ગયા. આ સ્થાન આજે મહેશ્વરીઓનું યાત્રાધામ ગણાય છે. જે તે ભાદ્રાકાજી સાવણ સિંધ પાકિસ્તાનમાં આવેલ છે.

સંદર્ભ સૂચિ

- ગોહિલ, ડો. નાથાભાઈ (૨૦૧૭), ગુજરાતની આંતરચેતના ભાગ-૧, અમદાવાદઃ નવભારત સાહિત્ય મંદિર

સિદ્ધ માનદાસ બાપુ (મુંજાભગત)

જન્મ	: ઈ.સ.૧૮૬૭ વિ.સંવત૧૯૨૩
જન્મસ્થળ	: ગામ-ચિંદરવા, તાલુકો-વેરાવળ, જિ. જૂનાગઢ
મૂળનામ	: મુંજો
જન્મજ્ઞાતિ	: મેઘવાળ-વણકર, આમહેડા શાખાના
માતા-પિતા	: માતા મલુબાઈ, પિતા ઉગાભાઈ
પરિવાર	: ધર્મપત્ની કલુબાઈ, પૂત્ર રૂડો ને પુત્રી ગંગાબેન
ગુરુનું નામ	: અરજાદાસ ગુરુ રતનદાસ
દેહત્યાગ સમાધિ	: ઈ.સ.૧૯૪૫ વિ. સંવત ૨૦૦૧

જપ તપ અને ટેકની ભજને પાડી ભાત,
બાપુ માનદાસને મળ્યા, નકલંક દીનાનાથ,'

સૌરાષ્ટ્રના સિદ્ધ સંત માનદાસબાપુ એટલા સરળ, સાદા ને ફરતારામ હતા કે લોકો તેમને મુંજાભગતના નામથી ઓળખે છે. તેમનો મુખ્ય ખોરાક ભાજી. 'ભાજીમાં તે રાજી', બીજું કોઈ અનાજ કે ફળ નહીં ને છતાં ગામડે ગામડે ચાલતા રહે. તેમને મળેલા, સાથે ફરેલા કેટલાક વયોવૃદ્ધો પાસેથી ઘણી વાતો મેં સાંભળેલી તેની સ્મૃતિ ખરી જે આજે કામ આવી. મુંજાભગત ગોપાલનાથ મહારાજ, સેવાનાથ મહારાજના સમકાલીન. સેવાનાથ ઘર છોડીને મુંજાભગતની માળિયા (હાટીના)ની જગ્યામાં ગયા હતા. વેજનાથ મહારાજ પણ ઘર છોડીને મુંજાભગતની માંગરોળની મઢીએ આવ્યા હતા. આ બધાના સમયને ધ્યાનમાં લઈને સિદ્ધ માનદાસ બાપુનો સમય ઈ.સ.૧૮૬૭થી ઈ.સ.૧૯૪૫ વચ્ચેનો મૂક્યો છે.

માનદાસ બાપુનું જન્મસ્થાન કિંદરવા, મૂળગામ વડોદરા (ડોડિયા), તેમની મુખ્ય બે જગ્યાઓ માળિયા (હાટીના) અને માંગરોળની મુલાકાત તેમજ સંત માનદાસ વિશેની ટૂંકી માહિતી ને તેમના વિશેની રચનાઓ લખનાર રંગપુર ગામના માધવજીભાઈ બડવા અને માંગરોળના મધુભાઈ કાથડ દ્વારા પ્રાપ્ત થયેલ માહિતી તેમજ ગિરનાર ભવનાથમાં બાળકસાહેબની જગ્યામાં માનદાસબાપુની

સમાધિસ્થાનનાં દર્શનને માનદાસબાપુ સીલોદર મારે ઘેર તેમનો ઉતારો રહેતો તેની વાતો કરનારા મારા પિતાજી ઉકાભગતની વાતોને યાદ કરી પ્રસ્તુત માહિતી મૂકેલ છે. માંગરોળમાં રામજીભાઈ જીવાભાઈ મકવાણા ભજનપ્રેમી, તેઓ આ માહિતી મેળવવામાં સહાયક થયા છે.

સિદ્ધ માનદાસબાપુના પૂર્વજો સોમનાથ-વેરાવળ પાસેના વડોદરા (ડોડિયા) ગામે રહેતા હતા. વણાટનો ધંધો ચાલે નહીં ત્યારે છૂટક ખેતમજૂરી કરી ગુજરાન ચલાવે ને તેમાં પણ તાણ પડે ત્યારે નજીકનાં ગામોમાં મજૂરી કરવા જાય. એવા કોઈ કપરા સંજોગોમાં આ મેઘવાળ વણકર પરિવાર વેરાવળથી વીસ કિલોમીટર દૂર જૂનાગઢના રોડ પર આવેલ કિંદરવા ગામે કાયમી વસવાટ કરે છે. પિતા ઉગાભાઈ આમહેડા (આ તેમની શાખા છે) અને માતા માલુબહેનની કૂખે વિ. સંવત ૧૯૨૩ – ઈ.સ.૧૮૬૭માં પનોતાપુત્ર મુંજાનો જન્મ થયો. તેમના મોટા બે ભાઈઓ હમીર અને માણસુર હતા. મુંજો તો કોઈ નખતરનો નીપજી ગયો. આ કિંદરવા ગામની ધરતીમાં ગાયોના રક્ષણ માટે શહીદ થયેલા શૂરવીર કારડિયા અરસી પરમાર થઈ ગયેલા જે આજે શૂરાપૂરાદેવ તરીકે

પૂજાય છે. નાનપણથી મુંજો પિતા સાથે વણકરીના કામમાં મદદ કરવા લાગ્યો. ગામના ખેડૂતોની વાડીએ જે કામ હોય તે કરી મજૂરી મેળવવા લાગ્યો. રાત્રે ગવાતા ભજનમાં, પાટપ્રસાદીમાં જવું ગમતું. મેઘવાળ સમાજ અલખજ્યોત ઉપાસના સાથે જોડાયેલો તેમાં ગતગંગા મળે ને જામા-જાગરણનાં ભજનોમાંથી તેને જ્ઞાનપ્રકાશ થવા લાગ્યો. માતા-પિતાને થયું કે મુંજો પ્રભુભક્તિમાં વળી સંન્યાસી થઈ જશે તો ? એટલે વહેલી તકે તેને સંસારની માયામાં નાખી દેવો જરૂરી જણાયું. પરિવારજનોએ મળી મુંજાનાં લગ્ન કલુબાઈ નામની કન્યા સાથે કરી નાખ્યા.

માતા-પિતાની લાગણીને માન આપી સંસાર વ્યવહાર માંડ્યો પરંતુ માયલો ભજનમાં રમી રહ્યો હતો. આંગણે આવતા સાધુ, સંતોને આવકાર આપવો, ભોજન ઉતારાની વ્યવસ્થા કરી આપવી, તેમની સાથે ભજનજ્ઞાનની ચર્ચા કરવી એ તેમનો શોખ હતો. તેમાં એક દિવસ રવિ-ભાણ પરંપરાના સાધુ અરજણદાસ ગુરુ રતનદાસનો ભેટો થઈ ગયો. મુંજાનો ભક્તિભાવ જોઈને અરજણદાસે તેમને ગુરુબોધ આપી મંત્રજાપ આપ્યો. તે દિવસથી મુંજો વહેલી સવારે જાગી ધ્યાનમાં બેસી મંત્રજાપ કરવા લાગ્યો. ધર્મપત્ની કલુબાઈનો મુંજાને સાથસહકાર મળતો હતો પરંતુ જેમ જેમ મુંજાનું ધ્યાન વધવા લાગ્યું, ભક્તિમાં વ્યવહાર જગતનાં કામો ટાળવા લાગ્યાં, મજૂરીએ જવાનું ટળતું ગયું ને ઘરમાં આર્થિક ભીંસ વધવા લાગી ત્યારે કલુબાઈની મૂંઝવણ વધવા લાગી કારણ કે દીકરો રૂડો ને દીકરી ગંગાની જવાબદારી તેના શિરે આવી પડી હતી.

મુંજો હવે મુંજાભગતના નામથી ઓળખાવા લાગ્યો. તેમની આધ્યાત્મિક સાધના મહાપંથી સંતસાધના સાથે જોડાયેલી હતી, કારણ કે મુંજાભગત અલખજ્યોતનો આરાધક હતો. શિવે શક્તિને આપેલો મહામંત્ર સદ્‌ગુરુ તરફથી તેમને મળ્યો હતો. દર અજવાળી બીજનો પાટ ભરવો, ભજનમાં મસ્ત રહેવું અને સવરામંડપ સાથે તેઓ જોડાયેલા રહ્યા હતા. નામસ્મરણ સાધના તેમને સહજ બની ગઈ હતી.

મુંજાભગત શિવરાત્રીના મેળામાં ગિરનાર જતા હતા. તે દિવસોમાં ગિરનારી સાધુઓ વચ્ચે ફરતા રહેતા. સવરામંડપની જગ્યામાં દિવસો સુધી રોકાઈ જતા. આવા કોઈ સમયે તેમને ગિરનારી સિદ્ધસાધકનો ભેટો થઈ ગયેલો જણાય છે. તેને કારણે મુંજોભગત નાથયોગ સાધના, તંત્રસાધના, કાલભૈરવ અને હનુમાનજીની સાધના કરી સિદ્ધ માનદાસ થયા. હવે તેમનાથી સંસારવ્યવહાર જાળવી શકાય તેમ ન હતો. તેમની કેટલીક સાધનાઓ હઠયોગની હતી તેમાં કાયાને કષ્ટ આપતા હતા. ભોજન છૂટતું જતું હતું. માત્ર બાફેલા ચોળા કે મગ ખાવા ને અન્ય અનાજ છોડી દીધું. આ કઠોળ છોડીને માત્ર દૂધ જ પીવું તે પછી દૂધ છોડી કાવો પીવો આવા અનેક પ્રયોગો કરી અંતે જીવ્યા ત્યાં સુધી માત્ર ભાજી ખાઈને જીવન પૂરું કર્યું.

સિદ્ધ માનદાસ સાધક તરીકે અનેક સિદ્ધિઓને વરેલા હતા. તેમની ઇચ્છા શિવસાધનામાં કમળપૂજા કરવાની હતી. જાતે જ પોતાનું મસ્તક ધડથી ઉતારી શિવને આહુતિ આપી ધરવાનું હતું. પોતાની પત્ની કલુબાઈને આ વાત પણ કરી. સરળ ´હૃદયની આ બાઈ કમળપૂજાને સ્વીકારવા તૈયાર ન હતી એટલે તેણે પરિવારના લોકોને, ગામના લોકોને જાણ કરી કે મુંજોભગત શિવમંદિરમાં કમળપૂજા કરવાના છે. આ વાત આખા પંથકમાં ફેલાણી ને ગામલોકોએ કહ્યું અમારા શિવમંદિરમાં અને પ્રવેશ નથી ત્યાં અછૂતનું મસ્તક પડે ને તેના લોહીનાં છાંટણાં થાય તો ગામનું સત્યાનાશ વળી જાય. ગામલોકોએ એવો તો વિરોધ વંટોળ ઉઠાવ્યો કે મુંજાભગત કિંદરવા ગામ છોડી મરોડાગામે રહેવા ગયા. લોકમુખે મુંજાભગતની કમળપૂજાની જે વાત સાંભળી તે

જુદો હોઇ શકે. સાધકની સ્થિતિ કેટલીક વખત પાગલો જેવી પણ જણાતી હોય છે. મુંજાભગત મરોડાગામે રહેવા આવ્યા પરંતુ તેમનાં પત્ની કલુબાઈ ભગતથી એટલાં બધાં કંટાળી ગયાં કે સાથે રહી શકે તેમ ન હતાં. એક દિવસ મુંજાભગત શિવની ઉગ્ર સાધના કરતા હતા ત્યારે તેનું વિકરાળ રૂપ જોઈ રાડારાડી થઈ ગઈ ને પોતાનો દીકરો, દીકરી તેને સોંપી પોતાને માવતર ચાલ્યાં જાય છે. મુંજાભગતને ત્યાં થયું : 'ભલું થયું ભાંગી ઝંઝાળ સુખે ભજશું શ્રીગોપાળ' મુંજાભગતે પોતાની દીકરી ગંગાને તેની ફઈને ઘેર મૂકી આવે છે. નવ વર્ષના દીકરા રૂડાને સાથે લઈ, ઘર છોડીને નીકળી જાય છે.

મુંજાભગતની ભ્રમણયાત્રા શરૂ થઈ. તે સમયે નવાપરા (વેરાવળ તાલુકાનું દરિયાકિનારે આવેલું ગામ) ગામે એભા ભગત રહેતા હતા. એભાભગતે રામદેવપીરના એકવીસ મંડપ (જે અલખધણીનો સવરોમંડપ પણ કહેવાય છે) કર્યા હતા. એભાભગત ચાંડપાના દીકરા સીદીભગત ચાંડપાએ પિતાની મંડપ ઉપાસના જાળવી રાખી હતી. મુંજાભગત પોતાના દીકરા રૂડાને લઈ એભાભગતને ઘેર આવે છે. ભગતને ઘેર ભગત આવે તેનો બેહદ આનંદ હોય છે. એભાભગતને ઘેર અનેક સાધુ, સંતો, ભક્તો, ભાટ, બારોટ આવતા રહેતા, સમાજના લોકો પણ કોઈ ને કોઈ પ્રશ્નનું સમાધાન કરાવવા આવતા હોય એટલે ઘરે અન્નક્ષેત્ર ચાલતું હોય તેમ લાગે. એભાભગત મુંજાભગતના ખંડિત જીવન વિશે જાણતા હતા એટલે કહ્યું : 'ભગત, અહીં રોકાઈ જાઓ, ભગવાનનું ભજન સાથે કરીશું.' મુંજાભગતનો સ્વભાવ ક્યાંય બંધાઈ જવાનો ન હતો. એભાભગતે 'સવરોમંડપ' ભરવાનો પોતાનો સંકલ્પ જણાવ્યો ને એ બહાને મુંજાભગત તેમની સાથે સવામહિનો રોકાઈ જાય. નવાપરામાં એભાભગતે મંડપ કર્યો તે પછી આઠેક દિવસ રોકાઈ મુંજાભગત દીકરા રૂડાને લઈ ચાલી નીકળે છે. 'સાધુ તો ચલતા ભલા.'

નવાપરા ગામથી ફરતા ફરતા મુંજાભગત માળિયા (હાટીના) તાબાના ગામ દ્વાબાવડ થોડા દિવસ રોકાય છે. દ્વાબાવડથી લાડુળી ગામે જવા નીકળ્યા. રસ્તામાં પીપળાનું મોટું ઝાડ ને બાજુમાં નાનકડું તળાવ હતું ત્યાં વિસામો ખાવા બેસે છે. દિવસે ગામના ગોવાળિયાઓ અહીં આવીને બેસે પરંતુ રાત્રે આ ત્રણ ગામને ત્રિભેટે કોઇ નીકળે નહીં. આ સ્થાન મુંજાભગતને સાધના કરવા અનુકૂળ લાગ્યું એટલે શ્રીફળ વધેરી, ધજા બાંધી, ધૂણો ચેતાવ્યો. મુંજાભગતની દાઢી, માથે લાંબા વાળ, એકડિયો બાંધો, બેઠી દડીનો નમણો દેહઘાટ, તેજસ્વી ભીનોવાન, મોટું કપાળ ન સ્થિર દૃષ્ટિથી જોવાની રીત લોકોને આકર્ષી જતી હતી. લોકો અહીં બાપુને ચા, ખાંડ, દૂધ આપી જવા લાગ્યા. ગોવાળિયા પોતાનું ભાતું મોટું લાવી રૂડાને જમાડવા લાગ્યા. થોડા દિવસોમાં તો આસપાસના પંથકમાં સિદ્ધ માનદાસબાપુની વાતો થવા લાગી.

માનદાસબાપુનાં બહેન માલુબાઈ અને બનેવી હીરાભાઈ કે જે વેરાવળપાસેના ડારી ગામે રહેતાં હતાં, તેમને જાણ થઈ કે મુંજો ધૂણો ધખાવી બેઠો છે ને સાથે નાનો દીકરો રૂડો દુ:ખી થાય છે. રૂડાને લેવા માટે આ દંપતી માનદાસબાપુ પાસે આવે છે. બાપુને વિનંતી કરે છે કે : 'રૂડાને દીકરો માની મોટો કરીશું, ધામેધૂમે પરણાવીશું એટલે રૂડાને અમારી સાથે મોકલો.' માનદાસબાપુ રૂડાનું ભવિષ્ય જુદું જ જાણતા હતા એટલે બેન-બનેવીની માંગણી સ્વીકારી નહીં.

માનદાસબાપુનો અખંડ ધૂણો તેની આભા પાથરી રહ્યો હતો. દિવસના ગોવાળિયા ને વટેમાર્ગો આવીને બેસતા, રાત્રે કોઈ ભજનિકો આવી ભજન ગાતા. તેવામાં એક દિવસ કોઈ અવધૂત જોગી આવી ચડે છે. તેની

ઇચ્છા ચા પીવાની થઈ પરંતુ દૂધ હતું નહીં, નજીકમાં ક્યાંયથી મળે તેમ ન હતું ને સાધુ નિરાશ થઈ જાય તે કેમ ચાલે ! માનદાસબાપુએ કળશિયો લઈ ત્યાં બેઠેલા મોટી ઉંમરના ગોવાળિયાને કહ્યું : 'આ સામે ઊભેલી ભેંસને દોહી દૂધ લાવ.' વૃદ્ધ ગોવાળિયો મૂંઝાયો કારણ કે એ વરોળ (જે સગર્ભા થાય નહીં ને ક્યારેય દૂધ આપે નહીં) ભેંસ હતી. છતાં બાપુનો આદેશ હતો એટલે ભેંસને દોહવા બેઠો ને કળશિયો દૂધ ભરી લાવ્યો. આવેલા અવધુ ચા પીને ચાલ્યા ગયા. ગોવાળિયાને કોઈ વાતે મનનું સમાધાન થાય નહીં. એ સાંજે ઘેર ગયો. સંધ્યા આરતી થઈ ગયા પછી વરોળ ભેંસને દોહવા બેઠો. ઘરના જોનારાઓને થયું બાપા ગાંડા થઈ ગયા છે ને કાં સીમાડે બેઠેલા સાધુની ચલમ પીધી લાગે છે. નવાઈની વાત ભેંસે દોહવા દીધું. આ વાત વાયુવેગે ફેલાઈ ગઈ. બીજા દિવસે લોકો નાળિયેર, સાકર, અગરબત્તી, ફળફળાદી લઈને બાપુનાં દર્શને આવી પહોંચ્યા.

સાધુ, સંતોથી આવી સિદ્ધિ પ્રગટ થઈ જાય પછી એ સ્થાન છોડી દેતા હોય છે. કેટલાક સાધુ તો પોતાની જીવનલીલા સંકેલી લે છે. અહીં રાત્રે માનદાસબાપુ રૂડાને લઈ ચાલ્યા જાય છે. ઉપર્યુક્ત પ્રસંગ દ્રાબાવડના રાજાબાપા પાસેથી સાંભળી 'માધવ મનથી' પુસ્તિકામાં નોંધાયેલ છે.

માનદાસબાપુ માળિયા હાટીના) તાબાના ગામ તરશીંગડા આવે છે. ગામથી દૂર નદીકિનારે એકાંતમાં ધૂણો ચેતાવે છે. તરશીંગડા ગામના મેઘવાળ ભાઈ બહેનોને ખબર પડી એટલે બાપુને મેઘવાળ ફળીયામાં પધારવા વિનંતી કરી. અલગ રહેવાની વ્યવસ્થા કરી આપીશું તેમ જણાવી ફળીયામાં મઢી કરવાનું જણાવ્યું. માનદાસબાપુએ આ વિનંતીને સ્વીકારી નહીં. અહીં એકાદ માસ થયો હશે ત્યાં દીકરા અને શીતળા નીકળે છે. શરીરમાં તેલ મૂકવાની પણ જગ્યા ન રહે તેમ શીતળાના દાણા ભરાઇને ફૂટવા લાગ્યો. તે સમયે આ રોગનો કોઈ ઉપચાર ન હતા. માનદાસ ભભૂતિ લગાવી થાય તેટલી સેવા કરી. શીતળામાં રૂડાનો દેહ છૂટીગયો. માનદાસબાપુ દીકરાની અંતિમવિધિ કરી સંસાર સાથેના વળગણથી મુક્ત થઈ આ સ્થાનને પણ છોડી દે છે.

માનદાસબાપુ ભ્રમણ કરતા કરતા માળિયા (હાટીના)ના પાદરમાં આવ્યા. ગામના ગઢનો દરવાજો છોડી દૂર એક ખખડધજ વડલો ઊભો હતો ત્યાં પૂર્ણ એકાંત હતું. સામાન્ય લોકોની ત્યાં આવ-જા ન હતી. દિવસે પણ બીક લાગે તેવી એ જગ્યા હતી. માનદાસબાપુને આ જગ્યા પસંદ આવી. પ્રથમ ધર્મની ધજા બાંધી, સ્થાનદેવતાઓને નાળિયેર ચડાવી, ધૂણો ચેતાવી, ધૂપ-દીપ પ્રગટાવ્યાં, અલખ જગાવી મઢી સ્થાપી. કેટલાકે આવીને બાપુને ચેતવ્યા કે 'આ ભૂત વડલો છે, રાત્રે ડાકણો અહીં રાસડા રમે છે જે બાપુ, આપને ભરખી જશે.' બાપુને થયું કે તો અહીં કોઈ સામાન્ય જન આવી સાધનામાં વિક્ષેપ કરશે નહીં, આ એકાંત જગ્યામાં મજા પડશે, ને બાપુએ એ જગ્યા છોડી નહીં.

માનદાસબાપુએ સ્થાપેલી મઢીએ ભાવિકો આવવા લાગ્યા. સાધુ, સંતો, અભ્યાગતો, અતિથિઓ માટે દાળ-રોટલાના ભોજનની વ્યવસ્થા ઊભી કરી અન્નક્ષેત્ર ચલાવ્યું. દર અજવાળી બીજનો મઢીમાં જ્યોતપાટ થવા લાગ્યો. દૂર દૂરથી ભજનગાયકો તેમની મંડળી સાથે આવવા લાગ્યા. ગતગંગાનો જમેલો બરાબરનો જામ્યો. આવી સાર્વજનિક જગ્યામાં કેટલાક ગંજેરીઓ અને અડિયલો પણ આવતા હોય છે જે બાપુના સાંનિધ્યથી પરિવર્તન પામી સતમાર્ગે વળે છે. ભાવાજી મેઘીદાસ અને વાલીમાતા મઢીમાં સેવા-ચાકરીમાં જોડાયાં. ગડુ (ચોરવાડ)ના રેલવે સ્ટેશનમાં પડી રહેતો સોમલો બાવો મંત્ર-તંત્રને દોરાધાગા કરી લોકોને છેતરી પેટ ભરતો હતો. તેને થયું કે મારે પાપી પેટ ભરવા આમ કરવું પડે છે. જો એ મારું પેટ મઢીએ ભરાય તો ચાલ ત્યાં સેવામાં

લાગી જાઉં. ઉત્તર ગુજરાતમાંથી બ્રાહ્મણો સૌરાષ્ટ્રમાં માંગવા આવતા તે ટેલિયા બ્રાહ્મણ નામે ઓળખાતા. આમાં ઘણા લખણલાડકા હોય પણ સાપ જેમ દરમાં સીધો ચાલવા લાગે તેમ આવા અહીં સીધાદોટ થઈ રહેતા. આમાંના કેટલાક સારું કામ કરનારા મળી જતા જે મઢી-આશ્રમ ચલાવવામાં જરૂરી હતા.

માનદાસ બાપુએ આ માળિયાની મઢીએ બાર વર્ષે તપ-સાધના અને લોકસેવા કરી. આ સમયમાં તેમને અલખધણીનો 'સવરોમંડપ' ભરવાની ઇચ્છા થઇ. આ મંડપ કરવો એ નાનીસૂની વાત ન હતી. કારણ કે તે સમયે મંડપ એક મહિનાનું અનુષ્ઠાન થતું, તે પછી પંદર દિવસની સ્થાપના કરી મંડપ થવા લાગ્યા, તે પછી સાડાત્રણ દિવસ મંડપ રહેતો. આજે તો ચોવીસ કલાકની વિધિ આવી ગઈ છે. આ સમયે લાખો લોકો આવે. તેમને જમવાની, પાણીની વ્યવસ્થા આપવી પડે. મંડપના વિધિ-વિધાનમાં, સાધુ-સંતોને સાચવવા ને ભેટપૂજા આપવી તેમાં લાખો રૂપિયા ને તેની વ્યવસ્થા જાળવવા હજારો સેવકો જોઈએ. માનદાસબાપુ પાસે અલખનું નામ હતું. સંતોનો સંકલ્પ, તેની અંતરઇચ્છાએ હરિએ આવવું પડે છે.

માનદાસબાપુ વહેલી સવારે સ્નાન, ધ્યાન, સ્મરણ, પૂજા-પાટ કરી ચલમ લગાવીને બેઠા હતા. સૂર્યદેવનાં કુમળાં તેજકિરણો પથરાઈ રહ્યાં હતાં ત્યાં એક શ્વેત વસ્ત્રધારી, ગળામાં મોતીની માળા, કાને કુંડળ, માથે મારવાડી પાઘડી, સાથે સેવકો લઈ આવે છે. બાપુને પગે લાગી કહે છે કે બાપુ મારે અનાજ કરિયાણાની જથ્થાબંધ દુકાન છે, મઢીમાં અન્નક્ષેત્ર નિમિત્તે જે જોઈએ તે મંગાવી લેશો. માનદાસબાપુને થયું કે મારો અલખધણી વેપારી થઈને આવ્યો છે. નરસિંહ મહેતાની હૂંડી સ્વીકારે, કુંવરબાઈનું મામેરું પૂરે, શ્રાદ્ધ કરવા આવે તો મારો મંડપ કરવા પ્રભુ કેમ ન આવે ?! માનદાસબાપુએ મંડપ કરવાની ઇચ્છા જણાવી. શેઠે મરતાં મરતાં કહ્યું, બાપુ, મંડપમાં ઘઉં, તેલ, ઘી, ગોળ, ખાંડ, ચા જે જોઈએ તે મંગાવી લેશો. આ સેવા કરવાની મને તક આપો. માનદાસબાપુએ અહીં ચાર મંડપ કર્યા, બાર વર્ષનું તપ ને સેવા પૂરી કરી આ સ્થાનની મમતા રાખ્યા વિના છોડીને નીકળી ગયા.

માનદાસબાપુ ફરતા ફરતા માંગરોળ આવ્યા. મેઘવાળફળીયા તરફ, આજે જ્યાં નવું બસસ્ટેશન આવેલ છે તેની આથમણી બાજુએ તે સમયે માંગરોળનો ગઢ આવેલો હતો ને આસપાસની જગ્યા ઘણી પડતર ને અવાવરું પડી હતી ત્યાં માનદાસબાપુએ પૂર્ણા ચેતાવી, ચીપિયો ખોડી, ચલમ લગાવી દેવમઢી સ્થાપી. માંગરોળ તે સમયે નાનું શહેર ગણાય. તેમાં કોઈ નવી વસ્તુ બંધાય એટલો લોકોને જાણમાં આવી જાય. રાજના રખોપિયાને આ નવી મઢી બંધાયાનો ખ્યાલ આવ્યો ને તેમાં પણ એ મેઘવાળ સમાજનો સાચું છે એટલે તેને માફ ન કરી શકાય. ફરિયાદ નાસીરમિયાં પાસે ગઈ. તેમણે માંગરોળના મેઘવાળ મેતરિયાઓને બોલાવી મઢી હટાવી લેવાનો હુકમ કર્યો. મેતરિયાઓએ માનદાસબાપુને વિનંતી કરી ફળીયામાં આવી જવાનું જણાવ્યું. હઠયોગી માનદાસબાપુએ કહ્યું સરકારને જે કરવું હોય તે કરે. હું આ જગ્યા છોડીશ નહીં. સરકારે બળનો પ્રયોગ કર્યો પણ તે રાત્રે નાસીરમિયાં પથારીમાંથી ત્રણ વખત પડી ગયા. બેચેની વધી ગઈ. તેને થયું કે મારી કોઈ ભૂલ થઈ છે જે અલ્લાને પસંદ નથી. તેને વિચાર આવ્યો કે મારાથી મેઘવાળના સાધુને ત્રાસ અપાઈ ગયો છે. સવારે નાસીરમિયાંએ માનદાસબાપુની ક્ષમા માંગી તે જમીન મેઘવાળની મઢી માટે બક્ષિસ આપ્યાનો લેખ આપ્યો.

માનદાસબાપુએ અહીં જગ્યા સ્થાપી, મંદિર બંધાવ્યું, અન્નક્ષેત્ર ચલાવ્યું, અભ્યાગતોને ઉતરવાના ઓરડા બંધાવ્યા, તેમની સાથે માંગરોળ પંથકના મેઘવાળ ભાઈઓનો સંગાથ રહ્યો તેમાં માંગરોળના

હમીરભાઈ, ધનાકારા, દુદાજસા, મેપાભાઈ, રુદલપુરના પાલાભાઈ, માનખેત્રાના દાના માણસુર મુખ્ય હતા. માનદાસબાપુની હયાતી ન હતી તે પછી જન્મેલા કેટલાક યુવાનોએ મઢીને જાળવી રાખવા જહેમત ઉઠાવી હતી. મુખ્યસેવક જેવા અમુભાઈ ગોહિલ, મધુભાઈ કાથડ સ્વ.માનદાસબાપુને ગુરુ માની તેમની જીવનવિષયક માહિતી મેળવવા સરાળીયા નિવાસી મેઘવાળ રાજાબાપા કે જે મુંજાભગતના સેવક હતા તેમના દીકરા દેવાભાઈ પાસેથી કેટલીક વાતો સાંભળી એકત્ર કરી આપી છે.

માનદાસબાપુની એક સિદ્ધિ લોકમુખેથી સાંભળવા મળી છે કે તેઓ રોજ એક ચૂરમાનો લાડુ બનાવી તેના ઉપર અંચળો ઢાંકી દેતા, છોકરાઓ સવારે પ્રસાદ લેવા આવતા ને તે દરેકને એક એક લાડુ આપતા. બીજનો રામદેવપીરનો પાટ હોય ત્યારે તે ભોજનપ્રસાદ કરતા તેના ઉપર અંચળો ઢાંકી દેતા. ગમે તેટલા માણસો ભોજન માટે આવતા છતાં પ્રસાદ ઘટ્યાનું ક્યારેય બન્યું નથી. અન્નપૂર્ણા સિદ્ધિ તેમની પાસે હતી, માંગરોળમાં માનદાસબાપુએ પાંચ વખત અલખધણીના સવરામંડપ કરેલ છે. મોટી વાત એ હતી કે તેમાં મુસ્લિમો રામદેવપીરને હિન્દવાપીર તરીકે પૂજવા ને સેવામાં શ્રદ્ધાથી જોડાતા હતા.

સંતોનું જીવનકાર્ય સમાપ્ત થાય ત્યારે તેમને સંકેતો મળતા હોય છે. મૃત્યુ આવવાનું થાય તેની પૂર્વે દેહમાં કેટલાક ફેરફારો થતા હોય છે. સાધુ, સંતો, સાધકોને મૃત્યુના સમયની જાણ થતાં સાધુ, સંતો, સેવકો, ગતગંગાને બોલાવે છે. સમાધિ ગળાવી તૈયાર કરે છે. માનદાસબાપુએ પોતાનો નિશ્ચિત સમય જણાવી, જરૂરી વિધિ વિધાનના સૂચનો આપી, વેરાવળ પાટણથી ગોર ભીખા રામજીને બોલાવી તેની પાસે શું પૂજન કરાવવું તેની સૂચના પણ આપી દીધી. સમાજના અગ્રણીઓ, મેઘવાળ સમાજ ઉપસ્થિત હતો તેમાંથી મઢી વિશે, બાપુનું કામ કેમચલાવવું વગેરે પ્રશ્નો વિશે ચર્ચાઓ થઈ, વાદ-વિવાદ ઉગ્રતા ધારણ કરે છે. વહેલી સવારે બાપુ સમાધિ લેવાના હતા ને તેની આગલી રાતનો આ વિવાદ જોઈ માનદાસબાપુએ માંગરોળ મઢીમાં સમાધિ લેવાને બદલે અંગત સેવકોને લઈ જૂનાગઢ ભવનાથમાં બાળકસાહેબની જગ્યામાં આવ્યા.

ભવનાથ બાળકસાહેબના જગ્યાધારીઓએ માનદાસબાપુને જગ્યામાં આવવાની ના પાડી. આ મસાણ નથી કે ગમે તે અહીં આવી જાય. શિવરાત્રીનો મેળો ભરાવાને થોડા દિવસો બાકી હતા છતાં ભવનાથમાં સાધુ, સંતોનું આગમન થવા લાગ્યું હતું. માનદાસબાપુને થયું કે મારાથી હવે ગિરનાર ક્ષેત્ર છોડાય નહીં. કાલભેરવનું સ્મરણ કર્યું, હનુમાનજી-પ્રાણને સ્થિર કરી, દત્તના શિખરે સૂરતા સ્થિર કરી, છેલ્લી ચલમ ભરી જ્યાં ત્રીજો દમ મારે છે ત્યાં ગિરનારમાંથી ગેબી નાદ ગાજી ઊઠે છે. અલેખ... અલેખ... ને સામેથી આદેશ... આદેશ... સંભળાય છે. બાળકસાહેબની જગ્યાના મહંતને પોતાની ભૂલ સમજાણી, સૌ સેવકો માનદાસબાપુને ચરણે પડ્યા, સૂર્યના પ્રથમ કિરણે ગિરનારમાંથી ડોકું કાઢ્યું ને માનદાસબાપુ મહાસમાધિમાં પહોંચી ગયા. વિ. સંવત ૨૦૦૧ – ઈ.સ. ૧૯૪૫માં માનદાસબાપુ સમાધિ લઈ અલખમાં ભળી ગયા.

સંદર્ભ સૂચિ

- ગોહિલ, ડો. નાથાભાઈ (૨૦૧૭), ગુજરાતની આંતરચેતના ભાગ-૨, અમદાવાદઃ નવભારત સાહિત્ય મંદિર

આષર્દ્રષ્ટા શ્રી મામૈદેવ

જન્મ	: વિ. સંવત ૧૨૨૧ – ઈ.સ. ૧૧૬૫; બીજો મત વિ. સંવત ૧૨૩૭ ઈ.સ. ૧૧૮૧
જન્મસ્થળ	: ગામ-ગુરુપદ્ધર, તાલુકો-ભુજ (કચ્છ); બીજો મત-ભાદ્રા સિંધ પાકિસ્તાન
મૂળનામ	: બીજકદેવ
જન્મજ્ઞાતિ	: મેઘવાળ મહેશ્વરી
માતા-પિતા	: માતા-રીણાંદેદેવી, પિતા-માતૈદેવ
પરિવાર	: ચાર પત્નીઓ-ભોરીદેવી, લીંઅદેદેવી, હીરાંદેવી, મીણાંદેવી;
સંતાનો	: મૈડચંદ, મતીઆદેવ, ભગવંતદેવ, મેઘાણંદદેવ, મોડદેવ, લાલણદેવ.
ગુરુનું નામ	: પિતા માતૈદેવ, બુંદશિષ્ય પરંપરા
સમાધિ	: વિ. સંવત ૧૩૧૧ ઈ.સ. ૧૨૫૫ સિંધ સમૈનગર હાલ :પાકિસ્તાનમાં.

ધરમ પાર તેજી કરીઆ પાવડી પાણી આપ આપજો પખાર;
સદ્ધવ કરી કમાઈથી અઘરી તેજી વિગત કંથઈ.'

(મામૈદેવના કથન પ્રમાણે ધરમ કરવો તે જીવની પાળ છે. જીવનમાં ધર્મ કરતાં કર્મ સાતગણું વધારે ફળ આપે છે.)

'મહેશપંથ' બારમતીના આદ્ય સ્થાપક અને આરાધ્યદેવ અલખ અવતારી ધણી માતંગદેવ થયા. બીજા માતંગદેવના પુત્ર ગણેશ અવતારી લુણંગદેવ થયા, ત્રીજા વાસુકીદેવ અને આશપાર પંડ્યાના અવતારી માતૈદેવ થયા અને ચોથા બ્રહ્માના અવતાર, પરમચેતના, આદ્યદૃષ્ટા મામૈદેવ થયા. મહેશપંથના આગમ, નિગમ અને અગોચરના જ્ઞાતા તેમજ ગતગંગા મહેશ્વરી મેઘવાળ સમાજના પૂજનીય દેવ મામૈદેવ થયા.

મામૈદેવનું સૌથી મોટું કાર્ય 'મહેશપંથ'નું દર્શન, સાધનાપ્રક્રિયા, માનવજીવન મૂલ્યોને કાવ્યાત્મક વાણી વેદ કથનમાં રચી પ્રચાર-પ્રસાર કરેલ છે. માતંગદેવ ,લુણંગદેવ, મામૈદેવ વિશેની વિગત પણ મામૈદેવ જણાવી છે. મામૈદેવ સિદ્ધસાધક હતા, આષર્દ્રષ્ટા હતા એટલે તેમણે આગમવાણી આજથી એક હજાર વર્ષપહેલાં કથી તે આજે સત્ય બની છે, બની રહી છે જે તેમનું મહત્ત્વનું પ્રદાન છે. આ સમગ્ર સાહિત્ય કંઠસ્થ પરંપરાએ માતંગદેવોના કંઠે મેઘવાળ સમાજમાં કથાઈ રહ્યું છે. જેની હસ્તપ્રતો પણ સચવાયેલી છે.

મામૈદેવનું જીવન-કથન : મામૈદેવના જન્મ વિશેની મહેશ્વરી મેઘવાળોની માન્યતા એવી છે કે મામૈદેવ સાક્ષાત્ બ્રહ્માના અવતાર હતા. અલખધણી માતંગદેવ સ્વરૂપે જન્મ્યા ત્યારે બ્રહ્માએ વરદાન આપેલું કે ચોથા ક્લીયુગમાં તમે મેઘવાળ સમાજમાં મામૈદેવ સ્વરૂપે અવતાર ધરશો ને ત્યારે તમારે મુખેથી જે વાણી બોલાશે તે સત્ય થશે. આ વચન પ્રમાણે મામૈદેવ જે વેદ બોલ્યા તે સત્ય થયા છે. બ્રહ્માને ચાર પત્નીઓ : ઇતિ, ધૃતિ, શ્રૃતિ અને સ્મૃતિ નામે હતી તે ચાર મામૈદેવ સાથે અવતાર ધરે છે. 'મેઘવંશમાં જણાવ્યા પ્રમાણે એ ચાર દેવીઓ : ભોરીદેવી, ભીંઅરદેવી, હીરાંદેદેવી અને મીણાંદેદેવી.

મામૈદેવ આષર્દ્રષ્ટા હતા તેનું કારણ તેઓ સિદ્ધ સાધક હતા. મંત્રસિદ્ધ પુરુષ હતા. તેમની છઠ્ઠી ઇન્દ્રિય જાગી ચૂકી હતી. પરિણામે તેઓ ભવિષ્યદર્શન કરી શકતા હતા જે તેમની વાણીથી સિદ્ધ થયું છે. મામૈદેવે કચ્છના ચંદ્રવા ડુંગરમાં તપસ્યા કરી હતી. માતંગદેવ, લુણંગદેવ, માતૈદેવ અને મામૈદેવના નામે સમાજમાં અનેક

ચમત્કારિક ઘટનાઓ બન્યાનું જાણવા મળે છે. જો કે આ ચમત્કારોને ચમત્કાર તરીકે જોવા ન જોઈએ. આ માતંગદેવો સિદ્ધ સાધકો હતા તેથી તેમની સિદ્ધિઓનો આ પરિપાક હતો તેમ કહેવું યોગ્ય ગણાશે. તેમનાં જે સાધના કેન્દ્ર હતાં તે આજે મહેશ્વરી મેઘવાળ સમાજનાં યાત્રાધામો બની ગયેલ છે જેમ કે

'પેલો તીરથ ચંદ્રવો, બીજો કારેલો કેદાર;
ત્રીજો સોમૈયો લંગ, ચોથો શેણી ભવ જો સધાર.'

પ્રથમ તીર્થ ચંદ્રવો ડુંગર (કચ્છ), બીજું તીર્થ કારંભો ડુંગર (પાલીતાણા) કેદાર તીર્થ બરાબર કહેવાય છે. ત્રીજું તીર્થ સોમનાથ (સૌરાષ્ટ્ર) છે ને ચોથું તીર્થ ધણી માતંગદેવ જે સ્થાને સમાયા સ્વધામ ગયા તે 'શેણી' (આ સ્થાન હાલમાં સિંધ પાકિસ્તાન) છે.

મામૈદેવનો જન્મ વિ. સંવત ૧૨૨૧ – ઈ.સ. ૧૧૬૫માં પિતા માતૈદેવ અને માતા રીણાંદેદેવીની કૂખે મેઘવાળ મહેશ્વરી સમાજમાં ભાદ્રા ગામે (આ સ્થાન સિંધપાકિસ્તાનમાં આવેલ છે) થયો હતો. શ્રી માતંગ વેરશી લાલજી લાલણ (જરૂવાલા) 'શ્રી મામૈદેવ' નામના ગ્રંથમાં મામૈદેવનો જન્મ વિ. સંવત ૧૨૩૭ – ઈ.સ. ૧૧૮૧ જણાવે છે ને જન્મસ્થાન ગામ ગુરુપદ્ધર, તાલુકો-ભુજ (કચ્છ) હોવાનું જણાવે છે. રૂબરૂ મૂલાકાતે ને અન્ય માતંગદેવોને મળવાથી જન્મસ્થળ ભુજ પાસેનું ગુરુપદ્ધર ગામ હોવાનું સત્ય જણાયું છે. ભુજ તાલુકાના લાખોંદ ગામની બાજુમાં ચંદુવા ડુંગરની તળેટીમાં કંઈજાર નામનું સ્થાન મામૈદેવના બાળઉછેર સાથે જોડાયું હોવાનું માતંગદેવો જણાવે છે. મામૈદેવનું જન્મ નામ બીજકદેવ રાખવામાં આવ્યું હતું.

મામૈદેવ નાનપણથી તેજસ્વી બુદ્ધિપ્રતિભા ધરાવતા હતા જાણે કે તેમની જીભે સરસ્વતીનો વાસ હતો. તીવ્ર યાદશક્તિ, એટલી જ સુંદર વાક્છટા અને ચતુરાઈ હતી. મામૈદેવે મહેશપંથનું કંઠસ્થ સાહિત્ય બરાબર પચાવી લીધું હતું. પ્રથમ કર્મપોથી દેવવાણીમાં હતી. તેને મામૈદેવે સિંધી વાણીમાં એટલે કે તે સમયના લોકોની વ્યવહારની લોકવાણીમાં ભાષાંતરિત કરી આપે છે ને તે પણ પદ્યમાં. આ પદ્યવાણીને 'ડાડાનાવેદ' નામે ઓળખાવે છે. ડાડાનાવેદના રચૈયતા મામૈદેવ પંડિત મામૈદેવ નામે પ્રખ્યાતિ પામ્યા.

મામૈદેવ માતંગીશાસ્ત્રના મહેશપંથના પૂરા ને સાચા જ્ઞાતા હતા. આ શાસ્ત્રના ગુપ્ત ને વિશિષ્ટ અર્થો લોકસમાજ સુધી પહોંચાડવાનું કાર્ય પણ તેઓએ કર્યું હતું. સૌ પ્રથમ હસ્તલિખિત કર્મપોથી ઉકેલનાર મામૈદેવ હતા. કર્મવીંટી એ મહેશપંથનું નૂર-તેજ-સુક્ષ્મ તેજસ્વી ચેતના છે જે ભાવેથી પૂજવામાં આવે છે. માતૈદેવે કર્મપોથી ને કર્મવીંટી મહેશ્વરી મેઘવાળ સાંગણ રોલાને આપી હતી ને એ વિધિવત્ મામૈદેવને સોંપવાનું જણાવ્યું હતું. મામૈદેવે મહેશપંથને નૂતનરૂપ આપ્યું. બારમતી જ્યોત ઉપાસનામાં જ્યોત પશ્ચિમ મુખે રખાતી હતી તે પૂર્વાભિમુખ કરી. આ જ્યોત કે જેને મહેશજ્યોત પણ કહે છે તે આંખના નૂરથી પ્રગટાવવામાં આવતી હતી તે મામૈદેવે જમણા હાથના અંગુઠા પાસેની અનામિકા આંગળીના ટેરવેથી અગ્નિકણ પ્રગટાવી જ્યોત પ્રગટ કરવાની પ્રથા પાડી. આજે આ સત્ સાધના રહી નથી તેથી સૂતરમાંથી પ્રગટિયા બનાવી તેને ઘીમાં જબોળી તેને પ્રગટાવી તેના સળગતા બિંદુ જ્યોત ઉપર રાખેલ કપુરમાથે આડી જ્યોત પ્રગટાવવામાં આવે છે. મામૈદેવે બારાઈ-બારમતીની વિધિનો પ્રચાર પ્રસાર કરી 'વછવાર' અને વીર કહેવાયા.

મામૈદેવ માત્ર ધર્મપુરુષ ને મહેશપંથના પ્રચારક ન હતા પણ મુસ્લિમ ધર્મના આક્રમણ સામે ભારતીય ધર્મના રક્ષક હતા. નિરાશ ને હતાશ સમાજને હૈયાધારણા આપનારા હતા. માનવ સમાજને દુર્ગુણોથી બચાવી

સદ્ગુણોને જગાડનારા હતા.છત્રીસ બ્રોક-મનુષ્યને પાળવાના નિયમો સુદૃઢ કરાવનારા હતા. સતત ભ્રમણ સમાજમાં કરતા રહ્યા.

મામૈદેવ ફરતા ફરતા કચ્છ-અબડાસામાં આવેલા વડસર ગામે આવે છે. જ્યાં જામ અબડાનું રાજ્ય હતું. આ વડસર ગામે આશો મહેશ્વરી મેઘવાળ રહેતો હતો. તેને ભૂરી(ભોરી)દેવી નામે સુંદર કન્યા હતી. આશોની ઇચ્છા પોતાની પુત્રીને મામૈદેવને પરણાવવાની હતી એટલે મામૈદેવને વિનંતી કરી ભુરીદેવીને સ્વીકારવાનું કહ્યું. મામૈદેવે ભુરીદેવી સાથે લગ્ન કરવાની હા પાડી ને ધામેધૂમે મામૈદેવ ને ભુરીદેવીનાં લગ્ન થયાં. મામૈદેવ વડસર ગામથી નજીકના ગુડથર ગામે વસવાટ કરી પરિવાર સાથે રહે છે ત્યાં ભૂરીદેવીએ પ્રથમ પુત્ર 'મંડચંદ'ને જન્મ આપ્યો.

મામદૈવ તો ભ્રમણ કરતા રહે છે ને તેઓ તે પછીથી ભીસંદેદેવી, હીરાંદેદેવી અને મીણાંદેદેવી સાથે લગ્ન કરે છે. સૌથી મોટો પુત્ર મડચંદ નાનપણથી અનેક સિદ્ધવિદ્યાઓ જાણતો હતો તેને વિદેશ મોકલી દેવો પડે છે. અન્ય પુત્રોમાં મતીઆદેવ, ભગવંતદેવ, મેઘાણંદદેવ, મોડદેવ પછી તેજસ્વી સાધકો હતા. પરંતુ સૌથી નાનો લાલણદેવ ભોળો ને ભલો હતો. એટલો જ પવિત્ર હતો એટલે પિતા મામૈદેવને થયું કે કર્મપોથી ને કર્મવીંટી લાલણદેવને સોંપી પોતાનો ઉત્તરાધિકારી બનાવ્યો.

મામૈદેવના જીવનની અનેક ચમત્કારિક ઘટનાઓ સાંભળવા મળે છે. તેમાં કેટલીક મહત્ત્વની જણાઈ છે. તેમાંની એક કચ્છ-અબડાસાના રાજા જામ અબડા સાથેની પ્રસંગકથા છે.

જામ અબડાને પૂ. મામૈદેવ તરફ અપાર શ્રદ્ધા અને પ્રેમ હતો. મામૈદેવ જ્યારે મહેશ્વરી ફળીયામાં પધારે ત્યારે તેઓને પાલખીમાં બેસાડી રાજમહેલમાં લઈ જાય. એક વખત અબડા જામે મામૈદેવને કોઈ અદ્ભૂત ચમત્કારી ઘટના દેખાડવા વિનંતી કરી. મામૈદેવે ગમ્મત ખાતર જમણા હાથની હથેળીમાં અબળાને જોવાનું કહ્યું તો મામૈદેવની એ હથેળીમાં તે સમયના દિલ્હીના બાદશાહ અલ્લાઉદ્દીન ખીલજીનો રંગમહેલ દેખાય છે. સ્વરૂપવાન સુંદરીઓ સાથેની પ્રેમગોષ્ઠિ, મદિરાની પ્યાલીઓ, હાસ્ય-વિનોદ, પ્રણય શૃંગાર જોવા મળે છે ને પછી તુરત જ આ દૃશ્ય અદૃશ્ય કરી આપે છે.

આ પ્રસંગકથા જુદી રીતે પણ સાંભળવા મળે છે કે, સિંધના સમૈનગરમાં જામનંદાનું રાજ્ય હતું. આ જામનંદ એટલે માતંગદેવોને દેવ તરીકે સ્વીકારી તેમના હાથે રાજતિલક સ્વીકારતા હતા. એ જામનંદાના માતા મકલીબહેનને મામૈદેવે ધર્મની બહેન માની હતી. તે નાતે જામનંદાને મામૈદેવ મામા થતા હતા. મામૈદેવની આ ધર્મની બહેન મકલીને કોઈ સંતાન ન હતું, ત્યારે બહેને ભાઈ પાસેથી વચન માંગીને સંતાન માંગ્યુ તે જામનંદાજી. સમૈનગરમાં તે સમયે એટલે કે વિક્રમ સંવત ૧૨૮૫માં જામ ઉન્નડ બીજો રાજ્ય કરતો હતો. તેને ત્યાં મામૈદેવના વચને જામનંદાજીનો જન્મ થયો. સાથે સાથે એ ભવિષ્યવાણી ભાખી કે આ જામ નંદાના હાથે મામૈદેવનું મૃત્યુ થશે. આ જામનંદાને 'બાંભણીય' નામે પણ ઓળખવામાં આવે છે.

જામનંદાને મામા મામૈદેવે પાસેથી કંઈક ચમત્કાર જોવાની ઇચ્છા થઈ. ખૂબ જ વિનંતી કરી એટલે મામૈદેવે જામનંદાને પોતાના પગ ઉપર ઊભો રાખી બંને આંખો બંધ કરી જોવાનું કહ્યું તો જામનંદાને દિલ્હીના બાદશાહ અલ્લાઉદ્દીન ખિલજીના વિશાળ બગીચામાં બાંધેલ સુંદર હોજમાં બાદશાહની ખૂબસૂરત બેગમો નગ્ન સ્નાન કરતી જોવા મળે છે. આ જલક્રીડા જોતાં જામનંદો કામાતુર બની ગયો. ત્યાં મામૈદેવે એ દૃશ્ય અલોપ કરી

નાખ્યું. જામનંદાને થયું કે આજે તો મામાએ પોતાની વિદ્યાથી દિલ્હીના બાદશાહની બેગમો નગ્ન જોવડાવી તો બની શકે કે એ વિદ્યાથી અમારી રાણીઓને નગ્ન બીજાને પણ બતાવી શકે. એટલે જામનંદાએ ક્રોધે ભરાઈ તલવારથી મામૈદેવનું મસ્તક છેદી નાખ્યું !

કચ્છના જામ અબડા સાથે એક સત્ય ઐતિહાસિક ઘટના જોડાયેલી છે તેમાં આશા મેઘવાળની પરાક્રમકથા પણ જોડાયેલી છે. જામ અબડા પાસે સુમરા કોમની સાત વીસું સ્વરૂપવાન સુંદરીઓ અલ્લાઉદ્દીન અને તેના મુસ્લિમ સત્તાધીશોથી પોતાનું શિયળ બચાવવા આવે છે. આ સુંદરીઓને જામ અબડો રક્ષણ આપે છે. અલ્લાઉદ્દીન સામે યુદ્ધે ચડવું એ મોતને સામેથી નોતરવા બરાબર હતું, છતાં એક રાજપૂત રાજાની ટેક, આશરે આવેલી સ્ત્રીઓનું રક્ષણ કરવું એ ધર્મ છે. અબડાના દરબારમાં આશો મેઘવાળ બેઠો હતો. તેણે કહ્યું કે હું વિદ્યાથી અલ્લાઉદ્દીનનું માથું કાપીને લાવી આપું. મામૈદેવની વિદ્યાથી હું એકલે હાથે એ શક્ય કરી આપીશ. પરંતુ અબડાએ કહ્યું કે વિદ્યાબળથી શત્રુને સંહારવો એ કાયરતા છે, માટે એ માર્ગ બરાબર નથી. ત્યારે આશો મેઘવાળ કહે છે કે સારું તો હું અલ્લાઉદ્દીનની કટાર વિદ્યાથી લાવી આપીશ. આશો અલ્લાઉદ્દીનની છાવણીમાં રાત્રે જાય છે, પરંતુ તેને કોઈ જોઈ શકતું નથી. અલ્લાઉદ્દીનની ભેટમાંથી સુવર્ણ જડિત કટારી લાવી આપે છે ને બીજા દિવસે સંદેશો આપે છે કે હું ધારું તો આ પ્રમાણે તારું માથુ પણ ઉતારી શકું. બાદશાહને બીક લાગી એટલે સમાધાન કરવા તૈયાર થયા ને સાત વીસું સુમરીઓમાંથી માત્ર એકને આપી દેવામાં આવશે તો તેને લઈને હું ચાલ્યો જઈશ, પરંતુ અબડો એક પણ સુંદરીને આપવા તૈયાર ન થયો. તે પછી યુદ્ધ થયું.તેમાં અબડો અને આશો મેઘવાળ બહાદુરીપૂર્વક લડે છે ને અંતે વીરગતિને પામે છે ને સુંદરીઓ ચિત્તાએ ચડી મૃત્યુ પામી.

કચ્છના અબડાસા પ્રદેશમાં મણીયારાગઢનાં ખંડેરો આવેલાં છે. આ ગઢમાં ઘજી નામનો ગિરાસદાર રહેતો હતો. મામૈદેવને આ દરબાર ધર્મગુરુ માનતા હતા. આ દરબારને તેના હજામની કાનભંભેરણીથી મામૈદેવના સતને તપાસવાની ઇચ્છા થઈ એટલે મામૈદેવને ભોજનમાં કૂકડાનું શાક બનાવી પીરસે છે. જો મામૈદેવ સિદ્ધ હશે તો આ કૂકડાનું શાક છે તે ઓળખી જશે. મામૈદેવ જમવા બેઠા ને થાળ સામે જોઈને બોલ્યા : 'અરે ! અભાગીઆ, તું થાળમાં ક્યાંથી આવ્યો ? ચાલ ભાગી જા...' ને કૂકડો સજીવન થઈ કો... કો....કો... કરતો પાંખો ફફડાવી ઊડી ગયો.

રાજા દેઘજી ને હજામ ધ્રુજવા લાગ્યા. બંનેને કાળો કોઢ નીકળ્યો ને મામૈદેવે શાપ આપ્યો કે જા તારી આ ગઢ ખંડેર થઈ જશે. મહેશ્વરીઓને આદેશ આપ્યો કે મણીયારો ગઢ ખાલી કરો ને ગુડથર ગામ વસાવો, આજે આ મણીયારો ગઢ ખંડેર ઊભો છે.

મામૈદેવ ફરતા ફરતા સોરઠ જૂનાગઢમાં આવે છે. મેઘવાળ ફળીયામાં ઉતારો રાખે છે. વહેલી સવારે નહાવા માટે તળાવે જાય છે, પરંતુ એ સમયે તળાવના પાણીને ચોકીપહેરો રાખ્યો હતો. આ પાણીનો પીવા સિવાય બીજો ઉપયોગ કરવાની મનાઈ હતી, કારણ કે રાજ જ્યોતિષીનો દાવો હતો કે જૂનાગઢમાં બાર વર્ષનો દુષ્કાળ પડશે એટલે આ પાણીને સાચવવાનું હતું, પરંતુ મામૈદેવ તળાવમાં નહાય છે. તેની ફરિયાદ દરબારમાં કરવામાં આવી. રાજનું ફરમાન આવ્યું ને મામૈદેવને દરબારમાં હાજર થવું પડ્યું.

જૂનાગઢમાં તે સમયે રાખેંગારનું રાજ્ય હતું. તેણે મામૈદેવને હ્યું કે બાર બાર વર્ષનો દુષ્કાળ પડશે એટલે આ હુકમ કરવો પડ્યો છે. મામૈદેવ કહે છે કે વરસાદ થશે ને હું ગિરનારના શિખરે બેસીશ, ત્યાં મારી દાઢીએ

પાણી પહોંચશે. તારી જ્યોતિષ વિદ્યા ખોટી છે ને મામૈદેવે આરાધ કર્યો. બારમેઘ ખાંગા થયા ને વરસાદ એટલો બધો પડવા લાગ્યો કે ચારે તરફ બધું ડૂબવા લાગ્યું. રાખેંગાર મામૈદેવની માફી માંગવા લાગ્યા. હવે શું કરવું એટલે મહેશ્વરીઓએ એક ઉપાય દર્શાવ્યો. થાળમાં વરસાદનું પાણી ભરી શિખરે ધ્યાનસ્થ બેઠેલા મામૈદેવની દાઢીએ અડાડે છે ને દેવની પ્રતિજ્ઞા પૂરી થઈ. વરસાદ બંધ થયો. સૌ મામૈદેવને પગે લાગે છે. રાજા તેમને ગુરુ તરીકે સ્વીકારે છે ને આનંદમંગલ વર્તાય છે.

મામૈદેવના સૌથી મોટા પુત્ર મડચંદ નાનપણથી તેજસ્વી અને દિવ્યવિદ્યાના જાણકાર હતા. મામૈદેવ સૌરાષ્ટ્રના બરડા પ્રદેશના ગઢઘૂમલી ગામે જેઠવા રાજપુત રાજ્યમાં ગયા હતા. પિતાને મળવા માટે મડચંદ ગઢઘૂમલી આવે છે તો જાણવા મળ્યું કે ઘૂમલી ઉપર દિલ્હીના રાજા અલાઉદ્દીન ખિલજીએ ચડાઈ કરી છે. મોટી તોપો ને મુસ્લિમ સૈન્ય લઈને આવ્યો છે. તેની સામે જેઠવાઓ ટકી શકે તેમ નથી એટલે ગઢના દરવાજા બંધ કરી દીધા. બીજી એક માન્યતા એ પણ કહેવામાં આવે છે કે રૂમ-સૂમના ગોરાઓ લશ્કર લઈને આવે છે ને ગઢ ઉપર તોપો માંડે છે, પરંતુ આ રૂમ-સૂમ એ રુસ-રશિયા એ અર્થ સ્વીકાર્ય બનતો નથી, પરંતુ આ સમયે ઇતિહાસમાં જણાવ્યા પ્રમાણે મુસ્લિમ સત્તાધીશોનું આક્રમણ થયું છે.

ગઢ ઉપર દુશ્મનોનો તોપમારો થાય છે, ત્યારે મડચંદ દરવાજે બેઠો છે. બધા જ ગોળા રાખ થઈ નીચે પડી જાય છે. આ ચમત્કારની જાણ બાદશાહને થાય છે. મડચંદને બોલાવે છે. તેની નિર્ભયતા અને વિદ્યાથી બાદશાહ ખુશ થયો. મડચંદના પિતા માર્મદેવને ગઢમાંથી બોલાવી જણાવે છે કે જો મને આ મડચંદ સોંપી દે તો હું હુમલો કર્યા સિવાય અહીંથી ચાલ્યો જઈશ. મામૈદેવને પુત્રપ્રેમ છે. બીજી તરફ નિર્દોષનો સંહાર અટકાવવાનો છે, એટલે મમતાનો પથ્થર છાતી ઉપર મૂકી દીકરા મડચંદને અલાઉદ્દીનને સોંપે છે ને કહે છે કે બેટા મડચંદ, તારી આ કુરબાનીનો બદલો તને જરૂર મળશે. ચોથા યુગમાં ભારત ઉપર સંકટ આવશે ત્યારે મડચંદ, તું એક વીર યોદ્ધા તરીકે આ દેશને બચાવી અમર થઈશ. તે પછી એમ કહેવાય છે કે બાદશાહ મડચંદને મુસ્લિમ બનાવી દીકરા જેવો પ્રેમ આપે છે ને તેની વિદ્યાનો લાભ મેળવે છે.

મામૈદેવ જામમુડવાજી જાડેજા સાથે કચ્છમાં ઘણો સમય રહ્યા છે. આ કચ્છભૂમિમાં જામમુડવાજી મામૈદેવ સાથે ફરતા હતા ત્યારે રણપ્રદેશમાં ક્યાંય પાણી ન હતું ને જામમુડવાજીને અતિ તરસ લાગે છે. રાજાના માણસો મામૈદેવને કટાક્ષથી ઘણું બધું કહે છે ત્યારે મામૈદેવે અબડાસા તાલુકાના ગોયલા મોખરા ગામની સીમ જે ઇન્દ્રી-અંધી તરીકે ઓળખાય છે, ત્યાં પાણીનો ઝરો પ્રગટ કર્યો. આ રીતે જાડેજા રાજવીઓના કામ માતંગદેવથી મામૈદેવ સુધી દરેકે દેવે કરી આપ્યા છે ને બદલામાં મેઘવાળ સમાજ પાસેથી કોઈ પણ જાતનો કર ન લેવો, કોઈ ત્રાસ ન આપવો અને માતંગદેવ જે ગુરુસ્થાને હોય તેના હાથે રાજતિલક લેવાનો જ્ઞાનબોધ આપ્યો ને તે જાતના શિલાલેખ લખાયાનું પણ જણાવે છે. મામૈદેવના વંશજોને રાજગુરુ તરીકે સ્વીકારવાના તેમની પાસેથી ગુરુબોધ લેવાનો અને તેમના કુટુંબનું ભરણપોષણ કરવાનું આભડછેટ નહીં રાખવાની રાજ્યની ટંકશાળના સિક્કામાં કુળદેવી તારાપુરાનું ત્રિશૂળ અને કુળગુરુ માતંગદેવની કટારીનું નિશાન પાડવાનું જેવી માંગણીઓ મૂકી તેને સ્વીકારાયેલું છે.

સિંધના સમૈનગરમાં જામનંદજી કે જે મામૈદેવના ભાણેજ થતા હતા તેમાં રાજ્યમાં ધીમે ધીમે મુસ્લિમસત્તા, મુસ્લિમ ધર્મનો પ્રભાવ વિસ્તરી રહ્યો હતો અને રાજકચેરીમાં મોલવીઓ અને સૈયદ કર્તાહર્તા બની

ગયા હતા. હિંદુઓને ફરજિયાત મુસ્લિમ થવું પડતું હતું, તે સમયે જામનંદાએ મામૈદેવનો શિરચ્છેદ કર્યો, ત્યારે મામૈદેવની ઉંમર ૯૦ વર્ષની હતી. વિક્રમ સંવત ૧૩૧૧ વૈશાખ વદ ચોથને દિવસે આ ઘટના ઘટી. આ ઘટનાને માતંગ વેરશી લાલણ વિ. સંવત ૧૩૭૯ જણાવે છે. મામૈદેવે પોતાનું મસ્તક હાથમાં લઈ થાળમાં મૂક્યું ને આ મસ્તકે જે આગમવાણી ઉચ્ચારી તેને મામૈદેવના વેદ કહેવામાં આવે છે. આ ભવિષ્યવાણી આજે સત્ય જણાઈ છે. આ રોમાંચકારી ચમત્કૃતિ મામૈદેવને સિદ્ધપુરુષ તરીકે સ્થાપે છે. આ મામૈદેવની આગમવાણી આગળના પ્રકરણમાં દર્શાવેલ છે.

મામૈદેવનું મસ્તક અને ધડ સમૈનગરથી મક્લી આવે છે. ત્યાં મામૈદેવના પાંચેય પુત્રો આવ્યા અને પિતાનો અંતિમવિધિ કર્યો. આજે આ સ્થાન મૂવી નગરઠઠ્ઠા સિંધ-પાકિસ્તાનમાં આવેલ છે, જ્યાં મહેશ્વરી મેઘવાળી યાત્રાએ જાય છે. મામૈદેવ પછી મહેશપંથ-બારમતી સંપ્રદાયના કર્મપોથી, કર્મવીંટોના અધિકારી તેના સંતાનો ગણાય છે.

માતંગદેવ પરંપરાની કર્મવીંટી ને કર્મપોથી આજે લાલણવંશના વડેરા દીકરાને સોંપવામાં આવે છે. તેને 'પીર'નો ઇલકાબ અપાય છે. સમાજમાં તે પીરથી પૂજાય છે. એ સવાલાખ પાઘડીનો ધણી ગણાય છે. આ કર્મવીંટી ને કર્મપોથીની સોંપણીનો વિધિ મહાદેવપુરી કોટડી ગામે કરવામાં આવે છે. મેઘવાળ મહેશ્વરીઓ, માતંગદેવીની મોટી ઉપસ્થિતિ રહે છે. નવા સ્થપાયેલા ગુરુ માતંગદેવને પાઘ (પાઘડી) પહેરાવવામાં આવે છે. ગુરુ માતંગદેવ ગત- મેઘવાળ સમાજમાં ધર્મપ્રચાર માટે, સમાજજાગૃતિ માટેના ઉપદેશ આપવા માટે ફરતા રહે છે.

મામૈદેવે મેઘવાળ અને સમગ્ર માનવસમાજને માટે જુદા જુદા આરાધ, વ્રત, સંયમ અને આચરણને અતિ આવશ્યક માનતા હતા. નીતિધર્મ પાળવો, સુપાત્રને દાન દેવું, અતિથિ સત્કાર કરવો, સત્ય અને શીલનું પાલન કરવું તેમ જ દારૂ, જુગાર, ચોરી, વ્યભિચારી, સ્વાર્થ, વિશ્વાસથાતથી દૂર રહેવાનો માનવધર્મ મામૈદેવે સ્થાપ્યો. મામૈદેવ કહે છે :

હૈયા મ કરો હર કે આરાધો, સુકરત હલધે સાય;
ગુનો ઓધે આઉ ન છુટોસઃ મુંજી પેઢી પઈ બાંબણીએ સમે જે હાથ."

મામૈદેવની 'આગમવાણી' કે 'વેદ' (ડાડાના વેદ) નામે ઓળખાય છે. તે માત્ર પદ્ય નથી. ગ્રંથપથ છે. ગાંધીધામ નિવાસી માતંગ વૈરમી રામજી લાશ (જરૂવાલા) ને મારે ભુજમાં નવીન કે. ભોઈવાના આયોજન વખતે શ્રી અખિલ કચ્છ મહેશ્વરી વિકાસ સંપ સેમીનારમાં જવાનું થયું ત્યારે સાંભળવા મળ્યા. તેમણે મામૈદેવની વાણીને જુદાજુદા રાગોમાં ગવાતી હોવાનું જણાવી તેનું નિદર્શન કરી આપ્યું. તેમણે દિવસના ચાર પ્રહર. રાત્રીના ચાર પ્રહર પ્રમાણેના વેદને રાગ હોવાનું જણાવ્યું, જેમ 'ભજન' તેની રાત્રીના પ્રહર પ્રમાણેની રાગ-રાગણી, ઢાળ, ઢંગ ધરાવે છે તેમ આ વૈદ પણ કાવ્યાત્મક રાગો ધરાવે છે.

મામૈદેવ કથિત આગમવાણી 'વેદ' વિશે કહે છે કે મારું આ કથન સોનાના અક્ષરે સાચું માનજો. મારું કથન જો ખોટું પડે તો સાગર છલકી જાય, સૂર્ય ન ઊગે, પવનનું હલનચલન ન થાય, મેરુ પર્વત ચલિત થાય, ધરતીનું ધારણ ન રહે.

સંદર્ભ સૂચિ

- ગોહિલ, નાથાભાઈ (૨૦૧૭), ગુજરાતની આંતરચેતના ભાગ-૨, અમદાવાદઃ નવભારત સાહિત્ય મંદિર

મીઠું રામ સ્વામી

આશરે ૪૦૦ વર્ષ પૂર્વે મીઠું રામ સ્વામી નામના વણકર સાધુ ધોળી ગામથી મહેસાણા જિલ્લાના વિસનગર તાલુકાના ઉમતા ગામે આવીને રહ્યા હતા, જે રામાનંદી સાધુ હતા.

એ જમાનો હતો અંધશ્રદ્ધાઓ ખોટી માન્યતાઓ અને પાખંડથી ભરેલો, મનુષ્યને મનુષ્ય કરતા માન્યતાઓ અને રૂઢીઓ પર વધુ ભરોસો હતો. જેવી કે બિલાડી આડી ઉતરે તો અપશુકન કહેવાય. સાપ આડો ઉતરે તો અપશુકન કહેવાય, બહાર જતા હોય ને છીંક આવે તો અપશુકન કહેવાય. નિ:સંતાનના શુકન ન લેવાય, વગેરે જેવી અનેક અંધશ્રદ્ધાઓથી સમાજ પીડાતો હતો. આમ, સંત મીઠુંરામની પાકટ ઉંમર છતાં તેઓ નિ:સંતાન હતા. આથી તેમના અને તેમની ધર્મપત્નીના કોઈ શુકન પણ લેતું નહી.

આ દંપતિ કામથી બહાર જતા હોય ત્યારે લોકો તેમને જોઈને ઊભા રહી જતા, ત્યારે આ દંપતિને થતું, ’હે ધરતી માતા અમને જગ્યા આપો તો તમારા ખોળામાં સમાઈ જઈએ. સંતાન નથી એમાં અમારો શો વાંક?’

લોકો મહેણા-ટોંણા પણ મારતા, પરંતુ સંત મીઠુંરામ ’જેવી ઈશ્વરની મરજી’, એમ કહી ભકિતમય જીવન જીવતા હતા, પણ તેમના ધર્મપત્ની સહનશક્તિની હદ આવી ગઈ હતી.

એક દિવસ જીવનથી કંટાળી હતપ્રભ થઈને મીઠું રામની પત્નીએ કહ્યુ, ’ભગત ! હવે જીવવાના ઓરતા રહ્યા નથી. આવી વસ્તી સાથે જીવવા કરતાં તો મોંતને વહાલું કરવું સારૂ’.

સ્વામીજીને થયું જો પત્નીને સહકાર નહીં આપુ તો મને એકલો મૂકીને તે એકલી કોઈપણ રીતે મરી જશે. એના વિનાની મારી જિંદગી પણ દુષ્કર થઈ જશે. આથી સ્વામીજી ઊંડો શ્વાસ લઈને બોલ્યા, ’તું સાચું જ કહે છે, આવી વસ્તી સાથે વાંઝિયા મહેણા ખાઈને રોજ-રોજ બળવું એના કરતાં તો મરવું એ ઉત્તમ ઉપાય છે. ચાલ આપણે હિમાળે જઈને હાડગાળીશું’.

આમ દંપતિએ ધોળી ગામને છેલ્લા વંદન કર્યા. ધરતી માતાને સ્પર્શ કરી વંદન કરી પ્રભુને વિનંતી કરી, ’હે મારા વ્હાલા ! અનાથોના નાથ ! અમારા જેવા દિન લાવ્યા તેવા કોઈના પણ ના આવે, અને પ્રભુ અંધશ્રદ્ધાળુ લોકોને સદબુદ્ધિ આપજો.

મીઠું રામ સ્વામી અને તેમના ધર્મપત્ની હિમાળે આવી જ્યાં હાડ ગાળવાની તૈયારી કરે છે. ત્યાં એક સંન્યાસીએ આવીને કહ્યુ, ’ભગત ! જિંદગીથી કંટાળીને હાડના ગાળો, પાછા જાવ હું કહુ છું કે તમારા ઘરે સંતાન અવતરશે.’

દંપતિ સંન્યાસીને કાંઈ કહે ત્યાં સંન્યાસી અંતરધ્યાન થઈ ગયા. આથી દંપતિને ભરોસો બેસી ગયો કે સંન્યાસી બનીને આવનાર, બચાવનાર બીજું કોઈ નહીં પણ પરમપિતા પરમાત્મા સ્વયં હતા.

ધોળી ગામથી હિમાળે હાડ ગાળવા ગયેલું દંપતિ ફરતા-ફરતા ઉમતા ગામમાં આવ્યા, ઉમતાની વસ્તીમાં દૂધમાં સાકર ભળી જાય તેમ ભળી ગયા અને મીઠુંરામનું વાંઝિયાપણુ ટળ્યું.

મીઠુંરામના જીવનની સંધ્યાએ જાણે આનંદનો સુરજ ઉગ્યો અને મીઠુંરામની ભક્તિ અવિરત વધતી ગઈ. મીઠુંરામ સ્વામી ગામે-ગામ ભ્રમણ કરતા. ભજન કિર્તન કરતા. લોકો વચ્ચે જઈ સરળ ભાષામાં સત્સંગ કરતા. આમ લોકો તેમેને માનવા, ચાહવા લાગ્યા અને સંત મીઠુંરામ કહીને બોલાવતા થયા. કેટલાંય લોકો તેમના શિષ્યો પણ થયા અને સંત મીઠુંરામ એક સમયે ગામની વસ્તીની હાજરીમાં નિશાન સાધી મરણનું એલાન

આપ્યું અને આપેલા સમયે દિવસે હાથમાં શ્રીફળ લઈને સંત મીઠુંરામ સ્વામીએ સમાધિ લીધી હતી.

સમાધિ લીધા પછી તુરંત સ્વામીજી ઘોડા પર સવાર થઈને (વિહાર) મંડાલી ગામે ગયા અને તેમના બે સેવકોને દર્શન આપી, તિલક કરી માળા આપીને કહ્યુ, 'હું વિહાર જઈને આવુ છું.'

આમ, સમાધિષ્ઠ થયા પછી સ્વામીજીએ હાજરી પુરાવી તેમની ભક્તિનું પ્રગટ, પાકું પ્રમાણ આપેલુ. આવા સંત મીઠુંરામ સ્વામીજીની સમાધિ ઉમતા વણકર વાસની બાજુમાં મકાવાના કિનારે સાક્ષી પુરતી ઊભી છે. સંત મીઠુંરામ સ્વામીજીના વારસદારો ઉમતા અને વિસનગરમાં રહે છે. હાલમાં ઉમતામાં છબીલા હનુમાન દાદાનું મંદિર છે તેની પુજા બેનીબેન ચેતનદાસ કરે છે.

સંદર્ભ સૂચિ

- રાઠોડ, નરેશભાઈ ખેમાભાઈ અને દામોદરનાથજી ગુરૂ મંગલનાથજી (સંપા) (૨૦૧૫), દિલ દરિયાના મોતી, મહેસાણાઃ સ્વ. મોહનલાલ જેઠાલાલ મકવાણા ભગત પરિવાર

મૂળ સાહેબ- માલોસણાવાળા

મૂળનામ : મુળજીભાઈ કાળીદાસ પરમાર
ગામ : માલોસણ, તા. વિજાપુર, જિ. મહેસાણા
માતા : મોતીમાં
પત્ની : ધુળીબાઈ (ધુળીમાં)
દિકરીઓ : ૧. અંબિકાબેન, ૨. રંજનબેન, ૩. તારાબેન અને ૪. ત્રિવેણીબેન
ગુરૂ : કેશવ મુળ પ્રકાશ સાહેબ

સંત મુળ સાહેબ બોમ્બે પોલીસમાં રાઈટર તરીકે સેવા બજાવતા હતા. પોલીસ ખાતામાં ચાલતો ભ્રષ્ટાચાર જોઈ તેમનો કોમળ આત્મ દ્રવી ઉઠ્યો એન તેમણે સરકારી નોકરીને એકી જાટકે તિલાંજલિ આપી દીધી અને અમદાવાદ શહેરમાં પાછા આવી સ્વદેશી મીલમાં મહેનત પરસેવાની નોકરી સ્વીકારી. ગુરૂની શોધ માટે અનેક સંતોને સેવ્યા. સત્સંગ મેળાવડાઓનો લાભ લીધો અને ચોબારીના મહાન સંત કેશવ મુળપ્રકાશ સાથે તેમનો પરિચય થતાં જાણે હૈયામાં ટાઢક વળીને સંત કેશવ મુળપ્રકાશ સાહેબના ચરણાવિંદમાં મસ્તક નમાવી બોધ લીધો અને અંતરમાં અજવાળું થયું. મીલની નોકરી કરતા-કરતા સાધુ-સંતોની સેવા અને ભજનની ધૂન લાગી અને એ ધૂન એવી તે લાગી કે મીલની નોકરી પણ છોડી દીધી અને પ્રભુની નોકરી પકડી લીધી.

મુળજી ભગત ના નામે ઓળખાતા તેઓ 'સંત મુળ સાહેબ' થયા. તેમની વાણી અને જ્ઞાનથી પ્રેરાઈને કેટલાંય ભક્તો તેમના શિષ્ય થયા.

દાણીલીમડા પુરૂષોત્તમનગર (મહાશક્તિ સોસાયટી) ખાતે 'સંત મુળદાસ સેવાશ્રમ' ની સ્થાપના કરી. તેમના આશ્રમમાં દરિદ્ર નારાયણની સેવાના કાર્યો થાય છે. આંખોની તપાસ, અન્ય રોગ નિદાન કેમ્પ, પુસ્તકોનું વિતરણ, ભજન, સત્સંગ જેવા સમાજ ઉપયોગી કાર્યો અહી થાય છે.

આમ, સંત મુળ સાહેબ સાવ સાદા-સીધા છતાંય ચીંથરે વીટ્યુ રતન સમા, પારસમણી સમા, લોકલાડીલા સંત થઈ ગયા અને તેમને ચીંધેલ રાહ પર ચાલીને અને ભક્તો ધન્ય થયા. આવા સંત મુળ સાહેબ માલોસણ વાળાએ સવંત ૨૦૫૯ને તા. ૨૨-૦૧-૨૦૦૨ના રોજ નશ્વર દેહ છોડી બ્રહ્મલીન થયા.

સંદર્ભ સૂચિ

- રાઠોડ, નરેશભાઈ ખેમાભાઈ અને દામોદરનાથજી ગુરૂ મંગલનાથજી (સંપા) (૨૦૧૫), દિલ દરિયાના મોતી, મહેસાણા: સ્વ. મોહનલાલ જેઠાલાલ મકવાણા ભગત પરિવાર
- રૂબરૂ મુલાકાત: બાપુશ્રીની દિકરી અંબિકાબેન અને જમાઈ શ્રી કાન્તિલાલ વૈષણવ

સંતશ્રી મેઘ જીવો- જીવા પીર

જન્મ : ઈ.સ. ૧૮૩૪
જન્મસ્થળ : ભાણવડ, જિ. જામનગર
મુળનામ : જીવો
જન્મજ્ઞાતિ : મેઘવાળ અનુસૂચિત જાતિ
માતા-પિતા : માતા જેઠીબાઈ, પિતા રામભાઈ (રામપીર)
પરિવાર : પત્ની સુમીબાઈ, બે પુત્રો હીરો અને પુનો, પુત્રી વાલી : ભરમી
ગુરુનું નામ : મુંજા ભગત
સમાધિ : વિક્રમ સંવત ૧૯૬૦, મોખાણા ગામે ઈ.સ. ૧૯૦૪

અલખ ધણીને ઓળખો, કોણ પુરુષ કરે છે કામણિયાં;
ધમણ ધમાવી પવન ચલાવ્યા, પવનમાંથી જલ પાણી રચ્યાં.'

મેઘ જીવાનો જન્મ પીર પરંપરાના પરિવારમાં થયો હતો. તેમના પૂર્વજો પીર તરીકે આજે પણ પૂજાય છે. મારા પીએચ. ડી.ના સંશોધન નિમિત્તે ઈ.સ. ૧૯૮૩માં સોઢાણા ગામે પૂ. માલદેવપીરને મળવાનું થયું હતું. તેમણે જે માહિતી આપી તેમજ સ્થળ મુલાકાતના આધારે મારા સંશોધન ગ્રંથ 'સૌરાષ્ટ્રના હરિજન ભક્તકવિઓમાં આ પીરપરંપરાનો પરિચય તેમજ મેઘ જીવાની વાણી સાથેની નોંધ ઈ.સ. ૧૯૮૭માં પ્રકાશિત થયેલ છે. આ ગ્રંથમાં હરિયાપીર અને ભીમપીરની નોંધ મૂકી છે. તેથી અહીં માત્ર મેઘ જીવાની જીવન ને વાણીનો પરિચય આપીશ

મેઘ જીવાના પૂર્વજો બરડા પર્વતમાળા (જિલ્લો પોરબંદર)ના આભપરા ડુંગરની તળેટીમાં આવેલ પ્રાચીન 'ઘુમલી' નગરમાં રહેતા હતા. આજે આ નગરને ફરતે ગઢ હતો તેનાં પ્રાચીન ખંડેરો જોવા મળે છે. નવલખો, જેતાવાવ, પી સોનકંસારીનાં દહેરો અને ભૃગુઋષિનો કુંડ આ નગરની ભવ્યતાની સાક્ષી પૂરે છે. આ નગરના મેઘવાળ વણકર, ચાંડપા કુળના હરિયા માલદેવ રહેતા હતા. આ હરિયા માલદેવ પણ મૂળ જમરાયેડ (તાલુકો કુતિયાણા, જિ. પોરબંદર)ના રહેવાસી હતા. મેઘવાળ સમાજને તો રોજી રોટી મળે તે તેમનું ગામ હરિયા માલદેવની પીરાઈ પ્રગટ કરતા અનેક પ્રસંગો છે. એ જ પરંપરાનાવંશજ ભીમપીર થઈ ગયા. આ પીર પરંપરામાં સંતકવિ મેઘ જીવા થઈ ગયા છે. આ મેઘજીવાનો જન્મ વિક્રમ સંવત ૧૮૯૦ – ઈ.સ. ૧૮૩૪માં ભાણવડ ગામે (જિ. જામનગર) પિતા રામભાઈ, માતા જેઠીબાઈની કુખે ચાંડ્યા પરિવારના વણકર મેઘવાળ સમાજમાં થયો હતો. નાનપણનું નામ જીવો.

જીવાને પરંપરાનો વારસો, માતા-પિતાના સંસ્કાર ને આંગણે આવતા સાધુસંતોના કારણે નાનપણથી વૈરાગી વૃત્તિ જોવા મળતી હતી. વૈરાગીનો એક અર્થ સન્યાસી થવું, સાધુ થવું ને સાધનાત્મક માર્ગે સંસાર જગત છોડી એકાંત સ્થળે ચાલ્યા જવું થાય છે. બીજો અર્થ સંસાર વચ્ચે રહીને વૈરાગી જીવન જીવવું. જીવાનાં માતા-પિતાની ઇચ્છા એવી કે દિકરો સંસારી થઈ, અમારી સાથે રહી, સંત જીવન જીવે.

જીવાનાં લગ્ન ચાંચિયા શાખાના મેઘવાળ પરિવારનાં સુમીબાઈ સાથે કર્યાં. તેમના દામ્પત્યથી બે પુત્રો હીરો અને પુનાનો જન્મ થયો. સાંસારિક જીવન પૂરેપૂરું નિભાવી તેનું ચિત્ત તો હરિદર્શન માટે તરસતુ હતું. સમય મળ્યે સંતસ્થાનકોને દેવમંદિરના દર્શને જતા હતા તેમાં ભાણવડથી ચાલતા ચાલતા દ્વારકાધીશનાં દર્શને ગયા.

અંત્યજ-દલિત સમાજે તેમની મૂળ ભારતીય સંતપરંપરા ને જ્યોતપાટ ઉપાસનાને તો જાળવી રાખેલ છે, તેની સાથે હિન્દુ ધર્મની માન્યતાઓ, શ્રદ્ધાઓને સ્વીકારે છે ને પોતાની જાતને હિન્દુ ધર્મી તરીકે ઓળખાવે છે. હિન્દુ ધર્મનાં વ્રત, તપ, દેવદર્શન સ્વીકારે છે, છતાં તેની કમનસીબી એ રહી છે કે હિન્દુ ધર્મીઓએ, તેમના રૂઢિવાદી વર્ણવાદ, જ્ઞાતિવાદે આ દલિત સમાજને હિન્દુ દેવમંદિરમાં પ્રવેશવાનો અધિકાર આપ્યો નથી. મેઘજીવાનો સમય આજથી ૧૭૦ વર્ષ પહેલાંનો છે ને તે સમયે સંતોને દ્વારકાધીશના મંદિરમાં પ્રવેશ ન હતો.

મેઘ જીવો પદયાત્રા કરી પૂરી શ્રદ્ધાને ભક્તિથી દ્વારકાધીશ ગયા પણ મંદિરથી દૂર રહીને દર્શન કરે છે. કેટલાંક મંદિરોમાં તમે દર્શન જાઓ એટલે ત્યાંના પુજારી એ દેવ કે મંદિરની છાપ તમારા કપડા ઉપર પાડી આપે છે જે પ્રમાણ ગણાય કે તમે ત્યાંની યાત્રા કરી છે. આ છાપ અછૂતોને મંદિરનો બ્રાહ્મણ પૂજારી મારી આપે નહીં એટલે એક આકૃત ભગતને મંદિરથી દૂર બેસાડી રાખે તે આકૃત યાત્રાળુઓને છાપ મારી આપે.
દ્વારકાધીશના મંદિરે આભેરડા ગામના મેઘવાળ ભગત મુંજા ગીરોખાનેરાખવામાં આવ્યો હતો. મુંજા ભગત સીધાસાદા ભક્તિમાર્ગે પૂરેપૂરા રંગાયેલાતેમની ભક્તિ અલખધણીના જ્યોતપોટ સાથે જોડાયેલી. આ પંથપરંપરામાં રણુંજા પોકરણગઢના રાજવી રામદેવજી મહારાજ જોડાયેલા ને આ પંથ રામદેવનો પંથ લોક્સમાજે કર્યો. આ રામદેવજી મહારાજને દ્વારકાધીશના અવતાર કહ્યા છે. એટલે આજે રામદેવપીરની જય સાથે દ્વારકાધેશની જય બોલાય છે. રામદેવજી મહારાજને પીર પદવી મળી છે એટલે રામાપીર કહેવાયા. આ સમન્વય સંશોધનની દૃષ્ટિએ તપાસવા જેવો ખરો.

મેઘ જીવાને તેમની પરંપરાને નાતે જીવાપીર પણ કહેવામાં આવે છે. આ પીર પદવી લાગે એટલે ચમત્કારોની ઘટનાઓ આપોઆપ જોડાતી જોવા મળી છે. અહીં મેઘ જીવાનાં ભજનો સંત-ભક્તની ઓળખ આપી જાય છે તે મહત્ત્વની વાત છે. મુંજા ભગત મેઘવાળ જાત્રાળુઓને દ્વારકાધીશની છાપ મારી દૂરથી દર્શન કરાવી આપતો. મેઘ જીવો આ મુંજા ભગતને જોઈને પૂર્વની ઓળખાણ પામી જાય છે. કૃષ્ણાવતારમાં કૃષ્ણના વેલડાના બંને બળદો હતા અને પ્રભુની સેવાનો બદલો તેમના મંદિરે મેઘવાળોને છાપ પાડવાનો મળ્યો હતો. મેઘ જીવો આ મુંજા ભગતને પોતાના છાપ-ગુરુ તરીકે સ્વીકારે છે.

મેઘ જીવાના જીવનમાં કેટલાક ચમત્કાર પ્રસંગો સાંભળવા મળે છે. મેઘ જીવો મહાધર્મી હતો. બીજપાટનું વાયક હોય ત્યાં આ ધર્મના નાતે જવું પડતું. એક વખત ફટાણા, મોઢવાળા, વિસાવાળા અને છળી એમ ચાર ગામના પાટનું વાયક મળ્યું; અને કહેવાય છે કે ભીમસાહેબની માફક એક જ રાત્રે જુદાજુદા સ્વરૂપે આ ચારેચાર ગામ મેઘજીવો પાટે હતા. વળી એક વખત દ્વારકાધીશના મંદિરના અખંડ દીવાની આગ દ્વારકાધીશનાં વસ્ત્રોને લાગી ત્યારે તેમણે સુક્ષ્મદેહે આ આગ બુઝાવી હતી.

મેઘ જીવો એક વખત પોરબંદર આવ્યા હતા. ત્યાં રાજ્યના સેવકો તેમને માલ ઉપાડીને સાથે આવવાનું કહે છે. તે સમયે વેઠપ્રથા હતી અને વણકરો વેઠ કરતા હતા. મેઘ જીવા સામાનની પેટી માથે લઈને ચાલ્યા, પરંતુ અચરજ એ બન્યું કે પેટી તેમના પુસ્તકની ઉપર ચાલી આવતી હતી. રાજ્યના અધિકારીઓને નવાઈ લાગી. તે પેટી નીચે ઉતરાવી તો તે પેટી પથ્થર બની જાય છે. આજે પણ એ પથ્થર 'મોખાણા' ગામ જોવા મળે છે.

મેઘ જીવો એક વખત કુછળી ગામે ભીમનાથના મંદિરે દર્શને આવે છે. ત્યાં એક ટીટોડી તેમની પાસે આવી બેસે છે. મેઘ જીવાની સાથે આવેલ ભાઈ નાજા કરશન આનું રહસ્ય પૂછે છે, ત્યારે મેઘ જીવાએ જણાવ્યું કે :

’આ ટીટોડી ભગવાનની લખી નામની દાસી છે. એ વખતે ભગવાનને થાળ ધરાતો હતો ત્યારે ને પછી રહી ગઈ, એટલે તેને ટીટોડીનો અવતાર લેવો પડ્યો. હવે જોકોઈ તેને ગુરુમંત્ર આપે તો મુક્તિ થાય.’ નાજાની વિનંતીથી મેઘ જીવો તેને ગુરુમંત્ર આપી મુક્તિ અપાવે છે. ભીમનાથના મંદિરની પાસે જે ટીંબો છે તે આજે પણ ’ટીટોડીનો ટીંબો ’ તરીકે ઓળખાય છે.

મેઘ જીવાની ગાય ને ઘોડી ચોરાય છે ત્યારે રામદેવપીરને અરજરૂપે પદબોલ્યા કે : ’પોકરણ ગઢથી પધારો ધણી રામદેવજી ’ અને ચોર ઘોડી તથા ગાય ઘેર આપી જાય છે

સમાજસેવા અને સત્સંગ કરતા મેઘ જીવો વિક્રમ સંવત ૧૯૬૦માં મોખાણાગામે સમાધિ લઈ જાય છે. આ સ્થાને મેઘ જીવાના વંશજ વીરાભાઈ ચાંડ્યાએ મંદિર બાંધી આપેલ છે.

મેઘ જીવાની વાણી ઉપરથી ફલિત થાય છે કે તેઓ મહાધર્મને વરેલા હતા. એટલું જ નહીં પણ તેની ક્રિયાઓ સાથે સંકળાયેલા હતા.

સંદર્ભ સૂચિ

- ગોહિલ, ડો. નાથાભાઈ (૨૦૧૭), ગુજરાતની આંતરચેતના ભાગ-૧, અમદાવાદઃ નવભારત સાહિત્ય મંદિર

મેઘધારુ મેઘધારો મેઘવાળ

જન્મ	: વિ. સંવત ૧૩૬૦ - ઇ.સ. ૧૩૦૪
જન્મસ્થળ	: બલાડાનગર ત્યાંથી દૂધવા ગામે વસવાટ (રાજસ્થાન)
મૂળનામ	: મેઘ
જન્મ જ્ઞાતિ	: મેઘવાળ-વણકર
માતા-પિતા	: પિતા મેઘઋષિ, માતા ગોમતી
પરિવાર	: પત્ની સૂરજા
ગુરુનું નામ	: ગુરુ ઉગમશી
સમાધિ	: વિ. સંવત ૧૪૪૮ – ઇ.સ. ૧૩૯૨

મેઘધારુ મેઘવંશમાં પિતા મેઘઋષિ અને માતા ગોમતીને પેટ વિ. સંવત ૧૩૬૦ - ઇ.સ. ૧૩૦૪ માં બીલાડાનગર (રાજસ્થાન)માં જન્મ થયો હતો. મેઘધારુએ ત્યાંથી દૂધવા ગામે આવી વસવાટ કર્યો હતો. મેઘધારુની પત્નીનું નામ સુરજા ને ગુરુ ઉગમશી પાસેથી ગુરુબોધ લીધો હતો.

મેઘધારુના જીવનની મોટી બે ઘટનાઓ સંતોની વાડીમાં કથાતી રહી છે. તેમાં મેઘધારુના પિતા મેઘઋષિ અને માતા ગોમતીએ આ પ્રવૃત જીવનમાંથી નિવૃત થવાનું જણાવ્યું ત્યારે મેઘધારુને કહ્યું બેટા ! તારી કોઈ ઈચ્છા હોય તો જણાવ કે જે અમારાથી આપી શકાય ત્યારે મેઘધારુએ કહ્યું :

હે પિતાજી ! અત્યારે બધા જ લોકો નાગા ફરી રહ્યા છે. કોઈ તેમના અંગને પાંદડાથી ઢાંકે છે તો કોઈ વળી પશુની ખાલથી. આ સર્વ લોકો, સાધુ, સંતોના અંગને ઢાંકી શકાય તેનો ઉપાય મને બતાવો. ત્યારે પિતાએ કહ્યું બેટા ! તેનો ઉપાય માતંગઋષિ દર્શાવી શકે. આપણે માતંગઋષિ પાસે જઈએ. બંને માતંગઋષિ પાસે પંપા સરોવર ગયા. તેમને ઋષિઓએ માર્ગ દર્શાવ્યો કે એક મૌન રહી મૂક મંત્ર સાધના થાય છે. તેનાથી 'શિવ' પ્રસન્ન થશે ને આ 'શિવ' પાસેથી જ ઉપાય જાણવો.

મેઘઋષિ મૌનસાધના કરી 'શિવજીને' પ્રસન્ન કર્યા. શિવે કહ્યું : 'માંગ માંગ મુનિ મેઘરિખ, મંશા હો સો દાખ.' હે તપસ્વી, બોલ તારી શી ઈચ્છા છે.

મેઘઋષિએ લોકોનાં અંગ ઢાંકવા કપાસ વાવ્યો, રૂ પીંજયું, ચરખે તેને કાંતિને તાર બનાવ્યા સાળ બનાવી વણવાનું કામ કરી કાપડ તૈયાર કર્યું. તે પછી આ વણાટકામ મેઘઋષિએ મેઘધારુને શીખવ્યુ. તેની સાથે મેઘઋષિએ, માતંગઋષિએ મેઘવંશીઓને તેમની પરંપરામાં ચાલી આવતી અલખઆરાધના, જ્યોત પૂજા-પાટ ને તેનો મહામંત્ર કે જે આદિ શિવે શક્તિને આપ્યો હતો તે આપે છે. આમ મેઘવંશમાં ધર્મદીક્ષા તેના પરિવારમાંથી જ મળે છે. અહીં આ ઋષિગણે મહાધરમની સત્ ની દોરી મેઘધારુને સોંપે છે. આ સતની દોરી મેઘધારુએ ઝીલી.

મેઘધારુ સતધરમની દોરી ને વણાટની સાળ લઈ દૂધવા ગામે વસવાટ કરે છે. ભજન, અલખજયોત જગાવે છે. ત્યાં બીજી ઘટના ઘટે છે.

દૂધવા (મારવાડ) ગામે વાલસંગ રાજપૂતની દીકરી રૂપાંદે થયાં. આ રૂપાંદેએ મેવાડના મેહવાગઢના રાજા માલદેવ સાથે લગ્ન કરવાની શરત રાખી હતી કે મારા દૂધવા ગામના મેઘવંશી મેઘવાળ સંત મેઘધારુ મારી સાથે મેહવાગઢ આવીને રહેશે. તેમને રાજ તરફથી રહેવા અલગ આશ્રમ બનાવી આપવો પડશે ને ત્યાં ભજન

સત્સંગમાં મારી અનુકૂળતાએ જવાની છૂટ આપવી પડશે. આ શરત માલદેવ સ્વીકારી તે પ્રમાણે મેઘધારુ સતધરમની દોરી, વણવાની સાળ ને પરિવાર લઈને દૂધવાથી મેહવાગઢ આવે છે. આ મેહવાગઢમાં સતી રૂપાંદેનો પ્રસંગ બને છે જે મેઘધારુના નામાચારણની ભજનરચનામાં મૂકેલો છે. જેને 'રૂપાવેલ' પણ કહેવામાં આવે છે.

રૂપાંદેના જીવનની મોટી ઘટના 'મોજડી' ની બને છે. આ ઘટનાએ જ માલદેવના જીવનનો પલટો આપ્યો છે. મોજડીનો પ્રસંગ આ ભજનમાં રજૂ થયો છે. રાજસ્થાની પ્રાચીન સાહિત્યના સંશોધક અને હસ્તપ્રતોના અભ્યાસી આગરચંદ નાહટાએ ' રૂપાવેલ' ના અનેક પાઠાંત્તરો શોધી કાઢ્યા ને તેનો અભ્યાસ કરીને આ પ્રસંગની શ્રદ્ધેયતા તપાસી છે. તેઓ મોજડીનો પ્રસંગ વિ. સં. ૧૪૪૦માં બન્યો હોવાનું જણાવે છે.

મેઘધારુના ઘેર ગુરુ ઉગમશી પધારે છે. ત્યારે અજવાળી એકાદશીની રાત્રે અલખધણીનો જ્યોતપાટ મંડાય છે. સાધુ, સંતો, ભાયલા, ગતગંગાને 'વાયક' (નિમંત્રણ) અપાય છે. આ વાયક રૂપાંદેને પણ અપાય છે. રૂપાંદેએ 'વાયક' સ્વીકાર્યું છે એટલે ગમે તેવા સંજોગો આવે તો પણ જ્યોતપાટના દર્શન, અલખને મોતીડે (ચોખાથી) વધાવવા જવું પડે છે. રૂપાંદે એકાદશીની રાત્રે માલદેવને રંગમહેલમાં સૂતા મૂકી તેને જાણ કર્યા વગર નીકળે છે, કારણ કે તે સમયે માલદેવ મહાપંથી દીક્ષિત ન હતા. નૂગરાને સાથ લઈ જય શકાય નહીં.

રૂપાંદેએ વાસુકિ નાગને આરાધી વિનંતી કરી કે મારી પથારીના સ્થાને આપ બિરાજો રાત અંધારી છે. ઝરમર ઝરમર વરસાદ વરસી રહ્યો છે. મેહવાગઢના દરવાજા બંધ છે. મેઘધારુનું ઘર ગઢની બહાર વણકર ફળીયામાં છે. એટલે રાણી દરવાણીને દરવાજો ખોલી આપવાનું કહે છે. દરવાન કહે છે કે કૂંચી તો રાજા માલદેવ પાસે છે તો આપ ખડગ બારીએથી બહાર નીકળી જાઓ.

રૂપાંદે અલખધણી જ્યોતને વધાવે છે. સતગુરુ ઉગમશીને પાય પડે છે. ભજન-આરાધમાં રાત વિતાવે છે. માલદેવની બીજી રાણી ચંદ્રાવલી માલદેવને જગાડી જણાવે છે કે તમારી માનીતી રાણી રાજની મર્યાદાઓ છોડી, તમારી રજા વગર, કાળી રાત્રે સાધુડાં સંગે ભજન ગાય છે. માલદેવ જાગીને જુએ છે તો રૂપાંદે નથી. માલદેવ ધૂંઆપૂંઆ થતો ખડગ લઈને નીકળે છે. દરવાન મારી મેઘધારુને ઘેર પહોંચે છે. બહાર રત્નજડિત રૂપાંદેની એક મોજડી ચોરીને પાછો વળી જાય છે.

આ સમયે અંદર અલખજ્યોત ઝાંખી પડી જાય છે. રૂપાંદેએ ગુરુને જ્યોત ઝાંખી થવાનું કારણ પૂછ્યું. ગુરુ ઉગમશી બોલ્યા કે આટલામાં કોઈ નુગરાનો પડછાયો પડ્યો જણાય છે. ત્યારે રૂપાંદેને થયું કે જરૂર અહીં માલદેવ આવ્યો હશે . બહાર જઇ તપાસ કરી તો એક મોજડી ન હતી. રૂપાંદેએ ગુરુ, ગતગંગાને તેની જાણ કરીને ભજન આરાધે આકાશેથી મોજડી ઉતારી

વહેલી સવારે રૂપાંદે જ્યોત વધાવી ગઢમાં જાય છે. રાજમહેલની શેરીએ માલદેવ ખુલ્લી તલવારે ઊભો છે. રાણીનો છેડો ખેંચી પૂંછે છે.—

રૂપાંદે બોલ્યા : માલદેવ ! મારે એકાદશીનાં વ્રત હતાં એટલે અલખ પૂજવા ગયેલી. જુઓ આ થાળમાં ફૂલડાં પણ છે.'માલદેવ કહે છે :' આપણા શહેરમાં ક્યાંય ફૂલવાડી નથી. પુરાં પીવા પાણી પણ નથી ત્યાં ફૂલડાં ક્યાંથી હોય ? રૂપાંદે કહે છે, રાજા આ ફૂલડાં બીજા છે.

મહાપંથી સંતસાધનાની ફૂલવાડી આબુગઢ, ગિરનારની સવરામંડપની જગ્યા,જ્યોતપાટનો અલખધણીનો દરબાર અને ચોથી જે સતી નારી છે — રૂપાંદેના થાળમાં ઠેરાણી છે. રાજાએ થાળ ઉપર ઢાંકેલો

અંચળો ખેંચ્યો ત્યાં વણઋતુએ, મરૂભુમિના ફૂલડાં ન મળે તે સમયે આ થાળ ફુલડે ભરેલો હતો. સતી રૂપાંદેના પગમાં જુએ છે તો બંને મોજડી પહેરેલી હતી. જે દરવાન ખડકથી માર્યો હતો તે અહીં આવીને ઊભો હતો. માલદેવને સતી રૂપાંદેની ઓળખ થઈ. પોતાની ભૂલ સમજાણી એટલે માફી માંગી રૂપાંરાણીને વિનંતી કરે છે.

આ સંતસાધનાના માર્ગની વાત નુગરાને કહી શકાય નહીં. આ ભક્તિનો માર્ગ શૂરવીરોનો છે. સાચના કટકા જેવા નર-નારીએ સાથે રહીને વાસના જીતવાની છે. મનના સઘળા વિકારો તારી માયલા અહમને મારવાનો છે. કાયરને ફટકિયા તો અધવચ્ચે રહી જશે. માલદેવ ! રાજની રીતો પાળવી સહેલી છે. ખાંડાના ખેલ ખેલવા પણ સહેલા છે પરંતુ આ મારગડા અતિ દોયલો છે. તેમ છતાં આ મારગે આવવું હોય તો આટલું કરીને આવો —

જે અતિવહાલાં પાત્રો છે તેને મારી નાખવાની વાત છે. રૂપાંદેની આ મરમી વાણી છે. મારવું એટલે તેના તરફથી માયા, મમતા છોડી દેવી. પોતાનો માયલો અહમ્ મારવો. જે મોભી દીકરા જેવો વહાલો છે તેને મારવો. હંસલા ઘોડા રૂપી ચંચળ મનને સ્થિર કરવું એ ઘોડાને હણવા બારાબર છે. કવલી ગાય રૂપી ભક્તિ અને આ ભક્તિનું ફળ તેનો વાછરડો તેનો ત્યાગ કરવો એટલે કે ભક્તિ નિષ્કામ કરવી. ગીતામાં નિષ્કામ ભક્તિને ભક્તિયોગ કહ્યો છે. અને છેલ્લે પ્રિય પત્ની ચંદ્રાવલી રાણીનું મસ્તક છેડી નાખવાનું કહ્યું છે. એટલે કે રાણી તરફની આસક્તિ-વાસના છેદી નાખવાની છે. આ છેદી ગુણો ગ્રહણ કરી માલદેવ રૂપાંદેને ચરણે આવે છે. પત્નીને ચરણે જવું એ પણ અસામાન્ય ઘટના છે.

મેઘધારવાના ઘેર ગુરુ ઉગમશીએ માલદેવને ગુરુબોધ આપ્યો. રૂપાંદેના ગુરુ પણ ગુરુ ઉગમશી હતા. અહીં એક મત એવો પણ છે કે આ જતી-સતી હતાં તેમ પતિ-પત્ની પણ હતાં, એટલે તેમના ગુરુ એક ન હોય તેમ પણ બને. રૂપાંદેને ગુરુબોધ મેઘધારુએ આપ્યો હોય ને માલદેવને ગુરુબોધ ગુરુ ઉગમશીએ આપ્યો હોય ને મેઘધારુના ગુરુ ઉગમશી હાજર હોય તો દીક્ષા આપવાનું ગુરુબોધ ગુરુ આપે એમ પણ બનતું હોય છે.

મેઘવાળ ભક્તકવિ મેઘધારુના આ આરાધિપદનું સંક્ષેપમાં અર્થોટન કરીએ. પ્રથમ જુગમાં પ્રહ્‌લાદરાયે પાટ સોનાના સમક્ષ હાથીનું બલિદાન આપી, તેની કોળી-પાવન બનાવી, પાંચ કરોડ સંતસમાજમાં વહેંચી આપી. ત્યારબાદ સંતાનો આરાધના કરી હાથી સજીવન થઈને સિંહલદ્વીપમાં ચાલ્યો જાય છે. બીજા જુગમાં રાજા હરિશ્ચંદ્રએ પાટ રૂપાના સમક્ષ અશ્વનું બલિદાન આપી, તેની કોળી-પાવળ સાત કરોડ સંતસમાજમાં અપાઈ. સંતોએ આરાધ કરીને અશ્વ સજીવન કર્યો. તે અશ્વ સૂર્યના રથમાં જોડાયો. ત્રીજા જુગમાં યુધિષ્ઠિરરાયે તાંબાને પાટે કવલી ગાયનું બલિદાન આપી તેની કોળી-પાવળ નવ કરોડ સંતસમાજમાં આપી ને આરાધ જગાવી કવલી ગાય સજીવન કરી. ગાય કદળીવનમાં ગઈ. ચોથા જુગમાં બલિરાજાએ પાટ માટીને અજાને બલિદાન આપી એની કોળી-પાવળ બાર કરોડ સંતસમાજને આપી, આરાધ જગાવ્યો, પણ અજા સજીવન ન થઈ. સંતો ઊઠીને ચાલ્યા ગયા એ કળિયુગનું નિશાન માનવામાં આવે છે અને ત્યાર પછી વીસોપાટને બદલે દાસોપાટની શરૂઆત થાય છે.

નિજારપંથમાં પવિત્ર પાટની જગ્યાએ હાથી, અશ્વ, ગાય અને અજાનું બલિદાન આપવામાં આવે ? આ પ્રકારનો પ્રશ્ન થાય. પરંતુ તેના જવાબ રૂપે 'જેસલ તોરલ' માં શ્રી ગોસ્વામી મોહનપુરી 'શતપથ બ્રાહ્મણ ૧-૨-૩૭-૮'માંથી નીચે પ્રમાણેનું પ્રમાણ આપે છે.

'પ્રથમ દેવોએ માણસનું બલિદાન આપ્યું. જ્યારે તે અપાયું ત્યારે તેમાંથી મેઘ નીકળી ગયો. તે અશ્વમાં

પેઠો, તેઓએ અશ્વનું બલિદાન આપ્યું. જ્યારે તે અપાયું ત્યારે તેમાંથી પણ મેઘ નીકળી ગયો અને તે મેઘ પાડામાં પેઠો ત્યારે તેઓએ પાડાનું બલિદાન આપ્યું અને જ્યારે અપાયું ત્યારે મેઘ તેમાંથી પણ નીકળી ગયો અને તે અજા-બકરીમાં પેઠો. જ્યારે અજા-બકરીનું પણ બલિદાન અપાયું ત્યારે મેઘ આ પૃથ્વીમાં બેઠો. તેઓએ (દેવોએ) તેને ખોદીને શોધ્યો. તે તેમણે બે પદાર્થ ચોખા અને યમ-જવના આકારમાં મળ્યો, માટે હજી સુધી આ બે પદાર્થને તેઓ ખોદીને કાઢે છે, જે આ જાણે (પૃથ્વી ખોદી ધાન્ય મેળવતાં) તેને આ સર્વ યજ્ઞ પશુઓના બલિદાનથી જેટલું ફ્લ થાય તેટલું જ ફ્લ આના હવિથી થાય છે.'

કોળી-પાવળ વિશે 'શ્રી મેઘ માહાત્મ્ય' ભાગ-૨ (લેખકશ્રી જીવણના)માં જણાવ્યું છે કે, 'પ્રથમ પાટે કોળી-પાવળ હાથીની એટલે કે મદરૂપી હાથીની, બીજે પાટે કોળી-પાવળ અશ્વની એટલે કે ઘોડાની એટલે કે મનરૂપી હાથીની, બીજે પાટે કોળી-પાવળ અશ્વની એટલે કે ઘોડાની, ત્રીજે પાટે કોળી-પાવળ કવલી ગાયની એટલે કે ઇન્દ્રિયોના વિકારરૂપી ગાયની , ચોથે પાટે અજાની એટલે કે આવરણરૂપી અભિમાનની આ ચોથા યુગમાં સાધુસંતોમાં અનર્થ, કુસંપ, મોટાઈનો અહમ્ વધી જવાને કારણે 'અજા'-બકરી સજીવન થઈ નહીં જે ઘટના જુનાગઢ ગિરનારની સવરામંડપની જગ્યામાં બનેલ છે.

મહાપંથનાં અર્થઘટનોમાં ઘણી ગેરસમજો ઊભી કરવામાં આવી છે. રામદેવ મહારાજે વાણીમાં સ્પષ્ટ કહ્યું કે -

મહાપંથનાં અર્થઘટનોમાં ઘણી ગેરસમજો ઊભી કરવામાં આવી છે. રામદેવ મહારાજે વાણીમાં સ્પષ્ટ કહ્યું કે -લિંગ અને ભંગનો ભાવ મટાડીને તમે જોગની ક્રિયા જગાડો. જતી-સતી સાથી રહે છતાં મન, વચન, કર્મથી ચલિત ન થાય, નિજારી - જારકર્મરીત રહે તેવો આ મહાધર્મ છે. છતાં સ્વાર્થી, કામી સાધુઓ, ગુરુઓથી જરૂર ક્યાંક વિકૃતિ આવી હોવાનું સ્વીકારી શકાય ત્યારે આવી ભૂલને પહાડ જેવડી કરીને કેટલાક લોકો આ ધર્મને ઉતારી પાડવાનું કામ કરે છે. આ નોંધ એટલા માટે કરી છે. આ કુંડાપંથનો અર્થ સમજવા જેવો છે.

આ સંતોનો સમય ચૌદમી સદીની આસપાસનો છે ત્યારે ભારતમાં મુસ્લિમ સત્તા સ્થપાઈ ચૂકી હતી. ધર્મઝનૂની બાદશાહો આવ્યા હતા. તે સમયે ઇસ્લામી કટ્ટરવાદી ફ્કીર, પીરો પણ હતા તે સમયે હિન્દુઓને સત્તાના બળે ધર્માન્તરિત કરી મુસ્લિમ બનાવી દેવામાં આવતા હતા. તે સમયે જે લોકોને મારીમચડી મુસલમાન બનાવ્યા હતા તેને ફ્રી હિંન્દુધર્મમાં લાવવા, પવિત્ર કરવાની વિધિ હતી તેમાં પવિત્ર પાંચ સાધુસંતોને ખાટલા ઉપર બેસાડી સ્નાન કરાવવામાં આવે, તે જળ કુંડામાં ભેગું થતું હોય. એ કુંડમાં આ વટલાયેલાને, ધર્માન્તરિત થયેલાને લાવી સ્નાન કરાવવામાં આવે તે પવિત્ર થઈ ગયો ગણાય જે ફ્રીને પોતાનો મુળ ધર્મ, પંથ પાળી શકે છે.

મેઘધારુનું મોટું શિષ્યમંડળ હોવાની માહિતી મળે છે. મેઘધારુ સાથે રૂપાંદે, રાવલ માલદેવ, માતા દેવુબાઈ (મેઘધારુનાં મોટાભાઈની પત્ની), એલુ, દલુ કુંભાર, નામદેવ છીંપાએ તલવાડા-માલાણી લૂણીનદીને કિનારે સાથે જીવતાં સમાધિ લીધાની વાત સંતો સત્સંગમાં કહે છે. મેઘવંશીની મુખ્ય ચાર ધૂણી-સ્થાનકો ગણાય છે. તેમાં માલાણી ધૂણી મુખ્ય છે. બીજી ધૂણી રામનિવાણી, ત્રીજી ધૂણી હરચંદવાણી, ચોથી સમયવાણી.

મેઘધારુનો સમાધિ સમય વિ. સંવત ૧૪૪૮નો સ્વીકારવામાં આવ્યો છે. જ્યારે રૂપાંદે અને માલદેવે વિક્રમ સંવત ૧૪૫૬માં સાથે સમાધિ લીધાનું સ્વીકારવામાં આવ્યું છે.

સંદર્ભ સૂચિ

- ગોહિલ, નાથાભાઈ (૨૦૧૭), ગુજરાતની આંતરચેતના ભાગ-૨, અમદાવાદઃ નવભારત સાહિત્ય મંદિર

વણકર સમાજનો પ્રથમ બલિદાની
વીર મેઘમાયા દેવ

ધોળકાની પાસે રનોડા ગામનો ધરમશીનો દિકરો માતા ખીમીબાઇનો (ખોખલમા) ખોળાનો ખૂંદનાર, મરઘાંનો ભરથાર, ચાર દિકરા અને બે દીકરીઓનો પિતા મેઘલીગતનું ગેડું રતન વણકર વીરમાયો વિ.સ. ૧૧૯૪ના મહા સુદ સાતમે ગુજરાતના સોલંકી રાજવી સિદ્ધરાજ જયસિંહના પાટનગર પાટણ શહેરના વસનારા સમગ્ર પાટણવાસીઓની પાણીની પ્યાસ બુઝાવવા પાટણના સહસ્ત્રલિંગ સરોવરમાં આત્મ બલિદાન કરી અમર થઈ ગયો.

વિક્રમ સંવત ૧૧૫૦ થી ૧૧૯૮ સુધી, ગુજરાતની પ્રાચીન રાજધાની પાટણમાં સોલંકીયુગના રાજા સિધ્ધરાજ જયસિંહ નું રાજ્ય હતું. રાજધાનીમાં પાણીનું સંકટ હતું. રાજાએ આ સંકટ હંમેશ માટે દૂર કરવા સહસ્ત્રલિંગ સરોવર (તળાવ) બનાવવાની યોજના કરી અને એના ખોદકામ માટે રાજસ્થાનના 'ઓડ' જાતિના લોકોને મજૂરીએ તેડાવ્યા. આ મજૂરોમાં જસમા નામની એક સ્ત્રી ખૂબ જ સ્વરૂપવાન હતી. આ જસમા ઓડણની સુંદરતા પર રાજા મોહિત થાય છે. પણ આ સ્ત્રી તો સતી નારી હતી. રાજાથી બચવા જસમાં પોતાના કુટુંબ-કબિલા સાથે રાતોરાત ઉચાળા ભરી પાટણ છોડી જાય છે, રાજાને જાણ થતાં તે પાછળ સૈનિકો દોડાવે છે. મોઢેરા નજીક સૈનિકો પેલા ભાગી રહેલા ઓડ લોકો જે જસમાના કુટુંબીઓ હતા તેમની હત્યા કરી નાંખે છે. આ જોઈ જસમાં પોતાના ચારિત્ર્યની રક્ષા માટે પેટમાં કટારી મારી આત્મહત્યા કરે છે. અને મરતાં મરતાં રાજાને શાપ આપે છે કે જે તળાવ રાજા ખોદાવે છે, તેમાં કદી પાણી નહી થાય અને બન્યું પણ એવું જ.

પાટણની પ્રજા પશુપંખી પાણી વિના ટળવળવા લાગ્યા. રાજાએ દરબારમાં જ્યોતિષીઓને તેડાવ્યા અને શાપનું નિવારણ પુછયું. જ્યોતિષીઓએ જણાવ્યું કે કોઈ બત્રીસ લક્ષણો પુરૂષ સ્વેચ્છાએ સહસ્ત્રલીંગ તળાવમાં આત્મ બલિદાન કરશે તો તેના રક્તથી ધરતી તૃપ્ત થાય અને જળપ્રવાહ ફરીથી વહેતો થાય છે, તે ૧૯૩૬ વડોદરાના સરકારી છાપખાનામાં છપાયેલ. પાઠયપુસ્તક ''વડોદરા રાજ્યનો ઈતિહાસ'' માં અને અનેક ઈતિહાસકારો સંસોધક લેખકો, વહીવંચા, તુરી-બારોટો અને લોકકંઠે સચવાયેલ ઉપરોક્ત માહિતી છે,

રાજા સિધ્ધરાજની આજ્ઞાથી પાટણમાં ઢંઢેરો પીટવામાં આવ્યો, વારંવાર જાહેરાતો કરવામાં આવી. છતાં કોઈ બત્રીસ લક્ષણો પુરૂષ સ્વેચ્છાએ બલિ માટે આગળ આવ્યો આવ્યો. નહી. એ જાણીને રાજાએ સમગ્ર રાજ્યમાં ઢંઢેરો પીટાવવાનો હુકમ કર્યો, રાજ્યની. એ વખતની. બીજી એક મોટી નગરી ધોળકામાં જ્યારે ઢંઢેરો પિટાઇ રહો હતો. ત્યારે રનોડ ગામનો વણકર માયો એ જાહેરાત ધ્યાનથી સાંભળી રહ્યો હતો. જેમના પોતાના વણકરોનો તૈયાર માલ લેવા. તે ધોળકા આવ્યો હતો. માયાએ આ બલીદાનની વાત સાંભળીને મનોમન નિશ્ચય કરી લીધો કે તે પોતે આ બલિદાન આપશે.

ધોળકાથી ઘેર આવી માયાએ આ વાત પોતાના માતાપિતા, પત્ની, બાળકો અને અન્ય સગાઓને કહી. અહીં એ વાત કહી શકાય કે ત્યારે વણકરોમાં સંયુક્ત કુટુંબ પ્રથમ હશે. કારણ કે ગામ અઘારના વહીવંચા બારોટ શ્રી. રામાભાઈ જામાભાઈના પૂર્વજોના ચોપડાઓમાં માયાની વંશાવળી. અને માયાના બલિદાન વિશે માહિતી છે. તેમાં માયાના પિતાનું નામ ધરમશી., માતા ખેમી, પત્ની, મરઘા, ચાર પુત્રોમાં માલા, માંગા, ચુંડા, માતરા તેમજ બે દીકરી મિયારી અને ધારૂની વિગતો પણ મળી આવે છે.

આમ માયાએ જ્યારે ઘરમાં પોતાના બલિદાનની વાત કહી ત્યારે ઘરમાં શોકનું વાતાવરણ થઈ ગયું. માયાને તેની જીદ છોડી દેવા ઘણા દબાણો કર્યા. પરંતુ માયો અડગ રહીને પોતાના નિર્ણયને વળગી રહી. અંતે સમાજના વડીલોને આ વાત. કરવામાં આવી. વડીલોએ આ વાત ધોળકાના રાણાને તેમના દરબારમાં જઈને કહી. ધોળકાના રાણાને મનોમન ધર્મસંકટ હતું. કારણકે રાજાને કેવી રીતે કહેવું કે એક અસ્પૃશ્ય ગણાતી. વરણનો પુરૂષ બલિદાન માટે તૈયાર થયો છે. તેનું બલિદાન થઈ શકે કે કેમ? બીજી તરફ માયાની મક્કમતા જોઈને પાટણમાં મહારાજા સિધ્ધરાજને આ સંદેશો પહોંચાડી દીધો..

મહારાજાએ બ્રાહ્મણો, પુરોહિત તથા જ્યોતિષીઓને આ વાત જણાવી તે ઓ એક અસ્પૃશ્યનું બલિદાન થાય તે માટે રાજી ન હતા. પરંતુ રાજ્યના અન્ય કોઈ આગળ આવતું ન હતું તેમજ મહારાજાના આગ્રહ વશ થઈ સૌએ માયાના બલિદાન માટેના કામને મંજૂરી આપી. આ સંદેશો ધોળકા મોકલી આપવામાં આવ્યો.

યજ્ઞનો દિવસ નજીક આવતો જતો હતો, તેથી માયાને ધોળકાથી પાટણ બોલાવી લેવાની વ્યવસ્થા માટે રાણાને જણાવી દેવામાં આવ્યું. માયો અને તેનો પરિવાર પણ આ માટે તૈયારી કરવા લાગ્યા અને સારા મુહુર્તે રાજના માણસો સાથે માયો સહપરિવાર પોતાની આવશ્યક ઘરવખરી ધંધા રોજગારના સાધનો સાથે વતનના સ્નેહીજનોની આખરી વિદાય લઈ પાટણ જવા ચાલી નિકળ્યો. વાટમાં પણ ગામે ગામ લોકોએ માયાનું સ્વાગત કર્યું. અહીં પાટણમાં પણ વણકરો માયાના સ્વાગત માટે અધીરા થયા હતા.

ઘણું લાંબુ અંતર કાપીને માયો સહપરિવાર પાટણ આવી પહોચ્યો. રાજ તરફથી તેમનું ભવ્ય સ્વાગત થયું. સર્વત્ર એ વાત વહેવા લાગી કે માયા નામનો. એક દૈવી પુરૂષ પાટણની પ્રજાના પાણીના પ્રશ્નનો ઉકેલ પોતાના બલિદાનથી લાવવાનો છે. રાજ દ્વારા સન્માન પછી પાટણના વણકરો માયાને કુટુંબ સાથે તેમની સાથે લઈ આવ્યા અને એક મકાન પણ ફાળવી આપ્યું. માયો. હવે પાટણનો બની ગયો હતો. રાજ તથા પાટણના વણકરો તરફથી માયાના પરિવારને બધા પ્રકારની સુવિધાઓ પૂરી પાડવામાં આવી હતી.

પાટણના સહસ્ત્રલિંગ સરોવરે યજ્ઞ અને માયાના બલિદાનનો દિવસ જ્યારે જ્યોતીષીઓએ મહા સુદ-સાતમને શુક્રવારનો નક્કી કર્યો હતો. તે વર્ષ હતું વિ.સં. ૧ ૧૯૪ આખા પાટણમાં આનંદોત્સવ હતો. પાટણના પ્રજાજનો સરોવરને કિનારે જ્યાં ઉત્સવની તૈયારીઓ ચાલી રહી હતી ત્યાં પહોંચી ગયા હતા. આ બાજુ માયાને વહેલી સવારથી જ રાજના માણસો સરઘસ સ્વરૂપે પાટણના માર્ગો પરથી સરોવરે જવા નીકળી ગયા હતા. માયાને લઈને લોકોનું સરઘસ મહારાજાના મહેલને દરવાજે પહોચ્યું અને અહીં માયાનું ભવ્ય સ્વાગત થયું. મહારાજા અને માયો અલગ અલગ હાથી પર બેસીને મોટા કાફલા સાથે યજ્ઞ સ્થળે જવા નિકળ્યા. આખાયે રસ્તે મહારાજ સિધ્ધરાજની જય અને માયાદેવની જયનાદ નારા ગૂંજી ઉઠ્યા હતા.

આવી જયજયકાર કરતું સરઘસ યજ્ઞવેદી નજીક પહોંચ્યું. અહીં અન્ય સૌ. પોતપોતાના નક્કી કરેલા સ્થાને જઈ બેસી ગયા. માયાના પરીવારને પણ યોગ્ય સ્થાને બેસાડવામાં આવ્યો.

મહારાજ અને માયાદેવનું આગમન થતાં બ્રાહ્મણોએ યજ્ઞની શરૂઆત કરવા માંડી બને જગ્યાએ માયાને યજ્ઞના સ્થળે આવવા જણાવ્યું. સંપૂર્ણ સ્વસ્થતાથી માયાદેવ યજ્ઞવેદી. જીગ્યાએ આવ્યા. બે હાથ જોડીને મહારાજાને પ્રણામ કર્યા. ત્યારે રાજાએ માયાને આવા મહાન ભોગ બદલ જે માંગવું હોય તે માંગવા કહ્યું. ત્યારે માયાએ જણાવ્યું કે પોતાના કુટુંબીજનો માટે કશુ જ માગવાની ઈચ્છા નથી પરંતુ રાજ્યમાં તેમના સમાજને થતા

અન્યાયી તથા અન્ય અસ્પૃશ્ય નિચલી જાતિઓને ભોગવવા પડતા કષ્ટો તરફ રાજાનું ધ્યાન દોરતાં કેટલીક માગણીઓ મૂકી. જેમાં તુલસી અને પીંપળાની પૂજા કરવી, શુભ પ્રસંગોએ ઢોલ વાજાં વગડાવવો, સારા કપડાં ને ઘરેણાં પહેરવાં, તાંબા પિત્તળના વાસણો વસાવવા જેવી કેટલીક માંગણીઓ મૂકી અને રાજાએ પણ લોકલાગણીથી ઉપર જઈને માયાને તેની માગણીઓ પૂરી કરવાના હુકમો જારી કરાવી દીધા.

માયાએ ત્યાર બાદ માતાપિતાને પ્રણામ કર્યા. બાળકો તથા પત્ની પર નજર કરી અને સંકેતથી તેઓને દુઃખી ન થવા જાણવ્યું. તેમણે ચારે બાજુ પાટણની પ્રજાને પ્રણામ કર્યા. માયાદેવના મુખ પર અનેરુ દૈવીક તેજ અને સ્મિત હતું. વેદી પર બ્રાહ્મણોના બતાવ્યા પ્રમાણે આવશ્યક વસ્ત્ર રહેવા દઈ બાકીના વસ્ત્ર દૂર કર્યા, યજ્ઞની વિધિ થઈ રહી હતી. રાજાનો અને માયાદેવનો જયજયકાર થઈ રહ્યો હતો. બલિદાનની ક્ષણ આવવા લાગી હતી. માયાદેવના કપાળે કુમકુમ ચોખાનું તિલક, ગળામાં ફુલોની માળા અને મુખ પર અનંત શાંતિમય સ્મિત જણાતું હતું. માયાને વેદી પર ઢીંચણભર બેસવાનું કહેવામાં આવ્યું. માયો સંપૂર્ણ સ્વસ્થતા સાથે ઢીંચણ પર બેસી ધરતી માતાને નમન કરવા લાગ્યો ત્યારે બ્રાહ્મણોની સંજ્ઞા થતાં જલ્લાદે પળવારમાંજ માયાની ગરદન પર ઘા કર્યો. ધડ મસ્તક અલગ થઈ ગયા. રૂધિરની ધારાઓ વહેવા લાગી. ચારે બાજુ માયાદેવનો જયજયકાર થવા લાગ્યો. માયાની પત્ની અને માતાપિતા બેશુધ થઈ જમીન પર ઢળી પડ્યા. માયાના બાળકો રડી. રહ્યા હતાં. આ બાજુ બ્રાહ્મણોએ તેમની વિધિ પૂર્ણ કરી. તે સાથે જ સૌએ પણ જોયું કે સરોવરમાં પાણી ભરાવા લાગ્યું હતું.

યજ્ઞની સમાપ્તિ પછી પાટણના વણકરો અને માયાના પરિવારની વિનંતીને કારણે માયાના પાર્થિવ દેહને તેમના ઘેર લઈ જવાયો. માયાના પરિવાર પર તો આભ તૂટી પડ્યું હતું.

માયાના દેહને લોક દર્શનાર્થે મુકવામાં આવ્યો. રાજ્યના ખૂણે ખૂણે થી લોકોના ટોળે ટોળાં આ ભવ્ય બલિદાન આપનાર માયાદેવના દર્શને આવ્યાં. પરિવારના લોકોને સૌએ સાંત્વના આપી અને માયાના દેહને સ્મશાને લઈ જઈ દફન વિધિ કરી.. માયાની વિદાયનો દિવસ પુરો થયો. બીજા દિવસે પાટણનો વણકર સમાજ માયાના ઘેર મરણોત્તર કાર્યોમાં લાગી ગયા. માયાના પરિવારને સાંત્વના આપીને અન્ન ગ્રહણ કરાવડાવ્યું. પત્ની મરઘાએ વિધિસર બંગડી-ચાંલ્લો ઉતારીને વિધવાપણું ગ્રહણ કર્યું. બારમા દિવસે તેને લગતી વિધિ કરીને મરઘાએ તેના લગ્નના વસ્ત્રો અને દાગીનાનું દાન કરી દીધું. આમ બાર દિવસ પછી માયાનો પરિવાર ફરી તેમના મૂળ કામ વણકરીના ધંધામાં લાગી ગયો.

આમ યજ્ઞવેદી પર બત્રીસ લક્ષણા પુરુષ માયાદેવે આત્મબલિદાન કર્યું. સહસ્ત્રલિંગ સરોવરમાં પાણી ભરાણા અને મહારાજા સિધ્ધરાજ જસમા ઓડણના શાપમાંથી મુક્તિ પામ્યા.

એકાવન એકરમાં પથરાયેલ ગુજરાતના સૌથી મોટા પાટણના આ સહસ્ત્રલિંગ તળાવમાં બરાબર વચ્ચોવચ જ્યાં વિરમાયો હોમાણો હતો, તે જગ્યા 'માયા ટીંબો.' તરીકે જાણીતી છે. તેની બાજુમાં રાજાએ શહીદ સ્મારક પણ બનાવ્યું હતું. આજે ત્યાં વીરમાયાની દેરી છે. ગુજરાત સરકારે એક એકર જમીન ફાળવી છે, જેમાં કરોડો. રૂપિયાના ખર્ચે વીરમાયા સ્મારક સંકુલનું નિર્માણ કાર્ય હાલ પ્રગતિમાં છે,

પાટણમાં અને સમગ્ર ગુજરાતમાં આજે પણ માયાના બલિદાનના દિવસે મહા મહિનાની અજવાળી સાતમે હજારો લોકો મેળા સ્વરૂપે તે સ્થળે એકઠા થઈ સંતવાણી ઉચ્ચારે છે. તેનાં ભજનો ને રાસડા ગવાય છે. પૂજા આરાધના થાય છે.

માયાદેવની વંશાવળીમાં વડવાઓ અને તેમના પછીના વારસદારોના નામ સ્પષ્ટ વાંચી શકાય છે. જેમકે હિરા હરખાના, હરખા ધરણાના, ધરણા સાયરની, સાયર સોઢળના, સોઢળ ઝાફરના, ઝાફર બોરાના, બોરા જેતાના, જેતા બોટની, બાંટ સોમાના, સોમા સાલરના, સાલર માલાના. (માલો માયાનો સૌથી મોટો પુત્ર હતો) માલો. માયાના, માયા ધરમશીનો, ધરમશી દાડુહના, દાહ માંગના, માંગ વિરમના, વિરમ જોગરાના, જોગરા જોગપાળના, જોગપાળ અનજીના, અનજી રાજીના, રાજી ભાણના.... આટલી પેઢીઓ. તો સ્પષ્ટપણે વાંચી શકાય છે. માયાના પાછળના વંશજો. આર્થિક રીતે સધ્ધર તથા સુખી હોવાના કારણે તથા પ્રગતિશીલ હોવાના કારણે પાટણ ઉપરાંત ગુજરાતના અન્ય શહેરોમાં ધંધાના કારણે વસવાટ કરવા સાથે છેલ્લે મુંબઈ સુધી પહોંચેલા જોઈ શકાય છે. કેટલાક વંશજો જાંબુસર રહેવા ગયેલા જાણી શકાય છે. આમ પાટણથી લઈ મુંબઈ સુધીમાં માયાના વંશજો. અલગ અલગ ઠેકાણે સ્થિર થયેલા છે. તેઓએ પોતાની ઓળખ સાચવી રાખવા તેમની અટક માયાવંશી કરાવી હતી.

આવા મહાન બલિદાની સંતહૃદયી મેઘમાયાને લોકો વિસરતા જાય છે. ઉત્તર ગુજરાતના ગામેગામ કોઈ ભજન-પાટ કે સત્સંગ હોય ત્યાં એકાદ વાત આપણા મેઘમાયાની પણ રહેતી. માયાના નામનું એકાદ ભજન કે રાસડો અવશ્ય રહેતો પણ અહીના ઘરડાઓનું કહેવું છે કે છેલ્લા ચાલીસ-પચ્ચાસ વર્ષથી માયો ધીરે ધીરે વિસરાતો જાય છે પણ ઈ.સ. ૨૦૦૫માં 'માનવ ગૌરવ દિન ઉજવણી. સમિતિ' ગુજરાતના માન. દિનેશ હિરાલાલ ચાવડાએ માયાના ગામ રનોડાથી માયાનું બલીદાન સ્થળ પર સહસ્ત્રલિંગ તળાવ સુધીની એક ભવ્ય સાયકલ રેલીનું આયોજન કર્યું હતું અને એ સમય તે માર્ગને મેઘમાયાના જયજયકારથી ગજવી દીધો હતો.

વિસનગર પાસેના ઘાઘરેટના સ્વ. ઝવેરભાઈ ચાવડા (નિવૃત કલેક્ટર) વિર સ્મારક સમિતિના ચેરમેન હતા અને તેઓ પણ વિવિધ કાર્યક્રમો દ્વારા અને સરકાર ના સહકારથી વિરમાયા. સ્મારક સંકુલને સતમાર્ગ પૂર્ણ કરાવવા માટે સતત પ્રયત્નશીલ હતા. વર્તમાનમાં વીર મેઘમાયા મેમોરિયલ એન્ડ રીસર્ચ સેન્ટર- પાટણના ચેરમેન માનનીય ડો. કિરિટભાઈ સોલંકી લોકસભા (પશ્ચિમ) છે.

સંદર્ભ સૂચિ

- ચાવડા, કિશોર, હરિભાઈ પરમાર અને બાબુલાલ વાઘેલા (સંપા.) (૨૦૧૩), મોતી મારા મલકના, અમદાવાદ: ડિવાઈન પબ્લિકેશન્સ
- રાઠોડ, નરેશભાઈ ખેમાભાઈ અને દામોદરનાથજી ગુરૂ મંગલનાથજી (સંપા) (૨૦૧૫), દિલ દરિયાના મોતી, મહેસાણા: સ્વ. મોહનલાલ જેઠાલાલ મકવાણા ભગત પરિવાર

મેઘસ્વામી

(ગામ કાંગ્રોડી તા. ધ્રાંગધ્રા) (વિ. સં. ૧૮૧૦ થી ૧૮૮૧)

મચ્છુ કાંઠોને મોરબી વચમાં વાંકાનેર   નર પટાધર નીપજે, પાણી હુંદો ફેર

લોકકવિની ઉક્તિને સાર્થક કરતી પાંચાળની ભોમકા, ત્યાંથી આગળ વાંકાનેર એક સમયનું નાનકડું રજવાડું હતું. વાંકાનેર પાસે ગઢિયો ડુંગર આવેલો છે. આ ડુંગરમાં એક ગોવાળિયાની ગાયો ચરે છે. ગોવાળ નૈસર્ગિક વાતાવરણમાં ભજનભાવમાં મસ્ત બની ગયો છે. જાણે પ્રકૃતિ સાથે પુરુષ એકાકાર થઇ ગયો છે.

એક દિવસ ગોવાળિયો જંગલમાં જરા આઘેરો જાય છે. ત્યાં એક જટા જોગીનાં દર્શન થાય છે. ચુંબકની જેમ ખેંચાતો ગોવાળ જોગંદરનાં દર્શન કરે છે. પૂર્વની પ્રિતુની પહેચાન થાય છે. ને ગોવાળ યુવાન જોગીને ગુરુ માને છે. જોગીનું નામ ગઢિયાનાથ ને ગોવાળનું નામ મેઘજી.

મેઘજીના પિતાનું નામ ભોજા ભગત રાઠોડ અને માતાનું નામ દેવુબેન હતું. તેમને બે પુત્રો — રાનો અને રામજી હતા. ધ્રાંગધ્રા તાલુકાનું કાંગ્રોડી ગામ એમનું વતન.

ભોજા ભગત દર વર્ષે કાર્તિકી પૂનમના દિવસે ચર્તુભુજ પાટ મંડાવતા. આખી રાત ભજનકીર્તન થતાં. ચોખ્ખા ઘીની બનાવેલી સુખડી અને ચણા-રોટલાનું ભોજન થતું. સગાં-સ્નેહી અને ભક્તજનો પાટે આવતાં. સવારે બ્રાહ્મણોને ત્રણ હાથ કાપડના ડિયાનું અને સાધુને પાંચ હાથ કાપડના ચાદરનું દાન અપાતું. વણકરાઈના વ્યવસાય સાથે ભોજા ભગતના અંતરના તાણાવાણા પરમ તત્ત્વ સાથે વણાઈ ગયા હતા. ભગતની સ્થિતિ સાધારણ હતી. પરંતુ, દર વર્ષે ચર્તુભુજ પાટ કરતા અને આ પાટે ક્યારેક ગઢિયાનાથ આવતા.

અધવચ્ચે દેવુબેનનું અવસાન થતાં ભગત એકલા પડી ગયા. બારમાની વિધિવગેરે પતાવી વરસદિવસ પછી સગાં-સ્નેહીઓના અતિ આગ્રહથી ભગતે બીજાં લગ્ન કર્યાં. પત્નીનું નામ ભાણીબાઈ. આ ભાણીબાઈના કૂખે મેઘજીનો જન્મ થયો હતો.

સમય જતાં ભોજા ભગત પણ સ્વર્ગે સિધાવ્યા. બારમાનો વિધિ પતાવી રાજા અને રામજીને ભલામણ કરી ભાણીબાઈ મેઘજીને લઈને પિયર આવ્યા અને કાયમ ત્યાં જ રહી ગયા. વાંકાનેર પાસેનું રાજાવડલા ગામ ત્યાં લાખો અને દેવો એમના ભાઈઓ હતા.

થોડા સમય પછી જુવાન થતાં મેઘજીને વાંકાનેરના શેઠિયાની ગાયોને ચરાવવાનું કામ મામાએ અપાવ્યું. મેઘજી આ રીતે ગોવાળ બન્યા.

બચપણથી જ મેઘજી તેજસ્વી હતો. અન્ય બાળકો કરતાં અલગ હતો. સમજ, ચતુરાઇ, જ્ઞાન, આવડત જન્મજાત સંસ્કારો મેઘજીમાં હતા જ ! બાળગોઠિયાઓ મેઘજીની રાહ જોતા અને મેઘજી આવે એટલે સૌ ચેતનવંતા બની જતાં. એવું જ ગાયોની બાબતમાં પણ બનતું. ગાયો સાથે મેઘજીને એટલો ઘરોબો થઈ ગયો કે મેઘજી- ગાયોનું નામ લઈને બોલાવતો. એક ગોરી ગાયનું દૂધ ગઢિયાનાથને મેઘજી દરરોજ પિવડાવતો. છતાં ગોરી ગાયનું દૂધ ઓછું થતું ન હતું.

મેઘજી ગઢિયાનાથના રંગમાં રંગાઈ ગયો. યોગના આઠ અંગોનો અભ્યાસ, પ્રાણાયામ, આસન વગેરેમાં પારંગત થવા લાગ્યો. ગઢિયાનાથે છ મહિનામાં તો મેઘજીને સિદ્ધ બનાવી દીધો. એક દિવસ વિધિવત્ દીક્ષા આપી મેઘસ્વામી નામ આપી યોગનાં ગૂઢ રહસ્યોનો અભ્યાસ કરાવવા લાગ્યા.

આ સમય દરમ્યાન માતા અને મામાએ સિંધાવદર ગામે મેઘજીનું સગપણ કરી નાખ્યું. મેઘજીને ખબર પડી એટલે હઠ કરી કે મને જીવતો જોવો હોય તો સગપણ ફોક કરી આવો. તે રાતે મેઘજીને ભયંકર તાવ આવ્યો ને આખા શરીરે મોટા ફોલ્લા ઉપસી આવ્યા. મામા અને અન્ય મેતરિયા તાબડતોબ જઈને સગાઈ તોડી આવ્યા. સવાર થતાં મેઘજીની પીડા શાંત થઈ ગઈ.

અધુરી આશાએ પણ જીવતા જોગી ભલા એમ સાંત્વના સાથે ભાણીબાઈ પણ સ્વર્ગે સિધાવી ગયા. માતાનું ક્રિયાકર્મ પતાવી મેઘસ્વામી હવે કાયમને માટેગઢિયાનાથ પાસે આવી ગયા. માતાના નખ એક ડબીમાં ફૂલ રૂપે ગંગામાં પધરાવવાની ઇચ્છાથી સાચવી રાખ્યા હતા.

સમય જતા મેઘસ્વામી નાથયોગીમાં નામના પામી સિદ્ધ બની ચૂક્યા હતા. એક દિવસ ગઢિયાનાથે કહ્યું, "જા બચ્ચા વસ્તી ચેતવ ! અલખ નિરંજનના નાદ ગજવ ને જ્ઞાન, ભક્તિ અને કર્મનો લોકોમાં આદેશ કર ! સત્ સનાતન ધર્મનો પ્રચાર કર જા હવે તું ખુદ સમર્થ છે !'

મેઘસ્વામી માથે જટા, કાને કુંડળ, મોટી દાઢી, ભગવાં વસ્ત્રો, ગળામાં માળાઓ, હાથમાં ચીપિયો ને કમંડળ, પગે ચાખડીઓ, તપથી તપતો ઓજસ્વ ચહેરો જોઈને લોકો અંજાઈ જતા. વળી જ્ઞાન સત્સંગ અને યોગમાર્ગના જાણકાર હતા. પોઠિયો રાખતા એટલે લોકો શંકરનો અવતાર કહેતા. નાથના આરાધ્ય દેવ પણ શંકર ભગવાન જ છે ને !

મેઘસ્વામી એકલા યાત્રા આરંભી, દ્વારકા, સોમનાથ, જૂનાગઢ, તુલસીશ્યામ, રામદેવરા, અંબાજી, પંચવટી, ત્ર્યંબક, જગન્નાથપુરી, રામેશ્વર, ઉપરાંત કૈલાસ માનસરોવર, અમરનાથ તથા ચારધામની યાત્રા કરતા કરતા બદ્રીનાથ પહોંચ્યા. અહીંનું વાતાવરણ અને કુદરતી સૌંદર્ય ખૂબ જ ગમ્યું. અનેકાનેક તીર્થોની યાત્રા કરી ગામેગામ શહેર-શહેરમાં ભક્તિભાવ જગાડ્યો. લોકોમાં ધર્મચેતનાનો સંચાર કર્યો. આમ ને આમ સાત સાત વરસનાં વાણાં વહી ગયાં. ને એક દિ' મેઘસ્વામીના મનમાં ગુરુજીનો આદેશ સંભળાયો. ગુરુ સ્મરણ થતાં જ મેઘસ્વામી દેશાટન કરતા કરતા ગઢિયાનાથનાં ચરણોમાં આવી ગયા. ગુરુ શિષ્યનું અલૌકિક મિલન થયું.

સમય વીતવા લાગ્યો, એક દિવસ ગઢિયાનાથે આદેશ આપ્યો : "જા મેઘા હવે તું સ્વતંત્ર છે. તું અને હું એક જ છીએ. હવે તું સેવક નથી, સમર્થ છે. ગુરુ થવાનું ગૌરવ છે. જા હવે તું અમર અવિનાશી છે. જા વસ્તીમાં ને ધર્મનો, જ્ઞાનનો પ્રચાર કર.''

ગુરુ આદેશ થતાં જ મેઘસ્વામી બાજુના ગારિયા ગામે આવ્યા. ત્યાંના દરબાર રૂપસિંહને કહીને મચ્છુ કાંઠે રોકાયા. ત્યાં નરસિંહ મંદિર બંધાવ્યું. નાનકડી જગ્યાની સ્થાપના કરી. ધીમે ધીમે મેઘસ્વામીની નામના ફેલાવા લાગી. બાપુ પણ આસપાસના પાંચાળ, ઝાલાવાડ, ભાલ, વાગડ, વઢિયાર વગેરે વિસ્તારોમાં ફરતા. જૂનાગઢ શિવરાત્રીના મેળામાં પણ આવતા. જૂનાગઢમાં એક કેવળ સ્વામી નામે બાપુનો સેવક હતો. વર્ષો પછી બાપુના આદેશ - આશીર્વાદથી તેમને ત્યાં પુત્રનો જન્મ થયો હતો.

બાપુના જ્ઞાન, સત્સંગથી આકર્ષાઈને અનેક લોકો તેમના સેવકો બન્યા. એમાં કડાકા ગામના મોટી ઉંમરના દરબાર રહોજી પણ બાપુના શિષ્ય બન્યા અને બુઢ્ઢાબાપા તરીકે ઓળખાયા. તેઓ જિંદગીભર બાપુની સાથે જ રહ્યા અને અંત સમયે સમાધિ પણ બાપુની સાથે જ લીધી.

બાપુ સેવકોને કાકર પાર કરીને રાતના સમયે પ્રબોધ કરતા. દસ આજ્ઞાઓ ખાસ આપતા. ધ્યાન, સ્મરણ અને યોગ્ય પાત્ર, જિજ્ઞાસુ પાત્રોને ગૂઢ વિધિઓ પણ આપતા. એક દિવસ કલાડા ગામે બાપુ આવ્યા. ત્યાં એક જુવાન વાછરડા સાથે બાપુને નાતો બંધાયો. બાપુ બીજે ગામ જવા નીકળ્યા ત્યારે ખીલો ઉંચકાવીને વાછરડો દોડતો બાપુ પાસે જઈ ઊભો. ગામ લોકો નવાઈ પામ્યા અને વાછરડો બાપુને ભેટ આપ્યો. આ વાછરડો પછી પોઠિયા તરીકે દૂધ આપ્યાનો પરચો આજે પણ લોકોમાં ચર્ચાય છે. આ પોઠિયાએ પણ બાપુ સાથે સમાધિ લીધી હતી.

બજાણા ગામે એક ગરાસિયણ વિધવા સ્ત્રી હિમાબા મળ્યાં. બચપણમાં જ વિધવા થયેલાં હિમાબા ચોરીછૂપીથી વણકર ફળીયામાં આવી ભજનો સાંભળતાં. આથી સાસુ-સસરા ત્રાસ આપતા. અંતે મેઘસ્વામી મળ્યા. હિમાબાએ કાકલૂદી કરી, વિનંતી કરી, વચને બંધાયાં અને બાપુએ બોધ આપ્યો. હિમાબા સેવક તરીકે બાપુ સાથે રહ્યાં ને ગારિયાની જગ્યાનો ઘણો બોજ ઉપાડ્યો.

કંકાવટી ગામે બાપુ છ મહિના રોકાયા. હવે બાપુ સાથે પ્રથમ રાહોજી, પછી પોઠિયો અને હિમામાતા મળીને ચાર જીવ ધર્મપ્રચાર કરતા ફરે છે. થોડો સમય જગ્યામાં રોકાય ને થોડો સમય દેશાટન કરે છે.

કંકાવટી ગામે ઠાકર મંદિર બંધાવ્યું, ધામધૂમપૂર્વક ઉજવણી કરી અને ભાઈના દીકરાને બોલાવી, બોધ આપી દયારામ નામ આપી મંદિરના પૂજારી-મહંત તરીકેનિમણૂક કરી. બાપુ વિદાય થયા.

થળા ગામે રામદેવ મંદિર બંધાવી, તેની દેખરેખ રબારી ભાઈઓને સોંપી. સીતાપુર ગામે હનુમાન મંદિર બંધાવ્યું. મૂળી પાસે દૂધઈ ગામે ઠાકર મંદિર બંધાવી તેની દેખરેખ રબારી તથા મેઘવાળોને સોંપી હતી. દૂધઈ ગામે પાણીની તંગી હતી. બાપુએ તળાવ ગળાવ્યું. તે આજે મેઘસ્વામીની તલાવડી તરીકે ઓળખાય છે.

વર્ષો સુધી દેશાટન કરી ધર્મપ્રચાર કરતા સેવકોમાં ફરતા ફરતા બાપુ ગારિયા આવ્યા. એકવાર બાપુ સેવકોમાં ફરતા હતા, ત્યારે કલાડાં ગામેથી પોઠિયો મળેલો. એટલે ત્યાંના લોકોએ પોઠિયાનાં શિંગડા રૂપાના પતરે મઢાવી દીધાં. તથા જેનો પોઠિયો હતો તે ભાઈએ પોઠિયાને ચારે પગે રૂપાના પોલરિયા ઘડાવી પહેરાવ્યા હતા.

સુદામડા ગામે કાશીના મહંત સાથે મુલાકાત થઈ ત્યાં થોડો વિવાદ થયો અને ગામલોકોએ મહંતની વાતમાં આવી બાપુનું સત્ લીધું. ગુરુ ગઢિયાનાથના પ્રતાપે પોઠિયાએ દૂધ આપ્યું. ને સૌને અંજલિ ભરી આપ્યું. પરંતુ સુદામડા ગામનું પાણી બાપુએ હરામ કરેલું. આજે પણ આ પોઠીયો બાપુના વંશવારસો દ્વારા પાળવામાં આવે છે. સંવત ૧૮૮૦માં ગારિયામાં બાપુએ ધામધૂમપૂર્વક મંડપ કર્યો હતો. દિવસો સુધી ગામ આખું ભક્તિના રંગે રંગાઈને ધર્મમય બની ગયું હતું.

વાંકાનેરના ગારૂડી અટકના પુંજાભાઈ બારોટ અંધ હતા. બાપુએ એને રોશની આપી. એની યાદમાં પુંજાભાઈ દર વર્ષે ચૈત્રી પૂનમના દિવસે ઠાકરપાટ કરે છે. આજે એમના વંશ વારસો આ પ્રતિજ્ઞા પાળી રહ્યા છે. વઘાશિયા ગામનું જળ સંકટ વાંકાનેરના રાજાને કહીને દૂર કરાવ્યું હતું. સમથેરવા ગામે ચારણિયા મેઘવાળો

બાપુને તેડી ગયા હતા. માનપાનપૂર્વક ગુરુ માન્યા અને બાપુની હાજરીમાં દિકરા-દીકરીની સગાઈ થઈ. ત્યાં પંચભાઈઓએ નક્કી કર્યું કે, આજથી સગાઈ અને લગ્નપ્રસંગે સવા ત્રણ રૂપિયાનો ગારિયાની જગ્યાનો હક અમે મંજૂર કરીએ છીએ. આજે પણ આ લોકો આ નિયમ પાળે છે ને જગ્યામાં રૂપિયા પહોંચતા કરે છે.

ચારણ મેઘવાળા સાથે રહીને બાપુ ચારણી બોલી શીખી ગયા હતા. ચારણોમાં જતા ત્યારે ચારણી બોલીમાં જ જ્ઞાનસત્સંગ કરતા. અન્ય જ્ઞાતિના સેવકો પણ હતા.

વર્ષો પછી ગુરુના દર્શને ગયા અને અંતિમ ઇચ્છા બતાવી. ગુરુજી આ કાયા દ્વારા ઘણા કામ થયા. લોકો ચમત્કાર માની અંધવિશ્વાસથી દોડ્યા આવે છે. હવે આ કાયાની માયા સંકેલી લેવી છે. ગુરુએ આશીર્વાદ આપ્યા.

પાછા ફરતા રસ્તામાં સૌ તરસ્યા થયા. બાપુને વિનંતી કરી. બાપુ સમજી ગયા એક જગ્યાએ પથરા નીચે ભીનાશ જોઈ ખોદવા લાગ્યા. ને થોડીવારમાં વિરડામાં પાણી દેખાયું. આજે તે ’અમરવિરડા’ તરીકે ઓળખાય છે.

રૂપા સુથારને કહી પીંપળના લાકડામાંથી ડોલી બનાવી લીધી. સેવકોમાં ફરી સૌને હળીમળીને સંવત ૧૮૮૧ શ્રાવણ સુદ બીજને બુધવારે બાપુએ શ્વાસોની માળાને થંભાવી દીધી. એમની સાથે જ બુદ્ધાબાપા પણ અલખ કરતા બેસી ગયા અને પોઠિયો ત્રાડ નાખી પડ્યો ને પ્રાણ નીકળી ગયા. આ ત્રણે સમાધિ ગારિયાની જગ્યામાં આવેલી છે.

સંદર્ભ સૂચિ

- મકવાણા, મહેન્દ્ર (૨૦૧૯), સુરેન્દ્રનગર જિલ્લાના વણકરોની અસ્મિતા, અમદાવાદઃ કેવલ ઓફસેટ

રતનદાસ બાપા

રતનદાસબાપાનો જન્મ સંવત ૧૯૬૮માં અમદાવાદના ધોળકા તાલુકાના કેસરડી ગામમાં થયો. તેમના પિતાનું નામ હરિદાસ, જે નિર્ધનતાને લીધે ભણી શક્યા નહોતા. પણ દાદા લાલદાસજીએ એમને અલ્પ અક્ષરજ્ઞાન આપ્યું હતું. તેથી તેઓ વાંચી-લખી શકતા. કોઈ પંડિત ધાર્મિક પુસ્તકનું વાંચન કરી કે ભજનો ગવાતા હોય ત્યાં રતનબાપા જતા અને શાંત ચિત્તથી સાંભળતા. તેઓ ગુજરાતી પુસ્તકો વાંચતા ધાર્મિક પુસ્તકોનું અધ્યયન કરતા, એકવાર બાપાને વિચાર આવ્યો કે જગત નહોતુ ત્યારે હું ક્યાં હતો. આ વિચારે તેમને બેચૈન કરી મુક્યા, તેમના પિતાની સાથે તે પ્રત્યેક ભજનોમાં જતા, તેમના પિતા જ્યારે ભજનનો અર્થ સમજાવતા ત્યારે રતનબાપા તેમને શાંત ચિત્તે સાંભળતા. તેનું મનન કરતા, તેમના પિતા તેમને કેટલીક વાર કહેતા કે અમને અજ્ઞાન હતું ત્યારે અમે ભુત, ભૈરવ, ડાકણ-સાકણ, મૂઠ, ચોટ વગેરે ધતિંગોમાં સમય વ્યર્થ કર્યો અને પછી જ્ઞાન થતા ઈશ્વરની ઉપાસના કરીએ છીએ તેમ તું પણ ઈશ્વરની ઉપાસના કર.

અનેક માણસો પાસેથી જાણવા મળ્યું કે, ગિરનાર પર્વતની ગુફાઓમાં મહાત્મા અને સિદ્ધપુરુષો રહે છે. તેઓ કેટલાય વર્ષોથી તપ કરે છે. આ સાંભળી રતનદાસનું મન ગિરનાર તરફ જવા પ્રેરાયું પણ આ સમયે જોધલપીર બાપાનો દશેરાનો ઉત્સવ નજીક હતો. આથી રતનબાપાએ દર્શનના પ્રસંગનો લાભ લઈ. ઇ.સ.૧૯૩૨માં ગિરનાર તરફ ગમન કર્યું. આ સમયે રિવાજ એવો હતો કે યાત્રા કરી આવ્યા બાદ બ્રાહ્મણોને જમાડવા, પણ આને માટે ત્રણસો રૂપિયાનો ખર્ચ હતો. જે માટેની શક્તિ તેમના પિતા પાસે ન્હોતી. આથી તેમણે છાનામાના જવાનું વિચાર્યું તેમણે પિતાની આજ્ઞા લઈ દશ ગાઉ દૂર જુવાર ગામ જવા નીકળ્યા. ત્યાં ભાવિકજનોએ રતનબાપાને ભાવભીનો આવકાર આપ્યો. તેમની પાસે પૈસા તો હતા જ નહી. પણ બાજરીની બે ગુણ ભેટમાં મળી. તેમણે તે કેસરડી મોકલાવી દીધો. ત્યાંથી તે ધંધુકા પાસે આવેલા વાસણા ગામમાં ફક્ત પાવડી અને અર્ધી ધોતી પહેરી તથા અર્ધુ શરીર ઢાંકી સેવા સંધ્યાની ઝોળી લઈ ધંધુકા ગયા. આ સમયે તેમની ઉંમર અઢાર વર્ષની હતી. તેઓ ગિરનાર જવાના રસ્તાથી બિલકુલ અજાણ હતા. છતાં ધંધુકા સ્ટેશને આવ્યા વગર ટિકિટે ગાડીમાં બેઠા. ગાડીમાં એક મહાત્મા હતા, જેમણે રતનબાપાને પુછ્યું કે તમે ક્યાં જવાના છો?

રતનબાપાએ જણાવ્યું કે હું ગિરનાર જવાનો છું, મહાત્માએ કહ્યુ કે તમે અમારી સાથે ચાલો. અમે પણ ગિરનાર જઈ રહ્યા છીએ. જેથી રતનદાસ મહાત્માની નજીક આવી વાતો કરવા લાગ્યા. બોટાદ જંક્શનથી ગાડી બદલવાની હોવાથી તેઓ ત્યાં ઉતરીને આરામ કરવા લાગ્યા. તેઓને નિંદ્રા આવવાથી જે ગાડીમાં જવાના હતા તે ઉપડી ગઈ, જેથી તેઓને બોટાદમાં બાર કલાક રોકાવું પડ્યું.

દિવસના બાર વાગે મહાત્મા કહેવા લાગ્યા કે ખાવા માટે શું કરશું? રતનબાપાએ કહ્યુ કે ધીરજ રાખો મળી જશે. એવામાં એક વણિક યાત્રાએ જવા નીકળેલો, તે આવીને તેઓને જમાડીને ચાલ્યો ગયો. ત્યાંથી ચાર વાગે ગાડીમાં બેઠા. ધોળા તથા જેતલસર ગાડી બદલીને જૂનાગઢની ગાડીમાં બેસીને તેઓ જુનાગઢ ૧૦ વાગે ઉતર્યા; રતનબાપાએ આઠેક દિવસ મહાત્મા સાથે વિતાવ્યા, ત્યાંથી મહાત્માજીની રજા લઈ તેઓ પુછતા-પુછતા દામો કૂંડ પહોંચ્યા. તેમણે એક મહાત્મા મળ્યા, જે આશ્રમમાં રહેતા હતા. જેણે થોડું માર્ગદર્શન આપી થોડે દુર સુધીનો રસ્તો બતાવ્યો. જેથી રતનબાપા ઝડપથી ગિરનારના પગથિયા ચઢવા લાગ્યા. રસ્તામાં માતા-પિતા, ભાઈની યાદ આવતા દુઃખી થયા. તરત જ તે ચઢેલ પગથિયા ઉતરીને મહાત્માના આશ્રમે ગયા અને મહાત્માને

કહ્યુ કે હું મારા ઘરે જાઉં છું, મહાત્મા કહે, અરે!, કેમ ચાલી આવ્યા?, તમે તો ઘણા જિજ્ઞાસું છો. આજ રોજ તમે અહીં રહો. આ તમારો જ આશ્રમ છે. ઘણો જ આગ્રહ તથા રતનબાપા એક રાત ત્યાં રોકાયા. સાંજના સમયે ત્યાં ત્રણથી ચાર ખાખીધારી સાધુઓ આવ્યા. તેમની સાથે આધ્યાત્મિક વિષયો પર વાર્તાલાપ થયો. પણ તેનાથી રતનબાપાને સંતોષ ન થયો, મહાત્માએ ઘણા સમજાવ્યા છતાં રતનબાપા જુનાગઢ સ્ટેશનથી ગાડીમાં બેસી ધંધુકા ઉતરી આવ્યા, પોતાના કપડા અને હારમોનિયમ લઈ પોતાની જન્મભૂમિ કેસરડી આવ્યા.

તેમના પિતાએ પૂછ્યું કે તમે આટલા દિવસ ક્યાં ગયા હતા? તો રતનબાપાએ બધો જ હેવાલ બયાન કર્યો. પુત્રની આ પ્રકારની સ્થિતિ જોઈ, હરિદાસ આનંદિત થયા. હવે હરિદાસ શિષ્યોમાં જ્યાં ધર્મનો પ્રચાર કરવા જતા ત્યાં રતનદાસને સાથે રાખતા, રતનદાસ કથા-વાર્તાને એક ધ્યાનથી સાંભળતા. મનન કરતાં અને આચરણમાં મૂકતા. તેમને કેટલીક શંકા આવતી કે ઈશ્વર શું? માયા શું છે? આ પ્રકારના અનેક જાતના પ્રશ્નો પૂછવાની જીજ્ઞાસા થતી, પણ પિતા હરિદાસને તે પુછવાની હિંમત કરી શકતા નહી. આથી પિતાનો સાથ છોડી રતનદાસ મુંબઈ ગયા. ત્યાં એક મહાત્મા સાથે ભેટો થયો. મહાત્માને તેમણે ગુરૂ કર્યા. ત્રણ મહિના તેમની સાથે રહ્યા, સેવા પૂજા કરતા પ્રશ્નોતરીમાં રતનબાપાને સંતોષ નહી થયો, ગુરૂજી જ્ઞાની દયાની અને શાસ્ત્રના સારા એવા અભ્યાસું હતા, સાથે વ્યસની પણ હતા. આથી તેમનો સંગ છોડી રતનબાપા ચાલી નીકળ્યા.

ધીમે ધીમે રતનબાપાની ભાવના સતસંગ અને ભજન કિર્તનમાં પ્રબળ બની, ભજન ગાય કે પુસ્તકો વાંચે ત્યારે તેમને શંકા ઉદભવતી, પિતા હરિદાસે જણાવ્યું કે મારો પુત્ર જીજ્ઞાસું અને ભાવનાવાળો છે, છતાં તેમનું ધ્યાન પુત્ર તરફ ન આપ્યું. બીજીવાર રતનદાસ ગિરનાર તરફ ગયા. સાધુઓના સમાગમમાં આવ્યા. પણ એમની જ્ઞાન પિપાસા સંતોષાઈ નહી, ઘરે આવીને જાણ્યું કે ભરૂચમાં પિતાજી છે, તેઓ તેમને મળવા ગયા, બે દિવસ રતનબાપા ત્યાં રોકાયા અને છેવટે જવાની પિતા પાસે આજ્ઞા માંગી ત્યારે પિતાજી બોલ્યા કે આજે સાંજે પાટ વિધિ છે. રોકાઈ જાઓ અને રતનબાપા રોકાયા. સાંજે પાટવિધિ શરૂ કરી રતનબાપાએ ભજનો ગાયા. જેથી હરિદાસ ખૂબ પ્રસન્ન થયા. તેમણે રાત્રે રતનદાસને સતબોધની દિક્ષા આપી, તેથી રતનદાસ આનંદિત થયા. પાટવિધિ પૂરી કરી, પિતા હરિદાસે તેમને શાનમાં સમજાવ્યા, પણ તેમની ગમ રતનદાસને નહીં પડી. પણ જ્યારે રતનદાસ ભજનો ગાતા કે આધ્યાત્મિક જ્ઞાનના પુસ્તકો વાંચતા, ત્યારે પિતાના ઈશારાની તરત યાદ આવતી. તેમને વટાવીને કોઈ ઋષિમુનિ કે મહાત્માની વાણી આગળ જાય નહી. આ અનિવાર્ય પદ અચળ રસ ત્યાં જ ઠરી રહ્યો. એટલે શાસ્ત્રની સાક્ષીએ, ગુરૂની સાક્ષીએ અને પોતાના અનુભવની સાક્ષીએ જે ઈશારો કર્યો તે એમના રૂવે-રૂવે પ્રસરી જતા એમને આનંદનો પાર રહ્યો નહી.

સંવત ૧૯૮૯ના વર્ષે પિતા હરિદાસ ઘરે હતા ત્યારે રતનબાપા ભરૂચમાં હતા. એકાએક પિતાએ પુત્ર પર પત્ર લખેને જલ્દી ઘરે બોલાવ્યા. પત્ર વાંચીને રતનદાસ કેસરડી જવા રવાના થયા. પુત્રને આવેલા જોઈ હરિદાસ આનંદિત થયા, એક મહિનો બંને ગુરૂ શિષ્ય સાથે રહ્યા. સતસંગ કર્યો, રતનદાસ પ્રશ્નો પૂછતા ત્યારે ગુરૂ શ્રી હરિદાસ તેમને દૃષ્ટાંત અને સિદ્ધાંતથી તે વસ્તુ સમજાવતા, સંવત ૧૯૮૯ના અષાઢ સુદ પૂનમના સાંજે પાંચ વાગે કુટુંબના વડીલોને બોલાવી જ્ઞાન શાસ્ત્રની વાતો કરી. છેલ્લે સીતારામ કરી હરિદાસે પોતાના આત્મા નિવારણ પદ પામ્યો. ત્યારે પરમહંસના છેલ્લા દર્શન કરી ગુરૂ હરિદાસને સમાધિમાં સુવાડી ઘરે આવ્યા.

રતનદાસ બાપાના માથે ગરીબ કુટુંબનો ભાર આવ્યો પણ ધીરજથી પ્રભુ પર ભરોસો રાખ્યો આજે પણ તેઓ ગુરૂચરણ પાળીને ગામડે-ગામડે ફરીને જ્ઞાન જ્યોતિ પ્રગટાવી.

ગુજરાતી આદ્ય કવયિત્રી રતનીબાઈ

જન્મ	: અંદાજિત પંદરમી સદીનો આરંભકાળ
જન્મસ્થળ	: જૂનાગઢ
મૂળનામ	: રતન
જન્મજ્ઞાતિ	: મેઘવાળ
માતા-પિતા	: નામ અજ્ઞાત, માહિતી મળી શકી નથી.
ગુરુનું નામ	: મહાપંથી જ્યોતપાટના પરંપરિત ગુરુ
દેહત્યાગ	: પંદરમી સદીનો અંતકાળ

'રતનબાઈની વિનંતી રે, સાંભળી દામોદર રાય રે;
આસનેથી હરિ ઊઠિયા ને, દાસીને ચાંપી હદિયામાંય રે.'

ગુજરાતી આદિકવિ નરસિંહ મહેતાને સર્વાનુમતે સ્વીકારી લેવામાં આવ્યાનરસિંહ છેપૂર્વેનું સાહિત્ય પ્રાચીન ગુજરાતી કે મારુ ગુર્જરના નામે ઓળખાય કે છે. તેની કૃતિઓ ઉપલબ્ધ છે. જૈન અને જૈનેતર એમ બે વિભાગ પાડવામાં આવ્યા છે, તેમ છતાં ગુજરાતી પ્રથમ કવિ નરસિંહ મહેતા સ્વીકારવામાં આવ્યા છે. આ અંગે ઉમાશંકર જોષી કહે છે :

'નરસિંહમાં ગુજરાતી ભાષાને એનો પ્રથમ મુખ્ય અવાજ સાંપડે છે. કોઈ ભાષા જેને લીધે સાહિત્યની ભાષા બને, સાહિત્ય ધરાવતી ભાષાનું ગૌરવ પામે એવા એક ખમીરવંતા સર્જકનો એ અવાજ છે. એ અર્થમાં નરસિંહ ગુજરાતીનો આદિકવિ જરૂર છે.'

ગુજરાતી આદિકવિ નરસિંહ મહેતાને સ્વીકાર્યા પરંતુ ગુજરાતી આદિ કવયિત્રી કોણ ? તેનો વિચાર સંશોધકોએ, વિવેચકોએ કર્યો નથી. મીરાં પાસેથી સમૃદ્ધ ગુજરાતી તો મળ્યાં પરંતુ તે રાજસ્થાન મારવાડથી વિહરતી આવી ને તેમનું સાહિત્ય રાજસ્થાની હિંદી સાહિત્યમાં પોંખાયું છે. મીરાંનો સમય ઈ.સ. ૧૪૯૯થી ઈ.સ. ૧૫૬૪નો સ્વીકારવામાં આવ્યો છે. મીરાં ઈ.સ. ૧૯૩૬માં વૃંદાવન છોડી ગુજરાતમાં આવ્યાં છે ને તે પછી તેમનાં ગુજરાતી પદો રચાયાં એટલે કે મીરાં નરસિંહની સમકાલીન નથી ને રતનીબાઈ નરસિંહની સમકાલીન કવિયત્રી છે. ગુજરાતી પદરચનાઓ સાથે આપણી પાસે કંઠસ્થ પરંપરાએ વહેતી ધીંગી ભજનપરંપરા હતી. તેનો પણ આ સંદર્ભે અભ્યાસ કરવો ઘટે. ગુજરાતી આદ્યકવિયત્રી કોણ ? તેને સમજવા માટે નીચેની ભૂમિકા સમજવી જરૂરી બનશે.

આદિ ગુજરાતી કવિ નરસિંહ મહેતાનો સમય ઈ.સ. ૧૪૧૪થી ૧૪૮૦નોસ્વીકારવામાં આવ્યો છે એટલે કે પંદરમું શતક. આ સમય પૂર્વે ગુજરાતમાં ભક્તિ આંદોલન આવી ચૂક્યું હતું. આ ભક્તિ આંદોલન સાથે ભજન જોડાયેલું છે. ભક્તોની ભક્તિમાંથી ભજનનો જન્મ થયો છે. તેથી નરસિંહની પદરચનાઓ પૂર્વે લોકકંઠે ભજન હતું. આ ભજન સાહિત્યને પ્રેરનારા સ્વામી રામાનંદજી ચૌદમી સદીમાં થયા. તેમના સમર્થ શિષ્યને સંત શિરોમણી કબીરસાહેબ પંદરમી સદીના પૂર્વાર્ધમાં થયા જે ગુજરાતમાં આવ્યા હતા, રહ્યા હતા જેની સાક્ષી નર્મદા તટે કબીરને સુરતની કબીરગાદી સાક્ષી પૂરે છે. ગુજરાતીમાં કબીરની ભજનરચનાઓ છે એટલું જ નહીં પરંતુ ગુજરાતી ભજનોમાં તેમનો મોટો પ્રભાવ છે. આ સાથે નાથપંથી ગોરખ વાણી-ભજન ગુજરાતીમાં ગવાતાં હતાં.

લોકસમાજમાં મહાપંથી જ્યોતપાટ ઉપાસના અને જ્યોતપાટનાં ભજનો ગવાતાં હતાં. આ ભજનવાણીમાં સંતકવયિત્રી તોરલ અને રૂપાંદે અગ્રણી હતાં. સમયની દૃષ્ટિએ ચૌદમી સદીનો સ્વીકારવામાં આવ્યો છે. રૂપાંદેના ગુરુ મેઘધારવાની ભજનરચના ગુજરાતીમાં મળે છે. આ બધી ઘટનાઓને, ભજનસાહિત્યને ગુજરાતી સાહિત્યમાં સ્થાન અપાયું નથી. પરિણામે આ બાબતોથી સાહિત્યના અભ્યાસીઓ અજ્ઞાત રહ્યા છે.

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યને ઘડવામાં નાથપંથી ગોરક્ષનાથ, સંતપંથી કબીરસાહેબ અને મહાપંથી સંતોનો મહત્ત્વનો ફાળો રહ્યો છે. ભારતનો સૌથી પ્રાચીન લોકધર્મ મહાપંથ રહ્યો છે. નિર્ગુણ ભજનસાધના અને જ્યોતના ઉપાસક આ સંતોની ભજનવાણી તે કાળે ને આજે પણ એટલી જ પ્રભાવી રહી છે. આ પંથપરંપરા ગુજરાતની પછાત ગણાતી જ્ઞાતિઓ કોળી, ખારવા, ભરવાડ, રબારી, મેર અને મેઘવાળ સમાજમાં આજે પણ જીવંત રહી છે.

મહાપંથી ભજનસાધના, જ્યોતપાટ ઉપાસના, ભજનમરમ મેઘવાળ સમાજને ગળથૂથીમાં મળેલ છે. આ સમાજના લોકો પાસે સંતસાધનાનું કોઈ અદ્‌ભૂત પ્રમાણ છે કે સાધુ, સાધક, સિદ્ધ ને સંતોએ તેમને સ્વીકાર્યા છે એમ નહીં પણ તેમની પાસેથી ઘણું પામ્યા છે. આ વાતને સમર્થન મળે તે હેતુથી જણાવું તો આજે પણ સંતસમાજમાં જ્ઞાનગોષ્ઠિ થતી હોય ત્યારે પુછાય છે : 'મોટીવાડીનાં ફૂલડાં સંઘર્યા છે ?' 'હા' તો તેનું પ્રમાણ આપવું પડે છે ને તેની પણ પ્રશ્નોત્તરી છે. મોટીવાડી એટલે મેઘવાળ સમાજ, વાત એમ છે કોઈ પણ સાધુ, સદ્‌ગુરુમહાપંથી દીક્ષા આપે ત્યારે ત્યાં મેઘવાળ સાધુ કે ભક્તની હાજરી અનિવાર્ય ગણાય છે. મેઘવાળ સાથે એક જ થાળીમાંથી પ્રસાદ જમવો પડે છે. એ મળેલો સમાજ ગતગંતા કહેવાય છે જેમાં અઢારે વરણ કોઈ પણ જાતના ભેદભાવ વિના સાથે બેસી જ્યોત આરાધના કરે છે. આ જ્યોતપાટનો કોટવાળ પણ મોટેભાગે આ મેઘવાળ સમાજનો હોય છે, જે મેઘવાળ ખીમડિયા કોટવાળથી જાણી શકાયું છે. સવરામંડપની ધર્મની દોરી આ અદ્‌ભૂત ગણાતા મેઘવાળ સમાજના ભક્તને જ સોંપવી પડે છે. તેનો અર્થ એ થયો કે ભજનસાધના, સંતઆરાધનાની ગુપ્ત ચાવીઓ આ સમાજ પાસે છે.

રામદેવજી મહારાજને જ્યારે મહાપંથમાં દીક્ષિત થવું હતું ત્યારે રાણી નેતલદેએ સાથ આપ્યો ન હતો. મેઘવાળ કન્યા ડાલીબાઈ રામદેવજીનો હાથ પકડી અલખધણીના દરબારમાં જ્યોતપાટે લઈ જાય છે. રાજસ્થાન જોધામાલદેવની રાણી રૂપાંદે મેઘવાળ સંત મેઘધારુને ગુરુ ધારણ કરી ગુરુબોધ મેળવે છે. મોરબીના રાજા રાવતરણશીને મુક્તિનો માર્ગ જાણવો હતો ત્યારે વણકર જ્ઞાતિના જતિ-સતી ખીમડિયો કોટવાળ ને સતી ડાળલદેને ચરણે જવું પડ્યું હતું. સૌથી મોટી વાત મીરાંબાઈએ અગમની ઓળખ માટે ચમાર સંત રોહીદાસને ગુરુ તરીકે સ્વીકાર્યા હતા. આ સંતોનો સમય ચૌદમી સદીનો ઉત્તરાર્ધ અને પંદરમી સદીનો પૂર્વાર્ધ ગણાવી શકાય. તે પછી પંદરમી સદીમાં નરસિંહ મહેતા ને મેઘવાળ કવિયત્રી રતનીબાઈ આવે છે. આ સમય મેઘવાળ સંતોનો સુવર્ણકાળ હતો.

નરસિંહ મહેતાના જીવનમાં નોંધાયેલો, ગવાયેલો પ્રસંગ છે કે તેઓ રોજ રાત્રે ભજન ગાવા માટે મેઘવાળ ફળીયામાં જતા હતા. તે સમયે અસ્પૃશ્યતા હાડોહાડ ભરી હતી. નાગર બ્રાહ્મણનો દીકરો મેઘવાળોને ઘેર જાય, ભજન-સત્સંગ કરે, પાણી પીએ ને શક્ય છે કે પ્રસાદ પણ લેતા હોય એ ઘટના રૂઢિવાદી ઉચ્ચજ્ઞાતિઓથી કેમ સહન થાય ? નાગર સમાજે નરસિંહને નાત બહાર મૂક્યા. નરસિંહે છતાં પણ જવાનું ન

છોડ્યું ને ગાયું કે –

'એવા રે અમો એવા રે, તમે કહો છો તેવા રે,
ભક્તિ કરતાં જો ભ્રષ્ટ કહેશો કરશું દામોદર સેવા રે.'

નરસિંહની આ ખુમારી તે સમયે અસ્પૃશ્યતાનિવારણની હતી ? તે સમયે ગાંધીજીનો જન્મ જ થયો ન હતો એટલે આ કોઈ અંત્યોદય યોજના ન હતી. ડો. આંબેડકરની જાતિવિહીન સમાજરચનાની ક્રાંતિનો સમય પણ હજુ આવ્યો ન હતો. જરૂર રામાનંદની શિષ્ય પરંપરાના કબીર, રૈદાસ, પીપાભગતની માનવમાત્ર સમાજને જાતિને પાંતિ નહીં કરના દેશમાં એ વાત હતી. કબીરે કહ્યું

'જાતિ ન પૂછો સાધકી પૂછ લીજીયે જ્ઞાન,
મોલ કરો તલવાર કા પડા રહન દો મ્યાન.'

પરંતુ આ સંતપરંપરા સાથે નરસિંહ જોડાયેલા નથી. નરસિંહ સગુણ કૃષ્ણભક્ત હતા, તે સમાજસુધાકરક નથી. તેમની અન્ય કોઈ પદરચનામાં અછૂતો તરફનો પ્રેમભાવ કે અસ્પૃશ્યતા નિવારણનો નિર્દેશ જોવા મળતો નથી ને છતાં મેઘવાળવાસમાં ગયા છે, ભજન ગાયાં છે તે સત્ય છે.

આ જે મેઘવાળવાસ-હરિજનવાસ કહેવામાં આવે છે તે આજે પણ છે. જે ગુજરાતી મેઘવાળવાસ નામે ઓળખાય છે. ગુજરાતી મેઘવાળફળીયું એટલા માટે કે અહીં રહેતા દલિતો સૌરાષ્ટ્રના નથી, ઉત્તર ગુજરાતમાંથી અહીં આવ્યા ને વસવાટ કર્યો એટલે ગુજરાતી મેઘવાળફળીયું કહેવાયું, ને આજે પણ આ નામે ઓળખાય છે. આ મેઘવાળફળીયામાં નરસિંહ મહેતા આવતા હતા ત્યારે મેઘવાળ સંત કવયિત્રિ રતનીબાઇ ત્યાં રહેતી હતી ને તેની પાંચ ભજન રચનાઓ મળે છે, જે નરસિંહ મહેતાના 'હારમાળા'ની ઘટના સાથે જોડાયેલી છે. આ વિશે ભજન સંતસાહિત્યક્ષેત્રે સંશોધકોનો મત જોઈએ –

ડો. દલપત શ્રીમાળી ઈ.સ. ૧૯૭૦માં 'હરિજન લોકકવિઓ' નામે સંશોધિત પુસ્તક ગુજરાત રાજય માહિતીખાતા તરફથી પ્રકાશિત કરે છે. તેમાંતેઓએ રતનીબાઇ વિશેની સામાન્ય માહિતી આપી કે તે નરસિંહ મહેતાની સમકાલીન, મેઘવાળામાં રહેતાં નરસિંહ મહેતાને ગુરુ માનતી દર્શાવી છે ને ગિરનારની પરિક્રમાના મેળામાં ભજનિકો પાસેથી રતનીબાઈના નામાચરણવાળી ચાર ભજનરચનાઓ મળી હોવાનું જણાવે છે.

ડો. નાથાલાલ ગોહિલ ઈ.સ. ૧૯૮૪માં 'સૌરાષ્ટ્રના હરિજન ભક્તકવિઓ' નામે પીએચ.ડી.નો સંશોધન મહાનિબંધ લખે છે જે ઈ.સ. ૧૯૮૭માં પ્રકાશિત થયો. તેમાં સ્થળ ઉપરની રૂબરૂ મુલાકાત અને અન્ય ભજનગાયકો પાસેથી આ રચનાઓ પ્રમાણી રતનીબાઈનાં ચાર પદો અર્થ સાથે મૂકી આપ્યા. તે પછી ફરી ડો. દલપત શ્રીમાળીએ 'હરિજન સંત અને લોકસાહિત્ય' કંઠસ્થથી ગ્રંથસ્થ સંશોધિત મહાગ્રંથ ઈ.સ. ૧૯૮૯માં પ્રગટ કર્યો. તેમાં 'સંતોની મુકુટમણિ રતનબાઈ' નામે પ્રકરણ લખેલ છે. તેમાં રતનીબાઈનાં પાંચ પદો મૂક્યાં છે જેને 'પંચપદી' કહે છે. આ પદ વિશે ગિરનાર તળેટીમાં આવેલ સંતશ્રી કલ્યાણગિરિ બાપુની જગ્યા છે. ત્યાંના મહંત કલ્યાણગિરિ બાપુ સિદ્ધ, સાધક, નાથયોગી ને સ્વામી નામે પૂજાયા છે. તેમના મતે રતનબાઈ મેઘવાળ સિદ્ધ સાધિકા હતી ને તે એક સંતકવિયત્રી હતી. 'તૃષ્ણાઓથી પર થઈ સ્વસ્વરૂપનું દર્શન કરનાર રતનબાઈ તો સિદ્ધયોગિની હતી, એ શા માટે વૈખરીનો સહારો લે ?'

નરસિંહ મહેતાના જીવનમાં કેટલીક મહત્ત્વની ઘટનાઓ બની છે. તેમાં મધ્યરાત્રીએ નરસિંહ ભજન-

-કીર્તન ગાતાં તરસ્યા થયા તે સમયે રતનીબાઈ નામની સ્ત્રી પાણીની ઝારી લઈને આવી. આ રતનીબાઈને જોતાં નરસિંહને તેમાં કૃષ્ણનું મોહિની સ્વરૂપ દેખાયું ને તેમણે ગાયું :

'હરિ આવ્યા છે નારીના વેશે રે, એને કોઈ જુઓ રે.'

ભરઊંઘમાંથી આળસ મરડતી, લલિત ત્રિભંગી દર્શાવતી લલના જેવી રતનીબાઈ દેખાય છે. આટલું સુંદર અંગલાલિત્ય કૃષ્ણના મોહિની સ્વરૂપ વિના શક્ય નથી. આ ઘટના વિશે ડો. રમેશ શુક્લ નોંધે છે કે

'આ રતનીબાઈ નરસિંહની સગી હોવાનું માનવામાં આવે છે. પરંતુ બીજા એક મત અનુસાર એ અંત્યજ હતી. નરસિંહ અંત્યજફળીયામાં ભજન કરવા જતા ત્યારે તે તેની સેવા કરતી. રતનીબાઈ પદો પણ રચતી. હારમાળાના પ્રસંગે નરસિંહની વહારે આવવા પ્રભુને આજીજી કરતાં તેમાં ચાર પદો ઉપલબ્ધ છે. રૂપે સુંદર નાગરાણીમાં નરસિંહને મોહિનીનું દર્શન થાય એમાં કશું ચમત્કારપૂર્ણ નથી. અંત્યજમાં પણ તેણે મોહિની સ્વરૂપે પરમાત્માનો સાક્ષાત્કાર કર્યો એમાં જ ચમત્કાર છે. તેની સમત્વ બુદ્ધિનું દર્શન એ ઘટનામાં જ સહજ છે.'

નરસિંહના જીવનનો હારમાળાનો પ્રસંગ મહત્ત્વનો છે. આજે પણ જૂનાગઢમાં નાગરબંધુઓ હારમાળાના પ્રસંગની તિથિ ઊજવે છે ને તેમાં મારે વ્યાખ્યાન આપવા જવાનું થયું હતું ત્યારે રતનીબાઈ વિશેની વાત થઈ હતી. મારે મુખ્ય વાત તો કહેવાની હતી 'નરસિંહની કવિતામાં મળતા સંતસાધનાના નિર્દેશો'. કૃષ્ણ ઉપાસના ના સગુણ ભક્ત નરસિંહ મહેતા કહે કે –

નીરખને ગગનમાં કોણ ઘૂમી રહ્યો, તે જ હું તે જ હું શબ્દ બોલે'

'નેત્ર વિણ નીરખવો, રૂપવિણ પરખવો, વણજિત્વાએ રસ સરસ પીવો'

'શરીર શોધ્યા વિના સાર નહીં સાંપડે, પંડિતા પાર નહિ પાયો પોથે'

'નવધામાં તો નહીં રે નીવડો, દશધામાં દેખાશે '

'કોટી બ્રહ્માંડના ઈશ ધરણી ધરા, કોટી બ્રહ્માંડ એક રોમ જેનું'

આ અગમના ભેદને સહજ ઉકેલતી વાણી દર્શાવી જાય છે કે નરસિંહને સંતસાધનાનો ઇશારો મળ્યો હતો. નરસિંહે કોઈ સંતગુરુને ધારણ કર્યાનું પ્રમાણ નથી ત્યારે એમ કહી શકાય કે નરસિંહ મેઘવાળફળીયામાં ભજન ગાવા જતા ત્યારે મેઘવાળ સમાજની જ્યોતપાટ ઉપાસના ને તેમના મહાપંથી ભજનોની ચર્ચા ને જ્ઞાન થતું જ હોય ને એવા કોઈ ભજનના શબ્દે, ભજનમરમે તેમને ગેબી ઇશારો મળી ગયો હોય ને અગમભેદનાં દ્વાર ખૂલ્યાં હોય તેમ પણ બને.

નરસિંહ મહેતાનો હારમાળાનો પ્રસંગ બન્યો તેમાં ઘટના એવી છે કે નરસિંહની પ્રતિભાથી બળતરા કરતા કેટલાક ઈર્ષાળુ તે સમયના જૂનાગઢના રાજા રામાંડલિકને ફરિયાદ કરે છે કે નરસિંહ ભક્તિના નામે લોકોને છેતરે છે એવી અનેક કાનભંભેરણી કરી. રાજાને થયું કે ચાલો, નરસિંહને બોલાવો. તેની પરીક્ષા લેવી છે. નરસિંહને કહ્યું કે જો તું સાચો ભક્ત હોય ને જો તને દામોદરરાય પ્રસન્ન થયા હોય તો એ પ્રભુ સ્વયં આવીને તેમના ગળાનો હાર તને પહેરાવી જાય ને એમ ન બને તો મૃત્યુદંડની સજા આપવામાં આવશે. આમ કહી નરસિંહને જેલમાં પૂરી દેવામાં આવ્યા. તેમને એક રાત્રીનો સમય આપવામાં આવ્યો.

અહીં એક બીજી બાબત એ હતી કે નરસિંહે પોતાનો 'કેદારો' રાગ એક વાણિયાને ત્યાં ગિરવે મૂક્યો હતો. જ્યાં સુધી એ કેદારો છોડાવવામાં ન આવે ત્યાં સુધી એ રાગ ગવાય નહીં ને કેદારો ગવાય નહીં તો

ભગવાન આવે નહીં. નરસિંહ જેલમાં પુરાયા. લોકોમાં તેમજ નાગરીનાતમાં હાંસી થઈ. સંકટમાં મુકાયેલા ભક્ત નરસિંહનો આર્તનાદ, ચિત્તની વિકળતા ને વિનવણી હારમાળાનાં પદોમાં જોવા મળે છે. સવાર થયાને હવે થોડી વાર હતી ને પ્રભુ આવ્યા નહીં ત્યારે નરસિંહ છેલ્લી વાત કરે છે :

મૃત્યુના ભયે નરસૈંયો બીતો નથી, તાહરા દાસનાં ચિત્ત ચળશે,

નરસિંહની આ વિકટ સ્થિતિની વાત મેઘવાળફળીયામાં રતનીબાઈને કોઈકે પહોંચાડી. રતનીબાઈ અલખધણીની જ્યોત પ્રગટાવી, હાથમાં રામસાગર ને મંજીરા લઈ પ્રભુ સામે ધા નાખે છે. તે સમયે તેમણે આર્તનાદે સ્વરચિત પાંચ વાણી ગાઈ છે :

હું અબળા મેઘવાળ નાર પ્રભુ ! તમને વિનંતી કરું છું તારા ભક્ત નરસૈંયાની લાજ રાખ. પ્રભુ ! હાર આપવામાં મોડા થઈ હળવા થયા છો ને દૂરિજન હરખાય છે. ત્રિકમજી અમારે તમારો એકમાત્ર આધાર. જ્યારે દુષ્ટ દુર્યોધને ભરસભામાં દ્રૌપદીનાં ચીર હર્યાં તે પ્રભુ તમે પૂર્યાં, ગજરાજને મગરના મુખમાંથી છોડાવ્યો, અધનામે ગુણિકા તારી, આવા તો ભક્તોનાં અનેક કામો કર્યાં છે ત્યારે આટલી મારી અરજ સ્વીકારો ને નરસૈંયાને હરખે હાર પહેરાવો.

સવાર થશે ને રા'માંડલિક નરસિંહને મારશે તેમાં લક્ષ્મીવર લાજ તમારી જશે. મને લાગે છે કે પ્રભુ ! આ રતનીબાઈની વાણી તમે સાંભળતા નથી. શક્ય છે કે તમે રાધાજી સંગ ગોપીઓ સાથે રંગે રમી રહ્યા હશો. તેમાં જ આ સેવક નરસૈંયાને ભૂલી ગયા. હું દામોદરરાય ! અમારી પ્રિતડીને યાદ કરીને વહેલાવહેલા આવો. સાથે મોગરાની માળા લેતા આવજો. આ દાસીની આટલી વિનંતી સ્વીકારો. તમે નોંધારાના આધાર છો. હે જાદવરાય જાગો, આસનેથી ઊઠો અવિનાશી, આ વિલંબ કરવાની વેળા નથી.

રતનીબાઈ પ્રભુને એક ચોટદાર વિનંતી કરે છે :

'આધાર ને હું તો રે, હરિ મને તાહરો રે;
હું અબળા મેઘવાળ નાર રે'

રતનીબાઈમાં નમ્રતા છે. એ પોતાની જાતને 'મેઘવાળ' નાર તો કહે છેપણ તેની સાથે હું અબળા નાર છું. તમારી સામે અમારો કોઈ હક્ક અધિકાર નથી. મારાથી અનેક શ્રેષ્ઠ ભક્તો તમારી પાસે છે તેમાં મારી ખોટ તમને પડશે નહીં. પરંતુ અમારે તો તમારા સિવાય કોઈ આધાર નથી. વળી અમારો આધાર ને વિશ્વાસ તૂટશે તો ભક્તોની, મારી કોઈ લાજ જવાની નથી. અમારી લાજ તો પ્રભુ તમારી સાથે જોડાયેલી છે. એટલે લાજ તમારી જશે.

રતનીબાઈમાં પ્રેમલક્ષણા ભક્તિ પણ જોવા મળે છે. તેમાં રાધાભાવ, વૃંદાવનની ગોપીઓનો પ્રેમભાવ જોવા મળે છે. પ્રભુ સાથે રતનીબાઈની પ્રીતડી બંધાણી છે તે તેમની વાણીમાં અનુભવાય છે. મોગરાની માળા લટકતી લાવવાનું કહે છે ને તે પણ રાત વીતે તે પહેલાં આવવાનું જણાવે છે. વિલંબ કર્યાથી વાત વણસી જશે ને મોહનજી તમે જ એક અમારો આધાર છો. રતનીબાઈનો એક સંકેત અહીં નોંધપાત્ર છે કે પ્રભુ તમે કૃષ્ણાવતાર માં વૃન્દાવન માં ગોપીરૂપે અમે હતાં ત્યારે જે લાડ લડાવ્યાં તેને યાદ કરી પ્રભુ, અમારી આશા પૂરી કરો.

'વૃન્દાવનમાં રે લાડ લડાવિયાં રે
તેવી પ્રભુ પૂરો અમારી આસ

વિઠ્ઠલજી વિનંતી રે, સે નહીં સાંભળી રે,

પ્રભુએ અબળા મેઘવાળ નારની વિનંતી સાંભળીને મોગરાની માળા લઈનેરતનીબાઈ પાસે આવ્યા. દાસીને હૃદયથી ચાંપી, નરસિંહનો કેદારો છોડાવ્યો ને નરસિંહને દામોદરરાયે હાર પહેરાવ્યો. આ નરસિંહની ભક્તિ, શ્રદ્ધા ને વિશ્વાસ હતો જ, પરંતુ તેમાં આ રતનીબાઈની ભક્તિ ને શ્રદ્ધા જોડાયેલી હતી. એટલે જ એ કહે છે : એટલે કે સંવત ૧૫૭૨ના વૈશાખ સુદી સાતમ ને સોમવાર તારીખ ૧૨ ૭-૧૪૫૬ના દિવસે આ ઘટના ઘટી છે. તેનો અર્થ એ પણ થાય કે રતનીબાઈ ત્યારે વિદ્યમાન છે. આથી રતનીબાઈનો સમય પંદરમી સદીનો આરંભકાળ ને અવસાન પંદરમી સદીનો ઉત્તરાર્ધ મૂકી શકાય.

સંતસાહિત્યના સંશોધનમાં હસ્તપ્રતોનો આધાર મહત્ત્વનો ગણ્યો છે ને તેને હું સ્વીકારું છું પરંતુ આજથી ૫૦૦ વર્ષ પહેલાં મેઘવાળ સંતકવયિત્રી થઈ ગયાં એ દલિતસમાજને તે સમયે વિદ્યાભ્યાસનો, અક્ષરજ્ઞાનનો, શાસ્ત્રો વાંચવા, બોલવા કે સાંભળવાનો અધિકાર મનુવાદી બ્રાહ્મણોએ આપ્યો હતો ખરો ? ને તેની કોઈ હસ્તપ્રતોનો આધાર માંગો ત્યારે માંગનારને ધન્યવાદ !

તેમ છતાં ગુજરાતી આદ્યકવિયત્રી રતનીબાઈનો કોઈ એકાદ વ્યક્તિ વિરોધ કરે ત્યારે તેની પુનઃ તપાસ કરવાની ઇચ્છા થઈ. પહેલી એપ્રિલ, ૨૦૧૧ના દિવસે ડો. રમેશ સાગઠિયા, ડો. જીવરાજ પારઘી સાથે જૂનાગઢ નરસિંહ મહેતાના ચોરાએથી ચાલતાં ચાલતાં પૂર્વ દિશાએ આવેલા ગુજરાતી મેઘવાળવાસમાં ગયા. ચાલતાં માત્ર દશ મિનિટ થઈ. ત્યાંથી દામોદરકુંડ સુધી ચાલતા જવાનો ટૂંકો રસ્તો તપાસ્યો ને ગયા એટલે નરસિંહ મહેતા જે મેઘવાળફળીયામાં ગયા હતા તે આ ગુજરાતી મેઘવાળ હોવાનું સાબિત થયું.

સાંજના સમયે સૌ મેઘવાળ ભાઈ-બહેનો, વૃદ્ધ-વૃદ્ધાઓને ફળીની વચ્ચે આવેલા ઓટાએ ભેગાં કર્યાં. કેટલાક મને નામથી ઓળખતા હતા તેનો લાભ થયો. ૮૦થી ૯૦ વર્ષ વચ્ચેનાં વયોવૃદ્ધ ડોશીમાઓ પણ હતી ને રતનીબાઈ વિશે વાત નીકળી ને આજે પણ જે માહિતી આ સમાજ પાસે પડી છે તે જાણી આનંદ થયો. આ માહિતી આ પ્રમાણે છે

જૂનાગઢ ગિરનારની યાત્રાએ, શિવરાત્રીના મેળામાં, પરિક્રમામાં ગુજરાત (ઉત્તર ગુજરાત)માંથી દલિતકુટુંબો આવતાં હતાં તેમાં ઉત્તર ગુજરાતના દલિતસમાજના બ્રાહ્મણ કે જેને તે સમયે તિરસ્કૃત નામે ઓળખતા હતા તે આજે ગુરુબ્રાહ્મણ નામે ઓળખાય છે જેને સૌરાષ્ટ્રના દલિતો ટેલિયા બ્રાહ્મણ કહે છે તે જ્યોતિષવિદ્યા જાણતા હતા. તેની વાત ને શીખ માંગીને જતા રહેતા તેમાં આજથી સાતસો વર્ષ પહેલાં મહેસાણા જિલ્લાના દલિત સોલંકી મેઘવાળ કુટુંબની આજીવિકા મેળવવા જૂનાગઢ આવી ઝૂંપડાં બાંધીને રહ્યાં તે સ્થાન આજે તેને ગુજરાતી મેઘવાળફળીયું કહે છે તે, આપણે અહીં બેઠા છીએ તે જગ્યા.

આ પરિવારો ખાખરાના પાનમાંથી પાતળ, દૂના બનાવી પેટિયું કમાતાહતા. થોડા સમય પછી યુવાનોને રાજાની ઘોડારમાં ઘોડા સાચવવાનું કામ મળ્યું. વર્ષોનાં વહાણાં વાતાં ગયાં ને કેટલાક લોકોને હોસ્પિટલમાં સફાઈકામ મળ્યું. આ કામ નવી પેઢીને અનુકૂળ ન હતું એટલે આજે અહીં કુલ એંશી કુટુંબો છે જે મોટાભાગના છૂટક મજૂરી ને મકાન બાંધવાનું કામ કરે છે. શિક્ષણનું જે પ્રમાણ હોવું જોઈએ તે અહીં નથી.

રતનીબાઈ વિશેની વાત નીકળી ને એકી અવાજે મોટાભાગના બોલ્યા કે 'હા, એની દેરી અહીં છે જેને અમે 'માતામા' કહીએ છીએ. તેમની અટક સોલંકી હતી. માતા-પિતાના નામ જાણવા મળ્યા નહીં. તેમની બીજી

પેઢી પછી દીકરીના પરિવારો રહ્યા હતા ને તેની અટક આજે સોલંકી ન હોય તે સ્વાભાવિક છે. તેમનું ન ઘર વાસ વચ્ચે એક ઓટો છે તેની સામે હોવાનું જણાવે છે. ધ્યાર્નાધ માહિતી એ મળી કે અહીં બહુ જ મોટો પીંપળો હતો ને તેમાં પોલાણ હતું. તેમાં રતનીબાઈ બેસીને કોઈ મંત્રજાપ કરતી હતી. તેમને અનેક સિદ્ધિઓ સહજ હતી. જે ગિરનારી સાધુ કલ્યાણસ્વામીએ નિર્દેશ આપ્યો જ છે. તેમણે દેહ આ પીંપળાના પોલાણમાં છોડ્યો. આજે તે સ્થાને નાનકડી દેરી છે, જે 'માતામા' નામે ઓળખીએ છીએ તે રતનીબાઈનું સમાધિ સ્થાન છે.'

બીજું એ પણ જાણવા મળ્યું કે નરસિંહ મહેતા આ રતનીબાઈની ઘરની ઓસરીમાં બેસી ભજન ગાતા ને રતનબાઈનો કંઠ પણ સારો હતો. તે પોતાના પણ ભજનો ગાતાં હતાં. તે પછી શિવરાત્રીના મેળામાં દલિતસમાજના ઉતારામાં ગયો ને ત્યાં રતનીબાઈનું ભજન કોઈ ગાય છે ખરું ? – તેની તપાસ કરી તો જાણીને આનંદ થયો કે શ્યામસાધુના પિતા મૂળદાસ બાપુની જગ્યામાં મૂળે ઉત્તર ગુજરાતના ને આજે સૌરાષ્ટ્રના પૂનમ બારોટ પાસેથી રતનીબાઈનું પદ 'હું અબળા મેઘવાળ નાર' સાંભળવા મળ્યું ને તેમણે એમ પણ કહ્યું કે રતનીબાઈનું એક આકાશવાણીનાં ભજનોમાંથી મને સાંભળવા મળ્યું છે.

આટલી માહિતી રતનીબાઈને ગુજરાતની આદ્યકવિયત્રી હોવાનું દર્શાવી જાય છે, છતાં કોઈ સંતસાહિત્ય વિશે અભ્યાસ કરતો મહાનુભાવ કહે કે એ મારી જાણમાં નથી કે મારી પાસે તેનું કોઈ રેકોર્ડિંગ નથી કે તેની કોઈ હસ્તપ્રતો નથી એટલે હું રતનીબાઈને સ્વીકારતો નથી તો એ તેમનો મત તેમને મુબારક, તેમની પાસે શું નરસિંહ મહેતાની હસ્તપ્રતો છે ખરી ? દલિતોને તે સમયે તમે જ ભણવાનો અધિકાર આપ્યો હતો ખરો ? ભાઈ ! અમારી પાસે જે આધાર હતા તે આપ્યા બાકી તો રતનીબાઈ ને દલિતોનાં ભાગ્ય !

સંદર્ભ સૂચિ

- ગોહિલ, ડો. નાથાભાઈ (૨૦૧૭), ગુજરાતની આંતરચેતના ભાગ-૨, અમદાવાદઃ નવભારત સાહિત્ય મંદિર

સંતશ્રી રંગાદાદા ચેત્યન સિંહ

સંતશ્રી રંગાદાદા ચેત્યન સિંહ સ્વરૂપ સમાધી સ્થળ ગામ: શેલા (તા. સાણંદ, જી. અમદાવાદમાં સોયંતર કુળમાં સંતશ્રીનો જન્મ થયો હતો. બાળપણથી જ દાદા ભજનીક, સંતસંગી અને અધ્યાત્મિક વિચાર સરણીવાળા હતા. રંગાદાદાએ પણ સાધનાથી ઘણી સિદ્ધિઓ હાંસલ કરેલ. સોયંતર કુળનો મુળ વ્યવસાય હાથ શાળ એટલે કે વણાટ કામ, રંગાદાદા ભગવાન વિષ્ણુનાં નરસિંહ સ્વરૂપનાં ખાસ ઉપાસક તેમજ ભગવાન નરસિંહનો સવાસો લીંબુનો પાઠ પોતે માંડ્યા હતા.

એક સમયની વાત છે કે, તેમના માતા સવારે કુવાથી પાણી ભરીને આવ્યા ત્યારે રંગાદાદા ઘરમાં શાળ પર પછેડી વણતાં હતા, ત્યારે માતા બોલ્યા, 'રંગા આ મારુ બેડું ઉતરાવ'તો, ત્યારે દાદાએ શાળ પર બેઠાં બેઠાં હાથ લાબાં કરીને બેડું ઉતરારેલું. આ જોઈને માતાને મનમાં થયુ કે મારો રંગો હવે જોગી બાવો બની જશે તેથી રંગા પર કડક વલણ અપનાવ્યું, પરંતુ દાદા તો અવતારી પુરુષ તરીકે જન્મેલાં, તેથી તેમના માતાની કોઈ બંધીશ દાદાને બાંધી શકી નહી.

એક સમયની વાત શેલા ગામથી આશરે ત્રણ ગાઉ દુર ઉત્તર દિશા તરફ ગોધાવી ગામમાં ભગવાન નરસિંહ સાહેબનો પાઠ હતો અને તેનું વાયક દાદાની આવેલુ, માતાએ કડક વલણ અપનાવેલું એ દાદા જાણતાં હતાં, તેથી દાદાએ ઘરે જાણ કરી નહી. પરંતુ ગામના લોકો દ્વારા માતાને ખબર પડી ગઇ કે રંગાને પાઠનું વાયક છે, તો તે દિવસે સાંજે માતાએ રંગાને સુડલો ભરીને કોકડાં ભરવાનું કામ આપ્યું અને કહ્યુ કે આપણે સવારમાં આ કોકડાથી પછેડી વણવાની છે, પણ દાદાને જીવ તો ભગવાનમાં પરોવેલ હતો પણ, એક તરફ માતાની આજ્ઞા અને એક તરફ પાઠનું વાયક. એટલે દાદા કોકડા ભરવા બેસી ગયા. માતાએ બહારથી દરવાજો બંધ કરી સાંકળ મારી દીધી અને રંગાને ઘરમાં પુરી કાઢ્યા. રંગાદાદા કોકડાં ભરતા ભરતા બાજુમાં પડેલી કોસથી દિવાલમાં ગાબડું પાડીને પાઠમાં જવાં નિકળી ગયાં અને ગોધાવી ગામમાં જઈને પાઠ ઓધર્યો. પરોઢીયે પાઠની પુર્ણાહૂતિ થઈ અને દાદા ગામ તરફ પાછાં વળ્યા. શેલા ગામની ભાગોળે કૂવામાંથી પાણી ભરીને માતા નિકળ્યા ત્યારે તેમણે રંગાદાદાને જોઈને ધ્રાસ્કો પડ્યો અને દાદાની પહેલાં ઝડપથી ઘરે દરવાજો ખોલીને જોયુ તો બધા કોકડાં ભરેલા પડેલા અને બાજુમાં દાદા સુઈ રહેલા જોયાં. આથી દાદાના બે સ્વરૂપ જોઈને માતા અચંબિત થયા કે ખરેખર આ કોઈ અવતારી ઓલિયો મારા ઘરે જન્મેલ છે.

શેલા ગામ એક ધનીક ગામ હતું આથી વારંવાર ધાડપાડુઓ આવતાં અને ઘણો બધો ત્રાસ આપતા. એટલે ગામના લોકોને ખબર કે રંગાદાદા ઓલિયો પુરુષ છે માટે બધા એકઠાં થયા અને દાદાને ત્યાં આવ્યાં. દાદાને કગરી પડ્યા કે અમને આ ધાડ પાડુનાં ત્રાસથી બચાવો. દાદાએ કહ્યું કે આ સુતરની આંટી મારાં કાંડે બાધી અને જ્યારે હું પાછો આવુ ત્યારે આ કાંડે બાધેલી આંટીને તમે છોડી લેજો, એમાં જરાય ભુલ કરતાં નહી. ત્યારબાદ દાદા સિમાડાં તરફ નિકળી ગયાં, જ્યારે ધાડુ પાડું સામે આવ્યા ત્યારે દાદાએ સિંહ સ્વરૂપ ધારણ કર્યું અને એ લોકોને મારી નાખ્યાં, દાદા સિંહ સ્વરૂપમાં પાછાં આવ્યા ત્યારે ગામનાં લોકો ડરીને ભાગી ગયા અને આંટી કાંડે બાંધેલી સુતરની છોડવાં કોઈ આવ્યું નહી. ગામના લોકો આપેલું વચન ભુલી ગયાં, થોડીવાર બાદ દાદા તેમનાં અસલ સ્વરૂપમાં આવ્યા અને આ અવતારી પુરુષે જીવતાં સાધુ સંતો, મહંતો અને ભક્તોની હાજરીમાં શેલા ગામમાં જીવંત સ્વરૂપે સમાધી લીધી.

દાદાની સમાધિ એ દશેરાને દિવસે ઘોડો અને ધજા ચડાવવામાં આવે છે, તેમજ પ્રસાદી વહેંચવામાં આવે છે. રંગાદાદાના વંશજો આજે પણ ગોધાવી, નરીમાનપુરા, ચાચરાવાડી, વાસણા, ચડોલા, બદરખા, મખીયાવ, માણકોલ, ઈયાવા, સરખેજ, મહીજડા જેવા સોયંતર સોલંકી અથવા ચૌહાણ પરિવાર તરીકે વસવાટ કરતા જોવા મળે છે.

સંદર્ભ સૂચિ

- રૂબરૂ મુલાકાતઃ લેખક નરેશ કે. રાઠોડ 'ધૂની' - પામોલ
- રૂબરૂ મુલાકાતઃ શેલા ગ્રામ્યજનોએ આપેલ માહિતીને આધારે

જયશ્રી રાઘુ ભગવાન
ગેરીતા મેઘવાળ સમાજની મહાન ગુરૂગાદી

ઉત્તર ગુજરાતના મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના ગેરીતા ગામે અગ્રાવત વૈષ્ણવ સંપ્રદાયની રાઘુ ભગવાનની મહાન ગુરૂગાદી આવેલી છે.

આજથી સેંકડો વર્ષ પૂર્વે જયપુર ગુલતા ગાદી નાગા બાવા અખાડાના બ્રહ્મચારી સંત ગુરૂ ભગવાન અને રાઘુ ભગવાન ભ્રમણ કરતા-કરતા ઉત્તર ગુજરાતના મહેસાણા જિલ્લામાં આવ્યા અને ગુરૂ ભગવાને લાખવડ ગામમાં ગાદી સ્થાપી જ્યારે રાઘુ ભગવાને ગેરીતા ગામમાં ગાદી સ્થાપી હતી. ગેરીતા ગામના વણકર-રોહિત ફળીયામાં આવેલી રાઘુ ભગવાનની ગાદી પ્રતાપી, તપોબળવાળી અને દર્શનીય છે.

ગેરીતા ગાદીના મહાન સંત બાલક સાહેબ

ગેરીતાની અગ્રાવત ગાદીએ બિરાજી બાલક સાહેબે અનેક તીર્થોટન કરી આકરી તપચર્યા કરી હતી. બાલક સાહેબ બ્રહ્મજ્ઞાની સંત હતા. આથી તેમના દર્શન કરવા આશીર્વાદ લેવા અઢાર આલમના માનવો આવતા હતા. આ બાલક સાહેબે બાળ વયે જ સન્યાસ લીધો હતો. તેમના માતા-પિતા કે વતન અંગે અન્ય કોઈ માહિતી ઉપલબ્ધ નથી. પરંતુ તેઓ રાઘુ ભગવાનના પટ્ટ શિષ્ય હતા.

બાલક સાહેબે માત્ર ૩૦ વર્ષની ઉંમરે જીવતા સમાધિ લેવાનું એલાન કર્યું. તેથી શિષ્યો, ભાવિકોના ટોળે-ટોળા ગેરીતા ગાદીએ ઉમટ્યા હતા. ઢોલ-નગારાથી વિદાય લેતા મહાપુરૂષને નવાજવામાં આવી રહ્યા હતા. એ સમયે ગેરીતા ગામના પાદરમાં નાગા બાવાઓની જમાતનો પડાવ હતો. ઢોલ નગારાનો અવાજ સાંભળી એક બાવાએ કોઈ ગ્રામ્યજનને પુછ્યુ, 'આ અવાજ ક્યાંથી આવે છે? શું છે? આટલી બધી સંખ્યામાં લોકો ક્યાં જઈ રહ્યા છે?, જવાબ મળ્યો, 'વણકર-ચમાર વાસમાં તેમના કોઈ સંન્યાસી જીવતા સમાધિ લઈ રહ્યા છે.' બાવો મોઢું બગાડીને બોલ્યો, 'મેઘવાળનો સાધુને વળી જીવતા સમાધિ?

નાગાબાવાને બાલક સાહેબ માટે દ્વેષભાવ જાગ્યોને તેણે વિદ્યા અજમાવી. જ્યાં બાલક સાહેબની સમાધિ ગળાતી હતી ત્યાં મકોડી જેવા લાલ ઝેરી જીવો નિકળવા લાગ્યા અને સમાધિ ગાળવા વાળા ભાઈઓએ કામ બંધ કરી દીધું. બાલક સાહેબે સમાધિ ચડાવીને જોયું તો નાગા બાવાની રમત સમજાણી.

બાલક સાહેબે નાગાબાવાઓનો પડાવ હતો તે ભણી માત્ર દૃષ્ટ્રિ કરી તો એક-એક નાગાબાવા ઉપર સેંકડો વીંછીઓ ચડી ડંખ દેવા લાગ્યા. વિના વસ્ત્રોના શરીરને વીંછીઓના ડંખથી બાવાઓ ત્રાહિમામ પોકારી ગયા. ત્યારે જમાતના ગુરૂને ખ્યાલ આવી ગયો કે સમાધિ લેતા એક મહાન સંતનું અપમાન થયું છે અને નાગાબાવાઓની આખી જમાત ગાદીએ આવીને બાલક સાહેબને નમી પડી. શ્રીફળ અને સાકરનો પડો સાહેબના ચરણમાં મૂકી માફી માંગી. બાલક સાહેબ ગળાયેલ ધરતીમાં ઉતરી સમાધિ લેવાની તૈયારીમાં હતા ને બીજી ઘટના બની.

વરસોડા સ્ટેટના દરબાર અને તેમના ધર્મપત્ની આવી ચડ્યા. તેઓની નિઃસંતાન હતા. આથી સાહેબની કિર્તિનો પ્રભાવ જાણી આશા લઈને આવ્યા હતા. સાહેબે સમાધિલક્ષ્યમાં જોઈને કહ્યુ, 'હે દરબાર!, તમારા ભાગ્યમાં સંતાન સુખ છે જ નહી'. ત્યારે રાજા-રાણીની આંખોમાં આંસુ આવી ગયા અને બોલ્યા, 'બાપુ તમારા જેવા બ્રહ્મજ્ઞાની સંતના શરણમાં આવ્યા અને નિરાશ જવું પડે?

સાહેબનું સંતહૃદય પીગળી ગયું ને બોલ્યા, ''દરબાર!, અહીં હું જીવતા સમાધિ લઉં છું અને પછી તમારા ઘરે દિકરો થઈને અવતરીશ. તમે સુખેથી ઘરે જાઓ. પણ મારી નિશાનીઓ લેતા જાવ. મારા ભાલ પ્રદેશમાં રામાનંદી તિલક હશે, મારા હાથ-પગની થઈને ચોવીસ આંગળીઓ હશે. મારા જન્મ સમયે આકાશમાં નોબત વાગશે.''

આમ, સંત બાલક સાહેબે ગેરીતા ગાદીએ સમાધિ લીધા પછી વરસોડા સ્ટેટના દરબારને ત્યાં જન્મ ધર્યો. તેમનું નામ કેસરીસિંહ. હાલમાં વરસોડાથી દર વર્ષની ગુરૂ પૂર્ણિમાએ શ્રીફળ, સાકરનો પડો અને ધજા ગુરૂ દરબારમાં અચૂક આવે છે.

ગેરીતા ગાદીમાં બાલક સાહેબની સમાધિ આવેલ છે. સમાધિ લીધા પછી તેમણે પરચા પૂર્યા તેથી 'બાલકપીર' પણ કહેવાય છે. આથી તેમને ચાદર ચઢાવવા માટે કબર બનાવવામાં આવી છે. સંતાન ન હોય તેઓ અહી આવીને બાલકપીરની માનતા રાખે તો તેમનું વાંઝિયાપણું અવશ્ય ટળે છે.

૧૦૬ ગામ રોહિત સમાજના અને ૪૨ ગોળ વણકર સમાજના ગામ જ્યારે પણ સમાજ મળે ત્યારે આ ગાદીના મહંતશ્રીને અવશ્ય તેડાવવામાં આવે છે. કેમ કે આ ગાદીને ગુરૂગાદી માનવામાં આવે છે.

બાલક સાહેબ પછી મંછારામ બાપુ ગાદીએ આવ્યા. મંછારામ પછી અક્કલ સાહેબ, ત્રિકમ સાહેબ ગાદીએ આવ્યા. ત્રિકમ સાહેબ પછી મેઘસ્વામી ગાદીએ આવ્યા. મેઘસ્વામી સુધી સંતો ત્યાગી (નાદ) ના હતા.

પરંતુ મેઘસ્વામીએ તેમના શિષ્ય શંકરદાસના લગ્ન કરાવી દીધા. ત્યારથી ત્યાગીની ગાદી ઉપર સંસારી (બુંદ) ના સંતો આવ્યા. શંકરદાસને બે પુત્રો હતાઃ ૧. બળદેવદાસબપુ અને ૨. હરિદાસબાપુ. બળદેવદાસબાપુ નિઃસંતાન હોવાથી હરિદાસબાપુના દિકરા કૌશિકબાપુને બળદેવદાસ બાપુએ ખોળે બેસાડ્યા હતા. આજે કૌશિકબાપુ ગુરૂશ્રી બળદેવદાસજી બાપુ ગાદીએ બિરાજે છે.

સંતશ્રી રામદાસ

સંત રામદાસબાપુ બાલક સાહેબના શિષ્ય હતા. જેઓ બાલક સાહેબ સમાધિષ્ઠ થયા પછી ગેરીતા છોડી ધર્મોપદેશ કરતા ભ્રમણ કરતા હતા. ભ્રમણ કરતા-કરતા તેઓ સાબરકાંઠાના આંબલીયારા ગામે ગયા હતા. જ્યાં રાજાના મહેલની પાસેથી પસાર થઈ રહ્યા હતા. ઝરૂખામાં રાજાની કુંવરી ઊભી હતી. તે સંન્યાસીને જોઈને થુંકી અને તેનું થુંક રામદાસના કમંડલમાં પડ્યું. રામદાસ અતિ ક્રોધિત થયા અને વિદ્યાથી રાજાનો મહેલ સળગાવ્યો. રાજા-રાણી સર્વ રામદાસજીના પગે પડી માફી માંગી તોય રામદાસ ન માન્યા અને બોલ્યા, 'હે રાજા!, તારી આ કુંવરીને મારી સાથે પરણાવી દે નહીંતર તારૂ નગર સળગાવી દઈશ.'

રાજાએ તેની કુંવરીના રામદાસ સાથે લગ્ન કરાવ્યા. રામદાસે કુંવરીનું અભિમાન ઉતારી શિષ્યા બનાવી બોધ આપી ભક્તિના પંથે વાળી અને ત્યાંથી રામદાસ વરસોડા સ્ટેટના આશ્રયે આવીને રહ્યા. સંત રામદાસ એક વેળા કડીના મેઘવાળ વાસમાં માગણીએ ગયેલા. તે વખતના મોંના મેંતર ખેતરે ગયા હતા. બાપુને ઉતાવળ હતી એટલે કોઈને કહ્યુ કે ખેતરેથી મોંના મેતરને બોલાવી લાવો. પણ મેતરને બોલાવવામાં કોઈ ન ગયું. સંત રામદાસની બાજુમાં મોટો પથ્થર પડ્યો હતો તેને રામદાસે આદેશ કર્યો કે, 'જા.. મોંના મેતરને બોલાવી લાવ'. આમ, તેમના હુકમથી પથ્થર ઉડ્યો અને કડીના મેઘવાળના ઘરોની વડીઓ અને નડીયા પણ ઉડવા લાગ્યા હતા. આથી રામદાસ બાપુ 'પથ્થર ગલોલો' નામથી જાણીતા થયા.

રામજી ભગત

ગુજરાતમાં અંત્યજ સમાજની ધીંગી સંતપરંપરા છે. એટલી જ સમૃદ્ધ ભક્ત પરંપરા છે. અત્યંજ સમાજમાં ધર્મને નામે અનેક અંધશ્રધ્ધાઓ ચાલતી હતી. જેને મિટાવવા કેટલીક ડો. આંબેડકર સાહેબની દલિત જાગૃતિની મૂવમેન્ટ ચાલી તેમાં જોડાઈને સમાજસેવાનું કાર્ય કર્યું હતું. રામજીભગત ભગતની સાથે આંબેડકર ક્રાંતિના સહયોગી રહ્યા હતા.

'સંવત ૧૯૨૮માં માગ સુદ ત્રીજ ને બુધવાર,
પુષ્ય નક્ષત્ર પ્રભાતમાં રામજીએ ધર્યો અવતાર,
જાદવ કુળમાં જન્મીયા કર્યો શૂદ્રોથી પ્યાર,
સરમણ સેવા નેમ રહેણી પાળે રામજી,
નેમધારી પિતા નાનજી ધન્ય ધન્ય દેવુ માત,
પુનિત રામજી પ્રગટીયા વિવેકી વણકર જાત.'

ઉત્તર ગુજરાતના, ગાંધીનગર જિલ્લાના, વંત્રાનદીના કિનારે કલોલ ગામે ગેબીમંદિરના વણકરફળીયામાં જાદવ શાખના પિતા નાનજીભાઈ અને માતા દેવુબહેનની કૂખે રામજીનો જન્મ થયો હતો. માતા-પિતા વણકરનો ધંધો તૂટી જતાં છૂટક મજૂરી કરીને પરિવારનો નિભાવ કરતાં હતાં. પરિવાર ભલે ગરીબ પરંતુ ભક્તિભાવે રંગાયેલા આંગણે આવેલા દીન-દુઃખિયાને જમાડવાનું ચૂકતાં નહીં. આવા પરિવારમાં રામજીનો જન્મ તેથી માતા-પિતાના ગુણોનું આચરણ કરે. વણકરવાસ પાસે ગેબીમંદિરને તેની ગુરુગાદીના મહંત સ્વામી અક્કલદાસ. તેમની પાસેથી ગુરુબોધ મેળવીને સાદું જીવન જીવે.

રામજી ઉંમરલાયક થતાં હરખુબાઈ સાથે લગ્ન કર્યાં. તેમને ત્યાં બે દીકરીઓ ગંગા અને મોતીનો જન્મ થયો હતો. સંસાર વચ્ચે રહીને આર્થિક ઉપાર્જનનું કોઈ ને કોઈ કામ કરતા રહેતા. તેમાંથી જે આવક થતી તેમાંથી કોઈ દુઃખિયા, બીમાર, ભૂખ્યા, તૂટેલ કપડાવાળા મળી જાય તો તેને મદદ કરતા રહેતા. માતા-પિતાના અવસાન પછી તેમનાં વિધિ-વિધાન કે કર્મકાંડમાં કેન્દ્રિત થવાને માતા પિતાની સ્મૃતિમાં ગરીબ વિદ્યાર્થીઓને પુસ્તક, નોટ, પેન-પેન્સિલ કે તેને જમવાની સગવડતા ન હોય તો તેને સહાય કરી સાચી શ્રદ્ધાંજલિ આપી હતી. રામજીભગત પાસે દીન-ભૂખ્યાં તો આવતા તેમ સાધુ, સંતો, ભક્તો ભજન સત્સંગ માટે આવતા હતા. કલોલ, મહેસાણા, ગાંધીનગર ને અમદાવાદથી તો લોકો આવતા હતા પરંતુ નામના વધતાં કચ્છ-કાઠિયાવાડથી લોકો આવતા થયા હતા. આવા લોકોને ઉતરવાની સગવડતા, જમવાની સગવડતા મળી રહે તે માટે કલોલ રેલવે સ્ટેશનની પૂર્વ દિશાએ પડતર વગડાની ટેકરી ઉપર ઝૂંપડીઓ બાંધીને નાનકડો આશ્રમ સ્થાપી, સૌ પ્રથમ અન્નક્ષેત્ર ઊભું કરે છે.

'અન્નક્ષેત્ર કલોલનું, રામજીને આંગણે,
એણે પરમારથ પુણ્યની પાળ બાંધી,
નાત-જાત કે ભગત-ભિખારી સૌને,
એ રામને ભરોસે દેતો રાંધી.'

અન્નક્ષેત્રનો અર્થ જ થાય કે ગમે તે જ્ઞાતિ, કોઈ, ગરીબ, દુઃખી જે કોઈ આવે તેને સમાન આવકાર ને જમાડવામાં આવે. અઢારે વરણ એક સાથે બેસીને જમે. તેમાં વિરોધ પણ થાય કે મુસ્લિમ-ફકીરો નહીં પણ તે કાળે એવા કાયદા ન હતા કે 'હિન્દુ સિવાય કોઈએ સોમનાથ મંદિરમાં પ્રવેશવું નહીં.' જરૂર હિન્દુ મંદિરોમાં અછૂતો હિન્દુ હોવા છતાં તેમને પ્રવેશ ન હતો ને આજે પણ ગામડામાં અછૂતો મંદિરોમાં જઈ શક્તા નથી.

અમદાવાદમાં કાપડની મિલોનો મોટો યુગ આવ્યો ત્યારે બાજુના શહેર કલોલમાં કોટન મિલો શરૂ થઈ. બીજા કેટલાક ઉદ્યોગો પણ સ્થપાયા. એટલે મજૂરી કરવા બહારના લોકો આવે તેમને રહેવાની સગવડતા નહીં. આવા દુઃખી મજૂરોને જોઈને રામજીભગત તેમને માટે શું કરવું તેની ચિંતા કરતા રહેતા. તે સમયે શ્રી માનાભાઈ પુંજાભાઈ વણકરે રામજીભગતને જમીન ખરીદીને આપી હતી તેમાં મજૂરોને રહેવાની ઓરડીઓ બાંધી તેનું ટોકન ભાડું લઈ તે રકમને પણ સેવાકાર્યમાં વાપરીને આખા પંથકમાં ભગત મહારાજની નામના મેળવી હતી.

રામજીભગતના આશ્રમનું નામ 'પ્રેમધામ' લોકોએ પ્રસ્થાપિત કર્યું હતું. એ પ્રેમધામમાં લોકો તરફથી મળેલા દાનમાંથી રામદેવપીરનું મંદિર બાંધવામાં આવે છે. આ મંદિરની મોટી વિશેષતા એ છે કે મંદિરના ભોંયતળિયે-રામજીભગતનું સમાધિમંદિર આવેલું છે. તેના ઉપલામાળમાં રામદેવપીરનું મંદિર તેની ઉપર રામજીમંદિર ને ચોથા માળે રામજીભગતના પટ્ટશિષ્ય રામજી મેઉવાળાએ તથાગત બુદ્ધની આરસની ભવ્ય મૂર્તિ સ્થાપિત કરી છે. રામદેવપીર મહાપંથની પરંપરાના મૂળ બુદ્ધ સુધી પહોંચે છે તેનો અનાયાસ સંકેત આપે છે.

અંત્યજ સમાજના ઉધ્ધારક, ડો. આંબેડકરને વિદેશ અભ્યાસ માટે આર્થિક સહાયક વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડ ઈ.સ. ૧૯૩૩ની સાલમાં કલોલ આવે છે. કલોલના ટાવર ચોકમાં તેમની સભા ભરાણી હતી. આ સભામાં રામજીભગત ફૂલોનો હાર લઈ તેમનું સ્વાગત કરવા ગયા હતા. રામજીભગત ફૂલહાર લઈને આવતા હતા ત્યારે સયાજીરાવના અંગત મંત્રીએ રામજીભગતનો પરિચય મહારાજાને આપી દીધો હતો. આવતા રામજીભગતને જોઈ માણસપારખુ મહારાજાએ ભગતનું પોત માપી લીધું ને તીવ્ર નિર્ણયશક્તિ ધરાવતા મહારાજાએ દલિતવત્સલ રાજવીએ કલોલના નગરશેઠ શ્રી વખતચંદ શાહ તરફથી મઘમઘતા ગુલાબનાં ફૂલો સાથે સોના-રૂપાના તારથી મઢેલો હાર સ્વાગતમાં આવ્યો હતો તે ઉઠાવીને રામજીભગતના ગળામાં પહેરાવી વધારાના રૂ.પચીસની ભેટ આપે છે. ઓચિંતી આ ઘટના સૌને સ્પર્શી જાય છે.

રામજીભગતે પ્રેમધામ માટે જરૂરી જમીન બાજુવાળા એક ઘાંચીની જમીન વેચાતી લીધી હતી. તેની ૮૦% રકમ ભરી આપી હતી. ૨૦% રકમ બાકી હતી ને રામદેવપીરનું મંદિર એ જગ્યા ઉપર બંધાવા આવ્યું હતું. આ મંદિરનું કામ પૂર્ણ ન થાય ત્યાં સુધી રામજીભગતે પ્રેમધામ ન છોડવાની પ્રતિજ્ઞા લીધી હતી. એટલે ફાળાની જે રકમ આવવી જોઈએ તેનો વિલંબ થયો હતો. આ તકનો લાભ લઈ કેટલાક લોકોને ઘાંચીને ગેરમાર્ગે દોરી ૨૦% રકમ મારી બાકી છે ને સમયસર ન ચૂકવતાં કોર્ટમાં દાવો માંડે છે. તે સમયે મહેસાણા પ્રાંત ગાયકવાડ સરકારનો ભાગ હતો. મહેસાણા કોર્ટમાં રામજીભગત મંદિર પૂર્ણ થયું ન હોવાથી જગ્યા છોડી જઈ શકે નહીં. ધર્મપ્રિય ને ન્યાયપ્રિય ન્યાયાધીશ મુકદ્દમો ચલાવવા સામેથી રામજીભગત પાસે કલોલ ગયા હતા. ઘાંચીને સમજાયું કે પરોપકારના કાર્ય કરતા ભગતને મેં દૂભવ્યા છે એટલે પોતાનો મુકદ્દમો પાછો ખેંચી જે ૨૦% રકમ બાકી હતી તે દાનમાં આપી દે છે.

રામજીભગત પ્રેમધામના, મોટા આશ્રમના વહિવટકર્તા ને સર્જનકર્તા હતા. છતાં જગ્યાના મહંતપદે

બેઠા ન હતા, કારણકે ગાદીપતિઓની ખેંચતાણ તેઓ જાણતા હતા. નિ:સ્પૃહી રહીને માત્ર સાક્ષીભાવે જીવવું એ સંતલક્ષણ કહેવાય.રામજીભગતને મહેસાણાના શ્રીમંત બારોટ દ્વારા એક કિંમતી કાશ્મીરી ગરમ શાલ ભેટમાં મળે છે. આવી કીમતી શાલ શિયાળામાં ધ્રૂજતા ભિખારીને જોઈ ઓઢાડી દે છે. આવા કરુણાસાગર રામજીભગત હતા.

રામજીભગતના જીવનની એક સત્યઘટના બની હતી કે પ્રેમધામમાંથી રાત્રીના એકાંત સમયે પ્રેમધામમાં રોકાયેલો અભ્યાગત તાંબા-પિત્તળનાં વાસણો ચોરી પોટલું વાળી નીકળી ગયો. ભગતને તેની જાણ હતી એટલે પાછળ પાછળ ગયા તો તે વ્યક્તિ રેલવે સ્ટેશનમાં ટ્રેનની રાહ જોતો ઠંડીમાં ધ્રૂજતો બેઠો હતો. ભગતે ત્યાં જઈ પેલા ચોરને શાલ ઓઢાડીને કહ્યું ભલે ભાઈ આ આશ્રમનો માલ લઈ જા. તારી ગરીબીને કારણે આ માર્ગે વળ્યો છે પણ તારી પાસે ટિકિટના પૈસા નહીં હોય તે તને આપું છું. એમ કહી પૈસા આપી ભગત પાછા વળ્યા. અહીં વિક્ટર હ્યુગોની નવલકથા ’લા મિઝરેબલ’ની કથા યાદ આવે છે. ચર્ચમાંથી પિત્તળની દીવીઓ ચોરનારને પકડીને લાવવામાં આવે છે ત્યારે ફાધર કહે છે કે આ દીવીઓ મેં એને ભેટ આપી છે. આ સંત-ભક્તનાં લક્ષણ છે.

આ સમયે ગુજરાતમાં ડો. આંબેડકર સાહેબની દલિત જાગૃતિની ચળવળ આવી પહોંચી હતી. આ આંબેડકર ચળવળનો પ્રભાવ આપણા સાધુ, સંતો, ભક્તો ને સમાજની જગ્યાઓ ઉપર પડ્યો હતો. એટલું જ નહીં પણ એ લોકો તેમાં જોડાયા હતા. રામજીભગતના નીકટના અનુયાયી રામજીભાઈ મેઉવાળા આંબેડકર ચળવળના અમદાવાદના નેતાઓથી પરિચિત હતા ને તેમણે આવા આગેવાનોને કલોલ રામજીભગત સાથે પરિચિત થયો ને ભગતબાપુએ કહ્યું કે આપણે જે કામ કરી રહ્યા છીએ તેથી અનેકગણું કામ આંબેડકરસાહેબ કરી રહ્યા છે ને તેમાં આપણે સૌએ જોડાઈ જવું જોઈએ.

ડો. આંબેડકર વિચારધારાએ કલોલમાં અંત્યજ યુવાનો સંગઠિત થઈ મંડળ સ્થાપી આંબેડકર વિચારધારા ને પ્રવૃત્તિનો પ્રચાર-પ્રસાર કરે છે. રામજીભગતે આગેવાની લઈ ડો. આંબેડકરે કાલારામ મંદિર પ્રવેશનો સત્યાગ્રહ કર્યો હતો તેમ કલોલમાં શ્રાવણવદી અમાસનો મેળો કપિલેશ્વર મહાદેવ મંદિરમાં ભરાતો હતો તે ’પાવઠી’ મેળામાં અંત્યજોને સાથે લઈ રામજીભગત વાજતેગાજતે મંદિરપ્રવેશ કરવા ગયા. તે સમયે જ્ઞાતિવાદી, અસ્પૃશ્યતા વાદીઓએ સત્યાગ્રહીઓ ઉપર હુમલો કરવા ગયા ત્યારે રામજીભગતની કુનેહ અને સત્યાગ્રહીઓની સમતાને કારણે આ પ્રશ્ન ઊકલી ગયો.

રામજીભગત દલિત સમાજના વિકાસ માટે ધર્મને, સેવાકીય પ્રવૃત્તિઓને સાથે રાખી ડો. આંબેડકર સાહેબની ક્રાંતિયાત્રાને વેગવાન બનાવે છે. મહેસાણાપ્રાંત સ્ટેટ સબ્જેક્ટ શિડ્યુલ્ડ કાસ્ટ ફેડરેશન સ્થાપવામાં પ્રેરણા સ્ત્રોત બની ઈ.સ.૧૯૪૪માં તેની સ્થાપના કરે છે.

વિક્રમ સંવત ૨૦૦૦ શ્રાવણ સુદી બીજ ને શનિવારે સ્થૂળદેહ છોડી રામજીભગત સ્વધામે જાય છે. મૃત્યુ પૂર્વે તેમણે સેવકોને જણાવ્યું હતું કે મારા સમાધિદેહને મંદિરના ભોંયરાના ખંડમાં સમાધિ આપજો તે પ્રમાણે તેમને સમાધિ આપવામાં આવી.

આંબેડકર વિચારધારા ને અંત્યજ જાગૃતિનું કામ તે પછી ચાલતું રહ્યું. રામજીભગતના અનુયાયી શ્રી રામજીભાઈ મેઉવાળા ગુજરાત પ્રદેશ રિપબ્લિકન પાર્ટીના પ્રમુખ થયા હતા અને કલોલ નગરપાલિકામાં બે વખત ચૂંટાઈને ભારતવિજય મિલથી બળિયાના ફાટક સુધીના માર્ગને ’સંત રામજી માર્ગ’ નામ આપે છે. રામજીભગત ભગતપદને શોભાવી ગયા.

રૂપનાથજી સ્વામી

રૂપનાથજી સ્વામી એટલે રૂપાબાવા વણકર થયા. જે કેસરડીના મહાન સંત જોધલપીના ગુરૂ કહેવાય છે. જ્યારે પાટણ દટ્ટણ થયું, ત્યારે રૂપનાથ સ્વામીએ પાટણની બાજુમાં એક ગામ વસાવેલું: જેનું નામ 'શિયોલ' પોતે કેટલાંક સમય માટે ધાણધાર પરગણામાં ગયા હતા.

રૂપનાથજી સ્વામી ભ્રમણ કરતા-કરતા પાલનપુર અને ડીસાની વચ્ચે આવેલા 'વાસણા' ગામના વગડામાં મઢી બનાવી ધૂણો ચેતવ્યો. તેથી આ 'મઢી વાસણા' તરીકે સંબોધાયું.

એક વેળાએ રૂપાબાવા સમાધિમાં મગ્ન હતા ને પાલનપુરના નવાબ તેમના તાબાના ગામડા જોતા-જોતા વાસણાની મઢીએ આવ્યા. અહીં રૂપનાથ સ્વામીના ધૂણાની સામે ઘેઘૂર લીંમડાનું વૃક્ષ હતું. તે જોઈ નવાબે સિપાઈઓને હુકમ કર્યો, 'આ લીંમડો કાપી તેનું લાકડું મહેલમાં પહોંચતું કરો.'

રૂપનાથજી સ્વામીને આ વાતનો ખ્યાલ આવતાં લીંમડાને ધરતીમાં ઉતારી દીધો અને એક માત્ર નાની ડાળ બહાર રાખી તેના પર માટીનું રામપાત્ર ઢાંકી દીધું.

જ્યારે નવાબના માણસો લીંમડો કાપવા આવ્યા અને નવાબને વાત કરી ત્યારે નવાબ પોતે બાવાજીની મઢીએ આવ્યા. રૂપનાથજી સ્વામીએ રામપાત્ર હટાવીને નવાબને લીંમડાની ડાળ બતાવી. નવાબને વાતનો ખ્યાલ આવી ગયો. ને રૂપનાથજી સ્વામીના ચરણમાં નમી પડ્યો અને બોલ્યો, 'આ જગ્યાના ઝાડનો વેરો પાલનપુરના નવાબને ખપે નહી.'

રૂપનાથજી સ્વામી મઢીએ આવનાર ભક્તો પર પ્રેમ વરસાવતાને સત્સંગ કરતા. એમના દરબારમાં ઊંચ-નીચનો ભેદભાવ હતો નહીં. આથી વાસણા ગામના એક પ્રતિષ્ઠિત આગેવાન પટેલે મઢીએ આવીને રૂપનાથ સ્વામીને કહ્યુ, 'તમે વૈષ્ણવ ધર્મના મહંત થઈને અઢાર વરણને એક સરખી કેમ રાખો છો?'

ત્યારે જાતિભેદની વાત આવતાં રૂપનાથી સ્વામીને ક્રોધ આવી ગયો અને પટેલને કહ્યુ, 'તારૂ ગામ હવે પછી હરીજન-વાસણા કહેવાશે અને મઢી મશાણ બની જશે. અને રૂપનાથજી સ્વામીએ વાસણા ગામ છોડી દીધું.

'સાધુ તો ચલતા ભલા પાની તો બહેતા ભલા', એ ન્યાયે ભ્રમણ કરતા-કરતા રૂપનાથજી ખંભાતમાં રોકાયા. રૂપનાથીજીને એક દિવસે ચાર ગામના પાટના વાયક આવ્યા અને તેમણે સ્વીકારી લીધા. એક ગામ પૂર્વમાં ને બીજું પશ્ચિમે, ત્રીજું ઉત્તર અને ચોથુ ગામ દક્ષિણે હતું. તોયે રૂપનાથીજી સ્વામીએ ચારેય ગામના પાટમાં હાજરી આપી.

આ પ્રમાણથી ખંભાત પંથકમાં તેઓ લોકપ્રિય અને પૂજનીય બન્યા અને તેમના દર્શન માટે ભીડ થવા લાગી. રૂપનાથજી સ્વામીની આસપાસ લોકો વીંટળાયેલા રહેવા લાગ્યા. આથી સ્વામીજી ખંભાત છોડી ચાલતા થયા. તોયે ભક્તો તેમની પાછળ-પાછળ ચાલવા લાગ્યા.

સ્વામીજી આખોલ ગામે પહોંચ્યા. નજીક જઈ ભક્તોએ પૂછ્યુ, 'બાપુ..! કોઈને કાંઈ પણ કીધા વિના તમે અહીં કેમ આવ્યા?' સ્વામીજી બોલ્યા, 'મારો સમાધિ લેવાનો સમય આવી ગયો છે.' અને ભક્તોની ઉપસ્થિતિમાં રૂપનાથજી સ્વામી ધરતીમાં સમાઈ ગયેલા. આખોલ ગામમાં કોળી પટેલ અને ભરવાડ ભાઈઓની નહિવત વસ્તી છે. જૂની આખોલ ગામે રૂપનાથ સ્વામીની કબર પૂજાય છે. પાટણની પદમવાડીમાં તેમનો ક્યારો આજે પણ પૂજાય છે.

સંત લખીરામ

જન્મ	: ઈ.સ.૧૭૭૩
જન્મસ્થળ	: ઈંગરોળા, ગારિયાધાર પાસેનું ગામ, જિ. ભાવનગર
મૂળનામ	: લખીઓ
જન્મજ્ઞાતિ	: વણકર, અનુસૂચિત જાતિ
માતા-પિતા	: નામ જાણી શકાયાં નથી.
પરિવાર	: પુત્રનું નામ મેગો, બે પુત્રીઓ રાજી અને દેવુ
ગુરુનું નામ	: કરમણ ભગત
દેહત્યાગ	: સમાધિસ્થાન 'લુવારા' ઈ.સ.૧૮૩૮

'અવધુ! સોહમ્ નામ તંત સારા,
વાકુ પરખે પરખન હારા
ઉલટા હંસા ચડે ગગનકુ, હમમેં ઉનકી ધારા;
સો ધારા કોઈ વીરલા જાણે, ઉનકા ખેલ નિરાલા,
અવધુ, સોહમ્ નામ તંત સારા.'

લખીરામે મેઘવાળ સમાજના ભાવનગર જિલ્લા ગારિયાધાર તાંબાના ઇંગરોળા ગામે થઈ ગયા. મેઘવાળ સમાજના હતા તેનું પ્રમાણ મળે છે. ને તે ભવાઈવેશ ભજવતા તેનું પ્રમાણ મળે છે. કારણ કે મેઘવાળ મેઘવાળ-વણકર સમાજમાં ભવાઈવેશ ભજવવા સવર્ણ વ્યાસ તરગાળા આવે જ નહીં. આથી આ સમાજના તૂરી બારોટ, ગરોળા (ગુરુ બ્રાહ્મણ) જે કર્મકાંડી બ્રાહ્મણનું કામ કરતા તે અને તેમની સાથે મેઘવાળ વણકર સમાજના યુવાનો પણ જોડાતા ને ગામડે ગામડે વેશ ભજવતા એટલે મૂળમાં લખીરામ મેઘવાળ જ્ઞાતિના હતા. તેમની વંશપરંપરાનો આધાર મળ્યો છે.

લખીરામસાહેબની સમાધિ 'લુવારા' ગામે આવેલી છે. આ સ્થળની મુલાકાત થયેલી 'વંડા' (સાવરકુંડલા પાસે) નો વિદ્યાર્થી ને આજનો પ્રોફેસર દીનુ ચુડાસમા સાથે આઠ જૂન ૨૦૧૩ના રોજ ગયેલી. 'લુવારા' ગામ શેલાણા, ફિફાદ (જે મારા મિત્ર વરમોરા પરિવારનું ગામ)થી દશ કિલોમીટરના અંતરે આવેલ છે જે ભાવનગર જિલ્લાના ગારિદાર ગામથી નજીક છે. તેમજ લખીરામનું ગામ ઈંગરોળાથી પણ નજીક છે.

લખીરામસાહેબની ચેતના સમાધિ ને સમાધિમંદિર મેઘવાળવાસમાં આવેલ છે. તેનાં દર્શન કરીને પુલકીત થયો. મેઘવાળ વાસના અગ્રણીઓ સાથે વાત કરી. અહીં વાણિયા અટકના પરિવારો વસે છે. તેમની પાસેથી અને કેશવભાઈ રાઠોડ કે જેઅત્યારે અમદાવાદ-નરોડામાં રહે છે ને રેલવેમાં નોકરી કરે છે તેમની પાસેથીમળેલી માહિતી પ્રમાણે :

લખીરામનું મૂળગામ ને જન્મસ્થળ ઇંગરોળા (તા. ગરિયાધાર, જિ. ભાવનગર) ગામ છે. જાતે મેઘવાળ વણકર અને સાગઠિયા અટકના હતા. લખીરામનાં માતા-પિતાનાં નામ જાણવા મળ્યાં નથી. એટલી વાત મળી છે કે લખીરામ નાના હતા ત્યારે તેમના પિતાનું અવસાન થયું હતું. વિધવા માતાએ બે દીકરા ઉપર વૈધવ્ય ગાળ્યું. લખીરામનો મોટોભાઈ ઈંગરોળા છોડી ગારિયાધાર વસવાટ કરે છે. લખીરામની માતા ખેતમજૂરી કરી આંગણે

આવતા સાધુસંતોને આદરભાવથી ભોજન કરાવતી હતી. એક વિધવા આવી સેવા કરે તે સમાજમાં ટીકાપાત્ર બને છે. લખીરામથી આ સહન થતું નહીં એટલે મેઘવાળ સમાજના ભવાઈ વેશપારીઓ સાથે ભવાઈ વેશ ભજવવા નીકળી જતો. નાનપણમાં આંગણે આવેલા સાધુસંતોના સત્સંગ ભજન તરફ, યોગ ને સંતસાધના તરફનો સૂક્ષ્મ લગાવ બંધાઈ ગયો હતો. પણ તે અંગારા ઉપરની રાખ ઊડવી હજુ બાકી હતી.

લખીરામ સંસાર વ્યવહારથી બંધાયા હતા. લાખુબાઈ સાથે લગ્નગ્રંથિથી જોડાયા, એક પુત્ર મેઘો, ને રાજી અને દેવુ નામે બે પુત્રીઓ હતી. મેઘાનો વંશઉમરાળામાં વિસ્તર્યો, રા વલભીપુર સાસરે હતી ત્યાં ને દેવુ ખાંભડા ગામે સાસરે હતાં. ત્યાં તેમની વંશપરંપરા ચાલી, જેની ચોથી પેઢી હોવાનું જણાય છે. લખીરામના મોટાભાઈ ગારિયાધારમાં રહ્યા હતા. લખીરામના સમય માટેનો આધાર નિશ્ચિત કરવામાં નીચેનાં પ્રમાણોનેધ્યાને લીધાં છે :

૧- લખીરામ રવિ-ભાણ સંપ્રદાયના સમર્થ સંત રવિસાહેબ, તેમના શિષ્ય મોરારસાહેબ, તેમના શિષ્ય કરમણ ભગત ને આ કરમણ ભગતના શિષ્ય લખીરામ હતા. મોરારસાહેબનો સમય : ઈ.સ. ૧૭૫૮ થી ઈ.સ. ૧૮૪૯નો છે. કરમણ ભગતનો સમય : ઈ.સ. ૧૭૫૦ થી ૧૮૩૧. અઢારમી સદીનો ઉત્તરાર્ધ ને ઓગણીસમી સદીનો પૂર્વાર્ધનો હતો. લખીરામ ગુરુના સમકાલીન હોય છે તેથી આ સમયને સ્વીકારી શકાય.

૨- લખીરામે સમાધિ લુવારા ગામે લીધી છે ને તેનું સમાધિ મંદિર ત્યાં વિદ્યમાન છે. રૂબરૂ મુલાકાતે ને આ સમાધિ મંદિર સાથે જોડાયેલા કેશવ રાઠોડ, પાટી ગામે રહેતા ગોવિંદભાઈ ખુમાણ ને તેમના નાના ભાઈ ગુજરાત વિદ્યાપીઠમાં સેવા આપી રહ્યા છે તેમની સાથેની વાતોનું તારણ છે :

લખીરામ દિવાળી પછીના દિવસોમાં આર્થિક ઉપાર્જન ને તેથી વિશેષ પોતાના શોખથી ભવાઈ મંડળીમાં ગામેગામ વેશ ભજવવા જતા હતા. આ ભવાયા તરીકેની નામના લખીરામની મેઘવાળ સમાજમાં મોટી હતી, આ લખીરામે ધર્મની બહેન માની હતી, તેને વચન આપ્યું હતું કે મારે અલખના દરબારમાં જવાનું થશે તે પહેલાં તારે ઘેર આવી જઈશ. આવી વચન પરંપરા અનેક સંતોમાં જોવા મળે છે. રવીસાહેબનો સમય અવધિ પૂરો થયોને દેહ છોડી સમાધિ લેવા માટે ખંભાલીડા ગામે જવા નીકળ્યા. રસ્તામાં વાંકાનેરમાં કડિયા સેવકના આગ્રહથી રોકાવું પડ્યું ને મૃત્યુની પળ આવતાં સમાધિ લેવી પડી. જો કે આ સમાધિ દેહને ખંભાલીડા લાવવામાં આવે છે ત્યાં રવીસાહેબ જાગૃત થયા ને સમાધિ લીધી.

લખીરામ સમાધિ લેવાની પૂર્વ બહેનને ગામ મળવા નીકળ્યા ને રસ્તામાં લવારા ગામ આવે છે. આ ગામમાં ભગત કરશનબાપા વાણિયા અટકના મેઘવાળ રહેતા હતા. કરશનબાપા સંવાદી, સંતો, સાધુઓને અભ્યાગતોની સેવા કરનારા આ પંથકમાં સમાજમાં સાચું બોલે છે. કેમ તો તેની પરીક્ષા માટે કહેતા કરશનદાદાના સોગન' ને જે કરશનદાદાના સોગન ખાય તે સાચું જ બોલે છે તેની ખાતરી અપાતી. આવા ભગતના ગામમાંથી લખીરામ નીકળે ને કરશનદાદાને મળ્યા સિવાય કેમ જાય ? બીજું કરશનદાદાને ખબર પડે ને લખીરામને ભોજન-પ્રસાદ લીધા સિવાય કેમ જવા દે ? લખીરામ લુવારા ગામ રોકાયા ને સમય વહેતો ચાલ્યો. સમાધિનો સમય પાકી જતાં લખીરામ મેઘવાળ સમાજ, સંતો, ભક્તો વચ્ચે સિદ્ધ સમાધિ લીધી, લખીરામની સમાધિ લુવારા ગામ સાક્ષી પૂરતી વિદ્યમાન છે.

કરશનદાદાની હાજરીમાં લખીરામે સમાધિ લીધી એ ભગતની પેઢી આ પ્રમાણે ચાલી આવી છે : કરશન

ભગતના - બીજલ ભગત, તેમના નાનજી ભગત, તેમના મુનસુખ ભગત ને તેમના મંગા ભગત થયા. આમ આ ચાર પેઢી થઈ. આજે તેમની પાંચમી પેઢી આવી. એટલે લખીરામસાહેબે આજથી ૧૮૦ વર્ષ પહેલાં સમાધિ લીધી હતી. ઈ.સ. ૧૮૩૮ની આસપાસ બીજું મોરારસાહેબનો સમય નિશ્ચિત મળે છે. ૧૭૫૮ થી ૧૮૪૯ તેમના શિષ્ય કરમણ ભગતનો સમય ઈ.સ. ૧૭૬૪ થી ૧૮૪૪નો હતો. ત્રીજું લખીરામ ૬૫ વર્ષની વયે સમાધિ લઈ ગયા હતા તેમ માહિતી દાતાઓએ કહ્યું. આમ લખીરામનો સમય ઈ.સ. ૧૭૭૩ થી ઈ.સ. ૧૮૩૮નો મૂકી શકાય. આ તારણ તેમના ગુરુ-શિષ્યના સમયના આધારે, માહિતી દાતાના આધારે અને તેમણે સમાધિ જેમની હાજરીમાં લીધી તેની ચાલતી પાંચમી પેઢીના આધારે મૂકી છે. અન્ય કોઈ પ્રમાણ નથી.

લખીરામના ગુરુ કરમણ ભગત હતા ને તે વણકર જ્ઞાતિના હતા તે બિનવિવાદાસ્પદ વાત છે. પરંતુ એ કરમણ ભગત કોણ ? ને કઈ વાવડી ગામના ? કારણ કે વાવડી નામધારી ગામે ત્રણથી ચાર છે. મારા સંશોધન મહાનિબંધઃ સૌરાષ્ટ્રના હરિજન ભક્તકવિઓમાં કરમણ ભગત સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા પાસેના વાવડી ગામે થઈ ગયા હોવાનું જણાવ્યું છે જે તે પછીના સંશોધકે આ આધાર સ્વીકાર્યો છે. ફરીથી તપાસતાં એવી માહિતી મળે છે કે ગરિયાધારથી ભાવનગર તરફ જતાં એક વાવડી ગામ છે ને તે વાવડી ગામના કરમણ ભગત હતા. બીજું લખીરામે જે ધર્મની માનેલી બહેન હતી તે આ વાવડી ગામે સાસરે હતી. આ વાવડી ગામે લખીરામે છેલ્લો ભવાઈ વેશ ભજવ્યો હતો.

ઘટના એવી બની કે આ વાવડી ગામે ત્રણ રાત્રી જુદા-જુદા ભવાઈ વેશ ભજવાયા હતા, ને હવે લખીરામની ભવાઈ મંડળી આગળના ગામે જવા નીકળવાની હતી. તે દિવસે સવારે પનિહારી વાવે બહેનો પાણી ભરી રહી હતી. ત્યારે ત્યાં ભવાઈ વેશ ને લખીરામની વાતો થતી હતી. ત્યાં લખીરામની ધર્મની બહેન પાણી ભરવા આવે છે, તે સમયે બટકબોલી વણકરબાઈ બોલી : 'લ્યો ! ભાયું ! લખીરામની બહેન આવી ! જો લખીરામ તેના સગા ભાઈથી પણ વિશેષ હોય તો આજે અહીં ચોથી રમત રમે.' બહેનથી બોલાય ગયું : 'મારો ભાઈ આજે અહીં ચોથી રમત રમશે.'

પાણી ભરીને બહેન લખીરામ પાસે જાય છે. પનિહારીઓ વચ્ચે થયેલીવાત વિગત કરે છે. છતાં લખીરામ કહે છે કે : "બહેન હું પાછો આવી જઈશ. મારે અહીં ત્રણ ભવાઈ વેશ થયા ને બીજે ગામ મારી રાહ જોવાય છે, તો હવે અહીં રોકીશ નહીં.

બહેનની આંખમાં ઝળઝળિયાં આવ્યાં ને એટલું બોલી 'વીરા આજની રમત મારા કાપડામાં આપતો જા, પછી તો તારી મરજી.' લખીરામે વાવડી ગામમાં ચોથી રમત આપી. રમતની પૂર્વ તૈયારી માટે લખીરામ કરશન ભગત પાસે જાય છે. કરમણ ભગત 'વેજું કાપડ વણતા હતા ત્યાં સૂતરનીઆંટી માંગે છે. રાત્રે દીવાનો કાકો કરવા માટે સૂતર જોઈએ. તે સમયે વીજળીની લાઈટ ન હતી.

કરમણ ભગતે સૂતરની આંટી આપી કહ્યું

કરમણ ભગતઃ 'ભાઈ ! હવે કેટલાક વેશ બદલવા છે ? એક વેશએવો ભજવ કે એ વેશ પાછો ઊતરે નહીં.'

લખીરામ : 'બાપા ! આપ જેવા સંતની કૃપા ઊતરે તો સાચો વેશભજવવો છે.

કરમણ ભગત : 'આજે કર્યો વેશ ભજવવાનો છે ??

લખીરામ : બાપા ! આજે તો રાજા ભરથરીનો વેશ ભજવીશ.'બાપા ! તમે આવજો.

:કરમણ ભગત : ભલે ભાઈ ! હું આવીશ પણ જોજે હોં, વેશમાં ખામી ન આવે.'

સાદા સંવાદમાં મૂળ વેશની પૂર્વભૂમિકા બંધાઈ ગઈ. પછી તો કંઈ પણ ક્યારે થાશે એ કેમ કહી શકાય ? રાત્રીનો સમય થયો, વાસનાં ભાઈ બહેનો વાળું પાણી કરીને ચોકમાં આવી ગયાં. એક બાજુ રામાપીરનો ઓટી ને માથે પંજા ફરકે છે. છોકરાઓ ક્યારનો આવી. ધમાચકડી બોલાવે છે. કોઈ વડીલ આવીને રાડ પાડે તો થોડા શાંત થાય છે. વડીલ મતરિયાઓ આવી ગયા ને વેશનો આરંભ થયો. ગણપત ગજાનંદને વંદના, માતાજીની આરતી, ડાંગલા દ્વારા ઘસ્ય ને જે વેશ ભજવવાનો છે તેની જાહેરાત કરવામાં આવી.

રાજા ભરથરીનો ખેલ ખેડા. લખીરામ રાજા ભરથરી બન્યો છે. રાણી પિંગળા સાથેના સંવાદો ચાલે છે. ચાર ચાર જુગની કથા ભજન-સંવાદમાં ગવાતી જાય છે ને પછી વેશ પલટાય છે. લખીરામ રાજા ભરથરીનો વેશ પલટી નાથજોગી બન્યો છે.

લખીરામ આબાદ નાથજોગી બન્યો છે. માથે મોટી જટા, કાનમાં કુંડળ, ગળામાં રુદ્રાક્ષની માળા ને ઊનની કાળી દોરી સાથે બાંધેલ સિંગી કમર નીચે લંગોટ ને માથે મેખલા, હાથમાં દંડ ને ત્રિશૂળ, બીજા હાથમાં ખપ્પર, પગમાં પાવડી, ડોલે ભભૂતિ ચોળેલી છે. કાળી સુતરની દોરીથી કેડને માથેના પેટ ઉપર આડબંધ બાંધેલ છે. ખંભે ભિક્ષાની જોળી છે. પડમાં આવતાંની સાથે અલખ નિરંજન.... અલખ નિરંજન... અલખ નિરંજન... નાદ વાતાવરણમાં ગુંજવા લાગ્યો. શ્રોતાઓ એકકાન થયા, ઘરતીમાં જાણે ધ્રુજારો થયો, તબલાની થાપીમાં ડાક વાગ્યું. જાણે ભોલેનાથ હિમાલયમાંથી નીચે ઘરતીમાં રમવા આવ્યા.

પલમાં રાણી પિંગળા સોળે શણગાર સજી ઊભાં છે. તેની સાથે રાજા ભરથરી કે જે હવે જોગી થઈ ગયા છે તે કહેવા લાગ્યા

જોગી : ભિક્ષા દેને મૈયા પિંગળા, જોગી ઊભો છે તારે દ્વાર, મૈયા પિંગળા."

પિંગળા : 'ભેખ રે ઉતારો રાજા ભરથરી, હૈયું કરે છે પોકાર, રાજા ભરથરી, કેમ રે જોવાશે ભેખ તમારો, ખાવું ઝેર કટાર, રાજા ભરથરી; કૈસર ચંદન છોડીને આવ્યા, ધર્યો કાં ભભૂત અવતાર, રાજા ભરથરી'

જોગી : હૈ લખ્યું જે લલાટે તે મિથ્યા ન થાતું કરનારો કિરતાર, મૈયા પિંગળા; હૈ કંચન શી કાયા તે રાખ થવાની, શોભે નહિ શણગાર, મૈયા પિંગળા

પિંગળા : રંગ રેલાવો રાજા રંગમહેલમાં મારા, રેલાવું રંગધાર, રાજા ભરથરી; દયા કરી મને છોડો ને એક્લી, મારગ બીચે મઝધાર, રાજા ભરથરી.'

જોગી : જંગલના જોગી જંગલમાં શોભે, શોભે નહિ સંસાર, મૈયા પિંગળા, અલખ નિરંજન... અલખ નિરંજન.. અલખ નિરંજન., અલખ નિરંજન, અલખ નિરંજન, અલખ નિરંજન થવા ભવસાગર પાર મૈયા પિંગળા, ભિક્ષા દૈને મૈયા પિંગળા, જોગી ઊભો છે તારે દ્વાર, મૈયા પિંગળા

જોગીની જેમ લખીરામ પોતાની ઓળખ ભૂલી ગયો. ભવાઈ વેશે છે તેભાવ રહ્યો નહીં. અલખ નિરંજન... શંખનો અગમ્ય જાદુ છવાયો, રાત્રીના બારની ત્રણ પાકી, દૂર બેઠેલા કરમણ ભગતની આંખોમાં સુરતા કેરાણી ને

કરમણ ભગતે હાક મારી, એ લખીરામ ! જોગીના ભાવથી નીચે આવતો નહીં.

આ વેશ તારો આખરી વેશ હવે વેશ બદલવાનો નથી.

ગુરુની આજ્ઞાએ, નજરુનાં બાણે, ભીતરનો લખીરામ જાગી ગયો ને લખીરામે જોગને નિભાવી જાણ્યો.

લખીરામ કરમણ ભગતના ચરણમાં ઢળી પડે છે. ગુરુબોધની ભિક્ષા આંખોના ભાવથી માંગે છે. ભગતને લાગ્યું કે પાત્ર ટકોરાબંધ છે. ક્ષણ ચૂકવા જેવી નથી. ગુરુબોધ આપ્યો, શબ્દસાન આપી, નામસાધના સમજાવી, યોગની અટપટી સહજ ક્રિયાઓ આપી ત્યાં તો પૂર્વ દિશાએ ભાણનાં પગલાં થયાં ને ગુરુ કરમણ ભગતે લખીરામને ગુપ્ત પિયાલો પીવડાવ્યો.

ઉપર્યુક્ત પટના વંથલી (સોરઠ) મુકામે બન્યાનું પીઠા ભગતના વંશજ રાજાબાપા વાણવી (સાંતલપુર) પાસેથી સાંભળવા મળી છે. વંથલી ગામમાં પીઠા ભગત વાણવી થઈ ગયા. તેમનો સમય ઈ.સ. ૧૮૩૦ થી ૧૮૮૯નો છે. તેમના પછી વંથલીમાં કરમણ ભગત વણકર જ્ઞાતિમાં થઈ ગયા. લખીરામ ભવાઈ ખેલ ભજવતા વંથલી ગામે આવ્યા ને કરમણ ભગત પાસેથી સુતરની આંટી લઈ રાત્રે વેશ ભજવ્યો ને તેમાં જોગીનો વેશ ભજવતા લખીરામને ચેતવી ગુરુબોધ આપ્યો એ સ્થાન આજે વંથલીમાં 'ઝંડાચોક' નામે ઓળખાય છે. સમાધિ સ્થાનકો વણકરવાસ પાસે છે. તેમાં કરમણ ભગતની સમાધિ હોવાનો તેમનો મત છે. મેં દલીલ કરી કે કરમણ ભગત વાવડી ગામે થઈ ગયા એ અહીં ક્યાંથી હોય ? તેમણે એમ પણ કહ્યું કે એમનું મૂળ ગામ વાવડી હશે ને તે પછી વંથલી આવીને વસવાટ કર્યો હશે. કરમણ ભગત વંથલીના ને લખીરામને ગુરુબોધ આપનારા તેવી કંઠસ્થ પરંપરાએ જળવાયેલો તેમનો મત છે.

'મેરી નજરે મોતી આયા' સ્વામી હરિદાસ ભારતી ગ્રંથમાં લેખકે - લખીરામના ગુરુ કરમણ ભગતને પરબ (વાવડી)માં થઈ ગયેલા કરમા પીરને ગણાવે છે. આ મત સ્વીકાર્ય નથી, કારણ કે કરમણ ભગતના ગુરુ મોરારસાહેબ રવિ ભાણ સંપ્રદાયના છે ને અહીં કરમણ પીર છે જે પરબની સત્ દેવીદાસબાપુની પરંપરાને પીરાણુ ધરાવતી પરંપરા છે. તેમાં સંત દેવીદાસ, અમર મા. સાલપીર, ચરણદાસ બાપુને તેમના શિષ્ય કરમણ પીર થયા. આ પરંપરામાં લખીરામ વિશેની કોઈ ઘટના જાણવા મળતી નથી. બીજું 'મેરી નજરે મોતી આયા તેમાં સુખીરામનું જે ચિત્ર મૂક્યું છે તે લેખકની માત્ર કલ્પના છે. આ ચિત્રકારો, ક્યાંથી મળ્યાં તે વિશેના આધાર નથી. કોઈ મુસ્લિમ પરંપરાના પીર જેવી દાઢી, મૂછ મૂકીને મૂળ સંતને અન્યાય કર્યો છે અને સંતસમાજને ગેરમાર્ગે દોરે છે. એવી જ ભૂલ તેમણે સંતશ્રી પીઠા ભગતનું ચિત્ર મૂકીને કરી છે. પીઠા ભગતનું આવું કોઈ ચિત્ર છે જ નહીં. તેમના વંશજોએ ભારે નારાજગી પ્રગટ કરી છે. ચિત્રને બદલે વિદ્યમાન સમાધિ સ્થાનકનો ફોટો કે ચિત્ર મૂકવું યોગ્ય ગણાય.

સિદ્ધ લખીરામ વિશે હજુ પણ સંશોધનને અવકાશ છે. સંશોધક માત્ર મત મૂકીને આવનારા સંશોધક માટે દિશાસૂચક થવાની જ આશા રાખે છે. આપણી તે મૂળ સત્ય સુધી જવાની આ મથામણ છે. લખીરામ કોણ ? ક્યાંના ? જ્ઞાતિ, જીવન વિશે મતમતાંતર હોવાના પણ તેમની ભજનવાણી આજે પણ સંતસમાજમાં વહેતી રહી છે, ચર્ચાતી રહી છે, લોકોને હૈયે વસી છે તેનું આપણે માટે મોટું મૂલ્ય છે. અખા ભગતના છપ્પા, દયારામની ગરબી, ભોજા ભગતના ચાબખા, મૂળદાસની ચૂંદડી, દાસી જીવણની કટારી તેમ લખીરામના પિયાલા વીસરી શકાશે નહીં.

લખીરામની ભજન રચનાઓમાં સિદ્ધયોગી મુદ્દા પ્રગટ થાય છે ને બીજું તેમણે પિયાલો પીધાનું પ્રમાણ આપ્યુંતેવી બાબતો વિશે થોડીક વાત....

૧. લખીરામ મહામાર્ગી છે : મેઘવાળ વણકર સમાજ મૂળથી મહાધરમ સાથે જોડાયેલો છે. લખીરામ ભલે રવિ-ભાણ સંપ્રદાયથી દીક્ષિત થયા હોય છતાં તેમના ઘરમાં ચાલી રહેલી જ્યોતપાટ ઉપાસનાને છોડી નથી. ત્રિકમસાહેબ, ભીમસાહેબ, દાસીજીવણ, રવિ ભાણપંથી સાથે તે જ્યોતપાટને વરેલા રહ્યા છે.

અલખ ધણીએ અગમ અગોચર લીલા રચીને આ સૃષ્ટિનું સર્જન કર્યું. પ્રથમ ઉમિયાને પ્રગટ કર્યાં, પછી અગમનો પાટ મોડ્યો, નિજિયા ધરમ સ્થાપ્યો, બીજકનાં ફળ જે દિ' વાવ્યા તે દિ' ત્રણે ભવન સ્થિર થયા. વાસનાઓ મારીને પરહરીને આ ધરમ ચલાવ્યો. તેની ક્રિયા, સાધના, આરાધ માલમી ગુરુ મળે તો સિદ્ધ થાય.

સંદર્ભ સૂચિ

- ગોહિલ, ડો. નાથાભાઈ (૨૦૧૭), ગુજરાતની આંતરચેતના ભાગ-૨, અમદાવાદ: નવભારત સાહિત્ય મંદિર

આપા લાખાભગત

જન્મ	: વિક્રમ સંવત ૧૮૭૭, ઈ.સ.૧૮૨૧
જન્મસ્થળ	: સૈયદના દૂધાળા ગામ તાલુકો-ઊના, જિ. ગિરસોમનાથ
જ્ઞાતિ	: વણકર – અનુસૂચિત જાતિ
નાનપણનું નામ	: લાખો
માતા-પિતા	: માતા કરમણબા, પિતા કરશનભગત પારઘી
ગુરુ	: ઉત્તર ગુજરાતમાંથી આવેલ ફરતારામ "રામભગત'
પરિવાર	: પત્ની – અમરીબાઈ, એક જ પુત્રી - મૈદેખાઈ
સમાધિ	: વિક્રમ સંવત ૧૮૫૨, સ્થળ સાવરકુંડલા, ઈ.સ.૧૮૯૬.

સાવરકુંડલાના વણકર સમાજમાં આર્થિક સધ્ધરતા, ધીરધાર ને વણકરીના ધંધામાં સારું નામ ધરાવે. ગિરનાર ઉપલા સવરામંડપની જગ્યાના નાથયોગીઓ ગુરુ વેજનાથ મહારાજ, દાદાગુરુ સેવાનાથ મહારાજ સાવરકુંડલા જતા ને ત્યાં તેમનું મોટું નામ. સવરામંડપની જગ્યાના અન્નક્ષેત્રમાં સાવરકુંડલાનો ફાળો સારો આવે એટલી મારી જાણકારી. યુવાન વયે એક શોધ સારા જીવનસાથી શોધવાની હોય છે. આવી શોધ નિમિત્તે જિંદગીમાં પહેલીવાર સાવરકુંડલા જવાનું થયું. સમય આજથી ૪૨ વર્ષ પહેલાંનો. તે સમયે સામેના પરિવારને જાણકારી, પૂર્વમંજૂરી મેળવી વિધિવત્ જવું એવું કાંઈ હતું નહીં. આડકતરી રીતે જોવાનું ને ગમે તો આગળ વધવાનું.

હોની અનહોની થતી નથી. જનમ, મરણ, પરણ નિશ્ચિત સ્થળ, સમય સાથે જોડાયેલ હોય છે. મારે જે ઘેર જવાનું હતું ત્યાં દાદાગુરુ સેવાનાથની પધરામણી એ વાતાવરણ જોયું, તેમની આર્થિક સધ્ધરતા જોઈને મેં નાનપ અનુભવી, હું તો માત્ર તાજો તાજો પ્રોફેસર હતો, બાકી તો અમારી પાસે ગરીબી હતી. દાદુગુરુ પાસે બેઠો, આદેશ બોલીને અન્ય વાતો ચાલી ને ત્યારે આપા લાખાભગતની વાત નીકળી તેમાં લાખાભગતના ચમત્કારો વિશે વિશેષ વાતો ચાલી. એક કુતુહલ પૂર્વક તેમના સ્થાને ગયેલો પણ ત્યારે સંશોધનાત્મક દ્રષ્ટિથી કામ કરવાનો કોઈ આશય નહોતો.

મેઘવાળ સમાજના સંતો, ભક્તો વિશેના અભ્યાસ નિમિત્તે ઘણું વાંચવાનું તેમાં "શ્રી મેઘમહાત્મય ત્રીજી આવૃત્તિ ઈ.સ.૧૯૮૪માં જીવણનાથજી શા આપા લાખાનું જીવનચરિત્ર' ચાર પેઈજમાં નોંધ મૂકેલ છે તે જોઈ ગયો, તે પછી "દલિત સંતધારા' સંપાદક ડો. સુનીલ જાદવ ઈ.સ. ૨૦૧૦માં ડાં, કેસર મકવાણાનો લેખ "સંતશ્રી લાખાભગત' સાત પેઈજ માં લખાયેલ છે. અંતે મને જ આપા લાખાભગત વિશે લખવાની ઇચ્છા જાગી, મારે સાવરકુંડલા લગ્નમાં તારીખ ૧૦-૨-૨૦૧૪ના દિવસે જવાનું થયું. વ્યવહારજગતની વાતો ચાલી ને પછી લાખાભગત વિશેની પૃચ્છા કરી. તે સમયે માહિતીદાતા મનીષભાઈ બી. વિંઝુડા સાવરકુંડલાના રહેવાસી મળી ગયા. તેમણે આપેલી માહિતી અને 'સાવરકુંડલા ટાઈમ્સ'માં તા. ૧૪-૧૨-૨૦૧૪માં સાવરકુંડલાના ગૌરવસમા સંત આપા લાખાની ૨૩૦મી જન્મજયંતી પ્રસંગે ખાસ લેખ છપાયો તેની ઝેરોક્ષ આપી. આ બધી જ સામગ્રી મળી તેનો આધાર, રૂબરૂ મુલાકાત, લોકોમાં આજે ભગતનું માન છે તેને ધ્યાનમાં લઈને લાખાભગત વિશેની નોંધ અહીં મૂકું છું.

સાવર અને કુંડલા બે ગામ વચ્ચે નાવલી નદી વહે. આ બન્ને ગામના ગરાસ માટે જોગીદાસ ખુમાણે ભાવનગરના વજેસંગ રાજા સામે બહારવટું કરેલું. જોગીદાસ બહારવટિયો પણ વચન, ટેકનો પાળનારો. ભાવનગરના રાજા સામે બહારવટું ને તેમનાં રાણી અંતરિયાળ સાંજ ઢળ્યા પછી મળી જાય ત્યારે અન્ય કોઈ તેને રંજાડે નહીં એટલે રાણીને ભાવનગરના પાદર સુધી મૂકી જાય. ત્યારે રાણીબાએ કહ્યું : "વીરા જોગીદાસ ! મારી સાથે ચાલો, મહારાજને હું સમજાવીશ ને બહારવટું છોડો" ત્યારે જોગીદાસે કહ્યું : "બહેન ! મારે તમારા દ્વારા ગરાસ માંગવાનો ન હોય, બહેનને ભાઈ ગરાસ આપે. અમારો હિસાબ અમે જ સમજી લઈશું. એ ભાવનગરના રાજાનો જુવાન દીકરો પાછો થાય ત્યારે જોગીદાસ બહારવટાને બાજુ પર રાખી મહારાજને મોઢે થાવા જાય. આવા બહારવટિયાની ભૂમિની આ વાત છે.

સાવરકુંડલા પાસે જ ચલાળામાં સંતશ્રી આપાદાનાનાં બેસણાં જ્યાં ભોળીઆઈનો સંસ્કારદેહ ઘડાયો. સાવરકુંડલાથી આગળ વધો તો તેની છાયામાં જૂના લુવારા ગામે સંતકવિ લખીરામનું સમાધિસ્થાન. સેંજળ ગામે ધ્યાનસ્વામી જેવા સમર્થ સંતસાધકની સાધના ને સમાધિભૂમિ.

આવી ભૂમિમાં સૈયદના દૂધાળા ગામે વિક્રમ સંવત ૧૮૭૭, ઈ.સ. ૧૮૨૧ મેઘવાળ વણકર જ્ઞાતિના પારઘી 'શાખ'ના કરશનભગત અને માતા કરમણબાની કૂખે લાખાનો જન્મ થયો. લાખાને બાળપણમાં ભક્તિના સંસ્કાર મળેલા. માતાપિતા વણકરીના કામમાં આખો દિવસ રોકાયેલાં હોય છતાં સાધુ-સંતોને રોટલો ખવડાવવાનું ચૂકે નહીં. રાત્રીના સમયે મેઘવાળ વાસમાં રામાપીરને ઓટે (નાનકડા મંદિરનો ઓટલો) વાસનાં ભાઈ-બહેનો આવીને બેસે. બાવા, સાધુ, બારોટ, બ્રાહ્મણ આવ્યા હોય તો તેમની સાથે સત્સંગ ચાલે. વાસમાં કોઈ ભગતનું ઘર હોય તો ત્યાં રાત્રીના બાર-એક સુધી ભજન ચાલે ને દિવસના મજૂરીકામે જવાનું કે ઘરમાં વણકરી કરવાની. કરશનભગતનો પરિવાર વણાટમાં સારી મજૂરી મળી રહે એવા હેતુથી સાવરકુંડલામાં આવી વસવાટ કરે છે. સાવરકુંડલા વણાટની કારીગરીમાં આખા પંથકમાં ખ્યાત હતું.

લાખો નાનપણથી સંસારની માયાથી અનાસક્ત રહેવા લાગ્યો એટલે માતાપિતાને ચિંતા થવા લાગી કે લાખો ઘર છોડીને ગિરનારની વાટ પકડશે તો ?' એટલે લાખાને સમજાવી અમરીબાઈ સાથે પરણાવી દેવામાં આવ્યા. તેમનો સંસાર વ્યવહાર ચાલ્યો. લાખાને ઘેર મૈદેબાઈ નામની દીકરીનો જન્મ થયો. તે પછીથી લાખાએ સાધુ, સંતોની સેવા ને આંગણે આવેલા અભ્યાગતોને જમાડવાનું રાખ્યું. રોટલો ત્યાં હરિ ઢુકડો.' લાખાભગતને ઉત્તર ગુજરાતના કોઈ રામભગત ગુરુ મળ્યા હોવાનું કહેવાય છે.

સંતોનું સમાજને મોટું પ્રદાન અન્નક્ષેત્ર ચલાવવાનું રહ્યું છે. સૌરાષ્ટ્રમાં સંતસ્થાનકોમાં સદાવ્રત-અન્નક્ષેત્ર ચલાવી અઢારે આલમ-જ્ઞાતિના ભેદભાવ વિના જમાડવામાં આવે છે. ભક્તોનું કામ એથી નાનું ઘરઆંગણે આવેલા અભ્યાગતોને રોટલો ખવડાવવો. લાખાભગત વણકરનું કામ કરી રોજીરોટી કમાતા ને આવતાજતા સાધુસંતોને જમાડતા.

લાખાભગતની નામનાએ વિરપુરથી જલારામબાપા (જલારામબાપાનો સમય છે : જન્મ વિક્રમ સંવત ૧૮૫૬, ઈ.સ. ૧૮૦૦, દેહત્યાગ વિક્રમ સંવત ૧૯૩૭, ઈ.સ. ૧૮૮૧) સાવરકુંડલા આવ્યા હતા ને ભગતને મળ્યા હતા. જલારામબાપાનો મંત્ર હતો. :

'દેનેકો ટુકડો ભલો, લેને કો હરિનામ; હિલ મિલકે રહિયે, યહી જલારામ કા પૈગામ,'

આ પૈગામ લાખાભગતે સ્વીકાર્યો ને પોતાની યથાશક્તિ સદાવ્રત ચલાવ્યું :

’સદાવ્રત કરી જ્યોત જગાવી, જલારામ આવ્યા લાખેવ ધામ; રામનામના સત્સંગ કર્યા, અમર બનાવ્યું સાવરકુંડલા ગામ.”

લાખાભગત સદાવ્રત ચલાવે પણ તે પોતાની રોજીરોટીમાંથી. ભગત કે સંત પોતાનું કમાણીનું સાધન છોડતા નહીં. લાખાભગત ઘરમાં ધાબળા વણવાનું કામ કરે. આ કામ બે રીતે થાય. જાતે જ સૂતરની, ઊનની આંટીઓ ખરીદી લાવે અથવા ગામના કોઈ વેપારી પાસેથી લાવે ને ધાબળા તૈયાર થાય એટલે જેની પાસેથી સુતર લીધું હોય તેને અથવા ખરીદનાર શેઠને ધાબળા વેચી આવે તે રકમમાંથી ઘર ને સદાવ્રત ચલાવવાનું.

લાખાભગતના પિતા સાવરકુંડલાના વણિક શેઠ પાસેથી સૂતર લાવતા ને પાણકોરા કે ધાબળા તૈયાર કરી તેને આપી હિસાબ કરી ફરી ત્યાંથી કાચો માલ લાવતા. પિતા કામમાં રોકાયેલા હતા એટલે લાખાને કામ સોંપ્યું કે આ તૈયાર ધાબળાનું પોટલું વણિક શેઠને આપી આવ. લાખો ધાબળા લઈ શેઠને ત્યાં જવા ગામમાં જાય છે. વચ્ચે નાવલી નદી વહે છે, શિયાળાની ઋતુ હતી, ઠંડી કે મારું કામ ત્યારે કેટલાક સાધુઓ ઠંડીથી ધ્રૂજતા બેઠા હતા. દયાળુ લાખાને થયું કે આ ધાબળાઓ સાધુઓને ઓઢાડી દઉં. લાખાએ ધાબળા સાધુઓને આપી દીધા. સાધુઓ હરખાઈને : “સાધુ તો ભમતા ભલા !” ચાલ્યા ગયા.

લાખો હવે મૂંઝાણો. કાચો માલ લીધા વગર ઘેર કેમ જવું? પિતાજી ઠપકો આપશે, વળી શેઠને શો જવાબ આપવો ? લાખાના ચિત્તમાં મોટી ગડમથલ ચાલી ને અંતે ઘેર ન જવાનો નિર્ણય કરી નદીના કિનારે બેસી રહ્યો. બીજી તરફ ભગતોની ભેરે કોઈ ને કોઈ રૂપે ભગવાન આવે તેમ શેઠની દુકાને ધાબળાનું પોટલું પહોંચી ગયું. સાંજ પડી છતાં કરશનભગત કે લાખો રૂપિયા લેવા ન આવ્યા એટલે શેઠે દુકાન વધાવી વણકરવાસમાં કરશનભગતને કહ્યું કે ધાબળા પહોંચી ગયા છે. ને હિસાબે તમારી આ રકમ નીકળે છે તે આપવા આવ્યો છું ને હવે કાચો માલ જોઇતો હોય તે કાલે લઈ જજો. કરશનભગત ને કરમણબાઈને ચિંતા થઈ કે તો લાખો ક્યાં ગયો ? લાખાને શોધતા શોધતા નદીકાંઠે આવ્યાં તો લાખો સૂનમૂન બેઠો હતો. માએ કહ્યું, બેટા ! અહીં કેમ બેઠો છે ? ઘેર કેમ ન આવ્યો ? પિતાને કડક અવાજ થયો : “શેઠને ધાબળા પહોંચાડી હિસાબ લીધા વગર ચાલ્યો આવ્યો ? શરમ નથી આવતી ? શેઠ ઘેર આવી પૈસા આપી ગયા, લાખાને હવે સમજાયું કે શ્રીહરિએ પત રાખી. પછી તો આવી વાતો વધવા લાગી ને લાખો ’લાખાભગત ’ની પદવી પામે છે.

’દેવા જતા હતા પાણકોરા, સામે મળ્યા સાધુઓ; પાણકોરા આપ્યા લાખવે, ભીડ ભાંગી ભગવાને,”

સંતો અને ભક્તોનું એક કામ અઢારે વરણને એક કરવાનું રહ્યું છે, હિન્દુ મુસ્લિમનો કોમવાદ-ધર્મવાદને છોડી સમન્વયનો સંદેશો આપ્યો. એક જ ધર્મ હિન્દુ હોય છતાં જ્ઞાતિવાદે ઊંચ-નીચના ભેદ સ્થાપ્યા તેમાં ભક્તિ-ભજનમાં આ ભેદ રખાતો નથી. લાખાભગતને આંગણે દરેક જ્ઞાતિના ભજનપ્રેમીઓ આવી સત્સંગ કરતા.

શરીરે શરીર અને મન મનથી લોક બધા નોખા નોખા; એક તાંતણે બાંધ્યા સહુને, અવતારો ઓલિયા ભગત લાખા.’

એક વખત રાત્રીના સમયે વણકરવાસમાં લાખાભગતને આંગણે ભજનની ઠોર ઊડતી હતી ત્યારે ગામના પાદરમાંથી કોઈ ફકીર પસાર થયો હતો તે ભજન સાંભળવા આવ્યો એટલે આ અજાણ્યા ફકીરને ભગત

આવકાર આપી, આસન આપી, પોતાની પાસે જ બેસાડે છે, જે ગામમાંથી આવેલા ઘણાને ન ગમ્યું. ગિરધરબાપાએ તો વિરોધ દર્શાવ્યો છતાં ભગતનો પ્રેમ બદલાયો નહીં. હરિના દરબારમાં સૌ સરખા. રાય હોય કે રંક, ગમે તે વાત કે જાત હોય. ઘર ઘર મેં એક દી સાંઈરામ રમી રહ્યા છે.

થોડા દિવસ પછી વિરોધ કરનાર ગિરધરબાપાની વાડીએ ભજન ને સત્સંગ રાખ્યો હતો. વાડીએ ભજનનો વાયક લાખાભગતને હતો. સત્સંગીઓ સાથે ભજનમાં લાખાબાપા આવ્યા. ભજન ચાલતાં હતાં ત્યાં વાડીએ ગાયોને પાણી પાવાનો હવાડો હતો ત્યાં ગામમાંથી ફરતો ફરતો ગધેડો આવી ગયો તે તરસ્યો હતો એટલે હવાડામાં પાણી પીવા લાગ્યો. ત્યાં કોઈએ રાડ પાડી : 'પેલા ગધેડાને મારી, એ ગાયોના હવાડામાંથી પાણી પીએ છે.' તે સમયે વાડીના ગિરધરબાપા જ બોલ્યા : "ભાઈ ! જીવમાત્ર સરખા, ભલે ગધેડો પાણી પીતો.' ત્યારે લાખાભગતે ગિરધરબાપાને યાદ અપાવ્યું કે તે દિવસે હિન્દુ ભજનસભામાં આપે મુસ્લિમ ફકીરનો વિરોધ કરેલો તેનો જવાબ આજે આપે જ આપી દીધો, ભજન-ભક્તિમાં દરેકને પ્રવેશ છે, કોમ, જ્ઞાતિ, પંથ, રાય રંકના ભેદ હોય નહીં.

લાખાભગતની નામનાએ અનેક લોકો તેમના આંગણે આવવા લાગ્યા. તેમાં ભાવિક કુંભાર કલાભગત જાફરાબાદથી આવતા હતા, તેમની ઇચ્છા એવી હતી કે ભગતબાપા મારે ઘેર પધારે ને ભજન, સત્સંગ કરીએ. લાખાભગત સેવકમંડળ સાથે કલાભગતને ઘેર જાફરાબાદ જવા નીકળે છે ત્યારે રસ્તામાં કેટલીક ઘટનાઓ બને છે.

૧. બાઢડા ગામથી આગળ જતાં સિદ્ધ હનુમાનદાસજીની જગ્યા આવે છે. આવા સિદ્ધો પરીક્ષા લેતા હોય છે તેના એક ભાગરૂપે સાડાત્રણ દિવસ અદૃશ્ય થઈ જાય છે. સેવકમંડળ મૂંઝાઇ જાય છે ને ફરી પ્રગટ થઈ આગળ જવા નીકળે છે.

૨. આગળ જતાં ધજડી ગામ આવે છે ત્યાં લાખાભગતની શિષ્યા જીવુબાઈ ગઘઈ જ્ઞાતિની હતી તે ગઘઈ જ્ઞાતિને, ગામલોકોને બોલાવી ગુરુ લાખાભગતને ઊંચા સ્થાને બેસાડે છે. લોકોમાંથી એક અવાજ સંભળાયો, બાપા ! કોઈક ચમત્કાર બતાડો. ત્યારે લાખાભગતે કહ્યું હું અછૂત ને તમે સૌ મારાથી ઉચ્ચવર્ણના છતાં મને ઊંચા આસને બેસાડ્યો આથી મોટો બીજો કયો ચમત્કાર હોઈ શકે

૩. આગળ જતાં જાબાળ ગામ આવ્યું ત્યાં લખમણભાઈ ભરવાડનો જુવાન દીકરો ઉકો પાછો થયો (મૃત્યુ પામ્યો) હતો. ત્યારે લાખાભગતની મંડળી હરિગુણ ગાતી નીકળે છે. લખમણ ભરવાડ લાખાભગતના ચરણમાં પાઘડી મૂકી દીકરાને જીવતદાન આપવા વિનંતી કરે છે. ભગત ભરવાડને ઘેર ગયા, રોકકળ ચાલતી હતી, નનામી બંધાતી હતી ત્યાં મૃત ઉકા ઉપર પાણીની અંજલી છાંટી બોલ્યા : "અરે ! ઉકા, તારી આ મરવાની ઉંમર નથી, તારે હજી ઘણાં કામ કરવાનાં છે. ત્યાં તો ઉકો આળસ મરડી ઊભો થયો.

૪. વાયુવેગે લાખાભગતે ઉકાને સજીવન કર્યો તેની વાત થવા લાગી ને છેક જાફરાબાદ પહોંચ્યા તો ત્યાંના રાજના મંત્રીએ ભગતની પરીક્ષા લેવા મરેલા બળદને રસ્તામાં રાખી દીધો. જે ઘટના ગંગાસતીના પતિ કહળસંગ માટે બની તે અહીં બને છે. લાખાભગતને થયું હવે મારે પણ સિધાવવું પડશે. આવી પરીક્ષાઓ કેટલીક આપવી. લાખાભગતને સાથે આવેલા રાણાને કહ્યું : "બળદનું પડખું ફેરવો. ચાલતો

થઈ જશે." આમ કર્યું ને બળદ ચાલતો થઈ ગયો.

૫. જાફરાબાદમાં તે સમયે ફિરંગી વિહેમનું શાસન, તેમની પાસે લાખાભગતના ચમત્કારોની વાત પહોંચી જે ફિરંગીને સ્વીકાર્યું ન હતું. એટલે સ્વયં લાખાભગતને મળવા કુંભાર કલાભગતને ઘેર આવ્યા. ભગતને કહ્યું : "આ ભોળી પ્રજાને છેતરો નહીં. જો તારામાં સત્ હોય તો અહીંની વાવ (કૂવા)નું પાણી ખારું છે તે મીઠું કરી આપ. ને જો તેમ નહીં થાય તો તને જેલમાં પૂરીશ.' લાખાભગતે હરિનું સ્મરણ કરી અલખધણી સામે ધા નાખી વાવના પાણીમાં કમંડળમાંથી મીઠા જળના છાંટા નાખ્યા ને એ કૂવાનું પાણી મીઠું થયું. ભગત પછી જાફરાબાદનું હરામ કરી સાવરકુંડલા ચાલ્યા ગયા. જાફરાબાદમાં પરીક્ષા કરી ફિરંગીએ ભગત લાખેવની; ખારી વાવને મીઠી કરી આપ્યાં ભક્તિ કેરાં પ્રમાણ."

૬. લાખાભગતની સેવા કરતા ને ભગતમાં ભગવાન ભાળતા મૂળજીભાઈ જયાણીને શેર માટીની ખોટ. એક દિવસ ભજનમાંથી ઊઠતા લાખાભગતને ચરણે પડી પ્રાર્થના કરે છે કે : "ભગત, મારું વાંઝિયામેણું ટાળો." દયાના સાગર ભગતે આશિષ આપ્યા : "જા મૂળા, તારે ઘેર પારણું બંધાશે." આમ મૂળજીને ઘેર દીકરાનો જન્મ થયો એ પેઢી હયાત છે ને લાખાભગતને પૂજે છે.

૭. "પરીક્ષા કરવા આવ્યા લાખેવની, ભાવનગર ભૂપ વખતસિંહ મહારાજ; લાખાભગતના રૂપમાં દર્શન દીધાં, હરિએ આપ્યાં ભક્તિ કેરાં પ્રમાણ."

લાખાભગતની ભક્તિ, ભજન, સદાવ્રત ને આશિષના ચમત્કાર ચમકવા લાગ્યા ત્યારે ભગતની આકરી કસોટી પણ થતી હોય છે. દાસીજીવણને પરબના ખાલી કૂવામાં ઉતરવું પડે ને પાણી સાથે ઉપર આવવું પડે છે. નરસિંહ મહેતાને જેલમાં રતનબાઈ મેઘવાળ આરાધે ને ભગતની શ્રદ્ધાએ દામોદર રાયે હાર પહેરાવવો પડે છે. રાપર (કચ્છ)માં સમાધિમાં બેઠેલા ત્રિકમસાહેબે ફરી જાગૃત થઈ ચાલતા ચાલતા ગુરૂ ખીમસાહેબના દરિયાસ્થાનમાં જઈ સમાધિ લેવી પડે છે.

અહીં ભાવનગરના રાજા વખતસિંહ સાવરકુંડલા વણકરવાસમાં આવી લાખાભગતને આંગણે આવી પ્રભુ મળ્યાની ખાત્રી માંગે છે. આ પ્રસંગને નાથાભાઈ જેબલિયાએ "ઇતિહાસનું ઊજળું પાનું' ભાગ-રમાં નોંધેલ છે. લાખાભગત મૂળે તો અલખના આરાધક, જ્યોતપાટની ઉપાસના તેમના વારસામાં, નિર્ગુણનામનું ભજન કરનારા છતાં તેઓ સાકાર રામની ભક્તિ કરનારા. આ રામ તેમને હાજરાહજૂર.

ભાવનગરના રાજા વખતસિંહ તેમના દીવાન ગગા ઓઝાને સાથે લઈ લાખાભગતને ઘેર આવ્યા. વણકરવાસમાં રાજા પધારે એ તો વાસનાં ભાઈ-બહેનોને આનંદ ઉત્સવનો પ્રસંગ. વાસના સૌ મહારાજાનું ભાવભીનું સ્વાગત કરે છે. રૂડાં ગીતો ગાય છે, ઢોલ-શહનાઈ વાગે છે, પણ જાણું કે રાજા તો લાખાભગતની પરીક્ષા લેવા આવ્યા છે. ભગતને પ્રભુ મળ્યાનું પ્રમાણ જોવા આવ્યા છે ને જો તેમ નહીં થાય તો આ ભોળી વણકર પ્રજા ભયથી ફફડી ઊઠીને અલખને આરાધવા લાગી.

વખતસિંહ મહારાજને ઢોલિયા ઉપર ગાદલું, રજાઈ પાથરી બેસાડ્યા. લાખાભગત હાથ જોડી ઊભા રહ્યા.

રાજાએ પૂછ્યું : "લાખાભગત, તમને ભગવાન મળ્યા તે સાચું છે ?'

ભગતે જવાબ આપ્યો : "મહારાજા, મને શંકા હતી કે સાક્ષાતું. ભગવાનનાં દર્શન થયાં છે કે કેમ ? પણ હવે મને શંકા નથી." હસતાં હસતાં બોલ્યા : "મને ભગવાન મળ્યા છે.'

રાજાએ કહ્યું: 'તેની ખાત્રી શું?"
લાખાભગતે કહ્યું: "અમારે વણકરને આંગણે, અછૂત ભગતને આંગણે અઢારસે પાદરનો ધણી પધારે એ જ પ્રભુ મળ્યાની સાક્ષી છે."

લાખાભગતની નમ્રતા, ચતુરાઈ, નિર્ભયતા ને પ્રભુ મળ્યાની ખાત્રી આપતી તેજસ્વી આંખો જોઈ રાજા ખુશ થયા ને ભાવનગરના દરબારમાં પધારવાનું નિમંત્રણ આપતા ગયા.

સંત, સાધક, ભગતની કીર્તિ શિખરે પહોંચે ત્યારે એ ચેતનાઓ જાણે છે કે હવે મૂળ ઘેર જવાનો સમય પાકી ગયો છે ને તેની તૈયારીઓ પણ કરે છે. લાખાભગત જે રામ-સીતાની મૂર્તિનું પૂજન, અર્ચન, કીર્તન કરતા હતા તેનું રામજીમંદિર નિર્માણ કરવાનો સંકલ્પ કરી તેનો આરંભ કરે છે. અનેક લોકોનો તેમને સાથ સહકાર મળી રહે છે. પરંતુ આ મંદિરનું બાંધકામ અડધું થયું ને રામનાં તેડાં આવ્યા. એક માન્યતા એવી છે કે બાવળારંગની ઘોડીના દિદાર થશે ત્યારે દેહ છૂટશે, વિક્રમ સંવત ૧૯૫૨, ઈ.સ. ૧૮૯૬માં વણકરવાસ પાસે નાવલી નદીના કિનારે લાખાભગતના સ્થૂળદેહને સમાધિ આપવામાં આવી છે. આજે તેની સાક્ષી આપતું સમાધિમંદિર શોભી રહ્યું છે,

પીર પરચા અને ચમત્કારથી પૂજાય છે. સંતોના જીવનની એક-બે ઘટનાઓ અલૌકિક હોય છે. ભગતનું જીવન તો સહજ ને સરળ હોય છે. તેમના જીવનમાં માત્ર ચમત્કારોનો વણાટ વિશેષ સાંભળવા મળે ત્યારે તેમાં ચમત્કારને બદલે લોકોની શ્રદ્ધા વિશેષ દષ્ટિગોચર થાય છે, સંત સાહિત્યના સંશોધકે તથ્યોને તપાસવાનાં હોય છે. જે ચમત્કારોમાં શક્ય નથી. એટલે જે જાણવા મળ્યું છે એટલું જ નોંધીને અટકી જવું. ચમત્કારોનું જગત નથી એમ પણ કહેતો નથી. જેને સામાન્યજન ચમત્કાર માને છે એ સિદ્ધપુરુષોને મન સહજ અથવા કૃપાપ્રસાદ છે તે પણ જાણું છું. લાખાભગત વિશે એટલું કહી શકાય કે વણકર સમાજમાં જન્મી ભક્તિ અને ભજનના પ્રભાવે, રામની મૂર્તિએ અંતરરામને જગાડી માત્ર પોતાના સમાજ માટે જ નહીં પણ માનવસમાજ માટે સેવાનું કાર્ય કરી ગયા. સદાવ્રત ચલાવી ભૂખ્યાને ભોજન આપ્યું. ભજનના માધ્યમે અલખ આરાધી ગયા તેનો અસ્વીકાર કોઈથી થઈ શકે તેમ નથી.

લાખાભગત સંસાર વચ્ચે રહ્યા ખરા પણ પત્ની અમરબાઈ સાથેના સંબંધથી દીકરી મૈદબાઈનો જન્મ થયા પછી સંસારને બદલે સેવામાં વિશેષ જોડાઈ રહ્યા. તે પછી દીકરી મૈદેબાઈનો વંશ લાખાભગતની સમાધિ સેવાના વારસદાર રહ્યા છે. મૈદેબાઈના દીકરા રાણાભગત, લાખાભગતની ભક્તિના વારસ થયા. રાણાભગત પછી તેમના દીકરા આલાભગતે જગા સંભાળીને લાખાભગતે જે રામજી મંદિરનું કામ અડધું છોડ્યું હતું તે પૂર્ણ કરી રામમંદિરમાં રામ-સીતાની મૂર્તિને પધરાવે છે. એમ કહેવાય છે કે તે સમયે લાખો માણસો મેળાની જેમ ઊમટી પડ્યા હતા તેના ભોજનમાં લાડુ બનાવ્યા હતા ત્યારે આલાભગત હામ હરી બેઠા હતા ત્યારે કોઈ સાધુ આવી હૈયાધારણા આપી ગયા કે ભગત, ચિંતા કરશો નહીં. આ તો મારા રામનું કામ છે. સૌને ભોજનપ્રસાદ મળી રહેશે. આ પ્રસંગને આજે પણ લોકો ભાવથી યાદ કરે છે.

આલાભગતના બે દીકરા થયા. પૂંજાભગત અને ગોવિંદભગત. આ બન્ને ભાઈઓએ લાખાભગતની પાઘડી ને મોજડીના ભાગ પાડી અલગ અલગ સેવાપૂજા કરી ભક્તિ ચલાવીને સદાવ્રતનો વિસ્તાર કર્યો. આજે સમાધિમંદિરની સેવાપૂજા તેના વારસ ચનાભગત કરી રહ્યા છે. દર વર્ષે લાખાભગતનો સમાધિ દિવસપુણ્યતિથિ ભજન, ભોજનથી ધામધૂમે ઉજવાય છે.

કોઈપણ સમાજનું ધારક બળ સંતો ને સંતસ્થાનો રહ્યાં છે. ચેતન સમાધિસ્થાનો તેની મઢી કહી શકાય. જ્યારે આ સંતો, સંતસ્થાનકો સેવા, સાધનાભજન છોડી ગુરુના નામે લંગર નાખતા બેઠા છે ત્યાં સંસ્કાર ને સંસ્કૃતિ બને તૂટે છે. આવા ગુરુઓની લીલાઓ દૈનિક પેપરો ને લોકમુખે સૌને ખબર છે છતાં ભગતોની ઘણી વાડી સંસ્કાર, સેવાના ફૂલડે મઘમઘી રહી છે. સાવરકુંડલાની જ વાત કરું તો મામલતદાર ઓફિસનો નિવૃત્ત કર્મચારી દેવજીભાઈ દાફડા પોતાના ઘરમાં દાસીજીવણનું મંદિર સ્થાપી ભક્તિની ફોરમ પાથરી રહ્યા છે. તેમની રહેણી ને કહેણી એક જ છે જે ભગતિનું લક્ષણ છે. દલિતસમાજમાં આજે વ્યસનો, અંદરોઅંદરનાં વેર-ઝેર ને દિશાશૂન્યતા જોવા મળે છે ત્યારે ભગત ને ભજનની ખોટ વર્તાય છે. ત્યારે શિક્ષિત અર્વાચીન સમાજ સેવાના ભેખધારી સંતો ભક્તોની વાડીને લીલીછમ રાખશે.

લાખાભગત વિશે ભાવશ્રદ્ધાથી બારોટ કવિ પોતાની લાગણીને રૈદાસ સુધી ખેંચી જાય છે. લોકકવિઓની આ બિરદાવેલિ છે એટલું જ કહી શકાય.

કાશીક્ષેત્ર કુંડલા ત્યાં પુણ્ય ધર્મનો નહીં પાર;
પંડે રોહિદાસ પ્રગટ્યા, આવા લાખાભગતનો અવતાર."

સંદર્ભ સૂચિ

- ગોહિલ, ડો. નાથાભાઈ (૨૦૧૭), ગુજરાતની આંતરચેતના ભાગ-૨, અમદાવાદઃ નવભારત સાહિત્ય મંદિર

અવધૂત લાલજીબાપા

સાબરકાંઠાના ચિત્રોડા ગામમાં વિક્રમ સંવત ૧૯૭૦ શ્રાવણ સુદ અગિયારસ ગુરૂવારના વણકર માંનાભાઈના ઘેર અંબાસ્વરૂપ સંતોકમાઁની પવિત્ર કૂખે જે ’લાલ’ નો જન્મ થયો તેનું નામ જ લાલજી. જે આગળ જતાં લાલજીભગત, લાલાબાપા, સંતલાલજીબાપા કે ’બાવજી’ના નામથી ગુર્જર ધરામાં ખ્યાતિ પામ્યા.

મૂછનો દોર ફૂટેના ફૂટે એજ અવસ્થામાં લાલાજીબાપાના માવતર સ્વર્ગે સિધાવી ગયા. બાલ્યકાળમાં જ પરિવારની જવાબદારી તેમના શિરે આવેલી. વણાટકામ અને મહેનત-મજૂરી કરીને તેઓ પરિવારનું ગુજરાન ચલાવતા.

’સંત બીજે પલટી નહીં જુગ જાય અનંત
ઊંચ-નીચ ઘેર અવતરે આખર સંતના સંત’

મૂળ જીવ હતો ઈશ્વરના ખાતાનો એટલે બાલ્યકાળથી આત્માના ઓળખની ઝંખના જપીને બેસવા દે નહીં અને તેમણે પ્રથમ નજર કરી ફળિયામાં રહેતા ’ધૂળાભાભા’ ભગત પર સમય મળે કે તરત જ તેઓ ધૂળાભાભા પાસે જતાં રહે અને ભાભા અગમ-નિગમના દેશની વાતો સંભળાવે.

ચિત્રોડા ગામ પાસેના મેસણ ગામના લવજીભાઈ વણકરની દીકરી ગંગાબેન સાથે તેમના લગ્ન થયા. સુસંસ્કારી અને ભક્તિવાન ગંગાબેન પણ લાલજીબાપાના પગલે ભક્તિ અને સેવાના માર્ગે ચાલવા લાગ્યા. જેઓ પણ લાલજીબાપા સાથે ગંગામાંના હુલમણા નામથી લોકહૃદયમાં સ્થાન પામ્યા.

છઠ્ઠીયારડાના મહાન સંત બાલકસાહેબ જેવા સંતો-ભક્તો ચિત્રોડા પધારતા અને તેમની સાથે સત્સંગ થતો. બાલકસાહેબે લાલજીને શાનકા બતાવેલી અને એક ઘટનાએ લાલજીને નિજતત્વનું જાણે ભાન થયું.

’લાગી ગઈ ઠેસને તુટ્યા મનના ભેદ
લાલજીને લાલ ઓળખયો, લીધો સેવાનો ભેખ’
’મન તારા ઠેકાણે હરીને ઠેરાવને
એવું સમજે તો મહાસુખ થાય, બીજો નથી બોલતો’

હિંમતનગર તાલુકાના ખેડ ગામે નાથુરામ બાપાના સત્સંગ મેળાવડામાં લાલજીબાપા એકલા જઈ રહ્યા હતા. સાંજનો સમય હતો, ડુંગરની વાટે જતાં તેમના પગે ઠેસ લાગી અને તેમના અંતર તાળાં ઉઘડી ગયાં.

’હું નહીં તુ નહીં, તે નહીં, સંતો.. સહી કરી લેના’ ... આ વાત ઠેસથી સમજાઈ.

જીવદયાનો સાગર લાલજીબાપા

સંતોના જીવન ચરિત્ર અદ્‌ભૂત અને અણમોલ હોય છે, માટે તેમના નામ અને કામ અમર થાય છે.

- લાલજીબાપા ખેતરમાં પાણત કરતા હતા ત્યાં તેમણે પક્ષીઓને નીકમાં પાણી પીતા જોયા અને તેમને વિચાર આવ્યો કે આ પક્ષીઓને નીકમાં પાણીના આવતું હોય ત્યારે તેમને પાણીની કેટલી તકલીફ પડતી હશે? એજ રાત્રે તેમને નિંદર ના આવી. સવારે વહેલા ઉઠીને ખેતરમાં આવ્યા અને ઝાડે-ઝાડે પાણીના કુંડા લગાવી પાણી ભરી દીધું અને નિયમિત કુંડાઓ સાફ કરી તેમાં પાણી રેડતા.

- ખેતરમાં અનાજ ટોવા જાય એટલે પક્ષીઓને ઉડાડવાના બદલે તેઓ ભજનમાં મસ્ત બની જતાં અને પક્ષીઓને નિરાંતે ખાવા દેતા. તેઓ પણ સંત ત્રિકમસાહેબની જેમ જ કહેતા..

'રામ કિ ચિડીયા રામકા ખેત,
ખાલો ચિડીયા ભરભર પેટ'

- સાબરકાંઠાની ધરતી પર જાઓ તો ગામના પાદરે પાદરે અણમોલ પંખીઘર પર કલરવ કરતા પંખીડાઓ જોવા મળશે તેના પ્રેરણાદાતા છે, લાલજીબાપા
- હરાયા ઢોરને ભગાડતા જોઈને લાલજીબાપાએ મુંગા પશુઓ માટે હવાડાઓ બાંધવાની શરૂઆત કરી.
- દુરના વગડેથી ઘાસના ભારા લઈને આવતી બહેનો-માતાઓને વિસામા માટે 'ઓટલો' બનાવવાની શરૂઆત તેમણે કરી.

લાલજીબાપાના જીવનના ઘણાં પ્રસંગો અને વાતો છે જે ડો. ડી.એમ. ભદ્રેસરીયા સાહેબ લિખિત 'ઈડરિયા મલકનું નાનું મહાજન' પુસ્તકમાં છણાવટ કરેલ છે.

વડીલ શ્રી કરસનદાસ લીંબાભાઈ (મસાલ) સાથે સંપાદકોને નાતો છે. આથી અવાર-નવાર થતી ચર્ચાઓ થાય, ત્યારે તેમણે અમોને યાદ અપાવ્યુ કે 'મેઘધારાના મોતી' આપ સંપાદિત કરો છો તો આપણા લાલજીબાપાનેના ભુલતા. તેમની પાસથી ડો. ડી.એમ. ભદ્રેસરીયાનો મોબાઈલ નંબર લઈ સાહેબ સાથે વાત કરી પ્રસ્તુત પાયાની માહિતી મેળવી.

જે વિસ્તૃતમાં બાપાના લેખને સમાવી શકતા નથી. સંપૂર્ણ ન્યાય તો નથી જ આપી શકાતો, પરંતુ બાપાની યાદી કરી ધન્ય થવાનો ઉમદા પ્રયાસ છે.

છેલ્લે અમારા સગા શ્રી ધૂળાભાઈ મઘાભાઈ રાઠોડ કે જેઓ ઈડર જવાનપુરામાં લેંબાભાભાને ઘેર રહેતા હતા. લેંબાભાભા તેમને તેમના સગા દિકરાની માફક સાચવતા હતાં. આજે પણ તેમના પરિવાર સાથે સંબંધો છે. જવાનપુરા અને આસપાસના ભાવિક ભક્તો સાથે કાકા બાવજીને સાંભળવા જતાં હતા અને તેમના મુખેથી સાંભળેલી ઘટના રજૂ કરવામાં આવે છે આજે પણ લાલજીબાપાની વાતો કરતાં તેઓ ભાવવિભોર બની જાય છે. સંતલાલજી બાપાને કોઈ ગામમાં સત્સંગ અર્થે જવાનું હતું, તેમનુ સ્વાગત કરવા ગ્રામ્યજનો ઢોલ-નગારા લઈને મુખ્ય રસ્તે ઊભા હતા. લાલજીબાપાને આ વાતની જાણ થતાં બીજા રસ્તે થઈને સત્સંગ મંડપમાં બેસી ગયા હતા. આવા નિરાભિમાની, નિઃસ્પૃહ, અવધૂત લાલજીબાપા ૩૦મી ડિસેમ્બર ૨૦૦૧, રવિવારની સવારે ભેંસકા નદીના કિનારે સમાધિસ્થ થયા હતા.

૨૦૨૨માં ચિત્રોડા ખાતે 'શ્રીમદ લાલજીબાપા સ્મૃતિ મંદિર' નિર્માણ કરીને ભક્તોએ બાપાની સેવાજ્યોતને પ્રજ્વલિત રાખી છે. લાલજીબાપાના પરિવારજનો અને ભક્તો બાવજીની ધારાને આગળ ધપાવી રહ્યા છે.

સંદર્ભસૂચિ

ભદ્રેસરીયા, ડો. ડી.એમ, ઈડરિયા મલકનું નાનુ મહાજન, અમદાવાદઃ દામિની પબ્લિકેશન
રૂબરૂ મુલાકાતઃ શ્રી ધુળાભાઈ મઘાભાઈ રાઠોડ (ભગતવાળા પરિવાર, પામોલ)
રૂબરૂ મુલાકાતઃ શ્રી કરશનદાસ લીંબાભાઈ મસાલ (ઈડર)
રૂબરૂ મુલાકાતઃ સ્વ. લેંબાભાઈ કોદરભાઈ વણકર (જવાનપુરા- ઈડર) પરિવાર

લાલણ પીર

(મામૈ દેવના દિકરા)

મામૈદેવના સૌથી નાના પુત્ર લાલણ હતા. લાલણ બાળપણથી ખૂબ નિખાલસ અને ભોળા સ્વભાવના હતા. તેથી મામૈદેવની અંતરની ઈચ્છા એવી હતી કે પોતાને વારસામાં મળેલ 'કર્મવીંટી' લાલણને સોંપવી. પરંતુ મામૈદેવની ઈચ્છા તેમના જીવતા પુરી ન થઈ શકી.

મામૈદેવના ભાણેજ જામનંદાએ ઈ.સ.૧૨૫૫માં મામૈદેવનો શિરચ્છેદ કર્યો, ત્યારે બાદ મહેશપંથીઓએ ભેગા થઈ વીંટી લાલણને સોંપી.

લાલણપીર કચ્છમાં લાખોદ ચદુઆ ડુંગર પાસે આવેલ ગુરૂપાદર ગામમાં થોડો વખત રહ્યા બાદ ભુજમાં સ્થાયી થયા. લાલણપીરની સમાધિ ગુરૂપદર ગામે આવેલી છે, આજે પણ ભક્તોને આશીર્વાદ આપી રહી છે.

સંદર્ભ સૂચિ

- નાગર, મુકુન્દચંદ્ર (૨૦૧૦), ગુજરાતની પીર પરંપરા, શાંતિનગર સોસા, વિસનગર રેલ્વે ફાટક પાસે, મહેસાણા

લાલા ભગત અને હરખુબાઈ

(ગામ: દિગસર, તા. મૂળી, જિ. સુરેન્દ્રનગર)

(વિ.સં. ૧૭૫૫-૧૮૨૮)

દિગસરના વણકરવાસમાં લાલાભાઈ અને હરખુબાઈ નામનું દંપતિ રહેતા હતા. લાલાભાઈ અને હરખુબાઈ બંને સાથે મળીને શાળ પર કાપડ વણી જીવન ગુજારો કરતા હતા. એક વેળાએ બ્રહ્મનિષ્ઠ મેઘસ્વામી દિગસરના વણકરવાસમાં આવેલ બધા વણકરભાઈઓ એ સ્વામીજીને ઘરે-ઘરે લઈ જઈ પગલા પડાવેલા. આ વેળાએ લાલાભાઈ અને હરખુબાઈએ મેઘસ્વામી પાસેથી ગુરૂબોધ લીધો હતો. લાલાભાઈને સંતાનોમાં એક પુત્ર હતો તેનું નામ 'જીવો' હતું.

દંપતિના હૃદયમાં ગુરૂમંત્ર અર્હનિશ ચાલ્યા કરતો. સંસારના વ્યવહારને આટોપીને આ દંપતિ નિજ સ્વરૂપમાં ડૂબેલું રહેતું હતું.

વિ.સં.૧૯૨૮ ના વર્ષમાં એક દિવસ લાલાભગત વણાટ કામ કરતા હતા અને એકદમ ઊભા થઈને આસન પાથરી હરિસ્મરણ કરતા-કરતા સમાધિષ્ઠ થઈ ગયા.

તેમનો આત્મા પરમતત્વમાં વિલીન થઈ ગયો. દિકરો જીવો એકલો ઘરમાં હતો. તેણે આ દૃશ્ય જોયું અને પડોશીઓને બોલાવી લાવ્યો. હરખુબાઈ તે વેળાએ ગામમાં છાશ લેવા ગયા હતા. હરખુમાને ગામમાં જાણ થતાં તેઓ પણ દોડતા ઘરે આવ્યાં. જોયું તો ભગત બ્રહ્મલીન થઈ ગયા હતા.

હરખુમાં બોલ્યા, 'હે ભગત આખી જિંદગી સાથે વિતાવીને અંત કાળે મને એકલી છોડી દીધી? ના.. ના.. ભગત ના..'

ગયેલા કાંઈ પાછા ના આવે? ત્યાં જ લાલા ભગતના નિઃચેતન દેહમાં જીવ આવ્યો અને ભગત બોલ્યા, 'જો તમે પણ સાચા ગુરૂ સેવ્યા હોય તો મારી સાથે આવી જાઓ. આપણે સજોડે અમરાપુરમાં જઈએ.' હરખુમાં પણ આસન લગાવીને ભગતની પાસે બેસી ગયા આમ દંપતિએ સજોડે સમાધિ લીધી. આમ સમાધિ લીધા પછી પણ લાલા ભગતે પરચા પુરેલા છે. આ પરમ ભક્ત લાલા દાદા અને હરખુમાંની જય હો..

સંદર્ભ સૂચિ

- મકવાણા, મહેન્દ્ર (૨૦૧૯), સુરેન્દ્રનગર જિલ્લાના વણકરોની અસ્મિતા, અમદાવાદ: કેવલ ઓફસેટ

લુણંગ દેવ

જન્મ : વિક્રમ સંવત ૧૦૨૦, ઈ.સ.૯૬૪

જન્મ સ્થળ : સમૈનગર, સિંધ પાકિસ્તાન

મૂળનામ : લુણંગ

જ્ઞાતિ : મેઘવાળ મહેશ્વરી

માતા : લખણાઈદેવી

પિતા : માતંગદેવ

પરિવાર : પત્ની : પુનરખદેવી, પુત્ર : માતૈદેવ

ગુરૂ : માતંગદેવ

સમાધિ : વિ.સ.૧૧૫૦, ભાદરવી નોમ. ઈ.સ.૧૦૯૪ કરાઈ, સિંધ

મહેશ પંથ- બારમતી સ્થાપક ધણી માતંગદેવ શિવજીનું પ્રાગટ્યરૂપ અવતાર મનાયા છે. તેમનાં ધર્મપત્ની મેઘવાળ આણંદ ચૂડિયાની પુત્રી લખણાઈદેવી પાર્વતીજીનો અવતાર મનાયા છે. આ માતંગદેવ અને લખણાઈદેવીની કૂખે વિક્રમ સંવત ૧૦૨૦ ઈ.સ.૯૬૪માં લુણંગદેવનો જન્મ થયો જે ગુણપતિદેવનો અવતાર માનવામાં આવે છે. માતંગદેવ સિન્ધના સમૈનગરમાં વસવાટ કરી રહ્યા ત્યારે લુણંગનો જન્મ થયો હતો.

ઐતિહાસિક દૃષ્ટ્રિએ દશમી સદીમાં સિંધમાં મુસ્લિમ આક્રમણો થયાં ને તે સત્તા સ્થાપી હિન્દુઓ ઉપર ત્રાસ ગુજારતા હતા. ઈસ્લામી કારણોના ભયે માતંગદેવ મહેશપંથને બચાવવા પુત્ર લુણંગદેવને લઈ સમૈનગર છોડી કચ્છ તરફ આવે છે. કચ્છમાં ફળદ્રુપ જમીનને પાણી જાઈ 'ઠરઈ' ગામ વસાવી ત્યાં રહે છે. આક્રમણોથી બચવા ઠરઈ ગામને ફરતો ગઢ બંધાવે છે અને ત્યાં મોટુ તળાવ બંધાવ્યુ અને એ ગામ 'ઠરઈઢંઢ' તરીકે ઓળખાયુ. 'ઢંઢ' સિંધીભાષાનો શબ્દ છે. અને તેનો અર્થ તળાવ, અથવા તળાવવાળુ ગામ, ગઢથી રક્ષાયેલુ ગામ થાય છે.

આ વિસ્તારમાં સોઢા રાજપૂતો રહેતા હતા અને તેમની સત્તા હતી. સોઢા રાજપૂત રાજવીનો વડો લુણંગદેવની માતા લખણાઈદેવીને ધર્મની બહેન માને છે. ભાઈ-બહેનનો પવિત્ર સંબંધ બંધાઈ રહે તે હેતુથી સોઢા રાજપૂતો પોતાની પુત્રી 'થરઈ' ને લુણંગદેવ સાથે પરણાવે છે. આ થરઈ નામ ઠરઈ ગામ સાથે જોડાયેલું જણાય છે.

લુણંગદેવ મહેશપંથની કર્મવીંટીને કર્મપોથી લઈ કચ્છનાં ગામડાઓમાં ધર્મપ્રચાર માટે, સમાજને જાગૃત કરવા, ઈસ્લામ સામે ધર્મ બચાવવા ફરી રહ્યા હતા. તેમાં એક વખત કચ્છના કોટડી ગામે મેઘવાળ સમાજના થાવરીયા મહેશ્વરીની પત્નીનું નામ કોરબાઈને પુત્રીનું નામ પુરખદેવી હતું. પુનરખદેવી વિદ્યાવાન, ગુણવાન, રૂપવાન અને એક સાધિકા હતી. તે લગ્ન માટે શરત મૂકતી, જે તેની શરત પૂરી કરે તેની સાથે લગ્ન કરેશે તેમ જણાવતી હતી.

લુણંગદેવ થાવરીયાને ઘરે રોકાયા, મહેશપંથી જ્ઞાનચર્ચાઓ થઈ, બારમતી જ્યોત આરાધના કરવામાં આવી તે સમયે લુણંગદેવે પોતાની આંખના નૂરથી જ્યોત પ્રગટ કરી. પુનરખદેવીએ આ દૃશ્ય જોયું, લુણંગદેવના તેજથી પ્રભાવિત થઈ છતાં પરિક્ષા તો લેવી જ રહી, એટલે તેમણે અંધારી રાત્રીએ આકાશમાં પૂર્ણકળાનો ચંદ્ર પ્રકાશિત કર્યો. લુણંગદેવને થયું કે આ મારી પરિક્ષા છે, એટલે ધણી માતંગદેવનું સ્મરણ કરી મંત્ર 'છતર'

બનાવટી ચંદ્ર તરફ ફેંકે છે. તુરંત મોટા અવાજ સાથે ઝાલરનો ઝણકાર થયો અને ચંદ્ર અદૃશ્ય થઈ ગયો. પુનરખદેવી લુણંગદેવને ચરણે પડે છે અને પોતાનો હાથ ગ્રહણ કરવા લગ્ન કરવા વિનંતી કરે છે. બીજા દિવસે ઘણી ધામધૂમથી લુણંગદેવ અને પુનરખદેવીના લગ્ન કચ્છના કોટડી ગામે લેવાય છે.

મહેશપંથી માતંગદેવના અભ્યાસે જણાયું છે કે આ દેવો સિદ્ધ સાધકો હતા, મંત્રસાધકો હતા, અનેક પ્રકારની સિદ્ધિઓ ધરાવતા હતા. ચમત્કારો જેને આપણે કહીએ છીએ તે તેમને માટે રમત હતી અને તેથી તો આવા ચમત્કારોથી માતંગદેવો શક્ય તેટલા દૂર રહ્યા છે. લુણંગદેવની સિદ્ધિઓ જોઈ મેઘવાળ સમાજ ભેગો થયા છે અને લુણંગદેવને 'પીર'ની પાઘડી બાંધે છે. તે પછીથી માતંગદેવોને 'પીર'ના નામે પણ ઓળખવામાં આવે છે. આજે આ 'પીર' ને બદલે 'દેવ' પદવી તેમને આપવામાં આવી છે.

લુણંગદેવનું સૌથી મોટું કાર્ય ઈસ્લામી આક્રમણ સામે રાજપૂતોને લડવા સજ્જ કર્યા, અંદરો-અંદરના ઝઘડાઓ દૂર કરાવ્યા, યુદ્ધમાં આગેવાન રહ્યા. રાજપૂત અને મેઘવાળ સમાજમાં ફરીને મહેશપંથને, સતધર્મ તૂટતા દીધો નહી. મુસ્લીમો- હિન્દુઓનું ધર્મ પરિવર્તન કરાવતા હતા ત્યારે તેની સામે ઢાલ બની આ પરિવર્તનને અટકાવ્યું છે. કચ્છમાં મુન્દ્રા પાસે વસવાટ કર્યો, જે લુણીગામથી ઓળખાય છે. અહીં લુણંગદેવે સુમરા અને સોઢા રાજપૂતોને ગુરૂબોધ આપ્યો હતો. લુણીગામમાં લિંગ આકરની લુણીદનાદેવ (ગણેશ)ની મૂર્તિ બનાવી તેના પર ભવ્ય મંદિર બંધાવ્યું. આ સ્થાને આજે લાખો યાત્રાળુઓ, શ્રદ્ધાળુઓ આવીને ગણેશપૂજા કરે છે.

કચ્છના સામા કાંઠાના વિસ્તારમાં જોડાયા ગામે સુમરા રાજપૂતોએ 'સુમરિયા ગણેશ' સ્થાપી પૂજા પાટ કરી યાત્રાધામ બંધાવ્યુ છે. લુણંગદેવ ફરીને સિંધમાં ઠરઈ ગામે ગયા ત્યાં સુમરા રાજપૂતોને મેઘવાળોને ઈસ્લામી થતા બચાવ્યા. હવે તેઓને જણાયું કે મારૂ જીવનકાર્ય પૂરુ થાય છે. ધર્મની કર્મવીંટીને કર્મપોથી તેમના પુત્ર માતૈદેવની પાત્રતા તપાસી સોંપે છે અને મહેશપંથની ધુરા માતૈદેવને સોંપે છે. લુણંગદેવની એકસો ત્રીસ વર્ષનું આયુષ્ય ભોગવી વિ.સ.૧૧૫૦ એટલે કે ઈ.સ.૧૦૯૪માં સિંધના ઠરઈ ગામે સમાધિ લે છે. આ સ્થાન આજે પાકિસ્તાનમાં આવેલું છે જે મેઘવાળ મહેશ્વરીઓનું યાત્રાધામ બની ગયું છે. મૃત્યુના સમય માટે બીજો મત વિ.સ.૧૧૩૦ ભાદરવા વદ નૌમ જણાવે છે.

સંદર્ભ સૂચિ

- ગોહિલ, ડો. નાથાભાઈ (૨૦૧૭), ગુજરાતની આંતરચેતના ભાગ-૧, અમદાવાદઃ નવભારત સાહિત્ય મંદિર

વણકર એક તૃપ્ત ઋષિ

વણકર એક તૃપ્ત ઋષિના ભોજનથી પાંડુરાજાની સદ્‌ગતિ થઈ. દ્વાપર યુગમાં તૃપ્ત ઋષિ મેઘવાળ વંશમાં થયા. તેમણે પાંડવોનો યજ્ઞ સિદ્ધ કર્યો. એક દિવસ વેદવ્યાસ હસ્તિનાપુર પાંડવોના ત્યાં આવ્યા ત્યારે પાંચ પાંડવ અને માતા કુંતા બેઠેલા હતા. ત્યાં પાંડવોએ આવકાર આપ્યો અને ભોજન કરાવ્યું. તે વખતે એક શ્વાન બેઠેલો જોઈને વ્યાસ ઋષિ બોલ્યા કે હે માતા, તમો પેલા શ્વાનને ચાંદીની થાળીમાં ભોજન કરાવો. ત્યારે માતા કુંતા ઊભાં થઈને શ્વાનને ભોજન કરાવ્યું. ત્યારે ધર્મરાજા બોલ્યા, આમ કરવાનું કારણ શું? તો વ્યાસ ઋષિ બોલ્યા કે તે તમારા પિતા છે. તે અવગતિયા છે. ત્યારે પાંચ પાંડવો અને માતા કુંતા વિમાસણમાં પડી ગયાં. પાંચ પાંડવો ઋષિમુનિને કહે છે કે અમો સતવાદી હોવા છતાં અમારા પિતાજીની સદ્‌ગતિ થઈ નથી. ત્યારે વ્યાસ ઋષિએ જવાબ આપ્યો કે તમારે મોટો યજ્ઞ કરવો પડશે અને કહે કે અમારી પાસે ધન નથી, ત્યારે ઋપિ બોલ્યા કે લંકામાં સોનું અઢળક છે તે લાવો સ્વર્ગથી કામધેનું ગાય લાવો. ગિરનારમાંથી સરવો મંડપ લાવો. રાજાના કહે કે પાંચે ભાઈઓ એક એક કામ હાથમાં લઈ લ્યો. ધર્મ રાજા કહે કે હું સ્વર્ગમાંથી કામધેનું ગાય લાવું. નિકુળ કહે કે હું ગિરનારથી સરવો મંડપ ભીમ કહે હું લંકામાંથી સોનું લાઉ. અર્જુન કહે કે હું કેદીઓને છોડાવું. કુંતાજી કહે વ્યાસજીને કે પાંડુરાજાની સદ્‌ગતિ કેવી રીતે થાય તે સમજાવો. ત્યારે વ્યાસજી કહે કે યજ્ઞની આહૂતિ પૂર્ણ થયા પછી આખા નગરને ભોજન સદ્‌ગતિ થાય ત્યારે આકાશમાંથી એક નોળિયો આવશે તે આ જમણવારના એંઠવાડમાં આળોટશે ત્યારે શંખનાદ થશે ત્યારે જાણવું કે પાંડુરાજાની સદ્‌ગતિ થઈ એમ જાણવું. માટે સૌથી પહેલાં કૃષ્ણ ભગવાને દ્વારકાથી લાવવા માટે સહદેવ આવતી કાલે જવાનું છે ત્યારે સહદેવે કહ્યું કે હું પરમદિવસે જઈશ કારણ કે કાલે તે દિશામાં જોગણીઓનો વારો છે. ત્યારે ભીમ કહે કે અમો મહિને બે મહિને જઈશું. ત્યારે કુંતામાતા કહે કે સહદેવ કાલે સવારે રવાના થઈ જા. બીજા દિવસે સહદેવ રથ જોડીને દ્વારકાનો મારગ ઝાલ્યો. રસ્તામાં જતાં વચ્ચે જોગણીઓ આવીને રસ્તો રોકીને ઊભી. સહદેવે કહ્યુ કે મારો માર્ગ રોકીને કેમ ઊભા છો? મને આગળ જવા દો. જોગણી કહે કે આજે અમારો ભક્ષ હાથ આવ્યો છે તેને ન જવા દેવાય. સહદેવ કહે કે મને રોકશો તો જોયા જેવું થશે. ત્યાર પછી સામસામે ભીષણ યુદ્ધ જામી ગયું. જોગણીઓ ઘણી હતી અને સહદેવ એકલો હતો તેથી યુદ્ધમાં પીછેહઠ કરવી પડી વગડામાં સહદેવને એના તરફથી કોઈ સામનો કરે તેવું ન લાગ્યું તેથી સહદેવે અજ્ઞાશ્વ બાણ છોડયુ ત્યારે સહદેવે કહ્યુ કે મારો ભાંગેલો રથ પાછો આપો અને હું એકમાંથી અનેક થાઉં તેવું વરદાન આપો. જોગણીઓએ તથાસ્તુ કહી અદૃશ્ય થઈ.

પછી સહદેવ દ્વારકા તરફ ગયો- ત્યા સહદેવ જોષીને જોગણીઓએ આપેલું વચન યાદ આવ્યું- અનેક સહદેવો કૃષ્ણ ભગવાનને દેખાવા લાગ્યા તેથી કૃષ્ણ ભગવાન સમજી ગયા અને સહદેવને કહ્યું તારે એકના અનેક નહી થાવું તો સહદેવે કહ્યું કૃષ્ણ ભગવાન આજથી તમારે અર્જૂનના રથ હાંકવો આમ, વાતની એકબીજાએ કબૂલાત કરી, વચને બંધાઈ ગયા. કૃષ્ણ ભગવાન સહદેવ સાથે હસ્તિનાપુર આવ્યા. પાંચ પાંડવો, કુંતામાતા તથા કૃષ્ણ ભગવાન યજ્ઞ વિશે તપાસવા લાગ્યા. ધર્મરાજા સ્વર્ગમાંથી કામધેનુ ગાય લાવ્યા. નિકુલ ગિરનારમાંથી સવરા મંડપ લાવ્યા. ભીમ લંકામાંથી સોનું લાવ્યા. અર્જૂન અને ભીમે મળીને કેદીઓને છોડાવ્યા. યજ્ઞસામગ્રી લાવી દીધી. વેદી બનાવી યજ્ઞનો આરંભ કર્યો. યજ્ઞની પૂર્ણાહુતિ પછી ભોજન ની શરૂઆત કરી. ભીમે જગ્યા જગ્યા પરથી માણસોને બોલાવી ભોજન કરાવ્યું. આખું નગર ભોજન કરીને વાટ જોવે છે કે નોળિયો કેમ

ના આવયો. ત્યારે ધર્મરાજ કૃષ્ણને પૂછે છે કે હે પ્રભુ તમો જે કહેતા હતા એવું બન્યું નહિ. આટલી મહેનત છતાં મારા પિતાજીની સદ્‌ગતિ નહીં થાય. ત્યારે કૃષ્ણ પ્રભુએ કહ્યું કે નગરમાં શોધી કાઢ કે કોણ રહી ગયું છે ? તેમને લાવીને ભોજન કરાવ. ત્યારે કૃષ્ણ પ્રભુ કહે કે નગરની બહાર ઝૂંપડીમાં તૃપ્ત ઋષિ તપ કરે છે તેમને લાવીને ભોજન કરાવ. ત્યારે ભીમે હાથમાં ગદા ધારણ કરીને નગરની બહાર વણકર મેઘવાળ તેમના ત્યાં ભગવાને સત મૂકેલુ. ચાર ચાર જુગનો સતિયા મેવાડ વણકરને ભીમે દંડવત પ્રણામ કરીને કહ્યુ કે હે ઋષિ મહારાજ, હું તો કમણ જમણ નું નોતરું લઈને આવ્યો છું માટે ચાલો અમારે ત્યાં ભોજન કરવા. અમારી સાથે નગરમાં ચાલો. એટલે ઋષિ બોલ્યા કે તું કોણ છે? ત્યારે ભીમે જવાબ આપ્યો કે હું આ નગરનો રાજા છું. ત્યારે ઋષિ બોલ્યા કે હું રાજા, વાણિયો અને વૈશ્ય તેમના ઘરનું જમતો નથી. ભીમે વિચાર કર્યો કે બાચકા જેટલો ઋષિ નથી માનતો તો ખભે નાખીને લઈ જઈશ. ઋષિ બોલ્યા કે હે ભીમ, મારી માળા લઈને ચાલ તો તારી સાથે આવું. ઋષિએ માળામાં સહસ્ત્ર મણ વજન મૂકી દીધું. ઊંચું કરવા માટે ભીમ ઘણો પરેશાન થઈ ગયો ને પરસેવો વળી ગયો પણ માળા ઊંચી ના થઈ. ઋષિ બોલ્યા કે ભીમ જલ્દી ચાલ, પણ ભીમથી માળા ના ઊંચી થઈ. ભીમે કહ્યુ કે ઋષિજી, આ તમારી માળા ઊંચી થતી નથી. ત્યારે ઋષિ બોલ્યા કે હમણાં તો વિચારતો હતો કે ઋષિને ખભે ઉપાડીને લઈ જાઉં. ભીમ વીલે મોઢે પાછો ગયો. પાછો આવીને કૃષ્ણ ભગવાનને વાત કરી કે ઋષિ મહારાજ નથી. તો ધર્મરાજ કહે કૃષ્ણપ્રભુ આવડા મોટા યજ્ઞ પછી પિતાજી મોક્ષ વગર રહે તે ઠીક નથી. કૃષ્ણ પ્રભુએ કહે કે ધર્મરાજા તમો જાતે ઋષિજીને લઈ આવો, ને કહેજો કે કૃષ્ણપ્રભુએ મોકલ્યા છે. માટે તમો ચાલો. ધર્મરાજાએ જઈને ઋષિને પગે લાગીને, દંડવત પ્રણામ કરીને કહ્યુ કે ભોજન કરવા પધારા હું આ નગરનો રાજા છું. ત્યારે ઋષિ બોલ્યા કે રાજા, વાણિયા તથા વૈશ્યાનું હું જમતો નથી. ધર્મરાજા કહે ઋષિજી, હું રાજા છું, વાણિયો છું તથા વૈશ્યા છું. પણ ભોજન કરવા પધારો ત્યારે ઋષિજી ખુશ થઈ ગયા ને ધર્મરાજાની સાથે ચાલવા લગ્યા. દ્રોપદી કહે આ જોગી મારી રસોઈ ખાવામાં શું જાણે ? આ વાત ઋષિએ જાણી લીધી એટલે ઋષિ બોલ્યા કે આ ભાજી કોણે બનાવી છે? ત્યારે દ્રૌપદી આવીને કહેવા લાગી કે મેં બનાવી છે. ત્યારે ઋષિ બોલ્યા તેમાં મીઠું વધારે છે. ખાતરી કરતાં ખરેખર તેમાં નમક વધારે હતું. દ્રૌપદીએ આજીજી કરી માફી માંગી. તે પછી કૃષ્ણ કહે કે આ ઋષિનું પતરાળું કોઈએ ઉપાડવું નહિ. આ પતરાળું મારે ઉપાડવાનું છે. જમીને ઋષિ ઊભા થયા એટલે શ્રીકૃષ્ણે પતરાળું ઉપાડી ઉકરડામાં નાખ્યું એટલે આકાશમાંથી નોળિયો આવ્યો અને પતરાળામાં આળોટયો એટલે નોળિયો સોનાનો થયો અને આકાશમાં ઊડયો એટલે શંખનાદ થયો અને શંખનાદ થવાથી પાંડુરાજાની સદ્‌ગતિ થઈને અવગતિયો જીવ સદ્‌ગતિ પામ્યો. ચાર યુગના સતિયા મેઘવાળ, તૃપ્ત ઋષિ મેઘવાળ સમાજના હતા.

બોલો તૃપ્ત ઋષિનો જય

બોલો સતિયા મેઘવાળનો જય

તૃપ્ત ઋષિના ભોજનથી પાંડુરાજાની સદ્‌ગતિ થઈ.

સંદર્ભ સૂચિ

- રૂબરૂ મુલાકાતઃ નટવરભાઈ ગોમાનભાઈ પરમાર - કુંવારદા

સાધુચરિત સંત વશરામ વહરો

સમૃદ્ધ નગરો, દરિયાકિનારાનાં વેપારનાં કેન્દ્રો ગણાતાં. બારાઓ (બંદર) વારંવાર લૂંટાયાં છે. બાળી નાખવામાં આવ્યા છે. સત્તાપલટાઓ આવ્યા ત્યારે પણ આવાં નગરોની અવદશા થઈ હોવાનું સ્વીકારી શકાય. એક ઇતિહાસ એવો પણ જાણવા મળે છે કે સુત્રાપાડા સમૃદ્ધ ગામ ઈ.સ. ૧૪૦૦માં મુસ્લિમ સત્તાધીશ ગફ્ફરખાનના હાથે લૂંટાણું હતું ને તેના બંદરને સળગાવી દેવામાં આવ્યું હતું. એ નગર ફરીને સત્તરમી સદીમાં સમૃદ્ધ બને છે. સુત્રાપાડા લૂંટાયું હશે ત્યારે જીવિત લોકોએ રહીસહી મિલકત સાથે અન્ય સ્થળે વસવાટ કર્યો હશે. તે સમયે આ ગામના વણકર પરિવારો થોડો સમય નજીકનાં ગામોમાં રહીને ફરીથી એ ઉજડ ટીંબે આવી વસવાટ કરે છે. આ વસવાટ કરનારો વણકર વશરામ વહરો હતો. એની સાથે ચ-સાત તેમના પરિવારના વણકરોએ આવીને ખોરડા બાંધ્યાં. આસપાસનો પ્રદેશ સમૃદ્ધ, ખેતીવાડી ને પશુપાલન માટે ઉત્તમ જગ્યા પણ કોઈ ખેડૂત નહીં. વણકરો વણાટકામ હાથશાળ ઉપર કામ કરી ગુજરાન ચલાવે.

વશરામ વહરો ગિરનાં ગામડાંઓમાં જાય, ઘેટાંના માલધારીઓ પાસેથી ઘેટાંનું ઊન લાવે. આ ઊનને વણકરો કાંતીને આંટલીઓ બનાવે, તેનો તાણો કરી ઊનના ધાબળા ને કાળી ઓઢવાની ઓઢણીઓ વણે તે વેપારી સુધી કે માલધારી સુધી પહોંચાડે. ધંધો મહેનત ને નીતિનો તેમાં વશરામની શાખા સારી બંધાયેલી. આ સમય અંદાજે સત્તરમી સદીનો આરંભકાળ મૂકી શકાય. નરોત્તમ પલાણ નોંધે છે કે અજમાલ મહેડુએ 'સુત્રાપાડા'નું કવિત રચેલું છે તેમાં 'વણકર સંત વહરાને વંદે વરણ અઢારા' કહીને તેની સ્મૃતિવંદના કરી છે. અઢારે વરણ વન્દે ને તે પણ અંત્યજ વણકર વશરામને ત્યારે પ્રશ્ન સહેજે થાય કે તેનું કારણ શું ?

સાધુચરિત સંત વશરામ વહરો ધ્વંશ થયેલા સુત્રાપાડાના ટીંબા ઉપર વણકર પરિવારો સાથે રહેતો હતો. વખાના માર્યા કારડિયા રાજપૂતોના પરિવારો ફરતા ફરતા આ ટીંબે આવ્યા. આ ટીંબાની આસપાસ પડતર જમીન, પાણીની સગવડતા ને ચારે તરફ પથરાયેલી હરિયાળી જોઈને અહીં વસવાટ કરવાની ઇચ્છા થઇ. નવું ગામ વસાવી સ્થિર થવું હતું. આ કારડિયા પરિવારના મુખીનો માયલોઅહીં કોળાય છે. સાંજ ઢળવા આવી એટલે અહીં ઉતારો કરે છે. વશરામ સાંજના સમયે અલખઆરતી કરીને પડાવ નાખેલા લોકો તરફ ગયા. વશરામે મીઠો આવકારો આપી, ક્ષેમકુશળ પૂછ્યા ને કોઈ જરૂરિયાત હોય તો વિના સંકોચે માંગી લેવાની વિનંતી કરી. કારડિયા મુખી પ્રથમ આ ધરતીની હરિયાળી ને વશરામ નો મીઠો આવકાર જાણે કે આ સ્થાને રોજીરોટી લખાયેલી હોવાનું અનુભવે છે.

વશરામભગતે આવેલ પરિવારને ક્યાં સુધીની મંજલ છે તે પૂછ્યું. આગેવાને કહ્યું, ભાઈ ! અમે તો આશરાની શોધમાં નીકળ્યા છીએ, જે ધરતી ઉપર મારો કણુંકો હશે ત્યાં ખેતી કરીને સ્થાયી થવું છે. અમારે તો ખેડવાણ જમીન ને પાણી હોય તો કાંડાની કમાણી કરી જીવવા માંગીએ છીએ. અહીં તમારો વાસ છે એટલે આવતીકાલે ભગવાન લઈ જશે ત્યાં જઈશું.

વશરામની અનુભવી નજર આ પરિવારના બાળકો, સ્ત્રીઓ ને, વૃદ્ધ આગેવાનની ચિંતા જોઈને બે હાથ જોડી વિનંતી કરી કે અમારું આ સુત્રાપાડા ગામ ફરી વસતું હોય તો એથી રૂડું બીજું શું ? તમે અહીં જ વસવાટ કરો અમે વાસના વણકરો પૂર્વ દિશાએ દૂર રહેવા ચાલ્યા જઈશું. કારડિયા રાજપૂતને થયું
કે- 'તમે વણકર ને અમે કારડીયા, નાતે પણ નેડો નહિ, તું આશરાનો દેનાર હવે તારી જાત ના પૂછું વશરામ.'

પણ આશરો આપનારને ધકેલી મૂકવો ને અમારે વસવાટ કરવો એ મને શોભે નહીં. અમારી રાજપૂતી લાજે. મુખીએ વશરામભગત નો આભાર માન્યો ને કહ્યું, ના ના ભાઈ, અમારાથી તમારો વાસ ખસેડીને ન રહેવાય, અમે કાલે અહીંથી નીકળી જઈશું. વશરામ ભગતને થયું કે આ તો ભારે થઈ ! જો સુત્રાપાડા વસતું હોય તો અમે તો ગામની બહાર જ રહેતા આવ્યા છીએ ને રહીશું એમાં શું ? છતાં વશરામે કહ્યું, તમે એક કામ કરો. આવતીકાલે સૂર્યનારાયણ ઊગે ત્યારે તમે સૂરજદેવળે રહેતા ચારણભગતને મળો ને તેમની સલાહ લઈને નિર્ણય કરો.

સવારે કારડીયા પરિવારના પુરુષો અને વાસના વશરામભગતને લઈ સૂરજદેવળે ચારણભગત પાસે ગયા ને પોતાની મૂંઝવણ જણાવી. જેને હૈયે જગદંબા વસે ને વાણીએ સરસ્વતી તેવા ચારણભગત બોલ્યા, 'ભાઈ ! આપણે તો સારા કામના નિમિત્ત થઈએ છીએ. કર્તાહર્તા તો મારા આ સૂરજદેવળનો દેવ છે. વશરામ જેવો સાધુચરિત સંત જો તમને અહીં રહેવાનું કહેતો હોય તો તમારી સુખસમૃદ્ધિ અહીં હશે. મારા પણ તમને આશિર્વાદ છે કે આ ધરતીને તમે જાકારોઆપી જાવ નહીં. તેમ છતાં કારડિયા રાજપૂતોએ દિવસ ને રાત્રીભર મનોમંથન કર્યું ને વણકર પરિવારોને ખસેડી રહેવાનું દિલ માન્યું નહીં.

બીજે દિવસે કારડિયા ભાઈઓ વશરામ ભગત પાસે ગયા ને ભગતને પગે લાગી વિનંતી કરી કે તમારો વાસ અહીં જ રહે ને તમારી આસપાસ અમે લોકો વસવાટ કરીએ. ભગતે થોડી આભડછેટને કારણે આનાકાની કરી પણ અંતે સૌએ પાસેપાસે રહેવાનો નિર્ણય કર્યો. આજથી ૩૫૦ વર્ષ પૂર્વેની આ મોટી સામાજિક ક્રાંતિ હતી. એ પરંપરા મુજબ આજે પણ કારડિયા રાજપુત સમાજ કોડીનારની આસપાસ વસવાટ કરીને રહ્યા છે. વણકર સમાજ સાથે અન્ય સમાજ જે આભડછેટ રાખે છે તેવી તેઓ રાખતા નથી.

સામાન્ય રીતે ગામ કે નગરની પૂર્વ દિશાએ થોડે દૂર અંત્યજ અછૂતો નો વાસ હોય છે. પૂર્વ દિશા એટલા માટે કે પવનની દિશા મોટેભાગે પશ્ચિમ થી પૂર્વ દિશાએ હોય છે, જેથી અછૂતવાસની હવા ગામને લાગીને અભડાવી ન દે તેની આ વ્યવસ્થા હતી. અહીં સુત્રાપાડામાં ગામની વચ્ચે વણકર વાસ ને ફરતા કારડિયા, સુથાર, કુંભાર, દરજી, મોચી, બ્રાહ્મણ, ભરવાડ વગેરેએ પોતપોતાના વાસ સ્થાપ્યા. આ વાસને 'પાડા' પણ કહેવાય છે. આવા સાતપાડા થયા ને 'સુતરાપાડ' ગામનું નામ સાર્થક થયું. અખાત્રીજ ને શુભ દિવસે વણકર વાસની ફરતે આ પરિવારોએ વસવાટ કર્યો.

નરોત્તમ પલાણ નોંધે છે કે : 'વણકર સંત વહરાની યાદમાં ચારણસાધુએ કવિતાની રચના કરી જે આજે પ્રભાસ પાટણના તીર્થ ગોરના ચોપડે નોંધાયેલ છે, જેના ઉપરથી 'સૌરાષ્ટ્રના ઇતિહાસની વાર્તાઓ' (૧૯૭૮) ભાગ એકમાં વહરાની વાર્તા તથા કવિત થોડા પાઠફેર સાથે છપાયેલ મળે છે. ૧૯૭૨-૭૩માં ગામની વચ્ચોવચ્ચ ભવાની મંદિરના પટાંગણમાં 'વણકર થંભ' ઊભો છે, જેની વાચના પોરબંદરના ઇતિહાસ-લેખક મોહનપુરી ગોસ્વામીએ કંઈક આવી કરી છે : 'વિક્રમ સંવત ૧૬૬૪ મેઘવંશી બામરિયા વશ(રામ) સાખે સપ્ત પાટક મંગલ અસ્તુ !' પ્રચલિત વાર્તાના આધારે એટલું સમજાય છે કે મેઘવંશી બામરિયા શાખાના વશરામે (ચારણી કવિતામાં 'વહરો' 'વહર' મળે છે.) ૧૬૬૪માં સુત્રાપાડાને મંગલ કીધું-ફરી વસાવ્યું.'

સંતસાહિત્ય, લોકસાહિત્ય અને હજુ પણ વણ લખાયેલી કંઠસ્થ કથાઓમાં સાધુચરિત સંત વશરામ વહરની કથા સાવ અલગ ભાત પાડે છે.

એક વણકર સંતને અઢારે વરણ વંદન કરે તે આભડછેટના યુગની અસાધારણ ઘટના ગણાય. બીજું આ એક એવું નગર છે કે જેની વચ્ચે વણકર વાસ છે ને ફરતા સાતપાડાજુદી જુદી જ્ઞાતિઓના વાડા બંધાયા છે. ત્રીજું ગામની વચ્ચે એક વણકરનો કીર્તિસ્તંભ ઊભો છે. મને લાગે છે કે ઇતિહાસમાં નોંધાયેલા આવા કીર્તિસ્તંભની જાણ નથી. આજના માનસિક આભડછેટના યુગમાં જે લોકો પોતાની જાતને ઉચ્ચવર્ણની માની બેઠા છે તેમણે વણકરની ઉદારતાને અભિનંદવી જોઈએ. અંત્યજ સંતચરિત્રમાં વશરામ ભગત કીર્તિસ્તંભ બની રહેશે.

સંદર્ભ સૂચિ

- ગોહિલ, ડો. નાથાભાઈ (૨૦૧૭), ગુજરાતની આંતરચેતના ભાગ-૨, અમદાવાદઃ નવભારત સાહિત્ય મંદિર

સંતશ્રી વિરદાસબાપા

પરમ પૂજ્ય સંતશ્રી વિરદાસબાપાનો જન્મ કેશરડી ગામમાં થયો હતો. તેઓ જોધલપીર વંશના સંત હતા. કહેવાય છે કે વિરદાસબાપા ખુબ શાંત સ્વભાવના હતા અને માયાળું પણ એટલા જ. સતત પ્રભુભક્તિમાં લીન રહેનાર મહામાનવ હતા.

વિરદાસબાપા નો એક જ ધ્યેય હતો કે ગામે-ગામે જઈને જોધલપીર બાપા નો પ્રચાર કરવો અને લોકોને સાચું જ્ઞાન આપવું. માણસો એ સંપીને રહેવું હંમેશ એકબીજા ને મદદ કરવી. આવુ ભક્તિમય જીવન હતું એમનુ.

બાપાનું પુરુનામ વિરદાસ મકનદાસ મકવાણા હતું. મકવાણા કુળમાં જન્મયા હતા. કહેવાય છે કે બાપ કરતા બેટા સવાયા હોય છે, એ જ પ્રમાણે વિરદાસબાપા પણ એક ઉચ્ચકોટીના સંત હતા. બાપાના સેવકો સૌરાષ્ટ્ર, સુરત અને મુંબઈમાં છે. બાપાના મુખ્ય સેવક તરીકે જગનભાઈ સુરતી જેઓ મુંબઈમાં વસવાટ કરે છે. વિરદાસબાપા જ્યારે મુંબઈ જતા ત્યારે જગનભાઈ ને ત્યાં જ એમની પધરામણી હોય. એક સમયે વિરદાસબાપા પોતાના અંતિમ સમયે જગનભાઈને બોલવ્યા અને કહેલું કે હું તમારી સેવાથી ઘણો જ ખુશ છુ, બોલો.. તમને શું જોઈએ છે, માંગી લો. ત્યારે જગનભાઈ એ બાપા પાસે માગ્યુ કે બાપા સદા માટે તમે અમારા પર અમિ દૃષ્ટિ્ રાખજો. ત્યારે વિરદાસબાપાએ તેમને વચન આપ્યુ કે સદાને માટે મારા આર્શિવાદ આપની સાથે જ છે. તમારૂ કલ્યાણ થાવ. આજે પણ વિરદાસબાપા ના આર્શિવાદથી મુંબઈમાં જગનભાઈ ખુબ સારૂ એવુ નામ કમાયા છે. બાપાએ એમને કરેલી મહેનતનું ફળ આપ્યું છે. જગનભાઈ સુરતી મુંબઈમાં ગોલીબાર મેદાન, બાન્દ્રામાં રહે છે. જગનભાઈ સુરતીનું સમાજમાં મોટું એવું નામ છે અને તે સતત બાપાના પરિવાર સાથે જોડયેલા છે.

વિરદાસબાપાનો એક પ્રસંગઃ વિરદાસબાપા કેશરડીથી મુંબઈ જ્યારે શિષ્યોને ત્યાં જઈ રહ્યા હતા. ત્યારે એમની સાથે સુરત જિલ્લાના ઓલપાડ તાકુકાના વ્યારા ગામમાં રહેલા ભાઈને મુંબઈ લઈ ગયેલા. મુંબઈમાં ચોપાટી પર વિરદાસબાપા પહોચ્યા ત્યાર એમાં અમુક શિષ્યગણ દરિયા કિનારે મોજ માણતા હતા. અચાનક મોજા ની સાથે શિષ્ય દરિયામાં ખેંચાઈ જાય છે અને વિરદાસબાપાને અન્ય શિષ્યો કહેવા આવે છે. બાપા આપણા એક શિષ્ય દરિયામાં તણાઈ ગયા છે, ત્યારે વિરદાસબાપા ને ચિંતા થાય છે કે તેમના ઘરનાને શુ જવાબ આપીશું. વિરદાસબાપા ચોપાટી મુંબઈમાં સમાધી લગાવીને બેસી જાય છે અને જોધલપીર ને પ્રાર્થના કરે છે કે હે બાપા મારી સાથે આવેલા માણસોને સાંજ સમા હું પાછા ઘરે પહોચડી શકું તેમ મારી લાજ રાખજો. ત્યારે દરિયામાં થી કોઈ એક ભાઈ તે માણસને ખંભે ઉચકી ને બાપા પાસે છોડી જાય છે અને કહે છે કે હું દરિયામાં થી એમને લાવ્યો છું. આમ, વિરદાસબાપા પોતાના ઈષ્ટદેવ ને નમન કરે છે અને કહે છે કે જોધલપીર તમે મારી લાજ રાખી. આ વ્યક્તિના કુટુંબીજનો આજે પણ વિરદાસબાપાને ખુબ જ માને છે અને આવા અનેક મહાન સંત દૂધિયાપીર પણ થયા છે. જેમની સમાધી માંગરોળ તાલુકાના કુંવારદા ગામમાં આવેલી છે.

સંદર્ભ સૂચિ

- રૂબરૂ મુલાકાતઃ નટવરભાઈ ગોમાનભાઈ પરમાર - કુંવારદા

શ્રી વેજનાથ

જન્મ	: ઈ.સ.૧૯૧૦
જન્મસ્થળ	: નાંદરખી, તા. માંગરોળ, જિ. જૂનાગઢ
મૂળનામ	: વેજો
જન્મજ્ઞાતિ	: વણકર
માતા-પિતા	: માતા-મોઘીમાઁ, પિતા-હાજાભાઈ ભડવા
પરિવાર	: નાથજોગી, સંસાર વ્યવહાર કર્યો ન હતો.
ગુરુનું નામ	: સેવાનાથ સવરામંડપ જૂનાગઢના મહંત
સમાધિ	: ત્રીજી જાન્યુઆરી, ઈ.સ.૧૯૭૦ માગશર વદ દશમ ને શનિવાર, જૂનાગઢ જગ્યામાં

સોમનાથ થી દ્વારકા સુધીની દરિયાઈ પટ્ટીક્ષેત્ર ને સાધુ, સંતો ધરતી માની સાધનાભૂમિ તરીકે સ્વીકારે છે. ગોરખનાથ ગોરખમઢી અને માધવપુર શિવમંદિર પાસે ના ભોંયરામાં વર્ષો સુધી ધ્યાનસ્થ બેઠા હોવાના આધારો મળે છે. શ્રીકૃષ્ણએ મથુરા છોડી ઉત્તરાવસ્થા આ પ્રદેશમાં ગાળી હતી. સોમનાથ ક્ષેત્ર તો સિદ્ધભૂમિ છે જ. આજે પણ દરિયા માંથી ઊઠતી લહેરો સાધકોને નિમંત્રણ આપતી જણાય છે. આ ભૂમિક્ષેત્ર ના નાનકડા ગામ નાંદરખી (તાલુકો-માંગરોળ, જિલ્લો જૂનાગઢ)માં વણકર સમાજના હાજાભાઈ બડવા અને મેઘીમા ની કૂખે વેજનાથનો જન્મ ઈ.સ.૧૯૧૦માં થયો હતો.

નાંદરખી ગામ તુર્ક મુસ્લિમોનું ને બીજા બે અછૂત સમાજ વણકર અને હાડી. આવા આ પછાત ગામમાં પૂ. મોરારીબાપુએ 'રામકથા' કહેલી. વણકરની બે શાખા બડવા અને ગોહિલો. ગોહિલોમાં વાલાભાઈ ને તેમના સાત દીકરાઓ તેનો મોટો સુખી પરિવાર આજે છે. બડવા પરિવારના ત્રણ સગા ભાઈઓ : હાજાભાઈ, આણંદભાઈ અને જેઠાભાઈ,સૌથી મોટા હાજાભાઈ અને તેમની ધર્મપત્ની મેઘીમા. તેમને ચાર દીકરા પૂંજા, ખોડો, પીઠો અને વેજો. ચાર દીકરીઓ જાનાબાઈ, ગોરીબાઈ, મઈદે અને લખમી. સૌથી નાનો વેજો હતો. આ વેજો નાથજોગી થયો તે વૈજનાથ.બીજા આણંદભાઈ તેમને બે દીકરા કેશુરભાઈ અને દાનાભાઈ. ત્રણ દીકરીઓ વીરુભાઈ, મૂળીબાઈ અને અમીબાઈ. આણંદભાઈનું અવસાન થતાં વિધવામા વાલીબાઈને તેમના નાના સંતાનો ને મોટી દીકરી વીરુબાઈ સીલોદર (તા. કેશોદ) સાસરે હતાં ત્યાં લાવીને રાખે છે. આજે આ પરિવાર ત્યાં સુખી છે. મા, ભાઈભાંડુ માટે પોતાનું જીવન ખર્ચી નાખનાર વીરુબાઈની કૂખે મારો જન્મ થયાનું ગૌરવ અનુભવું છું.

ત્રીજા જેઠાભાઈને છ દીકરાઓ થયા. દેવો, સદો, રૂપો, મંગો, અમરો અને આલો. એક દિકરી રાજીબાઈ થયાં. આ પરિવારના દેવાભાઈને ઘેર પનોતા પુત્ર પુંજાલાલનો જન્મ થયો. પુંજાલાલ અર્થશાસ્ત્રના વિદ્વાન અધ્યાપક હતા. સંસારની માયામાં અટવાયા વિના સંન્યાસી થયા ને આજે જૂનાગઢ-સરગવાડામાં 'અલખઆધાર' નામે જગ્યા બાંધી ગરીબ દર્દીઓની સેવા કરી પૂ. બાપુ સંત પૂંજાલાલના નામે ઓળખાય છે.

વેજનાથનું બાળપણ સામાન્ય બાળક જેવું જ હતું. તેમનું જન્મ નામ 'વેજો' એટલે સૌ કોઈ તેમને 'વેજીયા' નામથી બોલાવે. માતા-પિતા વણકરનું કામ કરે ને ખેતમજૂરી મળે તો તે કામ કરી આવે તેમાં નાનપણથી જ વેજો જોડાયેલો રહેતો. તે સમયે નિશાળો હતી નહીં ને ગામમાં નિશાળો આવી ત્યારે અછુતોના સંતાનો તે સમયે ભણવા જઈ શકતા નહીં એટલે વેજો ભણ્યો નહીં. પરંતુ સાધુ થઈ ગયા પછી તેમણે જાતે ભણી

અક્ષરજ્ઞાન મેળવ્યું. સતત અભ્યાસે ગુજરાતી, હિન્દીના ધાર્મિક, આધ્યાત્મિક અને મંત્ર-યોગ, આયુર્વેદના ગ્રંથો વાંચી તેની નોંધો કરતા.

નાંદરખી માં વેજા ને જે આધ્યાત્મિક સમજ મળી તે ઘરમાં, કુટુંબમાં, વાસમાં ભરાતા જ્યોતપાટ પ્રસંગે ગવાતા ભજન અને ભજન અંગે થતા સત્સંગ માંથી. વાસમાં સાધુસંતો, ભક્તો, બારોટ ને ગિરનારી મેઘવાળના નાથયોગી આવી ચડે તેમની સેવા કરવી, તેની સાથે ચાલી બાજુના ગામ સુધી તેનો સામાન ઉપાડીને જવું વેજાને ગમે. મજૂરી ને પરિવારનાં કામોમાં જોતરાયેલો રહે છતાં માયલો તેમાં સ્થિર થાય નહીં. વેજાની મીટ ગિરનાર તરફ મંડાયેલી રહેતી, પૂર્વનું કોઈ અજબનું ખેંચાણ વેજાને સંસારની માયા માંથી બચાવે છે.

માંગરોળ (જિ. જૂનાગઢ) શેખ નવાલી રાજ, ત્યાં મેઘવાળ સમાજના ઉચ્ચકોટી ના સિદ્ધ સંત માનદાસબાપુ મઢી બનાવી રહે. માનદાસબાપુ ની નામના આખા પંથકમાં પથરાયેલી. ત્યાં વેજાને જવાની ઇચ્છા થઈ. વીસ વરસનો વેજો મઢીમાં માનબાપુની સેવામાં થોડા દિવસો રોકાયો પરંતુ બાપુએ તેને ચેતવ્યો. 'વેજા ! સાધુનો માર્ગ કઠિન છે, લોઢાના ચણા ચાવવા પડે ને પાર ઊતરવું ભારે કઠિન. માટે તારે ઘેર ચાલ્યો જા.' વેજો થોડા દિવસ નાંદરખી ઘેર આવીને રહે. જીવઘરપાય નહીં એટલે ચીંગરીયા મોટીબહેન સાસરે તેને ઘેર જઈ દરિયાકિનારે ફરતો રહે. દરિયા ની વિશાળતા, ઊછળતાં મોજાંઓ, આથમતો સૂરજ અગમનો અણસાર આપતા રહે, ફરી ત્યાંથી ઘેર થોડા દિવસ રહી સીલોદર રહેતી બહેન અને બનેવી ને ઘેર તેને રહેવું ગમે કારણ કે અહીં ભજનપાટ, સત્સંગ, સાધુ-સંતોનો ઉતારો હોય ત્યાં વેજાને મજા પડી જાય. ને તે કાળે તો એવું કે એ અહીં કોઈ મજૂરી મળે તો કાર્મ પણ ચાલ્યો જાય. સીલોદર મજૂરી માટે રોકાયા ત્યારે એક વાત નીકળી કે અહીં ધોળી વાવ કે જે ગામથી દૂર આવેલી છે ત્યાં રાત્રે ભૂત-પ્રેત ની જાન નીકળે છે ને તે સમયે કોઈથી ત્યાં જવાતું નથી. વેજો નિર્ભય ને ભૂત-પ્રેતનો અનુભવ પણ થાય એટલે તેણે કહ્યું, રાત્રીના બાર પછી આ ધોળીવાવે હું જઈશ, એટલું જ નહીં પણ તે વાવનાં પગથિયાં ઊતરી પાણીનું માટલું ભરી લાવીશ. સાંભળનારા સૌ કોઈએ ના પાડી છતાં વેજો રાત્રે ગયો ને પાણી ભરી લાવ્યો. સાધુ નિર્ભય હોય એ જ થઈ શકે.

વેજો ફરી ફરી થાક્યો ને અંતે માંગરોળ માનદાસબાપુની મઢીએ આવી બાપુને દીક્ષા આપી, ગુરુમંત્ર આપવા વિનંતી કરી. માનદાસબાપુ ને વેજામાં સચ્ચાઈનો રણકારો સંભળાયો ને કહ્યું: 'વેજા ! ગિરનાર સવરામંડપની જગ્યામાં ચાલ્યો જા ત્યાં નાથજોગી સેવાનાથ મહારાજ તને દીક્ષા આપશે.' વેજાએ ગિરનાર ની વાટ પકડી.

સવરામંડપની જગ્યાના અવધૂજોગી સેવાનાથ મહારાજ ભૈરવના સિદ્ધ સાધક, ઊંચા, રૂપાળા, જટાધારી, વિશાળ લાલઘૂમ આંખો ધરાવતા ને ચલમ લગાવીને બેઠા હોય ત્યારે તેમના સુધી જવાની કોઈની હિંમત નહીં. અખંડ ધૂણો ચાલતો હોય ને એકાદ બે સેવકો બેઠા હોય ત્યાં વેજો પહોંચે છે. સેવાનાથ મહારાજને પાય પડી, જગ્યાની સેવામાં લાગી જાય છે. આશ્રમની સફાઈ, રસોઈ બનાવવામાં મદદ કરવી, ધૂણાનાં સમિધ લાવવાં, ગુરુના આદેશ પ્રમાણે કામ કરતા રહેવું. આ સેવા, આદેશ પાલન અને ગુરુ તરફનો સમર્પિતભાવ સાધુમાર્ગનું પ્રથમ પગથિયું છે.

નાંદરખીમાં વેજાના પરિવારને જાણ થઈ કે વેજો બાવો થઈ ગયો. વેજાનો મોટાભાઈ ખોડો ને બનેવી કચરો વેજાને શોધવા નીકળી પડે છે. પગેરું શોધતાં શોધતાં સવરામંડપની જગ્યામાં આવી પહોંચ્યા ને ત્યાં

વેજાને જગ્યાનું કામ કરતો જોયો. આ બંનેએ વેજાને બોલાવી સમજાવ્યો, ખાસ તો મેઘીમાને મળી જા નહિતર એ મરી જશે. સેવાનાથ બાપુએ કહ્યું, ભાઈ ! માને દુભાવાય નહીં, રજા આપે તો અહીં આવી જજે. વેજો નાંદરખી આવ્યો, મા અને પરિવારજનોને મળ્યો. સૌનેવિનંતી કરી કે હું સંસાર માંડવા નો નથી, અત્યારે મારી કોઈ જવાબદારી નથી, મારાં બીજાં ભાઈબહેનો છે જ એટલે મા-બાપ અસહાય નથી તો મને પરમની ખોજમાં જવાની રજા આપો. વેજાની મક્કમતા જોઈ સૌએ ગિરનારી સાધુ થઈ જવાની હા પાડી.

વેજો ફરીને સેવાનાથ બાપુ પાસે આવ્યો ને ગુરુએ પાત્રને તપાસવા માટે આકરી કસોટીઓ લેવાની શરૂઆત કરી. વિકટ કામ સોંપે, જમવામાં રોકે ને સામાન્ય ભૂલ થાય તો સેવાનાથ બાપુ લાકડીએ ઢોરમાર મારે છતાં વેજો વિચલિત થયો નહીં. ગુરુની પરીક્ષામાં પાસ થયેલા વેજાને સેવાનાથે વહેલી સવારે જગાડ્યો, સ્નાન કરાવી, આખા શરીરે ભભૂતિ લગાવી ધૂણા પાસે બેસાડી, નાથપંથી ગુરુદિક્ષા, ગુરુમંત્ર આપી 'વૈજનાથ' નામ આપી નાથજોગી બનાવ્યો.

વેજનાથ ગુરુસેવા કરતાં કરતાં યોગસાધના, મંત્રસાધના ના પાઠ ભણવા લાગ્યા. તે પછીથી વૈજનાથને ઉપલા સવરામંડપની જગ્યામાં કાલભૈરવની ગુફામાં ભૈરવસાધના કરવા મોકલે છે. આ ગુફામાં બહુ જ મોટો સાપ રહેતો હતો. એવી પણ માન્યતા છે કે તે કાલભેરવનું રૂપ હતું. તેની સાથે રહી વેજનાથ બાર વર્ષનું તપ સિદ્ધ કરે છે. તે પછી બાર વર્ષ કાલીસાધના, નૃસિંહસાધના, ગણેશ ઉપાસના, હનુમાન સાધના, સરોદાસાધના, તંત્રની કેટલીક ક્રિયાઓની સિદ્ધિઓ મેળવે છે. આ દિવસોમાં ગુરુશ્રી સેવાનાથબાપુ ની કૃપા સતત તેમના ઉપર વરસતી રહી હતી. જાગૃત ગુરુની હાજરી વિના આ સાધના કરવી નહીં.

વૈજનાથ મહારાજનો મહત્ત્વનો ગુણ ગુરુ તરફનો આધીનતા ભાવ રહ્યો છે. સેવાનાથ મહારાજ આદેશ કરે ત્યારે બીજી જ ક્ષણે 'જી ! ગુરુ મહારાજ !' કહી તેનું પાલન તેઓ કરતા હતા. આધ્યાત્મિક જગતમાં એવું પણ છે કે શિષ્ય કોઈ સાધના કે મંત્ર કરે નહીં ને માત્ર ગુરુને આધીન રહી તેમને સમર્પિત થાય, ગુરુમાં પરમેશ્વર નો ભાવ જગાડે તો ગુરુની દરેક સિદ્ધિ તેને આપોઆપ પ્રાપ્ત થાય છે.

વૈજનાથ મહારાજનો બીજો ગુણ સેવાનાથ મહારાજની ઇચ્છા પ્રમાણે જગ્યાનો વિસ્તાર કર્યાનો રહ્યો છે. જગ્યામાં રહેવાની ઓરડી એટલે કે છાપરું ને ધૃણા ઉપર સ્થાપેલ કાલભૈરવ, કાલી ઉપર પતરાનું છાપરું, આ જગ્યાને વિસ્તારી પ્રથમ ચાર રૂમ ને ઓસરી પાકાં બનાવે છે. સામેની જગ્યામાં નળિયાં નાખી કોઠાર, રસોડું બનાવે છે. વૈજનાથ મહારાજે જાતે ખોદીને, પથ્થર કાપીને સાંકડો કુઈ ગાળે છે જેનું પાણી આજે પણ જગ્યાને કામ લાગે છે. નાનકડી ગૌશાળા બાંધી ને ખાસ તો શિવરાત્રીના મેળામાં, પરિક્રમામાં આવનારા ને ગિરનાર ની યાત્રાએ આવનારા પછાત, અછૂત લોકોને ઊતરવાની, જમવાની વ્યવસ્થા ઊભી કરી. સદાવ્રત એ તેમની આગવી ઓળખ થઈ. ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છના મેઘવાળ સમાજની આ જગ્યા ખ્યાત થઈ.

કોઈપણ જગ્યા, આશ્રમના વિસ્તાર માટે, અન્નક્ષેત્ર ચલાવવા માટે દાનની જરૂર પડે છે. સેવાનાથ અને વેજનાથે તેમની સાધના ઓ સિદ્ધ કરી લીધી હતી. છતાં તેમનું સ્મરણ ચાલ્યા કરતું હતું. સમાજની સેવાને સવરામંડપની જગ્યાના વિસ્તાર માટે નાથજોગી ગુરુ, શિષ્ય જુદાજુદા વિસ્તારમાં મેઘવાળ સમાજમાં ભ્રમણ કરતા રહે છે. ગિર, નાદોર, પેડ, દરિયાઇ પટ્ટી, અમરેલી-સાવરકુંડલા પંથક, ગોંડલ, અમદાવાદના મેઘવાળ સમાજમાં જઈ યથાશક્તિ દાન માંગે છે. અનાજ, ગોળ, ગોદડાં માંગી લાવે છે. આ દિવસોમાં પણ આ નાથજોગી ઓ પોતાના ભેખને જાળવી રાખે છે.

મેઘવાળ સમાજમાં કોઈને ઘેર ઉતારો કરે નહીં. વાસની વચ્ચે આવેલા રામાપીરના ઓટા ઉપર, પીપળાના છાંયામાં તેમનો ઉતારો અથવા કોઈના ઘરની સ્વતંત્ર ઓસરી હોય તો ત્યાં ઉતારો રાખે. કાચું સીધુ મંગાવી રસોઈ નાથજોગી જાતે જ કરે છે. વેજનાથબાપુ પોતાની સાથે કાપડમાંથી બનાવેલી મોટી છત્રી રાખતા તે પવનની દિશામાં આડી રાખી માણીગામાં રસોઈ પકાવી લેતા. રસોઈનાં થોડાંક વાસણો સાથે જ રાખતા. કોઈ પણ ગામમાં જઈ કૂવેથી પાણી ભરી મંગાવે, ધૂણો ચેતાવે, પંચના આગેવાનો આવે, સાદી રસોઈ બનાવે, સૌને ભોજન-પ્રસાદ આપે ને એ એક જ ટંક બપોરે જમતા ને એ પણ ક્યારેક શક્ય ન બને.

સેવાનાથ મહારાજ તેમની સાથે 'બાવરો ઘોડો' રાખતા હતા. એ ભારે ઊંચો ને તેમના ઉપર સેવાનાથ સિવાય બીજાને સવારી કરવા દે નહીં. તે સમયે વાહનવ્યવહાર ઓછો ને નાથજીબાપુ ચાલીને બધે જઈ શકે નહીં. એટલે ઘોડો રાખતા હતા. ઉગાભાઈ કાબા (જૂનાગઢ) પાસેથી પ્રસંગ સાંભળવા મળ્યો છે કે, સેવાનાથબાપુ વંથલી પાસેના ખડિયા ગામે મેઘવાળ ફળીયામાં આવ્યા. રામાપીરને ઓટે આસન કરી, ધૂણો પ્રગટાવ્યો. વાસમાં કોઈ અગ્રણી નહીં. ઉગાભાઈ । માતા પિતા કીમા ને કરશનબાપા પરંતુ કરશનબાપા બહાર હતા તે મોડા આવ્યા. વાસનો એક અગ્રણી વાયદા પ્રમાણે આવ્યો નહીં એટલે બાપુએ ભોજન બનાવવાનું માંડી વાળ્યું. તેનો બાવરો ઘોડો પણ ભૂખ્યો ઊભો રહ્યો, પંદર વર્ષનો ઉગો ગામના પાદરની વાડીએ મજૂરીએ ગયેલો. ખેતરમાં એક ક્યારો રજકાનો (ગદબ) હતો તે ખેડૂતે વાઢી લેવાનું કહ્યું ને રજકો તું લઈ વેચી નાખજે તને પૈસા મળશે. એ રજકો ઉગો વાઢીને મોટો પુળો બાંધી ઘરે આવ્યો. સેવાનાથ બાપુને જોયા, ભૂખ્યા ઘોડાને જોયો ને રજકો ઘોડાને નીરી દીધો. ઘોડો રાજી થયાની હાવળ નાખે છે.

સેવાનાથ જાગી ગયા ને જુએ છે ઘોડાને રજકો મળ્યો તેનો આ આનંદ હતો. સેવાનાથ મહારાજ ભૂખ્યા રહે તે કરશનભાઈ અને કમીબહેન દંપતી ને રૂચે નહીં આ દંપતી મહાધરમી, સાધુ-સંતને જમાડી ને જમનાર જતિસતી પરંતુ સામે હઠયોગી જમવા રોકાયા નહીં. નાથજીબાપુ જતા પહેલાં રજકો લાવનાર છોકરાને યાદ કરે છે. ખેતરે થી તેને બોલાવ્યો એટલે રજકા ના બીજા બે પૂળા લાવે છે. સેવાનાથ બાપુ ખુશ થઈ બોલ્યા : 'જા આજથી તારી મજૂરી ગઈ ને તું કુટુંબને સુખી કરીશ.' એ ઉગાભાઈ શિક્ષક થયા ને સમાજને જાગૃત કરવામાં ગામડે ગામડે ફરતા રહ્યા.

વૈજનાથ મહારાજ મેઘવાળ સમાજમાં જગ્યા માટે દાન લેવા ફરતા ત્યારે અજ્ઞાનતા, ગરીબી, અંધશ્રદ્ધાને કારણે સમાજ અનેક રોગોથી પીડાતો હતો. બાળકોમાં ઝાડા, ઊલટી, તાવ, ખસ, અછબડા જેવા રોગો. પુરુષોમાં તાવ, ઉધરસ, સ્ત્રીઓને તેમનો પીડા રોગ. બાપુ જ્યારે પધારે ત્યારે આ બીમારો સૌ આવી જાય. ત્યારે બાપુ ભભૂતિ કે બાધા, આખડી ન આપતા પરંતુ ઘરગથ્થુ ઉપચાર-ઘરમાંથી જ દવાની વસ્તુઓ મળી રહે જેમ કે હળદર, આદું, અજમો, મેથી, રાઈ, લસણ, ડુંગળી વગેરે અથવા ખેતર, વગડાની વનસ્પતિઓનો રસ તેની ઔષધી બનાવવાનું કહેતા ને અસાધ્ય રોગ મટી જતા. ખરજવું, પથરી, મીઠી પેશાબ, આધાશીશી ની અકસીર દવાઓ જણાવતા એ તેમનું સેવાકીય મોટું કામ હતું છતાં લોકો તો એમ જ માનતા કે બાપુની સિદ્ધિનો આ પ્રતાપ છે.

વૈજનાથ મહારાજ શ્યામવર્ણ ના, મજબૂત શરીરનો બાંધો, નમણું નાક ને મોટી આંખો, તેમનો ચહેરો હસતો હોય, માથે મોટી જટા કે જે ઊભા હોય ત્યારે જમીન ઉપર ત્રણેક ફૂટ જેટલી પથરાઈ રહે. તેની તેઓ પાઘડી

વાળી તેના ઉપર સિંહના નખની જોડી ઊનના દોરા થી બાંધી જટાને બાંધી રાખતા. તેમનો નાથજોગી વેશ પ્રભાવક હતો. સવાર સાંજ શીંગીનાદ જગાવે, સંધ્યા આરતી બોલે, પૂજા આરતી કરે તે જોવાનો લ્હાવો હજુ ભુલાયો નથી. એક ગામડે થી બીજે ગામડે પધારે ત્યારે સેવકસમાજ સાથે વળાવવા જાય ને સામેથી લોકો તેમને લેવા આવે તેવો પ્રભાવ જૂનાગઢ માં ૧૦૩ વર્ષના દેવુબહેનને મળવાનું થયું. તેમણે એક વાત કરી કે ભાઈ, હું માધવપુર (ઘેડ) ગામની મહાવદિયા ની દીકરી છું. તે સમયે મારી ઉંમર આશરે આઠેક વર્ષની ને વેજનાથ મહારાજ માધવપુર પધાર્યા. સમાજે તેમનું વાજતે-ગાજતે, મંગળગીતો ગાતાં, ઝાંઝપખાજ વગાડતા, ગુલાબ ઉડાડતા સામૈયું કર્યું. સાધુ-સંતોનું સામૈયું થાય ત્યારે સામે કોઈ મૃતદેહ મળે તો તેને સજીવન કરેતે પ્રતાપ સાધુ-સંતનો હોય તેનું જ સામૈયું થાય. સંતોએ આવા મૃતદેહ સજીવન કર્યાના એકાદ બે દાખલા પણ સાંભળવા મળે છે. છેલ્લી ઘટના કહળસંગ ભગત (ગંગાસતીના પતિ)ના નામે ગાય સજીવન કર્યાનો દાખલો મળે છે. હવે અહીં વૈજનાથ મહારાજનું સત્ પારખવા કોઈએ મૃત કૂતરું રસ્તાની વચ્ચે મૂકી દીધું. સામૈયું બરાબર એ જગ્યાએ આવ્યું ને લોકો સ્તબ્ધ થઈ ગયા. વૈજનાથ મહારાજ આગળ આવ્યા શું છે ભાઈ !? મરેલું કૂતરું જોયું, એક પણ ક્ષણનો વિચાર કર્યા વિના ચીપિયો મરેલા કૂતરાને સ્પર્શ કરી બોલ્યાઃ 'રોકે બિચ સો ગયા, ઊઠ ભાગ જા'ને કૂતરું દોડીને ભાગી ગયું. વેજનાથ મહારાજ એ સ્થાન થી પાછા વળી ગયા ને આ ગામમાં ફરી નહીં આવું તેનું પાણી હરામ કર્યું. સમગ્ર સમાજ ને ભુલ કરનાર-પરીક્ષા લેનારે માફી માંગી પણ સાધુ તે પછી આ સ્થાન છોડી દે છે. દેવુમાએ કહ્યું મારી નજર સામે આ બનાવ બન્યો છે ને હવે આ ઉંમરે મારાથી ખોટું બોલાય નહીં.

સેવાથી મહારાજ અને વૈજનાથ મહારાજના આશીર્વાદે, કૃપાએ, અમી દ્રષ્ટિએ ઘણાના દુઃખ ગયાં ને સુખી થયા છે તેઓની સિદ્ધિઓ અને ચમત્કારોની વાતો નોંધવાનો શો અર્થ ? ઘણી વખત પ્રત્યક્ષ કોઈ ઘટના ન પણ બને ને ઘણું બધું ઘટી જતું હોય છે.

વૈજનાથ મહારાજ સાથે મારા જીવનની કેટલીક ઘટનાઓ જોડાયેલી છે જે શક્ય તેટલી મર્યાદામાં રહી પ્રગટ કરું છું. વૈજનાથ મહારાજ તેમના પૂર્વજીવન ના નાતે મારા મામા થાય. મારી મા વીરબાઈ અને પિતા ઉકાભગત પ્રજ્ઞાચક્ષુ, બંને જ્યોતપાટના ઉપાસક, અખંડ બીજના ઉપવાસ કરી, પાટ-પ્રસાદી કરનારાં. આંગણે આવેલા સાધુ, સંતોને ભોજન જમાડી જમનારાં. આવા નીમધારીઓને પણ સતની સરાણે ચડવું પડે છે. વિધિની વક્રતાએ તેમના દશ સંતાનો અકારણ, યુવાનીમાં પ્રવેશે ને મૃત્યુ પામે. તેમનું અગિયારમું સંતાન સેવાનાથબાપુને ચરણે સવરામંડપમાં ધરી દીધું ને તે જીવી ગયું તે આજે આ વાતને નોંધી રહેલ છે. મારા પિતા ઉકાભગતે સંવત ૨૦૧૨ના ચૈત્ર માસની એકાદશીએ અલખધણીનો સવરોમંડપ સિલાદર મુકામે કર્યો હતો તે સમયે વૈજનાથ મહારાજ સવા મહિનો ધુણો પ્રગટાવી ત્યાં રહ્યા હતા.

મંડપની સ્થાપના થાય પછી ઘરમાં અખંડ જ્યોતપાટ રાખવામાં આવે છે. ત્યાં રાત્રે જુદા જુદા ભજનિકો આવી ભજન ગાય છે ને જ્યોતપાટની ગાદીએ સાધુ કે જે પરિવારના ગુરુ હોય તે બેસે છે. આ રાત્રીના જ્યોતપાટે રાત્રીના બાર પછી નાથજોગી પધારે છે કે રાત્રીના ત્રણ વાગ્યા સુધી તેમની અનુકૂળતા પ્રમાણે ગાદીએ બેસતા હોય છે. ચાર જુગના જ્યોત પાટમાં નાથજોગી ગુરુગાદીએ બેસતા તેનું ભજનોમાં પ્રમાણ છે. અહીં રાત્રીના બારથી ત્રણ વચ્ચેનો સમય પણ સમજવા જેવો છે. આ સમય વચ્ચે આસુરીતત્ત્વો બળવાન હોય છે તે તત્ત્વોને કાબૂમાં રાખી આ જોગીઓ બેઠા છે. આ જ્યોતપાટે વૈજનાથ મહારાજ પધાર્યા ત્યારે મારી ઉંમર સાત વર્ષની મને

ઉઠાડવામાં આવ્યો, નવાં કપડાં પહેરાવ્યાં, મારી માએ કપાળે તિલક કર્યું. હાથમાં નાળિયેર ને ઉપર સાકર મુકાવી ને કહ્યું કે તું એકલો જ જ્યોતપાટે બેઠેલા વૈજનાથબાપુ ના ખોળામાં આ નાળિયેર મૂકી તેમના પગ પાસે બેસી જજે. આ સંત હતો તેની સમજ તે કાળે મારી ન હતી. માતા-પિતાની ઇચ્છા પ્રમાણે મેં કર્યું. વેજનાથ મહારાજને નવાઈ લાગી ને જ્યોતને અજવાળે આ સંકેત સ્વીકારવો પડે. માતા-પિતા આવ્યાં. હાથ જોડી વિનંતી કરી કે આ દિકરો નાથયોગીઓની આશિષનું ફળ છે, તમારો છે ને તમારી પાસે આવ્યો છે તેને શિષ્ય તરીકે તમારે સ્વીકારવો જોઈએ એવી અમારી વિનંતી છે.

જ્યોતને અજવાળે વૈજનાથ મહારાજે મારા મસ્તકે હાથ મૂક્યો ને કેટલીક નાનકડી વિધિઓ કરી. એમ હું વૈજનાથ મહારાજનો શિષ્ય થયો, થોડા દિવસ પછી નાથપરંપરા પ્રમાણે ધૂણા પાસે બેસાડી વિધિવત્ નાથદીક્ષા આપવામાં આવી જે ક્રિયાઓ આજે પણ મને યાદ છે, ને આ પરંપરા સાથે સાત વર્ષની વયે મારું જોડાણ થયું છતાં મારે ભવિષ્યમાં નાથજોગી થવું તે આ વિધિ ન હતી.

શારદાગ્રામમાં ધોરણ અગિયાર સુધીનો અભ્યાસ કરી, અમદાવાદ ગુજરાત વિદ્યાપીઠની સ્નાતક ડીગ્રીના અભ્યાસમાં દાખલ થયો. મારાં માતા-પિતાનું હું એક જ સંતાન તેથી મારાં લગ્નનો લ્હાવો લેવાની તેમની તીવ્ર ઇચ્છા પણ એક મોટો ભય કે તેમનાં સંતાનો લગ્નની વાત ચાલે ને અવસાન થાય. એટલે તેઓ સવરામંડપની જગ્યામાં સેવાનાથ મહારાજ પાસે ગયાં ને પોતાની અંદરનો ભય બતાવ્યો. સેવાનાથ મહારાજે હૈયાધારણા આપી ને લગ્નના દિવસોમાં વૈજનાથ મહારાજ ત્યાં આવી જશે તેમ પણ જણાવ્યું. અઢારમેં વર્ષે મારાં લગ્ન થયાં ને ગુરુમહારાજ વૈજનાથ મહારાજ નાથજોગી આવા વહેવારજગતમાં આવે નહીં તેમ છતાં તેઓ આશિષ આપવા મારે ઘેર ઘૂણો જગાવી બેઠા તેને સાધુ-સંતોની કૃપા માનું છું.

વૈજનાથ મહારાજ સાવરકુંડલા ના વણકરો તરફનો વિશેષ સહયોગ મેળવી જગ્યાનો વિસ્તાર કરી શક્યા હતા. તેમને સીલોદર આવે ત્યારે થોડા દિવસ રોકાવું ગમે એથી વિશેષ ચીંગરિયા ગામે જીવારામ (પૂર્વાશ્રમના ભાણેજ)ને ત્યાં આઠ, દશ દિવસ રોકાય. ત્યાં પાદરમાં મોટી ટેકરી છે. ત્યાં વૈજનાથ મહારાજ ગયેલા. ત્યાં ગઢિયા નામનો ખૂબ ઝેરી સાપ તેને પગમાં કરડે છે. આ સાપ કરડે એટલે મૃત્યુ જ થાય પણ વેજનાથ જાણે કંઈ ન બન્યું હોય તેમ જીવારામ ને કહ્યું દરિયે થી સમદર ફળ લાવ. તેનો ઘસારો કરી લગાડતા રહ્યા. અન્ય દેશી ઔષધિઓ સાથે ખરી જ. એક મહિનો પીડાયા પણ ઝેરમુક્ત થયા. જીવારામ ઘણા નજીક પરંતુ આજે તે હયાત નથી. તેમના નાના ભાઈ શકરાભાઈ પણ એટલા જ પ્રેમાળ ને ભગત ની નામના પામ્યા છે. તેમની પાસે થી ઘણી માહિતી મળી છે.

નાથયોગીઓનો એક વર્ગ ગાંજાની ચલમ ફૂંકનારો છે. જે એમ માને છે કે ગાંજાના અમલથી ઇન્દ્રિયો નિસ્તેજ થઈ સુરતા ધ્યાનમાં લાગી રહે છે. બીજું કાલભૈરવને, કાલીને, નરસિંહને માંસ અને દારૂનો ભોગ ધરી તેને પ્રસાદીરૂપે આરોગે છે. આ ત્રણેય બાબતો તેમના માટે સહજ છે જે ગોરખનાથે સ્વીકારેલ નથી. ને ઘણા નાથયોગીઓ આવી પ્રક્રિયાથી દૂર રહે છે. કેટલાક જાહેરમાં આ બાબતોનું સેવન કરતા નથી એટલું જ. કેટલાક નાથઅખાડામાં પ્રસાદીરૂપે લેવાય છે. હવે કેટલીક ઉગ્ર સાધનાઓ છે, તંત્રસાધનામાં પણ ઉગ્રતા આવે છે. ને તેમાં ઉપર્યુક્ત બાબતો ભળે ત્યારે સાધુસમાજના ન કલ્પી શકાય તેવા ઝઘડાઓ થયાનું જાણવા મળે છે.

સેવાનાથ અને વેજનાથ મહારાજ વચ્ચે ગુરુ-શિષ્યથી વિશેષ પિતા-પુત્ર જેવો પ્રેમ નો નાતો બંધાઈ ગયો

હતો. સેવાનાથે તેમની જગ્યાના ઉત્તરાધિકારી વૈજનાથ મહારાજને બનાવી દીધા હતા. સવરામંડપ ની જગ્યા ઊભી કરવામાં ગુરુ-શિષ્ય નો સંયુક્ત પુરુષાર્થ હતો. જગ્યાનો વહિવટી, કાયદાકીય, બેંક વ્યવહાર વેજનાથજીએ સંભાળ્યો હતો. કાળની ગતિ બદલાતાં, ગાંજાની ચલમનો રંગ બદલાયો, મંત્રસિદ્ધિએ તેનું રૂપ બદલ્યું ને નજીવા કારણે ગુરુ-શિષ્યનો ઉગ્ર સંવાદ બંનેને જુદા પાડી નાખે છે. વૈજનાથ મહારાજ જૂનાગઢમાં ગિરનાર પ્રવેશદ્વાર પાસેના ગણેશનગરમાં પોતાની સ્વતંત્ર જગ્યા ઊભી કરે છે. સાવરકુંડલાના સેવકસમાજનો તેમાં મોટો સહયોગ રહ્યો હતો. સનાથ નામે એક શિષ્ય બનાવ્યો હતો પણ તે એટલો બધો સરળ હતો કે વહિવટ સંભાળી શકે નહીં. આ સમય અંદાજે ત્રણેક વર્ષનો થયો ને વૈજનાથ મહારાજે સમાધિ લઈ દેહ છોડી દીધો.

વૈજનાથ મહારાજને દેહ છોડવાનો સમય આવી રહ્યો છે તેની જાણ હતી. તેમની જગ્યાનાં કાર્યો, લેતી-દેતી, જેને મળવા જેવું હતું તે પતાવવા લાગ્યા. છેલ્લે સીલોદર આવ્યા ત્યારે મારા બાપુજીને કહેલું 'ભગત, મારી પાસે સમય ઓછો છે ને ઘણાં કામ સંકેલવાનાં છે. આ વાતની ગંભીરતા ત્યારે સમજાણી નહીં ને સમજાય તો પણ શું થઈ શકે !બીજી જાન્યુઆરી ૧૯૭૦ના દિવસે વેજનાથ મહારાજ સાવરકુંડલા હતા ત્યાં તબિયત બગડી, તાવ ખૂબ ચડી ગયો, સેવકોએ ડોક્ટર બોલાવી લાવવા કહ્યું પણ નાથજીએ ના પાડી. ધીમે ધીમે તંદ્રાવસ્થા આવવા લાગી. આસન ઉપરથી ઊભા થઈ કાલભેરવનું સ્મરણ કરી આકાશ સામે જોઈ બોલ્યા : 'હું ગિરનારનો સાધુ, મારો દેહ ગમે ત્યાં પડે નહીં, હું ગિરનારક્ષેત્રમાં જ આવું છું.' સેવકોને થયું કે બાપુને તાવ ચડી ગયો છે. બાપુએ આદેશ કર્યો કે મારે માટે મોટર બાંધી લાવો. મારે ગિરનાર જગ્યાએ પહોંચવું છે. થોડા સેવકો સાથે જૂનાગઢ રાત્રીના બાર થતાં પહોંચી ગયા. બધાને જમવાનું બાકી હતું. બાપુએ ખીચડી ને બટાકાનું શાક કરી સૌને જમાડ્યા. પોતે માત્ર દૂધ પીધું. સેવકોને સેવાનાથને થયું બાપુને હવે ઠીક છે. બધાને સુવડાવી કહ્યું કે મારે પૂજાપાટ કરવાના છે.

વૈજનાથ મહારાજ જાતે સ્નાન કરી, ભભૂતિ લગાવી, તેમના મંત્રજાપ કરી, સવાર થતાં પહેલાં તારીખ ત્રીજી જાન્યુઆરી-૧૯૭૦ માગશર વદ દશમ ને શનિવારે ધૂણા પાસે સમાધિમાં બેસી જાય છે. સવાર થતાં સૌને જાણ થઈ. સેવાનાથ મહારાજને બોલાવવા માં આવ્યા. મેઘવાળ સમાજ, સેવકસમાજ આવ્યો. સમાધિદેહને સવરામંડપની જગ્યામાં સમાધિ આપવામાં આવી. સેવાનાથે પોતાનો લાડકો દીકરો ગુમાવ્યાનું દુઃખ અનુભવ્યું. સાધુસમાજ ના નિયમ પ્રમાણે ભંડારો થયો. વૈજનાથ મહારાજની સમાધિ તિથિએ નાંદરખી મુકામે ઘેઘા ખોડા બડવા ભોજનને રાત્રીએ જ્યોતપાટ ભરી ઊજવતા રહ્યા હતા. સમાજને એક સિદ્ધયોગીની, જીવતી ગિરનારી સવરામંડપની જગ્યાને ખોટ પડી.

સંદર્ભ સૂચિ

- ગોહિલ, ડો. નાથાભાઈ (૨૦૧૭), ગુજરાતની આંતરચેતના ભાગ-૨, અમદાવાદઃ નવભારત સાહિત્ય મંદિર

શાંતિનાથ બાપુ (ગામ : સાયલા)

શાંતિનાથ બાપુનો જન્મ ઈ.સ. ૧૯૧૦ ની સાલમાં થયો હતો. તેમનુ બાળપણ નું નામ લવજીભાઈ હતું. તેમના પિતાનું નામ વાલાભાઈ રાઠોડ હતું. તેમની માતાનું નામ હરીબાઈ હતું. પિતા વાલાભાઈને સંતાનમાં ત્રણ દીકરીઓ અને પાંચ દિકરા હતા. તેમાં બીજા નંબરનો પુત્ર લવજીભાઈ તે શાંતિનાથ તરીકે જગતમાં ખ્યાતિ પામ્યો.

શાંતિનાથના માતાપિતા ભક્તિપૂર્વક આવનાર સાધુ-મહાત્માની સેવા-ચાકરી કરતા. ઘરે આવેલ યાચકને યથાશક્તિ દાન-દક્ષિણા આપતા. ગામમાં કોઈ પણ સાધુ બાવા આવેલ હોય તો તેમને વાલાભાઈ પોતાના ઘરે લઈ આવતા અને તેમની યથા સરભરા કરતા. નાનપણથી શાંતિનાથ માં માતા-પિતાના સંસ્કાર ઊતર્યા હતા. જ્યારે જ્યારે કોઈ સાધુ મહાત્મા તેમના ઘરે આવતા ત્યારે એક પ્રશ્ન થતો કે : “આ સાધુઓ શું કરતા હશે ? મારા માતાપિતા શા માટે તેમની આટલી ભક્તિપૂર્વક ની સેવા-ચાકરી કરે છે ? મારે પણ સાધુ થઈ તે જીવન ને જોવું છે !”

આવો મનોમન ભાવ સતત થયા કરતો. જેથી પછી આ સંસારની ગૃહસ્થીનો ત્યાગ કરી પરમ તત્ત્વની શોધ માટેની તેમણે વાટ પકડી, પણ તે પહેલાં તેમણે માતા-પિતાની આજ્ઞા લીધી. માતા-પિતાએ સાધુ થવાની રજા ન આપી. કોણ મા-બાપ પોતાના પુત્રને સાધુ થવા જવા દે ? બાળક લવજીએ પોતાની મેળે ગૃહ-ત્યાગ કર્યો.
લવજીભાઈએ ગૃહત્યાગ કરી સાધુવેશે સત્તાધાર જગ્યાની વાટ પકડી. સત્તાધારમાં લવજીભાઈ ગાયમાતાની સેવા કરે છે. આવનાર યાત્રાળુઓને સત્તાધાર આપાગીગાની વાતો કરે છે અને દિવસો વીતે છે. ગૃહસ્થ, ત્યાગ, સાધુ જીવનમાં નિજ આનંદમાં અને પરોપકારમાં વર્ષો વીતી રહ્યા છે.

ગુરુ કરશનદાસજી પાસે દીક્ષા લીધા બાદ લવજીભાઈએ મોસૂરપણા ગયા. આ મોસૂરપણા એ પોરબંદરના રાણાવાવ તાલુકાના બરડા ડુંગરનો એક ભાગ છે. તે મોસૂરપણામાં લવજીભાઈએ સંન્યાસી થઈ ૧૨ વર્ષ સુધી તપશ્ચર્યા કરી. તપશ્ચર્યા પછી તેઓ શાંતિનાથ બાપુ તરીકે જગતમાં ઓળખાયા.

શાંતિનાથ બાપુએ પોરબંદર જિલ્લાના રાણાવાવ તાલુકાના આદિત્યાણા ગામે શિવાલય ઊભું કરવા માટે જગ્યા કરી. જગ્યામાં આવનાર અનેક યાત્રાળુ સાધુ સંતોને શાંતિનાથ બાપુ યથાયોગ્ય માન-સન્માન આપતા. કાયમ સદાવ્રત ચલાવતા હતા. અલખના આરાધક એવા શાંતિનાથ સમગ્ર કચ્છ કાઠિયાવાડ અને મુંબઈ સુધી ક્યારેક ચાલતા તો ક્યારેક વાહનમાં મુસાફરી કરીને શિષ્યોમાં વિચરણ કરેલ છે.

અમદાવાદમાં જ્યારે પણ શાંતિનાથ બાપુ આવે ત્યારે ગીતામંદિરમાં લાલાભાયા વાણિયાને ત્યાં તેમનો કાયમ ઉતારો રહેતો. વિજયનગરમાં રહેતું શ્રીમાળી કુટુંબ અનન્ય શિષ્ય છે. અનેક માણસો, વણકર અને અન્ય સમાજના હજારો લોકો ગુરુ તરીકે આજે પણ તેમને પૂજે છે.

આવા પરમ પૂજ્ય સિદ્ધયોગી બાપુ શાંતિનાથજીએ તા. ૨૫-૩-૧૯૮૨ સંવત ૨૦૩૮ના અષાઢ સુદ પાંચમને દિવસે આ પૃથ્વી પરથી વિદાય લીધી. તેમની સમાધિ આજે પણ આદિત્યાણામાં છે.

સંદર્ભ સૂચિ

- મકવાણા, મહેન્દ્ર (૨૦૧૯), સુરેન્દ્રનગર જિલ્લાના વણકરોની અસ્મિતા, અમદાવાદ: કેવલ ઓફસેટ

સંત સવૈયાનાથ સવગુણદાદા

જન્મ	: વિક્રમ સંવત ૧૮૦૭ પૂનમ ને ગુરુવાર, અમૃતસિદ્ધ યોગ, કુંભ રાશિ, પૂર્વ ભાદ્રપદ નક્ષત્ર એટલે કે ઈ.સ. ૧૭૫૧
જન્મ સ્થળ	: ગામ-ઝાંઝરકા, તાલુકો-ધંધુકા (ભાલપ્રદેશ), જિલ્લો-અમદાવાદ.
મૂળનામ	: સવો
જન્મજ્ઞાતિ	: મેઘવાળ વણકર (અનુસૂચિત જાતિ)
માતા-પિતા	: પિતા-સુરાભગત, માતા-ગરવીબાઈ
પરિવાર	: પત્ની-મેઘાબાઈ, પુત્ર-પાલો
ગુરુ	: તુલસીનાથ અવધૂતનાથ યોગી
સમાધિ	: વિક્રમ સંવત ૧૮૯૮ ફાગણ સુદ તેરસ ને ગુરુવાર, ઈ.સ. ૧૮૪૨

'અખંડ જ્યોતની આરતી, જળહળે ઝાંઝરકા માંય; દર્શન કરતા સવૈયાનાથ, પંડનાં પાતક જાય.'

મેઘવાળ સમાજ રોજી-રોટી મેળવવા જરૂર જણાય ત્યારે સ્થળાંતર કરતો રહ્યો છે. મહેસાણા જિલ્લાના સિદ્ધપુર તાલુકાના ટુંડાવ ગામે મેઘવાળ વણકર સમાજના મકવાણા અટકના પરિવારો રહેતા હતા. તેમાં શાણાભગત વણકરનું કુટુંબ તેમની સાથે ભાયાતોના ત્રણ કુટુંબ લઈને આજીવિકા મેળવવા સ્થળાંતર સત્તરમા શતકમાં કરે છે. તેમનું મૂળ ગામ ટુંડાવ હોવાથી તેઓ ટૂંડિયા અટકથી ઓળખાવા લાગ્યા. આ પરિવારો ફરતા ફરતા બાવળા (અમદાવાદ પાસેનું ગામ) આવી રહે છે પરંતુ ત્યાં મજૂરી ન મળતાં ભાલકાંઠામાં પ્રવેશે છે. તે ભાલકાંઠાના ધંધુકા પાસેના નાનકડા ગામે શાણાભગત ને તેમની સાથે આવેલાં કુટુંબો કાયમી વસવાટ કરે છે.

આજીવિકા માટે ભલે સ્થળાંતર કરવું પડ્યું પણ તેમની સાથે વણકરીનો (કાપડ વણવાનું) ધંધો લેતા આવ્યા. બીજું તેમની ધર્મભાવના અલખ જ્યોતપાટ ઉપાસના ને ભજન તેમની સાથે રહ્યું. આ પરિવારોમાં કોઈ એકાદ ભગત હોય છે. આ ભગત ભજનપ્રેમી, સેવાભાવી ને સાધુ-સંતોને રોટલો ખવડાવતા હોય છે. એવા શાણાભગત ખેતમજૂરી, વણકરી કરતાં કરતાં હરિભજન કરે છે તેમને ઘેર દીકરા સુરાનો જન્મ થાય છે. ભગતનું ઘર હોય એટલે તેનાં સંસ્કારો સુરામાં પડ્યા. સુરો ઉંમરલાયક થતાં રોઝકા માલાની દીકરી ગરવી સાથે લગ્ન કરવામાં આવ્યાં.

ભાલપ્રદેશમાં ખારોપાટ વિશેષ છે. સિંચાઈની કોઈ સગવડ નથી એટલે માત્ર ચોમાસુ પાક થાય. ને તેમાં ચોમાસું પૂરું થયા પછી રામમોલ લેવામાં આવે. આ પાક પૂરતી જ મજૂરી મળે. બાકીના દિવસોમાં સુરાભગત ને ગરવીબાઈએ વણવાનું કામ કરવું પડે. વણાટમાં આખું ઘર-પરિવારના નાના મોટા સૌ જોતરાઈ રહે ત્યારે માંડ પેટ પૂરતું પામે. સુરોભગત ધંધુકાના દામોદર હીરજી શેઠ પાસેથી સૂતરની આંટીઓ લાવે ને ઘેર તેનો તાણો બનાવે, કાંજી તૈયાર કરી તાણાને કાંજી ચડાવે, પત્ની ગરવીબાઈ રેંટિયા ઉપર કોકડાં (બોબીન) ભરી આપે ને ભગત સાળ ઉપર બેસી વણતા જાય, ભજન ગાતા જાય, આવ્યા ને આવકાર ને ભોજન જમાડતા જાય. અઠવાડિયે જે કાપડ વણાઈ તે લઈને ધંધુકા દામોદર શેઠ પાસે જમા કરાવી પોતાની મજૂરીની રકમ મેળવી ઘર માટેનું જરૂરી કરિયાણું લઈને ઘેર આવે. શેઠ પાસેથી જરૂરી સૂતરની આંટીઓ લાવે ને સંસાર વ્યવહાર ચાલે.

સુરાભગત નિત્યકર્મ કરીને પ્રભુની આરતી, સેવા, સ્મરણ કરે. તેમાં પૂનમનો મહાયોગ હોય ત્યારે

પ્રભુજીને ભાવથી થાળ ધરે. વિક્રમ સંવત ૧૮૦૭ને પૂનમ ને ગુરુવારે ભગત પ્રભુજીને રીઝવી રહ્યા હતા ત્યારે ઈ.સ. ૧૭૫૧માં ગરવીબાઈની કૂખે તેજસ્વી બાળકનો જન્મ થયો. ઝાંઝરકા ગામે મેઘવાળ સમાજના બ્રાહ્મણ પંડિત બધમાલજી રહેતા હતા તેમણે ભગતને આવીને સમાચાર આપ્યા કે આજના શુભયોગ આપને ઘેર પુત્રનો જન્મ થયો છે. વાસમાં વધામણી અપાણી સૌને આનંદ આનંદ થઈ ગયો. પુત્રના જન્માક્ષર મંડાયા, ઊજળા ભવિષ્યની નિશાનીઓ મળી ને ગોર અદાએ પુત્રનું નામ 'સવો' રાખ્યું.

નાનપણથી સૌ તેમના બાળગોઠિયામાં અલગ તરી આવતો હતો. મિત્રોને મદદ કરવી, સાધુ-સંતોને આવકારવા, માતા-પિતાની આજ્ઞાનું પાલન કરવું, વણકરીના કામમાં મદદ કરવી ને મોટો થતાં સાળ ઉપર બેસી સૌથી અલગ તરી આવે તેવા પોતનું કાપડ વણવા લાગ્યો. સુરાભગતને સંતોષ છે કે દિકરો હૈયું ઠારે તેવો થયો છે. સો હવે વળેલા કાપડ (વેજુ, પછેડી, ચોફાળ, ટુવાલ)નું પોટલું લઈ ધંધુકા દામોદર શેઠને આપી હિસાબ પતાવીને ઘરવપરાશની ચીજો લાવતો, સાધુ સંતોની સેવા કરતો થઈ ગયો છે.

તેવામાં એક ઘટના ઘટી. નાથયોગીઓની જમાત ફરતી ફરતી ધંધુકાના પાદરમાં પડાવ નાખે છે. આવી જમાત આવે ત્યારે ગામમાં મહોત્સવ મંડાઈ જતો. પાદરમાં નાથધૂણીઓનો અંજવાસ, અલખનિરંજન, જય ગિરનારી, આદેશ... બોલાતા હોય. ગામમાંથી સીધુસામાન આવે ને પાકી રસોઈ થતી હોય ને લોકોની દર્શનની ભીડ જામી હોય. કોઈ દુઃખના નિવારણ માટે તો કોઈ ચમત્કારિક સિદ્ધિઓ મેળવવા આવતા હોય છે. આ સમયે સવો ધંધુકા આવ્યો હોય છે. જમાતને જોઈ તેના તરફ વળે છે. નાથસાધુઓની વચ્ચે જમાતના મહંત તુલસીનાથ મહારાજ બિરાજમાન હતા. સવો ભાવથી તેમને વંદે છે ને આદેશ બોલે છે. તુલસીનાથ ની નજર સવા ઉપર પડે છે ને પ્રતિભાવમાં આદેશ બોલે છે. સામસામે નજરનું મળવું સવાના ચિત્તમાં ઊથલ-પાથલ મચાવે છે. તુલસીનાથ તરફ કોઈ અજબનું ખેંચાણ અનુભવે છે. કશું જ બોલ્યા વિના સવો ત્યાં બેસી રહે છે. સંધ્યાનો સમય થયો એટલે તુલસીનાથ બોલ્યાઃ 'સબ અપને અપને ઘર જાઓ, હમારા સંધ્યા-આરતી કા સમય હુવા હૈ તો રાતકો આના.' સો પૂતળાની જેમ ઊભો થઈ ઝાંઝરકાની વાટ પકડે છે. સાધુની એક નજરે તેના ચિત્તમાં અનેક પ્રશ્નો જન્માવે છે. હું કોણ છું ? મારો જન્મ શા માટે ?

આ જન્મ ને મરણ શું છે ? હું મારી ઇચ્છાથી જન્મ્યો નથી તેમ જ મૃત્યુ પામવાનો નથી. મૃત્યુ ગમે તે ક્ષણે આવે તેને રોકી શકવાનો નથી. આ સૃષ્ટિની અદભૂત રચના શું છે ? તેને ચલાવનારો કોણ છે ? આ કોણ બોલી રહ્યો છે ને વળી કોણ સાંભળે છે ? આ રહસ્યોને ઉકેલવાનો માર્ગ શોધવો પડશે.

પુત્રની બેચેની સુરાભગતથી છાની ન રહી. પૂછે છે : 'બેટા સવા ! કયા વિચારવમળમાં ફસાયો છે ?' સવાએ જવાબ દીધોઃ 'પિતાજી ! ધંધુકામાં સિદ્ધ નાથયોગી આવ્યા છે તેનાં દર્શને જવું છે.' ભગત પ્રેમથી બોલ્યા : એમાં શું મૂંઝાયો છે ?! જઈ આવ ને કાપડનું વેજું તૈયાર છે તે શેઠને આપી, હટાણું કરતો આવ.'

સવો માથે કાપડનું પોટલું લઈ ધંધુકાના પાદરે પહોંચ્યો ને ફરી કોઈ અલૌકિક ખેંચાણે જમાત તરફ વળ્યો. જમાતના મહંતને જે ગિરનારી... આદેશ બોલીને માથેથી પોટલું ઉતારી બેસે છે. તુલસીનાથ મહારાજની મર્મભેદી દૃષ્ટિ સવા ઉપર પડી ને અનેક આવરણો છેદાવા લાગ્યાં. નાથયોગીની પૂર્ણ કૃપા ઊતરે તે પહેલાં તેને સવાની પરીક્ષા લેવાની ઇચ્છા થઈ. પાત્ર વિના વસ્તુ વહોરી શકાય નહીં. સંતો પાત્ર તપાસીને તેને પચે એટલું જ આપતા હોય છે. 'અજરા કંઈ જરિયા ન જાય, થોડે થોડે સાધ પીઓ.'

સોળ વરસના લબરમૂછિયાને તુલસીનાથ પૂછે છે તેરા નામ ક્યા હૈ? મહારાજ ! મારું નામ સવો છે. ક્યા કરતા હૈ? કાપડ વણાટનું કામ કરું છું, અચ્છા ! યે ગઠરી મેં ક્યા હૈ? મહારાજ ! કાપડ છે. ઠીક હૈ તુમ યે સાધુઓંકો બાંટ દો. સવો ક્ષણનો પણ વિચાર કર્યા વિના બધું જ કાપડ સાધુઓને લંગોટ માટે, ઓઢવા માટે આપી દે છે. નાથસંપ્રદાયમાં નાત-જાત, ઊંચ-નીચના ભેદ નથી. એટલે સુધી કે નાથજોગીને તેનાં મૂળ-કૂળ પૂછવા ગુનો ગણાય છે.

નાથજોગીઓનો માર્ગ કાયા ભીતર પરિબ્રહ્મને પામવાનો છે. ગોરખનાથ કહે છે : 'કાયા ઉપરાંતિ રત્ન નાહીં' જે કાંઈ બ્રહ્માંડમાં છે તે પિંડમાં આ ઘટભીતર - છે જ. દિવ્યતાનાં બીજ પરમેશ્વરે દરેક પિંડમાં રોપેલાં છે જે સદ્‌ગુરુ મળે તો ઊગી નીકળે છે. સતગુરુ એ છે કે તે ક્યારેય છૂત-અછૂતના ભેદ રાખતા નથી. રામાનંદજીએ કબીર, રૈદાસમાં દિવ્ય ચેતના જોઈને ગુરુદીક્ષા આપી હતી. તુલસીનાથ સવામાં એ ચેતના જોઈ શક્યા હતા. નાથજોગી હિન્દુધર્મના મંદિરોથી બદ્ધ નથી. તે મુસ્લિમની મસ્જિદો કે ખ્રિસ્તી દેવળોથી અલગ પડી અલખના નિર્ગુણ નિરાકાર નિરંજન શિવના આરાધકો છે.

સવાની જિજ્ઞાસા, ગુરુના આદેશ પ્રમાણે પોતાનું સર્વસ્વ સમર્પિત કરવાની વૃત્તિને પાત્રતાએ તુલસીનાથે સવાને ગુરુબોધ આપ્યો. એકાંતે બેસી તેને કેટલીક ગુરુચાવીઓ આપી.

યોગસાધના સાથે પંચાક્ષરી મંત્રની દીક્ષા આપી. સહજમાર્ગી સાધના આપી. સંસારમાં રહીને પણ સેવાધર્મ પાળવાની શીખ આપી. સાધનાનો સરળમાર્ગ સમજાવતાં કહ્યું : નાથપંથ પરંપરામાં દીક્ષા આપ્યા પછી નવું નામકરણ અપાય છે. જો કે અહીં સવાને નાથજોગી થવાનું ન હતું છતાં તુલસીનાથ કહે છે : 'સવા, આજસે તુમ સવગુણ હો ઔર તુમ્હે સવૈયાનાથ સે આદર દેંગે' સવગુણ સાચા અર્થમાં સર્વગુણસંપન્ન થયા.

શાળ ચલાવી ઘરનો વ્યવહાર ચલાવવો, માત-પિતાનો આદર કરી તેમને ખુશ રાખવાં, સાધુ-સંતોને આવકાર આપવો ને સદ્‌ગુરુ તુલસીનાથે નામસ્મરણ સાથે આદેશ આપ્યો હતો કે આંગણે આવેલા અભ્યાગતોને રોટલો આપવો-જમાડવા. સવગુણનું જીવન સાધુચરિત બની ગયું ત્યારે મા-બાપને ચિંતા થવા લાગી કે દીકરો સંસાર માંડશે નહીં તો અમારો વંશ નિર્વંશ (નખ્ખોદ) જશે. ગરવીબાઈએ પુત્રને કહ્યું બેટા ! અમારી ઇચ્છા છે કે તારાં લગ્ન કરી, હર્યોભર્યો સંસાર શાંતિથી છોડી જઈએ. અને બેટા ! સંસારમાં રહીને સંતો સિદ્ધ થયા છે. સવગુણ માતાના પ્રેમાગ્રહે લગ્ન કરવાની હા પાડે છે.

તે સમયે દિકરા-દીકરીના સંબંધો પરિવારના ગોર-બ્રાહ્મણ દ્વારા ગોઠવાતા. મધ્યકાળમાં બ્રાહ્મણ નાળિયેર લઈને જતા, સામેના પરિવારને વાત કરતા ને નાળિયેર ને સવા રૂપિયો આપી સંબંધ કરી આવતા. અહીં સુરાભગતે પોતાના બ્રાહ્મણ બધમાલજીને આ કામ સોંપ્યું.

ગોરદાદા ફરતા ફરતા લીંબડી તાલુકાના ગેડી ગામે ગયા. બપોરનો સમય થયો હતો એટલે ગામમાં કોઈ યજમાનને ઘેર જઈ બપોરા કરવાનું વિચારતા હતા ત્યાં પાદરમાં ગેડી ગામના મેઘવાળ વણકર જાદવ આણંદજીભાઈ નીકળે છે. ગોરદાદાને ઓળખી ગયા એટલે આવીને પાયલાગણ કરે છે ને વિનંતી કરે છે કે ગોરદેવ ! બપોરનો સમય થયો છે તો આપ ફળીયામાં પધારો, અમારે ઘેર ભોજન કરીને પાવન કરો. ગોર આણંદજીભાઈને ઘેર રોકાયા. ઘરમાં કામ કરતી દીકરી મેઘાબાઈને જોઈ હરખાયા. સવગુણ માટે લાયક પાત્ર જણાતાં આણંદજીભાઈને વાત માંડીને કરી. તેમને પણ યોગ્ય જણાયું ને વિધિવત્ વેવિશાળ કર્યું ને મુહૂર્ત જોઈ ધામેધૂમે સવગુણનાં લગ્ન મેઘાબાઈ સાથે કરવામાં આવ્યા.

સંતોના જીવનમાં તેમની ધર્મપત્ની પ્રેરણાદાત્રી બની ધર્મમાર્ગે સહયોગી રહી છે. રામકૃષ્ણદેવ અને શારદમણિદેવીનું દામ્પત્યજીવન તેનું ઉદાહરણ છે. સવગુણ સવારથી સાંજ સુધી સાળ ચલાવે છે. મેઘાબાઈ વહેલી સવારથી દળણું દળવું, પાણી ભરવું, ઘરકામ કરવાં ને તે પછી પતિની પાસે બેસી રેંટિયા ઉપર કોકડાં ભરી આપે છે ત્યારે તેમની નજર સવગુણ ઉપર મંડાયેલી રહે છે. સવગુણ યંત્રવત વણે છે પણ તેનું ચિત્ત તો પંચાક્ષરી મંત્રજાપમાં જોડાયેલું હોય છે. કબીરસાહેબે વણવાનું જ કામ કર્યું છે. વનમાં જઈ એકાંતે સમાધિમાં બેસી કોઈ સાધના કરી નથી છતાં એ સિદ્ધ સંત સાધક હતા. સવગુણ વણતા હોય ને તેનો વણાટનો તાર તૂટી જાય ને અલખ સાથેનો તાર જોડાઈ જાય તે મેઘાબાઈએ અનેક વખત જોયું હતું.

આ સાથે અન્નક્ષેત્ર ચલાવવાનું હતું. સદ્‌ગુરુ તુલસીનાથ મહારાજ ઝાંઝરકા પધાર્યા ને ઘરમાં રિદ્ધિ-સિદ્ધિની સ્થાપના કરી અન્નપૂર્ણાનું આહ્વાન કરી આ પતિ પત્નીને કહ્યું હતું કે આંગણે આવતા સાધુ-સંતો, અભ્યાગતોને ભોજન કરાવવું. વિક્રમ સંવત ૧૮૩૬થી સ્થાપેલું અન્નક્ષેત્ર આજે તો ગુજરાતનાં મોટાં અન્નક્ષેત્રોમાં તેનું સ્થાન ધરાવે છે. આ દંપતીનો ધીમે ધીમે એક નિયમ બની ગયો કે સાધુ સંતોને જમાડીને જમવું. આ અન્નક્ષેત્રથી આખા ભાલપ્રદેશમાં સંત સવૈયાનાથનો જયજયકાર થવા લાગ્યો.

સંતોના જીવનમાં કસોટી નવા નવા રૂપે આવતી હોય છે. સદાવ્રત ચલાવવું કઠિન છે. તેમાં ભાલપ્રદેશમાં દુષ્કાળ પડ્યો. ભલભલાનાં સત્ તૂટી જાય તેવો કપરો કાળ આવ્યો. અનાજ મેળવવું મુશ્કેલ હતું ત્યારે સવગુણદાદાનું સત્ જાણનાર ધંધુકાના દામોદર શેઠે અનાજ આપ્યું. મેઘાબાઈ જાતે અને પાડોશની બહેનોને બોલાવી રોજ દળીને રોટલા ઘડી રાખે. 'ભૂખ તો ભૂંડી છે' ભલભલાને આ સદાવ્રતમાં જમવું પડે છે. સવગુણદાદા રોટલાની ફાંટ ભરી વૃદ્ધો, અશક્તો જે આવી શકતા નથી તેને રોટલો પહોંચાડે છે. છેવટે મેઘાબાઈએ પોતાનાં ઘરેણાં વેચીને પણ પત રાખી હતી. પશુ, પંખી પાણી વિના તરફડવા લાગ્યાં ત્યારે સવૈયાનાથે ભગવાન સામે ધા નાખી ઉપવાસ શરૂ કર્યા. સાત-સાત દિવસ થયા ને મેઘ મંડાયા નહીં. હવે તો મેઘાબાઈએ પણ અન્ન, જળ છોડ્યાં. ગામમાં ને પંથકમાં લોકોને જાણ થઈ. લોકો ઝાંઝરકા આવી સંત દંપતી સાથે જોડાયાં ને પ્રભુને આરાધ કર્યો. ભજન, ધૂન મંડ્યા ને શામળિયો મેઘ રૂપે દર્શાયા. ચારે તરફ વરસાદે લીલાલહેર કરાવી દીધી. ભક્તોનો ભેરુ લાજ રાખી ગયો.

સવૈયાનાથના જીવનની કેટલીક ચમત્કારિક ઘટનાઓ :

આજના વિજ્ઞાન યુગમાં ચમત્કારોને સ્વીકારવામાં આવતા નથી. જે ઘટનાઓને બુદ્ધિ સ્વીકારે નહીં, જેની કોઈ સાબિતી મળે નહીં, જે અશક્ય જ હોય તેને આજના વિદ્વાન તર્કવાદીઓ કેમ સ્વીકારે ? લોકશ્રદ્ધાને કારણે કેટલીક ઘટનાઓ ચમત્કારોમાં ખપાવી દેવામાં આવે છે. જેમને સિદ્ધ સંતોનું સાંનિધ્ય સાંપડ્યું છે અને અંતર ચેતનાની અનુભૂતિ છે તેમને માટે આ ચમત્કારો નથી. સિદ્ધિનો પરિપાક છે. વડાપ્રધાન સ્વ. મોરારજી દેસાઈ 'સવગણદાદા'ની જગ્યામાં આવેલા. તેમણે દાદા વિશેની વાતો સાંભળી તા. ૧૯.૫ ૧૯૮૫ના સંદેશ દૈનિકમાં નોંધાયેલ વિગત ડો. દલપત શ્રીમાળીએ 'હરિજન સંતો અને લોકસાહિત્યમાં મૂકેલ છે.

સવગણદાદા દિવસે વણાટકામ કરવું, સાધુ-સંતોને આવકાર ને ભોજન આપવું ને રાત્રે ભજન-કીર્તન કરવાં. તેમાં એક રાત્રે મીઠાભગત ભજન ગાવા આવેલા. રાત્રે વાસનાં ભાઈ-બહેનો અને ગામના લોકો આવતા ને ભજન-સત્સંગ ચાલતો. તે સમયે વેઠપ્રથા હતી. થાણેદારો અછૂતો પાસે વેઠ કરાવતા. વેઠમાં કોઈ માલ-સામાન

ઉપાડીને લઈ જવો પડતો ને થાણેદાર ઘોડા ઉપર બેસીને ચાલતો. વાસમાં વેઠના વારા આવતા. જેનો વારો હોય તેમણે ફરજિયાત જવું પડતું.

આજે સવગણદાદાને ઘેર વેઠનો વારો હતો. થાણેદારનો માણસ આવી સવગણને જાણ કરી ગયો, પરંતુ ભજનમાં એવો રંગ જામ્યો હતો કે જવાનું મોડું થયું. એ થાણેદારથી કેમ સહન થાય ? તેના ગુસ્સાનો પાર ન રહ્યો. થાણેદારે સવાને બોલાવી લાવવા ફરી માણસ મોકલ્યો. સવો આવે એટલે તેને કોરડાથી મારવા થાણેદાર તૈયાર ઊભા હતા.

ત્યાં સવગણદાદા માથે ભારો લઈ આવતા દેખાયા પરંતુ કૌતુક એ થયું કે ભારો માથાની ઉપર સવાવેંત એની મેળે આવતો હતો. થાણેદારને થયું આ કોઈ સંત, ઓલિયો કે પીર છે. મારી મોટી ભૂલ થઈ જાત. એટલે એ સામે ચાલીને પગે પડી જાય છે તો ત્યાં માત્ર ભારો જ હતો. સવગણ હતા નહીં. થોડી વારમાં સવગણદાદા ચાલતા આવ્યા ને મોડું થયાની માફી માંગી. લાવો મારે કયો ભારો ઉપાડવાનો છે. થાણેદારે કહ્યું કે ભારો તો તમે મારી નજર સામે ઉપાડીને લાવ્યા છો. સવગણદાદાને સમજાઈ ગયું કે મારી વેઠ પ્રભુએ મારું રૂપ ધરીને ઉપાડી લાવ્યા. દાદાએ પ્રભુને મનોમન પ્રાર્થના કરી. થાણેદારે ગામના લોકોને બોલાવીને હુકમ કર્યો કે આજથી કોઈએ સવગણને વેઠનું કામ સોંપવું નહીં. આ રીતે સવગણદાદાની નામના આખા પંથકમાં ફેલાણી, તેમને આંગણે સાધુ, સંતો, જ્ઞાતિના અગ્રણીઓનો મેળો ભરાવા લાગ્યો એટલે કેટલાક ઈર્ષાળુએ તે સમયની અંગ્રેજ સરકારના અધિકારીને ફરિયાદ કરી કે આ સવગુણ ઢોંગી છે, હાથચાલાકીના ખેલથી ચમત્કારો કરે છે ને ભોળી પ્રજાને ગુમરાહ કરે છે. અંગ્રેજો તો આવી માન્યતાના વિરોધી એટલે સિપાઈઓને બોલાવી હુકમ કર્યો કે સવગુણને પકડી લાવો...

સાધુ-સંતો-લોકો વચ્ચે બેઠેલા સવગુણને પકડી લઈ જવા સિપાઈઓ આવ્યા એટલે બેઠેલા બધા લોકો તેમની સાથે જવા તૈયાર થયા પણ દાદાએ ના પાડી ને એકલા જવા તૈયાર થયા. અંગ્રેજ અધિકારીએ તેમની પરીક્ષા લેવા એક ઘડામાં કાંકરા ભર્યા, બીજા ઘડામાં રેતી ભરીને ઢાંકી મૂક્યા. સવગણદાદા આવ્યા એટલે થોડી ઊલટતપાસ, થોડો અધિકારી રોફ, થોડી ધમકી અધિકારીએ આપી કહ્યું — આ સામે ભરેલા ઘડા છે. બંને ઘડામાં શું ભર્યું છે એ જોયા વગર કહી આપો. ખોટું પડશે તો જેલની સજા કરીશ.

સવગણદાદાએ કહ્યું : 'સાહેબ ! હું ભગવાન નથી, ભક્ત છું. મારામાં કોઈ ચમત્કાર કરવાની શક્તિ નથી. આ ઘડામાં જોયા વગર હું કેમ કહી શકું કે તેમાં શું છે ? છતાં તમારો હુકમ છે એટલે ભગવાન જે સુજાડે તે જવાબ આપું. સવગણદાદા ભગવાનને આરાધ કરી, ભજન-પ્રાર્થના કરીને એકાએક જે જવાબ આવ્યો તેમાં કહ્યું : 'આ ઘડામાં સાકરના ગાંગડા છે ને આ ઘડામાં ખાંડ ભરી છે.'

આ જવાબથી અધિકારીના ગુસ્સાનો પાર ન રહ્યો. તેમણે નજર સામે કાંકરા ને રેતી ભરી છે ને આ સાકર ને ખાંડ કહે છે એટલે આ ઢોંગી ભગત છે તે સાબિત થઈ ગયું. સવગણને જેલમાં પૂરી દેવાનો હુકમ કર્યો એટલે દાદાએ કહ્યું : 'સાહેબ, મેં જે જવાબ આપ્યો તે મારા ભગવાને સૂજાડ્યો છે. તો આપ ઘડા ખોલીને તપાસ તો કરો કે તે પ્રમાણે છે ખરું ?' તે પછી તમે મને ગમે તે સજા કરી શકો છો. ગોરા અધિકારીએ બંને ઘડા જે સામે જ રાખેલા હતા' તેની હાજરીમાં જ કાંકરા, રેતી ભરાયા હતાં ને જાતે જ તે ખોલે છે તો એકમાં સાકર ને બીજામાં ખાંડ હતી. ચાખી પણ જુએ છે ને એ અધિકારી દાદાને નમી પડે છે. આવા પ્રસંગોમાં ભક્તની જાગૃત આત્મચેતના શું ન કરી શકે તેનું દર્શન થાય છે.

કડવો લીંબડો મીઠો કીધો, ભોયકામાં પરચો દીધો.'

ભોયકા નામના નાનકડા ગામમાં સુથારના યુવાન દીકરાને એરુ આભડી ગયો (સાપ કરડ્યો). ગામડામાં તે કાળે દેશી ઉપચારો થતા કે કોઈ મંત્ર ભણી સાપનું ઝેર ઉતારતા. સફળતા-નિષ્ફળતા તો ઉપરવાળાના હાથમાં કે સાપ ઝેરી કે બીનઝેરી હતો તેના ઉપર આધારિત હતું. કેટલાક દેશી દવાના ઉપચારો કારગત નીવડતા. જેને સાપ કરડ્યો હોય તેને લીંબડાનાં પાન ખવડાવાતા, જો તે કડવો લાગે તો સમજવું કે સાપનું ઝેર ચડ્યું નથી, ને જો એ પાન મીઠાં લાગે તો આખા શરીરમાં પ્રસરી ગયું છે તેમ મનાતું.

સાપનું ઝેર આખા શરીરમાં વ્યાપી ગયું હતું, શરીર લીલુંકાચ થઈ ગયું, છોકરો બેભાન થવા લાગ્યો, ઘરમાં રોકકળ શરૂ થઈ ગઈ ત્યાં સવગણદાદા ત્યાંથી પસાર થયા. રડવાનો અવાજ સાંભળી ઘરમાં ગયા. સ્થિતિ જોઈને સમજી ગયા કે હવે આ છોકરો થોડી મિનિટોનો મેમાન છે. દાદાને પરમેશ્વરને પ્રાર્થના કરી. કરુણાના સાગરને દયા કરવા વિનંતી કરી. લોકોએ કહ્યું દાદા કડવો લીંબડો હવે તેને મીઠો લાગે છે. અમે શું કરીએ ?! દાદાએ કહ્યું ભાઈ ! આ લીંબડો કડવો છે જ નહીં. એ મીઠો છે. તમે સૌ તેનાં પાન ખાઈને તપાસી જુઓ. જે લીંબડો કડવો જ હતો તે સૌને મીઠો લાગ્યો ને તે પછી પેલા છોકરાને ઊંઘમાંથી જગાડતા હોય તેમ જગાડ્યો. ભાઈ, આ તો બીકનું ઝેર હતું. ભગવાન સૌનું સારું કરે. ને આમ સુથારનો દીકરો ઊઠીને ઊભો થયો.

સવગણદાદા અનેક વખત વણેલા કાપડની ગાંસડી ઉપાડી તેને વેપારીને ત્યાં આપવા કે વેચવા જતા હતા. તેમાં એક વખત ઉનાળાના બપોરના સમયે સીમ પણ જંપી જતી હોય છે ત્યારે વખાની મારી કોળી જ્ઞાતિની બાઈ પોતાના દીકરાને કેડમાં તેડીને જતી હતી. બપોરનો સમય, રસ્તામાં કોઈ વટેમાર્ગુ નહીં, આગળ કાંટાની ઝાડી, તેમાંથી લૂંટારાઓ નીકળે છે. આ બાઈ પાસે તો શું હોય ! એટલે તેને સતામણી કરે છે. બાઈ ને તેનો દીકરો રાડા-રાડી ને કકળાટ કરે છે પણ ત્યાં કોણ સાંભળે ? બરાબર તે સમયે સવગણદાદાનું ત્યાંથી નીકળવું ને અબળાનો પોકાર તેમના કાને પડ્યો. દાદાએ ક્ષણનો પણ વિચાર કર્યા વિના સિંહરૂપ ધરી, ત્રાડ પાડી, લૂંટારાઓ ઉપર તરાપ મારી. ઓચિંતો આ સિંહનો હુમલો થતાં લૂંટારાઓ જીવ બચાવી ભાગી ગયા. પણ તેમાંના એક લૂંટારાએ દેશી જામગરી બંદૂકનો ભડાકો કર્યો. ગોળી દાદાના ડાબા પગમાં વાગી. એ ઘાવને કારણે દાદાનો પગ લંઘાતો હતો. આમ અબળાને ઉગારી.

સંતો વિશેના આવા તો અનેક પ્રસંગો કહેવાતા હોય છે. લોકોની શ્રદ્ધામાંથી આવા ચમત્કારો ઊભા થતા હોય છે. કેટલુંક તો કુદરતી બનતું હોય ને લોકોને એ સંતની કૃપા જણાતી હોય તેમ પણ બને છે. એક અસાધારણ ઘટના સાંભળવા મળી ને સવગુણદાદાના લખાયેલ ગ્રંથોમાં નોંધાયેલી મળી તે ઘટનાને અહીં મૂકું છું. સંત સવૈયાનાથની જગ્યા, ગામ ઝાંઝરકાથી આગળ જતાં અડવાળ ગામ આવે છે. ત્યાંનો ગિરાસદાર દરબાર ખાધે-પીધે સુખી, જમીનજાયદાદ ઘણી પણ શેર માટીની ખોટ. હવે તો દરબારને વૃદ્ધાવસ્થાએ દર્શન દીધાં પણ પરિવારજનોએ

આગ્રહ કરીને કહ્યું, બાપુ, તમે સંતાનની ખોટે બીજાં લગ્ન કરો. આ અવસ્થાએ આસપાસના પ્રદેશમાંથી પોતાની દીકરી કોણ આપે ? દરબારે પોતાનો પ્રદેશ છોડી કચ્છમાં તપાસ કરાવી. ત્યાં એક દરબારનું કુટુંબ ખાનદાન, પણ ગરીબ. અઢાર વર્ષનાં લાલબાઈને ખાંડાથી પરણાવી અડવાળ મોકલ્યાં.

વેલડામાં બેસી લાલબાઈ સાસરે આવવા નીકળે છે સાથે બે ઘોડેસ્વાર રક્ષક તરીકે આવ્યા છે. બપોરનો સમય થયો, વેલડાંના બળદોને વિસામાની જરૂર હતી એટલે વેલડું થોભાવ્યું. તપાસ કરતાં જાણવા મળ્યું કે આ ઝાંઝરકા ગામ છે. ઝાંઝરકા ગામ વણકર ફળીયામાં સવૈયાનાથથી વિશેષ ખ્યાત હતું. સાથે આવેલી દાસીએ કહ્યું, લાલબાઈ બા, અહીં બહુ મોટા સંત રહે છે. જેનાં દર્શને પાવન થવાય. એમની માનતાએ ઘણાંને ઘેર પારણાં બંધાયાં છે. લાલબાઈ દાસીનો ઇશારો સમજી ગયાં ને સવૈયાનાથને દર્શને ભાવથી જાય છે.

ઝાંઝરકાના વણકરફળીયામાં સાધુ-સંતો ને ભાવિકોની વચ્ચે બેઠેલા સવગુણદાદાને લાલબાઈ પાયલાગણ કરે છે. દાદાએ લાલબાઈની લગ્નકથા સાંભળી. દીકરીને ઉંમરની કન્યાનાં વૃદ્ધ સાથેનાં લગ્ન છોરુંની ખોટે થયાનું જાણી સંતની કરુણા દ્રવી ઊઠી. અલખધણીને પ્રાર્થના કરી. લાલબાઈને કહ્યું : બેટા ! મારો ઠાકર તારી મનોકામના પૂર્ણ કરશે. સમય તો પાણીના રેલાની જેમ વહેવા લાગ્યો. લાલબાઈને દિકરો આવ્યો. દિકરાને દાદાને પગે લગાડવા લઈ ગયા. આનંદ આનંદ થઈ ગયો.

દિકરાની ઉંમર દસેક વર્ષની થઈ ને એકાએક ઝેરી તાવ આવ્યો. આ તાવમાં કુંવર મૃત્યુ પામ્યો. લાલબાઈ દિકરાના શબને ઢાંકી દોડતાં ઝાંઝરકા આવી સવૈયાનાથ પાસે ધા નાખી. બાપા ! આ દીકરો આપીને લઈ લીધો ! અમારા હજારો ગુના હોય તે માફ કરો. આથી તો બાપા અમને વાંઝિયા જ રહેવા દીધાં હોત તો ચાલત. પ્રભુ ! આપ દયાના સાગર છો. દયા કરો, નહીંતર મારા દીકરા સાથે જ હું આત્મહત્યા કરી મરી જઈશ. સવૈયાનાથ ધૂપિયામાંથી ભસ્મ લઈ આવે છે. બેટા ! કુંવરને કપાળે ચાંદલો કરી થોડી ભસ્મ પાણી સાથે પીવડાવી દેજો. ઠાકર સારું કરશે.

એમ કહેવાય છે કે કુંવરને ચાંદલો કરી મુખમાં ભસ્મ પાણીમાં નાખી મૂકી ને થોડીવારમાં મૃત કુંવર બેઠો થાય છે. લાલબાઈના પુત્રને પુનર્જીવન મળ્યું ને બીજી તરફ સંતનો એકનો એક દીકરો પાલોભગત મૃત્યુ પામે છે. આમ થઈ શકે ? સંત બીજાને માટે વહાલા પુત્રનું આયુષ્ય આપે તેવી ક્રિયા શક્ય છે ? સંતોના જીવનમાં આવી ઘટનાઓ બનવા પામી હોય તેના દાખલા છે. ઇતિહાસની એક ઘટના

નોંધાયેલી છે કે મોગલ બાદશાહ બાબરે પોતાના બીમાર શાહજાદાને અલ્લાને ઇબાદત કરી આયુષ્ય આપ્યું હતું. હુમાયુ સાજો થતો ગયો ને બાબર બીમાર થતો ગયો ને મૃત્યુ પામ્યો

સંત સવૈયાનાથની ઉંમર નેવું વર્ષની થવા આવી. પુત્ર પાલાભગત સ્વર્ગે સિધાવ્યા હતા. પૌત્ર ઉગમશી નાના હતા છતાં સમજદાર હતા. સવૈયાનાથે સંતસમાજ, સેવકોને બોલાવી કહ્યું કે મારું જીવનકાર્ય પૂરું થાય છે. જીવનભર મેં ઘણી મુશ્કેલીઓ વેઠીને સાધુ-સંતો, અભ્યાગતોને રોટલો ખવડાવી અન્નક્ષેત્ર ચલાવ્યું છે તે ચાલુ રાખજો. દુઃખી, દરિદ્રોની સેવા કરજો, કુદરતી આફત, દુષ્કાળ, અતિવૃષ્ટિ સમયે, કોઈ ભયંકર રોગચાળો આવે ત્યારે સાથે મળી સેવા કરજો. મારા ગુરુએ આપેલ નામસ્મરણ આપને પણ આપું છું તેનું સ્મરણ કરજો ને આજે જ મારા ઠાકરની સાક્ષીએ આપ સૌ ગતગંગાની સાક્ષીએ ઉગમશીને મારો ઉત્તરાધિકારી નીમતો જાઉં છું.

વિક્રમ સંવત ૧૮૯૮ના ફાગણ સુદ તેરસને ગુરુવારે સવારે સંત સવૈયાનાથે સ્નાનવિધિ કરી, પૂજા-પાટ કરી સૌને 'હરિઓમ' બોલી જીવતા સમાધિ લઈ સ્થૂળદેહ છોડી ગયા.

સંત સવૈયાનાથના સ્થૂળદેહને પાલખીમાં બેસાડી તેમની પાલખીયાત્રા ગામમાં ફેરવવામાં આવી. બહેનોએ ધોળમંગળ ગાયા, કીર્તન ગવાણાં, ભજનો ગવાયાં, ધૂન બોલવામાં આવી, ઝાલર શંખના નાદે

સમાધિવિધિ કરવામાં આવી. આજે ઝાંઝરકા મુકામે સંત સવૈયાનાથનું ભવ્ય મંદિર આવેલું છે. ગુરુ તુલસીનાથના નામે અન્નક્ષેત્ર ચાલે છે. ગાયોની મોટી ગૌશાળા છે. આવતા યાત્રિકો માટે ઉતરવાની સગવડ મળે તેવાં મકાનો છે. અનેક ધાર્મિક ઉત્સવો ઉજવાય છે ને સંત સવૈયાનાથની ગુરુગાદી પરંપરા ચાલી રહી છે.

સંત સવૈયાનાથના ઉત્તરાધિકારીઓના આંશિક પરિચય સાથે આ પરંપરાને તેના ઐતિહાસિક ક્રમમાં દર્શાવું છું. સંત શ્રી સવૈયાનાથની હયાતીમાં પુત્ર પાલાભગતનું અવસાન થયું. પૌત્ર ઉગમશીનાથને મહંતપદના ઉત્તરાધિકારી નીમવામાં આવ્યા. વિ. સંવત ૧૮૯૮માં ફાગણ સુદ તેરસ ને ગુરુવારે સતગુરુની સમાધિના દિવસે ઉગમશીનાથને ગુરુગાદી સોંપવામાં આવી. ઉગમશીનાથનાં લગ્ન પૂનાબા સાથે થયાં. તેમને ઘેર બે પુત્રો નથુરામને ભગવાન તથા પુત્રી નાથીબાઈનો જન્મ થયો. નથુરામ અને ભગવાનદાસ નાની વયે અવસાન પામ્યા. અહીં સવૈયાનાથના ટુંડિયા વંશની પુત્ર પરંપરા પૂરી થઈ ને પુત્રી નાથીબાઈનો પુત્ર ગોવિંદ માના ખોળામાં રમતો હતો.

તેને ઉગમશીદાદાએ ગુરુગાદીનું તિલક આપ્યું. ઉગમશીનાથ વિ. સંવત ૧૯૩૭ના કારતક સુદ આઠમ ને મંગળવારે સૂર્યોદય સમયે 'હરિઓમ' બોલી, સ્થૂળદેહ છોડી, સમાધિસ્થ થયા.

સંત સવૈયાનાથની જગ્યાના મહંતપદે ગોવિંદરામબાપુ બિરાજમાન થયા. તેમની સેવાપ્રવૃત્તિમાં સદાવ્રત તો ખરું જ પણ તેમાં ગૌસેવા, ગૌશાળાનો વિસ્તાર વિસ્તરે છે. સરળ પ્રકૃતિના આ સંત બીજાનું દુઃખ જોઈ શકતા નહીં. ભાલપંથકમાં ઓછા વરસાદે પાણી વિના પશુઓ ટળવળવા લાગ્યા ત્યારે એક સ્થાને નાળિયેર ચડાવી, અલખ આરાધી, સંત સવૈયાનાથની જય બોલાવી કૂવો ગળાવ્યો જેમાં પાણી થયું. વિ. સંવત ૧૯૯૩ના વૈશાખ સુદી અગિયારસ ને મંગળવારે સ્થૂળદેહ છોડી ગયા.

ગોવિંદરામના સુપુત્ર ભાણદાસજી ગુરુગાદીના મહંતપદે આવ્યા. તેઓ ૬૮ વર્ષનું આયુષ્ય ભોગવી સેવારત રહ્યા. તેઓએ પોતાની હયાતીમાં નાના ભાઈ મૂળદાસને તેમની ભરયુવાનીમાં જગ્યાનો કાર્યભાર સોંપી દીધો હતો. પરંતુ કુદરતે મૂળદાસજીને ઓછું આયુષ્ય ૩૮ વર્ષનું આપ્યું. વિ. સંવત ૨૦૨૧માં શ્રાવણ સુદ તેરસ ને મંગળવારે તેઓ નિર્વાણ પામ્યા. ફરીને જગ્યાનો વહિવટ ભાણદાસજીને સંભાળવાનો થયો. વિ. સંવત ૨૦૨૪માં સંતશ્રી ભાણદાસજી દેહ છોડી સમાધિ લઈ ગયા. સ્વ. મૂળદાસના જ્યેષ્ઠપુત્ર બળદેવદાસજી સંત સવૈયાનાથની જગ્યાના મહંતપદે વિ. સંવત ૨૦૨૪ના પોષ વદી સાતમ ને સોમવારે બિરાજમાન થયા.

સંદર્ભ સૂચિ

- ગોહિલ, ડો. નાથાભાઈ (૨૦૧૭), ગુજરાતની આંતરચેતના ભાગ-૧, અમદાવાદઃ નવભારત સાહિત્ય મંદિર

શ્રી સેવાનાથ

જન્મ :ઈ.સ.૧૮૯૭ વિક્રમ સંવત ૧૯૫૩
જન્મસ્થળ : મોરબી પાસેનું 'રવાપર' ગામ
મૂળનામ : સોમો
જન્મજ્ઞાતિ : મેઘવાળ-વાકર
માતા-પિતા : માતા ડાહીબહેન, પિતા બિજલભાઈ બોરીચા
પરિવાર : નાથજોગી — ફક્કડ હતા.
ગુરુનું નામ : ગોપાલનાથ
સમાધિ : વિક્રમ સંવત ૨૦૪૩ માગસર સુદ દશમને તા.૧૬-૧૨-૧૯૮૯ સવરામંડપ જૂનાગઢ,

સવરામંડપ-જૂનાગઢની જગ્યાના મહંત સિદ્ધ નાથયોગી સેવાનાથ ગુરુ ગોપાલનાથ વિશે લખવા જઈ રહ્યો છું ત્યારે આ જગ્યા સાથે, પૂ. દાદાગુરુ સેવાનાથ મહારાજ સાથે બાળપણ થી મારો નાતો જોડાયેલો રહ્યો છે. મારા જીવનની કેટલીક અંગત બાબતો આ નાથયોગી સાથે જોડાયેલી છે. મારા અંગત ભાવોને, ઘટનાઓ ને તટસ્થતા જાળવીને મૂકીશ. મારે તો પૂ. સેવાનાથ મહારાજને જ અહીં પ્રગટ કરવાના છે.

વિક્રમ સંવત ૧૮૫૬નો છપ્પનિયો દુષ્કાળ કોઈ વીસરી શકે તેમ નથી. અન્ન, પાણી વિના અનેક જીવો પીડાતા પીડાતા મોતને વર્યા હતા. ભૂંડી ભૂખે ભૂતાવળ સર્જી હતી. એમ કહેવાય છે ગાયો મકોડા ચરી જતી હતી, માએ પોતાના બાળકને ભરખ્યું હતું. એવા કપરા સમયે મોરબી પાસેના રવાપર ગામેથી વણકર પરિવાર કાળ ઊતરવા ગિર તાલાળા પાસેના નાનકડા મોરાજ ગામે આવી વસવાટ કરે છે. પરિવારના વડા બીજલભાઈ બોચિયા (બોરીચા) અને તેમનાં ધર્મપત્ની ડાહીબહેન મોરબી પાસેના વાઘપરા ગામના પરમાર શાખાના વણકર હતાં. આ દંપતીને ચાર દીકરા રતાભાઈ, સોમાભાઈ, ભોજાભાઈ અને રવાભાઈ નામે હતા. બે દીકરીઓ નાથીબહેન અને પુરીબહેન નામે હતી. મોટા ચાર સંતાનોનો જન્મ રવાપર' ગામે થયો હતો ને તે પછીના સંતાનોનો જન્મ મોરાજ ગામે થયો હતો. જન્મ સમયે અંદાજિત જાણવા મળે છે. સેવાનાથ મહારાજનું મુળનામ સોમો હતું ને સોમાનો જન્મ વિક્રમ સંવત ૧૯૮૩નો — ઈ.સ.૧૮૯૭નો માનવામાં આવે છે.

માહિતીદાતા સેવાનાથ મહારાજના નાના ભાઈ રવાભાઈની દીકરી કલુબહેન (મુલાકાત ત્રીજી માર્ચ-૨૦૦૭)ના જણાવ્યા પ્રમાણો છપ્પનિયા દુષ્કાળમાં સોમો બે વર્ષનો હતો. આજે મોરાજ ગામમાં તેમના વારસદારો વાડીમાં રહે છે. તેમના મતે સેવાનાથનો જન્મ મોરાજ ગામે થયો હોવાનું જણાવે છે. તેમનું એ ઘર, વાસ વચ્ચેનો પીપળો ને ત્યાં રાખેલો નાથયોગીઓનો ચીપિયો જે સેવાનાથે રાખ્યો છે તેની મુલાકાત લીધી છે.

બીજલભાઈ અને ડાહીબહેને પોતાના પરિવાર સાથે કાયમી મોરાજ ગામે રહેવાનું નક્કી કર્યું. પરંતુ સૌથી મોટા દીકરા રતાભાઈએ મૂળવતન રવાપર ગામે જઈ વસવાટ કર્યો. આજે આ પરિવારના વારસો રવાપર છોડીને મોરબીમાં ગાંધી સોસાયટીમાં આવીને રહ્યા છે. રતાભાઈના દીકરા કરશનભાઈ ને કરશનભાઈના દીકરા લક્ષ્મણભાઈ થયા. આ લક્ષ્મણને જૂનાગઢ ભણાવવા માટે સેવાનાથબાપુ લાવ્યા હતા ને તે દિવસોમાં મારે અવાર-નવાર સવરામંડપની જગ્યામાં જવાનું બનતું તેથી લક્ષ્મણ મારો સ્નેહી મિત્ર બની ગયો હતો.

સોમો નાનપણથી સાધુ, સંતોની સેવા કરવામાં હરખાતો. તેને જૂનાગઢના શિવરાત્રીના મેળામાં જવાનું

ગમતું ને થોડા દિવસ કોઈ ને કોઈ જગ્યામાં ટેલિયો બની કામ કરતો, અનેક વખત કુટુંબ પરિવાર છોડીને ગિરનારમાં ચાલ્યા જવાની ઇચ્છા જાગતી તેવા દિવસોમાં પિતા બીજલભાઈ નું અવસાન થયું. માતા ડાહીબહેન ઉપર સંતાનોની જવાબદારી આવી પડી ત્યારે સોળ વર્ષના સોમાને થયું કે મારે મા સાથે રહીને પરિવારની જવાબદારી નિભાવવી. નાથીબહેન અને નાના ભાઈ રવાને પરણાવી માની જવાબદારીનો ભાર હળવોઁ કર્યો ને ફરી માયલો અવાજ તેને સંસાર છોડી ગિરનાર જવાનું કહે છે.

સોમો ખેતરમાં કામ કરતો હોય ને મીટ ગિરનાર તરફ મંડાઈ રહે. રાત્રે ખેતરમાં વાહો (રખોપું) રહે ને ત્યારે આકાશના ચમકતા તારાઓ જોયા કરે. જાણે કે એ ગેબીકચેરીમાં જવાના મનસૂબા ઘડે. તેવામાં તેમના જીવનની પળ પાકી. સોમો ઘેરથી બળદગાડું લઈ પોતાને ખેતર જતો હતો. તે સમયે તાલાળા ને મોરાજ ગામ સુધી ગિરનું જંગલ પથરાયેલું હતું. સિંહની ડણક નજીકમાં ગાજતી સંભળાય ને અનેક વખત ભેટો થાય છતાં અહીંની પ્રજા સિંહથી ડરે નહીં, સાવચેત જરૂર રહે. બળદગાડું માંડ ખેતરમાં પહોંચ્યું ને બાજુના જંગલ માંથી ડાલામથો સિંહ બળદ પર તરાપ મારે છે. બળદ ગાડાની ધૂંસરી સાથે બંધાયેલો હતો તે ભાગી શક્યો નહીં ને સોમાથી કાંઈ ન થઈ શક્યું. બળદના કરુણ મૃત્યુએ સોમાને એક સત્ય સમજાયું કે ગમે તે ક્ષણે મૃત્યુ તરાપ મારી શકે છે. આ મૃત્યુ પૂર્વે તેના રહસ્ય ને, પરમાત્માને, પોતાની જાતને ઓળખી લેવી જરૂરી છે. આવી અનેક અવઢવમાં સોમાએ બીજા બળદને ગાડેથી છોડી ઘર તરફ રવાના કર્યો ને ગાડું ખેતરમાં રાખી સોમાએ અલખની શોધમાં અગમની વાટ પકડી.

મોરાજ ગામના ખેતરેથી આડે રસ્તે ચાલતો ચાલતો સોમો માળિયા (હાટીના) ગામે સંત માનદાસ (મુંજાભગત)ની જગ્યામાં પહોંચે છે. સંત માનદાસ સિદ્ધસાધક હતા જે આસપાસના પંથકમાં મુંજાભગત નામે ખ્યાત હતા. માળિયા (હાડીના)માં સ્થાપેલી જગ્યાને 'મઢીના નામથી ઓળખવામાં આવતી હતી. આ મઢીએ અનેક સાધુ, સંતોના ઉતારા થતા, કોઈ ને કોઈ અભ્યાગતો, આસપાસનાં ગામોના લોકો આવતા, તેમને ચા-પાણી ને ભોજન આપવામાં આવતું. સોમો અહીં આવી, માનદાસબાપુ ને પગે પડી, મઢીએ આવતા સાધુ, સંતોની સેવામાં લાગી જાય છે. એકાદ મહિનો થયો હશે ત્યાં મઢીએ ખાખીબાવાઓની જમાત પડાવ નાખે છે. આ બાવાઓની સેવા કરતાં કરતાં સોમાને આ જમાતમાં જોડાઈ જવાની ઇચ્છા થઈ. માનદાસબાપુ ની રજા માંગી એટલે તેમણે ના પાડી. માનદાસબાપુ એ સોમાની કેટલીક પરીક્ષાઓ લીધી ને પછી કહ્યું કે જો તારે સાધુ, સંન્યાસી, જોગી થવું હોય તો તારી મા ને મળી આવ ને તેની રજા લઈને આવ.

સોમો પોતાને ગામ મોરાજ આવે છે. મા ને માંડીને વાત કરે છે. બહુ સ્વાભાવિક છે કે કોઈ માને પોતાનો દિકરો સાધુ થાય તે ગમે નહીં. પુત્રની તીવ્ર અંતરેચ્છા જોઈને 'માએ દીકરાને સાધુ થવાની હા પાડી. ફરીને સંત માનદાસબાપુ ની મઢીએ આવે છે. તે પછીથી માનદાસબાપુએ કેટલીક સાધનાત્મક ક્રિયાઓ ને યોગ, ધ્યાન ની પ્રારંભિક માહિતી આપી. છ મહિના આ જગ્યામાં રોકાણ થયું.

ગિરનાર શિવરાત્રીના મેળાના દિવસો નજીક આવતા હતા. એટલે માનદાસબાપુ સોમાને પોતાની સાથે લઈ ગિરનાર પ્રવેશ દરવાજા પાસેની ગોપાલનાથ મહારાજની જગ્યાએ આવે છે. ગોપાલનાથ મહારાજની જગ્યામાં તે સમયે તેમના બુંદશિષ્ય જવલનાથ કે જે ગોપાલનાથ મહારાજ ની દીકરી જવલ નાથદીક્ષા ધારણ કરીને જવલનાથ થયેલ તેમનો ભંડારો હતો. સાધુ-સંતોના ભંડારામાં અનેક સાધુ સંતો પધારતા હોય છે. તેમાં

ગોપાલનાથ મહારાજની ગુરુગાદી બહોર (જે આજે હરિયાણા રાજ્યમાં આવેલ છે ને બોહર જિલ્લો છે)થી બે નાથયોગી ચંદનનાથ ને કનૈયાનાથ પધાર્યા હતા. સોમો આ નાથયોગીઓ ની સેવામાં લાગી જાય છે. આ બંને નાથસાધુઓ સોમાની સેવાથી, તેજસ્વી કાંતિથી પ્રભાવિત થયા. તેને બોલાવી કેટલીક પરીક્ષાઓ લીધી, સોમાની નાથયોગી થવાનીતીવ્ર ઇચ્છા પ્રમાણી ને ચંદનનાથ ને કનૈયાનાથે ગોપાલનાથ મહારાજને સોમાને ગુરુબોધ આપી નાથપંથી યોગદીક્ષા આપવાની ભલામણ કરી. ગોપાલનાથ મહારાજને ભવિષ્યનો સિદ્ધયોગી દર્શાયો ને ગોપાલનાથ મહારાજે સોમાને વિધિવત્ નાથપંથી દીક્ષા આપી તેનું દીક્ષિતનામ 'સેવાનાથ' આપવામાં આવ્યું.

ગુરુ ગોપાલનાથ ના આદેશ પ્રમાણે સેવાનાથ ઉપલા સવરામંડપની જગ્યામાં (જે સ્થાન ગિરનાર તળેટી તરફ જતા રસ્તાની બાજુમાં વાઘેશ્વરી મંદિર જતાં ગિરનારના ભેંસલાડુંગર નામે ઓળખાતી જગ્યામાં આવેલ છે.) ચાર જુગના ચાર પાટ ઉપર આવેલ રામદેવપીરનું મંદિર ને તેની બાજુમાં ભેરવગુફા આવેલી છે તેમાં સાધના કરવા જાય છે.

ભૈરવગુફા કાલભૈરવની સાધના માટેનું સ્થાનક-ગુફા છે. આ સ્થાને કાલભૈરવ નાગસ્વરૂપે વિહરી રહ્યા છે ને કેટલાકને આ નાગનાં દર્શન થયાં હોવાનું જણાવે છે. આ સ્થાને આજે પણ કોઈ રાત્રીરોકાણ કરી શકતું નથી. જે નાથયોગી હોય, જેના સમર્થ ગુરુ હોય ને રક્ષિત હોય તેવા સાધક આ સ્થાને રહી સાધના કરે છે. ગુરુ ગોપાલનાથ મહારાજે અહીં ભેરવસાધના સિદ્ધ કરી હતી ને તેમની કૃપા, ગુરુમંત્ર થકી સેવાનાથ આ સ્થાને બાર વર્ષ રહી કાલભેરવને સિદ્ધ કરે છે. સેવાનાથ મહારાજે આ સ્થાને અખંડ ધુણો પ્રજ્વલિત કર્યો હતો. બાર વર્ષ પછીથી સેવાનાથ મહારાજ ઉપલા સવરામંડપના સ્થાનકની ટેકરીએથી નીચે આવીને ગિરનાર તળેટીનો માર્ગ ને વાઘેશ્વરી મંદિરના માર્ગના કોર્નર ઉપર પોતાની અલગ જગ્યા ઊભી કરે છે જે આજે 'સેવાનાથ ગુરુ ગોપાલનાથ'ની જગ્યા નામે ઓળખાય છે.

આરંભે આ જગ્યા સેવાનાથ મહારાજે જુદી જુદી સાધના કરવા માટે એક નાનકડી કુટીર બનાવીને કરી હતી. ત્યાં કાલભૈરવની સ્થાપના, મહાકાલીની સ્થાપના, ગણેશ ને હનુમાનજીની સ્થાપના કરી તેમની સિદ્ધ ઉપાસનાઓ કરી હતી. તેમનો સ્થાપેલી અખંડ ધૂણો આજે પણ પ્રગટી રહ્યો છે. સેવાનાથ મહારાજના સમર્થ ને પટ્ટશિષ્ય વૈજનાથ મહારાજ થયા. સદ્‌ગુરુ સેવાનાથ મહારાજની કૃપાએ, તેમની જ્ઞાન, મંત્ર દીક્ષાએ વૈજનાથ મહારાજ યોગ, તંત્ર, સિદ્ધસાધનામાં પારંગત થયા હતા. ગુરુ-શિષ્યએ સિદ્ધિઓ મેળવીને લોકસેવાર્થે જગ્યાનો વિસ્તાર કર્યો.

ગિરનારની યાત્રાએ આવનારા યાત્રાળુઓ, શિવરાત્રીના મેળામાં અને પરિક્રમામાં આવનાર લોકો માટે ઉતારાની વ્યવસ્થા ને ચા-પાણી-ભોજનની વ્યવસ્થા ઊભી કરી, ચાર ઓરડા ને ઓસરીવાળું મકાન, રસોડું ને કોઠાર માટેનાં અલગ મકાનો, બહારથી આવેલા લોકોને ઊતરવા માટેનાં અલગ મકાનો, નાથયોગીઓનીઆ જગ્યા હોવાથી સ્ત્રીઓ માટે ઊતરવાની અલગ જગ્યા ને ૫૦૦ માણસો બેસી શકે તેવો એક ખુલ્લો હોલ તૈયાર કરવામાં આવ્યો છે. શિવરાત્રી ના મેળા સમયે અલગ તંબુઓ બાંધી લોકોને સગવડતાઓ આપવામાં આવતી હતી.

સેવાનાથ મહારાજે નાથયોગીઓની સમર્થ શિષ્ય પરંપરા આપી છે. તેઓના બીજા શિષ્ય પૂનમનાથ થયા તેમણે સિદ્ધપુર પાટણમાં જગ્યા સ્થાપી છે. ત્રીજા શિષ્ય ખુશાલનાથ મહારાજે ધોરાજી મુકામે જગ્યા સ્થાપી

છે. ચોથા શિષ્ય સુંદરનાથ નમ્ર ને ઓછાબોલા જેમણે રસોડું સંભાળ્યું હતું. સેવાનાથ મહારાજની હયાતીમાં તેમના પટ્ટશિષ્ય વૈજનાથ મહારાજે સ્થૂળ દેહ છોડી સમાધિ લીધી હતી. તેથી સેવાનાથ મહારાજે સમાધિ લીધા પછી જૂનાગઢથી ગુરુગાદી તેમના શિષ્ય છોટુનાથ મહારાજે સંભાળી હતી. છોટુનાથ મહારાજ વિશેષ તંત્ર સિદ્ધ સાધના જાણતા હતા. તેઓએ સમાધિ લીધા પછી તેમના ગુરુ ભાઈ સેવાનાથ મહારાજના શિષ્ય કેવળનાથ મહારાજે ગુરુગાદી સંભાળી તેમનો પણ સ્થૂળદેહ છૂટી ગયો છે ને આજે સેવાનાથ ગુરુ ગોપાળનાથની મૂળ ગુરુગાદી બહોરથી એક સાધુ આવ્યા છે ને આ જગ્યાનું સંચાલન કરી રહ્યા છે. શોભાનાથ ગુરુ મામચંદનાથ.

સેવાનાથ મહારાજ દર્શનીય સાધુ, છ ફૂટથી વધારે ઊંચાઈ, રૂપાળા ને નમણા, તેમની મોટી આંખો, કપાળ ઉપર સાધનાનું તેજ, અનેક તપથી ત્રાંબાળું તેજ મારતું શરીર. એ જ્યારે આસન લગાવીને બેઠા હોય ત્યારે માથા ઉપરની સાતફૂટથી પણ મોટી જટા વિંટળાયેલી હોય, દાઢીના વાળ પણ જટાની જેમ વણાયેલા હોય, ચલમ ચેતાવીને નજર ફેરવે ત્યારે સાક્ષાત્ કાલભેરવનો અનુભવ થાય. તેમની સાથે વાત કરતાં પણ ડર લાગે આવા સાધુની જગ્યામાં રહેવાનો લ્હાવો મને મળ્યાનો આનંદ છે.

સેવાનાથ મહારાજ સાથેનો મારો છેલ્લો પ્રસંગ બીજી ડિસેમ્બર ૧૯૮૯નો બન્યો. તે દિવસે આ જગ્યા કોને સોંપવી, વહિવટ કેમ સંભાળવો, એક વહિવટી કમિટી રચવી વગેરે વાતો થઈ. પરંતુ જગ્યાનો વિકાસ કરી શકે તેવું કોઈ તેમને જણાયું નહીં. તેઓની એક ઇચ્છા જગ્યાના વહિવટમાં મને જોડવાની હતી પરંતુ હું એક સંસારી, જવાબદારીથી ઘેરાયેલો નાથપરંપરાને તેની ગરિમા ન જાળવી શકું તો !? એટલે ક્ષમા સાથે મારી અસમર્થતા જણાવી ને પ્રેમથી કહ્યું : જગ્યાને, નાથસાધના પરંપરાને આપની ઇચ્છા પ્રમાણે વિસ્તારવા ફરી આપ જ પધારજો. તેમનું મરમી હાસ્ય સ્પર્શી જાય તેવું હતું.

તેઓએ થોડા દિવસમાં દેહ છોડી દેવાનો મને ઇશારો આપ્યો. સંત ૨૦૪૩ કારતક માસના અંતિમ દિવસોનો હતો. તેની પૂર્વતૈયારીઓ, ખાન-પાનની પરેજી, દેહશુદ્ધિ, મંત્રની વિધિક્રિયાઓ સંકેલાતી મેં જોઈ. તેમની સાથે ખીરનું ભોજન લીધું ને મારાથી નાથયોગીઓની દેહ છોડવાની તિથિઓની સહજ વાત નીકળી ગઈ. આ વાત તેઓએ કઈ રીતે પકડી તેની ખબર નથી પરંતુ તેઓએ જણાવ્યું, સારું, આપણે તિથિ બદલી નાખીએ. મૃત્યુની અવધ પાછી ઠેલી શકાય છે ને સેવાનાથ મહારાજે સાધુ, સંતો, સમાજના અગ્રણીઓ, સેવકસમાજની હાજરીમાં વિક્રમ સંવત ૨૦૪૩ માગશર સુદી દશમ ને મંગળવાર, તારીખ સોળ ડિસેમ્બર - ૧૯૮૯ના દિવસે સવરામંડપની તેઓની જગ્યામાં સ્થૂળદેહ છોડી સમાધિ લીધી.

આજે સમાધિ ઉપર સેવાનાથ મહારાજની આરસની મૂર્તિ પધરાવવામાં આવી છે ને તેમના ઉપર સમાધિ મંદિર છે. આ સમાધિમંદિર પાસે શિવમંદિર આવેલું છે. તેઓની જગ્યાના પ્રવેશદ્વાર પાસેથી ઉપલા સવરામંડપમાં જવા માટે ગોંડલ નિવાસી બાંધકામના કોન્ટ્રાક્ટર રાણાહમીરના સૌજન્યથી સીડી બાંધવામાંઆવી છે. ભાવનગરના પીકર્સના કારખાનેદાર પીતાંબરભાઈનો આ જગ્યાને આર્થિક સહયોગ મળતો રહ્યો હતો. અમદાવાદ, મુંબઈ, સાવરકુંડલાના આગેવાનો અહીં આવતા ને બાપુના જણાવ્યા પ્રમાણે મદદ કરી જતા.

સેવાનાથબાપુએ સમાધિ લીધા પૂર્વે તેમના સમર્થ શિષ્ય વેજનાથે સમાધિ લઈ લીધી હતી. અન્ય શિષ્યોએ પોતાની જગ્યાઓ ઊભી કરી લીધી હતી. સવરામંડપની જગ્યામાં છોટુનાથ આવ્યા. જગ્યાનો વિસ્તાર કરે તે પહેલાં દેહ છૂટી ગયો. આજે આ જગ્યા કોઈ જાગૃત નાથયોગીની રાહમાં છે. ફરીને કોઈ ચેતના આવી

પહોંચે ને ચોથા કલીયુગના નકલંકદેવને વધાવવા ઊભા રહે કારણ કે અહીં જે ઉપલા સવરામંડપની જગ્યા છે ત્યાં અલખધણી નકલંકદેવ પધારશે ને ત્યારે આ સવરામંડપની જગ્યા ઝગમગશે. વાણીમાં ગવાયું છે કેલ

'જૂનાણે જાંગીના વાગશે ને તોરણ બંધાશે ઠારોઠાર,

વંથલીએ વિવાહરચાશે પરણશું મેઘડી નાર રે.'

'પરબે જઈ મીંઢળ છોડીશું ત્યારથી વર્તાશે એકાકાર રે,

નુગરા ને વળી નિંદાખોર કપટી ક્રોધી ને લાલચુ વ્યભિચારી રે.'

'સંવત બે હજારે ગિરનારથી પાછી ફરીશું અસુર સંહારે રે,

સત્ વરતાશે ચૌદ લોકમાં થાશે પીરનો જય જય કાર રે.'

રામદેવનામે ગવાતી આ આગમવાણી પ્રમાણે સેવાનાથ મહારાજની ઉપલા સવરામંડપની જગ્યામાં નકલંકરાય વંથલીની મેઘવાળ કન્યા મેઘડીને પરણીને આવશે. પાપીઓને સંહારશે, કલિયુગ ઉથાપી સજુગ સ્થાપી સવરામંડપની સધર્મની ધજા ફરકાવશે. આ આવનારા દિવસોમાં સેવાનાથ મહારાજ, શિષ્ય વૈજનાથ મહારાજ જરૂર નવા દેહે પધારશે તેવી લોકોની આશા છે.

સંદર્ભ સૂચિ

- ગોહિલ, ડો. નાથાભાઈ (૨૦૧૭), ગુજરાતની આંતરચેતના ભાગ-૨, અમદાવાદઃ નવભારત સાહિત્ય મંદિર

સંત સ્વામી અને સંત સનાથજી

સંત સ્વામીજી અને સનાથજી મુ. પાનવા, તાલુકો-દસાડા, જિ-સુરેન્દ્રનગરના વતની હતા. સ્વામીજી અને સનાથજી બંને ભાઈ હતા. જાતે વૈષ્ણવ સાધુ હતા.

જેઓ માં આદ્યશક્તિ, સધી માં, સિદ્ધેશ્વરીના ઉપાસક હતા. તેમણે માં સધીનું તેર વર્ષ સુધી આકરૂ તપ કરી માંને સિદ્ધ કર્યા હતા. બંને સાધુઓ તપોબળવાળા, સર્વવિદ્યા પારંગત હતા. પહેલાના સમયમાં એક ગામથી બીજા ગામ જવું હોય તો ચાલતા જતા હતા. બળદગાડાઓમાં જતા કે ઘોડે સવાર તથા ઊંટ સવારી કરીને જતા હતા.

સંત સ્વામીને સનાથને ન તો ચાલતા જવું પડતું કે ન તો બળદગાડા કે ઘોડા, ઊંટની જરૂર પડતી. તેમની પાસે સધી માં ના તપથી સિદ્ધ કરેલો ભગવો અંચળો હતો. તે સિદ્ધ અંચળા પર બેસી જાય અને સંકલ્પ કરે એટલે જે ગામ જવું હોય તે ગામ સુધી ઉડીને પહોંચી જતા.

જ્યારે બંને સંતો ઉડીને જતા હોય ત્યારે લોકો જોતા રહી જતા. બંને સંતો કોઈના ઘરે જઈને કહે કે, અમને દૂધ આપો, અને ઘરમાં બે લિટર દૂધ હોય તોયે ઘરવાળા જુઠુ બોલે કે દૂધ નથી. તો બંને સંતોના ગયા પછી ઘરમાંનું દૂધ ગાયબ થઈ જતું અથવા તો દૂધનું પાણી થઈ જતું. આથી બંને ભાઈઓ સામે જુઠું બોલતા લોકો સોં વાર વિચાર કરતા.

એક વખત અમદાવાદ ગોળ લીમડા ખાતે રહેતા વાંઝા ખત્રીઓએ વાનગી ભરેલી માટલી (વેલ) આકાશ માર્ગે રવાના કરી. જે માટલી બંને સંતોએ ઉતારી લીધી. વાંઝા ખત્રીઓને માટલી જ્યાં પહોચાડવાની હતી ત્યાં પહોંચી નહીં. તેમને ખ્યાલ આવી ગયો કે 'પાનવા' ગામના સ્વામી અને સનાથજીએ માટલી ઉતારી દીધી છે.

વાંઝા ખત્રીઓએ બંને ભાઈને કહેણ મોકલ્યું કે, 'સાચા વિદ્યાવાળા હોય તો અમારા ગોળલીમડા વિસ્તાર અમદાવાદમાં આવો. બંને ભાઈઓએ અમદાવાદ જવા માટે માં સધીની રજા માંગી. માં સધી એ રજા ન આપી અને કહ્યુ કે, 'તમે હઠ કરીને અમદાવાદ જશો તો પાછા આવી પાનવા ગામનું પાદર જોઈ નહીં શકો.

માં પરબ્રહ્મ પરમેશ્વરી, ત્રિભુવન સામ્રાજ્ઞી, મહામાયાએ બંનેને ચેતવ્યા પણ તેઓ માન્યા નહી અને અમદાવાદ ગોળલીમડા આવી ગયા અને ગોળલીમડા નીચે આવીને બેસી વાંઝા ખત્રીઓને તેઓ આવી ગયા છે, તેવા સમાચાર મોકલ્યા. વાંઝા ખત્રીઓએ વણઝારા કોમના બે ભાઈઓને કુહાડીઓ આપીને સ્વામીજીને સનાથજી પાસે મોકલ્યા.

બંને સંતો પાસે આવી વણઝારા ભાઈ બોલ્યા, 'તમે ઊભા થાવ અમારે લીમડો કાપવો છે.' બંને સંતોએ લીમડાને ધરતીમાં ઉતારી દીધો. એટલે વણઝારા ભાઈઓ કુહાડીઓ મૂકીને ભાગી ગયા.

વાંઝા ખત્રીઓ, આવી બંને જણને ઘરે લઈ ગયા અને જમવાનું પીરસ્યું. જ્યાં બંને ભાઈ જમવા ગયા તો ભાતના ખત્રીઓએ કીડા બનાવી દીધા. બંને ભાઈઓએ વિદ્યાથી કીડાના ભાત બનાવી દીધા અને ભરપેટ જમ્યા. બંને સંતો અને વાંઝા ખત્રીઓ વચ્ચે વિદ્યાનું યુદ્ધ થયું. એક વ્યક્તિ બીજી વ્યક્તિને ધરતીમાં ઉતારી દે તેવી વિદ્યાઓ અજમાઈશ થવા લાગી. ખત્રીઓએ બંને ભાઈઓને જમીનમાં ઉતારી દીધા. બંને જમીનમાં ઉતારી દીધા બહાર આવ્યા અને તેમણે વાંજા ખત્રીઓને જમીનમાં ઉતારી દીધા જે વાંઝા ખત્રીઓ ફરીથી બહાર આવી શક્યા નહીં. આમ અમદાવાદ ગોળલીમડા ખાતે બંનેનો વિજય થયો પણ તેઓ આંખે આંધળા થઈ ગયા.

સ્વામીજી અને સનાથજી ભગવા અંચળા પર બેસીને પાનવા ગામ તરફ વળ્યા. ત્યારે માં સિદ્ધેશ્વરીએ વૃદ્ધાનું રૂપ લીધું અને બંને સંતોની માં દરણુ કરતા હતા. તેમને જઈને કહ્યુ, 'દિકરી ! તારા બે દિકરા દસાડાના પાદરમાં આવવાની તૈયારીમાં છે. તેમને ખૂબ તરસ લાગી છે. આથી તેમને માટે તું પાણી લઈને જા. બંને આંધળા થઈ ગયા છે. આથી તને પૂછે કે માં પાનવા ગામનું પાદર આવી ગયું ને ? તો તું હા કહેજે.

સ્વામીજી અને સનાથજી દશાડાના પાદરના પાનવાનું પાદર માનીને ઊભા હતા. ત્યાં તેમની માએ જઈને કહ્યું, 'દિકરાઓ આવી ગયા?, સંતોએ કહ્યુ, 'હા, માં અમે આવી તો ગયા પણ તમે કહો કે આ પાનવાનું જ પાદર છે ને ? ત્યારે તેમના માતાએ હા પાડી એટલે બંને જણાએ માં ના હાથનું પાણી પીધું અને જેવું પાણી પીધું કે તુરંત બંને જણા દેખતા થઈ ગયા અને સંત સ્વામીજી અને સનાથજીએ જ્યાં ઊભા હતા. ત્યાં જ દશાડાના પાદરમાં જ જીવતા સમાધિઓ લીધી. જે દશાડાના પાદરમાં આજે પણ સંત સ્વામીજી અને સનાથજીની સમાધિ, પાળિયા પુજાય છે.

સંદર્ભ સૂચિ

- રાઠોડ, નરેશભાઈ ખેમાભાઈ અને દામોદરનાથજી ગુરૂ મંગલનાથજી (સંપા) (૨૦૧૫), દિલ દરિયાના મોતી, મહેસાણા: સ્વ. મોહનલાલ જેઠાલાલ મકવાણા ભગત પરિવાર

પરમ ભક્ત શ્રી હરિદાસ

ઉત્તર ગુજરાતના મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના 'પામોલ' ગામમાં શ્રી હરિભાઈ વીરાભાઈ રાઠોડ નામે પરમ ભક્ત થઈ ગયા.

આઝાદી પહેલાં વણકરો માથે વેઠપ્રથાહતી. આ પ્રથા પ્રમાણે વાસમાં વેઠના વારા નક્કી થતા. આથી જેના ઘરનો વારો હોય તેને પોતાનું કામ છોડી ઘરમાં ગમે તેટલી મુશ્કેલીઓ હોય તોયે વેઠના વારામાં જવુ પડતું. આ પ્રમાણે શ્રી હરિદાદાનો વેઠનો વારો હતો. પણ તેઓ તો હરી સ્મરણ કરતા-કરતા સમાધિ કક્ષાએ પહોંચી ગયા હતા. વિજાપુરથી અમલદાર આવેલા તેમની વેઠ લઈને જવાનું હતું. ગામમાંથી તેડા, પર તેડા આવતા તેઓ સમાધિ લક્ષમાંથી જાગ્યાને ચોરામાં જઈ વેઠનું પોટલું લઈને વિજાપુરની વાટ પકડી.

આગળ અમલદાર ઘોડા પરને પાછળ હરિદાદા ચાલતા હતા. થોડોક પંથ કપાયો હશે ને અમલદારે પૂંઠ વાળીને જોયું તો... !! ભક્ત હરિદાદાની અવસ્થા જોઈને અમલદાર આંખો ચોળવા લાગ્યા. કે આ શું ? ભ્રમ તો નથી થયો ને ? ભગતના માથે જે વેઠનું પોટલું હતું તે સવાગજ માથેથી ઉપર હવામાં ચાલતું હતું.

અમલદાર ઘોડા ઉપરથી નીચે ઉતરી ગયા અને ભગતના ચરણોમાં નમી પડ્યાં અને કહ્યું "તમે તો સાચા ભગત છો, તમારી પાસે વેઠ ન ઉપડાવાય" ભગત પાસેથી અમલદારે વેઠનું પોટલું લઈ લીધું. અને સન્માનથી ઘેર પરત વળાવ્યા.

એજ અમલદાર જ્યારે ફરીથી ગામમાં આવ્યા ત્યારે ચોરા વચ્ચે બેસી આ ભગતના પરચાની વાત જણાવી. ત્યારથી શ્રી હરિભાઈ વીરાભાઈ રાઠોડનો પરિવાર આજે પામોલ ગામમાં "ભગતવાળા પરિવાર' ના નામથી ઓળખાય છે.

હરિદાસના પરિવારમાં નરસિંહ ભગત પણ થઈ ગયા. જેમણે પામોલ ગામના નાના વણકરવાસની વસ્તીના ભાઈઓ વચ્ચે 'મરણ' નું એલાન ભાખ્યું હતું. અને આપેલા સમયે વાસના સૌ જનોની વચ્ચે 'રામ' નામ લઈ દેહ છોડ્યો હતો. નરસિંહ ભગતના દિકરા સોમાભાઈના પુત્રો અમદાવાદ ખાતે સ્થાયી થયેલા છે.

શ્રી હરિદાસ ભગતની ગરબી (રાગઃ હીંચ)

એવું પામોલ રૂડું ગામ છે રે,
ત્યાં હરિદાસ ભગતનું ધામ છે રે.. એવું... (૧)
હરિદાસ પ્રભુ ભક્તિમાં રહેતા હતા રે
આવ્યા સંતની સેવા કરતા હતા રે.. એવું... (૨)
શ્વાસે શ્વાસે પ્રભુનામ લેતા હતા રે
પછી નિજાનંદમાં રહેતા હતા રે.. એવું... (૩)
વેઠ વારો ત્યારે ઘણો ચાલતો રે
વારા ફરતી વારો સૌનો આવતો રે.. એવું... (૪)
એક'દિ હરિદાસનો વારો આવ્યો રે
શિર ઉપર બોજને ઉઠાવીયો રે.. એવું... (૫)

આગળ આગળ અમલદાર ચાલતા રે
પાછળ પાછળ હરિદાસ ચાલતા રે.. એવું... (૬)
અમલદાર નજર નાખતા રે
બોજ સવાગજ ઉપર ચાલતો રે.. એવું... (૭)
દેખી અમલદારને અચરજ થયો રે
માફી માંગીને ચરણે નમી ગયો રે.. એવું... (૮)
કુળમાં તેમના નામ લેવાય છે રે
તેથી 'ભગતવાળા' કહેવાય છે રે.. એવું... (૯)
એવા 'દામોદરનાથ' ગુણ ગાય છે રે
આવા ભક્તોને પ્રભુની સ્હાય છે રે.. એવું... (૧૦)

પરમભક્ત હરિદાસબાપાના વંશજ

૧. સ્વ. મઘાભાઈ નાનાભાઈ રાઠોડ
૨. સ્વ. શિવાભાઈ મૂળાભાઈ રાઠોડ
૩. સ્વ. નરસિંહભાઈ ભગુભાઈ રાઠોડ
૪. સ્વ. મગનભાઈ ભગુભાઈ રાઠોડ
૫. સ્વ. જેહાભાઈ જેઠાભાઈ રાઠોડ
૬. સ્વ. જેણાભાઈ જેઠાભાઈ રાઠોડ

ના વારસદારો પરમભક્ત હરિદાસબાપાની ભક્તિધારાને આગળ ધપાવી રહ્યા છે.

સંદર્ભસૂચિ

- રાઠોડ, નરેશભાઈ ખેમાભાઈ અને દામોદરનાથજી ગુરૂ મંગલનાથજી (સંપા) (૨૦૧૫), દિલ દરિયાના મોતી, મહેસાણા: સ્વ. મોહનલાલ જેઠાલાલ મકવાણા ભગત પરિવાર

હરિયા પીર

(જન્મઃ ઈ.સ. ૧૯૩૮ સમાધિઃ ઈ.સ. ૧૪૧૦)

ઘડ પંથકમાં કુતિયાણા તાલુકામાં 'જમરા' ગામ એ સંત હરિયાપીર નું વતન માનવામાં આવે છે. તેમના દાદાનું નામ 'ખીમરાજ' હતું. પિતા 'માલજોગ' અને માતા 'વેલુમા' હતા. માલ જોગને ત્રણ દિકરાઃ ૧. હરિ, ૨. હરપાલ અને ૩. મીઠો.

હરિયાપીરના લગ્ન પોરબંદર પાસે આવેલા દેગામના ખરા અટકના દેવીબાઈ સાથે થયા હતા. તેમના દિકરાનું નામ ટાભો અને દિકરી રૂપહરી. તેઓ વણાટ કામ કરી જીવન ગુજારો કરતા હતા.

૧. હરિયાપીર ના ગુરૂ રામનંદજી, જેમણે હરિયાને રટણ કરવા માટે અજંપાજાપનો મંત્ર આપેલ હતો. હરિયાપીરે ૧૦૮ મણકાની માળા બનાવી કાપડ વણવાના તાણા સાથે રાખી શ્વાસે-શ્વાસે સ્મરણ કરતા હોય છે અને એ માળા તેમને પ્રાણપ્યારી હોય છે. આ વેળાએ હરિયાપીર જમરા ગામ છોડી ઘૂમલી ગામે આવીને વસ્યા. એક સમયની વાત છે દેગામથી હરિયાપીરનો સાળો ઘૂમલી આવે છે. હરિયાપીરની માળા પ્રત્યેની મમતા, પ્રેમ જોઈને હરિયાપીરને સતાવવા માટે થઈને તેમની માળા સંતાડી દેય છે.

હરિયાપીર માળા વિષે ઘરના, પડોશના તેમજ વાસના દરેકને પુછે છે, પણ માળાનો પત્તો મળતો નથી. આથી હરિયાપીર અન્ન-જળનો ત્યાગ કરે છે. ત્રણ દિવસ સુધી માળા ન મળી તો હરિયાપીર પારણા કરતા નથી. નાના બાળકની જેમ રડતા રહે છે.

હરિયાપીરની દશા જોઈ તેમના સાળાને દયા આવે છે અને માળા પરત આપે છે. પણ તે દિવસની રાત્રે પીરના સાળાને નિંદર આવતી નથી. એક સંતને સતાવ્યાનો વસવસો કાળજાને કોરી ખાય છે અને જાણે તેનું અંતર કહે છે, ફટ ભુંડા ! ત્રણ-ત્રણ દિવસ સુધી તેં સંતને સતાવ્યા, તારે આ દુનિયામાં જીવવાનો કોઈ અધિકાર નથી.

સવારે પીરનો સાળો પથારીથી ઉઠ્યો. પીર સુતા હતા તેમના પગે લાગી, ક્ષમા માંગી, વાસમાં આવીને ઊભો રહે છે. ત્યાં તેને એક 'ખંજર' જોવા મળે છે અને તે ખંજર હાથમાં લઈ પુરી તાકાતથી તેના પેટમાં ઘા કરી દે છે. ત્યારે તેના મુખમાંથી કારમી ચીસ નીકળી પડી છે. આ ચીસ સાંભળી પીર જાગી જાય છે. દોડીને આવી સાળાના મસ્તકને ખોળામાં લઈ કહે છે, ભાઈ તેં આ શું કર્યું?' વળતો જવાબ આવે છે, 'તમારી માળા લઈ મેં તમને ત્રણ દિવસ ભૂખ્યા રાખી સતાવ્યા તે મારાથી જીવરવાયું નહી. મારા આત્માની સદ્‌ગતિ થાય તેવા આશિષ આપજો, ને સાળો રામશરણ થઈ જાય છે. સાળાની યાદમાં હરિયાપીરે ખાંભી બનાવેલી, આ ખાંભી હરિયાપીરની જગ્યામાં આજે પણ મોજૂદ છે.

૨. આ વખતમાં મેઘવાળ સમાજની બાજુનો વિસ્તાર, 'ભાણવાડી' નામે ઓળખાતો. આ ભાણવાડીમાં એક કોળીની વાડીમાં પાકતી દૂધી આખા પંથકમાં વખણાતી હતી. એકવાર હરિયાપીરને ઘરે મહેમાન આવ્યા, અને તેમણે વાડીની દૂધી ખાવાની વાત કરી. તેથી દૂધી તો રાજમાં આપી દીધી અને હવે જે દૂધી દેખાય છે તે તો કડવી છે, 'પીર બોલ્યા, 'જેવી તારી ભાવના તેવા ફળ.'

આ સમયે ઘૂમલીના રાજા ભાણ દૂધીનું શાક ખાવા બેઠાને જેવા મોઢામાં મૂક્યું ને થુંકી કાઢ્યુ, આ દૂધી તો કડવી છે. કોની વાડીની છે? તેને બોલાવી સોં કોરડાનો માર મારો.

રાજાના સિપાહીઓ આવી કોળી ને દરબારમાં લઈ ગયા તો કોળી બોલ્યા, 'બાપુ!, મેં તો દૂધી મીઠી જ આપી હતી. પણ પેલા હરિયા વણકર ને મેં દૂધી ન આપી આથી તેણે કોઈ વિદ્યા કરી લાગે છે. મારો કોઈ વાંક નથી.' રાજા ભાણ હરિયાપીર ને સોં કોરડાનો માર મારવાનો હુકમ કર્યો.

હરિયાપીરને દરબારમાં બોલાવી સિપાહી હાથમાં ચાબુક નીચે નાંખીને બોલે છે, 'બાપુ હરિયો મેલી વિદ્યાવાળો લાગે છે, આને જીવતા જ જમીનમાં ભંડારી દેવો જોઈએ અને ભાણરાજા પીરને જીવતા જમીનમાં ભંડારી દેવાનો હુકમ કરે છે. ત્યારે હરિયાપીર તેમના સ્વજનોને મળવાની ઈચ્છા દર્શાવે છે. હરિયાપીરના કુટુંબીજનો ચોધાર આંસુએ રડે છે. ત્યારે પીર કહે છે, જેવી ઈશ્વરની મરજી.

મેઘવાળ સમાજના લોકો લાગણીવશ હરિયાપીરની પાછળ જાય છે. રસ્તામાં આઈશ્રી ખોડીયારનું મંદિર આવે છે. ત્યારે પીર માં ખોડલને વંદન કરે છે. ત્યારે માની મૂર્તિ હસે છે. ત્યારે પીર કહે છે, 'મારી માવડી તમને હસુ કેમ આવે છે ? માડી આવી પરિક્ષા કરવાની?

પીરજીને ખાડો ખોદીને ભંડારવાની તૈયારી હોય છે. ત્યારે પીર કહે છે, સિપાહીઓ તમારા ભાણરાજાને જઈને કહેજો કે આજથી છ મહિના પછી હું બહાર આવીશ. મને છ મહિના પછી બહાર કાઢજો.
બરાબર છ માસમાં થોડાક દિવસ બાકી હોય છે અને ભાણ બિમારીમાં પટકાય છે. તેને કોઈ ઈલાજથી સારૂ થતું નથી. પીર ભાણને સ્વપ્નમાં જાણ કરે છે , પણ ભાણને ખ્યાલ આવતો નથી. એક રાત્રે ભાણ પથારીમાંથી નીચે પટકાય છે. છ માસમાં બે દિવસ બાકી હોય છે અને નગરના ગોવાળીયા રાજ્યમાં આવીને કહે છે. હરિયાને જે જગ્યાએ દાટ્યો છે ત્યાં ઘંટી અને ઝાલરના અવાજ આવે છે, અમારા ધણ છેલ્લાં ત્રણ દિવસથી ભડકીને ભાગી જાય છે.

ભાણનો કુંવર આ વાતની ખાત્રી કરવા ઘોડે ચડી સ્થળ પર આવે છે. તો તેનો ઘોડો ભડકીને ભાગે છે અને તે જગ્યામાંથી નોબતનો અવાજ સંભળાય છે. લોબાનના ધૂપની સુવાસ આવે છે. કુંવર ભાણને વાસ્તવિકતાની જાણ કરતાં ભાણ પોતે સ્થળ પર આવીને માફી માંગી હરિયાપીરને બહાર આવવા વિનંતી કરે છે. હરિયાપીર ધરતીમાંથી બોલે છે, 'ભાણ તારા ગુન્હાની ક્ષમા માટે મારી મેઘલી ગતને સાડા ત્રણ દિવસ તારા રસોડે જમાડ પછી તારી નાતને જમાડવાનું વચન આપે તો બહાર આવુ'. ભાણ વચને બંધાય છે, પીર કહે છે, 'ભાણ કાલે સવારે મને છ માસ થશે. હું આવતી કાલે બહાર આવીશ.

બીજા દિવસે સવારે હરિયાપીર પાટની જ્યોત સાથે આખા નગરની હાજરીમાં બહાર આવે છે. મેઘવાળ સમાજના લોકો વાજતે-ગાજતે સામૈયું કરીને પીરને રાજમાં લાવે છે. રાજાભાણ સાડા ત્રણ દિવસ સુધી તેના રસોડે ભેદભાવ વિના મેઘવાળ સમાજને જમાડે છે, પછી અન્ય નગરજનોને જમાડે છે. બરડો, બરાડી, ઓખો, ઘેડ, નાગેર, પરગણાના મેઘવાળો હરિયાપીરને ગુરૂપદે સ્થાપે છે.

સમાજમાં કોઈના ત્યાં લગ્ન, પાક્ષ, પ્રસાદી હોય ત્યારે 'એક કોરી' દાપુ તથા દર વર્ષે ગામમાંથી ઘર દીઠ એક 'પાલી અનાજ' આપે છે. આ ધારો આજે પણ યથાવત જોવા મળે છે.

સંદર્ભસૂચિ

- નાગર, મુકુન્દચંદ્ર (૨૦૧૦), ગુજરાતની પીર પરંપરા, શાંતિનગર સોસા, વિસનગર રેલ્વે ફાટક પાસે, મહેસાણા

હવસી દહેગામો

જેણે બાળપણમાં માતા-પિતાનો પ્રેમ ભાળ્યો નથી,
જે અનાથ બન્યા પછી, જિંગદીથી ક્યારેય હાર્યા નથી,
એવા નીડર વૈરાગી સંત હવસી દહેગામો મેઘવાળ સમાજનું નાક છે.

ગુરુ રામદાસના ચેલા સંત શ્રી હવસી દહેગામો ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકામાં જન્મ્યા હતા. તેમના પિતા કુબેરભાઈ વણકર અને માતા મણેકબા હવસી એક વર્ષના હતા ત્યારે ગાંઠીયા રોગમાં મૃત્યુ પામેલા. ગામનો રૂડો રબારી અને કુબેરબાઈને મા જણ્યાભાઈ જેવા સંબંધો હતા. તે આવીને હવસીને લઈ ગયા અને પુત્રી રાજી સાથે તેમને ઉછેરી મોટા કર્યા. એ યુગમાં વણકરનો દિકરો એક રબારીના ઘરે ઉછેરાય તે ખરેખર નોંધપાત્ર ગણાય.

હવસીના પાલક પિતા રૂડા રબારીનું સાપ કરડવાથી મરણ થાય છે. ત્યારે હવસી ફરીથી અનાથ બને છે. દહેગામમાં એકલગીરી નામે સાધુ આવ્યાને હવસીને લઈ ગયા. જ્યાં હવસીને રામદાસ નામના સંતનો મેળાપ થાય છે. એકલગીરીના કહેવા થી હવસી રામદાસ પાસે દિક્ષા ગ્રહણ કરે છે.

સ્વામી રામદાસને તેમની ડેરીમાં ગણપતિજીની મૂર્તિ નીચે ખોદતા ધનના ચરૂ મળ્યા. સંત રામદાસે ગણપતિજીની મૂર્તિ અને બધુ ધન હવસીને આપી દીધું અને વતનમાં પાછા જઈ વિવાહિત જીવન જીવવાનો આદેશ કર્યો.

હવસીના લગ્ન 'રાંધેજા' ગામમાં ગંગાબાઈ સાથે થયા હતા અને તેમના લગ્નમાં ગુરૂ રામદાસ પણ હાજર રહેલા. દહેગામમાં અંત્યજો ને પીવાના પાણીની અછત હતી. આથી હવસી એ 'ગંગા જળીયો કૂવો' અને 'હવસી વાવ' બનાવીને સમાજને અર્પણ કરી હતી.

૧. ડભોઈ તાલુકાના ચાણોદ રેવાજીના આરે અંત્યજો માટે આરો મેળવવા માટે હવસી દહેગામાએ હજારો માનવ મેદની સાથે દહેગામથી વાગતા ઢોલે ચાણોદની કૂચ કરી આરો મેળવ્યો હતો. તે આરો આજે 'હવસીનો આરો' તરીકે પ્રખ્યાત છે. એ જમાનામાં સ્ત્રીઓને ઘૂંઘટમાં રહેવુ પડતુ, તે ક્રાંતિ કરીને હવસીએ સ્ત્રીઓને કૂચમાં સામેલ કરી હતી અને સ્ત્રીની આગેવાની ગંગાબાઈએ લીધી હતી. આમ હવસીએ ક્રાંતિકારી કર્મવીર, ધર્મવીર પુરુષ હતા.

૨. એક સમયે હવસી કાપડ વેચતા-વેચતા માધુગઢ ગામે ગયા હતા, ત્યાં મજુરીએથી પાછી વળીને જતી અંત્યજબેનો વાત કરતી હતી કે, 'આપણી પરિસ્થિતિ નાજુક હોવાથી આજની પૂનમની રાત્રે પણ ઘરે જઈને રોટલા ટીપવાના, જો સુખી હોત તો શીરો, પુરી, શાક બનાવીને જમતા'.

આ વાત સાંભળીને હવસી દહેગામા વાસમાં પહોંચી ગયા અને વાસના આગેવાનો ને ભેગા કરી આખા દિવસની કમાણી ઠાલવીને કહ્યુ, 'હું દર પૂનમે શામળીયાને શીરો, પુરીને શાકનો પ્રસાદ ધરાવુ છું. પણ આ જે દહેગામ જઈ શકાય તેમ નથી. આથી તમો બધા મળીને શીરો, પુરીને શાક બનાવડાવો, જેથી આપણે બધા મળીને શામળીયાને ભાવથી જમાડીને જમીએ.

વડીલોએ શામળીયાનું નામ સાંભળીને હવસીની વાત વધાવી લીધી અને આખો વાસ જમે તેટલી હવસીએ રસોઈ બનાવડાવીને 'ખાજો મારા શામળીયા' તેવુ બોલતા જાય અને સૌને પીરસતા જાય. આમ હવસીની સમાજ પ્રત્યેની ભીતરની કુણી લાગણીના દર્શન થાય છે.

૩. દહેગામના મનોહરદાસ નામના પટેલની દિકરી આમોદ ગામના જીવા પટેલને ઘેર પરણાવી હતી. લગ્ન પછી બે વેવાઈઓને કોઈ વાતની આંટી પડી, જેથી બંને વેવાઈ એકબીજાને બોલાવતા કે એકબીજાના ઘેર જતા બંધ થઈ ગયેલા. આ કારણથી મનોરદાસની ભાણીના લગ્ન નક્કી થયા પણ જીવા પટેલે દહેગામ કંકોત્રી લખી નહીં. તેથી દિકરી પાર્વતી મનમાં ઘણી દુ:ખી હતી.
કાપડની ફેરી કરતા, શામળીયાનું નામ લેતા હવસી આમોદ આવ્યાને આ વાત જાણી તો પોતાને મનોહરદાસે મોકલ્યા છે તેમ કહી પટેલની દિકરીનું મામેરૂ ભર્યું હતું.

૪. સૌની સુખાકારી અને દુષ્કાળના સમયમાં હવસીને સ્વપ્ન આવ્યું, તેમાં સાવ સુકી ભંઠ ધરતી માથે ધજા ફરકતી દેખાઈ તેથી હવસીને સમજાયું કે આ ધજા જેસલપીરની છે. તેથી તેમણે ઊંટ મંગાવીને અંજારની યાત્રાનો પ્રારંભ કર્યો. અંજાર જતા રસ્તામાં એક વાવ આવી. આ વાવ બનાવનારનો દિકરો વાવ પર બેસીને પાણીના પૈસા ઉઘરાવતો હતો અને તેના પિતાજીને ફિટકાર વરસાવતો હતો, 'કે કાશ!, મારા પિતાજીએ રૂા.૨૦૦ ની માતબર રકમ ખર્ચીને વાવ બનાવી એના કરતાં તો તે રૂપિયા મને આપ્યા હોત તો હું કેટલો સુખી થાત'. આ વાત સાંભળીને હવસીએ રૂા.૨૦૦ ચૂકવીને વાવ ખરીદી લીધી અને લોક હિત માટે ખુલ્લી મૂકી દિધી.

૫. હવસી અને ગંગાબાઈ તિર્થાટન કરીને ઘરે આવ્યા અને 'હવસી વાવ' પર ઊભો તેમનો દિકરો 'ગાંડો' પાણીના પૈસા ઉઘરાવી રહ્યો હતો. આ દૃશ્ય જોઈ હવસીના પગ નીચે થી ધરતી સરકી ગઈ. એટલે હવસી એ તત્કાળ નાત તેડાવી ૧૫ દિવસ સુધી નાતને જમાડી ખૂબ સેવા કરી નાતને રીઝવીને વચન માંગ્યુ, 'હું માંગુ તે આપજો'. નાતી જનોને એમ કે હવસી માંગી-માંગી ને શું માંગશે? એટલે નાતે 'હા' પાડી. હવસીએ હાથ જોડીને નાતગંગાને કહ્યુ, 'હે ગતગંગા તમે કહો કે મારૂ નિર્વંશ જાય'. જ્ઞાતિજનો વિસામણમાં મૂકાયા પણ હવસીને વચન આપી દિધું હતું એટલે જ્ઞાતિજનો એ કહ્યુ, 'તમારા બોલ તમને ફળે'.

આમ પરોપકારી, ત્યાગી, દાતા સંત હવસી દહેગામા અને ગંગાબાઈ એ એક દિવસે આખા વાસના બધા સ્વજનોને ભેગા કર્યા. હવસીએ સૌને સંપથી રહેવા અને એકબીજાના સુખે-સુખીને અને દુ:ખે દુ:ખી રહેવાની શિખામણ આપી ૯૦ વર્ષનું આયુષ્ય ભોગવી દેવપોઢી એકાદશી વિ.સં. ૧૭૫૫ના રોજ સંત હવસી દહેગામાએ નશ્વર દુનિયા છોડી દીધી. ત્યાર પછીની પ્રથમ પુનમે ગંગાબાઈએ દેહ ત્યાગ કર્યો.

કેટલાય નટ, નટી જેવા દીનદુ:ખીયાઓની સમાજની સેવા કરી હવસી દહેગામા એ માનવતાની મિશાઈલ પ્રગટાવી છે. દયા, પ્રેમ અને ધર્મના ક્યારાનું સિંચન કર્યું છે.

લગ્નમાં લેવાતું દિકરીનું દાપું બંધ કરીને કંકુ કન્યા આપવાની શરૂઆત હવસી દહેગામાએ કરી છે, આવા અગણિત પુરૂષાર્થના કાર્યો કરનાર કર્મવીર, ધર્મવીર સંત હવસી દહેગામાને જેટલા વંદન કરીએ તેટલા ઓછા છે.

સંદર્ભ સૂચિ

• પરમાર, સ્વ. શિવાભાઈ નાનજીભાઈ, સંત હવસી દેહગામા

હાજી હોમજી પીર

શબ્દે ભાગી જોગણી ભુતાવળમાં પડી ભંગાણ
પાટણમાં પદમનાથ અવતર્યા વરતાણી હાજી હોમજીની આણ

વિષ્ણુ ભગવાનના અવતારો પૈકી પદ્મનાથનો અવતાર જાણીતો છે. દક્ષિણ ભારતમાં કેરાલાની રાજધાની તિરૂવનન્તમપુરમમાં અનન્તશયનમ નામે શ્રી પદ્મનાભા સ્વામી મંદિર આવેલું છે. પાંચ હજારવર્ષ પૂર્વે મંદિરની સ્થાપના થયેલી છે. જેમાં વિષ્ણુલોકની શેષનાગ પર અનન્તશયન કરતી મૂર્તિ છે. હનુમાનજી ઉપરાંત શ્રી નૃસિંહ મૂર્તિની પ્રતિષ્ઠા કરવામાં આવી છે. મંદિરના ભોંયરામાં અઢળક સોનાની વાત વર્તમાનપત્રોમાં છપાઈ છે.

ઉત્તર ગુજરાતના ગુર્જર આનર્ત પ્રદેશ પટ્ટન-અણહિલવાડ પાટણની પૂર્વ દિશાં પાટણ-ચાણસ્મા હાઈવે પર પદમવાડી આવેલી છે. જ્યાં કારતક વદ એકમથી પાંચમ સુધીનો પદમવાડીનો રેવડીનો મેળો ભરાય છે. તેની વિશેષતા એ છે કે પદમવાડીમાં બધી જ મૂર્તિઓ માટીની હોય છે. જેને ફૂલોના શણગારથી સુશોભિત કરવામાં આવે છે. પદમનાથનો જન્મ મધરાતે બાર કલાકે થયો હોઈ રાત્રે મેળો ભરાય છે. પદમનાથ તે વિષ્ણુનો અવતાર છે. કુંભાર પ્રજાપતિને ત્યાં તેમણે તુલસીની વાડીમાં જન્મ લીધેલો. તેમના પ્રજાપતિ શિષ્યો સ્વામી પદ્મનાથ ની અટક ધરાવે છે.

અધર્મનો વિનાશ કરવા, ભક્તોના રક્ષણ માટે તેમણે સમરસ્તાના ભાગરૂપે અઢારે વર્ણના શિષ્યો કર્યા હતા. જેમાં અધ્યારૂ અને હાજી હોમજી પીર મુખ્ય છે. હાજી-હોમજીપીરનો જન્મ વડનગરના બાદરપુર મુકામે થયેલો. બાવીસ વર્ષની ઉંમરે વૈરાગ્ય જાગતાં પાટણ પદ્મનાથ ભગવાનની સેવા કરી, ભક્તિ કરી. તેના ફ્લસ્વરૂપ પદ્મનાથ પાસે કંઠી બંધાવી માથે હાથ મૂકાવી ગુરૂ બોધ મેળવી વૈષ્ણવધર્મની આહલેક જગાડી. ભગવાને ૧૨૫ સોનાના મુગુટ ઘડ્યા. જે પૈકી ભગવાને હાજી-હોમજીપીરને સોનાનો મુગુટ પહેરાવી. જીનકલ્યાણ અર્થે ધર્મપ્રચારકની આજ્ઞા આપી. હાજી-હોમજીપીરનું વાજતે-ગાજતે બાદરપુરમાં સામૈયું કરવામાં આવ્યું. બાદરપુર ગામ ગુજરાતભરમાં જાણીતું બન્યું. બાદરપુરથી શરૂ કરીને મહેસાણા-સાબરકાંઠા-બનાસકાંઠા-અમદાવાદમાં શિષ્યો બનાવ્યા, સમાજને બોધ આપ્યો.

વૃદ્ધાવસ્થાએ અગમચેતીથી સિદ્ધપુર સરસ્વતીના કિનારે લાલપુર ગામે જમીન મેળવી સમાધિ લીધી. મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના ખરોડ ગામના શિષ્યોએ કંઠી બંધાવી. બન્યું એવું કે જન્મ આપનારી માતાને પુત્ર માટે ધાવણ ન્હોતું આવતું, ત્યારે હાજી-હોમજીપીર પાસે સવાશેર ચોખા અને નાળિયેરની માનતા રાખી. ધાત્રી માતાને ધાવણ પ્રગટ થતાં ખરોડના દેસાઈ પરિવારો આજે પણ પરિવારમાં પ્રથમ પુત્રની ચોટલી બાદરપુર આવીને ન ઉતરાવે ત્યાં સુધી લગ્ન કરી શકતા નથી. માતા કબર પર પાંચ બેડાં પાણીથી નવપલ્લવિત કરે છે. દર દશેરાએ બાદરપુરમાં સેવકગણ તરફથી ચોખા ચઢાવી શ્રદ્ધા પૂરી કરવામાં આવે છે.

હાજી-હોમજીપીરની ત્રીજી પેઢીએ પરચાધારી મેઘસ્વામી થઈ ગયા. વડનગરની એક વિધવા બ્રાહ્મણ યુવતીને ત્યાં મેઘસ્વામીની બેઠક હતી. બ્રાહ્મણોએ મેઘસ્વામી પર કુનજર રાખી બ્રાહ્મણોનો માઢ હતો. તેનો દરવાજો બંધ કરી હુમલો કરવાનો પ્રયત્ન કરેલો. તે માઢની પાછળ શર્મિષ્ઠા તળાવ પાણીથી છલોછલ ભરેલું હતું. મેઘસ્વામી ચાખડીઓ પહેરી શર્મિષ્ઠા તળાવ પર ચાલવા લાગ્યા. ચમત્કારિક સંતનો પરચો જોઈ બ્રાહ્મણો પગે પડી માફ કરવા જણાવ્યુ, તેમને માફી આપી.

બાદરપુરમાં મેઘસ્વામીએ વિષ્ણુ મંદિર બનાવ્યું, જ્યાં ગોકુળ આઠમે હિંડોળો ભરાય છે. વૈષ્ણવો હિંડોળો બાંધે છે. કૃષ્ણ-રાધાની ભક્તિ ભજનો દ્વારા થાય છે. કહેવાય છે કે બાદરપુરમાં મેઘસ્વામીએ ૫૧ મઢીઓ બોલાવી ભંડારો કર્યો હતા. ત્રણ મકાનોમાં (મુસ્લિમ) રોટલાની છાબડીઓ ભરેલી. એકપણ માણસ ભૂખ્યુ ગયું ન હતું. ચાદર પાથરી બધાંને સંતોષથી જમાડેલા. (ત્યાર પછી પણ શંકરદાસ બાપુએ બાદરપુર, રૂદરડીમાં ભંડારો કરેલો. હાજી-હોમજીપીર, મેઘસ્વામીના વશંજો જે બુંદના છે તે બાદરપુર, સાંપાવાડા, નાનકોટડા, રૂદરડી જાદર ગામે તથા ગેરીતા, અમદાવાદ, કોલવડા, બાલીસણા, ભેંસાણા, ગાંભુ, મોડાસા, આદિપુર, મહેસાણા મુકામે રહેતા જણાયા છે.

બાદરપુર મુકામે શ્રી હાજી-હોમજીપીર ટ્રસ્ટની રચના કરવામાં આવી છે. જે જગ્યાએ લાલપુરથી માટી લાવીને હાજી-હોમજીપીર તથા મેઘસ્વામીની બે કબરો બનાવી છે. તે જગ્યા સુધારવાના પ્રયત્નો થઈ રહ્યા છે. શિષ્યો કંઠી ગુરૂએ બાંધેલી કંઠીના સોગંદ પાળે છે. ભંડારા માટે ચોખા પીળવા, ઢોલિયો તથા પ્રથમ ચાંદલો બાદરપુરા વૈષ્ણવોને જ થાય છે. પાટના સમયે હાજી-હોમજીપીરના ભજનો ગવાય છે.

સંદર્ભ સૂચિ

- રાઠોડ, નરેશભાઈ ખેમાભાઈ અને દામોદરનાથજી ગુરૂ મંગલનાથજી (સંપા) (૨૦૧૫), દિલ દરિયાના મોતી, મહેસાણાઃ સ્વ. મોહનલાલ જેઠાલાલ મકવાણા ભગત પરિવાર
- રૂબરૂ મુલાકાતઃ ડો. નરસિંહદાસ વણકર – બાદરપુર

શ્રી હિરસાગર બાપા

જન્મ	: વિ. સંવત ૧૯૫૧, ઈ.સ. ૧૮૯૫
જન્મસ્થળ	: અજ્ઞાત
મૂળનામ	: હીરો
જન્મજ્ઞાતિ	: વણકર
માતા-પિતા	: પિતા અમરાભાઈ, માતા રાજીબાઈ
પરિવાર :	ધર્મપત્ની-પાલુબાઈ, ત્રણ દિકરા ભોજાભાઈ અને કિશનભાઈ રામજીભાઈ,
ગુરુનું નામ	: કરમશીબાપા
દેહત્યાગ	: વિ. સંવત ૧૯૮૭ ભાદરવા વદ નોમ ને બુધવાર ઈ.સ.૧૯૩૦

કહે હીરસાગર સુણો હરિજનો, નામ નિરંજન હૈ ન્યારા;
જે નામે સૃષ્ટિ રચાણી, રચાણા સર્વે બ્રહ્માંડ રે.

કેટલાક સંતોનાં જન્મ, કુળ, મૂળ જાણી શકાયાં નથી. તેવા સંજોગોમાં આપણે સ્વીકાર્યું કે એ સંત પ્રગટ થયા હતા. સંતકબીર વિશે એવી કિંવદંતીઓ છે. અહીં હીરસાગર પાંચ વર્ષના થયા હતા ત્યારે કોઈ અજાણ્યો માણસ નિ:સંતાન દંપતી અમરાભાઈ ને રાજીબાઈને સોંપી ચાલ્યા ગયા. આ દંપતીને જાણે પ્રભુનો કૃપાપ્રસાદ મળ્યો.

રાજકોટ તિલક પ્લોટમાં રહેતા વણકર પરિવારના ભક્ત અમરાભાઈ વણકરોનો ધંધો કરી પોતાના પરિવારનું ભરણ-પોષણ કરતા હતા. તેમને ઘેર આવતા સાધુ, સંતો, ભક્તોને આવકારી ભોજન ભજન કરાવવું તે તેમને ગમતું કાર્ય હતું. અમરાભાઈએ સંતાનની ખોટે બે લગ્ન કર્યાં, પ્રથમ પત્ની રાજીબાઈ ને બીજા પત્ની ગૌરીબાઈ છતાં તેમને સંતાનસુખ ન મળ્યું.

અમરા ભગતને ઘેર રવિ-ભાણ સંપ્રદાયની ચિત્રોડની ગુરુગાદી ત્રિકમસાહેબની જગ્યાના મહંત ખાન સાહેબ, બાળક સાહેબ અને સરોદડવાળા છોટાહનુમાનજી પધાર્યા હતા. તેઓને ભોજનપ્રસાદ જમાડી આ ભક્ત દંપતીએ પોતાને ઘેર પારણું બંધાય તેવા આશીર્વાદ માંગ્યા. સંતોની પણ એક મોજ હોય છે ને તેઓ બોલ્યા: 'જા અમરા ! તારે ઘેર કોઈ મહાપુરુષ પ્રગટ થશે.' આ વાતને એકાદ વર્ષ વીતી ગયું ને એક દિવસ દરબારી ઠાઠમાં પ્રૌઢવય ના મહાનુભાવ પોતાની સાથે પાંચ વર્ષનો છોકરો લઈને આવે છે. અમરાભગત ને બોલાવીને કહ્યું, 'તારી શેર માટીની ખોટ લે આજે પૂરી કરું છું. આ દીકરાને ઉછેરી મોટો કરજે, નંદ-જશોદાને ઘેર જેમ કૃષ્ણ લીલા કરવા આવ્યા હતા તેમ તારે ઘેર આ બાળક આવ્યો છે.' રાજીબાઈ એ ભૂલી ગયાં કે આ મારો જણ્યો (જન્મ આપેલ) નથી. આ પાલકમાતા સવાઈ માતા બની દીકરાને મોટો કરે છે.

ભક્ત દંપતીને આ હીરો લાધ્યો એટલે તેનું બાળપણનું નામ હીરો રાખવામાં આવ્યું. હીરાને નાનપણથી ઘરઆંગણે આવતા સાધુ, ભજનિકોનો સંગ થયો, જે તેમનામાં ભક્તિના સંસ્કાર રેડે છે. હીરો અક્ષરજ્ઞાન મેળવી લખતાં વાંચતાં શીખ્યો. પિતાનું કામ વણાટનું હતું એટલે હીરો પિતાના કામમાં મદદ કરતાં કરતાં વણાટનો સારો કારીગર બની ગયો. આ કામ એવું છે કે ભજન ગાતાં, સંતોની વાતો કરતાં થઈ શકે છે.

રવિ-ભાણ સંપ્રદાયના મરમી સંત રવિસાહેબ થયા, તેમના શિષ્ય મોરારસાહેબે જામનગર પાસેના ખંભાલીડા ગામે ગુરુગાદી સ્થાપી વસ્તી ચેતાવતા રહ્યા. આ મોરારસાહેબના શિષ્ય આણંદરામ અને

આણંદરામના શિષ્ય કરમણ ભગત થયા. કરમણ ભગત વાંકાનેરમાં હનુમાનપરા માં રહેતા હતા. જાતે પ્રજાપતિ એટલે માટીના ઘાટ ઘડતાં ઘડતાં માનવ માટીને ઘડવા લાગ્યા. કરમણ ભગતના ભાણેજ જમાઈ તુલસીભાઈ રાજકોટના તિલક પ્લોટ પાછળ આવેલા કુંભારવાડામાં રહેતા હતા. કુંભાર ભક્તોને જ્યોતપાટ, અલખધણી ને ભજનોમાં ભારે વિશ્વાસ એટલે તો ગામડામાં કુંભાર ને ભગત કહેવામાં આવે છે.

તુલસીભાઈને ઘેર કરમશીભગત આવ્યા. આવા ભગત આવે એટલે રાત્રીએ આસપાસથી ભજનપ્રેમીઓ આવી પહોંચે ને રાત્રે ભજન ગવાય. રાત્રે અલખને આરાધતાં ભજનો ગવાતાં હતાં તેના સુરે, શબ્દે હીરાને જગાડ્યો. હીરો આ ભજનમંડળીમાં ભળી ગયો. હજુ સવાર થવાને થોડી વાર હતી પણ હીરાનોમાયલો ધીરજ ધરતો નથી. કરમશી બાપાના પગમાં પડી બોલ્યો : 'બાપા ! મુક્તિનો માર્ગ બતાવો.' 'ભાઈ! મારગ તો અલખધણી બતાવશે.' અમે તો તેમના ચાકર, કાલાવાલા કરી જાણીએ.' હીરામાં અલખ દર્શનની તાલાવેલી જોઈ, તેની ભીતર પડેલું હીરાપણું પારખી કરમશી બાપાએ માત્ર ચૌદ વર્ષના હીરાને ગુરુબોધઆપી, નિજ સ્વરૂપની ઓળખ કરાવી હીરામાંથી હીરસાગર બનાવ્યા.

ભક્તોએ ભજન, ભક્તિનો માર્ગ સ્વીકાર્યો પરંતુ સંસારથી ભાગ્યા નથી. ગૃહસ્થાશ્રમ નિભાવી ને ભજન, ભક્તિ કરેલ છે. અમરાભાઈએ પોતાના એકના એક દીકરા હીરસાગરને અઢાર વર્ષની ઉંમરે ગોંડલ પાસેના વોરાકોટડા ગામે મેઘવાળ મેઘજીભાઈ ચાવડા ની દીકરી પાલુબાઈ સાથે પરણાવ્યા. તેમને ઘેર ત્રણ દીકરાઓ નો જન્મ થયો: રામજીભાઈ, ભોજાભાઈ અને કિશનભાઈ.

સંસાર વચ્ચે રહેવા છતાં હીરસાગર ને ભજન જિજ્ઞાસુઓ વચ્ચે બેસી ભજન વિશેની વાતો કરવી ગમતી. આવી વાતો ધીમે ધીમે સત્સંગના નામે વિસ્તરવા લાગી. પછી તો સત્સંગમાં રસ ધરાવનારાઓનું મંડળ રચાવા લાગ્યું ને તેમના નિશ્ચિત કરેલા સમયે ને સ્થળે મળતા થયા. તેમાં ગોંડલ પાસેના બાંદરા ગામે જવાનું થયું ત્યાં લીંબાભાઈ અને ઉગાભાઈ સાથે મળવાનું થયું. રાત્રે થતા સત્સંગમાં મેઘવાળફળીયાનાં ભાઈ-બહેનો, ગામના ભજનપ્રેમીઓ, બહારગામથી આવતા સત્સંગીઓ આવીને મળે. સત્સંગમાં મોટે ભાગે ગુરુનાં ગુણગાન અને ગુરુમુખી ભજનવાણીની વિશેષ ચર્ચા થતી હોય છે. તે પછી કબીર, રવિ-ભાણ સંપ્રદાયના કવિઓની વાણી ગવાય ને એ વાણીના અર્થઘટન સૌ પોતપોતાનો મત પ્રગટ કરતા હોય છે, હીરસાગરના સમર્થ શિષ્ય ઉગારામ બાપા અને તેમનું બહોળું શિષ્યમંડળ સત્સંગના નામે વિસ્તાર પામ્યું છે.

હીરસાગરને બાંદરા સાથે ઘનિષ્ઠ નાતો બંધાવા લાગ્યો. સત્સંગી લીંબાભાઈ અને ઉગાભાઈ સાથે ભજનપ્રેમનો નાતો ગુરુશિષ્યના નાતામાં પલટાઈ ગયો. હીરસાગરે લીંબાભાઈ અને ઉગાભાઈને ગુરુબોધ આપી, પિંડ-બ્રહ્માંડ ની સમજણ આપી, નિજની ઓળખ સમજાવી આધ્યાત્મિક જ્ઞાન આપ્યું. લીંબારામ અને ઉગારામ નામ આપી એક અલગ પરંપરા સ્થાપી.

ભજન, સત્સંગ અને ગુરુગમ જ્ઞાનચર્ચા થતી હોય ત્યારે ભજનપંક્તિઓ સવિશેષ ઉદાહરણ રૂપે બોલાતી હોય છે. આ પંક્તિઓને સમજાવવા માટે લોકભોગ્ય નાનાં નાનાં ઉદાહરણો, ટૂચકા, કહેવતો, સંતોના જીવનપ્રસંગોનો આધાર અપાતો હોય છે. આ ભજનપંક્તિઓની વૈખરી કરી આધ્યાત્મિક બોધ અપાય છે:

હીરસાગર નો સત્સંગ પ્રભાવ ખોજા નિજારીઓ ઉપર પડ્યા, રાતે પીર સદરદીનની ભજનરચનાઓ ગાતા ને સમજાવતા, તેમાં ગૌરીદળ વાસમાં રહેતા અને ત્રાંબા-પિત્તળના ભંગારનો ધંધો કરતા ખોજા નજરઅલી ને સમજણ આપી હતી. આથી ખોજાજ્ઞાતિમાં આ જ્ઞાનનો પ્રચાર થયો હતો. હીરસાગરના શિષ્ય લીંબારામ થયા ને

તેમની પાસેથી હીરસાગરના વરિષ્ઠ દીકરા રામજીભાઈએ ગુરુબોધ લીધો. આ ભક્ત શ્રી રામજીભાઈ હીરસાગરે 'પૂ. હીરસાગર બાપની જીવનઝરમર' નામે પુસ્તિકાનું સંપાદન કર્યું છે. તેમાં તેઓ નોંધે છે કે હીરસાગર બાપા હીઝ હાઈનેસ આગાખાન સાહેબને પૂના મુકામે મળ્યા હતા ને તેમની સાથે જ્ઞાનચર્ચા કરી હતી.

હીરસાગરે માત્ર પાંત્રીસ વર્ષની ભરયુવાનીમાં પોતાનું જીવનકાર્ય સમેટી વિ. સંવત ૧૯૬૮, ભાદરવા વદ નોમ ને બુધવારે - ઈ.સ. ૧૯૩૦માં સ્થૂળ દેહ છોડી સમાધિ લીધી હતી. દેહ છોડતાં પહેલાં પરિવારજનો, સેવક સમાજને મળી જવાનો સંકેત આપ્યો હતો. તેઓ કહેતા કે મેં જે આધ્યાત્મિક સિદ્ધાંતો આપ્યા તે ભૂલશો નહીં. પરમેશ્વરનું ભજન ચૂકશો નહીં. જીવનમાં કોઈનું બૂરું કરવું નહીંતેમજ ઇચ્છવું પણ નહીં. સત્યને વળગી રહેશો, સતથી સવાયું કાંઈ નથી. ગુરુના વચનમાં દૃઢ વિશ્વાસ રાખજો, તેમાં તર્ક-વિતર્ક કરવા નહીં, ગુરુ અને પરમેશ્વર એક છે તેમ માનવું. તમારી ભીતર પડેલા દુશ્મનો કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર ને મારો. ઇન્દ્રિયસુખની માયાથી દૂર રહેજો. ધ્યાન, ધારણા ને નામસ્મરણ કરજો.

હીરસાગર બાપાનાં ધર્મપત્ની પાલુબાઈએ ત્રણેય દીકરાઓને ઉછેરી મોટા કર્યા, ઘરસંસારી બનાવ્યા, પોતાની જવાબદારીઓ પતિના દેહવિલય પછી ૪૪ વર્ષ નિભાવી. વિ. સંવત ૨૦૩૦ના પોષ સુદી અગિયારસ ને શનિવારે સ્થૂળ દેહ છોડી વિદાય લીધી. હીરસાગરના સમર્થ શિષ્ય ઉગારામ થયા જે ઉગમેશ્વરદાદા નામે ઓળખાયા. તેઓએ ઉગમફોજ ઊભી કરી. બાંદરા (ગોંડલ પાસે) માં જગ્યા સ્થાપી જે આજે કાર્યરત છે.

હીરસાગર ના પુત્ર ભક્તશ્રી રામજીભાઈએ 'રાજયોગવાણી' નામે ભજનસંગ્રહ સંપાદિત કરી, પ્રકાશિત કરેલ છે જે ઉમદા કાર્ય ગણાવી શકાય. તે પછી 'પૂ. હીરસાગર બાપાની જીવનઝરમર' સંપાદિત પુસ્તિકા પ્રગટ કરી છે. સૌરાષ્ટ્રના હરિજન ભક્તિકવિઓ સંશોધન ગ્રંથમાં ટૂંકું જીવન અને ચાર ભજનરચનાઓ મળે છે.

સંદર્ભ સૂચિ

- ગોહિલ, ડો. નાથાભાઈ (૨૦૧૭), ગુજરાતની આંતરચેતના ભાગ-૨, અમદાવાદઃ નવભારત સાહિત્ય મંદિર

સંદર્ભ ગ્રંથસૂચિ

- ગોહિલ, ડો. નાથાભાઈ (૨૦૧૭), ગુજરાતની આંતરચેતના ભાગ-૧, અમદાવાદઃ નવભારત સાહિત્ય મંદિર
- ગોહિલ, ડો. નાથાભાઈ (૨૦૧૭), ગુજરાતની આંતરચેતના ભાગ-૨, અમદાવાદઃ નવભારત સાહિત્ય મંદિર
- ચાવડા, કિશોર, હરિભાઈ પરમાર અને બાબુલાલ વાઘેલા (સંપા.) (૨૦૧૩), મોતી મારા મલકના, અમદાવાદઃ ડિવાઈન પબ્લિકેશન્સ
- ચૌહાણ, શામળદાસ ડાહ્યાભાઈ, પુરણ જ્ઞાનપ્રકાશ
- જાવદ, સુનિલ (૨૦૧૦), દલિત સંતધારા, મુંબઈઃ પ્રવિણ પ્રકાશન પ્રા. લિ.
- જોગી જીવણનાથજી, ગુરુ સદા આનંદીનાથજી, મેઘમહાત્મય
- દાસ, મોહનદેવા (૨૦૨૦), સંતોની અમરવેલીઃ સંત દર્શન વેલ, અમદાવાદઃ સંતશ્રી બચુરામ આશ્રમ
- નાગર, મુકુન્દચંદ્ર (૨૦૧૦), ગુજરાતની પીર પરંપરા, શાંતિનગર સોસા, વિસનગર રેલ્વે ફાટક પાસે, મહેસાણા
- પરમાર, કુમારપાળ (૨૦૨૦), ડો. આંબેડકરઃ લેખકોની કલમે, અમદાવાદઃ ઈન્સ્ટિટ્યુટ ઓફ રિસર્ચ એજ્યુકેશન એન્ડ ડેવલોપમેન્ટ
- પરમાર, ડો. પી.એ., ભારતના વણકરોનો ઈતિહાસ
- પરમાર, નટવરભાઈ ગોમાનભાઈ, નેજા સવાયા જોધલપીરના
- પરમાર, ધીરૂભાઈ છનાભાઈ (૨૦૧૫), જોધલ દિવ્ય પ્રકાશ, કેસરડીઃ મહાત્મા શ્રી જોધલપીર સ્વામી
- પરમાર, સ્વ. શિવાભાઈ નાનજીભાઈ, સંત હવસી દેહગામા
- બાપુ, લાલદાસ (૨૦૨૦), સંત શ્રી જોધલપીરઃ જીવન ઝરમર, ધોળકાઃ જોધલ જ્યોત પ્રકાશ ધામ
- મકવાણા, ડો. મનુભાઈ એચ. (૨૦૨૧), ગુજરાતના વણકરો, વડોદરાઃ સુરભી પ્રકાશન
- મકવાણા, મહેન્દ્ર (૨૦૧૫), શિવ-મંગલ (કાવ્યાંજલી), વઢવાણઃ શિવાભાઈ લઘરભાઈ બારોટ
- મકવાણા, મહેન્દ્ર (૨૦૧૯), સુરેન્દ્રનગર જિલ્લાના વણકરોની અસ્મિતા, અમદાવાદઃ કેવલ ઓફસેટ
- મકવાણા, ડો. રાજેશ (૨૦૧૪), ઉત્તર ગુજરાતનું સંત પંથ સાહિત્ય, મહેસાણાઃ મ્યુનિસિપલ આર્ટ્સ એન્ડ અર્બન બેંક સાયન્સ કોલેજ
- રાઠોડ, નરેશભાઈ ખેમાભાઈ અને દામોદરનાથજી ગુરૂ મંગલનાથજી (સંપા) (૨૦૧૫), દિલ દરિયાના મોતી, મહેસાણાઃ સ્વ. મોહનલાલ જેઠાલાલ મકવાણા ભગત પરિવાર
- રાઠોડ, નરેશભાઈ ખેમાભાઈ (સંપા), (૨૦૧૮), સંતશ્રી નકળંગ ગુરુ દર્શન જ્ઞાન જ્યોતિ, અમદાવાદઃ સંતશ્રી દર્શનદાસ ગુરુશ્રી નકળંગગિરી બાપુ
- શ્રીમાળી, ડો. દલપતભાઈ (૨૦૧૯), હરિજન સંત અને લોકસાહિત્ય (કંઠસ્થથી ગ્રંથસ્થ), અમદાવાદઃ નવભારત સાહિત્ય મંદિર
- વાલીમા, રમેશ ખાનચંદ (૨૦૧૯), ભ્રમ નિરસન, સિદ્ધપુરઃ વાલીમા રમેશ ખાનચંદ
- વાલીમા, રમેશ ખાનચંદ (૨૦૧૮), બિલીયા હિજરત, સિદ્ધપુરઃ વાલીમા રમેશ ખાનચંદ
- વાળા, મહેન્દ્ર 'મૌન' (૨૦૦૪), મેઘમાળાના મણકા ભાગ-૧, છાંયાઃ લક્ષ્મી એમ. વાળા
- સુતરીયા, એમ. જે. (૨૦૨૦), વણકરોનો ઐતિહાસિક વારસો, તલોદઃ માવજીભાઈ જે. સુતરીયા



સ્વ.કાન્તીલાલ પૂજાલાલ પરમાર
કડી



ભાનુભાઈ ઈશ્વરભાઈ પરમાર   કમળાબેન ભાનુભાઈ પરમાર
વિસનગર




ભાવિકા કાન્તિભાઈ કડીકર
ગ્રંથપાલ (પીએચ.ડી. ચાલુ)



નરેશ કે. રાઠોડ 'ધુની'
નું સુવિખ્યાત પુસ્તક

અન્ય પુસ્તકો

- કચડાયેલા ફૂલ - લઘુ વાર્તા-સંગ્રહ
- જયમાં સિધ્ધેશ્વરી પ્રાગટ્ય અને પરચા, કડા: સિદ્ધેશ્વરી પ્રકાશન
- આધશક્તિ સધીમાં, કડા: સિદ્ધેશ્વરી પ્રકાશન
- સચરાચરમાં વસે માં સિધ્ધેશ્વરી, કડા: સિદ્ધેશ્વરી પ્રકાશન
- સધીમાં નું મહાવ્રત, કડા: સિદ્ધેશ્વરી પ્રકાશન
- કલાણાધામે સધીમાં, કલાણા: શ્રી ભિખાભાઈ ભગત (કુંવારા)
- મેલડી પ્રાગટ્ય ભાગ-૧, અમદાવાદ: શ્રી અરવિંદભાઈ માડી
- દર્શન ગુરુ નકળંગ જ્ઞાન જ્યોતિ, અમદાવાદ: શ્રી દર્શનબાપુ
- સિધ્ધેશ્વરી જ્યોતપત્ર (માસિક), તંત્રી: શ્રી જગદીશ આર. કડાવાળા



ડો. કુમારપાળ પરમાર
નું સુવિખ્યાત પુસ્તક

અન્ય પુસ્તકો

- ૨૦ પેજમાં અંગ્રેજી બોલતા શીખો, અમદાવાદ: ઈંગ્લીશ આર.કે.
- VERBS (ગુજરાતી-અંગ્રેજી), અમદાવાદ: કુમારપાળ પરમાર (ત્રીજી આવૃતિ)
- Stepwells Architectural Treasure of Gujarat A Guidebook, Ahmedabab: Historical and Cultural Research Center
- ડો. આંબેડકર: લેખકોની કલમેં, અમદાવાદ: ઈન્સ્ટિટ્યુટ ઓફ રીસર્ચ એજ્યુકેશન એન્ડ ડેવલોપમેન્ટ
- Handbook: Worlds Stamps of 150th Years of Mahatma Gandhi, Ahmedabad: Institute of Research Education and Development



શ્રી ચિમનલાલ સુતરીયા

સુપ્રસિદ્ધ ભજનીષ્ઠ શ્રી ચિમનલાલ સુતરિયા સાહેબનો જન્મ શ્રેષ્ઠ હાથવણાટી પિતામ્બરદાસ અને ગૃહિણી કાશુબેનના ઘરે વર્ષ ૧૯૬૧માં થયો હતો. તેઓ ખેરાલુ ખાતે આવેલ રૂપેણ નદીના ધરોઈ ડેમ વિભાગના એક્વેડેક ખાતામાં રિલીવર તરીકે સરકારી નોકરીમાં જોડાયા, પોતાનો વ્યવસાય શરૂ કરવાના ઉદ્દેશ્યથી વર્ષ ૨૦૦૧માં નોકરીમાંથી રાજીનામુ મુક્યુ અને મકાન બાંધકામ એટલે કે કન્સ્ટ્રક્શન ક્ષેત્રે વ્યવસાયની શરૂઆત કરી.

તેમની સત્યનિષ્ઠા, મહેનત અને ધગજથી તેઓ ઉચ્ચકક્ષાના મકાન રચયિતા બન્યા છે. સુતરિયા સાહેબ પોતે વીર માયાના ભક્ત અને તેમના પ્રેમી હોઈ વીરમાયા દેવના વિચારો, બલીદાનો, કાર્યો પ્રત્યે સમાજને જાગૃત કરવામાં સક્રિય જોવા મળે છે અને તેઓ સામાજિક સંસ્થાઓ સાથે જોડાઈને સમાજસેવાના કાર્યો કરી રહ્યા છે.

પ્રકાશકના બોલ: હું આશા રાખુ છે કે તમો તનથી તંદુરસ્ત, મનથી મજબુત, વાણીથી વિનયી, દિલથી દિલદાર અને સ્થળ, સમય, સંજોગોવસાત નિડર, ચાલાક, ધૈર્યવાન, આશાહી, ઉત્સાહી અને ખૂબ જ મહેનતુ એવા સઘળા સુકાયા સાથે શ્રી ચીમનલાલ સુતરીયા તરફથી આપશ્રી ને 'અર્પણ'



કાન્તિલાલ ભગાભાઈ પરમાર
પ્રસ્તુતકર્તા

હમણાં જ ભગવાનને ત્યાં સ્થાન પામેલ વિસનગર તાલુકાના ખરવડા ગામના વતની કાન્તિલાલ સાહેબનો જન્મ ભગાભાઈને ત્યાં વર્ષ ૧૯૪૯માં થયો હતો. અભ્યાસક્ષેત્રે તેઓએ કાયદાશાસ્ત્રમાં સ્નાતકની પદવી પ્રાપ્ત કરી હતી, તેઓ ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ (જીઆઈડીસી)માં સરકારી નોકરીમાંથી નિવૃત્ત થયા બાદ પણ મહેનતુ સ્વભાવથી અમરાઈવાડી સિનિયર સિટીજન કાઉન્સિલના પ્રમુખ તરીકે લોક સેવાઓ કરી તથા શિક્ષણ સેવા સંકુલ- સરખેજના આજીવન સભ્ય તરીકેના તેમના યોગદાનો બોલે છે. તેઓ જનતાનગર એસોશિએશનના પૂર્વપ્રમૂખ, સામાજિક ઉત્તરદાતા અને શ્રેષ્ઠ કર્મશીલ હતા. સતત પ્રયત્નશીલ અને પરિશ્રમી એવા કાન્તિલાલ તેમના કાર્યો અને યોગદાનથી લોકહૃદયમાં સ્થાન પામ્યા છે અને સદાય યાદોમાં રહ્યા છે.



નરેશભાઈ કે. રાઠોડ "ધૂની"

મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના પામોલ ગામના વતની "ધૂની" રોજગાર અર્થે અમદાવાદમાં સ્થાયી થયેલા છે. જેઓએ સાત જેટલા ધાર્મિક પુસ્તકોનું લેખન/ સંપાદન કરેલ છે તેમજ સિધ્ધેશ્વરી શકિતપીઠ કડા ખાતેથી ત્રણ વર્ષ "સિદધેશ્વરી જયોતપત્ર" શીર્ષકથી માસિકનું સંપાદક અને પત્રકાર તરીકે સેવા આપી છે. નરેશ રાઠોડ ભારતીય દલિત સાહિત્ય અકાદમીના ૨૦૧૮ના રાષ્ટ્રીય એવોર્ડથી સન્માનિત ઉચ્ચકોટીના સાહિત્યકાર છે.

તેઓ નવોદિત સાહિત્યકારોના રાહબર અને નિર્મળ સમાજસેવી છે. કવિ "ધૂની"ના ઉપનામથી લોકહૃદયમાં સ્થાન પામ્યા છે, એટલુ જ નહી પણ તેઓ ભારતીય દલિત સાહિત્ય અકાદમીમાં ઉપપ્રમુખ તરીકેનો અનુભવ ધરાવે છે.



ડો. કુમારપાળ પરમાર Ph.D.

સંશોધનક્ષેત્રે આગવું નામ બનાવનાર, વડાગામ ખાતે અંત્યપાષાણકાલીન સ્થળના શોધક, ઈતિહાસકાર ડો. કુમારપાળ પરમાર મહામહેનત અને દિનરાત એક કરી વર્ષ ૨૦૨૧માં મહાત્મા ગાંધીની ભારતીય ટપાલ-ટિકિટો પર સંશોધન કરી સાબરમતી યુનિવર્સિટીમાંથી વિદ્યાવાંચસ્પતિ (પીએચ.ડી.)ની સર્વોચ્ચ પદવીથી સન્માનીત થયા.

તેઓએ પોતાના ઈતિહાસ, પુરાતત્વ, ગાંધીજી, ટપાલ-ટિકિટો, ડો. આંબેડકર, વગેરે વિષયના જ્ઞાનને પુસ્તકો, લેખો અને અનેક સેમીનારોમાં વ્યાખ્યાનો દ્વારા સમાજરૂપી થાળીમાં સ્વાદિષ્ટ મિષ્ઠાન તરીકે પિરસ્યું છે. એટલુ જ નહીં પણ ડોક્ટર સાહેબ 'કસુંબો', 'અતુલ્ય વારસો', 'હિસ્ટ્રી ટુડે', 'રેડ', 'વિદ્યાયાન' વગેરે મેગેજિનમાં લેખો દ્વારા જ્ઞાન પ્રસારીત કરી રહ્યા છે. ઉપરાંત તેઓ ધી હિસ્ટ્રી એન્ડ કલ્ચર સોસાયટી- નવી દિલ્હી, ધી ઈન્ડીયન આર્કિઓલોજીકલ સોસાયટી- નવી દિલ્હી, ગુજરાત ઈતિહાસ પરિષદ- ગાંધીનગર, હિસ્ટોરીકલ એન્ડ કલ્ચરલ રીસર્ચ સેન્ટર- અમદાવાદ, વગેરેના આજીવન સભ્ય છે.

તેઓ 'શિક્ષણવિદ્ ગૌરવ સન્માન-૨૦૧૮', 'સંપાદન સન્માન-૨૦૨૦', 'બેસ્ટ આર્ટિકલ એવોર્ડ-૨૦૨૦', 'ડોક્ટરલ એવોર્ડ-૨૦૨૧', 'તેજસ્વી વિદ્યાર્થી પારિતોષિક- ૨૦૨૩' વગેરે એવોર્ડથી સન્માનીત છે.



શ્રી બાબુભાઈ એન. મકવાણા "ઉમતાકર"

મહેસાણા જિલ્લાના વિસનગર તાલુકાના ઉમતા ગામના વતની 'ઉમતાકર' સાહેબે બીએ, એમએ, બી.એડની શૈક્ષણિક પદવી પ્રાપ્ત કરીને ગાંધીનગરના દેહગામના નાદોલ ગામે શિક્ષક તરીકે ફરજ બજાવેલ છે, નિવૃત્તિના ચાર વર્ષ અગાઉથી તેઓ ઈન્ચાર્જ આચાર્ય તરીકે રહી ચુક્યા છે. વળી, દેહગામ તાલુકા શિક્ષક સંઘમાં તેઓ મંત્રી પદ પર ચાર વર્ષ અને ગાંધીનગર જિલ્લા માધ્યમિક સંઘમાં પણ ત્રણ વર્ષ તાલુકા પ્રતિનિધિ તરીકે સેવાઓ બજાવી બાળકોમાં શિક્ષણ સાથે સંસ્કારોનું સિંચન કર્યું છે અને વિદ્યાર્થીઓના હૈયામાં સ્થાન મેળવ્યુ છે.

ભારતીય દલિત સાહિત્ય અકાદમી-નવી દિલ્હી દ્વારા વર્ષ ૨૦૧૯માં 'બાબાસાહેબ આંબેડકર' રાષ્ટ્રીય એવોર્ડથી સન્માનીત થયેલ ઉચ્ચકોટીના સાહિત્યકાર પણ છે. હાલ, તેઓ અનેક સેવાભાવી સંસ્થાઓ સાથે જોડાઇ નિષ્ઠાવાન સામાજિક કાર્યકરની ભૂમિકા અદા કરી રહ્યા છે.

પુસ્તક પ્રકાશક સમિતિ



શ્રી ચીમનલાલ પી. સુતરીયા
મોલીપુર



શ્રી નરેશભાઈ કે. રાઠોડ "ધૂની"
પામોલ



શ્રી ભાનુભાઈ ઈશ્વરભાઈ પરમાર
વિસનગર



શ્રી બાબુભાઈ નરોત્તમભાઈ મકવાણા
ઉમતા



શ્રી પ્રવીણભાઈ કાલીદાસ પરમાર
જાસ્કા



શ્રી પ્રવીણભાઈ હેમાભાઈ પરમાર
રાલીસણા



શ્રી બેચરદાસ મોહનભાઈ કદોપરા
પીંપળદર



શ્રી નરેશકુમાર કાન્તિલાલ પરમાર
ખરવડા



શ્રી ગૌતમભાઈ રેવાભાઈ સોલંકી
કાંસા



ડૉ. કુમારપાળ ભાનુભાઈ પરમાર
વિસનગર

પ્રાચીનકાળમાં વ્યવસાય પ્રમાણે જાતિઓનું નિર્માણ થયુ, તેમાં કાપડ વણાટ કામ સાથે સંકળાયેલ કારીગરો વણકર કહેવાયા.

ડૉ. કુમારપાળ પરમાર